

# કુરાનિક વિઝ્ડમ

મૌલાના વહીદુદ્દીન ખાન

# કુરાનિક વિઝ્ડમ

: અનુવાદ :

**અહમદ ગિનાની** (આઈ.ટી.પ્રોફેશનલ)

**યુનુસ પરમાર**

**કિંમત : ૩૫૦/–**

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧ | પરિચય | ૦૦૧ |
| ૨ | એક શ્રેષ્ઠ વાર્તા | ૦૦૫ |
| ૩ | મહેનત અને પ્રમાણિકતા | ૦૦૭ |
| ૪ | પ્રથમ હત્યા | ૦૦૯ |
| ૫ | દાન એ ફરજ છે | ૦૧૦ |
| ૬ | પ્રતિબંધિત વૃક્ષ | ૦૧૧ |
| ૭ | શિક્ષણનું મહત્વ | ૦૧૩ |
| ૮ | સર્વલોક સમાન છે | ૦૧૪ |
| ૯ | પ્રાણીઓ - શિક્ષક તરીકે | ૦૧૬ |
| ૧૦ | સામાજિક શિષ્ટાચાર | ૦૧૭ |
| ૧૧ | ચકાસો અને પછી સ્વીકારો | ૦૧૯ |
| ૧૨ | સહાયક ભૂમિકા | ૦૨૦ |
| ૧૩ | અથડામણ ટાળો | ૦૨૧ |
| ૧૪ | સંભાવનાથી વાસ્તવિકતા સુધી | ૦૨૩ |
| ૧૫ | મિત્રોથી ભરેલી દુનિયા | ૦૨૪ |
| ૧૬ | એક સારા વૃક્ષની જેમ | ૦૨૫ |
| ૧૭ | આત્મ સુધારણાની રચના | ૦૨૭ |
| ૧૮ | સમયનું મહત્વ | ૦૨૮ |
| ૧૯ | માત્ર આપનાર જ રહે છે | ૦૨૯ |
| ૨૦ | જ્ઞાની માણસનો ઉપદેશ | ૦૩૦ |
| ૨૧ | સફળ સંવાદ | ૦૩૨ |
| ૨૨ | સહ અસ્તિત્વનું સૂત્ર | ૦૩૩ |
| ૨૩ | સમસ્યાઓનો સામનો કઈ રીતે કરવો | ૦૩૪ |
| ૨૪ | ઈશ્વરને આધીન થવું | ૦૩૫ |
| ૨૫ | રાષ્ટ્રનો ઉદય અને પતન | ૦૩૭ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૨૬ | વ્યવહારુ શાણપણ | ૦૩૮ |
| ૨૭ | રાત્રી પછી સવાર હોય છે | ૦૪૦ |
| ૨૮ | વાસ્તવિક સિદ્ધિ મેળવનાર | ૦૪૧ |
| ૨૯ | કાર્ય મહત્વનું છે | ૦૪૨ |
| ૩૦ | સફળતાનો કાયદો | ૦૪૪ |
| ૩૧ | સ્વયંને દોષ આપો | ૦૪૫ |
| ૩૨ | બીજાઓને ઉશ્કેરશો નહીં | ૦૪૬ |
| ૩૩ | તણાવ કઈ રીતે ટાળવો | ૦૪૮ |
| ૩૪ | કોઈ ભેદભાવ નહીં | ૦૪૯ |
| ૩૫ | પૈસાનો વેડફાટ | ૦૫૧ |
| ૩૬ | પરંપરાની સ્થાપના | ૦૫૨ |
| ૩૭ | ક્રોધ નિયંત્રણ | ૦૫૪ |
| ૩૮ | આશાભરી શરૂઆત | ૦૫૫ |
| ૩૯ | માનસિક શાંતિ | ૦૫૭ |
| ૪૦ | અભિયાન અને વ્યવસાય | ૦૫૮ |
| ૪૧ | મૌનનું મૂલ્ય | ૦૬૦ |
| ૪૨ | વાણીનો યોગ્ય ઉપયોગ | ૦૬૨ |
| ૪૩ | જટિલતાથી મુક્ત આત્મા | ૦૬૩ |
| ૪૪ | સ્વીકૃતિની કળા | ૦૬૫ |
| ૪૫ | આધ્યાત્મિક સાથીદાર | ૦૬૬ |
| ૪૬ | મનનું શુદ્ધિકરણ (ડી-કન્ડિશનીંગ) | ૦૬૮ |
| ૪૭ | નકારાત્મક ટિપ્પણી | ૦૭૦ |
| ૪૮ | કાવતરું સમસ્યા નથી | ૦૭૨ |
| ૪૯ | સમાધાનની શ્રેષ્ઠ રીત | ૦૭૩ |
| ૫૦ | સચોટ વાણી | ૦૭૫ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૫૧ | સાર્વત્રિક ભાઈચારો | ૦૭૬ |
| ૫૨ | માણસ અને પ્રકૃતિ | ૦૭૮ |
| ૫૩ | પરસ્પર વાતચીતનું મહત્વ | ૦૮૦ |
| ૫૪ | ઈશ્વરના સર્જનનો હેતુ | ૦૮૧ |
| ૫૫ | યોગ્ય પસંદગી | ૦૮૩ |
| ૫૬ | તફાવતોનું મૂલ્ય | ૦૮૫ |
| ૫૭ | આત્મ-સંયમનો અભ્યાસક્રમ | ૦૮૬ |
| ૫૮ | અધોગતિની ઘટના | ૦૮૮ |
| ૫૯ | પયગંબર સાહેબનું જીવનઃ એક ખુલ્લી કિતાબ | ૦૯૦ |
| ૬૦ | દરેક સંસ્કૃતિઓનો આદર કરો - ભેદભાવ ન કરો | ૦૯૨ |
| ૬૧ | પ્રાર્થના અને વેપાર વચ્ચે કોઈ સંઘર્ષ નહી | ૦૯૩ |
| ૬૨ | જ્યારે તમે ભૂલ કરો | ૦૯૫ |
| ૬૩ | ગુણવત્તાનું મહત્વ | ૦૯૭ |
| ૬૪ | ન્યાયપૂર્ણ વાણી અને સદાચાર | ૦૯૮ |
| ૬૫ | ભેદભાવ ટાળો | ૧૦૦ |
| ૬૬ | રાજકીય યથાસ્થિતિ | ૧૦૨ |
| ૬૭ | કુરાનમાં જેહાદઃ એક શાંતિપૂર્ણ વિચારધારા | ૧૦૪ |
| ૬૮ | ખોટા કાર્યોના પરિણામો | ૧૦૫ |
| ૬૯ | કોઈ નિરર્થક અથવા અધમ વાતો ન થવા દો | ૧૦૬ |
| ૭૦ | ગૌણ ભૂમિકા ભજવવાનું મહત્વ | ૧૦૮ |
| ૭૧ | વિરાધાભાસના મિશ્રણની જરૂરિયાત | ૧૦૯ |
| ૭૨ | રાજસત્તાઃ એક જવાબદારી | ૧૧૧ |
| ૭૩ | અંતઃકરણઃ અહંકારનો સુધારક | ૧૧૩ |
| ૭૪ | કુરાનનું પ્રારંભિક પ્રકરણ | ૧૧૪ |
| ૭૫ | બિનજરૂરી સંઘર્ષ ટાળો | ૧૧૭ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૭૬ | વસ્તુઓને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવી | ૧૧૮ |
| ૭૭ | જ્ઞાનના બે સ્ત્રોત | ૧૨૦ |
| ૭૮ | બૌધ્ધિક ભાગીદાર | ૧૨૨ |
| ૭૯ | એક અનુમાનિત ચરિત્ર | ૧૨૩ |
| ૮૦ | રાજનૈતિક જીત કરતાં વિશેષ | ૧૨૫ |
| ૮૧ | શ્રધ્ધા એક ખોજ છે | ૧૨૭ |
| ૮૨ | નિયતિ અને સ્વતંત્રતા | ૧૨૮ |
| ૮૩ | શંકામાં ન જીવો | ૧૩૦ |
| ૮૪ | સારા ભવિષ્ય માટે રાહ જુઓ | ૧૩૨ |
| ૮૫ | શુભચિંતક અને પ્રમાણિક બનો | ૧૩૪ |
| ૮૬ | કુરાનઃ ચિંતનનું પુસ્તક | ૧૩૫ |
| ૮૭ | માનવ વ્યકિતત્વ | ૧૩૭ |
| ૮૮ | સફળ નેતૃત્વ | ૧૩૯ |
| ૮૯ | શીખવાના પાઠ | ૧૪૧ |
| ૯૦ | ચારિત્ર્ય હનન | ૧૪૨ |
| ૯૧ | જવાબદારીની ભાવના | ૧૪૪ |
| ૯૨ | સ્ત્રીની ભૂમિકા | ૧૪૬ |
| ૯૩ | વાણી પર કાબૂ | ૧૪૮ |
| ૯૪ | તમારી ઈચ્છાઓના ગુલામ ન બનો | ૧૪૯ |
| ૯૫ | નાણાંની સંસ્કૃતિ | ૧૫૧ |
| ૯૬ | બધા પાસેથી શીખો | ૧૫૩ |
| ૯૭ | છ જાદુઈ શબ્દો | ૧૫૪ |
| ૯૮ | બેવડા ધોરણો ન અપનાવો | ૧૫૬ |
| ૯૯ | ક્ષિતિજનો ફેલાવો | ૧૫૮ |
| ૧૦૦ | કુરાનઃ એક પુસ્તક તરીકે | ૧૬૦ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૦૧ | પ્રદુષણ ન ફેલાવો | ૧૬૨ |
| ૧૦૨ | કુરાનનો ભાવાર્થ | ૧૬૪ |
| ૧૦૩ | એકથી એકસો ચૌદ | ૧૬૫ |
| ૧૦૪ | ઉચ્ચ વિચારસરણી | ૧૬૭ |
| ૧૦૫ | ઈશ્વરના આશીર્વાદ માટે યાચના | ૧૬૯ |
| ૧૦૬ | વિનમ્રતાથી અવગણો | ૧૭૧ |
| ૧૦૭ | જીવનઃ એક કટોકટીની સ્થિતિમાં | ૧૭૩ |
| ૧૦૮ | કુરાનનો મર્મ | ૧૭૪ |
| ૧૦૯ | અંધકારથી પ્રકાશ તરફ | ૧૭૬ |
| ૧૧૦ | બેવડા ધોરણોને નકારો | ૧૭૮ |
| ૧૧૧ | શાંતિની ફિલસૂફી | ૧૭૯ |
| ૧૧૨ | સ્પર્ધાનું જગત | ૧૮૧ |
| ૧૧૩ | પરસ્પર પરામર્શ | ૧૮૨ |
| ૧૧૪ | દેવદૂતોને તમારા સાથી બનાવો | ૧૮૪ |
| ૧૧૫ | ધ્યાનસ્થ ચિંતન | ૧૮૬ |
| ૧૧૬ | વ્યકિતવાદ કે સમૂહવાદ | ૧૮૮ |
| ૧૧૭ | તર્કનું મહત્વ | ૧૮૯ |
| ૧૧૮ | ન્યાયઃ ઈશ્વરને ખાતર | ૧૯૧ |
| ૧૧૯ | સંવેદનશીલતાઃ અંતરમનની તપાસ તરીકે | ૧૯૩ |
| ૧૨૦ | આક્રમક ન બનો | ૧૯૫ |
| ૧૨૧ | પ્રકૃતિનો અવાજ | ૧૯૬ |
| ૧૨૨ | માણસની અજમાયશનો હેતુ | ૧૯૮ |
| ૧૨૩ | આધ્યાત્મિકતા વિરુદ્ધ રાજકારણ | ૨૦૦ |
| ૧૨૪ | સ્વીકારો, તપાસો અને સુધારો | ૨૦૨ |
| ૧૨૫ | ભિન્નતાઃ સર્જનનો એક ભાગ | ૨૦૩ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૨૬ | પ્રશ્નોને વણઉકેલ્યા છોડી દો | ૨૦૫ |
| ૧૨૭ | વેર કરતાં સારૂં | ૨૦૭ |
| ૧૨૮ | પ્રકૃતિનો ધર્મ | ૨૦૮ |
| ૧૨૯ | મનનું બિન-પ્રભાવિકરણઃ આત્મનિરીક્ષણ | ૨૧૦ |
| ૧૩૦ | માનવ જ્ઞાનની મર્યાદાઓ | ૨૧૨ |
| ૧૩૧ | ઉદારતાઃ દરેક વખતે | ૨૧૪ |
| ૧૩૨ | બૌધ્ધિક પ્રેક્ષકોનું મહત્વ | ૨૧૫ |
| ૧૩૩ | આધ્યાત્મિક સફર | ૨૧૭ |
| ૧૩૪ | શરૂઆત અને અંત | ૨૧૮ |
| ૧૩૫ | માલિકીપણાનો સિદ્ધાંત | ૨૨૦ |
| ૧૩૬ | ઈચ્છાઓના સંચાલનની કળા | ૨૨૨ |
| ૧૩૭ | ફરજ-સભાન સમાજ | ૨૨૪ |
| ૧૩૮ | વૃધ્ધાવસ્થા હોવા છતાં | ૨૨૫ |
| ૧૩૯ | તર્કહીન વલણ | ૨૨૭ |
| ૧૪૦ | કાર્યવાહી પહેલાંનું કાર્ય | ૨૨૯ |
| ૧૪૧ | બેવડું તોલ-માપ | ૨૩૧ |
| ૧૪૨ | આધ્યાત્મિક ખોરાક | ૨૩૨ |
| ૧૪૩ | નકામું ટાળો | ૨૩૪ |
| ૧૪૪ | દરેક વ્યક્તિ ઈશ્વરના માર્ગ પર જન્મે છે | ૨૩૬ |
| ૧૪૫ | ઈશ્વરની અનુભૂતિમાંથી નમ્રતા ઉદ્‌ભવે છે | ૨૩૭ |
| ૧૪૬ | કુરાનને સકારાત્મક મન સાથે વાંચો | ૨૩૯ |
| ૧૪૭ | મુસીબતો આત્મવિકાસ માટે મદદરૂપ છે | ૨૪૧ |
| ૧૪૮ | યુવાનો ભલાઈ માટેનું મોટું પરિબળ છે | ૨૪૨ |
| ૧૪૯ | શુદ્ધિકરણની પ્રક્રિયા | ૨૪૪ |
| ૧૫૦ | શાણપણનું ઉલ્લંઘન | ૨૪૬ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૫૧ | માનવ જીવન એ ઈશ્વરના આશીર્વાદ છે | ૨૪૮ |
| ૧૫૨ | કુરાનમાં નસ્ખનો ખ્યાલ | ૨૪૯ |
| ૧૫૩ | લઘુમતિ-બહુમતી સમીકરણ | ૨૫૧ |
| ૧૫૪ | હાબિલ સંસ્કૃતિ | ૨૫૩ |
| ૧૫૫ | તમામ શ્રેય સર્વશકિતમાન ઈશ્વરને જાય છે | ૨૫૪ |
| ૧૫૬ | સંતોષ અને અસંતોષ વચ્ચે | ૨૫૪ |
| ૧૫૭ | તર્ક સંગત અને ભાવનાત્મક પસંદગી વચ્ચે | ૨૫૬ |
| ૧૫૮ | કાગડો - એક શિક્ષક તરીકે | ૨૫૮ |
| ૧૫૯ | દિવ્ય આહાર | ૨૬૦ |
| ૧૬૦ | કૂતરા સંસ્કૃતિ અપનાવશો નહીં | ૨૬૧ |
| ૧૬૧ | દરેક પસંદગી શ્રેષ્ઠ પસંદગી છે | ૨૬૪ |
| ૧૬૨ | એક આસ્તિકનો પરિવાર | ૨૬૫ |
| ૧૬૩ | વચનનું મહત્વ | ૨૬૬ |
| ૧૬૪ | જીવન અને મરણ | ૨૬૭ |
| ૧૬૫ | ઈશ્વરના ભવ્ય આશીર્વાદમાં જીવવું | ૨૬૮ |
| ૧૬૬ | ખૂટતી કડી મળી | ૨૭૦ |
| ૧૬૭ | સ્વર્ગઃ રહેવા માટેનું એક આદર્શ વિશ્વ | ૨૭૧ |
| ૧૬૮ | ધૈર્યઃ ચારિત્ર્ય ઘડતર માટે | ૨૭૩ |
| ૧૬૯ | નકારાત્મક ઘટનાનું સકારાત્મક પાસું | ૨૭૫ |
| ૧૭૦ | તાલમેલ- એક સુવર્ણ સિદ્ધાંત | ૨૭૭ |
| ૧૭૧ | ઈશ્વર-સભાન બનવું | ૨૭૯ |
| ૧૭૨ | સ્વર્ગ માટે લાયક ઉમેદવાર | ૨૮૧ |
| ૧૭૩ | મુશ્કેલ સમયઃ એક આશીર્વાદ | ૨૮૩ |
| ૧૭૪ | ઈશ્વર આપણી સાથે જ છે | ૨૮૫ |
| ૧૭૫ | આ રહ્યું આશાનું કિરણ | ૨૮૬ |

# * અનુક્રમણિકા *


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૭૬ | અંતિમ મુકામ તરફની યાત્રા | ૨૮૭ |
| ૧૭૭ | મૃત્યુ પછીનું જીવન | ૨૯૦ |
| ૧૭૮ | સકારાત્મક પ્રતિભાવનો ચમત્કાર | ૨૯૧ |
| ૧૭૯ | ચમત્કારિક નવ દિવસ | ૨૯૩ |
| ૧૮૦ | દરેક ક્ષણે પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ | ૨૯૪ |
| ૧૮૧ | સાચી પ્રાર્થના | ૨૯૬ |
| ૧૮૨ | ઈશ્વરનું ખૂબ સ્મરણ કરવું | ૨૯૭ |
| ૧૮૩ | મનનું ટ્રિગર | ૨૯૯ |
| ૧૮૪ | સર્જનની ખૂટતી વસ્તુ | ૩૦૦ |

# * પરિચય *

જો તમે કુરાન વાંચશો તો તમને જણાશે કે તેમાં મનુષ્યને લગતા તમામ વિષયોને આવરી લેવાયા છે. પરંતુ કુરાનનો મૂળભૂત મુદ્દો એ ઈશ્વરે બનાવેલ પ્રકૃતિની રચનાનું હેતુ દર્શાવવાનો છે. બીજા બધા જે વિષયોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કુરાનમાં સ્પર્શાયા છે એ બધા આ મૂળભૂત મુદ્દા સાથે સંબંધિત છે. સર્વશક્તિમાન ઈશ્વરે બ્રહ્માંડનું સર્જન કર્યુ, તેમાં માણસોને સ્થાન આપ્યું, અને માનવને તેના જીવનના માર્ગદર્શન માટેનો અંતિમ ગ્રંથ અલ-કુરાન અર્પણ કર્યો. કુરાનનો પ્રાથમિક હેતુ આ દૈવી રૂપરેખા જાહેર કરવાનો છે, જે પ્રમાણે સમગ્ર વિશ્વનું સર્જન કરવામાં આવ્યું છે.

આ મુદ્દો, જે કુરાનનું કેન્દ્ર છે એ અધ્યાય ૬૭ સુરાહ અલ-મુલ્ક (સામ્રાજ્ય) માં આ રીતે વર્ણવવામાં આવેલ છે;

**તેણે મૃત્યુ અને જીવનનું સર્જન કર્યુ તે ચકાસવા માટે કે તમારામાંથી કોણ આચરણમાં શ્રેષ્ઠ છે, અને તે સર્વશક્તિમાન, સર્વ–ક્ષમાશીલ છે (૬૭:૨)**

અહીં 'જીવન' અને 'મૃત્યુ' શબ્દો માનવજાતિના બે અલગ-અલગ સમયગાળાનો સંદર્ભ આપે છે. 'જીવન' શબ્દ મૃત્યુ પહેલાંના સમયગાળાને દર્શાવે છે અને 'મૃત્યુ' શબ્દ મૃત્યુ પછીના જીવનના સમયગાળાને દર્શાવે છે. સર્વશક્તિમાન ઈશ્વરે માણસને શાશ્વત અસ્તિત્વ તરીકે બનાવ્યો પરંતુ તેણે તેના જીવનને બે સમયગાળામાં વિભાજિત કર્યુ - મૃત્યુ પહેલાંનો સમયગાળો અને મૃત્યુ પછીનો સમયગાળો. મૃત્યુ પહેલાંનો સમયગાળો ખૂબ જ ટૂંકો છે, લગભગ સો વર્ષ, જ્યારે મૃત્યુ પછીના જીવન માટેના સમયગાળામાં આવી કોઈ મર્યાદા નથી. તે અનંતકાળ માટે ચાલતો રહેશે.

કુરાન અનુસાર, ઈશ્વરે એક આદર્શ વિશ્વની રચના કરી છે જેને સ્વર્ગ કહેવામાં આવે છે. વર્તમાન વિશ્વ - પૃથ્વી ગ્રહ - પર માણસની જરુરીયાત અને ઈચ્છા મુજબની બધી જ વસ્તુઓ ઉપલબ્ધ છે. પરંતુ, આ દુનિયામાં દરેક વસ્તુ તેના સ્વરૂપમાં અપૂર્ણ છે. બીજી બાજુ, સ્વર્ગમાં, બધું સંપૂર્ણ અને આદર્શ હશે. સ્વર્ગ દરેક પ્રકારની મર્યાદાઓ અને અપૂર્ણતાઓથી મુક્ત છે. વધુમાં, સ્વર્ગ એક શાશ્વત વિશ્વ છે. સ્વર્ગની શરૂઆત તો છે, પરંતુ તેનો કોઈ અંત નથી.

ઈશ્વરે સ્ત્રી-પુરુષોની રચના કરી, તેમને પસંદગીની સ્વતંત્રતા આપી અને પછી તેમને પૃથ્વી પર સ્થાયી કર્યા. ઈશ્વરે, પયગંબરો અને ગ્રંથો દ્વારા, માનવજાતિને જીવન

જીવવા વિશે માર્ગદર્શન આપ્યું. દરેક યુગમાં પયગંબરોએ દરેક જાતિના લોકોને સાચા અને ખોટા વિશે જણાવ્યું. તેઓએ તેમને ભલાઈ અને બૂરાઈની સમજ આપી.

આ ફક્ત એક સામાન્ય માર્ગદર્શન હતું: લોકો માટે તેને અનુસરવાની કોઈ ફરજ ન હતી. લોકોને તેમની વિચારસરણી એવી રીતે વિકસાવવા માટે કહેવામાં આવ્યું હતું કે તેઓ પોતાનામાં નૈતિક ચેતના લાવે અને પોતાની પસંદગીથી સારું જીવન જીવી શકે. આ અર્થમાં, દરેકની કસોટી કરવામાં આવી રહી છે. પછી ઈશ્વરે સંપૂર્ણ નોંધણીની એક વ્યવસ્થા સ્થાપિત કરી. આ નોંધણીની વ્યવસ્થા દેવદૂતો દ્વારા સંચાલિત થાય છે. તે એટલી વ્યાપક છે કે તે દરેક વ્યક્તિના ઈરાદા, વાણી, વર્તન અને વ્યવહારને નોંધી શકે છે. આ વ્યવસ્થા દરેક સમયે, દિવસ અને રાત કાર્યરત છે. આ બધી વ્યવસ્થાઓનો હેતુ એવા સ્ત્રી-પુરુષોની પસંદગી કરવાનો છે જે શાશ્વત સ્વર્ગમાં પ્રવેશ મેળવવા માટે લાયક છે. જેના માટે, કયામતના સમયે, ઈશ્વર તેના દેવદૂતો સાથે પ્રગટ થશે અને દેવદૂતોએ કરેલ નોંધણી મુજબ, મૃત્યુ પહેલાંના જીવનની કસોટીમાં પાસ થયેલા ઉમેદવારોની પસંદગી કરશે .

સ્વર્ગ માટે લાયક બનવા માટે વ્યક્તિએ કયા ગુણો વિકસાવવા જરૂરી છે? એક શબ્દમાં કહીએ તો, તે આધ્યાત્મિકતા (રૂહાની પાકીઝગી) છે. સ્વર્ગ એક આધ્યાત્મિક વિશ્વ છે અને ફક્ત તે જ સ્ત્રી-પુરુષો કે જેમણે તેમના વ્યક્તિત્વમાં આધ્યાત્મિક ગુણો વિકસાવ્યા હશે તેઓને જ સ્વર્ગ-પ્રવેશનો પુરસ્કાર મળશે.

કુરાનના વર્ણન મુજબ, **સ્વર્ગ એ શાંતિનું ઘર છે (૧૦:૨૫).** સ્વર્ગ એક એવી જગ્યા છે જ્યાં કોઈ ઉપદ્રવ નથી, કોઈ ધાંધલ નથી અને તે તમામ પ્રકારના પ્રદુષણોથી મુક્ત છે. સ્વર્ગના રહેવાસીઓ સંપૂર્ણ અર્થમાં સકારાત્મક વિચારકો હશે. સ્વર્ગનું વાતાવરણ ગુસ્સો, દ્વેષ, નફરત, બદલો, ખોટી, ખરાબ અને દુષ્ટ ઈચ્છાઓ, ઈર્ષ્યા, લડાઈ, શોષણ અને અપ્રમાણિકતા જેવી તમામ પ્રકારની નકારાત્મક અવસ્થાઓથી મુક્ત હશે, કારણ કે આ નકારાત્મક પરિબળો સ્વર્ગના આધ્યાત્મિક રહેવાસીઓની માનસિકતાનો ભાગ હોઈ શકે નહીં.

શબ્દકોશમાં આધ્યાત્મિકતાની વ્યાખ્યા આવી રીતે આપવામાં આવી છે. સંસારિકતાનો વિરોધ કરવાની સ્થિતિ. પરંતુ, આ વ્યાખ્યા ફક્ત અંશતઃ જ સાચી કહી શકાય, કારણ કે અસંસારિકતા માત્ર સંસાર-ત્યાગ પૂરતી  મર્યાદિત નથી. તે ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવા માટે છે. અને આ ઉચ્ચ ધ્યેય, એ જીવનમાં આધ્યાત્મિક માર્ગ વિકસાવવો એ છે.

**આધ્યામિકતા બે પ્રકારની હોય છે. સકારાત્મક આધ્યાત્મિકતા અને નકારાત્મક આધ્યાત્મિકતા.** નકારાત્મક આધ્યાત્મિકતા એટલે કોઈ જ પ્રકારના ધ્યેય વગર, અથવા તો જીવનની પરેશાનીથી છૂટકારો મેળવવા, ફક્ત ભૌતિક-જગતનો ત્યાગ કરી દેવો, અથવા સમાજ છોડીને કોઈ જંગલ અથવા કોઈ પર્વત પર જતા રહેવું. આ પ્રકારની નકારાત્મક આધ્યાત્મિકતાની કોઈ રચનાત્મક ભૂમિકા નથી હોતી. તે મનુષ્યના તમામ કુદરતી ગુણોને દબાવી દે છે, જે પોતાની કુદરતી ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કર્યા વિના મૃત્યુ પામે છે.

કુરાનની આધ્યાત્મિકતા એ સકારત્મક પ્રકારની આધ્યાત્મિકતા છે. એનો મતલબ એ કે સંસારમાં રહીને બૌદ્ધિક શિસ્તની બાબત તરીકે ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક (રૂહાની) પોષણ મેળવવાનો પ્રયાસ કરવાનો છે. તેનો હેતુ વ્યક્તિએ પોતાની ઈચ્છાઓને મારવાને બદલે તેને અંકુશમાં રાખવાનો છે.

હકીકત એ છે કે ઈશ્વરે પ્રચંડ ક્ષમતા ધરાવતા જીવ (માણસ) નું સર્જન કર્યું છે. આ સંભવિત ક્ષમતાને દબાવવી એ પાપ છે. વ્યક્તિત્વ વિકાસ માટે વ્યક્તિએ આ ક્ષમતાનો લાભ લેવાનું ચૂકવું જોઈએ નહીં. એટલે કે, સમાજની તમામ ભલાઈ-બૂરાઈઓનો અનુભવ કરવો જોઈએ, અને પ્રતિક્રિયા વિના બીજા લોકો સાથે જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઈએ.

સકારાત્મક આધ્યાત્મિકતાને આપણે સર્જનાત્મક આધ્યાત્મિકતા પણ કહી શકીએ. કુરાનમાં એક શ્લોક છે જે શ્રદ્ધાળુઓના સંદર્ભમાં કહે છે કે **તેઓ ક્રોધ પર કાબૂ જાળવે છે અને લોકોને માફ કરે છે (૩:૧૩૪).** આના પરથી સ્પષ્ટ થાય છે કે, સકારાત્મક આધ્યાત્મિકતા એ ક્રોધ-વિહીન વ્યક્તિ બનવાનો પ્રયાસ કરવાને બદલે ક્રોધને કાબૂમાં રાખવાના સૂત્ર પર આધારિત છે. આમ, સકારાત્મક આધ્યાત્મિકતા માટેના સૂત્રને આ રીતે સારાંશ આપી શકાયઃ તમારી નકારાત્મક લાગણીઓને સકારાત્મક પ્રતિભાવમાં ફેરવો, અને દુશ્મનોને મિત્ર બનાવો.

સકારાત્મક આધ્યાત્મિકતાનું સૂત્ર સાદું જીવન અને ઉચ્ચ વિચારના સિદ્ધાંત પર આધારિત છે. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એકબીજાના પૂરક છે. સાદું જીવન તમને તમામ પ્રકારના વિક્ષેપોથી બચાવે છે અને ઉચ્ચ વિચારસરણી તમને નકારાત્મક અનુભવોના શિકાર બનવાથી બચાવે છે. ઉચ્ચ વિચાર સાથે સાદું જીવન એ આધ્યાત્મિક સંસ્કૃતિનો મૂળભૂત પાયો છે.

કુરાન વાંચતા તમને જણાશે કે તે **ધૈર્ય (૩૯:૧૦), સમાધાન (૪:૧૨૮), ક્ષમા (૪૨:૪૦), ત્યાગ (૭:૧૯૯), સંતોષ** વગેરે પર ખૂબ ભાર મૂકે છે. આ બધા ઉપદેશો શા માટે? આ ઉપદેશો દેખીતી રીતે નિષ્ક્રિયતાની હિમાયત કરતા હોય એવું લાગી શકે. પરંતુ હકીકતમાં એવું નથી, કારણ કે તેઓ ઉચ્ચ બુદ્ધિમતાને સમાવિષ્ટ કરે છે. કુરાન આપણું મન-મગજ એ પ્રકારનું બનાવવાનો પ્રયાસ કરે છે કે જે જીવનની તમામ બાબતોને આધ્યાત્મિકતાના આધારે સંચાલિત કરવા સક્ષમ હોય. આ બાબત નિષ્ક્રિયતાની હિમાયત નહીં પરંતુ જીવનની સમસ્યાઓના યોગ્ય સંચાલનમાં કુશળતા મેળવવી એ છે. આ સૂત્રનો હેતુ - કે જે ખરેખર કુરાનની સૌથી મોટી ફિકર છે એ - ઉચ્ચ લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે અને જે વ્યક્તિ ઉચ્ચ લક્ષ્યો પ્રાપ્ત કરવા માંગે છે તેની પાસે ઉપરોક્ત ગુણોને પ્રોત્સાહન આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તેણે તમામ અનિચ્છનીય પરિસ્થિતિઓને અસરકારક રીતે સંચાલિત કરવાનો પ્રયાસ કરવો પડશે. નહિંતર, તે નાના-નાના તુચ્છ મુદ્દાઓમાં જ વ્યસ્ત રહી જશે અને ઉચ્ચ લક્ષ્યો તરફની તેની મુસાફરી અટકી જશે.

કુરાનના અધ્યાય અશ્-શમ્સ (સૂર્ય) માં, તમને આ પંક્તિઓ મળશે; **જે તેને (પોતાના આત્મા/રૂહને) શુદ્ધ કરે છે તે ખરેખર સફળ થશે, અને જે તેને (પોતાના આત્મા/રૂહને) દૂષિત કરે છે તે નિષ્ફળ જશે (૯૧:૯–૧૦).** આ કુરાનની આયત વ્યક્તિત્વ વિકાસનું મહત્વ દર્શાવે છે, તે વ્યક્તિના ભૌતિક નહીં પરંતુ તેના આધ્યાત્મિક (રૂહાની) પાસાઓ પર ભાર મૂકે છે. એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે આ કુરાનની મુખ્ય વિષય વસ્તુ છે, અને વ્યક્તિત્વ વિકાસ તેનું મૂળ લક્ષ્ય છે.

આત્માનું શુદ્ધિકરણ એટલે શું? તે તમારા મનને તમામ પ્રકારના પૂર્વગ્રહ અને નકારાત્મકતાથી શુદ્ધ કરવું છે. બીજા શબ્દોમાં કહીએ તો, તે તમારા શરતી મનનું બિન-શરતીકરણ કરવાનું છે. આ તે મન છે જેને કુરાન બનાવવાનો પ્રયાસ કરે છે. જે વ્યક્તિ આ બિન-શરતીકરણ પ્રક્રિયામાં નિષ્ફળ જાય છે તે વસ્તુઓની દિવ્ય યોજનામાં ભ્રષ્ટ અથવા અનિચ્છનીય વ્યક્તિત્વ બની જાય છે.

માણસનું વ્યક્તિત્વ ડુંગળી જેવું છે. ડુંગળીમાં કેન્દ્રિય સ્તર હોય છે, પરંતુ આ સ્તર બીજા અનેક આવરણોથી વિંટળાયેલું હોય છે. જો તમે કેન્દ્રિય સ્તર સુધી પહોંચવા માંગતા હો, તો તમારે બીજા બધા સ્તરો અથવા આવરણો દૂર કરવા પડશે. મનુષ્યનું પણ એવું જ છે. માણસનું મૂળ વ્યક્તિત્વ આવી જ રીતે ઘણા બધા આવરણોથી વિંટળાયેલું હોય છે.

વ્યક્તિના માનસ પર આવરણ ચઢવાની આ પ્રક્રિયા તેના જન્મ સાથે જ શરૂ થઈ જાય છે. શરૂઆતમાં, તે અચેતન સ્વરૂપે હોય છે. વ્યક્તિનું કુટુંબ, તેની સંસ્થાઓ, તેનો સમાજ અને તેનો સમુદાય બધા આ કન્ડીશનીંગના સ્ત્રોત છે. બાળપણથી કિશોરાવસ્થા સુધી, તે આ પ્રકારના કન્ડીશનીંગથી પ્રભાવિત હોય છે. પુખ્તતા વયે પહોંચ્યા પછી જ તે આ સમસ્યાને સભાનપણે સમજવા સક્ષમ બને છે.

અહીંથી આગળ જે શરૂ થાય છે, તે વ્યક્તિત્વ વિકાસ કહેવાય છે. આ લડત, મનની જાગૃતિ અને આ સમસ્યાની સભાન શોધ માટે પ્રેરે છે. આ જ તબક્કે, વ્યક્તિએ પોતાની સ્વ-વિરોધી વિચારસરણીની ક્ષમતા વિકસાવવી જરૂરી બને છે. તેણે આત્મનિરીક્ષણ કરવું જોઈએ. આ માટે, તેણે તેના અગાઉના કન્ડીશનીંગને સંપૂર્ણ નિરપેક્ષતા સાથે ડી-કન્ડિશન કરવાનો પ્રયાસ કરતાં રહેવું જોઈએ. દરેક સ્ત્રી-પુરુષ માટે આ સૌથી મહત્વપૂર્ણ કાર્ય છે.

**ડી–કન્ડિશનિંગ શું છે?** તે તમારા મનમાં સંગ્રહિત કરેલી વસ્તુઓને છટણી કરવાની પ્રક્રિયા છે, જો તમે તમારા વ્યક્તિત્વને નિષ્પક્ષપાતી રીતે બદલવા માંગતા હોવ તો, તે તમામને તમારે સંપૂર્ણ નિરપેક્ષતા સાથે જોવું જોઈએ. જો તમારે તમારી નકારાત્મકતાને સકારાત્મકતામાં ફેરવવી હોય તો તમારે તમારા મનમાં રહેલી નકારાત્મક બાબતોને દૂર કરવી પડશે.

એકવાર એક વ્યક્તિએ ઈસ્લામના પયગંબરને એક પ્રશ્ન પૂછ્યો -એક સર્વગ્રાહી પ્રશ્ન. તેણે કહ્યું, “હે પયગંબર, મને એક શ્રેષ્ઠ સલાહ આપો જેના દ્વારા હું મારા જીવનની તમામ બાબતોનું સંચાલન કરી શકું.” પયગંબર સાહેબે જવાબ આપ્યો; **‘‘ક્રોધાયમાન થશો નહીં.’’ (સહીહ અલ–બુખારી, ૬૧૧૬)**

આનો અર્થ એ થાય છે કે તમારે તમારી જાતને ક્રોધથી બચાવવાનો પ્રયાસ કરવો જોઈએ. ગુસ્સાને તમારા વ્યક્તિત્વનો હિસ્સો ન બનવા દો. ફક્ત આ જ રીતે તમે તમારા વ્યક્તિત્વનો વિકાસ કરી શકશો.

## * એક શ્રેષ્ઠ વાર્તા *

અધ્યાય બારમાં, કુરાન એક ઘટના વર્ણવે છે, જેને તે શ્રેષ્ઠ વાર્તાઓમાંથી કહે છે. યુસુફ તેના પિતા અને સાવકા ભાઈઓ સાથે પેલેસ્ટાઈનમાં રહેતા હતા. જ્યારે યુસુફ

કિશોરાવસ્થામાં હતા, ત્યારે તેમના સાવકા ભાઈઓ તેમની ઈર્ષ્યા કરતા હતાં. તેઓએ તેમને જંગલમાં આવેલા સૂકા કૂવામાં ફેંકી દેવાનું કાવતરું ઘડયું . પરંતુ ઈશ્વર તેમની વહારે આવ્યા - એક કાફલાએ તેમને કૂવામાં જોયા અને તેમને બહાર કાઢયા. ત્યારબાદ, તેઓએ તેમને ઈજિપ્તની બજારમાં ગુલામ તરીકે વેચી દીધા. આ રીતે તેઓ પેલેસ્ટાઈનથી ઈજીપ્ત સુધી પહોંચ્યા.

**અલ્લાહ તેમના પુરસ્કાર (કર્મનું વળતર) ને વ્યર્થ જવા દેતા નથી, જેઓ સારા કામ કરે છે, જેઓ પ્રામાણિક અને અડગ છે (૧૨:૯૦)**

સદભાગ્યે તેમનો શેઠ ઈજિપ્તના રાજાનો દરબારી હતો. તેમના ધર્મની વાત કરીએ તો, રાજા મૂર્તિપૂજક હતા, જ્યારે યુસુફ, જે ઈબ્રાહીમના પરિવારના હતા, તેઓ એકેશ્વરવાદમાં માનતા હતા. કેટલાક વર્ષો પછી, જ્યારે યુસુફ પરિપક્વતાની ઉંમરે પહોંચ્યા, ત્યારે તે રાજાના સંપર્કમાં આવ્યા. તેમના વ્યક્તિત્વ અને બુદ્ધિ-ચારિત્ર્યથી ખૂબ પ્રભાવિત રાજાએ તેમને સરકારમાં ઉચ્ચ હોદ્દાનો પ્રસ્તાવ આપ્યો. હાલના સંદર્ભમાં, તે કૃષિ પ્રધાન હોવાના સમકક્ષ હતું.

બાઈબલના વર્ણન મુજબ, ઈજિપ્તના રાજાએ કહ્યું;

**તમે મારા ઘર પર રહેશો, અને મારા બધા લોકો તમારા હુકમ પ્રમાણે વહીવટ કરશે; ફક્ત સિંહાસનની બાબતમાં જ હું તમારા કરતા મોટો રહીશ. (જીનીસિસ-૪૨:૪૦)**

યુસુફે આ પ્રસ્તાવ સ્વીકાર્યો અને જ્યારે ઈજિપ્ત અને આસપાસના વિસ્તારોમાં ભયંકર દુષ્કાળ હતો તે સમયે જમીનની કૃષિ બાબતોનું સફળતાપૂર્વક સંચાલન કર્યુ. લોકો એટલા ખુશ થયા કે તેઓએ તેમને પોતાના નાયક તરીકે સ્વીકારી લીધા.

આ વાર્તાને વર્ણવ્યા પછી, કુરાન કહે છે;

**જે કોઈ અલ્લાહ પર ભરોસો રાખે છે અને ધૈર્ય રાખે છે, તો નિઃશંકપણે અલ્લાહ સત્કર્મીઓના પુરસ્કારોને ક્યારેય વ્યર્થ જવા દેતા નથી (૧૨:૯૦)**

યુસુફ પાસે કયા ગુણો હતા જેના કારણે તેમને આ ઉચ્ચ દરજ્જો મળ્યો? કુરાનમાં આપેલ તેમનો પ્રસંગ વાંચ્યા પછી, આપણે બાજુના પેજમાં દર્શાવેલ ગુણોનો સારાંશ આપી શકીએ.

૧. યુસુફના સાવકા ભાઈઓએ તેમની વિરુદ્ધ એક દુષ્ટ કાવતરું ઘડયું હતું જેનો આશય તેમનું મૃત્યુ હતું. પરંતુ યુસુફે ક્યારેય તેમના પ્રત્યે કોઈ પ્રકારનો ધિક્કાર કે બદલાની લાગણી વિકસાવી નહીં. તેના બદલે, કુરાનમાં જણાવ્યા પ્રમાણે યુસુફે તેમને માફ કરી દીધા અને તેમનું ઈજિપ્તમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

૨. વેપારીઓના કાફલાએ તેમને ઈજિપ્તના બજારમાં ગુલામ તરીકે વેચી દીધા પરંતુ તેમણે ક્યારેય કાફલાનો વિરોધ કર્યો નહીં. તેમણે ક્યારેય એવું કહ્યું નહી કે પોતે મનુષ્ય હતાં અને તેઓ તેમનો ઉપયોગ વેપારની વસ્તુ તરીકે કરી રહ્યાં હતાં.

૩. ઈજિપ્તમાં તેમણે ક્યારેય તેમના શેઠ અથવા રાજા માટે કોઈ સમસ્યા ઊભી કરી ન હતી.

૪. તે સમયે ઈજિપ્તમાં પ્રચલિત મૂર્તિપૂજકોની સંસ્કૃતિ સાથે તેઓએ ધીરજ રાખી. સંઘર્ષ ટાળવાના સિદ્ધાંતને અનુસરીને, તેમણે ઈજિપ્તના શાસક દ્વારા તેમને આપવામાં આવેલી તકનો લાભ લીધો.

કુરાન અને બાઈબલ ઉલ્લેખિત આ બધા ગુણોએ તેમને આટલા ઊંચા દરજ્જા સુધી પહોંચવામાં મદદ કરી.

## * મહેનત અને પ્રામાણિકતા *

પયગંબર મૂસાનો જન્મ ઈજિપ્તમાં થયો હતો, જ્યાં તે લગભગ ત્રીસ વર્ષ રહ્યા હતા. પછી, કોઈ કારણસર તેમણે ઈજિપ્ત છોડવું પડયું અને લાંબી મુસાફરી કરીને મિદિયન (સીરિયા) પહોંચ્યા. જ્યારે તે મિદિયનની બહાર એક ઝાડ નીચે આરામ કરી રહ્યા હતા, ત્યારે એક ખૂબ જ રસપ્રદ ઘટના બની જે કુરાનના અધ્યાય અલ-કસાસ (વાર્તા) માં નીચે પ્રમાણે વર્ણવવામાં આવી છે;

**અને જ્યારે મૂસા મિદિયનના કૂવા પર પહોંચ્યા, ત્યારે તેમણે તેમની આસપાસ માણસોના એક જૂથને તેમના (પશુઓના) ધણને પાણી પીવડાવતા જોયા, અને તેમણે તેઓની બાજુમાં બે મહિલાઓને ઉભેલી જોઈ, જેઓ તેમના (પશુઓના) ધણને પકડીને ઊભી હતી, તેથી તેમણે પૂછયું, 'તમારી સમસ્યા શું છે?' તેઓએ જવાબ આપ્યો, 'જ્યાં સુધી પશુપાલકો પોતાના પશુઓ ઘરાઈ ના**

**જાય ત્યાં સુધી અમે (અમારા પશુઓ માટે) પાણી લઈ શકતા નથી, કારણ કે અમારા પિતા ખૂબ વૃદ્ધ માણસ છે.' તેથી મૂસાએ તેઓના પશુઓને પાણી પીવડાવ્યું; અને (ઝાડ નીચે) છાયામાં પાછા ફર્યા અને પ્રાર્થના કરી, પ્રભુ, તમે મારા માટે જે કંઈપણ પણ જોગવાઈ મોકલો તેની મને ખરેખર જરૂર છે અને પછી બેમાંથી એક મહિલા વિનમ્રતા-પૂર્વક તેમની પાસે આવી અને કહ્યું, મારા પિતા તમને (અમારા ઘરે) આવવાનું કહે છે જેથી અમારા પશુઓને પાણી પીવડાવવા બદલ તેઓ તમને વળતર આપી શકે. જ્યારે મૂસા તેમના પિતા પાસે આવ્યા અને તેમને પોતાની આખી કહાની જણાવી, ત્યારે તેમણે કહ્યુંઃ ડરશો નહીં! તમે એ ખોટા લોકોથી બચી ગયા છો. બેમાંથી એક દીકરીએ સૂચન કર્યું કે, 'પપ્પા, તેમને નોકરીએ રાખો! નોકરીએ રાખવા માટે કોઈ મજબૂત અને વફાદાર માણસ જ શ્રેષ્ઠ છે.' (૨૮:૨૩-૨૬)**

પ્રામાણિકતા વ્યક્તિને સમાજનો વફાદાર સભ્ય બનાવે છે, અને પરિશ્રમ મતલબ, માણસ પોતાના કામમાં પોતાની જાતને સમર્પિત કરવા તૈયાર છે.

આ વાર્તા અનુસાર, મૂસા લગભગ આઠ વર્ષ સુધી તેના મિદિયન યજમાનો સાથે રહ્યા. તેમના યજમાન, શુએબે, તેમની પુત્રીના લગ્ન મૂસા સાથે કર્યા; આઠ વર્ષ પછી મૂસા મિદિયન છોડીને તેના વતન ઈજિપ્તમાં પાછા ફર્યા.

જ્યારે તે સ્ત્રીએ તેના પિતાને મૂસાને નોકરી પર રાખવાનું કહ્યું ત્યારે તેણે જે કહ્યું તે આ વિશ્વમાં સફળતા માટે શ્રેષ્ઠ સૂત્ર છે. તે બે મુદ્દાનું સૂત્ર છે - પ્રામાણિકતા અને પરિશ્રમ. પ્રામાણિકતા વ્યક્તિને સમાજનો વફાદાર સભ્ય બનાવે છે, અને પરિશ્રમ મતલબ માણસ પોતાના કામમાં પોતાની જાતને સમર્પિત કરવા તૈયાર છે.

મજબૂત બનવું અને પ્રમાણિક હોવું એ બે ઈચ્છનીય માનવીય ગુણો છે. 'મજબૂત' એ શારીરિક શક્તિનો ઉલ્લેખ કરે છે અને 'પ્રામાણિક' આધ્યાત્મિક શક્તિનો સંદર્ભ આપે છે. બંને સમાન રીતે મહત્વ ધરાવે છે. જે કોઈ વ્યક્તિ પાસે આ બે ગુણો છે તેને સુસજ્જ વ્યક્તિ તરીકે વર્ણવી શકાય છે. આ બે ગુણો વ્યક્તિને આ જગતમાં સિદ્ધહસ્ત બનાવે છે.

એક કહેવત છેઃ 'ઈશ્વર તેઓને મદદ કરે છે જેઓ પોતાની જાતને મદદ કરે છે.' સ્વ-સહાય શું છે? સ્વ-સહાયનો અર્થ એ છે કે તમારી પાસે આ બે કુદરતી ગુણો, - પ્રમાણિકતા અને પરિશ્રમ કરવાની ક્ષમતા છે .

# * પ્રથમ હત્યા *

કુરાનનો પાંચમો અધ્યાય બે ભાઈઓ, કાબીલ અને હાબીલની વાર્તાને સાંકળે છે. તેઓ પૃથ્વી પર સ્થાયી થનાર પ્રથમ માણસ આદમના પુત્રો હતા. કોઈ કારણસર બન્ને ભાઈઓ વચ્ચે વિવાદ ઉભો થયો. ભારે તકરાર પછી, કાબીલે હાબીલની હત્યા કરી નાખી. માનવ ઈતિહાસની આ પ્રથમ હત્યા હતી.

આ વાર્તાનું વર્ણન કરતા કુરાન અલ-મૈદાહ (ટેબલ) અધ્યાયમાં કહે છે;

**તેથી જ અમે ઈઝરાયલના સંતાનો માટે આદેશ આપ્યો કે જે કોઈ પણ વ્યક્તિની હત્યા કરશે – સિવાય કે હત્યાની સજા અથવા દેશમાં ભ્રષ્ટાચાર ફેલાવવાની સજા તરીકે – તેણે સમગ્ર માનવજાતની હત્યા કર્યાનું માનવામાં આવશે, અને જે કોઈ માનવ જીવન બચાવશે તેણે સમગ્ર માનવજાતને બચાવ્યા તરીકે ગણવામાં આવશે. (૫:૩૨)**

આ શ્લોક હત્યાના કિસ્સામાં માત્ર કાયદાકીય જોગવાઈ જ નથી કરતું, પરંતુ તે આપણને જીવનની એક વિચારધારા પણ આપે છે જેનો સારાંશ આ પ્રમાણે કરી શકાયઃ મતભેદો એ માનવ-જીવનનો એક ભાગ માત્ર છે, તમે તેને દૂર કરી શકતા નથી. તેથી, જો તમને અન્ય સાથી માણસો સાથે સમસ્યાઓ હોય, તો પરેશાન ન થાઓ, પરંતુ તેને સ્વાભાવિક રીતે લો. મતભેદો સાથે જીવવાનો પ્રયાસ કરો. સમસ્યાને અવગણીને અથવા અમુક પ્રકારનું સમાધાન કરીને મતભેદ મેનેજમેન્ટની કળા શીખવાનો પ્રયાસ કરો.

તમામ પરિસ્થિતિઓમાં, તમારે અગાઉથી સ્વીકારવું પડશે કે મારામારી, અથડામણ કે હિંસા તમારા માટે વિકલ્પ જ નથી. તે સંપૂર્ણપણે અવ્યવહારુ રીત છે. નિર્ધાર કરો કે તમે સમસ્યાઓના શાંતિપૂર્ણ સમાધાન લાવવાના શ્રેષ્ઠ પ્રયાસો કરશો અને, તમે હિંસા કે અશાંતિ તરફ દોરી જાય એવી પરિસ્થિતિઓને હંમેશા ટાળવાનું વલણ અપનાવશો.

**કોઈપણ હિંસક ક્રિયા બૂમરેંગ જેવી છે,
તે તમારી વિરુદ્ધ એવી જ રીતે વર્તન કરશે જે રીતે તે બીજા સામે કરશે.**

કોઈ વ્યક્તિની હત્યા એ વ્યક્તિ માત્રની હત્યા નથી; તે એક અનિચ્છનીય પૂર્વધારણાનું સ્વરૂપ છે, જે સીધી કે આડકતરી રીતે, સમગ્ર માનવજાત પર હાનિકારક પ્રભાવ પાડે છે. આ અર્થમાં, આવો દરેક વ્યક્તિગત ગુનો એ સાર્વત્રિક ગુનો છે.

હિંસા એ કોઈ સમસ્યાના નિરાકરણનો માત્ર એક દુષ્ટ વિકલ્પ જ નહી, પરંતુ તે તેના કરતાં પણ વધુ ખરાબ છે. તે નૈતિક ધોરણોનું ગંભીર ઉલ્લંઘન છે. તદુપરાંત, જ્યારે તમે હિંસાનો વિકલ્પ પસંદ કરો છો, ત્યારે તમે સ્વ-નિર્માણના માર્ગથી ભટકી જાવ છો. તમે કોઈ બિનઉપજાઉ કામ પર તમારો સમય અને શક્તિ વેડફો છો. આ અર્થમાં, કોઈપણ હિંસક ક્રિયા બૂમરેંગ જેવી છે. તે તમારી વિરુદ્ધ એવી જ રીતે વર્તન કરશે જે રીતે તે બીજા સામે કરશે.

જ્યારે કોઈ વ્યક્તિ હિંસા કે હત્યાનો વિકલ્પ પસંદ કરે છે, ત્યારે તે ગુસ્સામાં આવું કરે છે. જ્યારે વ્યક્તિ ગુસ્સે થાય છે, ત્યારે પોતાની જાત પરનો કાબૂ ગુમાવી દે છે. આવું હોવાથી, વ્યક્તિએ આવી અસામાન્ય માનસિક સ્થિતિમાં નિર્ણય ન લેવો જોઈએ. તેથી જ્યારે તમે ગુસ્સે હોવ ત્યારે ધીરજ રાખો. તમારા ગુસ્સાને શાંત કરવાનો પ્રયાસ કરો. શાંત થવાનો પ્રયત્ન કરો. તમે ભાવનાત્મક રીતે સામાન્ય થાઓ પછી જ નિર્ણય લો.

## * દાન એ ફરજ છે *

કુરાનની અવધારણા પ્રમાણે, વંચિત હોય તેવાને તેમના અધિકારો છે. જેમની પાસે છે તેમણે, જેમની પાસે નથી તેઓને આપવું જોઈએ, અન્યથા જેમની પાસે છે તેમણે પોતાની  ફરજો નિભાવવામાં બેદરકારી માટે ભારે કિંમત ચૂકવવી પડશે. પરોપકાર એ ફક્ત દાન કરવાને બદલે ફરજ છે.

કુરાનમાં પ્રકરણ અલ-કલમ (પેન) માં વર્ણવેલ એક ઘટના, આ અવધારણાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે;

**અમે એક ચોક્કસ બગીચાના માલિકોને અજમાવ્યા તેમ અમે તેમને (મક્કાવાસીઓને) અજમાવ્યા, જેમણે બીજા દિવસે સવારે તેના (બગીચાના) તમામ ફળો લણવાની પ્રતિજ્ઞા લીધી, અલ્લાહની મરજીની પરવાહ કર્યા વગર, જ્યારે તેઓ સૂતા હતા ત્યારે તેને તમારા પ્રભુ તરફથી આફત આવી અને સવાર સુધીમાં તે એવી રીતે આવી કે જાણે કે**
**તે (તેમની બાગ) માત્ર ઉજ્જડ જમીન જેવી થઈ ગઈ. તેઓએ પરોઢના વિરામ સમયે એકબીજાને બોલાવીને કહ્યું, 'જો તમારે તમારા બધાં ફળો ભેગા કરવા હોય, તો તમારા બગીચામાં પહોંચવા માટે જલ્દી કરો.' અને તેથી તેઓ એકબીજાને ગુસપુસ કરતાં ચાલ્યા કે, 'આજે કોઈ પણ ગરીબ વ્યક્તિને બગીચામાં પ્રવેશતા**

**અટકાવવાની ખાતરી કરો' તેઓ વહેલી સવારે નીકળી પડયા, એમ વિચારીને કે તેમની પાસે રોકવાની શક્તિ છે. પરંતુ જ્યારે તેઓએ તે જોયું, ત્યારે તેઓએ કહ્યું, 'અમે અમારો માર્ગ ગુમાવ્યો હોવો જોઈએ. ખરેખર, અમે સાવ બરબાદ થઈ ગયા છીએ!' તેમાંથી સૌથી સમજુએ કહ્યું, 'શું મેં તમને અલ્લાહની મરજી માટે પ્રાર્થના કરવા કહ્યું ન હતું?' તેઓએ કહ્યું, 'અમારા પર અફસોસ, અમારા પ્રભુનો મહિમા હો. અમે ચોક્કસ ખોટું કર્યું છે.' પછી તેઓ એકબીજા પર દોષારોપણ કરવા લાગ્યા. તેઓએ કહ્યું, 'અફસોસ, અમારું વર્તન નિસ્તેજ હતું. અમને વિશ્વાસ છે કે અમારા પ્રભુ અમને તેના સ્થાને વધુ સારો બાગ આપશે; અમે ખરેખર આશા સાથે તેમની તરફ વળીએ છીએ.' [આ જીવનમાં] તેમની સજા આવી હતી. (૬૮:૧૭–૩૩)**

જ્યારે કોઈ લણણી મેળવે છે, ત્યારે તે કોઈની ફક્ત પોતાની જ મહેનતનું ફળ નથી. લણણીમાં અન્ય કુદરતી પરિબળો સામેલ છે, જેના વિના લણણી શક્ય નથી. તેથી, દરેક લણણીમાં કુદરતનો પણ ભાગ છે. અને આ ભાગ એવા લોકોને પરત આપવો જોઈએ જેઓ કોઈ કારણોસર વંચિત રહ્યા છે.

તે કુદરતી પરિબળો શું છે? તે અસંખ્ય છે, ઉદાહરણ તરીકે, માટી, પાણી, બેકટેરિયા, હવા, સૂર્યપ્રકાશ, વગેરે. આ પરિબળો પૂરા પાડવા એ લણણી કરનારની ક્ષમતાની બહાર છે, પરંતુ તે કુદરત દ્વારા બાહ્ય રીતે ઉપલબ્ધ છે. તેથી, દરેક લણણીમાં કુદરતનો હિસ્સો છે. પરોપકારનો અર્થ એ છે કે આ હિસ્સાને વંચિતોના જૂથને પરત કરી દેવું જોઈએ. જેઓ આ હિસ્સો ચૂકવશે તેમને ઈશ્વર દ્વારા બદલો આપવામાં આવશે, અને જેઓ આ ફરજમાં નિષ્ફળ જશે તેમને સજા કરવામાં આવશે.

પરોપકાર વિશે કુરાનની અવધારણા કુદરતી સંપત્તિના સમાન વિતરણના સિદ્ધાંત પર આધારિત છે.

## * પ્રતિબંધિત વૃક્ષ *

આદમ અને હવ્વા (ઈવ) ની વાર્તા બાઈબલ અને કુરાન બંને માટે સમાન છે. કુરાનના અહેવાલ મુજબ, ઈશ્વરે આદમ અને તેમના પત્ની ઈવને બનાવ્યા અને બંનેને સ્વર્ગમાં સ્થાયી કર્યા. આ સ્વર્ગ કયાં હતું? બાઈબલ આ મુદ્દા પર ચોક્કસ છે;

**પ્રભુ ઈશ્વરે ઈડનમાં  પૂર્વ તરફ એક બગીચો રોપ્યો, અને તેમણે જેની રચના કરી હતી તે માણસને ત્યાં મૂકયો. (જીનિસીસ ૨:૮)**

આ માણસના સામાજિક જીવનની શરૂઆત હતી. ઈશ્વરે આદમ અને હવ્વા (ઈવ) બંનેને મૂળભૂત દિશા આપી હતી;

**ઈશ્વરે કહ્યું, ''હે આદમ! તમારી પત્ની સાથે સ્વર્ગમાં રહો અને તમે ઈચ્છો ત્યાંથી મુક્તપણે ખાઓ, પરંતુ આ વૃક્ષની નજીક ન જશો, નહીં તો તમે પાપી બની જશો.''(૨:૩૫)**

'પ્રતિબંધિત વૃક્ષ,' એક અર્થમાં, સામાજિક નિષેધના પ્રતીક તરીકે હતું. ઉપરોક્ત કુરાનની આયતમાં દર્શાવ્યા મુજબ, આ નિષેધને તોડવાનો અર્થ સામાજિક અનૈતિક કાર્યોમાં પોતાને સામેલ કરવું એવો હતો.

જ્યારે ઈશ્વરે આદમ અને ઈવને બનાવ્યા ત્યારે તે ફક્ત એક જોડી જ માત્ર બનાવી ન હતી, પરંતુ તે સમાજનું પ્રથમ એકમ બનાવ્યું હતું. આદમ અને ઈવને માત્ર એક જોડી તરીકે કાયમ માટે જીવવા માટે બનાવવામાં આવ્યા ન હતા, પરંતુ તેઓને એક પેઢીની શરૂઆત કરવા અને દરેક રીતે એક સંપૂર્ણ સમાજ બનાવવા માટે નિર્ધારિત કરવામાં આવ્યા હતાં, જેથી કરીને ત્યારબાદ સંસ્કૃતિના નિર્માણ માટે માર્ગ મોકળો થાય.

કંઈપણ જે કોઈના સાથીદારો માટે હાનિકારક સાબિત થાય છે તે ખોટું કામ છે.

આદમ અને હવ્વાને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી પરંતુ તેમની સ્વતંત્રતા પ્રતિબંધિત સ્વતંત્રતા હતી. તેઓએ એવી તમામ પ્રવૃત્તિઓથી દૂર રહેવાનું હતું જે તેમના સાથીદારો વિરુદ્ધ જાય. બીજા શબ્દોમાં કહીએ તો, તેઓને કોઈપણ પ્રકારની સામાજિક ગેરરીતિમાં સામેલ થવાની મનાઈ હતી, અન્યથા તેઓ દૈવી યોજનાને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જશે.

'ખોટું કામ' શું છે? કંઈપણ, જે અન્ય માણસો માટે હાનિકારક સાબિત થાય તે ખોટું કામ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આદમ અને હવ્વાએ જાણીતા સૂત્રને અનુસરવાની જરૂર હતીઃ તમે મુક્ત છો પણ તમારી સ્વતંત્રતા ત્યાંથી સમાપ્ત થાય છે જ્યાં બીજાની હદ શરૂ થાય છે.

પ્રથમ માણસને આપવામાં આવેલો આ પહેલો સામાજિક બોધપાઠ હતો. સ્વતંત્રતાની સાથે સાથે માણસને મહાન ગુણો અને મજબૂત માળખા સાથે બનાવવામાં આવ્યો છે જે તેની પ્રતિભાનો ઉપયોગ કરવાની છૂટ આપે. આમ માણસ સંભવિતપણે

તેના પર્યાવરણનો મુખત્યાર છે. તે પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ ન કરે તેની એકમાત્ર શરત સાથે તે પોતાનું એક વિશ્વ બનાવવા સક્ષમ હતો. તેણે 'પ્રતિબંધિત વૃક્ષ' નજીક જવાનું ટાળવું જોઈએ.

જો સમાજના સભ્યો ખોટા કામો કરવાથી દૂર રહે અને દરેક વ્યક્તિ નિર્ધારિત મર્યાદામાં પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરે તો આવા સમાજમાં દરેક વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકશે. તદુપરાંત, આવો સમાજ ભલાઈ માટે દરેક રીતે વિકાસ કરશે. આવા સમાજમાં રહેવું એ સ્વર્ગમાં રહેવા જેવું છે.

## * શિક્ષણનું મહત્વ *

ઈસ્લામના પયગંબર દ્વારા પ્રાપ્ત થયેલો પ્રથમ દૈવી સંદેશ કુરાનનો અધ્યાય અલ-અલક (ગંઠન) હતો. તે આ શબ્દોથી શરૂ થાય છે;

**વાંચો ! તમારા પ્રભુના નામ પર 'જેણે ચીકણા દ્રવ્ય (વીર્ય અને ગર્ભજળનું મિશ્રણ) માંથી માણસોનું સર્જન કર્યું.' વાંચો ! તમારો પ્રભુ સૌથી ઉદાર છે 'જેણે કલમ દ્વારા શીખવ્યું. માણસને તે શીખવ્યું જે તે જાણતો ન હતો.' (૯૬:૧-૫)**

ઈશ્વર દ્વારા પયગંબરને આપવામાં આવેલો આ પહેલો સંદેશ હતો. તે આપણને કહે છે કે કુરાન મુજબ માનવ-જીવનમાં શિક્ષણનું મહત્વ સૌથી વધુ છે. વાસ્તવમાં, જ્ઞાન એ આપણી બધી આશાઓ અને આકાંક્ષાઓ માટે મૂળભૂત પાયો છે. શીખવાનું જેટલું વધારે, જીવનમાં તેટલી પ્રગતિ વધારે.

એક પરંપરા મુજબ, ઈ.સ. ૬૧૦ માં એક રાત્રે ઈસ્લામના પયગંબર હિરા પર્વતની ગુફામાં એકાંતમાં હતા. અચાનક જિબ્રઈલ નામના દેવદૂતો દેખાયા અને કહ્યુંઃ 'ઓ મુહમ્મદ, વાંચો!' પયગંબર સાહેબ પોતે અભણ હોવાને કારણે કહ્યું, 'હું વાંચી શકતો નથી.' દેવદૂતોએ ફરીથી કહ્યુંઃ 'હે મુહમ્મદ, વાંચો!' પયગંબર સાહેબે એ જ જવાબનું પુનરાવર્તન કર્યું. ત્રીજી વખત, દેવદૂતોએ કહ્યુંઃ 'હે મુહમ્મદ, વાંચો!' પરંતુ ફરીથી પયગંબર સાહેબે કહ્યું કે તે વાંચી શકતા નથી. વર્ણન અનુસાર, દેવદૂતો તેમને પ્રેમથી ભેટી પડયા અને પછી તેમણે પ્રગટ કરેલા શબ્દો વાંચવાનું શરૂ કર્યું.

તેના આ વાર્તા એક મહાન પાઠ આપે છે. સંઘર્ષનો પાઠ. તેનો અર્થ એમ કરી શકાય કે, જો તમને વાંચી ના શકતા હોવ તો પણ વાંચો, જો તમને શીખતા ન આવડતું હોય તો પણ શીખો.

કુરાન દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શનનો આ પહેલો ભાગ હતો. આનાથી પયગંબર સાહેબ અને તેમના સાથીઓના મનમાં ક્રાંતિ આવી, અને તેઓએ શિક્ષણ અને જ્ઞાન પ્રાપ્ત કરવાની દરેક તકનો લાભ લેવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. નીચે જણાવ્યા મુજબના ઘટનાક્રમ દ્વારા આનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

ઈ. સ. ૬૨૨ માં મદીનામાં સ્થળાંતર કર્યા પછી, ઈસ્લામના પયગંબર અને તેમના સાથીદારો પર મક્કાના કુરૈશ દ્વારા હુમલો કરવામાં આવ્યો. તે એક દિવસનું યુદ્ધ હતું, જે પયગંબર સાહેબ અને તેમના સાથીઓએ જીત્યું હતું. તેઓ તેમના સિત્તેર વિરોધીઓને પકડવામાં સક્ષમ રહ્યા હતા, જેમને યુદ્ધના કેદીઓ તરીકે મદીનામાં લાવવામાં આવ્યા હતાં.

**શીખવું એ આપણી બધી આશાઓ અને આકાંક્ષાઓ માટે પાયાનું છેઃ**
**જેટલું વધારે શીખવું, જીવનમાં તેટલી મોટી પ્રગતિ.**

પરંતુ ઈસ્લામના પયગંબરે તેમને કોઈ સજા ના કરી. તે સમયના ધોરણો પ્રમાણે તેઓ શિક્ષિત વ્યક્તિઓ હતા. ઈસ્લામના પયગંબરે તેમને કહ્યું કે તેમાંથી કોઈપણ જે મદીનાના દસ બાળકોને શિક્ષિત કરશે તેની આ સેવા મુક્તિ દંડ તરીકે સ્વીકારવામાં આવશે અને તેમને મુક્ત કરવામાં આવશે.

આ લોકો ફરીથી પયગંબર સાહેબ સામે યુદ્ધ શરૂ કરે તેવી શક્યતા વધુ હતી. પરંતુ, આ ઘટનાને ધ્યાનમાં રાખીને, કુરાનનો સંદેશ એ છે કે, તમે અભણ હોવા છતાં, શીખવાનો પ્રયાસ કરો, પછી જેમની સાથે તમારા સારા સંબંધો નથી, તેમના સિવાય તમારી પાસે બીજો કોઈ શિક્ષક ન હોય તો પણ તેમની પાસેથી શીખો.

## * સર્વલોક સમાન છે *

પરંતુ મક્કામાં એક કમનસીબ પરંતુ નોંધપાત્ર ઘટના પછી, પયગંબરને ઈશ્વર તરફથી એક સંદેશ પ્રાપ્ત થયો, જે કુરાનમાં પ્રકરણ દઅબાસા (તેઓ નારાજ થયા) માં નોંધ્યું છે. પ્રકરણ આ રીતે શરૂ થાય છે;

**જ્યારે તે અંધ વ્યક્તિ તેમની પાસે આવ્યો ત્યારે તેઓ નારાજ થયા અને પાછા ફર્યા, (ઓ પયગંબર) તેના માટે તમે કેવી રીતે જાણી શકો કે તે પોતાને નૈતિક**

**બનાવવાનો પ્રયાસ કરી શકે છે, અથવા જવાબદાર બની શકે અને [અમારી] યાદથી લાભ મેળવી શકે છે? જે ઉદાસીન હતો તેના માટે, તમે આતુરતાથી તેની તરફ ધ્યાન આપ્યું – જો કે તે પોતાને નૈતિક ના બનાવે તો તમને દોષી ઠેરવવામાં આવશે નહીં. પરંતુ જે તમારી પાસે આતુરતાથી અને અલ્લાહના આદરથી આવ્યો તેના માટે તમે તેને ધ્યાન ના આપ્યું. (૮૦:૧–૧૦)**

આ પંક્તિઓની પૃષ્ઠભૂમિ એ છે કે, એક દિવસ, પયગંબર મક્કાના કેટલાક પ્રભાવશાળી વ્યક્તિઓ સાથે વાતચીતમાં મગ્ન હતા, તેમને અને તેમના દ્વારા, મોટાભાગના મક્કાના સમુદાયને તેમના સંદેશની સત્યતા વિશે સમજાવવાની આશા હતી. તે સમયે, કુરાનના કેટલાક અગાઉના ફકરાઓના પુનરાવર્તન અથવા સ્પષ્ટીકરણની વિનંતી સાથે તેમના અનુયાયીઓમાંના એક, અબ્દુલ્લા ઈબ્ને ઉમ્મ મકતુમ, જેઓ અંધ અને ગરીબ હતા તે એમની પાસે આવ્યાં. આ વિક્ષેપથી ક્ષણિક રૂપે નારાજ થઈને વધુ મહત્વપૂર્ણ પ્રયાસ તરીકે, પયગંબર એ અંધ માણસથી નારાજ થયા અને દૂર જતા રહ્યા અને તરત, ત્યાં જ, આ પ્રકરણની પ્રથમ દસ પંક્તિઓના સાક્ષાત્કાર દ્વારા (તેમને ઈશ્વર તરફથી) ઠપકો મળ્યો. પછીના વર્ષોમાં તેઓ ઘણીવાર ઈબ્ને ઉમ્મ મકતુમને નમ્રતાના આ શબ્દો સાથે શુભેચ્છા પાઠવતા હતાઃ 'જેમના કારણે અલ્લાહે મને ઠપકો આપ્યો છે તેમનું સ્વાગત છે!'

અલ્લાહની નજરમાં દરેક પુરૂષો અને સ્ત્રીઓ સમાન છે. જો કોઈ તફાવત હોય તો તે માત્ર સર્જક અને તેના જીવો વચ્ચે છે.

કુરાનમાં નોંધાયેલ આ ઘટના, સાર્વત્રિક પાઠ શીખવે છે કે દરેક માનવી આદરને પાત્ર છે અને તેની સાથે સમાન ધોરણે વ્યવહાર થવો જોઈએ, પછી ભલે તે ગરીબ હોય કે અમીર, સામાન્ય માણસ હોય કે ઉચ્ચ સ્થાને આવેલ વ્યક્તિ.

અલ્લાહની નજરમાં દરેક પુરૂષો અને સ્ત્રીઓ સમાન છે. જો કોઈ તફાવત હોય તો તે ફક્ત સર્જક અને તેના જીવો વચ્ચે છે. જ્યાં સુધી ઈશ્વરે સર્જેલા જીવોનો સંબંધ છે, દરેક જણ સમાન દરજ્જો અને આદર ભોગવે છે અને સમાન મહત્વ મેળવવાને પાત્ર છે.

સમાનતા એ માત્ર એક નૈતિક મૂલ્ય નથી, તે તેનાથી વધુ છે. સમાનતા એટલે સમાન માન, સમાન તકો, સમાન સ્વતંત્રતા, વિકાસ અને પ્રગતિનો સમાન અધિકાર.

મુહમ્મદ, ઈશ્વરના પયગંબર હતા, પરંતુ સમાનતાના સંદર્ભમાં, કુરાને પયગંબર અને સામાન્ય માણસ વચ્ચે ભેદ કર્યો નથી. ઈસ્લામી વ્યવસ્થામાં સમાનતાનું નિરપેક્ષ મૂલ્ય છે. આ બાબતે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવાની છૂટ નથી.

## * પ્રાણીઓ – શિક્ષક તરીકે *

કુરાન મુજબ, કાબીલ અને હાબીલ બંને આદમ અને હવ્વાના પ્રથમ પુત્રો હતા. બે ભાઈઓ વચ્ચે ઉભા થયેલા વિવાદના પરિણામે, કાબીલે હાબીલની હત્યા કરી દીધી. આ વાર્તાનો એક ભાગ કુરાનના અધ્યાય અલ-મૈદાહ (ટેબલ) માં વર્ણવવામાં આવ્યો છે;

**તેમને આદમના બે પુત્રોની વાત સાચી રીતે જણાવો – જ્યારે તેઓ બંને (હાબિલ અને કાબિલે) એ ભેટ (પ્રસાદી) રજૂ કરી ત્યારે તે એક (હાબિલ) તરફથી સ્વીકારવામાં આવી અને બીજા (કાબિલ) તરફથી નહીં. બીજાએ (કાબિલે) કહ્યું, 'હું તને મારી નાખીશ!' પહેલાંએ (હાબિલે) કહ્યું, અલ્લાહ ફક્ત નિષ્ઠાવાન વ્યક્તિઓ પાસેથી જ [પ્રસાદી] સ્વીકારે છે. જો તમે મને મારવા માટે તમારો હાથ ઊઠાવશો, તો (પણ) હું તમને મારવા માટે મારો હાથ નહીં ઉપાડુ કારણ કે હું દુનિયાઓના પ્રભુથી ડરું છુ, હું તમને મારા વિરુદ્ધ તમારા આ અત્યાચાર અને તમારા બીજા પાપોને સહન કરવા દઈશ, અને તમે જહન્નમીઓ (નર્કમાં જનારા) માંના એક બનશો, અને અત્યાચારીઓનું વળતર આ જ છે. 'તેના નીચ સ્વભાવે તેના ભાઈ (હાબિલ) ને મારવા માટે પ્રેર્યો, અને તેણે (કાબિલે) તેને (હાબિલને) મારી નાખ્યો અને તે (કાબિલ) હારેલો બની ગયો. પછી અલ્લાહે મૃત કાગડા માટે જમીનમાં કબર ખોદતો કાગડો મોકલ્યો, જેથી તે બતાવે કે તેના ભાઈના શબને કેવી રીતે દફનાવવું. તે રડયો, 'કાશ! શું હું આ કાગડા જેવો બનીને મારા ભાઈના શબને દફનાવવામાં પણ નિષ્ફળ ગયો છું?**

**'પછી તેને પસ્તાવો થયો. (૫:૨૭–૩૧)**

આ વાર્તામાં કુરાન કાગડાને મનુષ્યના શિક્ષક તરીકે દર્શાવે છે. આ માત્ર એક અલગ ઘટના નથી. તે સર્વસામાન્ય લાગુ પડે છે. તે પાઠ શીખવે છે કે પ્રાણીઓના વર્તનમાં મનુષ્ય માટે સારા ઉદાહરણો છે. માનવીઓએ આવા વર્તનનો અભ્યાસ કરવો જોઈએ અને તે સારી ટેવો શોધી કાઢવી જોઈએ જે પ્રાણીઓ દ્વારા પાળવામાં આવે છે અને પોતાના જીવનમાં તેનું અનુકરણ કરવું જોઈએ.

શા માટે પ્રાણીઓ મનુષ્ય માટે શિક્ષક તરીકે સેવા આપી શકે છે? કારણ એ છે કે મનુષ્ય અને પ્રાણીઓ બંને એક જ સ્વભાવથી બનાવવામાં આવ્યા છે, અને તે છે વર્તન માટેના સારા સાર્વત્રિક આદર્શને અનુસરવું. પરંતુ એક તફાવત હતો. મનુષ્યને

પસંદગીની સ્વતંત્રતા આપવામાં આવી હતી, જ્યારે પ્રાણીઓને સાર્વત્રિક માળખાને અનુસરવા સિવાય કોઈ વિકલ્પ નથી. માનવ વર્તનમાં વિચલનો છે પરંતુ, પ્રાણીઓના કિસ્સામાં, પ્રકૃતિના માર્ગમાંથી કોઈ વિચલન નથી.

આ તફાવતને લીધે માણસ સાચો કે ખોટો હોઈ શકે પરંતુ પ્રાણીઓ હંમેશા સાચા હોય છે. તેથી, માનવીએ તેના જીવનમાં પ્રાણીઓના વર્તનનું અનુકરણ કરવું જોઈએ. પ્રકૃતિના માર્ગદર્શન હેઠળ પ્રાણીઓ દ્વારા અપનાવવામાં આવેલા સીધા માર્ગને વળગી રહેવા માટે માનવીઓ માટે આ શ્રેષ્ઠ માર્ગ છે.

મનુષ્યએ આવા વર્તનનો અભ્યાસ કરવો જોઈએ અને તે સારી ટેવો શોધી કાઢવી જોઈએ જે પ્રાણીઓ દ્વારા પાળવામાં આવે છે અને તેના પોતાના જીવનમાં તેનું અનુકરણ કરવું જોઈએ.

ઉદાહરણ તરીકે, વાઘ સૌથી શક્તિશાળી પ્રાણી છે પરંતુ તે હમેશાં લડવાનું ટાળે છે. જાણીતા શિકારી જિમ કોર્બેટે સાચું જ કહ્યું છે કે વાઘ જંગલમાં ઉમદા વ્યક્તિની જેમ રહે છે. જંગલમાં પ્રથમ વિશ્વયુદ્ધ કે બીજા વિશ્વયુદ્ધ જેવા યુદ્ધો ક્યારેય થયા નથી. જંગલની સંસ્કૃતિમાં યુદ્ધ તદ્દન અજાણ્યું છે. એક જંગલ એવા ઉચ્ચ ધોરણો સ્થાપિત કરે છે કે જો સમાજને શાંતિપૂર્ણ રહેવું હોય તો તે મુજબ જીવવું જોઈએ. મનુષ્યએ પણ પ્રાણીઓનું આ માળખું અનુસરવું જોઈએ. દરેક પ્રાણી, નાનું કે મોટું, આપણને સામાજિક વર્તનનું સારું ઉદાહરણ પૂરું પાડે છે.

## * સામાજિક શિષ્ટાચાર *

કુરાને અમુક આદેશો આપ્યા છે જે સુમેળભર્યું સામાજિક જીવન સુનિશ્ચિત કરે છે. આ પ્રકારનો એક આદેશ અલ-નૂર (પ્રકાશ) પ્રકરણમાં આપવામાં આવ્યો છે. સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**ઓ આસ્થાવાનો, અન્ય લોકોના ઘરમાં જ્યાં સુધી તમે તેમના માલિકની પરવાનગી ન માગો અને તેમનું અભિવાદન ન કરો ત્યાં સુધી પ્રવેશશો નહીં, તે તમારા માટે વધુ સારું છે, જેથી તમે સાવચેત રહો. જો તમને ઘરમાં કોઈ ન મળે, તો જ્યાં સુધી તમને પરવાનગી ન મળે ત્યાં સુધી અંદર ન જશો. જો તમને દૂર જવાનું કહેવામાં આવે, તો જાવ. તે તમારા માટે વધુ યોગ્ય છે. તમે જે કરો છો તે અલ્લાહ સારી રીતે જાણે છે. (૨૪:૨૭-૨૮)**

આ કલમો સામાજિક જીવન જીવવા માટે કુરાનના શિષ્ટાચાર આપે છે. કુરાન સમાજના વિવિધ સભ્યો વચ્ચે સારા  સંબંધો રાખવા પર ભાર મૂકે છે, અને પ્રોત્સાહિત કરે છે. પરંતુ કેટલાક સિદ્ધાંતો એવા છે જે બહેતર સામાજિક જીવન તથા સ્વસ્થ અને ફળદાયી વ્યવહારની ખાતરી આપે છે. આ પંક્તિઓમાં આપેલા સિદ્ધાંતોનો સારાંશ નીચે મુજબ કરી શકાય છે.

૧) આ સંબંધમાં પહેલો સિદ્ધાંત એ છે કે, જો તમારે કોઈને મળવું હોય, તો તમારે અગાઉથી જાણ કરી મુલાકાતનો સમય નક્કી કરી લેવો જોઈએ, જેથી તે વ્યક્તિ તમને કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના મળી શકે.

૨) જો તમે કોઈના ઘરની મુલાકાત લેતા પહેલાં આગોતરી એપોઈન્ટમેન્ટ લેવામાં નિષ્ફળ જાઓ છો, તો તમારે આગમન સમયે દરવાજો ખટખટાવવો જોઈએ અને પ્રવેશતા પહેલાં ઘરના રહેવાસીઓની પરવાનગી મેળવવાની રાહ જોવી જોઈએ. અંદરથી પરવાનગી મળ્યા  વિના, તમારે ઘરમાં પ્રવેશવાનું ટાળવું જોઈએ.

૩) જો તમે આગોતરી અપોઈન્ટમેન્ટ લીધા વિના કોઈના ઘરે જાવ છો અને દરવાજો ખટખટાવ્યા પછી, તમે ખબર પડે કે અંદરથી કોઈ જવાબ નથી, તો તમારે યોગ્ય સમયમાં પાછા ફરી જવું જોઈએ અને ત્યાંથી જતાં રહેવું જોઈએ.

૪) જો તમે અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધા વિના ઘરની મુલાકાત લો છો અને રહેવાસીઓ દ્વારા કહેવામાં આવે છે કે તે ચોક્કસ સમયે મુલાકાત શક્ય નથી, તો આને સકારાત્મક રીતે સ્વીકારો અને કોઈપણ પ્રકારના ક્રોધાવેશ વિના ત્યાંથી જતાં રહો.

આ સિદ્ધાંતો ખૂબ જ સરળ અને વ્યવહારુ છે. આ દરેક સમાજ માટે સારું છે. આ સિદ્ધાંતો ફક્ત અજાણ્યાઓને જ લાગુ પડતા નથી પરંતુ સગા-સંબંધીઓ તેમજ મિત્રોએ પણ તેનું પાલન કરવું જોઈએ. આ સિદ્ધાંતો સામાન્ય અને સાર્વત્રિક છે. તેના માટે કોઈ અપવાદ નથી.

આ સિદ્ધાંતોની ભાવના એ છે કે સમાજના સભ્યો એકબીજાના શુભચિંતક હોવા જોઈએ. તેઓએ અન્ય લોકો માટે સમસ્યાઓ ઊભી કરવાનું ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ. દરેક વ્યક્તિએ, અન્યના દૃષ્ટિકોણથી, ચરિત્રમાં અનુમાનિત હોવું જોઈએ. સમાજના તમામ સભ્યોએ અન્ય માણસો પ્રત્યેની દુર્ભાવનાથી દૂર રહેવું જોઈએ.

# * ચકાસો અને પછી સ્વીકારો *

ગેરસમજ એ સામાજિક જીવનની સામાન્ય ઘટના છે. લોકો તપાસ કર્યા વિના તેમને જાણ કરવામાં આવે છે તે દરેક વસ્તુ પર વિશ્વાસ કરવાનું વલણ ધરાવે છે, અને માહિતી આપનાર માટે હંમેશા પસંદગીપૂર્વક અથવા આંશિક રીતે વસ્તુઓની જાણ કરવી એ સામાન્ય અનુભવ છે. પસંદગીયુક્ત અથવા આંશિક માહિતીઓ ઘણી બધી સમસ્યાઓનું સર્જન કરે છે. કેટલીકવાર લોકો ગંભીર ગેરસમજમાં પડે છે અને પરિણામ વિનાશક હોય છે. કુરાનનો અધ્યાય અલ-હુજુરાત (એપાર્ટમેન્ટ) આ સમસ્યા બાબતે જણાવે છે. તે આ સંદર્ભમાં સ્પષ્ટ દિશા આપે છે. સંબંધિત કુરાનના શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**ઓ આસ્થાવાનો, જો કોઈ દુષ્ટ વ્યક્તિ તમારા માટે સમાચાર લાવે છે, તો અહેવાલની સંપૂર્ણ સચ્ચાઈની ખાતરી કરો, જેથી તમે અજાણતા અન્યને નુકસાન ન પહોંચાડો, અને પછી તમે જે કર્યું છે તેના પર પસ્તાવો કરો. (૪૯:૬)**

કુરાનના આ શ્લોકની પૃષ્ઠભૂમિ આ મુજબ છે. જ્યારે ઈસ્લામના પયગંબરે અરબસ્તાનમાં મદીનાને તેની રાજધાની બનાવીને રાજ્યની સ્થાપના કરી ત્યારે તેમણે તેમના એક સાથી, વાલિદ ઈબ્ન ઉકબાને બનુ અલ-મુસ્તાલીક નામની આદિજાતિમાં કલેકટર તરીકે મોકલ્યા. જ્યારે વાલિદ આદિવાસી વિસ્તારમાં પહોંચ્યા ત્યારે તેમણે જોયું કે શહેરની બહાર ભીડ એકઠી થઈ ગઈ હતી. તેમને વહેમ થયો કે આદિજાતિનું ટોળું તેમની હત્યા કરવા અથવા તો, તેમને મારવા માંગે છે. આ જોઈને વાલીદ મદીના પાછા ફર્યા અને પયગંબર સાહેબને કહ્યું કે બનુ અલ-મુસ્તાલિકે બળવો કર્યો છે અને તેથી તેઓએ તેમની સામે લશ્કર મોકલવું જોઈએ.

પછી તે કબીલાના વડા, હારીસ ઈબ્ન ઝરાર, પોતે મદીના આવ્યા. એમણે જણાવ્યું કે તેઓ કલેકટર, વાલિદ ઈબ્ન ઉકબાનું સ્વાગત કરવા માટે તેમના શહેરની બહાર એકઠા થયા હતા, પરંતુ તેઓને મળ્યા વિના, તેઓ મદીના પાછા ફર્યા હતા. આ ઘટના પછી કુરાનમાં ઉપરોક્ત આયતનું અવતરણ થયું.

આ ઉદાહરણ લઈને, કુરાન સામાન્ય દિશા આપે છે કે, અભિપ્રાય બનાવતા પહેલાં આપણે જે પણ સમાચાર મેળવીએ છીએ તેની તપાસ કરવી જોઈએ. એટલે કે, યોગ્ય ચકાસણી પહેલાં આપણે તેની સત્યતા સ્વીકારવી જોઈએ નહીં.

**અભિપ્રાય બનાવતા પહેલાં આપણને મળેલા કોઈપણ સમાચારની આપણે તપાસ કરવી જોઈએ**

અનુસરવા માટેનો સિદ્ધાંત એ છે કે જો તમે સકારાત્મક અભિપ્રાય બનાવવા જઈ રહ્યા છો, તો ચોકસાઈ કરવાની જરૂરત નથી. તમે માની શકો છો કે ફલાણા-ફલાણા શ્રીમાન ખૂબ જ સારા વ્યક્તિ છે પરંતુ, જ્યારે તમે કોઈના વિશે ખરાબ અથવા નકારાત્મક અભિપ્રાય બનાવવા જઈ રહ્યા છો, તો તમારે તમારો અભિપ્રાય બનાવતા પહેલાં આ બાબતની તપાસ કરવી પડશે. આવી સ્થિતિમાં, તમારી પાસે ફક્ત બે જ વિકલ્પ છે, કાં તો મૌન રહેવું અથવા, જો તમારે અભિપ્રાય બનાવવો હોય, તો તમારે આ બાબતમાં ઊંડાણપૂર્વક જવું પડશે. તો જ તમને નકારાત્મક અભિપ્રાય બનાવવાનો અધિકાર છે.

# * સહાયક ભૂમિકા *

ઈસ્લામિક સિદ્ધાંત મુજબ, તમામ મનુષ્યો, સ્ત્રી-પુરુષો બંને સમાન છે. સમાનતા ઈસ્લામનો એક મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. પરંતુ એ પણ હકીકત છે કે સ્ત્રી અને પુરૂષ, દરેક વ્યકિતની પ્રકૃતિ અલગ છે. આવી સ્થિતિમાં, ઈસ્લામ એક ખૂબ જ વ્યવહારુ સૂત્ર આપે છે - લોકો આદરની બાબતમાં સમાન છે, પરંતુ તેઓ જીવનમાં જે ભૂમિકા ભજવે છે તેમાં તેઓ અલગ છે.

દરેક સમાજમાં, કેટલાક લોકો એવા હોય છે કે જેઓ પ્રાથમિક ભૂમિકા ભજવવા માટે જન્મ્યા હોય છે, જ્યારે અન્ય લોકો સહાયક ભૂમિકા ભજવવા માટે નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ કુદરતનો નિયમ છે અને, આ કુદરતી નિયમમાં કોઈ છટકબારી નથી.

કુરાનના પ્રકરણ અલ-અરાફ (ઉંચાઈઓ) એક ઉદાહરણનો ઉલ્લેખ કરે છે કે ત્યારે શું થયું જ્યારે આ કાયદાનો ભંગ કરવામાં આવ્યો. સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**તેમને તે માણસની વાર્તા સંભળાવો કે જેને અમે અમારી નિશાનીઓ આપી હતી, પરંતુ જેણે તેને એક તરફ ફેંકી દીધી અને શેતાને તેને વશમાં કરી લીધો, અને તે ભટકી ગયેલા લોકોમાંનો એક બન્યો. જો અમે ઈચ્છતા હોત, તો અમે તેને અમારી નિશાનીઓથી ઊંચો કર્યો હોત પરંતુ તેના બદલે તે આ જીવન સાથે વળગી રહ્યો અને તેની પોતાની ઈચ્છાઓને અનુસરતો રહ્યો. (૭:૧૭૫ – ૧૭૬)**

દરેક સમાજમાં એક વ્યક્તિ હોય છે જે પ્રાથમિક ભૂમિકા ભજવે છે, પછી અન્ય વ્યક્તિઓ છે જે સહાયક ભૂમિકા ભજવે છે.

ઉપરોક્ત કુરાનની કલમો ઈસ્લામના પયગંબરના સમકાલીન અરબસ્તાનના જાણીતા વ્યક્તિનો ઉલ્લેખ કરે છે. તેનું નામ ઉમૈયા ઈબ્ન અલ-સલત હતું. તે એક બુદ્ધિશાળી વ્યક્તિ તરીકે જાણીતો હતો અને તે સમયના આરબ સમાજમાં તેની ખૂબ જ પ્રતિષ્ઠા હતી. જ્યારે તેને ખબર પડી કે મુહમ્મદ ઈબ્ન અબ્દુલ્લાએ ઈશ્વરના પયગંબર હોવાનો દાવો કર્યો છે, ત્યારે તે ગુસ્સે થઈ ગયો, કારણ કે તેણે વિચાર્યું કે પયગંબર તરીકે તેની, નહીં કે મુહમ્મદની નિમણૂક થવી જોઈએ. ત્યારથી તે ઈસ્લામના પયગંબરનો વિરોધી બની ગયો અને જીવનની અંતિમ ક્ષણ સુધી તે તેમ જ રહ્યો.

કુરાન, આ ઉદાહરણ ટાંકીને, દરેક વ્યક્તિએ એ વાત સ્વીકારવાની જરૂરિયાત પર ભાર મૂકે છે કે દરેક સમાજમાં બે અલગ અલગ ભૂમિકાઓ છે. પ્રાથમિક અને સહાયક. કુદરતના નિયમ મુજબ, માત્ર થોડા લોકો જ પ્રાથમિક ભૂમિકા ભજવી શકે છે. અન્ય લોકોએ સ્વેચ્છાએ સહાયક ભૂમિકા સ્વીકારવી જોઈએ.

સમાજ ત્યારે જ સરળ રીતે ચલાવી શકાય જ્યારે તેના સભ્યો પ્રકૃતિના આ સૂત્રને અનુસરવા તૈયાર હોય. દરેક સમાજમાં એક વ્યક્તિ હોય છે જે પ્રાથમિક ભૂમિકા ભજવે છે, પછી અન્ય વ્યક્તિઓ સહાયક ભૂમિકા ભજવે છે. બંને ભૂમિકાઓ સમાન મહત્વની છે. આ સિદ્ધાંતને અનુસર્યા વિના કોઈ પણ સમાજ તંદુરસ્ત સમાજનો દરજ્જો મેળવી શકે નહીં. આ સિદ્ધાંત સાર્વત્રિક સિદ્ધાંત છે. તે દરેક જગ્યાએ, કુટુંબમાં, સમાજમાં, ધંધામાં અને સરકારમાં, બધે લાગુ પડે છે.

## * અથડામણ ટાળો *

એક અધ્યાય, અલ-મુદ્દથીર (વસ્ત્રોથી ઢંકાયેલું), ઈ.સ. ૬૧૦ માં કુરાનના અવતરણની શરૂઆતમાં પ્રગટ થયો હતો, તે સમયે ઈસ્લામના પયગંબર મક્કામાં હતા. આ પ્રકરણમાં પયગંબરને તેમના લોકો સુધી તૌહીદ (એકેશ્વરવાદ) નો સંદેશો પહોંચાડવા માટે ઈશ્વર તરફથી એક નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ પ્રકરણ આ રીતે શરૂ થાય છે;

**ઓ, તમારા વસ્ત્રોથી ઢંકાયેલા!! ઊઠો અને ચેતવણી આપો! તમારા પ્રભુનો મહિમા દર્શાવો; તમારા વસ્ત્રોને શુદ્ધ કરો; અસ્વચ્છતાને દૂર કરો; વધુ વળતરની અપેક્ષા રાખીને ઉપકાર કરશો નહીં; અને તમારા પ્રભુને ખાતર, ધીરજ રાખો. (૭૪:૧–૭)**

તે સમયે મક્કા શહેરમાં માત્ર એક જ સભા સ્થળ હતું જ્યાં પયગંબરને પ્રેક્ષકો મળી શકતા હતા - તે કાબાનું આંગણું હતું, જે પયગંબર ઈબ્રાહમ દ્વારા બનાવવામાં આવેલી મસ્જિદ હતી. પરંતુ જૂના મક્કાના લોકો મૂર્તિપૂજકો હતા અને તેઓએ કાબાના પરિસરમાં ત્રણસો સાઠ મૂર્તિઓ મૂકી હતી.

દેખીતી રીતે, પયગંબર સાહેબ માટે આ મૂર્તિઓથી કાબાને શુદ્ધ કરવું સૌથી પહેલાં જરૂરી હતું. પરંતુ આ પ્રકારની શરૂઆત ગંભીર સમસ્યાઓ ઊભી કરવાનું કારણ બને એમ હતું. તે અનિવાર્યપણે પયગંબર સાહેબ અને મૂર્તિપૂજકો વચ્ચે અથડામણમાં પરિણામે તેવી પૂરેપૂરી શક્યતા હતી.

તેથી પયગંબર સાહેબે ખૂબ જ વ્યવહારુ પદ્ધતિનો આશરો લીધો. તેમણે કાબામાં મૂર્તિઓની હાજરીને અવગણવાનું નક્કી કર્યું અને માત્ર શ્રોતાઓ પાસે જઈને તેમને સંબોધન કર્યું અને તેમને કુરાનનો સંદેશો પહોંચાડયો. આ પ્રસંગે પયગંબર સાહેબનું સૂત્ર હતું - યથાસ્થિતિને સ્વીકારો અને શ્રોતાઓની હાજરીથી તેમને મળેલી તકનો લાભ લેવો.

આ નીતિને બિન-સંઘર્ષાત્મક નીતિ તરીકે વર્ણવી શકાય છે. તે એટલી સફળ સાબિત થઈ કે પયગંબર સાહેબ કોઈપણ ઘર્ષણ વિના વધુ તેર વર્ષ સુધી તેમનું અભિયાન ચાલુ રાખી શક્યા. આ નીતિને , કુરાનમાં આ શબ્દો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે: **'તમારા વસ્ત્રોને શુદ્ધ કરો.'** બીજા શબ્દોમાં કહીએ તો, **લોકોના હૃદયને શુદ્ધ કરો** અને પરિસ્થિતિમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી મૂર્તિઓની સમસ્યાને છોડી દો.

## વિવાદાસ્પદ બાબતોમાં યથાસ્થિતિ સ્વીકારો અને તમારી પ્રવૃત્તિઓને બિન-સંઘર્ષાત્મક ક્ષેત્ર તરફ વાળો.

આપણું વિશ્વ ઘર્ષણ અને મતભેદોની દુનિયા છે. આવા વિશ્વમાં, એક ખૂબ જ મહત્વપૂર્ણ પ્રશ્ન છે. ક્યાંથી શરૂ કરવું? જવાબ, ઉપરોક્ત ઉદાહરણના પ્રકાશમાં, વિવાદાસ્પદ બાબતોમાં યથાસ્થિતિનો સ્વીકાર કરવાનો છે અને તમારી પ્રવૃત્તિઓને બિન-વિરોધી ક્ષેત્ર તરફ વાળવી છે.

સંઘર્ષાત્મક  અભિગમમાં ખૂબ જ ગંભીર નુકસાન થાય છે, એટલે કે સમય અને શક્તિનો, જ્યારે બિન-સંઘર્ષાત્મક પદ્ધતિ તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તમારો તમામ સમય અને શક્તિ સમર્પિત કરવાનું શક્ય બનાવે છે.

# * સંભાવનાથી વાસ્તવિકતા સુધી *

ઈબ્રાહીમ એક મહાન પયગંબર હતા. તેમની મહાનતાની પ્રશંસા તરીકે તેમને અબુલ અંબિયા (પયગંબરોના પિતા) કહેવામાં આવે છે. તેમનો જન્મ પ્રાચીન ઈરાકમાં થયો હતો અને પછી તેમણે પેલેસ્ટાઈન, ઈજિપ્ત અને સીરિયા જેવા વિવિધ દેશોમાં પ્રવાસ કર્યો હતો. છેલ્લે તેમણે તેમની પત્ની હજીરા અને પુત્ર ઈસ્માઈલને અરબસ્તાનના રણમાં હાલના મક્કા નજીકના સ્થળે સ્થાયી કર્યા હતા.

કુરાન, પયગંબર ઈબ્રાહીમના જીવનની વાર્તા જુદા-જુદા પ્રકરણોમાં વર્ણવે છે. ઉપરોક્ત વાર્તાનો ઉલ્લેખ ચૌદમા અધ્યાયમાં કરવામાં આવ્યો છે. જ્યારે પયગંબર ઈબ્રાહીમ ત્યાં સ્થાયી થયા ત્યારે તેમણે સર્વશક્તિમાન ઈશ્વરને  પ્રાર્થના કરી જે કુરાનના અધ્યાય ઈબ્રાહીમમાં નોંધાયેલ છે;

**ઓ અમારા પ્રભુ! મેં મારા કેટલાક સંતાનોને તમારા પવિત્ર ઘરની નજીક એક ઉજ્જડ ખીણમાં સ્થાયી કર્યા છે, ઓ અમારા પ્રભુ, જેથી તેઓ પ્રાર્થના સ્થાપિત કરી શકે. તેથી, લોકોના હૃદયને તેમની તરફ ઝુકાવી દો અને તેમને ફળો આપો, જેથી તેઓ આભારી બને. (૧૪:૩૭)**

આ વાર્તાનું એક પાસું કેવળ ધાર્મિક હતું. આ પાસું ખૂબ જાણીતું છે. પરંતુ તેનું બીજું એક પાસું પણ છે જેને બિનસાંપ્રદાયિક કહી શકાય. આ વાર્તાના પાછલા પાસામાં પણ શિખવા જેવો મોટો બોધપાઠ છે, અને આ નિઃશંકપણે એક સાર્વત્રિક બોધપાઠ છે.

હું કહીશ કે આ પ્રાર્થના કોઈ રહસ્યમય પ્રાર્થના નહોતી. તે એક કુદરતી નિયમનું આહ્વાન હતું, એટલે કે ઈશ્વરે ભવ્ય ક્ષમતા સાથે વર્તમાન વિશ્વનું સર્જન કર્યું અને પછી તેમણે માણસને આ સંભાવનાને વાસ્તવિકતામાં ફેરવવાની શક્તિ આપી.

ચાર હજાર વર્ષ પહેલાં જ્યારે આ ઘટના બની ત્યારે આ જમીનનો મોટાભાગનો વિસ્તાર રણ હતો. આ એ જ વિસ્તાર હતો જે હવે વ્યાપક અર્થમાં મધ્ય-પૂર્વ તરીકે ઓળખાય છે. હવે તે એવી ભૂમિ છે જ્યાં હરિયાળી, ખેતી અને બાગાયત છે અને જ્યાં સુંદર શહેરો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર છે. ચાર હજાર વર્ષ પહેલાં આ બધી વસ્તુઓ પ્રકૃતિમાં છુપાયેલી હતી. હવે તે વાસ્તવિકતા બની ગઈ છે.

પયગંબર ઈબ્રાહીમની વાર્તા મુખ્યત્વે એક ધાર્મિક વાર્તા હતી, પરંતુ તે દર્શાવે છે

કે આપણું વિશ્વ એટલી બધી ક્ષમતાઓથી ભરેલું છે કે રણને પણ હરિયાળીમાં ફેરવી શકાય છે. આ બોધપાઠ તેના અમલીકરણમાં સાર્વત્રિક છે.

ઈશ્વરે માણસને વિશાળ શક્તિ ધરાવતું મન આપ્યું છે. પરંતુ આ સર્જન, શિક્ષણમાં જેને 'શોધ પદ્ધતિ' કહેવામાં આવે છે તેના પર આધારિત હતું . કુદરતમાં બધું છુપાયેલું હતું પણ માણસને એ બધી વસ્તુઓ શોધવા માટે પોતાનું મન કામે લગાડવું જરૂરી હતું. સંસ્કૃતિનો ઈતિહાસ આ સિદ્ધાંતનું પ્રવર્તમાન પ્રદર્શન છે.

## * મિત્રોથી ભરેલી દુનિયા *

દુનિયા મિત્રોથી ભરેલી છે. કોઈ તમારો સાચો મિત્ર છે; બીજો તમારો સંભવિત મિત્ર છે. તમે એવી દુનિયામાં જીવી રહ્યા છો જેમાં ચારે બાજુ મિત્રો છે. આ વાત કુરાનમાં ફુસિલાત (સારી રીતે સમજાવાયેલ સાક્ષાત્કાર) પ્રકરણમાં આપવામાં આવેલ સાર્વત્રિક ખ્યાલોમાંથી એક છે. હું આ વિષય પર કુરાનમાંથી કેટલીક સંબંધિત આયતોને ટાંકવા માંગુ છું;

**સારા અને ખરાબ કાર્યો સમાન નથી. જે વધુ સારું છે તેનાથી દુષ્ટતાને દૂર કરો; પછી તમે જોશો કે જે એક સમયે તમારો દુશ્મન હતો તે તમારો સૌથી પ્રિય દોસ્ત બની ગયો છે. (૪૧:૩૪)**

કુરાનની આ આયતની પૃષ્ઠભૂમિ આ મુજબ છે. જ્યારે ઈસ્લામના પયગંબર પ્રાચીન મક્કામાં હતા, ત્યારે લોકો તેમના અને તેમના અભિયાન પ્રત્યે દુશ્મનાવટ ધરાવતા હતા. મક્કાના લોકો તેમની સાથે દુર્વ્યવહાર કરતા હતા અને કેટલીકવાર તેમની દુશ્મનાવટના પ્રદર્શનમાં તેમને શારીરિક નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરતા હતા. દેખીતી રીતે, તે પયગંબર સાહેબ અને તેમના સાથીઓ બંને માટે અનિચ્છનીય પરિસ્થિતિ હતી.

કટોકટીની આ ક્ષણે, પયગંબર સાહેબ અને તેમના સાથીઓને ઉપરોક્ત માર્ગદર્શન આપવામાં આવ્યું. તેનો અર્થ હતો, નકારાત્મક પ્રતિક્રિયા દર્શાવશો નહીં; નારાજ ન થાઓ; જેવા સાથે તેવાની નીતિ અપનાવવાનો પ્રયાસ કરશો નહીં. આનાથી વિપરીત, સર્વશક્તિમાન ઈશ્વરે ઉપરોક્ત માર્ગદર્શિકા પ્રગટ કરી, જેનો સાર ધીરજ રાખવાનો અને નકારાત્મક વર્તનના બદલામાં સકારાત્મક પ્રતિસાદ આપવાનો છે.

આ સિદ્ધાંતે ખૂબ કારગત નિવડયો. બહુ ઓછા સમયમાં દુશ્મનાવટ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ. પહેલાં મક્કામાં અને પછી ધીમે ધીમે સમગ્ર અરબી દ્વીપકલ્પમાં દુશ્મનાવટ ધરાવતા મોટાભાગના લોકો પયગંબર સાહેબના મિત્રો બની ગયાં.

**જો તમે કુરાન વાંચશો, તો તમે જોશો કે તેની લગભગ તમામ કલમો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાન સકારાત્મક સંદેશ આપે છે.**

આ ફોર્મ્યુલા આટલી અસરકારક કેમ સાબિત થઈ? કારણ ખૂબ જ સરળ છે, ખરાબ વર્તનના બદલામાં સારું વર્તન દૂરગામી અસર કરે છે; તે અન્યના અંતરાત્માને સ્પર્શે છે. અને એ હકીકત છે કે જ્યારે તમે સામેની વ્યક્તિના અંતઃકરણને સ્પર્શો છો, ત્યારે તેનું હૃદય પરિવર્તન થાય છે. કુદરતના નિયમ મુજબ, આ વર્તન એક મનોવૈજ્ઞાનિક ફરજ જેવું છે; કોઈ વ્યક્તિ તેના અંતરાત્મા વિરુદ્ધ જઈ શકતી નથી.

કુરાનનું આ શિક્ષણ એકપક્ષીય નીતિશાસ્ત્રના સિદ્ધાંત પર આધારિત છે એમ કહી શકાય. દ્વિપક્ષીય નીતિશાસ્ત્ર કુરાનની સામાજિક યોજનાનો ભાગ નથી. તેમાં કોઈ શંકા નથી કે પરિણામની દ્રષ્ટિએ, એકપક્ષીય નીતિશાસ્ત્ર દ્વિપક્ષીય નીતિશાસ્ત્ર કરતાં વધુ અસરકારક છે.

જો તમે કુરાન વાંચશો, તો તમે જોશો કે તેની લગભગ તમામ આયતો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાન સકારાત્મક સંદેશ આપે છે. કુરાન એવા સમાજની સ્થાપના કરવાનો પ્રયાસ કરે છે જેમાં તેના તમામ સભ્યો, સ્ત્રીઓ અને પુરૂષો બંને આ પ્રકારનું સકારાત્મક વર્તન અપનાવે. પ્રતિક્રિયાત્મક વર્તન કુરાનના સ્વરૂપનો કોઈ ભાગ બનતો નથી .

## * એક સારા વૃક્ષની જેમ *

કુરાન અનુસાર, માણસ એક સારા વૃક્ષ જેવો હોવો જોઈએ. એક સારું વૃક્ષ એ સારા માણસ માટે કુદરતી સામ્યતા છે. ઈબ્રાહિમ પ્રકરણમાંથી સંબંધિત પંક્તિઓનો અનુવાદ આ મુજબ છે;

**શું તમે નથી જોતા કે અલ્લાહ સારા શબ્દને સારા વૃક્ષ સાથે કેવી રીતે સરખાવે છે? તેનું મૂળ મક્કમ છે અને તેની શાખાઓ આકાશમાં છે, તે દરેક મોસમમાં તેના પ્રભુની મરજીથી તેનું ફળ આપે છે – આ રીતે અલ્લાહ લોકો માટે દ્રષ્ટાંતો રજૂ કરે છે, જેથી કદાચ તેઓ સભાન બને. (૧૪:૨૪–૨૫)**

વૃક્ષ એ કુદરતની અનોખી ઘટના છે; તદુપરાંત, મનુષ્ય માટે વૃક્ષ એક દાખલો બેસાડે છે. માણસ માટે જરૂરી છે કે તે આ વૃક્ષ-સંસ્કૃતિને માનવ-જીવનમાં ઉતારે. આ સંસ્કૃતિનો અર્થ એ છે કે ઊંડા મૂળમાં ઉતરવું, બહોળું ફેલાવું અને બીજાઓ માટે સદા લાભાર્થી રહેવું.

સારો માણસ એ છે જે સારા વૃક્ષ જેવો હોય. વૃક્ષ શું છે? એક વૃક્ષ બીજમાંથી શરૂ થાય છે, પછી તે છોડમાં ફેરવાય છે, પછી તેમાંથી મજબૂત થડ, પછી શાખાઓ અને પાંદડા, અને પછી ફૂલો અને ફળો બને છે. કોઈ પથ્થર ક્યારેય ઉગી શકે નહીં, પરંતુ કુરાનના ઉપરોક્ત શ્લોકમાં ઉલ્લેખિત કર્યા મુજબ, વૃક્ષ સતત વિકાસ પામતું રહે છે જ્યાં સુધી તે ઘણાં સુંદર લક્ષણો સાથે સંપૂર્ણ હરિયાળું ન બની જાય.

સ્ત્રીઓ અને પુરુષો, બંને પાસેથી આવી જ અપેક્ષા રાખવામાં આવે છે. તમામ સ્ત્રી-પુરુષોએ એક વૃક્ષની જેમ પોતાનો વિકાસ કરવો જોઈએ. જેવી રીતે વૃક્ષનો શારીરિક રીતે વિકાસ થાય છે તેવી રીતે બધા સ્ત્રી-પુરુષોએ નૈતિકતાની દ્રષ્ટિએ એવા જ ગુણો વિકસાવવા જોઈએ.

દરેક માનવીએ તેની જાતને પોતાના મૂળ પર સ્થાપિત કરવી જોઈએ; તે ઝાડના થડની જેમ મજબૂત હોવો જોઈએ, તે પાંદડાની જેમ જીવંત પાત્ર ધરાવતો હોવો જોઈએ, તેણે પોતાની જાતને સમાજ માટે ફળદાયી સાબીત થવું જોઈએ, તેણે લોકોને જીવનના સકારાત્મક સ્પંદનો પહોંચાડવા જોઈએ અને તેણે સહજીવીઓને આશરો આપવો જોઈએ.

લીલું વૃક્ષ આપણી દુનિયાને સુંદર બનાવે છે. વૃક્ષો વિના, આપણી પૃથ્વી ઉજ્જડ જ બની જાય. વૃક્ષ એ આપણા વિશ્વનો પ્રદાતા સભ્ય છે. તે બધું આપે છે અને એ પણ એકપક્ષીય ધોરણે. ઉદાહરણ તરીકે, એક વૃક્ષ સતત તાજો ઓકિસજન પૂરો પાડે છે પરંતુ તે તેના બદલામાં લોકો પાસેથી કોઈ જાતની અપેક્ષા રાખતું નથી. આવું જ વર્તન સ્ત્રીઓ અને પુરુષો બંને માટે જરૂરી છે.

**સારો માણસ એ છે જે સારા વૃક્ષ જેવો હોય. એક વૃક્ષ બીજમાંથી શરૂ થાય છે, પછી તે છોડમાં ફેરવાય છે, પછી મજબૂત થડ, પછી શાખાઓ અને પાંદડાઓ અને પછી ફૂલો અને ફળો.**

પુરૂષો અને સ્ત્રીઓએ તેમના સમાજમાં પ્રદાતા તરીકે રહેવું જોઈએ. તેઓએ એકપક્ષીય ધોરણે આ સંસ્કૃતિ અપનાવવી જોઈએ. તેઓએ તેમના સમાજમાં એવી રીતે જીવવું જોઈએ કે સમાજ હંમેશા તેમનાથી લાભ મેળવે. આ રીતે સ્ત્રી-પુરુષ પોતાના સમાજને સુંદર બગીચા જેવો બનાવી શકે છે.

# * આત્મ-સુધારણાની રચના *

કુરાનમાં એકસો ચૌદ અધ્યાય છે. અલ-ઝલઝલાહ (ધરતીકંપ) પ્રકરણ નંબર નવ્વાણું છે. આ પ્રકરણને લગતી એક વાર્તા છે જેમાં એક બહુ મોટો બોધપાઠ છે.

એવું કહેવાય છે કે એકવાર એક માણસ પયગંબર સાહેબ પાસે આવ્યો અને થોડી ચર્ચા કર્યા પછી તેમણે પયગંબર સાહેબની આસ્થા સ્વીકારી લીધી. પછી પયગંબર સાહેબે તેમને કહ્યું. "તમારી આગળની તાલીમ માટે (તેમના સાથીઓમાંના એક) -અલી ઈબ્ન અબી તાલિબ - સાથે રહો."

થોડા દિવસો પછી, પયગંબર સાહેબે અલી ઈબ્ન અબી તાલિબને તે માણસ વિશે પૂછયું જે તેમની પાસે આવ્યો હતો. તેમણે જવાબ આપ્યો કે તે થોડા સમય માટે તેમની સાથે રહ્યો અને પછી તે જતો રહ્યો, અને હવે તેમને તેના ઠેકાણા વિશે કોઈ જાણ નથી.

પયગંબર સાહેબે કહ્યું "જે કોઈ તેમને મળે, તેમને મારી પાસે લાવો." થોડા દિવસો પછી પયગંબર સાહેબ તેમને ફરી મળી શક્યા. પયગંબર સાહેબે તેમને કહ્યું: "મેં તમને તમારી આગળની તાલીમ માટે અલી ઈબ્ન અબી તાલિબ સાથે રહેવા કહ્યું હતું તો પછી તમે અલીને કેમ છોડીને જતાં રહ્યા?" તેમણે જવાબ આપ્યો, "તમે મને તેમની પાસેથી તાલીમ લેવા કહ્યું હતું. મેં તેવું કર્યું અને પછી હું જતો રહ્યો."

**માણસ ઈશ્વરને જવાબદાર છે અને માણસના**
**નાના-મોટા દરેક કાર્યોનું ઈશ્વર દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.**

એક વધુ પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે અલી ઈબ્ન અબી તાલિબે તેમને કુરાનનો અધ્યાય અલ-ઝલઝલહ શીખવ્યો હતો, જેમાં કહ્યું છે કે;

**જે કોઈ અણુના વજનનું ભલું કરે છે તે તેને જોશે. અને**
**જે કોઈ અણુ જેટલું બૂરું કરે છે તે તેને જોશે. (૯૯:૭-૮)**

કુરાનની આ કલમોને ટાંકીને, તે વ્યક્તિએ કહ્યું કે આ કલમોમાંથી, તેને સંપૂર્ણ સંદેશ મળ્યો છે; તેથી અલી સાથે વધુ રહેવાની જરૂર નહોતી. પયગંબર સાહેબે પૂછયું "તમને આ પંક્તિઓમાં સંપૂર્ણ સંદેશ કેવી રીતે મળ્યો?" તેમણે જવાબ આપ્યો 'આ પંક્તિઓ આપણને જણાવે છે કે માણસ ઈશ્વરને જવાબદાર છે અને માણસના દરેક કાર્ય, નાના કે મોટા, ઈશ્વર દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે, પછી તેને સારા કાર્યો માટે

પુરસ્કાર અને ખરાબ કાર્યો માટે સજા કરવામાં આવશે. હવે હું હંમેશા ધ્યાન રાખું છું કેમને જે ભલાઈનું કામ લાગે છે તે હું કરું છું અને મને જે બુરાઈનું કામ લાગે છે તેનાથી હું દૂર રહું છું.'

આ વાર્તા ખૂબ જ સુંદર રીતે સમજાવે છે કે કેવી રીતે કુરાન દરેક સ્ત્રી અને પુરુષમાં સ્વ-સુધારક પદ્ધતિ વિકસાવે છે. કુરાન ઈચ્છે છે કે દરેક વ્યક્તિ હંમેશા સજાગ રહે. આ ખ્યાલ દર્શાવે છે કે વ્યક્તિ પોતાની જાતને યોગ્ય રીતે આચરણ કરવા માટે બંધાયેલ છે. આ પાત્ર-નિર્માણ પ્રણાલીના પાયામાં છે.

આ ખ્યાલ જીવનના દરેક પાસામાં હંમેશા સારું વર્તન કરવા અને ખરાબ વર્તનથી દૂર રહેવા માટે ખૂબ જ મજબૂત પ્રોત્સાહન આપે છે. આ પ્રોત્સાહન માત્ર જાહેર જીવનમાં જ નહીં પરંતુ ખાનગી જીવનમાં પણ કામ કરે છે.

## * સમયનું મહત્વ *

અલ-અસર (સમયનો માર્ગ) કુરાનનો એકસો ત્રણમો અધ્યાય છે. તે પ્રમાણમાં નાનું પ્રકરણ છે. તેનો અનુવાદ નીચે મુજબ છે;

**સમય સાક્ષી છે કે, માણસ ચોક્કસ ખોટમાં છે, સિવાય કે જેઓ આસ્થા રાખે છે અને સત્કર્મો કરે છે અને એકબીજાને સત્યને પકડી રાખવાની અને એકબીજાને અડગ રહેવાની સલાહ આપે છે. (૧૦૩:૧–૨)**

આ પ્રકરણમાં કુરાન સમયનો ઉલ્લેખ કરે છે. સમય શું છે? સમય એ પસાર થતી ઘટના છે; તે હંમેશા મુસાફરીની સ્થિતિમાં હોય છે, વર્તમાનથી ભવિષ્ય સુધી, સવારથી સાંજ સુધી, આજથી આવતીકાલ સુધી. સમય તમારા નિયંત્રણની બહાર છે, તમે સમયને ક્યારેય રોકી શકતા નથી.

આ સંદર્ભમાં, કુરાન એક ખૂબ જ મહત્વપૂર્ણ શીખ આપે છે, જે સ્ત્રીઓ અને પુરુષો એમ દરેક માટે મહત્વપૂર્ણ છે. આ શીખ છે, સમયને તક તરીકે લો. તે કાયમ માટે પસાર થાય તે પહેલાં તેનો લાભ લો. જો તમે સમયની ટ્રેન ચૂકી જશો, તો તમે તેને ફરી ક્યારેય પકડી શકશો નહીં.

કુરાનના ભવિષ્યકારોમાંના એક અલ-રાઝી કહે છેઃ 'હું બગદાદમાં હતો ત્યારે આ કુરાનના શ્લોકના અર્થ પર વિચાર કરી રહ્યો હતો. કુરાન શા માટે કહે છે કે સમય

માણસ માટે સાક્ષી છે? પછી મેં બરફ વેચનારનો અવાજ સાંભળ્યો. તે લોકોને બૂમ પાડી રહ્યો હતો, 'હે લોકો, મારો માલ ઓગળે અને અદૃશ્ય થઈ જાય તે પહેલાં ખરીદો.' બરફની ઘટના કુરાનના આ શ્લોકને સફળતાપૂર્વક સમજાવે છે. દરેક વ્યક્તિનું જીવન બરફના પીગળતા ટુકડા જેવું છે. દરેક વ્યક્તિ સતત પોતાનો સમય ગુમાવે છે. જ્યારે તે સવારે ઉઠે છે, ત્યારે તેણે રાત ગુમાવી દીધી છે, જે તેની પાસે પાછી ફરી શકતી નથી. જેમ જેમ સાંજ આવતી જાય તેમ તેમ તેણે દિવસ ગુમાવી દીધો. આ શ્લોક દ્વારા કુરાન દરેક મનુષ્યને સમયનો લાભ લેવા ચેતવણી આપે છે. દિવસની તકોનો લાભ લો જે તમને રાત્રિ દરમિયાન નહીં મળે, અને રાત્રિની તકોનો લાભ લો જે તમને દિવસ દરમિયાન નહીં મળે.

બીજા શબ્દોમાં કહીએ તો, આ શ્લોક દ્વારા કુરાન આપણને સમય વ્યવસ્થાપનનું મહત્વ જણાવે છે. સમય વ્યવસ્થાપન દરેક સ્ત્રી-પુરુષ માટે જરૂરી છે. આ પૃથ્વી પર આપણી પાસે ખૂબ જ ઓછો સમય છે. ફક્ત થોડા વર્ષોમાં આપણે મૃત્યુનો સામનો કરીશું. દરેક વ્યક્તિએ તેના મૃત્યુ પહેલાંના સમયગાળાનો યોગ્ય રીતે લાભ લેવા માટે તેના સમયનું ગંભીરપણે આયોજન કરવું જોઈએ. આપણી સમક્ષ માત્ર બે જ વિકલ્પો છે, કાં તો સમયનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો અથવા કાયમી નિષ્ફળતાનો સામનો કરવો.

## * માત્ર આપનાર જ રહે છે *

અધ્યાય અલ-રાદ (મેઘગર્જના) માં, કુરાન કુદરતના નિયમને સમજાવતું એક દૃષ્ટાંત વર્ણવે છે, કે ફક્ત તેઓ જ જીવનમાં પોતાને સ્થાપિત કરી શકશે જેઓ સમાજને આપનાર સભ્યો સાબિત થાય. શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**તે આકાશમાંથી વરસાદ વરસાવે છે, જેના કારણે ખીણો (નદીના પટ) તેની ક્ષમતા પ્રમાણે વહે છે, પછી પ્રચંડ પ્રવાહો વધતા ફીણ સાથે વહન કરે છે, એવી રીતે કે જેવી ધાતુમાંથી ઉત્પાદિત થતો સ્લેગ, કે જેને લોકો ઘરેણાં અથવા સાધનો બનાવવા આગમાં ઓગાળે છે. આ રીતે અલ્લાહ સત્યને અસત્ય સાથે સરખાવે છે. પછી જેમ કે, નકામા અવશેષો ફેંકી દેવામાં આવે છે, પરંતુ લોકોને ઉપયોગી હોય તે જમીન પર રહે છે. આ રીતે અલ્લાહ દ્રષ્ટાંતો આપે છે. (૧૩:૧૭)**

આપણા વિશ્વમાં ભૌતિક ઘટનાઓ નૈતિક વાસ્તવિકતાઓનું પ્રતિક છે. કુદરતના નિયમ મુજબ માણસને જે પણ જોઈએ છે, તે કુરાનમાં વર્ણવેલ પ્રકૃતિની બે ઘટનાઓની

જેમ ભૌતિક સ્તરે વિશ્વમાં પ્રદર્શિત થાય છે. અહીં વપરાયેલ એક ઉદાહરણ વરસાદનું છે જેનું પાણી વહેતું હોય છે અને નદીઓ અને નાળાઓમાં પહોંચે છે. તે સમયે તેની સપાટી પર ઘણું બધું ફીણ થાય છે. બીજું ઉદાહરણ એ છે કે ચાંદી અને અન્ય ખનિજોને સાફ કરવા માટે તેને ગરમ કરવામાં આવે છે, તેમની અશુદ્ધિઓ ફીણના આકારમાં દેખાય છે જે માણસ માટે નકામું છે, પછી તેનું તરત જ અવકાશમાં બાષ્પીભવન થાય છે. મુખ્ય મુદ્દો જે ઉદ્‌ભવે છે તે એ છે કે માણસ માટે ઉપયોગી પદાર્થો જેવા કે, પાણી અને ખનિજો એ જ અકબંધ રહે છે.

**જે વ્યક્તિએ બીજાને લાભ આપવાની ક્ષમતા ગુમાવી દીધી છે તેનું આ વિશ્વમાં કોઈ સ્થાન નથી.**

આ કુદરતી ઘટનાઓ છે જેના દ્વારા કુદરત ઉદાહરણના સ્વરૂપમાં બતાવે છે કે તેણે જીવનની સફળતા કે નિષ્ફળતા માટે કયા સિદ્ધાંતો નિર્ધારિત કર્યા છે. એક સિદ્ધાંત એ છે કે, આ દુનિયામાં જે અન્ય લોકો માટે ઉપયોગી સાબિત થાય છે તેને જ સમાજમાં સ્થાન મળશે. જે વ્યક્તિએ બીજાને લાભ આપવાની ક્ષમતા ગુમાવી દીધી છે તેનું આ વિશ્વમાં કોઈ સ્થાન નથી. સમુદાયો અને જૂથોનું પણ એવું જ છે.

ઉત્ક્રાંતિના સિદ્ધાંત તરીકે "સર્વાઈવલ ઓફ ધ ફીટેસ્ટ" વિવાદાસ્પદ છે પરંતુ સામાજિક જીવનના સિદ્ધાંત તરીકે તે મુલ્યવાન છે. સ્પર્ધા અને પડકાર એ દરેક માનવ સમાજના અભિન્ન લક્ષણો હોવાને કારણે, અનિવાર્યપણે, સ્વીકૃતિ અને અસ્વીકાર એ સતત ચાલતી પ્રક્રિયાઓ છે. તમે તમારા વિશે શું વિચારો છો તેનાથી કોઈ ફરક પડતો નથી. સામાજિક દ્રષ્ટિએ તમે તમારા ઉપયોગી બનવાની ક્ષમતા સાબિત કરવી પડશે, નહીં તો સમાજ દ્વારા તમને નકારવામાં આવશે. સમાજ ફક્ત તે વ્યક્તિઓ અથવા જૂથોને સ્વીકારે છે, જેઓ તેનો સ્વસ્થ ભાગ સાબિત થાય છે. કુરાનની ઉપરની આયતોમાં વર્ણવ્યા મુજબ આ કુદરતનો અપરિવર્તનશીલ નિયમ છે.

## * જ્ઞાની માણસનો ઉપદેશ *

કુરાનના ત્રીસમા અધ્યાયનું નામ લુકમાનના નામ પરથી રાખવામાં આવ્યું છે. લુકમાન પયગંબર ન હતા, પરંતુ તે એક જ્ઞાની માણસ હતા. તેઓ ઈસ્લામના આગમન પહેલાં થઈ ગયા, સંભવતઃ પ્રાચીન સુદાનમાં જન્મ્યા હતા. તેમણે તેમના પુત્રને કેટલાક ઉપદેશો આપ્યા, જેનો એક ભાગ આ મુજબ છે;

**''ઓ મારા દીકરા! જો કોઈ કાર્ય સરસવના દાણા જેટલું પણ હોય – ભલે તે ખડકમાં છુપાયેલું હોય કે આકાશમાં કે પૃથ્વીમાં – અલ્લાહ તેને બહાર લાવશે. નિઃશંકપણે અલ્લાહ સર્વજ્ઞાની છે. ઓ મારા વહાલા દીકરા! પ્રાર્થનાની (પ્રણાલી) સ્થાપના કરો, જે નેક છે તેને પ્રોત્સાહિત કરો અને અનિષ્ટને પ્રતિબંધિત કરો અને તમારી સામે ગમે તેટલી પ્રતિકૂળતા આવે તેને ધીરજપૂર્વક સહન કરો. ચોક્કસ, આ એવી બાબત છે જેના માટે મક્કમ સંકલ્પની જરૂર છે. અભિમાનથી તમારા ચહેરાને લોકોથી ફેરવી લેશો નહીં અને પૃથ્વી પર ઘમંડથી ચાલશો નહીં કેમ કે, જુઓ, અલ્લાહ ઘમંડી લોકોને પ્રેમ કરતા નથી. નમ્રતાથી ચાલો અને તમારો અવાજ નીચો રાખો, તમામ અવાજોમાં સૌથી ખરાબ અવાજ એ ગધેડાઓનો અવાજ છે.'' (૩૧:૧૬–૧૯)**

આ સલાહનો સારાંશ આ રીતે આપી શકાય છે,

૧. ઈશ્વર સર્વજ્ઞ છે; તે છુપાયેલ અને ખુલ્લું બધું જ જાણે છે. આ માન્યતા દરેક સ્ત્રી-પુરૂષમાં જવાબદારીની મજબૂત ભાવના પેદા કરે છે. તે દરેકને શિસ્તબદ્ધ જીવન અપનાવવા અને નિર્માતાના માર્ગદર્શનને અનુસરવા પ્રેરે છે, કારણકે તે વ્યક્તિ માને છે કે, જો તે અનુસરવામાં નિષ્ફળ જશે, તો તેને ઈશ્વર દ્વારા સજા કરવામાં આવશે.

૨. પછી ઈશ્વરને પ્રાર્થના છે. પ્રાર્થના એ માત્ર ધાર્મિક વિધિઓનો સમૂહ નથી; તે ઈશ્વરની મહાનતાને સ્વીકારવાની એક રીત છે. આ સ્વીકૃતિ વ્યક્તિને વાસ્તવિક અને પ્રમાણિક બનાવે છે. એ મનુષ્યને પ્રાણીથી અલગ પાડે છે. પ્રાણી કૃતજ્ઞતાની ભાવના દર્શાવી શકતું નથી, પરંતુ માણસ પાસે આ વિશેષ ભેટ છે.

૩. દરેક વ્યક્તિની ફરજ છે કે બીજાઓનું પણ ધ્યાન રાખવું અને તેમને ભલા અને બુરા વર્તન વિશે જણાવવું. તે અન્ય મનુષ્યો પ્રત્યેની શુભકામનાઓની અભિવ્યક્તિ છે. એક પ્રામાણિક વ્યક્તિને સમાજના બેપરવા સભ્ય તરીકે જીવવું પાલવે નહી.

૪. ધીરજ એ ખૂબ જ મહત્વપૂર્ણ માનવ ગુણવત્તા છે; ધૈર્ય રાખ્યા વિના, જીવનમાં કોઈ પણ વ્યક્તિ તેના વર્તનમાં સારું ન હોઈ શકે.

૫. તે પણ જરૂરી છે કે દરેક વ્યક્તિ દ્રઢ સંકલ્પ કરે, કારણકે દ્રઢ નિર્ણય વગર, કોઈપણ વ્યક્તિ સત્યના માર્ગને સ્પષ્ટપણે અનુસરી શકે નહીં.

૬. વ્યક્તિમાં સૌથી મોટો દુર્ગુણ ઘમંડ છે, જ્યારે સૌથી મોટો સદ્‌ગુણ નમ્રતા છે.

૭. ગધેડાને અન્યને ખલેલ પહોંચાડવાની ખરાબ ટેવ હોય છે. માણસે આ ખરાબ આદતથી દૂર રહેવું જોઈએ.

# * સફળ સંવાદ *

ઈબ્રાહીમ ઈશ્વરના એ પયગંબર હતા જેમને પ્રાચીન ઈરાક મોકલવામાં આવ્યા હતા. તે સમયે બેબીલોનિયાના રાજા નિમરોદે લગભગ ઈ.સ. પૂર્વે ૨૪૫૦ માં શિનારના મેદાનમાં એક રાજ્ય સ્થાપ્યું હતું. પયગંબર ઈબ્રાહીમ તેમની પાસે 'તૌહીદ' (એકેશ્વરવાદ) નો સંદેશ લાવ્યા. પરંતુ રાજાએ તેમનો સંદેશો સ્વીકારવાનો ઈનકાર કર્યો. તેમની વાતચીતનો એક ભાગ કુરાનના અધ્યાય અલ-બકરાહ (વાછરડા) માં ટાંકવામાં આવ્યો છે જે નીચે મુજબ છે;

**શું તમે તેના વિશે સાંભળ્યું નથી કે જેણે ઈબ્રાહીમ સાથે તેના અલ્લાહ વિશે દલીલ કરી હતી, કારણ કે અલ્લાહે તેને રાજ્ય આપ્યું હતું? ઈબ્રાહીમે કહ્યું, 'મારો અલ્લાહ તે છે જે જીવન આપે છે અને મૃત્યુ લાવે છે.' તેણે જવાબ આપ્યો, 'હું [પણ] જીવન આપું છું અને મૃત્યુ લાવું છું!' ઈબ્રાહીમે કહ્યું, 'અલ્લાહ પૂર્વમાંથી સૂર્ય લાવે છે, તેથી તેને પશ્ચિમમાંથી જાતે જ ઉગાડી બતાવો.' પછી નાસ્તિક મૂંઝાઈ ગયો. અલ્લાહ અન્યાયીઓને માર્ગદર્શન આપતા નથી. (૨:૨૫૮)**

પયગંબર અને રાજા વચ્ચેનો આ વાર્તાલાપ આપણને સંવાદનો ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંત આપે છે. એટલે કે, જો સામા પક્ષનો પ્રતિભાવ સકારાત્મક ન હોય, તો આગ્રહના નિરર્થક માર્ગને અનુસરશો નહીં. બીજા પક્ષનું મન જુઓ અને સંવાદનું વૈકલ્પિક સ્વરૂપ અપનાવો.

**શ્રેષ્ઠ દલીલ કરનાર તે છે જે પોતાના મનથી ભ્રમિત નથી પરંતુ તે અન્ય પક્ષના મનને જોવા માટે સક્ષમ છે, જેને તે સંબોધવાનો પ્રયાસ કરે છે.**

જ્યારે પયગંબર સાહેબે કહ્યું કે ઈશ્વર આ બ્રહ્માંડના માલિક છે જેણે જીવન અને મૃત્યુ બનાવ્યું, રાજાએ કહ્યું કે તે પણ તેવું જ કરી શકે છે. આ જવાબ ખોટો હતો પરંતુ પયગંબર સાહેબે પોતાની જાતને પુનરાવર્તિત કરવાનું ટાળ્યું અને, વલણમાં ફેરફાર સાથે, તેમણે એક અલગ મુદ્દો ઉઠાવ્યો. તેમનો બીજો મુદ્દો એટલો આકર્ષક હતો કે રાજા અવાચક બની ગયો.

આ ઉદાહરણ આપણને સફળ સંવાદનું સારું ઉદાહરણ આપે છે. શ્રેષ્ઠ દલીલ કરનાર તે છે જે પોતાના મનથી ભ્રમિત નથી પરંતુ તે અન્ય પક્ષના મનને જોવા માટે સક્ષમ છે, જેને તે સંબોધવાનો પ્રયાસ કરે છે. તે પોતાની દલીલમાં ફેરફાર કરે છે જેથી કરીને તે જે મુદ્દો દર્શાવી રહ્યો છે તે અન્ય પક્ષની સમજમાં લાવી શકે.

તે હકીકત છે કે વિવિધ પ્રકારની માનસિકતાઓ હોય છે. દરેક વ્યક્તિ પોતાના દ્રષ્ટિકોણથી વસ્તુઓને જુએ છે. દરેક વ્યક્તિ પોતાની રીતે વિચારે છે. દરેક વ્યક્તિ પોતાના વિચારોથી ગ્રસ્ત છે. તેથી, અન્ય પક્ષને સમજાવવા માટે, તમારે તમારી દલીલમાં ફેરફાર કરવાની કિંમતે પણ અન્યની માનસિકતા સમજવી પડશે. સફળ સંવાદ કરવાનો આ સાચો રસ્તો છે.

જ્યારે તમે જોશો કે સામેનો પક્ષ તમારી દલીલથી સહમત નથી, તો આશા ગુમાવશો નહીં, તમારી દલીલ બદલો અને તરત જ તમને જણાશે કે સામેનો પક્ષ તમારો દૃષ્ટિકોણ સમજવા તૈયાર છે.

# * સહ–અસ્તિત્વનું સૂત્ર *

બહુ-ધાર્મિક સમાજ એ એક સાર્વત્રિક ઘટના છે, મોટાભાગના સમાજો રચનામાં બહુ-ધાર્મિક છે. એક પ્રશ્ન સામાન્ય રીતે પૂછવામાં આવે છેઃ એવા સમાજમાં કેવી રીતે રહેવું જ્યાં વિવિધ ધર્મના આસ્થાવાનો આજુબાજુમાં  રહેતા હોય?

કુરાન સાતમી સદીના પ્રથમ ત્રિમાસમાં પ્રગટ થયું હતું. તેના કેટલાક ભાગો મક્કામાં અને કેટલાક મદીનામાં પ્રગટ થયા હતા. બંને શહેરોમાં યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમો જેવા વિવિધ ધર્મોના લોકો વસતા હતા.

આ પરિસ્થિતિમાં કુરાને ખૂબ જ સરળ સૂત્ર આપ્યું છે;

**તમારા માટે તમારો ધર્મ, મારા માટે મારો. (૧૦૯:૬)**

કુરાનનું આ સૂત્ર એક સરળ કુદરતી સિદ્ધાંત પર આધારિત છે, એટલે કે સહઅસ્તિત્વ અથવા પરસ્પર આદર. આ સૂત્ર આ રીતે વ્યક્ત કરી શકાય છે. અનુસરો એકને અને આદર સહુનો કરો.

કોઈપણ બહુ-ધાર્મિક સમાજમાં આ સૂત્ર એકમાત્ર વ્યવહારુ છે, કારણ કે તે ત્વરિત શાંતિ સ્થાપિત કરે છે. આ સૂત્રને અનુસરીને, દરેક ધાર્મિક જૂથ બીજાને નુકસાન કર્યા વિના તેનું યોગ્ય સ્થાન મેળવી શકે છે. એ હકીકત છે કે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ એ આ વિશ્વમાં અસ્તિત્વનો એકમાત્ર રસ્તો છે.

શાંતિ દરેક ધર્મની જરૂરિયાત છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિ શાંતિ વિના કરી શકાતી નથી. કોઈપણ સમાજમાં તમામ ધર્મોને જગ્યા આપવા માટેનું આ સૂત્ર બધા માટે શાંતિ સુનિશ્ચિત કરે છે.

ઈસ્લામના પ્રારંભિક ઈતિહાસમાં, ઈસ્લામના પયગંબરના જીવનની એક ખૂબ જ સુસંગત વાર્તા છે જે આ સિદ્ધાંતને યોગ્ય રીતે સમજાવે છે. ઈસ્લામના પયગંબર ઈ.સ. ૬૨૨ માં મક્કાથી મદીનામાં સ્થળાંતર કરી ગયા હતા તે સમયે મદીનામાં કેટલીક યહૂદી જાતિઓ રહેતી હતી. એક દિવસ એવું બન્યું કે ઈસ્લામના પયગંબરે મદીનાની એક શેરીમાંથી પસાર થતી સ્મશાનયાત્રા જોઈ. તે સમયે પયગંબર સાહેબ બેઠા હતા. અંતિમ સંસ્કાર જોઈને તેઓ આદરથી ઉભા થઈ ગયા. તેમના એક સાથીએ કહ્યું, "હે પયગંબર, એ તો એક યહૂદીની સ્મશાન યાત્રા હતી, મુસ્લિમની નહીં." પયગંબર સાહેબે જવાબ આપ્યોઃ "શું તે માણસ ન હતો?"

આનો અર્થ એ છે કે ઈસ્લામના પયગંબરે પોતાની અને તે યહૂદી વચ્ચે સમાનતા શોધી કાઢી, કારણ કે બંને મનુષ્ય હતા અને બંને ઈશ્વર દ્વારા બનાવવામાં આવ્યા હતા. બંનેના પૂર્વજ સમાન હતા; બંને સાર્વત્રિક માનવ સમાજના સભ્યો હતા. આ સમાનતા, બંને સહઅસ્તિત્વ ધરાવી શકે છે, એ આધાર પૂરો પાડવા માટે પૂરતી હતી.

પરસ્પર આદરનું આ સૂત્ર તમામ ધાર્મિક જૂથો માટે ઉપયોગી છે. તેનું પાલન કરવાથી, દરેક ધાર્મિક જૂથ કોઈપણ પ્રકારના સંઘર્ષ વિના વિકાસ કરી શકે છે.

## * સમસ્યાઓનો સામનો કઈ રીતે કરવો *

ઈસ્લામના પયગંબરે સાતમી સદીના પ્રથમ ચતુર્ભાગમાં અરેબિયામાં પોતાનું અભિયાન શરૂ કર્યું હતું - એ ધાર્મિક દમનનો યુગ હતો. પયગંબર સાહેબનું અભિયાન એકેશ્વરવાદના સિદ્ધાંત પર આધારિત હતું, જ્યારે તે સમયના લોકો મૂર્તિપૂજામાં વિશ્વાસ ધરાવતા હતા. આ કારણસર તેઓ પયગંબર સાહેબ સાથે દુશ્મનાવટ ધરાવતા હતા અને તેથી પયગંબર સાહેબ અને તેમના સાથીદારો વિવિધ પ્રકારની સમસ્યાઓનો ભોગ બનતા હતા.

આ બાબત દેખીતી રીતે પયગંબર સાહેબ અને તેમના સાથીદારો માટે પ્રતિકૂળ પરિસ્થિતિ હતી. આ નિર્ણાયક સમયે, ઈશ્વરે આ બાબતને લગતો માર્ગદર્શનનો અર્થસૂચક ભાગ જાહેર કર્યો જે કુરાનના અધ્યાય અશ્શર્હ (આરામ) માં નોંધાયેલ છે.

આ દૈવી માર્ગદર્શન નીચે મુજબ છે;

**તેથી, ચોક્કસ દરેક મુશ્કેલી સાથે સહેલાઈ આવે છે;**
**ચોક્કસ દરેક મુશ્કેલી સાથે સહેલાઈ આવે છે. (૯૪:૫-૬)**

કુરાનના આ શ્લોકમાં સમાન વાક્ય બે વાર પુનરાવર્તિત થયું છે. આ પુનરાવર્તનમાંથી, પયગંબર સાહેબે ખૂબ જ અર્થપૂર્ણ અનુમાન દોર્યું. એટલે કે કુદરતના નિયમ પ્રમાણે, મુશ્કેલીની સ્થિતિ કરતાં સરળતાની સ્થિતિ બમણી છે. તેથી તેમણે આ સિદ્ધાંત ઘડયો. "સરળતાની બે પરિસ્થિતિઓ ચોક્કસપણે એક મુશ્કેલી પર જીતી જશે."

હકીકત એ છે કે દરેક પરિસ્થિતિમાં સમસ્યાઓ હોય છે, પરંતુ તે જ સમયે તેમાં સારી તકો પણ હોય છે. આ કુદરતનો નિયમ છે. અને, બીજો કુદરતનો નિયમ એ પણ છે કે તકોનું પ્રમાણ સમસ્યાઓના જથ્થા કરતાં વધુ હશે. આવું હોવાથી, સમસ્યાઓને અવગણીને તકોનો લાભ લેવા માટે પોતાની શક્તિને વાળવી એ જ અપનાવવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

સમસ્યાઓ વિશે ફક્ત ફરિયાદ કે વિરોધ કરતા રહેવાનો કોઈ અર્થ નથી. સમસ્યાઓ કોઈ વ્યક્તિ દ્વારા બનાવવામાં આવતી નથીઃ તે ઈશ્વરે બનાવેલ સર્જનની યોજનાનો એક ભાગ છે. કુદરતનો માર્ગ બદલવાની શક્તિ કોઈની પાસે નથી. આ કુદરતી માર્ગને સ્વીકારવા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ નથી. આવા સમયે આપણી દુનિયામાં  કુરાનના ઉપરોક્ત સૂત્રનું પાલન કરવું એ જ ઉચિત છે.

સમસ્યાઓને અવગણીને તકોનો લાભ લેવા માટે પોતાની શક્તિને વાળવી એ જ અપનાવવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

તેથી જ્યારે તમે સમસ્યાઓનો સામનો કરો, ત્યારે નકારાત્મક ન બનો. શાંત થાઓ. પરેશાન થશો નહીં. તમારા મનમાં તણાવને વધવા ન દો. ફક્ત પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો અને, સમસ્યાને ટાળીને, તેમાંથી સારી તકો શોધવાનો પ્રયાસ કરો. સંપૂર્ણ વિશ્વાસ સાથે માનો કે પ્રત્યક્ષ કે પરોક્ષ, મોટી તકો તમારી રાહ જુએ છે. તેથી, તમારી બધી માનસિક શક્તિઓ અને ઉર્જાનો ઉપયોગ કરીને તેમને શોધવાનું શરૂ કરો.

આવી સ્થિતિમાં ફરિયાદ કર્યા કરવી અને વિરોધ કરવો એ સમયની બરબાદી સિવાય કંઈ નથી. તમારા મનમાં તણાવ કેળવવો એ કુદરતના નિયમને સમજવામાં તમારી નિષ્ફળતાનું પરિણામ છે. તેથી, વાસ્તવવાદી બનો અને તમારી સફળતાની ખાતરી કરો.

## * ઈશ્વરને આધીન થવું *

કુરાન આધ્યાત્મિકતાની સંસ્કૃતિની હિમાયત કરે છે. કુરાનની આધ્યાત્મિકતા વિશે રહસ્યમય કંઈ નથી. તે જાણીતી શાખા છે. તે બૌદ્ધિક વિકાસ માટે વૈકલ્પિક નામ માત્ર છે. કુરાનની આધ્યાત્મિકતા માટેનું સૂત્ર અલ-ઈમરાન (ઈમરાનનું કુટુંબ) પ્રકરણમાં આ રીતે વ્યક્ત કરવામાં આવ્યું છે;

## પ્રભુના માણસો બનો. (૩:૭૯)

ઈશ્વરના માણસ બનવું એટલે ઈશ્વરલક્ષી જીવન અપનાવવું. ઈશ્વરલક્ષી જીવન માર્ગ એ સંપૂર્ણ જીવન માર્ગ છે. તે તમામ માનવ શક્તિનો ઉપયોગ કરવા માટે પ્રેરે છે. તેનો અર્થ થાય છે. ઈશ્વર-લક્ષી વિચારસરણી, ઈશ્વર-લક્ષી વાણી, ઈશ્વર-લક્ષી વર્તન, ઈશ્વર-લક્ષી નૈતિકતા, વગેરે.

**ઈસ્લામિક આધ્યાત્મિકતા, સારમાં, ઈશ્વર–કેન્દ્રિત છે અને સ્વ–કેન્દ્રિત નથી. જ્યારે તમે તમારા સર્જક વિશે જાણો છો, ત્યારે તરત જ તમે તમારા અને તમારા સર્જક વચ્ચે સંચાર સ્થાપિત કરો છો.**

ઈશ્વરલક્ષી જીવન એ આધ્યાત્મિક જીવન માટેનો બીજો શબ્દ છે. આ શ્લોકમાં, કુરાન દઅલ-રબ્બાનીદ શબ્દનો ઉપયોગ કરે છે. તેનો અર્થ આધ્યાત્મિક વ્યક્તિ અથવા ઈશ્વરમય વ્યક્તિ થાય છે. વાસ્તવમાં ઈસ્લામ એ આધ્યાત્મિકતાનો ધર્મ છે. તે એક શાખા છે જે તર્કની દ્રષ્ટિએ સમજાવી શકાય છે. ઈસ્લામિક આધ્યાત્મિકતા વિચાર પર આધારિત છે.

ઈસ્લામિક આધ્યાત્મિકતા ધ્યાનને બદલે ચિંતન પર આધારિત છે તે લાગણીઓને બદલે વિચારશક્તિ પર આધારિત છે, તે બૌદ્ધિકતાની જાગૃતિમાંથી ઉદ્‌ભવે છે. જ્યારે તમે સત્ય વિશે વિચારો છો, તેને શોધી કાઢો છો ત્યારે તમે આધ્યાત્મિક વ્યક્તિ બનો છો.

જ્યારે તમે તમારી આજુબાજુની દુનિયા પર ચિંતન કરો છો, જ્યારે તમારી વિચારસરણી તમારા તત્કાલીન નજીકના વાતાવરણની પાર જાય છે; ત્યારે તમે એ સત્ય સુધી પહોંચી શકો છો, જે સમય અને અવકાશની પેલે પાર છે, જે તમારી બહાર છે. તમે તમારા અને તમારા સર્જક વિશે સભાન બનો છો. આ તમારા વ્યક્તિત્વમાં આધ્યાત્મિક પ્રક્રિયાની શરૂઆત છે અને આ પ્રક્રિયા સતત વિકસતી રહે છે.

ઈસ્લામિક આધ્યાત્મિકતાના મૂળતત્વમાં ઈશ્વર કેન્દ્રિત છે અને સ્વકેન્દ્રિત નથી. જ્યારે તમે તમારા સર્જક વિશે જ્ઞાત થાઓ છો, ત્યારે તરત જ તમે તમારા અને તમારા સર્જક વચ્ચે સંચાર સ્થાપિત કરો છો. આ જોડાણ તમારા રૂમમાં ઈલેકટ્રીક બલ્બ અને તમારા રૂમની બહાર સ્થિત પાવરહાઉસ વચ્ચે જોડાણ સ્થાપિત કરવા જેવું છે. જેમ ઈલેકટ્રીક કનેકશન તમારા રૂમને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે દૈવી જોડાણ પણ તમારા સમગ્ર વ્યક્તિત્વને પ્રકાશિત કરે છે. પછી તમે રબ્બાની, એટલે કે પ્રભુના માણસ બનો છો.

કુરાનની આધ્યાત્મિકતાનું સૂત્ર ખૂબ જ સરળ છે. - સાદું જીવન અને ઉચ્ચ વિચાર. સાદું જીવન તમને વિક્ષેપોમાં પડવાથી અટકાવે છે, આમ તમને તમારા મનને

અર્થપૂર્ણ ક્ષેત્રોમાં જોડવા માટે વધુ સમય મળે છે. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એકબીજા પર આધારિત છે. સાદું જીવન તમને ઉચ્ચ વિચાર માટે વધુ સમય આપે છે, અને ઉચ્ચ વિચાર તમને સાદું જીવન જીવવા માટે સક્ષમ માણસ બનાવે છે.

આધ્યાત્મિકતા એ દૈવી જીવનનો સાર છે; આધ્યાત્મિકતા એવા જીવન તરફ દોરી જાય છે જ્યાં કોઈ તણાવ નથી, કોઈ નકારાત્મક વિચાર નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આધ્યાત્મિકતા આપણને સકારાત્મક માનવી બનાવે છે.

## * રાષ્ટ્રનો ઉદય અને પતન *

આ વિશ્વમાં જે કંઈ પણ થાય છે તે કુદરતના જાણીતા નિયમો દ્વારા નિયંત્રિત છે. રાષ્ટ્રના ઉદય અને પતનનું પણ એવું જ છે. કુરાન, અલ-અન્ફાલ (યુદ્ધની લૂંટ) પ્રકરણમાં આ કાયદાને આ રીતે સાર્થક કરે છે;

**અલ્લાહ ક્યારેય તરફેણ પાછી ખેંચશે નહીં જે તેણે લોકો પર આપેલ છે, સિવાય કે તેઓ તેમના અંતરમાં જે છે તેને બદલશે. નિઃશંકપણે અલ્લાહ સર્વશ્રેષ્ઠ અને સર્વજ્ઞ છે. (૮:૫૩)**

આ જ કાયદાનો કુરાનના અન્ય પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે;

**અલ્લાહ લોકોની સ્થિતિને બદલતા નથી, સિવાય કે તેઓ તેમના હૃદયમાં જે છે તે બદલતા નથી. (૧૩:૧૧)**

"લોકો" શબ્દ દ્વારા કુરાનનો અર્થ રાષ્ટ્ર અથવા સમાજ થાય છે અને "હૃદય" અથવા 'અંતરમન' શબ્દ દ્વારા કુરાન વ્યક્તિઓનો ઉલ્લેખ કરે છે. અહીં, કુરાન પ્રકૃતિના તે નિયમનો ઉલ્લેખ કરે છે જે લોકો અથવા રાષ્ટ્રોનું ભાવિ નક્કી કરે છે. આ કાયદો તમામ રાષ્ટ્રોને અપવાદ વિના લાગુ પડે છે.

આ કાયદા અનુસાર, રાષ્ટ્રનું ભાગ્ય એવા વ્યક્તિઓ પર નિર્ભર કરે છે કે જેનાથી તે બનેલું છે. દરેક વ્યક્તિ પોતાના રાષ્ટ્રનું એક મહત્વપૂર્ણ એકમ છે. જો વ્યક્તિઓ ચારિત્ર્યમાં સારા હશે તો આખું રાષ્ટ્ર સારું થશે, પરંતુ જો વ્યક્તિઓ ચારિત્ર્યમાં ખરાબ હશે તો આખું રાષ્ટ્ર ખરાબ થઈ જશે.

આ કાયદો આપણને જણાવે છે કે દૂષિત થયા પછી રાષ્ટ્ર કે સમાજને કેવી રીતે

સુધારવો. આ કાયદો આપણને પ્રારંભિક બિંદુ આપે છે. જ્યારે પણ એવું સ્પષ્ટરીતે જણાઈ આવે કે કોઈ રાષ્ટ્ર દુષ્ટ માર્ગો પર ચઢી ગયું છે, ત્યારે આપણે તેના વ્યક્તિગત સભ્યોથી આપણા સુધારાની શરૂઆત કરવી પડશે; આ હેતુ માટે આ જ એકમાત્ર પ્રસ્થાન-બિંદુ છે. તમે જે રીતે સફળતાપૂર્વક વ્યક્તિગત મનને સંબોધી શકો છો, એ જ રીતે ભીડને સંબોધી શકો નહીં.

આનો અર્થ એ થયો કે આવી સ્થિતિમાં આપણે ઔપચારિક અને અનૌપચારિક બંને રીતે શિક્ષણ દ્વારા વ્યક્તિઓને બદલવા પડશે. આપણે તેમના દિલ અને મન બદલવા પડશે, આપણે તેમની વિચારવાની રીત બદલવી પડશે; આપણે તેમના કન્ડિશન્ડ (કુવિચારોથી ભરેલા) મનને ડી-કન્ડિશન (સાફ) કરવું પડશે.

શરૂઆતમાં, દરેક રાષ્ટ્ર ધન્ય રાષ્ટ્ર હોય છે. ઈશ્વર લોકોના દરેક જૂથ માટે દયાળુ છે, પરંતુ, સમય જતાં, અધોગતિના સંકેતો દેખાવા લાગે છે. હવે પ્રશ્ન એ છે કે પ્રારંભિક સ્થિતિ પાછી મેળવવા માટે શું કરવું? અધોગતિમાં ગયેલા સમાજનું પુનઃનિર્માણ કેવી રીતે કરવું?

**રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા બગીચા ઉગાડવા જેવી છે. જો તમે બીજ વાવવાથી શરૂઆત કરશો, તો તમે આખો એક સુંદર બગીચો ઉગાડી શકશો.**

જવાબ છેઃ પહેલેથી એટલે કે શરૂઆતથી  શરૂ કરો. વ્યક્તિગત સુધારા સાથે પ્રારંભ કરો. વ્યક્તિને સંબોધીને, તમે સમગ્ર સમાજ સુધી પહોંચી શકો છો. પરંતુ જો તમે સમાજને સમગ્રતામાં  સંબોધવાનું શરૂ કરશો, તો તમને ક્યારેય સફળતા મળશે નહીં.

રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા બગીચા ઉગાડવા જેવી છે. જો તમે બીજ વાવવાથી શરૂઆત કરશો, તો તમે આખો એક સુંદર બગીચો ઉગાડી શકશો; પરંતુ જો તમે સીધા બગીચાથી જ શરૂઆત કરવાની કોશિશ કરશો, તો તમે તમારા ઈચ્છિત લક્ષ્ય સુધી નહીં પહોંચી શકો.

## * વ્યવહારુ શાણપણ *

પ્રાચીન સમયમાં પેલેસ્ટાઈન અને સીરિયામાં સુલેમાન નામના  શાસક હતા. તે ઈઝરાયેલી પયગંબર પણ હતા. તેમના સમકાલીન લોકોમાંથી એક વ્યક્તિ શેબાની રાણી હતી જેણે લગભગ ઈ.સ. પૂર્વે ૧૧૦૦ થી ઈ.સ. પૂર્વે ૯૦૦ સુધી યમન પર શાસન કર્યું. બાઈબલના અને કુરાનના અહેવાલો અનુસાર તેણીને શક્તિશાળી રાજા સુલેમાન તરફથી એક પત્ર મળ્યો

જેમાં તેમણે માંગણી કરી કે તેણી તેને શરણાગતિ સ્વીકારે. તેણીને પત્ર મળ્યા પછી શું થયું તે કુરાનના અધ્યાય અલ નમ્લ (કીડીઓ) માં નોંધાયેલ છે;

**શેબાની રાણીએ પછીથી જાહેરાત કરી, ''હે સરદારો! ખરેખર, મને એક ઉમદા પત્ર પહોંચાડવામાં આવ્યો છે. તે સુલેમાન તરફથી છે, અને તે આ પ્રમાણે છેઃ ''અલ્લાહના નામે – સૌથી વધુ દયાળુ, પરમ કૃપાળુ. મારી સાથે અહંકાર ન કરો, પરંતુ સંપૂર્ણ રીતે અલ્લાહને આધીન થઈને મારી પાસે આવો.'' તેણીએ કહ્યું,''હે સરદારો! મારી આ બાબતમાં મને સલાહ આપો, કારણ કે હું તમારા વિના ક્યારેય કોઈ નિર્ણય નહીં લઈ શકું.'' તેઓએ જવાબ આપ્યો, ''આપણે બળવાન અને મોટી સૈન્ય શક્તિ ધરાવતા લોકો તો છીએ, પરંતુ નિર્ણય તમારો છે, તેથી શું આદેશ આપવો એ તમે નક્કી કરો.'' તેણીએ તર્ક આપ્યો, ''ખરેખર, જ્યારે રાજાઓ કોઈ દેશ પર આક્રમણ કરે છે, ત્યારે તેઓ તેને બરબાદ કરે છે અને તેના ઉમરાવોની કક્ષા નીચી કરે છે. તેઓ ખરેખર આમ કરે છે!'' (૨૭:૨૯–૩૪)**

પછી પરંપરા મુજબ શેબાની રાણીએ આત્મસમર્પણ કરવાનું પસંદ કરીને મુકાબલો ટાળ્યો. આ રીતે તેણીએ તેના દેશને સોલોમનની સેનાના આક્રમણથી બચાવ્યો. આ શરણાગતિ માત્ર રાજકીય અર્થમાં હતી અન્ય તમામ અર્થોમાં તે સ્વાયત્તપણે શાસન કરી શકતી હતી. શેબાના લોકો વેપારી રાષ્ટ્ર હતા. આ આંશિક રાજકીય શરણાગતિથી તેઓ પહેલાંની જેમ જ વેપાર ચાલુ રાખી શક્યાં.

### વ્યવહારુ શાણપણનો અર્થ છે, જ્યારે આદર્શ સ્થિતિ પ્રાપ્ત કરી શકાતી ન હોય ત્યારે આદર્શ કરતાં ઓછાની પસંદગી કરવી.

આ પ્રકારનો અભિગમ શરણાગતિ નહીં પરંતુ વ્યવહારુ શાણપણનું સરસ ઉદાહરણ છે. વ્યવહારુ શાણપણનો અર્થ છે. જ્યારે આદર્શ પરિસ્થિતિ પ્રાપ્ત કરી શકાતી ન હોય ત્યારે આદર્શ કરતાં ઓછાની પસંદગી કરવી. રાજા સોલોમન લશ્કરી શક્તિની દ્રષ્ટિએ ખૂબ જ મજબૂત હતો જ્યારે શેબાની રાણી લગભગ એટલી મજબૂત નહોતી. તદુપરાંત, તેના લોકોની અભિરુચિ વેપારમાં હતી, નહી કે તેમના વતનની લશ્કરી શક્તિ વિકસાવવામાં. તેથી રાજકીય શરણાગતિની વ્યૂહરચના દ્વારા (જે આંશિક પ્રકૃતિની હતી) શેબાની રાણી તેના શાસન તેમજ તેના વેપારને બચાવવામાં સફળ રહી.

આ વ્યવહારુ શાણપણ માત્ર શાસકો માટે જ નહીં પરંતુ દરેક વ્યક્તિ માટે અનિવાર્ય છે, કારણ કે વિવાદ એ જીવનનો એક ભાગ છે. વિવાદની વચ્ચે દરેક વ્યક્તિ

એક આદર્શ ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ હકીકત એ છે કે મોટાભાગના કિસ્સાઓમાં આદર્શ સ્થિતિ પ્રાપ્ત કરી શકાતી નથી તેથી દરેક વ્યક્તિ માટે જે શક્ય હોય એ પહેલાં પસંદ કરવાનું સૂત્ર શ્રેષ્ઠ છે. જે સ્પષ્ટપણે અશક્ય છે અથવા જેનું વિનાશક પરિણામ આવવાની શક્યતા છે તેની પાછળ દોડશો નહીં. વ્યવહારિક શાણપણનો અર્થ એ જ થાય છે.

## * રાત્રી પછી સવાર હોય છે *

ઈસ્લામના પયગંબર અને તેમના સાથીદારો જ્યારે મક્કામાં હતા ત્યારે તેમના મિશનના પ્રારંભિક સમયગાળામાં ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા જેના કારણે તેમને નિરાશા અને હતાશા થઈ રહી હતી. તે એક વિકટ પરિસ્થિતિ હતી. સાથીઓએ પૂછવાનું શરૂ કર્યું કે શું તેમનું મિશન આંધળી ગલીમાં ભટકી ગયું છે? આ નિર્ણાયક સમયે, ઈશ્વરે અધ્યાય અલ-દુહા (પ્રભાતનો તેજસ્વી પ્રકાશ) પ્રગટ કર્યું.

તે આ મુજબ છે;

**સવારનો સૂર્યપ્રકાશ, અને રાત જ્યારે અંધારું થાય છે, એ દર્શાવે છે કે, તમારા પ્રભુએ તમને છોડી દીધા નથી, અને ના તો એ તમારાથી નારાજ છે, અને ખરેખર ભવિષ્ય તમારા માટે વર્તમાન કરતાં ઘણું સારું છે. (૯૩:૧-૪)**

કુરાનની આ આયતો કુદરતની ઘટનાનો ઉલ્લેખ કરે છે. પોતાની ધરી પર પૃથ્વી ગ્રહના પરિભ્રમણને કારણે, દિવસ અને રાત્રિનો સતત ક્રમ રહે છે. આ કુદરતી ઘટના આપણને આપણા જીવન માટે એક મહાન બોધપાઠ આપે છે. દિવસ અને રાત્રિનો અનુક્રમ એ સકારાત્મક અને નકારાત્મક અનુભવના અનુક્રમનું પ્રતીક છે.

આપણા જીવનમાં પણ અંધારી રાત અને તેજસ્વી સવાર, નિરાશા અને આશા, અવરોધો અને સુલભ રસ્તાઓ આવે છે. આ દર્શાવે છે કે વ્યક્તિએ ફક્ત પોતાના વિકટ વર્તમાનને જોઈને હતાશાનો શિકાર ન બનવું જોઈએ. વ્યક્તિએ ભવિષ્ય વિશે આશાવાદી હોવું જોઈએ.

વર્તમાન એ રાત્રિની જેમ અસ્થાયી છે, અને અમુક દિવસો પછી ઉજ્જવળ ભવિષ્ય હશે તે નિશ્ચિત છે. તેથી વ્યક્તિ માટે શ્રેષ્ઠ નીતિ એ છે કે વર્તમાનમાં કામ ચાલુ રાખવું અને ખાતરી રાખવી કે કોઈ દિવસ સફળતા જરુર આવશે.

ઈસ્લામના પયગંબર અને તેમના સાથીઓના કિસ્સામાં, આ સિદ્ધાંત શબ્દના સંપૂર્ણ અર્થમાં સાચો સાબિત થયો. તેમના વર્તમાનમાં તેઓએ કુરાનના આ સૂત્રને અપનાવ્યું અને પછીના દિવસોમાં તેઓએ તેમના અભિયાનમાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી.

વર્તમાન એ રાત્રિની જેમ અસ્થાયી છે અને અમુક દિવસો પછી ઉજ્જવળ ભવિષ્ય હશે તે નિશ્ચિત છે.

પ્રકૃતિનો આ નિયમ શાશ્વત છે; તે વ્યક્તિઓ તેમજ લોકોના જૂથોને એમ બધાને લાગુ પડે છે. વ્યક્તિગત સફળતા અને જૂથ સિદ્ધિ બંને આ સામાન્ય સિદ્ધાંત દ્વારા આવરી લેવામાં આવે છે. તદ્દન સરળ રીતે, આ સિદ્ધાંતનો અર્થ છે - વર્તમાનમાં સખત મહેનત કરો અને ભવિષ્ય વિશે આશાવાદી બનો.

જીવનને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. સંઘર્ષનો સમય અને સિદ્ધિનો સમય. સંઘર્ષનો સમયગાળો રાત જેવો છે અને સિદ્ધિનો સમયગાળો દિવસ જેવો છે. રાત ચોક્કસપણે સવાર તરફ દોરી જાય છે, અને આ માનવ જીવન માટે પણ એટલું જ સાચું છે. વ્યક્તિનો સંઘર્ષ ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટે બંધાયેલો છે. આપણે એકમાત્ર નીતિ અપનાવવાની જરૂર છે તે છે "ધીરજ ધરો અને જુઓ."

## * વાસ્તવિક સિદ્ધિ મેળવનાર *

અલ-કસાસ (વાર્તા) પ્રકરણમાં, કુરાનમાં એક વાર્તા નોંધવામાં આવી છે જેમાં દરેક સ્ત્રી-પુરુષ માટે એક મોટો બોધપાઠ છે. કારુન કે કોરાહ, પ્રાચીન ઈજિપ્તના ઈઝરાયેલી સમુદાયનો એક શ્રીમંત સભ્ય હતો. જ્યારે કારુન તેની સંપત્તિના કારણે ઘમંડી બન્યો, ત્યારે તેના સમુદાયના કેટલાક સભ્યોએ તેને સમજાવ્યું કે ઘમંડ તેના માટે સારું નથી.

કુરાનના સંસ્કરણ મુજબ આ વાત નીચે મુજબ છે;

**કોરાહ મૂસાના લોકોમાંનો એક હતો, પરંતુ તેણે તેમની સાથે ઘમંડી વર્તન કર્યું. અમે તેને એવા ખજાના આપ્યા હતા કે તેમની ચાવીઓ બળવાન માણસોના જૂથને તોલી શકે. તેના કેટલાક લોકોએ તેને સલાહ આપી, ''અભિમાની ન થાઓ! ચોક્કસ અલ્લાહ અહંકારીઓને પસંદ નથી કરતા. તેના બદલે, અલ્લાહે તમને જે આપ્યું છે તેના દ્વારા પરલોકનું ઘર શોધો; આ દુનિયામાં તમારો હિસ્સો [પરલોકનો] લેવાનું ભૂલશો નહીં. અને જેમ અલ્લાહ તમારી સાથે ભલાઈ કરી રહ્યા છે તેમ બીજાઓ માટે ભલા બનો. પૃથ્વી પર ભ્રષ્ટાચાર ફેલાવવાની**

**કોશિશ ન કરો, કારણ કે અલ્લાહ ભ્રષ્ટાચારીઓને પસંદ કરતા નથી.'' પણ તેણે (ઘમંડમાં) કહ્યું, 'આ બધુ મને મારી કળાને કારણે મળ્યું છે.' (૨૮:૭૬–૭૮)**

કુરાનના અહેવાલ મુજબ, કારુનને તેના ઘમંડના કારણે ઈશ્વર દ્વારા સજા કરવામાં આવી હતી. આ વાર્તા દૈવી કાયદાઓમાંના એકને સમાવિષ્ટ કરે છેઃ જો કોઈ વ્યક્તિ સંપત્તિ મેળવે છે, તો તેણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, નહીં તો તે ઈશ્વર દ્વારા અવકૃપિત થશે.

આ વિશ્વમાં કોઈપણ સિદ્ધિ એ બે પરિબળોને કારણે છે. (૧) વ્યક્તિના પોતાના પ્રયત્નો, અને (૨) આ વિશ્વમાં ઈશ્વર દ્વારા સ્થાપિત કુદરતી માળખાનો ટેકો. ગુણોત્તર ખૂબ જ અસમાન છે. વ્યક્તિનો પોતાનો હિસ્સો એક ટકાથી પણ ઓછો છે, જ્યારે દૈવી માળખાકીય સુવિધાઓનો હિસ્સો નવ્વાણું ટકાથી પણ વધુ છે. આથી સ્ત્રી કે પુરૂષ માટે ઘમંડી બનવું તદ્દન અવાસ્તવિક છે. સિદ્ધિ મેળવનાર માટે એકમાત્ર વાસ્તવિક વર્તણૂક સંપૂર્ણ નમ્રતા દર્શાવવી એ છે.

અહંકારનો અર્થ ઈશ્વરની કૃપાને નકારવી એ છે અને નમ્રતાનો અર્થ ઈશ્વરના યોગદાનની સ્વીકૃતિ હોવી છે. કુરાન અનુસાર, અહંકારીઓને તેમની કૃતજ્ઞનતા માટે સજા થવી જોઈએ અને વિનમ્રને વધુ બક્ષિસના આશીર્વાદ મળવા જોઈએ.

વધુમાં, આ વાત વ્યક્તિત્વ વિકાસ સાથે સીધો સંબંધ ધરાવે છે. ઘમંડ એ વ્યક્તિના વ્યક્તિત્વને નકારાત્મકતાથી દૂષિત કરે છે, જ્યારે નમ્રતા સકારાત્મક વિચારસરણી સર્જે છે. બંને વચ્ચે મોટો તફાવત છેઃ નકારાત્મક વિચારસરણી એ તમામ પ્રકારની બુરાઈઓનો સ્ત્રોત છે, જ્યારે સકારાત્મક વિચારસરણી એ તમામ પ્રકારની ભલાઈનો સ્ત્રોત છે. સમજદાર પુરુષો હંમેશા તેમના વર્તનમાં નમ્ર હોય છે.

# * કાર્ય મહત્વનું છે *

ઈસ્લામના છેલ્લા પયગંબરના સમયમાં, મદીનામાં કેટલાક એવા લોકો હતા જેઓ સત્યની વાત તો કરતા હતા, તેમ છતાં તેઓ એ માટે કશું કરતા ન હતાં અને તેમના દુષ્કર્મોને ઢાંકવા માટે સુંદર શબ્દોનો ઉપયોગ કરતા હતાં. આવા લોકોને ખુલ્લા પાડતા, અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં કુરાન કહે છે;

**જેઓ તેમના દુષ્કર્મોમાં ખુશ થાય છે અને તેઓએ જે કર્યું નથી તેના માટે શ્રેય લેવાનું પસંદ કરતા હોય તેઓ એવું ન માને કે તેઓ સજાથી બચી જશે; તેઓએ ગંભીર સજા ભોગવવી પડશે (૩:૧૮૮)**

કુરાનમાં નિર્ધારિત આ દૈવી સિદ્ધાંત મુજબ, તે માત્ર વાસ્તવિક કાર્યો જ છે જે મહત્વપૂર્ણ છે. ખાલી શબ્દોનું ઈશ્વરની નજરમાં કોઈ મૂલ્ય નથી, આવા શબ્દો ઉચ્ચારનારાઓને કુરાનમાં દંભી કહેવામાં આવ્યા છે, અને દંભી વર્તન ઈશ્વરને સ્વીકાર્ય નથી.

જે સત્યની વાત કરે છે, છતાં સત્ય માટે કંઈ કરતો નથી, તે સત્યનો દોષી છે. તે એવી વસ્તુ માટે શ્રેય મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે જે તેણે ક્યારેય કર્યું નથી. તે ઈશ્વર સમક્ષ બદનામ થશે; તેને કોઈ શ્રેય આપવામાં આવશે નહીં.

શા માટે કેટલાક લોકો આવું કરતા હોય છે? તેઓ કંઈ કરતા નથી પરંતુ તેઓ સુંદર શબ્દો ઉચ્ચારવાનો પ્રયાસ કરે છે અથવા સુંદર નિબંધો લખે છે. આ લોકો અન્ય લોકોને - તેમના પ્રેક્ષકો અથવા તેમના વાચકોને ખુશ કરવાનો પ્રયત્ન કરે છે.

આ લોકોને તેમના શ્રોતાઓ દ્વારા વખાણવામાં આવી શકે અને તેમના વાચકો દ્વારા વખાણ થઈ શકે, પરંતુ આ પ્રકારના ભાષણ અથવા લેખનનું ઈશ્વર સમક્ષ કોઈ મૂલ્ય નથી.

એવા લોકો હંમેશા હોય છે, બંને સ્ત્રીઓ અને પુરૂષો, જેમને ખોટા શબ્દો દ્વારા મૂર્ખ બનાવી શકાય છે, પરંતુ ઈશ્વર, જે સર્વજ્ઞ છે, તેમને આ રીતે મૂર્ખ બનાવી શકાય નહીં. કુરાન અનુસાર, માત્ર હોઠની સેવા એટલે કે, જ્યારે ભૂલ થાય ત્યારે માત્ર 'માફ કરશો' કહેવું અથવા મદદ પ્રાપ્ત કરતી વખતે 'આભાર' કહેવું- પૂરતું નથી.

**જે સત્યની વાત કરે છે, છતાં સત્ય માટે કંઈ કરતો નથી, તે સત્યનો દોષી છે. તે એવી વસ્તુ માટે શ્રેય મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે જે તેણે ક્યારેય કર્યું નથી.**

જ્યારે કોઈ ભૂલ થાય છે, ત્યારે તમારે સાચા દિલથી પસ્તાવો કરવો પડશે અને જ્યારે તમને ખૂબ જ જરૂરી સહાય આપવામાં આવે છે, ત્યારે તમારે સાચા દિલથી, હૃદયપૂર્વક અને અંતરાત્માથી આભારી રહેવું પડશે. શબ્દો એ કાર્યોનો વિકલ્પ નથી.

સામાજિક રીતભાત અને વાસ્તવિક નૈતિકતા વચ્ચે ઘણો તફાવત છે. સામાજિક રીતભાત એ પોતાની જાતને જ છેતરતી પ્રથા સિવાય બીજું કંઈ નથી; જ્યારે વાસ્તવિક નૈતિક મૂલ્ય નૈતિક સંવેદનશીલતાના આધારે તદ્દન અલગ છે.

ઈશ્વર તેમના આશિર્વાદ અને પુરસ્કારો ફક્ત તે જ સ્ત્રી-પુરુષોને આપે છે જેઓ પ્રામાણિક અને નિષ્ઠાવાન છે; જેઓ અન્ય લોકોના શુભેચ્છકો છે અને જેઓ તેમના

માટે માત્ર દેખાડો કરવા માટે નહિ પણ નોંધપાત્ર અર્થમાં કંઈક કરવાનો પ્રયાસ કરે છે. ખોટો શ્રેય લેવાનો ક્યારેય પ્રયાસ કરતા નથી.

## * સફળતાનો કાયદો *

ઈસ્લામના છેલ્લા પયગંબરના સમય દરમિયાન, અરબસ્તાનમાં બે યુદ્ધો થયા હતા બદર (ઈ.સ. ૬૨૪) અને ઉહુદ (ઈ.સ. ૬૨૫) બદરના યુદ્ધમાં, પયગંબર અને તેમના સાથીદારો વિજેતા હતા, પરંતુ, ઉહુદના યુદ્ધમાં, તેઓ તેમના વિરોધીઓ દ્વારા પરાજિત થયા હતા. ઉહુદમાં હાર બાદ કેટલાક મુસ્લિમો નિરાશામાં સરી પડયા. તેઓએ કહ્યું: "અમે સાચા માર્ગ પર ચાલતા હતા, તો પછી જેમણે તેમના જીવનમાં અસત્યને અપનાવ્યું હતું તેમના હાથે અમારી હાર શા માટે થઈ?" તે સમયે, સર્વશક્તિમાન ઈશ્વરે કુરાનમાં નીચેનો શ્લોક પ્રગટ કર્યો;

**નબળા પડશો નહીં અને ઉદાસ થશો નહીં, કારણ કે જો તમે સાચા શ્રધ્ધાળુઓ છો, તો તમારો હાથ ઉપર જ રહેશે. જો તમને ઈજાઓ થઈ હોય, તો તેઓને પણ એવી જ ઈજાઓ થઈ હતી. અમે લોકો વચ્ચે વિજય અને પરાજયના આ દિવસોને બદલીએ છીએ જેથી અલ્લાહ સાચા આસ્થાવાનોને જાહેર કરે, તમારામાંથી સાક્ષીઓને પસંદ કરે – અને અલ્લાહ અન્યાયીઓને પસંદ કરતો નથી. (૩:૧૩૯–૧૪૦)**

તે સમયે કુરાનમાં દર્શાવેલ આ અવલોકન આપણને કુદરતના સાર્વત્રિક નિયમ વિશે જણાવે છે, જે મુજબ સફળતા એ કોઈ એક વ્યક્તિ કે જૂથનો ઈજારો નથી. કુદરતના નિયમ મુજબ, દરેક વ્યક્તિ સફળતા અને નિષ્ફળતા બંને અનુભવવા માટે બંધાયેલો છે, ક્યારેક એક અને ક્યારેક અન્ય. સફળતાનો અનુભવ કરતી વખતે ખુશ થવું અને હારનો અનુભવ કરતી વખતે નિરાશ થવું એ દરેક માટે સામાન્ય છે. પરંતુ, આ પ્રકારની વધઘટ અવાસ્તવિક છે. આપણે સહજ મનથી બંને પરિસ્થિતિઓનો સામનો કરવો જોઈએ. આપણે બંને પરિસ્થિતિઓને સહજ રીતે સ્વીકારવી જોઈએ.

કુદરતનો આ નિયમ આડેધડ બનાવેલો કાયદો નથી. તે દરેક સ્ત્રી-પુરુષ માટે ઉપયોગી છે. તેનો અર્થ એ છે કે જ્યારે તમને સફળતા મળે છે, ત્યારે તમારે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. અને જ્યારે તમે નિષ્ફળ થાઓ છો, ત્યારે તમારે કેટલાક પાઠ શીખવા પડશે, પરિસ્થિતિનું પુનઃમૂલ્યાંકન કર્યા પછી તમારી યોજનાને ફરીથી બનાવવી પડશે.

આ જોડિયા અનુભવો વ્યક્તિગત તેમજ સમુહ તરીકે તમામ મનુષ્યો માટે સામાન્ય છે. જેઓ કુદરતના આ નિયમથી અજાણ છે તેઓ આ બન્ને અનુભવોમાંથી કોઈપણ પાઠ શીખવામાં નિષ્ફળ જાય છે. પરંતુ જેઓ આ હકીકતથી વાકેફ છે તેઓ ચોક્કસ આ અનુભવોમાંથી જરૂર શીખશે, અને પછી તણાવ અને નકારાત્મક વિચારોથી મુક્ત જીવન જીવશે.

**જ્યારે તમને સફળતા મળે છે, ત્યારે તમારે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, અને જ્યારે તમે નિષ્ફળ થાઓ છો ત્યારે તમારે કેટલાક પાઠ શીખવા પડશે, પરિસ્થિતિનું પુનઃમૂલ્યાંકન કર્યા પછી તમારી યોજનાને ફરીથી બનાવવી પડશે.**

જીવનમાં ઉતાર-ચઢાવ એ વ્યવસ્થાપનનો વિષય છે. વ્યવસ્થાપનની આ કળા શીખશો તો આ બંને અનુભવો તમારા માટે ખૂબ જ સારા સાબિત થશે.

# * સ્વયંને દોષ આપો *

ઈસ્લામના છેલ્લા પયગંબર અને તેમના સાથીઓએ, ઉહુદની લડાઈ (ઈ.સ. ૬૨૫) અને હુનયનની લડાઈ (ઈ.સ. ૬૩૦), એમ બે વખત હારનો સામનો કરવો પડયો. ઉહુદના પ્રસંગે તેઓને સંપૂર્ણ હારનો સામનો કરવો પડયો અને હુનયનમાં તેઓને આંશિક હારનો સામનો કરવો પડયો.

બંને લડાઈઓ સમયે, વિરોધીઓ આક્રમક હતા અને મુસ્લિમો બચાવકર્તા હતા. બંને કિસ્સાઓમાં, મુસ્લિમો નિર્દોષ હતા અને ફક્ત સામેનો પક્ષ જ દોષિત હતો. ન્યાય અને અન્યાયની દૃષ્ટિએ આવું જ હતું. પરંતુ કુરાને, બંને ઘટનાઓની સમીક્ષા કરીને, વિરોધી પક્ષની વિરુદ્ધ કંઈ કહ્યું નહીં, પરંતુ મુસ્લિમોને તેમની નબળાઈ દર્શાવીને સલાહ આપી. ઉહુદના કિસ્સામાં, કુરાને તેમના ગણોમાં એકતાના અભાવ તરફ ધ્યાન દોર્યું.

કુરાનના શબ્દો નીચે મુજબ છે;

**ખરેખર, અલ્લાહે તેનું વચન પૂરું કર્યું જ્યારે તમે શરૂઆતમાં તેની મરજીથી તેમને (તમારા શત્રુઓને) દૂર કરી દીધા, પછી તમારી હિંમત નબળી પડી અને તમે (પયગંબરના) આદેશ વિશે વિવાદ કર્યો અને અનાદર કર્યો, અલ્લાહે તમારી પહોંચમાં તમને જે જોઈતુ હતું એ લાવ્યા પછી (૩:૧૫૨)**

હુનૈનના કિસ્સામાં, કુરાને મુસ્લિમોમાં જે અભિમાનની ભાવના ઉદ્‌ભવી હતી એ દર્શાવી હતી.

આ યુદ્ધનો ઉલ્લેખ કરતા, કુરાન કહે છે;

**ખરેખર, અલ્લાહે તમને અનેક પ્રસંગોએ મદદ કરી છે. હુનૈનના દિવસે, જ્યારે તમે તમારી મોટી સંખ્યાને કારણે અભિમાન અનુભવતા હતા, ત્યારે તેઓ તમારા માટે કોઈ કામના સાબિત થયા ન હતા – કારણ કે પૃથ્વી, તેની બધી વિશાળતા હોવા છતાં, તમારા માટે [ખૂબ જ] સાંકડી થઈ ગઈ અને તમે પીછે હઠ કરીને પાછા ફર્યા. (૯:૨૫)**

**તમારી પોતાની નબળાઈ શોધવા માટે અને પછી તમારા પોતાના આયોજનનું પુનઃમૂલ્યાંકન કરવા માટે આત્મનિરીક્ષણમાં જોડાવું એ જ યોગ્ય બાબત છે.**

આ કુરાનની વિચારવાની રીત છે. કુરાનના ઉપદેશો અનુસાર, જો તમે અન્ય વ્યક્તિ અથવા જૂથ તરફથી કોઈપણ પ્રકારના અનિચ્છનીય અનુભવનો સામનો કરો છો, તો તમારે અન્ય લોકો સામે વિરોધનો કરવાનો અથવા તેમની સામે ફરિયાદ કરવાનો પ્રયત્ન કરવો નહી. તેના કરતા તમારી પોતાની નબળાઈ, તમારા પોતાના નબળા મુદ્દાને શોધવાનો પ્રયાસ કરવો જોઈએ જેણે અન્ય પક્ષને તમારા પર કાબુ મેળવવાની તક આપી.

ઈશ્વરે બનાવેલ રચનાના આયોજન અનુસાર, આપણું વિશ્વ પડકાર અને સ્પર્ધાનું વિશ્વ છે. આ દુનિયામાં સફળતા એ કોઈ વ્યક્તિ કે જૂથનો ઈજારો નથી. અન્યો સામે ફરિયાદો અને વિરોધમાં વ્યસ્ત રહેવું એ તદ્દન નિરર્થક છે. તમારી પોતાની નબળાઈ શોધવા માટે અને પછી તમારા પોતાના આયોજનનું પુનઃ મૂલ્યાંકન કરવા માટે આત્મ નિરીક્ષણમાં જોડાવું એ જ યોગ્ય બાબત છે. અપ્રિય પરિસ્થિતિઓ માટે આ એકમાત્ર ડાહપણ ભર્યો પ્રતિભાવ છે. સ્વ-સુધારણા દ્વારા તમે જે લક્ષ્ય હાંસલ કરવામાં નિષ્ફળ ગયા છો તે પાછું મેળવી શકો છો.

## * બીજાઓને ઉશ્કેરશો નહીં *

પયગંબરના સમય દરમિયાન, તેમના કેટલાક સાથીઓએ ઈશ્વરમાં શ્રદ્ધા નહીં રાખનારાઓના દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો આના પરિણામે સામેના પક્ષ તરફથી પ્રતિક્રિયા આવી. આ પરિસ્થિતિમાં, સર્વશક્તિમાન ઈશ્વરે તેમના શ્રદ્ધાળુઓ માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ સલાહ આપી.

આ પ્રકરણ અલ-અનામ (પશુઓ) માં નીચે મુજબ નોંધાયેલ છે;

**હે શ્રદ્ધાળુઓ! તેઓ અલ્લાહ સિવાય જેને બોલાવે છે તેનું અપમાન ન કરો, નહીં તો તેઓ, તેમની દુશ્મનાવટમાં, અજ્ઞાનતાથી અલ્લાહનું અપમાન કરશે. આ રીતે અમે દરેક લોકોના કાર્યોને તેમના માટે આકર્ષક બનાવ્યા છે, પછી તેઓને તેમના પ્રભુ તરફ પાછા ફરવાનું છે, અને તે તેઓને જાણ કરશે કે તેઓ શું કરતા હતા (૬:૧૦૮)**

તે સ્પષ્ટ છે કે સર્વશક્તિમાન ઈશ્વરે કયારેય મુસ્લિમોને એવું માર્ગદર્શન આપ્યું નથી કે અન્ય લોકો ઈશ્વરને અથવા ઈશ્વરના પયગંબર માટે અપશબ્દો કહેવા ઉશ્કેરાય; તેના બદલે, સર્વશક્તિમાન ઈશ્વર મુસ્લિમોને અન્યની મૂર્તિઓ વિશે અપમાનજનક ભાષાનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. અપમાનજનક ભાષા તેમને માત્ર ઉશ્કેરશે અને બદલામાં તેઓ ઈશ્વર અને તેના પયગંબરને માટે અપશબ્દો જ કહેશે.

આ શ્લોક એક ઉદાહરણ બેસાડે છે. મુસ્લિમોએ આ મુદ્દે એકપક્ષીય રીતે નૈતિક ધોરણોને જાળવી રાખવા જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, કુરાન ઘર્ષણ માટે જે કારણ તરફ નિર્દેશ કરે છે, એ છે ઉશ્કેરણી. જો કોઈ ઉશ્કેરણીથી દૂર રહે છે, તો વ્યક્તિ આપોઆપ પોતાને બદલો લેવાથી બચાવશે. જો તમે અન્યના નકારાત્મક નિવેદનોથી દુ:ખી થાઓ છો, તો તમને એવી માંગ કરવાની મંજૂરી નથી કે અન્ય લોકોએ તમને નુકસાન ન પહોંચાડવું જોઈએ. તે તમારી સમસ્યા છે અન્યની નહીં. કુરાનના ઉપદેશો અનુસાર, વ્યક્તિએ ધીરજ રાખવી જોઈએ અને બીજા પક્ષને વળતો પ્રહાર કરવાની તક આપવાથી બચવું જોઈએ. આ સિદ્ધાંતને 'સ્વયંને બચાવો' સૂત્ર કહી શકાય. બીજાઓ પાસે અપેક્ષા ન રાખો, બલ્કે વાણી અને વર્તનમાં પોતાની જાત પર નિયંત્રણ રાખો.

**આસ્તિકનું એ કામ જ નથી કે બીજાના વર્તન વિશે ફરિયાદ કરે કે અન્ય લોકો પાસે અપેક્ષા રાખે કે તેઓ મૌન રહે અથવા એવી ભાષાનો ઉપયોગ કરવાથી દૂર રહે જે આસ્તિકોને શોભતું ન હોય.**

આ સૂત્ર વેરભાવની સમસ્યાઓનો સૌથી સરળ ઉકેલ આપે છે. વધુમાં, આ પદ્ધતિ દ્વારા તમે તમારો સમય અને શક્તિ બચાવી શકો છો અને રચનાત્મક પ્રવૃત્તિઓ માટે વધુ સમય મેળવી શકો છો. આ સૂત્ર તમને વિક્ષેપનો ભોગ બનવાથી બચાવે છે, કારણ કે વિક્ષેપ હંમેશા નકામી, સમય માંગી લેતી પ્રવૃત્તિઓ તરફ દોરી જાય છે.

અન્ય લોકોને 'મને નુકસાન ન કરો!' એવું કહેવું નિરર્થક છે. અન્યને નુકસાન પહોંચાડવાનું ટાળવું વધુ સારું છે અને પછી સમસ્યા તરત જ હલ થઈ જાય છે. જો કોઈ ઈશ્વર અથવા પયગંબરની નિંદા કરે છે, તો ઈશ્વર તેને સજા કરશે. જો તેણે શબ્દના વાસ્તવિક અર્થમાં ગુનો કર્યો હોય તો આસ્તિકનું એ કામ જ નથી કે બીજાના વર્તન વિશે ફરિયાદ કરે કે અન્ય લોકો પાસે અપેક્ષા રાખે કે તેઓ મૌન રહે અથવા એવી ભાષાનો ઉપયોગ કરવાથી દૂર રહે જે આસ્તિકોને શોભતી ન હોય. દરેક વ્યક્તિ ઈશ્વર સમક્ષ જવાબદાર છે અને ઈશ્વર સારી રીતે જાણે છે કે લોકોના દુરાચરણ સાથે કેવો વ્યવહાર કરવો.

# * તણાવ કેવી રીતે ટાળવો *

તણાવમુક્ત જીવન કેવી રીતે મેળવવું? આ દરેક સ્ત્રી-પુરુષ દ્વારા પૂછવામાં આવતો પ્રશ્ન છે. કુરાન આપણને એક સરળ ઉકેલ આપે છે જેનો ઉલ્લેખ કુરાનના અધ્યાય અલ-રાદ (ગર્જના) માં કરવામાં આવ્યો છે.

કુરાનનો  સંબંધિત શ્લોક નીચે મુજબ છે;

**જેઓ (અલ્લાહમાં) શ્રધ્ધા રાખે છે અને જેમના હૃદયને અલ્લાહની યાદથી આરામ મળે છે. ચોક્કસ અલ્લાહના સ્મરણમાં દિલોને આરામ મળે છે. (૧૩:૨૮)**

કુરાનનો આ શ્લોક ઈશ્વરે બનાવેલ કુદરતની રચનાના આયોજનનો સંદર્ભ આપે છે. આ શ્લોકમાં આપેલ સૂત્ર છે.

**આ સંસારમાં સંતોષ ફક્ત તે લોકો માટે છે જેઓ સ્વેચ્છાએ ઈશ્વરે બનાવેલ રચનાના આયોજનને સ્વીકારે છે.**

કુરાનમાં સમજાવ્યા મુજબ, વર્તમાન વિશ્વ માત્ર મર્યાદિત સમયગાળા તેમજ એક અસ્થાયી હેતુ માટે બનાવવામાં આવ્યું છે - એટલે કે, તમારા વ્યક્તિત્વનો વિકાસ કરવા માટે જેથી તમે સ્વર્ગ કહેવાતી આગલી દુનિયામાં પ્રવેશ કરવા માટે લાયક બનો.

હવે સમસ્યા એ છે કે, માણસ એક આદર્શ સ્વભાવ સાથે જન્મ્યો છે અને તે હમેશા પરિપૂર્ણતા શોધતું પ્રાણી છે જીવનમાં તમામ શ્રેષ્ઠ વસ્તુઓ મેળવવાની ઈચ્છાના અર્થમાં, પરંતુ વર્તમાન વિશ્વ આ હેતુ માટે બનાવવામાં આવ્યું નથી. વર્તમાન વિશ્વમાં,

વ્યક્તિત્વ વિકાસની દ્રષ્ટિએ વિશાળ અવકાશ છે પરંતુ, ભૌતિક સિદ્ધિઓની દ્રષ્ટિએ વર્તમાન વિશ્વ  તેના અવકાશમાં ખૂબ જ મર્યાદિત છે.

વર્તમાન વિશ્વમાં જેઓ તેમની ભૌતિક ઈચ્છાઓ પૂર્ણ કરવા માંગે છે તેઓને બહુ જલ્દી જણાશે કે તેઓ તેમના સપનાની ઈમારત બનાવવામાં નિષ્ફળ ગયા છે. તેઓ જે કંઈપણ હાંસલ કરે છે તે તેમને આદર્શ કરતાં ઓછું જ લાગે છે. આ મુદ્દો તમામ પ્રકારના તણાવ અને તંગદિલીનો સ્ત્રોત છે.

કુરાનમાં આપેલ સૂત્ર આ છે. - આધ્યાત્મિક અને બૌદ્ધિક વિકાસની દ્રષ્ટિએ તમારા વ્યક્તિત્વને વિકસિત કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરો. પરંતુ, જ્યાં સુધી તમારી ભૌતિક જરૂરિયાતોનો સંબંધ છે, જરૂરિયાત આધારિત સૂત્ર અપનાવો, લોભ આધારિત નહીં. તમામ પ્રકારના તણાવ અને તંગદિલી એ એવી વસ્તુઓ પ્રાપ્ત કરવાના પ્રયાસનું પરિણામ છે જે આ દુનિયામાં પ્રાપ્ત કરી શકાતી નથી.

સમસ્યા એ છે કે લોકો ખોટા માપદંડ દ્વારા વસ્તુઓને મૂલવે છે. તેઓ તેમની સિદ્ધિઓને આદર્શ માપદંડ દ્વારા નક્કી કરે છે જે અવાસ્તવિક છે. વાસ્તવિક સૂત્ર છે કે તમારા પોતાના વ્યક્તિત્વ વિકાસનું મૂલ્યાંકન કરતી વખતે જ આદર્શ માપદંડનો ઉપયોગ કરો. પરંતુ જ્યારે તમારી ભૌતિક જરૂરિયાતોની વાત આવે ત્યારે અલગ માપદંડનો ઉપયોગ કરો. અહીં, તમારે સમજવું પડશે કે આદર્શ કરતાં ઓછું જ પ્રાપ્ત કરી શકાય છે. જો તમારે આ દુનિયામાં તણાવ-મુક્ત જીવન જીવવું હોય તો વાસ્તવિક અભિગમ અપનાવો. તમારી ઈચ્છાઓ પાછળ દોડશો નહીં, કારણ કે, વાસ્તવમાં, તે પૂર્ણ કરવી અશક્ય છે.

## * કોઈ ભેદભાવ નહીં *

વિશ્વના અન્ય સમાજોની જેમ, આરબ લોકો પણ માણસોના રંગ અને અન્ય ભેદભાવોથી ગ્રસ્ત હતા. તેઓ એવા લોકો સાથે ભેદભાવ રાખતા હતા જેઓ દેખીતી રીતે બીજાઓ કરતા નીચા દરજ્જાના હતાં. આ માત્ર એક અરબી  ઘટના ન હતી, તે યુગમાં આ સાર્વત્રિક હતી.

આ પૃષ્ઠભૂમિ સાથે, સર્વશક્તિમાન ઈશ્વરે કુરાનના અધ્યાય અલ-હુજુરાત (મકાન) માં આ શ્લોક પ્રગટ કર્યો;

**હે માનવજાત ! ખરેખર, અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીમાંથી બનાવ્યા છે અને તમને લોકો (ના  સમૂહ / સમાજ / રાષ્ટ્ર) અને જાતિઓમાં બનાવ્યા છે જેથી તમે એકબીજાને ઓળખી શકો. નિઃશંકપણે અલ્લાહની નજરમાં તમારામાં સૌથી ઉમદા એ તમારામાં સૌથી વધુ ન્યાયી છે. અલ્લાહ સાચે જ સર્વજ્ઞ, સર્વ–જાણકાર છે. (૪૯:૧૩)**

આ શ્લોક અનુસાર, કુરાન માત્ર મુસ્લિમ ભાઈચારામાં જ નહીં પરંતુ વૈશ્વિક ભાઈચારામાં માને છે. હકીકતમાં તમામ બાબતોમાં, કુરાન કોઈપણ પ્રકારના સાંપ્રદાયિક અભિગમને બદલે સાર્વત્રિક અભિગમ અપનાવે છે. કુરાનમાં ઘણી આયતો છે જે દર્શાવે છે કે કુરાનના વાચકો અલ-નાસ (માનવ જાત) છે અને માત્ર એક સમુદાય નથી.

એ હકીકત છે કે લોકો વચ્ચે રંગ, દેખાવ વગેરેના સંદર્ભમાં તફાવત છે. પરંતુ આ તફાવતોને વિવિધ વ્યક્તિઓ અથવા જૂથોની શ્રેષ્ઠતા અથવા લઘુતા સાથે કોઈ લેવાદેવા નથી. તે કુદરતી તફાવતો છે અને લોકો કોઈપણ મુશ્કેલી વિના એકબીજાને ઓળખી શકે તે હેતુથી તે અસ્તિત્વમાં છે.

કુરાનના ઉપરોક્ત શ્લોક મુજબ વ્યક્તિ અથવા જૂથનું મહત્વ ફક્ત યોગ્યતાના આધારે નક્કી કરવામાં આવશે. લોકો વચ્ચે વર્ગીકરણનો આધાર માત્ર એક જ છે અને તે છે, યોગ્યતા.

ગુણવત્તા આધારિત વર્ગીકરણને ભેદભાવ કહી શકાય નહીં. તે લોકોને વર્ગીકૃત કરવાની એક યોગ્ય પદ્ધતિ છે. તે પ્રેરણાનો સ્ત્રોત છે અને તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ બનાવે છે, તે વાસ્તવિક ધોરણે સામાજિક વિકાસની બાંયધરી છે.

રંગ, દેખાવ વગેરેના આધારે ભેદભાવ એ નકારાત્મક પ્રથા છે, જ્યારે યોગ્યતાના આધારે વર્ગીકરણ લોકોમાં પ્રેમ અને સન્માનને પ્રોત્સાહન આપે છે. તે સુનિશ્ચિત કરે છે કે સમાજના કોઈપણ સભ્યને ન્યાયથી વંચિત રાખવામાં આવશે નહીં. તે વિકાસ અને પ્રગતિ માટે અનુકૂળ વાતાવરણ બનાવે છે અને દરેકને સમાજમાં સકારાત્મક રીતે યોગદાન આપવાની તક આપે છે. ભેદભાવ લોકોમાં વિવાદ પેદા કરે છે, જ્યારે કુરાનના સિદ્ધાંતોનું પાલન સમાજના વિવિધ વર્ગો વચ્ચે એકતા અને સંવાદિતા પેદા કરે છે. આ છેલ્લી બાબત પરસ્પર આદરની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

**રંગ, દેખાવ વગેરેના આધારે ભેદભાવ એ નકારાત્મક પ્રથા છે, જ્યારે યોગ્યતાના આધારે વર્ગીકરણ લોકોમાં પ્રેમ અને સન્માનને પ્રોત્સાહન આપે છે.**

કુરાન અને જૈવિક સંશોધન મુજબ તમામ સ્ત્રી-પુરુષોના પૂર્વજ એક જ છે. તેથી આ મુજબ બધા સ્ત્રી-પુરુષો એકબીજાના લોહીના સંબંધીઓ છે. સમગ્ર માનવજાત એક વૈશ્વિક કુટુંબ છે.

## * પૈસાનો વેડફાટ *

પૈસા કમાતા લોકો માટે સામાન્ય વલણ એવું હોય છે કે તેઓ પૈસાને તેમની પોતાની મિલકત માને છે. તેઓને લાગે છે કે તેઓ કોઈપણ પ્રતિબંધ વિના મનફાવે તેમ તેમના રૂપિયા જ્યાં વાપરવા હોય ત્યાં વાપરી શકે છે. આ વલણ આરબ સમાજમાં પણ પ્રચલિત હતું.

આ પૃષ્ઠભૂમિ સાથે અધ્યાય અલ-અરાફ (ઊંચાઈ) માં કુરાન નીચે મુજબનું સામાન્ય માર્ગદર્શન આપે છે;

**ઓ આદમના સંતાનો! જ્યારે પણ તમે પૂજામાં હોવ ત્યારે યોગ્ય પોશાક પહેરો.**
**ખાઓ અને પીઓ, પરંતુ બગાડ કરશો નહીં.**
**ચોક્કસ તે (અલ્લાહ) વ્યર્થ (વ્યર્થ કરતા) લોકોને પસંદ કરતા નથી. (૭:૩૧)**

તમારા રૂપિયા ખર્ચવા એ ફક્ત મરજીની બાબત નથી. બીજા ઘણા પાસાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે. ઉદાહરણ તરીકે, જો તમારા નાણા ખર્ચીને તમે બિનઆરોગ્યપ્રદ ખોરાક અથવા બિનઆરોગ્યપ્રદ પીણું લો છો, તો તે તમારી પોતાની શારીરિક તંદુરસ્તીને નુકશાન પહોંચાડશે. તમે તમારા સ્વાસ્થ્ય અને જીવનમાં તમારી પ્રવૃત્તિઓને બગાડશો.

**પૈસા એ વિક્ષેપનો એક મહાન સ્ત્રોત છે, અને આ વિક્ષેપને જ કુરાનમાં ‘ઈસરાફ’ કહેવામાં આવે છે. ઈસરાફનો શાબ્દિક અર્થ થાય છે તમામ મર્યાદાઓથી આગળ વધવું.**

વાસ્તવમાં પૈસાના બે અલગ-અલગ પાસાઓ છે. સકારાત્મક અને નકારાત્મક ધનનો સકારાત્મક ખર્ચ બેશક સારો છે પણ ધનનો નકારાત્મક ખર્ચ ખરાબ છે.

પૈસા એ વિક્ષેપનો એક મહાન સ્ત્રોત છે, અને આ વિક્ષેપને જ કુરાનમાં ‘ઈસરાફ’ કહેવામાં આવે છે. ઈસરાફનો શાબ્દિક અર્થ થાય છે તમામ મર્યાદાઓથી આગળ વધવું. અને આ અર્થમાં પૈસાનો કોઈપણ વેડફાટ એ ઈસરાફ છે. જ્યારે વ્યક્તિ ઈસરાફમાં

વ્યસ્ત થઈ જાય છે, ત્યારે તે ખૂબ જ જલ્દી તેની આદત બની જાય છે અને વ્યક્તિ અન્ય બાબતોમાં પણ હદથી આગળ વધી જાય છે. અને તે વિનાશક સાબિત થાય છે.

કમાનાર વ્યક્તિ માટે પૈસા એ એક મહાન સંપત્તિ છે, તે તેને વધુ સારું જીવન જીવવામાં મદદ કરે છે. તે તેની વાસ્તવિક જરૂરિયાતો માટે બિલ ચૂકવવામાં મદદ કરે છે. પરંતુ જ્યારે તે સકારાત્મક ખર્ચ અને નકારાત્મક ખર્ચ વચ્ચે તફાવત કરવામાં નિષ્ફળ જાય છે ત્યારે તે દર્શાવે છે કે તે વ્યક્તિ પોતાની ઈચ્છાઓનો ગુલામ બની ગઈ છે, કે જે જીવનમાં કોઈ વાસ્તવિક લાભ ન મળે તેવી વસ્તુઓ પર તેના પૈસા ખર્ચે છે.

આ કારણોસર, દરેક સ્ત્રી-પુરૂષોએ તેમની ખરીદીમાં ખૂબ જ સભાન રહેવું જોઈએ, સખત પસંદગીયુક્ત રીતે ખરીદી કરવી જોઈએ. જ્યારે તમે કોઈ શોપિંગ સેન્ટરમાં હોવ, ત્યારે ક્ષણિક ઉત્તેજના પર ધ્યાન ના આપો, પરંતુ તમારી વાસ્તવિક જરૂરિયાતો શું છે તે જુઓ. આધુનિક શોપિંગ સિસ્ટમ અથવા આધુનિક ઉપભોક્તાવાદ, પૈસાના વેડફાટનું સૌથી મોટું કારણ છે.

તમારા પૈસાનો ઉપયોગ એવી વસ્તુઓ પર કરો જે તમને બદલામાં કંઈક રચનાત્મક પરિણામ આપે. જે પ્રકારનો ખર્ચથી તમને કોઈ વળતર મળતું  નથી તો તે પૈસાનો સંપૂર્ણ વેડફાટ છે. પૈસા ખર્ચવા એ બીજ વાવવા જેવું છે. જો બીજ તમને સારી લણણી આપશે, તો તે વાવણી કરવા યોગ્ય હશે, અન્યથા તેને બિલકુલ ન વાવો તે વધુ સારું છે. પૈસા વાપરવામાં પણ એવું જ છે.

## * પરંપરાની સ્થાપના *

માનવ જાતિના પ્રારંભિક દિવસોમાં આદમ અને ઈવ (હવ્વા) જેમણે પ્રથમ પેઢીની સ્થાપના કરી હતી, તેમને બે પુત્રો હતાં. કાબિલ અને હાબિલ. કોઈ યોગ્ય કારણ વિના મોટો ભાઈ કાબિલ ગુસ્સે થયો અને તેના નાના ભાઈ હાબિલની હત્યા કરી દીધી. આ એક ખૂબ જ ગંભીર અપરાધ હતો, જેના પછી ઈશ્વરે તે સમયના પયગંબરને તેમનું માર્ગદર્શન મોકલ્યું.

આ દૈવી માર્ગદર્શન કુરાનમાં આ રીતે ટાંકવામાં આવ્યું છે;

**તેથી જ અમે ઈઝરાયલના સંતાનો માટે આદેશ આપ્યો કે જે કોઈ પણ વ્યક્તિની હત્યા કરશે, સિવાય કે હત્યાની સજા અથવા દેશમાં ભ્રષ્ટાચાર ફેલાવવાની સજા**

**તરીકે તેણે સમગ્ર માનવજાતની હત્યા કર્યાનું માનવામાં આવશે,**
**અને જે કોઈ માનવ જીવન બચાવશે.**
**તેણે સમગ્ર માનવજાતને બચાવ્યા તરીકે ગણવામાં આવશે. (૫:૩૨)**

શા માટે સર્વશક્તિમાન ઈશ્વર કહે છે કે એક વ્યક્તિને મારી નાખવી એ સમગ્ર માનવજાતને મારવા સમાન છે, અને એક વ્યક્તિને જીવન આપવું એ સમગ્ર માનવજાતને જીવન આપવા જેવું છે? આ પ્રશ્ન પરંપરાના મહત્વને રેખાંકિત કરે છે.

કહેવત છે કે, 'થોડી પરંપરા બનાવવા માટે ઘણો ઈતિહાસ જોઈએ.' આનો અર્થ એ છે કે જો તમે સમાજમાં સારી પરંપરા સ્થાપિત કરવા માંગો છો, તો તમારે તેને સામાજિક ધોરણ બનાવવા માટે ઘણા ઉદાહરણોની જરૂર પડશે; તદુપરાંત, જો તમે સમાજમાં ખોટી પરંપરા સ્થાપિત કરી છે, તો આ ખોટી પરંપરાને નાબૂદ કરવા અને તેને તંદુરસ્ત પરંપરા સાથે બદલવા માટે ફરીથી પરિવર્તનની લાંબી પ્રક્રિયાની જરૂર પડશે.

સમાજ કાયદાઓનું નહિ પરંતુ પરંપરાઓનું પાલન કરે છે. સામાજિક સુધારણામાં કાયદાની ભૂમિકા ખૂબ જ મર્યાદિત હોય છે. કુટુંબનું પણ એવું જ છે. બંને કાયદાઓનું પાલન કરવા કરતા પરંપરાઓ અનુસાર સખત રીતે વર્તે છે. તેથી કુટુંબ હોય કે સમાજ કે પછી રાષ્ટ્રના કિસ્સામાં, વ્યક્તિએ આ બાબતમાં ખૂબ જ સમજદારી રાખવી જોઈએ.

વિવેકબુદ્ધિના અભાવનું એક ઉદાહરણ સ્વતંત્રતાના વર્તમાન ખ્યાલને પ્રોત્સાહન આપવાનું છે. વર્તમાન સમયમાં લોકો સામાન્ય રીતે આઝાદીને સર્વશ્રેષ્ઠ લાભ તરીકે લે છે. સ્વતંત્રતાની આ આધુનિક અવધારણાએ તે બધી પરંપરાઓને તોડી નાખી છે જે છેલ્લા હજારો અને લાખો વર્ષોથી દરેક સમાજનો એક ભાગ છે.

ઉદાહરણ તરીકે, જ્યારે પ્રાચીન સમાજો માનવીય ફરજોની અવધારણા પર આધારિત હતાં, ત્યારે સ્વતંત્રતાની વર્તમાન અવધારણાએ માનવીય ફરજોની અગાઉની અવધારણાને ભૂંસી નાખી છે, તેના સ્થાને માનવ અધિકારો પર વધુ ભાર મૂક્યો છે. આ કારણોસર આપણે જોઈએ છીએ કે દરેક જગ્યાએ લોકો ફરજ પ્રત્યે સભાન હોવાને બદલે અધિકારો પ્રત્યે સભાન છે. આ પરિવર્તનથી સમાજનો આખો ઢાંચો નાસીપાસ થયો છે.

તેથી, તે પરંપરાઓ સાથે ચેડાં કરવા વિશે ખૂબ જ સાવચેત રહો જે પરિવાર અને સમાજ બંને સાથે સંબંધિત છે.

# * ક્રોધ નિયંત્રણ *

સામાજિક સમસ્યાઓ એ કુરાનની સતત ફિકર છે અને તે તેનું સંબોધન કરે છે. આ પ્રકારની સમસ્યાઓમાંથી એક "ક્રોધ" છે. આ એક એવી ઘટના છે જે દરેક સમાજમાં જોવા મળે છે. હકીકતમાં જ્યાં બે વ્યક્તિઓ હોય ત્યાં ઉશ્કેરણી અને ગુસ્સો પણ હોય છે. આ વિષય પર, કુરાન અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં જે માર્ગદર્શન આપે છે. તેનો અનુવાદ નીચે મુજબ છે;

**જેઓ સમૃદ્ધિ અને પ્રતિકૂળ બંને (પરિસ્થિતિઓ) માં દાન કરે છે, પોતાના ક્રોધને સંયમિત કરે છે અને બીજાઓ પ્રત્યે ક્ષમાશીલ છે અને અલ્લાહ સત્કર્મીઓને પ્રેમ કરે છે. (૩:૧૩૪)**

આ શ્લોકમાં કુરાન એવું નથી કહેતું કે સાચો આસ્તિક ક્રોધથી રહિત છે, તે તેના બદલે કહે છે કે સાચો આસ્તિક તે છે જે તેના ગુસ્સાને નિયંત્રિત કરી શકે  છે. તેથી, સાચા આસ્તિકની વ્યાખ્યા એ નથી કે જે ક્રોધથી મુક્ત હોય, પરંતુ જેની શ્રદ્ધા એટલી શક્તિશાળી હોય કે જ્યારે પણ તેના હૃદયમાં ક્રોધની આગ ભભૂકી ઉઠે ત્યારે તે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી શકે.

**ગુસ્સો એ નકારાત્મક પ્રતિક્રિયા છે. પરંતુ સાચો આસ્તિક એ છે જે તે સમયે સકારાત્મક પ્રતિસાદ આપવાની ક્ષમતા ધરાવે છે.**

ક્રોધ એ અનિષ્ટ નથી. તે માનવ સ્વભાવનો એક ભાગ છે. હકીકતમાં, ગુસ્સો એ માનવ સ્વભાવના સ્વસ્થ પાસાની નકારાત્મક અભિવ્યક્તિ છે. માણસ અંતર્જ્ઞાનથી સંપન્ન એક સંવેદનશીલ પ્રાણી છે અને, તેના અંતર્જ્ઞાન દ્વારા, તે જાણે છે કે શું સારું છે અને શું ખરાબ છે. તેથી, સ્વાભાવિક છે કે જ્યારે તે કોઈ સિદ્ધાંત વિનાનું વર્તન અથવા અનૈતિક કૃત્ય જુએ છે, ત્યારે તે વ્યગ્ર થઈ જાય છે. પરંતુ આવી સ્થિતિમાં, બે વિકલ્પો છેઃ નકારાત્મક પ્રતિક્રિયા દર્શાવવી અથવા સકારાત્મક પ્રતિભાવ આપવો.

ગુસ્સો એ નકારાત્મક પ્રતિક્રિયા છે. પરંતુ સાચો આસ્તિક એ  છે જે તે સમયે સકારાત્મક પ્રતિસાદ આપવાની ક્ષમતા ધરાવે છે. નકારાત્મક પ્રતિભાવ નફરતમાંથી ઉદ્દભવે છે, જ્યારે સકારાત્મક પ્રતિભાવ પ્રેમ અને કરુણામાંથી વહે છે. સાચા શ્રધ્ધાળુએ તે પરિસ્થિતિમાં કરુણા કેળવવી જોઈએ. તેણે તેની ખરાબ ટેવો સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. તેણે તેના કન્ડીશનીંગને ડી-કન્ડિશન કરવાનો પ્રયાસ કરવો જ જોઈએ. કુરાનના શ્લોકનો સંદેશ છે, દ્વેષપૂર્ણ પ્રતિક્રિયા ન આપો, પરંતુ દયાળુ પ્રતિભાવ આપવાનો પ્રયાસ કરો.

ગુસ્સો સામાન્ય રીતે ઉશ્કેરણીનું પરિણામ છે અને ઉશ્કેરણી એ તમારી આત્મ-નિયંત્રણ કરવાની ક્ષમતાની કસોટી છે, તે ઉશ્કેરણીને ફક્ત તમારી અવ્યવસ્થિતતા માટેના પડકાર તરીકે જોવામાં મદદ કરે છે. તેથી ઉશ્કેરણીના સમયે, એક એવી વ્યક્તિ તરીકે સાબિત થાઓ જે પોતાનું સંતુલન જાળવી શકે અને તમામ બળતરાથી ઉપર ઊઠી શકે. તમારી નકારાત્મક ભાવનાઓના સ્વામી બનો. આ લક્ષણ સ્ત્રી અને પુરૂષ, બન્નેની સાચી પ્રતિષ્ઠા જાળવી રાખે છે.

## * આશાભરી શરૂઆત *

બિસ્મિલ્લાહિ ર્રહમાની ર્રહિમ કુરાનનો પ્રથમ શ્લોક છે. તે કુરાનમાં ઓછામાં ઓછા એકસો તેર વખત પુનરાવર્તિત થાય છે. આ પુનરાવર્તન દર્શાવે છે કે, આ શ્લોક કુરાનમાં દર્શાવવામાં આવેલી બધી વસ્તુઓની યોજનાઓમાં ખૂબ મહત્વ ધરાવે છે.

આ શ્લોકનો અનુવાદ છે "અલ્લાહના નામે, જે ખૂબ જ દયાળુ અને પરમ કૃપાળુ છે." ઈસ્લામના પયગંબરે કહ્યું કે તમે જે પણ કરો છો તેની શરૂઆતમાં તમારે આ શ્લોકનું પઠન કરવું. તેથી, આને "શરૂઆત કરવાનો શબ્દ" કહી શકાય.

આ રીતે શરૂઆત કરવી, ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે તમને મોટી આશા આપે છે. આ શ્લોકનું પઠન કર્યા પછી, તમે વિશ્વાસ કરી શકો છો કે તમે તમારું કાર્ય એવી દુનિયામાં શરૂ કરી રહ્યા છો જે સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા નિયંત્રિત છે અને જો તમે સાચા માર્ગ પર ચાલશો, તો તમને દૈવી મદદ મળશે.

આ માન્યતા, તમને તણાવ અને નિરાશાથી મુક્ત કરીને, તમને ખૂબ માનસિક હિંમત આપે છે. તે સકારાત્મકતાની ભાવના કેળવે છે. આ શ્લોકનું પઠન એ હોઠોનું કર્મ માત્ર નથી. પરંતુ તે સર્વશક્તિમાન ઈશ્વરે બનાવેલ કુદરત વિશે તમારો ભરોસો દર્શાવે છે.

આ શબ્દનો પાઠ કરવાથી તમને ફક્ત હિંમત જ નથી મળતી પરંતુ તે તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક સ્થિતી સ્થાપવામાં પણ મદદ કરે છે. આ સકારાત્મકતા તમને તમારા જીવનનું વાસ્તવિક ધોરણે આયોજન કરવા સક્ષમ બનાવે છે. તેનાથી તમારા મનમાંથી તમામ નકારાત્મક વિચારો દૂર થઈ જાય છે. તે તમારી સર્જનાત્મકતા વધારે છે.

**આમ બિસ્મિલ્લાહ કહેવું એ ઉચ્ચ સત્તાની સ્વીકૃતિ છે કે ઈશ્વરના આશીર્વાદ વિના તમે આ વિશ્વમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી.**

જ્યારે તમે કહો છો, "હું સર્વશક્તિમાન ઈશ્વરના નામથી શરૂ કરું છું," ત્યારે તમે બ્રહ્માંડની સૌથી મોટી શક્તિ સાથે સંબંધ સ્થાપિત કરો છો. તમને લાગણી થાય છે કે તમે આ દુનિયામાં એકલા નથી. સર્વશક્તિમાન ઈશ્વર તમારા પક્ષે છે. તમને લાગે છે કે તમે આ દુનિયામાં પરાયા નથી, પરંતુ તમારી આસપાસના એક અભિન્ન અંગ છો.

બિસ્મિલ્લાહિ ર્રહમાની ર્રહિમ કહેવું એ કોઈ કર્મકાંડ નથી. તે શ્રદ્ધાનો વાસ્તવિક ભાગ છે, તે એક સભાન કાર્ય છે. એક તરફ તે બ્રહ્માંડના નિર્માતાની સ્વીકૃતિ છે અને બીજી તરફ તે પ્રામાણિકતા અને ઈમાનદારીની ગૌરવપૂર્ણ અભિવ્યક્તિ છે.

"હું ઈશ્વરના નામથી શરૂઆત કરું છું" એટલે કે હું મારા કાર્યમાં અને મારા જીવનમાં સર્વશક્તિમાન ઈશ્વરની મદદ માંગું છું. આ શબ્દોનું પઠન કરવું એ તમારા આત્માને શુદ્ધ કરવા અને નમ્રતાની રેખાઓ પર તમારા મનને રેખાંકિત કરવા સમાન છે. તે સૃષ્ટિ તરફથી સર્જકને મળેલી સ્વીકૃતિ છે. આમ બિસ્મિલ્લાહ કહેવું એ ઉચ્ચ સત્તાની સ્વીકૃતિ છે કે ઈશ્વરના આશીર્વાદ વિના તમે આ વિશ્વમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી.

અધ્યાય અલ-કલમ (પેન) માં, કુરાન કેટલાક બાગાયતકારોની વાર્તા વર્ણવે છે જેમણે બિસ્મિલ્લાહ કહેવાનું છોડી દીધું હતું. કુરાનમાં આ ઘટનાનો ઉલ્લેખ નીચે મુજબ છે;

**અમે એક ચોક્કસ બગીચાના માલિકોને અજમાવ્યા તેમ અમે તેમને (મક્કાવાસીઓને) અજમાવ્યા, જેમણે બીજા દિવસે સવારે તેના બગીચાના તમામ ફળો લણવાની પ્રતિજ્ઞા લીધી. અલ્લાહની મરજીની પરવાહ કર્યા વગર જ્યારે તેઓ સૂતા હતા ત્યારે તેને તમારા પ્રભુ તરફથી આફત આવી અને સવાર સુધીમાં તે એવી રીતે આવી કે જાણે કે તે (તેમનો બાગ) માત્ર ઉજ્જડ જમીન જેવી થઈ ગઈ. (૬૮:૧૭–૨૦)**

આનો અર્થ એ છે કે કોઈ પણ વ્યક્તિ ઈશ્વરની ઈચ્છા વિના આ વિશ્વમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતું નથી. ઈશ્વર આ સૃષ્ટિના સ્વામી છે. જ્યારે કોઈ બિસ્મિલ્લાહ કહે છે, ત્યારે વ્યક્તિ ઈશ્વરને તેની મદદ પૂરી પાડવા માટે વિનંતી કરે છે. આ સર્વશક્તિમાન ઈશ્વરની પરવાનગી માંગવા જેવું છે. તેથી, બિસ્મિલ્લાહ કહેવું તે આ દુનિયામાં કોઈપણ કાર્યની સફળતા સુનિશ્ચિત કરે છે.

# * માનસિક શાંતિ *

દરેક વ્યક્તિ પાસે મન હોય છે પરંતુ મનની શાંતિ એ એક દુર્લભ ઘટના છે.

દરેક વ્યક્તિ શાંતિથી જીવવા માંગે છે પરંતુ શાંતિ લગભગ બધાને મળતી નથી. કદાચ માનવ વિશ્વની આ સૌથી મોટી સમસ્યા છે. આ સમસ્યાનો ઉકેલ શું છે?

કુરાન આ સમસ્યાનું નિરાકરણ સ્પષ્ટ શબ્દોમાં આપે છે. તે અલ-રાદ (ગર્જના) પ્રકરણમાં નોંધાયેલ છે;

**જેઓ અલ્લાહમાં શ્રધ્ધા રાખે છે અને જેમના હૃદયને અલ્લાહની યાદથી આરામ મળે છે. ચોક્કસ અલ્લાહના સ્મરણમાં દિલોને આરામ મળે છે. (૧૩:૨૮)**

અહીં 'અલ્લાહના સ્મરણ' નો અર્થ એ નથી કે ફક્ત અલ્લાહ શબ્દનું કોઈ અર્થ વગરનું રટણ કર્યા કરવું. પરંતુ તેનો અર્થ એ છે કે, વાસ્તવમાં સંતોષ ફક્ત તેમના માટે જ છે જેઓ સર્વશક્તિમાન ઈશ્વરે બનાવેલ નિર્માણના આયોજનને સ્વીકારે છે.

ખાસ કરીને આનો અર્થ એ છે કે આ વિશ્વ ઈશ્વર દ્વારા બનાવવામાં આવ્યું છે અને ઈશ્વરે પ્રકૃતિના તમામ નિયમો ઘડયા છે, જે કોઈપણ આ વિશ્વમાં શાંતિપૂર્ણ મનથી જીવવા માંગે છે તેણે સર્વશક્તિમાન ઈશ્વરે બનાવેલ પ્રકૃતિની રચનાનું રહસ્ય જાણવું જોઈએ અને તેના અનુસાર જીવવાનો પ્રયાસ કરવો જોઈએ.

આ દૈવી યોજના અનુસાર, માણસને એક આદર્શ ખોજકર્તા પ્રાણી તરીકે બનાવવામાં આવ્યો છે. તેથી દરેક વ્યક્તિ જન્મથી આદર્શવાદી છે. પરંતુ વર્તમાન વિશ્વ એક આદર્શ વિશ્વ નથી. માણસનું મન તેની ક્ષમતામાં અમર્યાદિત હોઈ શકે છે, પરંતુ આપણું વિશ્વ મર્યાદિત છે. બંને વચ્ચેનો આ વિરોધાભાસ જ સમસ્યા સર્જે છે. આમ, માનસિક તણાવ એ સાધક અને સિદ્ધિ વચ્ચેના અંતરનું પરિણામ છે.

**બધી ઈચ્છાઓની પરિપૂર્ણતા આ દુનિયામાં વ્યક્તિ માટે ધ્યેય ન બની શકે. તમારે તમારી બધી ઈચ્છાઓ પૂરી કરવાનો પ્રયાસ કરવાને બદલે ઈચ્છા વ્યવસ્થાપનની કળા શીખવી જોઈએ.**

દૈવી સર્જનની પ્રકૃતિને કોઈ બદલી શકે નહીં. આ સ્થિતિમાં તમારી પાસે એક જ વિકલ્પ છે અને તે છે તમારી પોતાની ઈચ્છા પ્રમાણે દુનિયાને ઢાળવાનો પ્રયાસ કરવાને બદલે તમારી જાતને બાહ્ય દુનિયા સાથે સમયોજિત કરો.

બધી ઈચ્છાઓની પરિપૂર્ણતા આ દુનિયામાં વ્યક્તિ માટે ધ્યેય ન બની શકે. તમારે તમારી બધી ઈચ્છાઓ પૂરી કરવાનો પ્રયાસ કરવાને બદલે ઈચ્છાઓ પર સંયમ અથવા ઈચ્છા વ્યવસ્થાપનની કળા શીખવી પડશે. પરંતુ અહીં દરેક વ્યક્તિ માટે સારા સમાચાર છે. ભૌતિક વિશ્વ મર્યાદિત હોવા છતાં બૌદ્ધિક દુનિયા અમર્યાદિત છે.

આપણે જીવનમાં આપણાં લક્ષ્યો બૌદ્ધિક સિદ્ધિઓના સંદર્ભમાં નક્કી કરવા જોઈએ, ભૌતિક સિદ્ધિઓના સંદર્ભમાં નહીં. બૌદ્ધિક વિશ્વ એટલું વિશાળ છે કે બૌદ્ધિક પ્રવૃત્તિનો કોઈ અંત નથી. બૌદ્ધિક યાત્રા અવકાશ અને સમયની બહાર જઈ શકે છે, જ્યારે ભૌતિક પ્રવૃત્તિઓમાં એવું થઈ શકતું નથી.

વર્તમાન પરિસ્થિતિ એ ઈશ્વરના આશીર્વાદ છે. ઈશ્વરની ઈચ્છા છે કે માણસે ભૌતિક વસ્તુઓના સંદર્ભમાં સંતોષનો સિદ્ધાંત અપનાવવો જોઈએ. પરંતુ જ્યાં સુધી બૌદ્ધિક સિદ્ધિઓનો સંબંધ છે ત્યાં કોઈ મર્યાદા નથી. સર્વશક્તિમાન ઈશ્વર દરેક વ્યક્તિને એક મહાન સિદ્ધિ મેળવનાર તરીકે જોવા માંગે છે. પરંતુ બૌદ્ધિક ધ્યેયોના સંદર્ભમાં, નહીં કે ભૌતિક લક્ષ્યોની દ્રષ્ટિએ.

જો તમે પશ્ચિમ બાજુએ એટલાન્ટિક તરફ દરિયાઈ મુસાફરી કરો અને આફ્રિકન કિનારેથી શરૂ કરો છો, તો અમેરિકન દરિયા કિનારો મર્યાદા બનશે. પરંતુ જો તમે બ્રહ્માંડના નિયમો શોધવાનો પ્રયાસ કરો, તો એમાં કોઈ મર્યાદા નથી. તથ્યોની દુનિયાની કોઈ મર્યાદા નથી, તેથી તમે તેમાં તમારી સફર કાયમ માટે ચાલુ રાખી શકો છો.

જો તમારે મન શાંત રાખવું હોય તો **સાદું જીવન અને ઉચ્ચ વિચાર** સૂત્ર અપનાવો.

## * અભિયાન અને વ્યવસાય *

ઈશ્વરનું પુસ્તક એ માર્ગદર્શનનું પુસ્તક છે. તે એ લોકોને એવા દિશાનિર્દેશો આપે છે જે તેઓ સિદ્ધાંતો અને કર્મમાં અનુસરે છે ત્યારે તેઓને અલ્લાહના આશીર્વાદ પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ દૈવી ગ્રંથ માત્ર ધાર્મિક સમુદાયનું કેન્દ્રિય પ્રતીક બની ગયું છે. આ બીજા તબક્કા સાથે, દૈવી ગ્રંથના ઉપયોગમાં એક નવું પરિમાણ ઉમેરાયું છે, અને એ છે વ્યાપારી પરિબળ.

છેલ્લા સમયની પેઢી માટે, અલ્લાહનો ગ્રંથ માત્ર ગૌરવનું સ્ત્રોત બની ગયું છે. જાણે કે એક પ્રકારની બજારની ચીજવસ્તુ એક સરળ સાધન કે જેના દ્વારા અન્ય લોકોનું

સન્માન સુરક્ષિત કરી શકાય. પહેલાંના સમયમાં ઈશ્વરનું પુસ્તક ચુસ્તપણે માર્ગદર્શનનું પુસ્તક જ હતું  પરંતુ, છેલ્લા સમયમાં, તે ભૌતિક લાભનું એક પુસ્તક બની ગયું.

સર્વશક્તિમાન ઈશ્વરના પુસ્તકને તેના પ્રથમ અર્થના સંદર્ભમાં  લેવું એ જ જીવનનો ધ્યેય છે. તેનો અર્થ એ છે કે તમે ઈશ્વરના પુસ્તક સાથે કોઈ ભૌતિક લાભ જોડવા જોઈએ નહીં અને તેમાંથી કોઈ વ્યવસાયિક લાભ મેળવવાની ઈચ્છા રાખવી જોઈએ નહીં. તમે તમારી જાતને ઈશ્વર ખાતર દૈવી પુસ્તક સાથે જોડી છે, નહીં કે અન્ય કંઈપણ અંગત લોભ કે સ્વાર્થ માટે આ પ્રકારનો ઈશ્વરના પુસ્તક સાથેનો સંબંધ એ એક અભિયાન છે તે તમને સર્વશક્તિમાન ઈશ્વર તરફથી મહાન આશિર્વાદ અને પુરસ્કાર પ્રદાન કરશે.

પરંતુ જો તમારો મુખ્ય હિતસંબંધ  તમારો પોતાનો અંગત લાભ કે સ્વાર્થ છે, તો તમે કુરાનને ખરેખર શું જોઈએ છે તે જાણવા માટે તેનો નિષ્ઠાપૂર્વક અભ્યાસ કર્યો નથી, અને ફક્ત તમારા મનમાં જે છે તેને જ જો તમે અનુસરી રહ્યા છો તો આ ઈશ્વરના ગ્રંથના નામે ધંધો છે. આ બાબત ઈશ્વરના ગ્રંથનું વેપારીકરણ કરવા જેવું છે. તે દૈવી પુસ્તકને સાચા માર્ગદર્શનના સ્ત્રોત તરીકે લેવાને બદલે તેને વેપારની વસ્તુ બનાવવા જેવું છે.

**ઈશ્વરે અર્પણ કરેલો ગ્રંથ એ માર્ગદર્શનનું પુસ્તક છે તે લોકોને એવાં દિશા નિર્દેશો આપે છે જેના શાબ્દિક અને આત્માથી અનુસરણ દ્વારા તેમને ઈશ્વરના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે .**

ઈઝરાયેલના માણસોના સંદર્ભમાં અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં ઉલ્લેખિત ઈશ્વરના ગ્રંથનો આ છેલ્લા સમયનો ઉપયોગ છે, તે મુસ્લિમ સમુદાયને પણ લાગુ પડે છે.

આ પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**જ્યારે અલ્લાહે તે લોકો સાથે કરાર કર્યો હતો કે જેમને ગ્રંથ આપવામાં આવ્યો હતો તે લોકો સુધી પહોંચાડે અને તેને છુપાવે નહીં.**
**પરંતુ તેઓએ તેને તેમની પીઠ પાછળ ફેંકી દીધો અને ક્ષણિક લાભ માટે તેનો વેપાર કર્યો. તેઓએ કેટલો કંગાળ સોદો કર્યો! જેઓ તેમના દુષ્કૃત્યોમાં આનંદ કરે છે અને તેઓએ જે કર્યું નથી તેના માટે વખાણ થવાનું પસંદ કરે છે તેઓએ એમ ન માનવું જોઈએ કે તેઓ સજાથી બચી જશે;**
**તેઓએ ગંભીર સજા ભોગવવી પડશે. (૩:૧૮૭–૧૮૮)**

કુરાનનો આ શ્લોક તે પ્રકારની પ્રથાનો ઉલ્લેખ કરે છે જ્યારે કોઈ સમુદાય કુરાનને તેના જીવન માર્ગદર્શનના ધ્યેય તરીકે લેવાને બદલે તેના વેપાર તરીકે લે છે, જ્યારે તે અલ્લાહના ગ્રંથમાંથી ભૌતિક લાભો મેળવવાનો પ્રયાસ કરે છે, માત્ર નાણાકીય દ્રષ્ટિએ જ નહીં, પરંતુ ખોટી ખ્યાતિ, લોકપ્રિયતા, નેતૃત્વ, છબી નિર્માણની વગેરેની દ્રષ્ટિએ પણ.

આ પ્રકારનું વર્તન એટલે કે સાચા જીવન ધ્યેયને બદલે વેપાર, એ ઈશ્વરને ક્યારેય સ્વીકાર્ય ના હોઈ શકે. આ કોઈએ ના કર્યું હોય તેવા કાર્યોનો શ્રેય લેવા જેવું છે. કુરાનનું વેપારીકરણ કરવા કરતાં તેને સંપૂર્ણપણે છોડી દેવું સારૂં છે.

## * મૌનનું મૂલ્ય *

કુરાન જે મૂલ્યો પર ભાર મૂકે છે તેમાંનું એક લક્ષણ એ મૌન છે.

પરંતુ તે માત્ર ચૂપ રહેવા ખાતરનું મૌન નથી. કુરાન જે મૌનનું માર્ગદર્શન આપે છે એ ચિંતન, બાબતને વધુને વધુ સમજવા, તમારા જ્ઞાનને વધારવા માટે છે. તે શબ્દના સંપૂર્ણ અર્થમાં મૌનની સંસ્કૃતિ છે. અધ્યાય અલ-અરાફ (ઊંચાઈ) માં એક સંબંધિત શ્લોક છે જેનો અનુવાદ નીચે મુજબ છે;

**જ્યારે કુરાનનું પઠન કરવામાં આવે છે, ત્યારે તેને ધ્યાનથી સાંભળો અને શાંત રહો, જેથી તમારા પર દયા પ્રાપ્ત થાય. (૭:૨૦૪)**

આનો અર્થ એ છે કે જ્યારે કુરાનનું પઠન કરવામાં આવે છે, ત્યારે તમારે મૌન રહેવું જોઈએ અને તેને સંપૂર્ણપણે ધ્યાનથી સાંભળવું જોઈએ. આ શ્લોક આપણને ચોક્કસ સંદર્ભ સાથે એક સામાન્ય સિદ્ધાંત આપે છે, એટલે કે, જ્યારે તમે કોઈ વસ્તુ વાંચો અથવા સાંભળો અથવા અવલોકન કરો, ત્યારે સંપૂર્ણ મૌન રાખો અને તેને સમજવાનો પ્રયાસ કરો. તમારું બધું ધ્યાન તેના પર કેન્દ્રિત કરો. જો સમજણની ભાવના કેળવવી હોય તો આ પ્રકારની આદત ખૂબ જ જરૂરી છે.

કુરાન વ્યક્તિની વિચારવાની ક્ષમતા વિકસાવવાનો પ્રયાસ કરે છે, તે એક એવું મન બનાવવાનો પ્રયાસ કરે છે જે વસ્તુઓને તેમના ઊંડા અર્થમાં સમજી શકે અને તેનું ઉદ્દેશ્યપૂર્ણ વિશ્લેષણ કરી શકે. આ બધી બાબતોને સિદ્ધ કરવા માટે મૌનની કળા જરૂરી છે.

એક કહેવત છે "જ્યારે હું બોલું છું, ત્યારે હું સાંભળતો નથી, અને જ્યારે હું સાંભળતો નથી, ત્યારે હું શીખતો કે સમજતો નથી." આ કહેવતનો એ જ અર્થ છે જે કુરાનના ઉપરોક્ત શ્લોકમાં વ્યક્ત કરવામાં આવ્યો છે.

મૌન એ ફક્ત વાણીથી દૂર રહેવું એ નથી. તે તેના કરતાં કરતાંય વધૂ છે. જ્યારે માનવ મન, તેની અમર્યાદિત ક્ષમતા સાથે, બોલવાનું બંધ કરે છે, ત્યારે તે તરત જ વિચારવાનું શરૂ કરે છે. મન એ એક સુપર કોમ્પ્યુટર છે, જે જન્મ સમયે ચાલુ થાય છે અને સદાકાળ કાર્ય કરવાનું ચાલુ રાખે છે. તેને કયારેય બંધ કરી શકાતું નથી. વિચારવું એ મનની સતત પ્રક્રિયા છે. જ્યાં મનની વાત હોય ત્યાં માનવ શબ્દકોશમાં "વિશ્રામ" શબ્દ મળતો જ નથી.

વિચારવું એ શું છે? તે પ્રતિબિંબિત કરવું, ધ્યાન ધરવું, તમારી બૌદ્ધિક ક્ષમતાને સક્રિય કરી તેને ઉપયોગમાં લેવું એ છે. બૌદ્ધિક વિદ્યાશાખાઓના ઉપયોગથી વ્યક્તિ અર્થપૂર્ણ નિષ્કર્ષ પર પહોંચવામાં સક્ષમ બને છે. મન એ મનુષ્યનું સૌથી ઉન્નત અંગ છે અને વિચાર એ તેની સર્વોચ્ચ ભૂમિકા છે.

**કુરાન વ્યક્તિની વિચારવાની ક્ષમતા વિકસાવવાનો પ્રયાસ કરે છે, તે એક એવું મન બનાવવાનો પ્રયાસ કરે છે જે વસ્તુઓને તેમના ઊંડા અર્થમાં સમજી શકે અને તેનું ઉદ્દેશ્યપૂર્ણ વિશ્લેષણ કરી શકે.**

કહેવાય છે કે માણસ વિચારશીલ પ્રાણી છે, તેથી વિચારવું એ સૌથી મહત્વપૂર્ણ પ્રક્રિયા છે જે મનુષ્યમાં થાય છે. તમામ મહાન શોધો વિચારવાનું પરિણામ છે.

પરંતુ વિચારવું એ મનની પ્રસંગોપાત પ્રવૃત્તિ નથી તે એક નિરંતર પ્રક્રિયા છે, અને તે માત્ર દિવસના સમયે જ નહીં, પણ જ્યારે તમે રાત્રે ઊંઘતા હોવ ત્યારે પણ થાય છે. તે સમયે ફરક માત્ર એટલો જ છે કે તે જાગૃત મનમાંથી અર્ધજાગૃત મનમાં સ્થાનાંતરિત થાય છે.

મૌનનો મુદ્દો આ સંદર્ભમાં સમજી શકાય છે. મનની પ્રકૃતિ અનુસાર, બોલવાનો અર્થ છે વિચારવાની પ્રક્રિયાને રોકવી, જ્યારે તમે મૌન હોવ ત્યારે તમે તમારા મનને કોઈપણ વિક્ષેપ વિના તેની વૈચારિક પ્રક્રિયાઓ ચાલુ રાખવાની મંજૂરી આપો છો. જેમ રસ્તા પરના સ્પીડ બ્રેકર પસાર થતા વાહનોની ગતિ ઘટાડે છે તેમ મનુષ્યની વાણી માણસની નિરંતર વિચારયાત્રાને તોડી નાખે છે. મૌન એ સકારાત્મક આદત છે, તે તમને વધુને વધુ શીખવામાં, સમજવામાં, જાણવામાં અને તમારા વ્યક્તિત્વને અવરોધ વિના વિકસાવવામાં મદદ કરે છે.

# * વાણીનો યોગ્ય ઉપયોગ *

સામાન્ય રીતે લોકોને વધુ બોલવાની અને ઓછું વિચારવાની આદત હોય છે. કુરાન આ બિનઆરોગ્યપ્રદ આદતની ટીકા કરે છે.

અલ-નિસા (સ્ત્રીઓ) અધ્યાયમાં કુરાન કહે છે;

**તેમની મોટાભાગની ગુપ્ત વાતોમાં કંઈ સારું નથી, સિવાય કે જેઓ દાન અને દયા અથવા લોકો વચ્ચે સમાધાનને પ્રોત્સાહિત કરે છે. જો કોઈ અલ્લાહની ખુશી મેળવવા માટે આમ કરે છે, તો અમે તેને અપાર ઈનામ આપીશું. (૪:૧૧૪)**

કુરાનનો આ શ્લોક ગુપ્ત તેમજ ખુલ્લી વાત માટેના ધોરણો નક્કી કરે છે એટલે કે, સ્વસ્થતા અને ઉપયોગિતા. વ્યક્તિ જે કહે છે તેમાં નિષ્ઠાવાન બનીને અને હાથમાં લીધેલી બાબતનું વિશ્લેષણ કર્યા પછી બોલે તો જ આ ધોરણ સુધી પહોંચી શકે છે. વ્યક્તિ જે વાત કહે તે સકારાત્મક મનથી થવી જોઈએ. આ શ્લોક અનુસાર વ્યક્તિએ નિરર્થક વાતોથી દૂર રહેવું જોઈએ. માત્ર વાત કરવા ખાતર તેણે કયારેય વાતમાં વ્યસ્ત ન થવું જોઈએ.

હવે, પ્રશ્ન એ છે કે બોલવાની શ્રેષ્ઠ રીત કઈ છે? અને કોઈની વાણીની કઈ વિષય વસ્તુ યોગ્ય ગણી શકાય? યોગ્ય સામાજિક વ્યવહાર માટે કુરાનનો માપદંડ ત્રણ સિદ્ધાંતો પર આધારિત છે. કુરાનના ઉપરોક્ત શ્લોકમાં ત્રણેય સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે, જે તેમને નીચે પ્રમાણે દર્શાવે છે.

૧. સખાવતી એટલે કે સાચા આપવાની ભાવના સાથે બોલવું.

૨. દયા એટલે કે અન્યો પ્રત્યે શુભકામનાની ભાવના સાથે બોલવું.

૩. સમાધાન એટલે કે એવી રીતે બોલવું કે લોકો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઊભું થાય.

આ તે છે જે સારી રીતે વિચારીને બોલેલી વાણીની રચના કરે છે અને વ્યક્તિની જીભનો આ એકમાત્ર ઉચિત ઉપયોગ છે. આ પ્રકારની વાણી વક્તા અને શ્રોતા બંને માટે ઉપયોગી છે. વક્તા માટે તે પ્રમાણિકતા  અને સકારાત્મકતા દર્શાવે છે, જ્યારે શ્રોતા માટે તે તમામ બાબતોમાં ફળદાયી છે.

જીભ માનવીનું ખૂબ જ મહત્વપૂર્ણ અંગ છે, પરંતુ તે બેધારી તલવાર જેવી છે. તેમાં ફાયદાકારક તેમજ નુકસાનકારક એમ બંને બાબતો છે. જીભનો યોગ્ય ઉપયોગ

સમાજમાં સ્વસ્થ વાતાવરણ પેદા કરી શકે છે. તેનાથી વિપરીત, જીભનો ખોટો ઉપયોગ એટલો હાનિકારક છે કે તે સમગ્ર સામાજિક માળખું નષ્ટ કરી શકે છે. જીભનો યોગ્ય ઉપયોગ લોકોમાં પ્રેમની ભાવના પેદા કરી શકે છે, જ્યારે જીભના ખોટા ઉપયોગથી સમાજમાં નફરત અને અસહિષ્ણુતા જ પેદા કરશે.

**જીભ માનવીનું ખૂબ જ મહત્વપૂર્ણ અંગ છે, પરંતુ તે બેધારી તલવાર જેવી છે. તેમાં ફાયદાકારક તેમજ નુકસાનકારક એમ બંને બાબતો છે.**

જીભ એ માનવજાત માટે એક મહાન આશીર્વાદ છે. માણસ સિવાય અન્ય કોઈ પ્રાણી પાસે આવી સંપત્તિ નથી. અર્થપૂર્ણ વાણી એ બ્રહ્માંડમાં ખૂબ જ દુર્લભ ઘટના છે. કોઈ બે ખગોળશાસ્ત્રીય વસ્તુઓ કોઈ બે વૃક્ષો, કોઈ બે પ્રાણીઓ અને કોઈ પર્વતો અથવા નદીઓ અર્થપૂર્ણ વાતચીતમાં પ્રવેશી શકતા નથી. આ અનન્ય ક્ષમતા ફક્ત મનુષ્ય જ ધરાવે છે.

પરંતુ ઉપયોગની દ્રષ્ટિએ, આ ઉમદા આશીર્વાદને બે અલગ અલગ રીતે વર્ણવી શકાય છે. આરોગ્યપ્રદ ઉપયોગ અને બિનઆરોગ્યપ્રદ ઉપયોગ. જે વ્યક્તિ તેની જીભનો ઉપયોગ તંદુરસ્ત દિશામાં કરે છે તેને બે ગણો લાભ થશે. આ લક્ષણ તેના વ્યક્તિત્વને વિકસાવવામાં મદદ કરશે અને પછી તે સર્જક પાસેથી વધુને વધુ આશીર્વાદ મેળવશે. જેથી કરીને તમારી વાણીને અયોગ્ય વિચારોની એકાએક અભિવ્યક્તિને બદલે સકારાત્મક વિચારસરણીનું પરિણામ બનાવો.

## * જટિલતાથી મુક્ત આત્મા *

અધ્યાય અલ-ફજર (સવાર) માં કુરાન જણાવે છે કે માનવ જીવનની વાસ્તવિકતા તેના પરના માનવ પ્રતિભાવો દ્વારા રંગાય છે. જે વ્યક્તિ પરિસ્થિતિઓને નકારાત્મક રીતે પ્રતિભાવ આપે છે તે નિષ્ફળ છે, જ્યારે કે જેઓ પરિસ્થિતિનો સકારાત્મક પ્રતિભાવ આપે છે તેઓ સફળ છે.

આ સમજાવ્યા પછી, કુરાન કહે છે;

**[અલ્લાહ પ્રામાણિક લોકોને કહેશે], 'હે શાંતિ પામેલા આત્માઓ, તમારા પ્રભુ પાસે પાછા ફરો, ખુશખુશાલ થઈને, ખુશખુશાલ રહીને. તો મારા સેવકો સાથે જોડાઓ, અને મારા સ્વર્ગમાં પ્રવેશ કરો.' (૮૯:૨૭–૩૦)**

આ શ્લોક મુજબ, માણસે લેવાનો શ્રેષ્ઠ માર્ગ એ સાબિત કરવાનો છે કે તે એક જટિલતા-મુક્ત આત્મા છે. એક જટિલતાથી મુક્ત આત્મા તે છે જે સર્વશક્તિમાન ઈશ્વરે બનાવેલ કુદરતને સ્વીકારે છે. જે સારી કે ખરાબ કોઈપણ પરિસ્થિતિમાં સકારાત્મક પ્રતિસાદ આપે છે, જે કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં નકારાત્મક લાગણીઓ વિકસાવતો નથી અને જે અનુકૂળ પરિસ્થિતિમાં કયારેય અભિમાન કે અહંકાર કરતો નથી તે એ છે જે સંતુલિત વલણ સાથે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરે છે તે એ છે જે કસોટી પર ખરો ઉતરે છે.

આપણું વિશ્વ ભિન્નતાઓ, અનિચ્છનીય પરિસ્થિતિઓ અને ઉશ્કેરણીઓની દુનિયા છે, તેથી, દરેક સમયે આપણે એવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે જે આપણને પસંદ હોતી નથી. પરિસ્થિતિની આ વિવિધતા પ્રકૃતિનો એક ભાગ છે. કોઈની પાસે આનો ઉપાય ન હોવાના કારણે કોઈપણ વિશ્વને આ બધા પાસાઓથી મુક્ત કરી શકે એમ નથી. દુનિયા જેવી છે તેવી સ્વીકારવા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ નથી.

માણસે આ બધી મુશ્કેલીઓનો શાંત મનથી સામનો કરવો જરૂરી છે. તેણે તેમને એક પડકાર તરીકે લેવું અને તેને સકારાત્મક રીતે કરવા માટે નકારાત્મક પરિસ્થિતિઓમાં પણ માણસે સકારાત્મક પ્રતિભાવ આપવો જરૂરી છે. જેઓ પોતાને આ કરવા માટે સક્ષમ સાબિત કરે છે તેઓ જટિલતા મુક્ત આત્માઓ છે.

એક જટિલતા મુક્ત આત્મા તે છે જે ઈશ્વરની યોજના સ્વીકારે છેઃ બદલામાં ઈશ્વર તેને સ્વીકારશે અને તેને શાશ્વત સ્વર્ગનું ઈનામ આપશે. જટિલતાથી મુક્ત આત્માનો અર્થ જટિલતા વિનાનો આત્મા નથી. જટિલતા મુક્ત આત્મા તે છે જે તમામ પ્રકારની પ્રતિકૂળતાઓનો સામનો કરવા સક્ષમ છે. એક જટિલતા મુક્ત આત્મા વસ્તુઓને દૂર કરવાને બદલે તેને સંચાલિત કરવાની ક્ષમતા દર્શાવે છે.

અવરોધોનું સંચાલન એ ફક્ત અનિચ્છનીય પરિસ્થિતિઓનું નથી પણ તેના કરતાં પણ વધારે છે. બાહ્ય જગતમાં હંમેશા અપ્રિય પરિબળો હોય છે પરંતુ તેમના સંચાલનની કળા એ મનનું કાર્ય છે, એ મન છે જે તેની આંતરિક તાલીમ દ્વારા તમામ બાહ્ય પરિબળોને નિયંત્રિત કરી શકે છે.

આનો અર્થ એ છે કે તે તમામ બાહ્ય મુશ્કેલીઓમાં એક સકારાત્મક બાબત હોય છે અને તે એ છે કે તે મન માટે પોષણ પુરૂં પાડે છે. પરંતુ માત્ર ત્યારે જ જ્યારે સાબિત કરો કે તમારી પાસે એવું મન છે જેણે તફાવત વ્યવસ્થાપનની કળા વિકસાવી હોય.

**એક જટિલતા મુક્ત આત્મા તે છે જે ઈશ્વરે બનાવેલ યોજનાને સ્વીકારે છે. બદલામાં ઈશ્વર તેને સ્વીકારશે અને તેને શાશ્વત સ્વર્ગનું ઈનામ આપશે.**

પૂર્વગ્રહયુક્ત મન એ જટિલતા મુક્ત આત્માની વિરુદ્ધ છે. બૌદ્ધિક સમસ્યાઓને સંભાળો, તમારી જાતને તમામ પ્રકારના પૂર્વગ્રહોથી મુક્ત કરો અને પછી તમે જટિલતા મુક્ત આત્મા બનશો. જટિલતા મુક્ત આત્મા એ કુરાનના નીતિશાસ્ત્ર અનુસાર સર્વોચ્ચ સ્થિતિ છે અને આ ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવાનો માર્ગ એ છે કે તમારા મનને દરેક કિંમતે સકારાત્મક રાખવું.

## * સ્વીકૃતિની કળા *

કુરાનની ઘણી બધી આયાતો ધીરજ (સબર) અને સહનશીલતા (ઈરાઝ) ના મહત્વ પર ભાર મૂકે છે. એક શ્લોક પ્રમાણે જેઓ ધીરજ રાખે છે તેઓને સૌથી મોટો પુરસ્કાર આપવામાં આવશે (૩૯:૧૦). જો તમે કુરાન વાંચશો, તો તમને જણાશે કે તેના લગભગ તમામ આદેશો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ ભાવના પર આધારિત છે.

શા માટે ધૈર્ય સાથે આટલું મોટું મહત્વ જોડવામાં આવ્યું છે? તે ચોક્કસપણે નિષ્ક્રિયતામાંથી ઉદ્દભવતો ગુણ નથી. પરંતુ, આ અધ્યાપન પાછળ બહુ જ ઊંડું શાણપણ છે કારણ કે તે વાસ્તવિક અભિગમ દર્શાવે છે. તેના સારમાં સ્વીકૃતિની કળા છે. તેનો અર્થ એ છે કે તમારે બીજાને સ્વીકારવું જોઈએ જેથી તેઓ પણ તમને સ્વીકારે.

જ્યારે આપણે રસ્તા પર મુસાફરી કરીએ છીએ, ત્યારે આપણે હંમેશા જાણીતા ટ્રાફિક સિદ્ધાંતનું પાલન કરીએ છીએ; તમારી લેનને વળગી રહો. આ પ્રકારનો ટ્રાફિક નિયમ પરસ્પર સ્વીકૃતિ પર આધારિત છે; તેનો અર્થ એ છે કે તમારે તમારી લેનને અને મારે મારી લેનને અનુસરવી જોઈએ જેથી કરીને બંને માટે જગ્યા મળી રહે.

આપણા સમગ્ર સામાજિક જીવનમાં પણ આ જ જરૂરી છે, કારણ કે સામાજિક જીવન ભીડમાં રહેવા જેવું છે. જો તમારે આગળ વધવું હોય, તો તમારે બીજા માટે જગ્યા બનાવવી પડશે. સફળ સામાજિક જીવન માટે આ સૌથી મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. જો તમે આ સંસ્કૃતિને નવું નામ આપવા માંગતા હો, તો તમે તેને સ્વીકૃતિની કળા અથવા સ્વીકૃતિની સંસ્કૃતિ કહી શકો છો.

સ્વીકૃતિની કળાનો અર્થ છે તફાવત વ્યવસ્થાપન ની કળા અથવા શાંતિપૂર્ણ ગોઠવણની કળા. આ તમામ અભિવ્યક્તિઓ એકબીજા સાથે તદ્દન સમાનાર્થી છે. સ્વીકૃતિની કળા અપનાવીને તમે બીજાને માન આપો છો. તે બીજા કોઈને અવરોધ્યા વિના તમારા લક્ષ્યસ્થાન તરફ આગળ વધવા જેવું છે.

ઈશ્વરે માણસને બનાવ્યો અને તેણે દરેક સ્ત્રી અને પુરુષને સ્વતંત્રતા આપી. સ્વતંત્રતાના સંદર્ભમાં લોકો વચ્ચે કોઈ તફાવત નથી, તેથી દરેક વ્યક્તિ તેની સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે, જે વિવિધ જૂથો વચ્ચે ઘર્ષણ પેદા કરી શકે છે. ઉપરોક્ત શિક્ષણ આપણને આપણા સમાજને સરળતાથી ચલાવવા માટે સ્વીકૃતિની કળાનું એક વ્યવહારુ સૂત્ર આપે છે.

સ્વીકૃતિ એ માત્ર એડજસ્ટમેન્ટની બાબત નથી, પરંતુ તેમાં બહુ જ ઊંડું શાણપણ છે. જ્યારે તમે સ્વીકૃતિની સંસ્કૃતિનું પાલન કરો છો, ત્યારે તમે તમારા વ્યક્તિત્વમાં ઘણા સારા મૂલ્યોને પ્રોત્સાહન આપો છો ઉદાહરણ તરીકે, સકારાત્મક વિચારસરણી, અન્યને આદર આપવો, તમારી પ્રતિષ્ઠા સ્થાપિત કરવી, એક પરિપક્વ વ્યક્તિ તરીકે અન્ય લોકો પર પ્રભાવ પાડવો, તે દર્શાવે છે કે તમે ઉચ્ચ વિચાર ધરાવતા વ્યક્તિ છો. પછી તમે સાબિત કરશો કે તમે તણાવ મુક્ત છો, નફરતથી મુક્ત છો, અસહિષ્ણુતાથી મુક્ત છો, નકારાત્મકતાથી મુક્ત છો વગેરે.

**સ્વીકૃતિની કળાનો અર્થ છે તફાવત વ્યવસ્થાપન ની કળા અથવા શાંતિપૂર્ણ ગોઠવણની કળા.**

સ્વીકૃતિની કળા એ આધ્યાત્મિકતા અને વિચારની દ્રષ્ટિએ વિકાસ કરવાની કળા છે. જ્યારે તમે બીજાને સ્વીકારો છો, ત્યારે તમે તમારી જાતને વિક્ષેપોથી બચાવો છો. જ્યારે તમે અન્યને સ્વીકારો છો, ત્યારે તમે તેમને તમારા માટે તકો ખોલવા માટે આમંત્રિત કરો છો. જ્યારે તમે બીજાને સ્વીકારો છો, ત્યારે તે એક મૌન વિનંતી છે કે જેમ તમે કરો છો એવું તેઓ પણ  કરે.

સ્વીકૃતિની કળા જીવન જીવવાની કળા સાથે ગાઢ રીતે સંબંધિત છે. જ્યાં સુધી આ સૂત્રને અનુસરવામાં ન આવે ત્યાં સુધી આ દુનિયામાં સફળ જીવવું શક્ય નથી. ટૂંકમાં, અન્યને સ્વીકારો અને અન્ય લોકો તમને સ્વીકારવા માટે મજબૂર થશે.

## * આધ્યાત્મિક સાથીદાર *

કુરાન લગ્નની સંસ્થાને ખૂબ જ મહત્વ આપે છે. કુરાન અનુસાર, કુટુંબ એ કોઈપણ સમાજનું પ્રથમ એકમ છે, અને તે તમામ પ્રકારના મૂલ્યવાન અનુભવોનો પ્રાથમિક સ્ત્રોત છે. કુટુંબ સારું હશે તો આખો સમાજ આપોઆપ એક સારા સમાજ તરીકે ઉભરી આવશે.

કુરાનમાં, આ વિષયને લગતી ઘણી આયાતો છે, જેમાં લગ્ન સંસ્થાના વિવિધ પાસાઓ આવરી લેવામાં આવ્યા છે. અલ-રૂમ (રોમનો) પ્રકરણમાં કુરાન આ સંબંધમાં મૂળભૂત માર્ગદર્શિકા આપે છે.

આમાંથી એક પંક્તિનો અનુવાદ નીચે મુજબ છે;

**અને તેની નિશાનીઓમાંની એક નિશાની એ છે કે તેણે તમારા માટે તમારામાંથી જ જીવનસાથીઓ બનાવ્યા જેથી તમે તેમનામાં સુખચેન મેળવો અને તેણે તમારી વચ્ચે સ્નેહ અને દયા પેદા કરી. ચોક્કસ ચિંતન કરનારા લોકો માટે આમાં ચિહ્નો છે. (૩૦:૨૧)**

આ પંક્તિઓમાં, કુરાન કુદરતનો એક મહત્વપૂર્ણ નિયમ જણાવે છે, તે છે કે, સ્ત્રી અને પુરુષ એકબીજાના સમકક્ષ છે. પયગંબર સાહેબના એક ફરમાન મુજબ, સ્ત્રી અને પુરૂષ એક એકમના બે સમાન ભાગો છે. એક સ્ત્રી અને પુરુષ, એક જોડી તરીકે માનવ જીવનનો વાસ્તવિક હેતુ પૂરો કરી શકે છે.

આ મુજબ સ્ત્રી અને પુરુષ એકબીજાના આધ્યાત્મિક ભાગીદાર છે. પરસ્પર પ્રેમ અને સ્નેહ એ બંને માટે બંધનકર્તા પરિબળો છે. એક જોડી તરીકે જીવનની શરૂઆત કરવાથી તેઓ ઉચ્ચ પ્રકારના અનુભવો મેળવવા સક્ષમ બને છે. તેમના દૈનિક મેળાપમાં, તેઓ આધ્યાત્મિક અનુભવો વહેંચી શકે છે અને ચર્ચા દ્વારા તેઓ આધ્યાત્મિક પાયા પર તેમના જીવનનું આયોજન કરી શકે છે. તેઓ સંયુક્ત અભ્યાસ માટે સમય શોધી શકે છે. તેઓ સાથે મળીને આધ્યાત્મિક વિશ્વના વ્યાપક ક્ષેત્રો શોધવાનું શરૂ કરી શકે છે.

સ્ત્રી અને પુરુષ જન્મજાત એકબીજાના ભાગીદાર છે. આ પ્રાકૃતિક જોડીમાં આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ તેમના વ્યક્તિત્વનો વિકાસ કરવાની પ્રચંડ ક્ષમતા છે. સ્ત્રી અને પુરુષનું સંયોજન બંનેને તેમના સ્વભાવમાં છુપાયેલ આધ્યાત્મિકતાના ખજાનાને ઉજાગર કરવાની મોટી તકો આપે છે. સ્ત્રીઓ અને પુરુષો બંને એકબીજાના ગિયર-વ્હીલ જેવા છે. ફક્ત એક જ ગિયર દ્વારા પૈંડાને ખસેડી શકાતું નથી. જીવનનું પૈડું બંનેના સંયુક્ત પ્રયાસથી જ ખસેડી શકાય છે.

પરંતુ આ માટે કિંમત ચૂકવવી પડે છે. આ કિંમત ચૂકવ્યા વિના, કોઈ જોડી જીવનના પૈંડાને ખસેડી શકતી નથી. આ કિંમત એક શબ્દમાં એડજસ્ટમેન્ટ સિવાય બીજું કંઈ નથી. હકીકત એ છે કે બંનેમાં ઘણી સમાનતાઓ હોવા છતાં, બંને તફાવતો સાથે જન્મ્યા છે. તફાવત એ પ્રકૃતિનો એક ભાગ છે. પ્રકૃતિમાં વસ્તુઓની યોજનામાં એકરૂપતા નથી. તેથી, આપણી પાસે તફાવતના વ્યવસ્થાપનની કળા શીખવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

**સ્ત્રી અને પુરુષ એકબીજાના આધ્યાત્મિક ભાગીદાર છે.**
**પરસ્પર પ્રેમ અને સ્નેહ એ બંને માટે બંધનકર્તા પરિબળો છે.**

આ બાબતમાં વ્યક્તિની નિષ્ફળતા એ આખા જીવનની નિષ્ફળતા સમાન છે. જો તમે તમારી આધ્યાત્મિકતા વિકસાવવા માંગો છો તો તમારા જીવનસાથી સાથે એડજસ્ટ થવાનો પ્રયાસ કરો. કોઈપણ વ્યક્તિ જીવનનો ઉચ્ચતમ ધ્યેય એટલે કે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખી શકે છે. આધ્યાત્મિકતા વિના સ્ત્રી અને પુરુષ બંને અધૂરા છે. આધ્યાત્મિકતા તમને ઊંડું શાણપણ અને શક્તિ આપે છે અને સફળ જીવન માટે બંને જરૂરી છે.

આધ્યાત્મિકતા એ વ્યક્તિત્વ વિકાસ તરફ દોરી જાય છે અને માત્ર વિકસિત વ્યક્તિત્વ જ આ દુનિયામાં શ્રેષ્ઠ સાધકનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે.

## * મનનું શુદ્ધિકરણ (ડી–કન્ડિશનીંગ) *

કુરાનનો અધ્યાય અલ-શમ્સ (સૂર્ય) એક ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંત સુયોજિત કરે છે, જેને આધુનિક ભાષામાં શુદ્ધિકરણનો સિદ્ધાંત કહી શકાય.

સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**ચોક્કસ તે સફળ થશે જે તેને શુદ્ધ કરે છે,**
**અને તે નિષ્ફળ જશે, જે તેને દૂષિત કરે છે. (૯૧:૯–૧૦)**

પહેલાં શબ્દોનો અર્થ સમજી લઈએ તો 'કન્ડિશનિંગ' નો અર્થ 'પ્રદૂષિત' અને 'ડી-કન્ડિશનિંગ' નો અર્થ અહીં 'શુદ્ધિકરણ' થાય છે. કુરાનના ઉપરોક્ત શ્લોક મુજબ, દરેક વ્યક્તિ શ્રીમાન/શ્રીમતી પ્રકૃતિ તરીકે જન્મે છે. પરંતુ પર્યાવરણીય પ્રભાવોને કારણે તે તેના મૂળ સ્વભાવથી ભટકી જાય છે અને શ્રીમાન/શ્રીમતી કન્ડિશન્ડ બની જાય છે. દરેક સ્ત્રી-પુરૂષની પ્રથમ જરૂરિયાત એ છે કે તે પોતાની જાતને ફરીથી શ્રીમાન/શ્રીમતી પ્રકૃતિ બનાવે. જો વ્યક્તિ તેના મૂળ સ્વભાવમાં પાછા ફરવા માંગતી હોય, તો તેણે તેના કન્ડિશન્ડ મનનું ડી-કન્ડિશનિંગ કરવાની જરૂર છે. જો ઉદ્દેશ્યપૂર્ણ વિચારસરણી વિકસાવવી હોય તો આ ડિ-કન્ડિશનિંગ આવશ્યક છે. કન્ડિશનિંગ વ્યક્તિને પક્ષપાતી વ્યક્તિ બનાવે છે. જ્યારે ડિ-કન્ડિશનિંગ વ્યક્તિને તેના સાચા સ્વભાવમાં પાછું લાવે છે. જેથી વ્યક્તિ ફરીથી શ્રીમાન/શ્રીમતી પ્રકૃતિ બની જાય છે.

## ડી–કન્ડિશનિંગ અથવા શુદ્ધીકરણ સિવાય તમારી ક્ષમતા વિકસાવવાનો બીજો કોઈ રસ્તો નથી.

ભૌતિક વિશ્વમાં ડુંગળી આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાનું ઉદાહરણ છે. દરેક ડુંગળીમાં હાર્દ હોય છે પરંતુ આ હાર્દ અનેક પડોથી ઢંકાયેલો હોય છે. જો તમે આ પડોને છેલ્લે સુધી છોલશો, તો તમે હાર્દ સુધી પહોંચી જશો, અને મોટા ભાગના સ્ત્રી-પુરુષો માટે પણ આ જ સાચું છે. તેમનું વ્યક્તિત્વ વિવિધ પ્રકારના પક્ષપાતો અને પૂર્વગ્રહોથી વિંટળાયેલું છે. માત્ર ડી-કન્ડિશનિંગથી જ પ્રદૂષણના આ બાહ્ય સ્વરૂપોને દૂર કરી શકાય અને માનવ વ્યક્તિત્વને તેની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરી શકાય.

આ અર્થમાં કોઈ કહી શકે છે કે દરેક માનવીના જીવનના બે અલગ-અલગ સમયગાળા હોય છે. પરિપક્વતા પહેલાંનો અને પરિપક્વતા પછીનો. પહેલાંના સમયગાળામાં કન્ડિશનિંગને લીધે દરેકનું મન વિવિધ તત્વોથી ભરેલું હોય છે. શ્વેત પણ અને શ્યામ પણ, એટલે દરેકનું મન વિચારોનું જંગલ છે. પરિપક્વતા પછીના સમયગાળામાં ડી-કન્ડિશનિંગની પ્રક્રિયા મૂળભૂત રીતે મનને ઉકેલવાનો પ્રયાસ કરે છે. આત્મનિરીક્ષણ અથવા સ્વ-ટીકા દ્વારા તે બધી અનિચ્છનીય કલ્પનાઓ શોધી શકાય છે. હકીકત એ છે કે અપરિપકવતાના યુગમાં કોઈની પાસે સાચા અને ખોટા વચ્ચે તફાવત કરવાની શક્તિ નથી હોતી, તેથી વ્યક્તિ દરેક વસ્તુને આડેધડ આત્મસાત કરે છે. હવે તેણે બધા ખોટા અને તેથી અનાવશ્યક વિચારોને બહાર કાઢવાની જરૂર છે. આ માટે, વ્યક્તિએ તે ઓળખવાની શક્તિ વિકસાવવી પડે છે કે કયા અનિચ્છનીય તત્ત્વો છે જેનાથી તેણે તેના મનને મુક્ત કરવું જોઈએ, જેથી કરીને પોતાને શુદ્ધ વ્યક્તિ અથવા ડિ-કન્ડિશન્ડ મન બનાવી શકાય.

સારા અને ખરાબના આ મિશ્રણને છાંટવાની કોઈ ગાણિતિક રીત નથી. તે સંપૂર્ણપણે વ્યક્તિલક્ષી પ્રક્રિયા છે. દરેક વ્યક્તિએ ઈચ્છિત અને અનિચ્છનીય વસ્તુઓ વચ્ચે, પક્ષપાતી અને નિષ્પક્ષ અભિપ્રાયો વચ્ચે તફાવત કરવાની શક્તિ વિકસાવવી જોઈએ. જો તમારે તમારા કન્ડીશનીંગને ડી-કન્ડિશન કરવું હોય તો આ પ્રકારની ક્ષમતા આવશ્યક છે.

શા માટે ડી-કન્ડિશન? કન્ડીશનીંગની પ્રક્રિયા તમારા વ્યક્તિત્વ પર ખરાબ અસર કરે છે. જ્યારે કે ડિ-કન્ડિશનિંગની કળા તમને તમારી મૂળ સ્થિતિમાં પાછા આવવા માટે સક્ષમ બનાવે છે. ડી-કન્ડીશનીંગની પ્રક્રિયા સફાઈની પ્રક્રિયા છે. ડિકન્ડિશનિંગ અથવા શુદ્ધીકરણ સિવાય તમારી ક્ષમતા વિકસાવવાનો બીજો કોઈ વિકલ્પ નથી.

ડી-કન્ડીશનીંગ એ બહુ સરળ પ્રક્રિયા નથી. તમારે તમારા વ્યક્તિત્વના તમામ અનિચ્છનીય પાસાઓને ઓળખવા અને દૂર કરવા માટે એક અવિરત પ્રક્રિયા શરૂ કરવી પડશે તે સ્વ-ઝાટકણી જેવું છે, જે દરમિયાન તમારે તમામ પ્રકારની ટીકા સ્વીકારવા માટે તૈયાર રહેવું પડશે. કન્ડિશનિંગ એ અંધકારમાં રહેવા જેવું છે, જ્યારે ડિકન્ડિશનિંગનો અર્થ એ છે કે દિવસના સોનેરી પ્રકાશમાં ફરીથી પ્રવેશ કરવો.

## * નકારાત્મક ટિપ્પણી *

અલ-હુજુરાત (એપાર્ટમેન્ટ) પ્રકરણમાં  કુરાન સામાજિક નૈતિકતા સંબંધિત એક આદેશ આપે છે.

આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**હે શ્રધ્ધાળુઓ તમારામાંના કેટલાક પુરુષો બીજાની મજાક ઉડાવશો નહીં એવું બની શકે છે કે પછીના લોકો પહેલાં કરતા સારા હોય અને કેટલીક સ્ત્રીઓએ બીજાઓ પર હસવું ન જોઈએ. બની શકે કે પછીના પહેલાં કરતા વધુ સારા હોય. એકબીજાને બદનામ કરશો નહીં કે કટાક્ષ કરશો નહીં અને એકબીજાને [અપમાનજનક] ઉપનામોથી ના બોલાવો.**
**શ્રદ્ધાની સ્વીકૃતિ પછી ખરાબ પ્રતિષ્ઠા મેળવવી એ કેટલું ખરાબ છે! અને જેઓ પસ્તાવો નથી કરતા તેઓ દુરાચારી છે. (૪૯:૧૧)**

આ શ્લોકમાં ઉલ્લેખિત જે નકારાત્મક ટેવો છે તે જીભના ઉપયોગ સાથે સંબંધિત છે. લોકો સામાન્ય રીતે અન્યની નબળાઈઓ દર્શાવવાનું વલણ ધરાવે છે અને, જો કાઈ નબળાઈ ન હોય તો પણ તેને  શોધવાનો પ્રયાસ કરે છે, અને પછી નકારાત્મક ટિપ્પણી કરે છે.

લોકોને ઉપનામો આપવા અથવા અપમાનજનક ટિપ્પણી કરવી એ સ્ત્રીઓ અને પુરુષો બંનેમાં સામાન્ય ટેવ છે. ઉપનામ આપવાનો અર્થ છે કોઈને ખોટા નામથી બોલાવવું. આ પ્રકારની નકારાત્મક ટિપ્પણી સમાજના સ્વસ્થ વાતાવરણને બગાડે છે. તે સામાજિક પ્રદૂષણ જેવું છે. આસ્થાવાનોને ભારપૂર્વક આગ્રહ કરવામાં આવે છે કે તેઓ આવી નકારાત્મક પ્રથાઓમાં સામેલ ન થાય.

અન્ય લોકો વિશે નકારાત્મક ટિપ્પણી કરવી એ માત્ર તેમના માટે ખરાબ નથી, પરંતુ તે બૂમરેંગની જેમ કાર્ય કરે છે. તે બંને પક્ષો માટે ખરાબ છે. આવી અનિચ્છનીય ભાષાનો ઉપયોગ કરનાર વ્યક્તિ પોતાના સ્વભાવને પ્રદૂષિત કરે છે, તે બીજા વિરુદ્ધ

નકારાત્મક શબ્દો બોલીને નૈતિક ગુનો કરે છે. વધુમાં, તે સમગ્ર સમાજના નૈતિક વાતાવરણને દૂષિત કરે છે.

આ એક સામાન્ય સલાહ છે, પરંતુ તે ખાસ કરીને આસ્થાવાનો માટે છે, કારણ કે આસ્તિકો એ છે કે જેમણે સર્વશક્તિમાન ઈશ્વરને પાકું વચન આપ્યું છે કે તેઓ આ પ્રકારની અયોગ્ય પ્રવૃત્તિમાં સામેલ નહીં થાય. આ બાબત તેમણે પોતાની શ્રધ્ધા જાહેર કરતી વખતે લીધેલી પવિત્ર પ્રતિજ્ઞાનો ભંગ કરવા સમાન છે.

એ હકીકત છે કે માણસ માત્ર ભૂલને પાત્ર. તેમ છતાં જો કોઈ આ અનિચ્છનીય પ્રથાઓમાં સામેલ થઈ જાય, ભલે તે અજાણતા અથવા ભૂલથી હોય તો તેણે એક તરફ તે વ્યક્તિની માફી માંગવી જોઈએ કે જેના વિશે તેણે નકારાત્મક ટિપ્પણી કરી છે અને બીજી બાજુ તેણે સર્વશક્તિમાન ઈશ્વર પાસે ક્ષમાયાચના કરવી જોઈએ. પસ્તાવો એ તમારી ભૂલ સુધારવા જેટલું જ સારું છે.

**સ્વસ્થ સમાજના નિર્માણની જવાબદારી દરેક સ્ત્રી–પુરુષની છે. સમાજના સ્વસ્થ વાતાવરણને નુકસાન પહોંચાડે તેવી પ્રવૃત્તિઓમાં સામેલ ન થવું એ તેમની સામાજિક ફરજ છે.**

વ્યક્તિ પાસે ફક્ત બે જ વિકલ્પો છે કાં તો તેણે આવી અનિચ્છનીય પ્રવૃત્તિઓમાં સામેલ થવાથી દૂર રહેવું જોઈએ અથવા જો તે કયારેક આ પ્રકારની ભૂલ કરી બેસે તો તેણે ખૂબ જ જલ્દી પસ્તાવો કરવો જોઈએ અને સુધારાત્મક પગલાં લઈને સંપૂર્ણ ઈમાનદારીથી તેની ભરપાઈ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

સ્વસ્થ સમાજના નિર્માણની જવાબદારી દરેક સ્ત્રી-પુરુષની છે. સમાજના સ્વસ્થ વાતાવરણને નુકસાન પહોંચાડે તેવી પ્રવૃત્તિઓમાં સામેલ ન થવું એ તેમની સામાજિક ફરજ છે. આ પ્રકારની પ્રથાઓ સર્જનહાર દ્વારા બનાવેલી યોજના વિરુદ્ધ છે. બીજાઓને ઉપનામોથી બોલાવવા, અપમાનજનક ટિપ્પણી કરવી અથવા તેમના ચારિત્ર્ય હનનનો પ્રયાસ કરવો આ બધું શારીરિક અર્થમાં નહીં, પરંતુ માનસિક અથવા નૈતિક અર્થમાં ઝેર સમાન છે. શ્રદ્ધાળુઓએ તેમની નૈતિકતામાં સ્વ-શિસ્તબદ્ધ હોવું જરૂરી છે. કારણ કે જેઓ આ પ્રકારનું નૈતિક શિસ્ત નહીં અપનાવે તેઓને સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા સજા આપવામાં આવશે.

# ✻ કાવતરું સમસ્યા નથી ✻

લોકો સામાન્ય રીતે કાવતરાના સંદર્ભમાં વિચારતા હોય છે. સ્ત્રી-પુરૂષો બંને ઘણીવાર આવાં વિચારોથી આસક્ત હોય છે. પરિણામ એ આવે છે કે લોકો એક પ્રકારની ઘેરાયેલી માનસિકતા સાથે જીવી રહ્યાં હોય છે. કુરાન આ પ્રકારની નકારાત્મક માનસિકતાને ખતમ કરવા માંગે છે. અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં કુરાન આપણને આ વિષય પર ખૂબ જ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**જ્યારે પણ તમારી સાથે કંઈક સારું થાય છે ત્યારે તેઓ દુઃખી થાય છે.**
**પરંતુ જ્યારે તમારા સાથે અનિષ્ટ થાય છે, ત્યારે તેઓ ખુશ થાય છે.**
**જો તમે ધૈર્ય રાખશો અને અલ્લાહનો ડર રાખશો,**
**તો તેમના કાવતરાઓ તમને ક્યારેય નુકસાન પહોંચાડશે નહીં.**
**તેઓ જે કરે છે તેનાથી અલ્લાહ સંપૂર્ણપણે વાકેફ છે. (૩:૧૨૦)**

કુરાનની આ કલમ કુદરતનો નિયમ દર્શાવે છે. આ એક સાર્વત્રિક કાયદો છે અને તે દરેક જગ્યાએ અને દરેક સમયે લાગુ પડે છે. દરેક વ્યક્તિ આ સલાહને અનુસરીને કાવતરાની સમસ્યાને હલ કરી શકે છે.

કુરાનના આ શ્લોક અનુસાર ષડયંત્રનું અસ્તિત્વ એ સમસ્યા નથી પણ વાસ્તવિક સમસ્યા ધૈર્ય અને પ્રામાણિકતાનો અભાવ હોવો એ છે. ધૈર્ય નો અર્થ એ છે કે કોઈ પરિસ્થિતિ પર તરત જ પ્રતિક્રિયા ન આપવી પણ સમસ્યાનો સારી રીતે વિચારીને પ્રતિભાવ આપવો.

આપણું વિશ્વ સ્પર્ધાઓનું વિશ્વ છે. વધુમાં, દરેક વ્યક્તિ તેમને જે કરવું છે તેના માટે સ્વતંત્ર છે. આવી સ્થિતિમાં ષડયંત્રોથી સંપૂર્ણપણે મુક્ત વિશ્વ હોવું શકય નથી. આમ તમે કાવતરું કે ષડયંત્રની ઘટનાને દૂર કરી શકતા નથી, પરંતુ તેના નુકસાનનો ભોગ બનવાથી પોતાને બચાવવું બિલકુલ શકય છે અને તેના માટેનું સૂત્ર ખૂબ જ સરળ છે. ધૈર્ય રાખી અને નિષ્ઠાવાન બની તમે તમારા માટે ષડયંત્રને બિનઅસરકારક બનાવી શકો છો.

કાવતરું કે ષડયંત્રની ઘટનાનો શ્રેષ્ઠ બચાવ એ છે કે તેને દુશ્મનીના ભાવ તરીકે નહીં પણ એક પડકાર તરીકે લો. તમારી ઉર્જા માત્ર એક જ મોરચે લગાવો અને તે છે પડકારને પહોંચી વળવું. ષડયંત્રની સમસ્યાનો સામનો કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે.

કાવતરું અથવા ષડયંત્રની ઘટના એ દુષ્ટ નથી. તે મહાન સકારાત્મક મૂલ્ય ધરાવે છે. હકીકતમાં તે એ વેશમાં આશીર્વાદ તરીકે સેવા આપે છે. તે તમારા મનને આંચકો આપે છે અને તમારી બુદ્ધિને સક્રિય કરે છે. તે તમારા અંદર રહેલી સંભાવનાઓને વાસ્તવિકતામાં ફેરવવામાં મદદ કરે છે. તે તમને સ્થિરતાનો ભોગ બનવાથી બચાવે છે.

**પરિસ્થિતિને સકારાત્મક પ્રતિભાવ આપો. સંયમપૂર્વક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો. તટસ્થ મન સાથે તમારા કાર્યોની યોજના બનાવો.**

ષડયંત્ર એ સ્પર્ધાની ઘટના છે, દુશ્મનાવટની નહીં. સ્પર્ધાની આ દુનિયામાં, દરેક વ્યક્તિ વ્યવહારીક રીતે ‘કાવતરાખોર’ હોય છે. બીજાઓ તમારી વિરુદ્ધ કાવતરામાં રોકાયેલા છે અને તમે પણ કયારેક સભાનપણે તો કયારેક અજાણતાં, કયારેક પ્રત્યક્ષ તો કયારેક પરોક્ષ રીતે બીજાઓ વિરુદ્ધ ષડયંત્રમાં રોકાયેલા હોવ છો. ષડયંત્ર એ અન્યનો ઈજારો નથી. આ વ્યવહારથી  દુનિયામાં કોઈ બાકાત નથી. માત્ર એક જ જગ્યા છે જે ષડયંત્રથી મુક્ત છે અને તે છે કબ્રસ્તાન.

તેથી, તેને સરળતાથી લો. ફરિયાદ અને વિરોધમાં તમારો સમય બગાડો નહીં. પરિસ્થિતિને સકારાત્મક પ્રતિભાવ આપો. સંયમપૂર્વક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો. તટસ્થ મન સાથે તમારા કાર્યોની યોજના બનાવો.

સમજણનો ઉપયોગ કરીને, તમારી લાગણીઓને નિયંત્રિત કરો. સામાન્ય મનથી પરિસ્થિતિનો સામનો કરો. તમારી જાત પર જીત મેળવવાનો પ્રયાસ કરો અને તો તમે ષડયંત્ર અને દુશ્મનાવટની આખી દુનિયા જીતી શકશો.

સફળતા અને નિષ્ફળતા બંનેનું રહસ્ય આ શબ્દોમાં સંક્ષિપ્ત કરી શકાય. નકારાત્મક પ્રતિભાવનું પરિણામ નિષ્ફળતા છે અને સકારાત્મક પ્રતિભાવનું પરિણામ સફળતા છે.

## * સમાધાનની શ્રેષ્ઠ રીત *

કુરાન નિર્દેશ કરે છે કે સમગ્ર ભૌતિક વિશ્વ શાંતિનું વિશ્વ છે. તારાઓ સતત ફરતા રહે છે. પરંતુ તેમની વચ્ચે કોઈ અથડામણ થતી નથી. કુરાનની યોજના અનુસાર, આવી જ વિશ્વ-સંસ્કૃતિ માનવજાત માટે પણ જરૂરી છે. અલ-નિસા (મહિલા) પ્રકરણમાં કુરાન આ વિષય પર માર્ગદર્શિકા આપે છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે.

**જો કોઈ સ્ત્રીને તેના પતિ તરફથી ઉદાસીનતા અથવા અવગણનાનો ડર હોય તો જો તેણી સમાધાન શોધે તો તેમાં કોઈ દોષ નથી, કારણ કે સમાધાન શ્રેષ્ઠ છે. પરંતુ લોકો સ્વાર્થી લોભ તરફ ઝૂકતા હોય છે. જો તમે સારું કરો છો અને અલ્લાહથી ડરો છો,તો તમે જે કરો છો તેનાથી ચોક્કસ અલ્લાહ વાકેફ છે (૪:૧૨૮)**

અહીં કુરાન આપણને વિવાદાસ્પદ બાબતોમાં સમાધાનની નીતિ અપનાવવા આદેશ આપે છે. આ શ્લોકનો તાત્કાલિક સંદર્ભ પતિ-પત્નીના મતભેદોનું નિરાકરણ છે, પરંતુ કુરાન ચોક્કસ સંદર્ભ આપીને સામાન્ય દિશા આપે છે. સમાધાનની નીતિ માત્ર પતિ-પત્ની વચ્ચેની સમસ્યાઓ માટે જ અસરકારક નથી પરંતુ અન્ય તમામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સમસ્યાઓ માટે પણ સમાન રીતે ઉપયોગી છે.

જ્યારે વિવાદ ઊભો થાય છે ત્યારે સમાધાન એ શ્રેષ્ઠ માર્ગ છે. એટલે કે તમારે ઘર્ષણાત્મક અભિગમને બદલે સમાધાનકારી અભિગમ અપનાવવો જોઈએ. સમાધાનકારી અભિગમ હંમેશા સમસ્યાને ઓછી કરે છે. જ્યારે ઘર્ષણાત્મક અભિગમ મામલાઓને વધુ ઉગ્ર બનાવે છે, તદ્‌ઉપરાંત પ્રારંભિક સમસ્યાઓને વણ ઉકેલાયેલી છોડી દે છે.

હકીકત એ છે કે તમે એક અલગ ટાપુ પર રહેતા નથી. તમે સમાજમાં રહેવા માટે બંધાયેલા છો. તમારી પાસે અન્ય લોકો સાથે, પરિવાર સાથે, સમાજ સાથે, રાષ્ટ્ર સાથે રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી. આ સૂચિ આંતરરાષ્ટ્રીય બાબતોમાં આગળ વધે છે. આવી પરિસ્થિતિમાં તમે ફક્ત તમારા એકલા પર જીવી શકતા નથી. જો તમે અહંકારી બની જશો અને અન્ય લોકોની અવગણના કરશો તો તમે બિનજરૂરી રીતે બીજાને તમારા હરીફ બનાવશો. તેથી શ્રેષ્ઠ નીતિ એ છે કે અન્યને સ્વીકારો, એડજસ્ટમેન્ટની નીતિ અપનાવો. તમારે તમામ પ્રકારના ઘર્ષણથી બચવું પડશે, જેથી તમે તમારી શક્તિ અને તમારો સમય બચાવી શકો.

સમાધાનની નીતિ અપનાવવી એ માત્ર અન્યો પ્રત્યે અનુકૂળ રહેવાનો પ્રશ્ન નથી. તે તેના કરતાં ઘણું વધારે છે. તે તમને કોઈપણ વિરામ વિના તમારા જીવનની મુસાફરી ચાલુ રાખવા પ્રેરે છે. તે તમને વિચલનથી બચાવે છે અને તમને તમારા જીવનને વધુને વધુ યોગ્ય લક્ષ્યો માટે સમર્પિત કરવાની પરવાનગી આપે છે.

જો તમે ઘર્ષણની નીતિ અપનાવો છો, તો તમને બહુ જલ્દી ખબર પડશે કે તમારી મુશ્કેલીઓનો કોઈ અંત નથી. મતભેદોમાંથી ઉદ્‌ભવીને તે અથડામણ તરફ દોરી જાય છે અને અથડામણ હિંસામાં પરિણમે છે અને અલબત્ત, હિંસા પછીનો આગળનો તબક્કો યુદ્ધ અને લડાઈ છે. તેથી શરૂઆતથી જ ઘર્ષણની માનસિકતામાંથી પોતાની જાતને મુક્ત કરવી એ શ્રેષ્ઠ નિતી છે.

**સમાધાનની નીતિ અપનાવવી એ માત્ર અન્યો પ્રત્યે અનુકૂળ રહેવાનો પ્રશ્ન નથી. તે તમને કોઈપણ વિરામ વિના તમારા જીવનની મુસાફરી ચાલુ રાખવા પ્રેરે છે.**

સમાધાનકારી અભિગમ અન્ય વ્યક્તિ સામે નિર્દેશિત હોવાનું જણાય છે, પરંતુ હકિકતમાં ઘર્ષણાત્મક અભિગમ કુદરતના નિયમ વિરુદ્ધ છે. આ માણસ વિરુદ્ધ માણસ ને બદલે, માણસ વિરુદ્ધ પ્રકૃતિનો મુદ્દો છે. તમે પ્રકૃતિનો માર્ગ બદલી શકતા નથી, તેથી પ્રકૃતિ સાથે સમાધાન કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. જગતમાં સફળતાનો આ એકમાત્ર રસ્તો છે.

## * સચોટ વાણી *

કુરાન સચોટ વાણી અથવા સીધી વાણી પર ખૂબ ભાર મૂકે જે સામાજિક જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે.

અધ્યાય અલ-અહઝાબ (સંયુક્ત સેનાઓ)માં કુરાન આ સંદર્ભમાં તેનું માર્ગદર્શન આ શબ્દોમાં આપે છે;

**ઓ શ્રધ્ધાળુઓ! અલ્લાહનો ડર રાખો અને સીધી વાણી બોલો, તે તમારું વર્તન યોગ્ય બનાવશે અને તમારા પાપોને માફ કરશે. અને જે કોઈ અલ્લાહ અને તેના પયગંબરની આજ્ઞાનું પાલન કરે છે તેણે ખરેખર મોટી સફળતા પ્રાપ્ત કરી છે. (૩૩:૭૦-૭૧)**

અલ્લાહનો ડર એ માત્ર એક ડર નથી, અલ્લાહનો ડર તમને ખૂબ જ નિષ્ઠાવાન બનાવે છે, તે તમને જવાબદાર બનાવે છે, તે તમને પ્રામાણિક બનાવે છે અને આ ગુણો જ તમને યોગ્ય રીતે બોલવા સક્ષમ બનાવે છે. તે તમને વિનમ્ર બનાવે છે, અને એમાં કોઈ શંકા નથી કે વ્યક્તિત્વ વિકાસની દ્રષ્ટિએ તેમજ એક સારા સમાજના નિર્માણની દ્રષ્ટિએ યોગ્ય વિચારસરણીનું સૌથી વધુ મહત્વ છે.

ઉચ્ચ વિચારસરણી સચોટ વાણી તરફ દોરી જાય છે. સચોટ વાણી એવી છે જેમાં કોઈ મૂંઝવણ નથી અને જે તથ્યો પર આધારિત છે. ઉચ્ચ વિચારો વાસ્તવવાદી વિચારસરણીને જન્મ આપે છે અને વાસ્તવિક અભિગમ વ્યક્તિને તમામ પ્રકારની સફળતા તરફ દોરી જાય છે.

**સચોટ વાણી અથવા સચોટ લેખન એ માણસના સમગ્ર વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે. સચોટ વાણી અથવા સચોટ લેખન એ એકીકૃત વ્યક્તિત્વની નિશાની છે.**

સચોટ વાણી અથવા સચોટ લેખન સરળતાથી સમજી શકાય તેવા હોય છે. તે લોકોના મનને સંબોધે છે, તે સ્ત્રીઓ અને પુરુષો બંનેના હૃદયને સ્પર્શે છે. ઉચ્ચ ચિંતક હંમેશા પ્રકૃતિની ભાષામાં બોલે છે, અને પ્રકૃતિ એ બોલનાર અને સાંભળનાર બંને માટે સરખી છે. આ સમાનતા જ એક સારા વિચારકની બોલવાની અને લખવાની વાતને બધા માટે સ્વીકાર્ય બનાવે છે.

સચોટ વિચાર હંમેશા ઉદ્દેશ પર આધારિત હોય છે. સચોટ વિચાર એ તમારા મનને જાગૃત કરવાનું પરિણામ છે. સચોટ વિચાર એ ઊંડા ચિંતનનું પરિણામ છે. યોગ્ય વિચારસરણી તમામ પ્રકારના પક્ષપાત અને પૂર્વગ્રહથી મુક્ત છે.

આ ગુણવત્તાના કારણે સચોટ વાણી અને સચોટ લેખન સીધું લોકોના હૃદય સુધી પહોંચે છે. તે લોકોના ચરિત્રને બદલવાની શક્તિ ધરાવે છે. તે લોકોના મનમાં ક્રાંતિ લાવી શકે છે. સચોટ વાણીની આ ગુણવત્તા જ સમાજમાં સુધારો લાવી શકે છે. તે સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ કરવાની શક્તિ ધરાવે છે.

સચોટ વાણી અથવા સચોટ લેખન માણસના સમગ્ર વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે. સચોટ વાણી અથવા સચોટ લેખન એ એકીકૃત વ્યક્તિત્વની નિશાની છે તે જણાવે છે કે સંબંધિત વ્યક્તિ ઈમાનદાર વ્યક્તિ છે. તેનો અર્થ એ છે કે તે જે કહે છે તે તેના વતી માત્ર અધરનું કર્મ નહીં, પરંતુ તેનો નિષ્ઠાવાન અભિપ્રાય છે જે દંભથી મુક્ત છે. તેના વિચાર અને વાણીમાં કોઈ ફરક નથી.

આ ગુણો ધરાવનાર વ્યક્તિ તેના સમાજ માટે મોટી સંપત્તિ છે. તેની સચોટ વિચારસરણી એ બાંયધરી છે કે તે તેના સહજીવીઓ માટે સમસ્યાઓ ઊભી કરશે નહીં. તે વિશ્વાસપાત્ર વ્યક્તિ તરીકે જીવશે. તે સ્વકેન્દ્રી માનસિકતાથી મુક્ત હશે. તે પોતાના સ્વાર્થને બદલે પોતાના અંતરાત્માને અનુસરશે. તે સિદ્ધાંતવાદી પાત્રતા અપનાવશે. તેની સચોટ વિચારસરણી તેને જીવનના દરેક પાસામાં સચોટ બનાવશે.

## * સાર્વત્રિક ભાઈચારો *

કુરાનના પહેલાં જ અધ્યાય અલ-ફાતિહા (પ્રારંભ) સાર્વત્રિક ભાઈચારાનો ખ્યાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**બધી જ પ્રશંસાઓ અલ્લાહ, બ્રહ્માંડના પાલનહાર માટે છે. (૧:૨)**

કુરાનના આ શ્લોક અનુસાર ઈશ્વર ફક્ત અમુક સમુદાય અથવા જૂથનો જ ઈશ્વર નથી, તે સમગ્ર માનવજાતનો ઈશ્વર છે. તે એકલો જ સર્જનહાર છે, તે એકલો જ પાલનહાર છે, તે એકલો જ બ્રહ્માંડનો માલિક છે.

માનવતાની એકતાનો આધાર ઈશ્વરનું એક હોવા પર છે. તેનો અર્થ એ છે કે ઈશ્વર એક છે અને માનવતા પણ એક છે. ઈશ્વરની નજરમાં, માણસ-માણસ વચ્ચે, ગોરા અને કાળા વચ્ચે, ગરીબ અને અમીર વચ્ચે કોઈ તફાવત નથી. જ્યારે ઈશ્વરની નજરમાં સમગ્ર માનવતા એક છે, ત્યારે માનવજાતે આ પ્રકારની વિચારસરણી અપનાવવી જ જોઈએ અને એક દૈવી લોકો તરીકે જીવવું જોઈએ તે સ્વાભાવિક છે.

**કુરાનના આ શ્લોક અનુસાર ઈશ્વર ફક્ત અમુક સમુદાય અથવા જૂથનો જ ઈશ્વર નથી, તે સમગ્ર માનવજાતનો ઈશ્વર છે.**

ઈસ્લામના પયગંબર વિશે એક સુંદર વાર્તા છે જે કુરાનની આ અવધારણાનું સુંદર ઉદાહરણ છે. આ વાર્તા સંપૂર્ણ રીતે અધિકૃત છે કારણ કે તે અલ બુખારી દ્વારા વર્ણવવામાં આવી છે. જે મુહદ્દીસીન (પયગંબર સાહેબની પરંપરાઓના વર્ણનકારો) ના જૂથમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે વાર્તા આ રીતે છે;

**ઈસ્લામના પયગંબરે ઈ. સ. ૬૧૦માં તેમનું મિશન શરૂ કર્યું. તેર વર્ષ પછી તે અરેબિયાના બીજા સૌથી મહત્વપૂર્ણ શહેર મદીનામાં સ્થળાંતર થયા. તે સમયે મદીનામાં કેટલીક યહૂદી જાતિઓ રહેતી હતી. એવું બન્યું કે એક દિવસ પયગંબર સાહેબે નગરની એક શેરીમાંથી પસાર થતી અંતિમયાત્રા જોઈ. તે સમયે પયગંબર સાહેબ બેઠા હતા. પરંતુ અંતિમ યાત્રા જોઈને તેઓ આદરથી ઉભા થઈ ગયા. ત્યારે તેમના એક સાથીએ કહ્યું 'હે પયગંબર, તે એક યહૂદીનો અંતિમ સંસ્કાર હતો. તમે મૃત બિન-મુસ્લિમને આટલું સન્માન કેમ આપો છો?' પયગંબર સાહેબે જવાબ આપ્યો અલયસત નફસાન?**
**(શું તે માણસ ન હતો?) (સહીહ અલ-બુખારી,૧૩૧૨)**

ઈસ્લામના પયગંબર દ્વારા સ્થાપિત આ ઉદાહરણ દર્શાવે છે કે ધર્મ અથવા પરંપરા ગમે તે હોય, બધા સ્ત્રી-પુરૂષો સમાન છે, બધા માનવી છે. બધા માનવતાના સરખા સન્માનીય સભ્યો છે. દરેક વ્યક્તિ ઈશ્વર દ્વારા પોતાના અને પોતાના સમુદાયની જેમ બનાવવામાં આવ્યા છે. સાર્વત્રિકતાની આ અવધારણા એ સમગ્ર માનવજાતમાં સાર્વત્રિક એકતાનો પ્રથમ આધાર છે.

સાર્વત્રિક ભાઈચારો માત્ર એક અમૂર્ત વિચાર નથી. તે તમામ સ્ત્રી-પુરુષોમાં ઉચ્ચ માનવીય મૂલ્યો કેળવવાની ક્ષમતા ધરાવે છે. તે વ્યક્તિની ક્ષિતિજને વિસ્તૃત કરે છે. તે લોકોના વિચાર વ્યાપક બનાવે છે. તે લોકોને તમામ પ્રકારના ઉપર છલ્લાં વિચારોથી ઉપર લાવે છે. તે લોકોને તેમનું જીવન જીવવા માટે ઉચ્ચ ધોરણ આપે છે. તે લોકોના મગજમાં ક્રાંતિ લાવે છે અને આ બાબત સાર્વત્રિક ભાઈચારાને પ્રોત્સાહન આપે છે. હું બધા માટે છું અને બધા મારા માટે છે.

સાર્વત્રિક ભાઈચારાનો ખ્યાલ તમામ પ્રકારની નકારાત્મક વિચારસરણીનો નાશ કરનાર છે. તે એક નવા પ્રકારની વિચારસરણીની ઉત્પત્તિ કરે છે, જેના દ્વારા લોકો ઈશ્વર આધારિત વિચારને અપનાવવા માટે બંધાય છે. આ સિદ્ધાંત અપનાવ્યા પછી દરેક સમાજ એક પ્રકારનો સાર્વત્રિક સમાજ બની જાય છે. આ ખ્યાલ તમામ પ્રકારના પૂર્વગ્રહો અને ભેદભાવો પર બુલડોઝર તરીકે કામ કરે છે.

## * માણસ અને પ્રકૃતિ *

અલ-કહફ (ગુફા) પ્રકરણમાં કુરાન માર્ગદર્શનનો એક ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ આપે છે.

પયગંબર સાહેબને સંબોધતા, કુરાન કહે છે;

**એવા લોકો સાથે જોડાયેલા રહો જેઓ સવાર-સાંજ તેમના પ્રભુને તેના રાજીપા મેળવવા માટે યાદ કરે છે અને સાંસારિક જીવનની વિલાસની ઈચ્છાથી વશ થઈને તમારી આંખો (તમારું ધ્યાન) તેમનાથી ફેરવી ના લો અને એમનું અનુકરણ ના કરો જેમનું હૃદય અમે અમારા સ્મરણથી દૂર કરી દીધું કે જેઓ ફક્ત પોતાની ઈચ્છાઓ પાછળ ભાગે છે ને બર્બાદ થાય છે. (૧૮:૨૮)**

કુરાનનો આ શ્લોક માત્ર ધાર્મિક આદેશ જ નહીં, પરંતુ તે કુદરતના સાર્વત્રિક નિયમનો પણ ઉલ્લેખ કરે છે. એક અર્થમાં, કુરાન કુદરતના નિયમોનું નિવેદન છે. જેઓ કુદરતના આ નિયમોનું પાલન કરે છે તેઓ સફળ થાય છે. જ્યારે જેઓ ફક્ત પોતાની જ ધૂન કે ઈચ્છાઓને અનુસરવાનો પ્રયાસ કરે છે તેઓ નિષ્ફળ થઈને બર્બાદ થાય છે.

દરેક વ્યક્તિ ઈચ્છાઓથી ભરેલી છે. જો તમે ફક્ત તમારી ઈચ્છાઓને જ અનુસરશો, તો તમે ચોક્કસપણે ઈશ્વર દ્વારા નિર્ધારિત સાચા માર્ગથી ભટકી જશો. બીજી તરફ જેઓ તેમની ઈચ્છાઓ પર નિયંત્રણ રાખે છે, તેમજ કુદરત તથા કુરાનમાં દર્શાવ્યા

પ્રમાણેના ઈશ્વરના નિયમોને જાણવાના તમામ પ્રયત્નો કરે છે, તેઓએ સાચો માર્ગ અપનાવ્યો છે અને વહેલા કે મોડા તેઓ તેમના મુકામ પર પહોંચી જશે. જીવનના દરેક ક્ષેત્રમાં સીમાઓ હોય છે. વ્યક્તિએ આ વિશે ખૂબ ગંભીર હોવું જરૂરી છે, અને આ સીમાઓને યોગ્ય માન આપવું જોઈએ.

ઉદાહરણ તરીકે વ્યક્તિ તેની સ્વતંત્રતાનો આનંદ માણી શકે છે પરંતુ તેણે અરાજકતાવાદી બનવાનું પસંદ કરવું જોઈએ નહીં. તેણે હંમેશા શાંતિપૂર્ણ માર્ગને અનુસરવો જોઈએ અને કયારેય હિંસાનો વિકલ્પ પસંદ કરવો જોઈએ નહીં, તેણે સમાજમાં પ્રેમની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું જોઈએ; નફરત અને અસહિષ્ણુતાની સંસ્કૃતિને નહીં. તેણે સાચું બોલવું જોઈએ અને કયારેય ખોટું બોલવું જોઈએ નહીં. આ બાબતે કોઈ બહાનું સ્વીકાર્ય નથી.

આ જગતમાં અનુસરવા માટે બે માર્ગો છે. એક પોતાની ધૂન અને બીજું કુદરતી અથવા દૈવી નિયમો. દેખીતી રીતે, તમારી ઈચ્છાઓને વશ થવું અને ફક્ત એ પૂરી કરવા માટે જ દોડવું એ સરળ છે. પરંતુ અંતે, આ એક વિનાશક પસંદગી છે. આ વિશ્વ તમારા દ્વારા બનાવવામાં આવ્યું નથી. પરંતુ સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા બનાવવામાં આવ્યું છે. તેથી તમારે દૈવી નિયમો સાથે તમારી જાતને સમયોજિત કરવી પડશે. આ દુનિયામાં તમે સ્વતંત્ર છો, પરંતુ તમારી સ્વતંત્રતાની કેટલીક મર્યાદાઓ હોવી જોઈએ અને તે, અરાજકતાથી બચવું તેમજ ઈશ્વર દ્વારા નિર્ધારિત પ્રકૃતિના નિયમોનું પાલન કરવું એ છે. તમારી સ્વતંત્રતા એક શિસ્તબદ્ધ સ્વતંત્રતા હોવી જોઈએ. અમર્યાદિત સ્વતંત્રતા નહીં.

બીજી રીત એ છે કે કુદરતના નિયમોને શોધો અને આ નિયમોને તમારા જીવનમાં લાગુ કરો. કુરાન એ માત્ર પ્રકૃતિમાં છુપાયેલા કાયદાઓનું શાબ્દિક નિવેદન છે. જો કોઈ નિષ્ઠાવાન હશે તો આ કાયદાઓ જરૂર શોધી કાઢશે.

**જેઓ તેમની ઈચ્છાઓ પર નિયંત્રણ રાખે છે, અને કુદરત તથા કુરાનમાં દર્શાવ્યા પ્રમાણેના ઈશ્વરના નિયમોને જાણવાના તમામ પ્રયત્નો કરે છે તેઓએ સાચો માર્ગ અપનાવ્યો છે અને વહેલા કે મોડા તેઓ તેમના મુકામ પર પહોંચી જશે**

માનવીને આ કાયદાઓની અવગણના કરવી પાલવી શકે તેમ નથી અને માનવી ન તો એ કાયદાની સમાંતર વ્યવસ્થા ગોઠવી શકે એમ છે. આપણી પાસે આ કાયદાઓ શોધવા અને તેના અનુસાર આપણી પ્રવૃત્તિઓનું આયોજન કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. આ કાયદાઓની વિરુદ્ધ જવાથી કોઈને ફાયદો થશે નહિ, ન તો પુરૂષો કે ન તો સ્ત્રીઓને. અહીં સૂત્ર ખૂબ જ સરળ છે કાં તો કુદરતી માર્ગને અનુસરો અથવા તો નાશ પામો.

# * પરસ્પર વાતચીતનું મહત્વ *

કુરાન પરસ્પર વાતચીતને ખૂબ જ મહત્વ આપે છે. કોઈપણ પરિસ્થિતિમાં, પરસ્પર વાતચીત ચોક્કસપણે સામેલ હોવી જોઈએ. આ સિદ્ધાંત પ્રકરણ અલ-ફતેહ (વિજય) માં મૂકવામાં આવ્યો છે.

સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**ખરેખર અમે તમને સ્પષ્ટ વિજય આપ્યો છે. જેથી અલ્લાહ તમારા ભૂતકાળ અને ભવિષ્યના પાપો માફ કરે, તમારા પર તેની કૃપા પૂર્ણ કરે અને તમને સીધા માર્ગ પર માર્ગદર્શન આપે અને જેથી અલ્લાહ તમને તેની શક્તિશાળી મદદ આપે. (૪૮:૧–૩)**

કુરાનની આ કલમો ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. ઈસ્લામના પયગંબરે અરબસ્તાનમાં એક અભિયાન શરૂ કર્યું હતું, જે સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હતું. પરંતુ તે સમયે લોકોને આજે આપણી પાસે જે ધાર્મિક સ્વતંત્રતા છે તે ન હતી. તેથી, તેઓ આ પહેલથી ખૂબ ગુસ્સે થયાં અને તેમની સામે લડાઈ શરૂ કરી.

લડાઈ જેવી પરિસ્થિતિ પયગંબર સાહેબ માટે અનુકૂળ ન હતી. તેઓ દરેકને ઈશ્વરનો સંદેશો પહોંચાડવા માંગતા હતા પરંતુ, આવા પ્રતિકૂળ સંજોગોમાં, તમામ સામાન્ય સંપર્કો લગભગ સંપૂર્ણપણે વિચ્છેદિત થઈ ગયા હતા. આ બાબત ખાસ કરીને હુદાયબીયાહ ખાતે, પયગંબર સાહેબ તેમના સાથીદારો અને બિન-મુસ્લિમ દળો વચ્ચેના મુકાબલાના પ્રસંગે તીવ્ર તણાવવાળી હતી. પયગંબર સાહેબ અને તેમના અનુયાયીઓ કાબામાં તેમની ધાર્મિક વિધિઓ કરવા માટે હુદાયબીયાથી મક્કા જવા માંગતા હતા. પરંતુ સામા પક્ષે તેમને આમ કરતા અટકાવ્યા. પયગંબર સાહેબે આ પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટેની ઈચ્છા સાથે તદ્દન સ્વાભાવિક રીતે બે પક્ષો વચ્ચે શાંતિ વાટાઘાટો શરૂ કરી. જે બે અઠવાડિયાઓ સુધી ચાલી. ઈતિહાસમાં આ સંધિને હુદાયબીયાહ સંધિ તરીકે નોંધવામાં આવી છે.

**કોઈપણ પરિસ્થિતિમાં પરસ્પર વાતચીત ચોક્કસપણે સામેલ હોવી જોઈએ.**

પયગંબર સાહેબે જાણ્યું કે અન્ય પક્ષ તેમની નકારાત્મક માનસિકતા સાથે, તેમના આતંકવાદને રોકવા માટે કોઈપણ રીતે તૈયાર નથી. તેથી, તેમણે તેમની તમામ શરતોને એકપક્ષીય રીતે સ્વીકારવાનો પ્રસ્તાવ મૂક્યો, એ શરતે કે તેઓ દુશ્મનાવટનો અંત લાવવા સંમત થાય. છેવટે આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો, પરિણામે બંને પક્ષો વચ્ચે દસ વર્ષનો શાંતિ-કરાર થયો.

જ્યારે આ શાંતિ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું, ત્યારે ઈશ્વરે કુરાનમાં ઉપરોક્ત શ્લોક પ્રગટ કર્યો. ફેસ વેલ્યુ પ્રમાણે હુદાયબીયાહ સંધિ એક હાર હતી. કારણ કે પયગંબર સાહેબ દ્વારા ચૂકવવામાં આવેલી કિંમત એ અન્ય પક્ષ દ્વારા નિર્ધારિત તમામ શરતોની તેમની એકપક્ષીય સ્વીકૃતિ હતી. પરંતુ કુરાને, ઉપરોક્ત પંક્તિઓમાં તેને 'સ્પષ્ટ વિજય' તરીકે જાહેર કર્યું. તે કયા અર્થમાં સ્પષ્ટ વિજય હતો? જવાબ તદ્દન સ્પષ્ટ છે. હુદાયબીયાહ સંધિએ સફળતાપૂર્વક મંડાગાંઠ દૂર કરી અને બંને પક્ષો વચ્ચે શાંતિપૂર્ણ પરામર્શનો દરવાજો ખોલ્યો.

પરિણામ દર્શાવે છે કે આ એક શ્રેષ્ઠ વ્યૂહરચના હતી. જ્યાં યુદ્ધ સમયની પરિસ્થિતિએ તમામ પ્રકારના વ્યવહારોને સ્થગિત કરી દીધા હતા, ત્યાં શાંતિ કરાર પછી પરામર્શના તમામ દરવાજાઓ વ્યાપકપણે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. એ હકીકત છે કે જ્યાં પરસ્પર સંવાદ છે ત્યાં ચર્ચા છે અને જ્યાં ચર્ચા છે ત્યાં વૈચારિક આદાનપ્રદાન છે અને જ્યાં વૈચારિક આદાનપ્રદાન છે ત્યાં બીજા પક્ષ પર પોતાની વૈચારિક સર્વોપરિતા શાંતિપૂર્ણ રીતે સ્થાપિત કરવાની દરેક તક છે અને એવું જ થયું.

આ સંધિ પર હસ્તાક્ષર કર્યાના થોડા વર્ષો પછી લગભગ સમગ્ર અરેબિયાએ ઈસ્લામના પયગંબરની વિચારધારાને સ્વીકારી લીધી. વિચારધારા દ્વારા શાંતિપૂર્ણ સંઘર્ષ, તલવારની તાકાત કરતાં ઘણી વધુ અસરકારક સાબિત થાય છે.

હુદાયબીયાહનો અનુભવ ફક્ત ધર્મનો વિષય ન હતો. તે માનવ જીવનની તમામ બાબતો માટે સુસંગત છે. તે આપણને પરિવારમાં અને સમાજમાં તેમજ રાષ્ટ્રીય સ્તરે તમામ વિવાદાસ્પદ બાબતોનું સંચાલન કરવા માટે એક મુખ્ય સૂત્ર આપે છે. જો તમે વિરોધીઓ તરફથી હિંસક ઉગ્રવાદનો સામનો કરી રહ્યાં હોવ, તો તેમને શાંતિ સ્થાપવા માટે તૈયાર કરો, પછી ભલે તેનો અર્થ એ થાય કે શરૂઆતમાં તેમની શરતો એકતરફી સ્વીકારવી પડે. લાંબાગાળે અંતમાં આગામી શાંતિપૂર્ણ સંબંધોને કારણે તમે સફળ થશો.

## ❊ ઈશ્વરના સર્જનનો હેતુ ❊

દરેક જણને આવા પ્રશ્નો થાય છે. હું કોણ છું? હું આ પૃથ્વી પર શા માટે આવ્યો/આવી છું? માણસનો હેતુ શું છે? સફળતા શું છે અને નિષ્ફળતા શું છે? આ પ્રશ્નોને એક જ વાકયમાં સમાવવામાં આવી શકે છે. સર્જકના સર્જનનો હેતુ શું છે?

કુરાનનો સડસઠમો (૬૭) અધ્યાય અલ-મુલ્ક (રાજ્ય) આ પ્રશ્નનો જવાબ આપે છે. સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે.

**ઈશ્વરે મૃત્યુ અને જીવનનું સર્જન કર્યું છે જેથી તે તમારી કસોટી કરે અને ચકાસે કે તમારામાંથી કોણ આચરણમાં શ્રેષ્ઠ છે અને તે સર્વશક્તિમાન, સર્વ ક્ષમાશીલ છે. (૬૭:૨)**

કુરાન અનુસાર માનવી એક શાશ્વત અસ્તિત્વ તરીકે બનાવવામાં આવ્યાં છે. કુરાનના ઉપરોક્ત શ્લોકમાં 'મૃત્યુ અને જીવન' એ માનવ-જીવનના મૃત્યુ પહેલાંના અને પછીના એમ બંને સમયગાળાનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી, મૃત્યુ અને જીવન મનુષ્યના સમગ્ર શાશ્વત જીવનકાળને આવરી લે છે.

હકીકત એ છે કે ઈશ્વરે માનવીનું સારી રીતે વિચારેલી યોજના મુજબ સર્જન કર્યું છે, જેનો સાર માનવીને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાનો છે. ભેટ તરીકે નહીં પરંતુ પરીક્ષણ તરીકે આ કસોટીનું પરિણામ ઈશ્વરને એ જણાવશે કે કોણે તેની સ્વતંત્રતાનો દુરુપયોગ કર્યો અને કોણે તેની સ્વતંત્રતાનો શ્રેષ્ઠ સદુપયોગ કર્યો. આ પ્રકારની ગોઠવણ માણસ માટે ઈશ્વરનો દૈવી હેતુ છે.

આ કસોટી ફક્ત માનવજાતની કસોટી કરવા ખાતર નથી. તે ઉચ્ચ હેતુ માટે છે. માણસને બનાવતા પહેલાં ઈશ્વરે એક આદર્શ વિશ્વ એટલે કે સ્વર્ગનું સર્જન કર્યું. હવે ઈશ્વર ઈચ્છે છે કે આ સ્વર્ગમાં અનંતકાળ માટે સ્થાયી થવા માટે યોગ્ય અને આદર્શ સ્ત્રી-પુરુષો પ્રવેશ મેળવે. તેથી આ જીવન સ્વર્ગમાં પ્રવેશ માટે કરાતી પસંદગીનું મેદાન છે.

આ દૈવી યોજના અનુસાર વર્તમાન જીવનકાળ માણસને એક મહાન તક આપે છે. મૃત્યુ પહેલાંના સમયગાળામાં, માણસને સ્વર્ગ માટે પોતાને લાયક બનવાની તક મળે છે, જેથી મૃત્યુ પછીના સમયગાળામાં તે આ આદર્શ વિશ્વ એટલે કે સ્વર્ગમાં લાયક ઉમેદવાર તરીકે સ્થાયી થઈ શકે.

આ દૈવી યોજના પ્રમાણે, માનવીનો વર્તમાન જીવનકાળ માનવીને એક મોટી તક આપે છે. વર્તમાન વિશ્વ કદાચ અનેક સમસ્યાઓમાંથી એક છે. કારણકે આ દુનિયામાં દુઃખ, પીડા અને અનિચ્છનીય પરિસ્થિતિઓ છે. પરંતુ કુરાનમાં દર્શાવેલ જીવનની દૈવી યોજના, આપણને એક મોટું આશ્વાસન આપે છે. તે અંધકારમાં તેજસ્વી પ્રકાશ સમાન છે. તે સ્ત્રી-પુરુષો બધાને મોટી આશા આપે છે કે વર્તમાન વિશ્વમાં તેઓ જે દુઃખો અનુભવે છે તે પરીક્ષણના અસ્થાયી સમયગાળા માટે છે, અને એકવાર તેઓ પરીક્ષણમાં લાયક ઠરે છે, તો તેઓ શાશ્વત સ્વર્ગ માટેના ભાગ્યશાળી ઉમેદવારો બનશે.

કુરાનનો આ સિદ્ધાંત માનવ-જીવનને સમજાવે છે. તે માત્ર માણસના અસ્તિત્વને જ નહીં, પણ આ દુનિયામાં માણસ જે દુઃખોનો સામનો કરે છે તે પણ સમજાવે છે. તે જીવનના તમામ સારા અને ખરાબ પાસાઓને મહત્વ આપે છે.

માનવી અનન્ય ગુણો સાથે જન્મે છે, તે અમર્યાદિત ઈચ્છાઓ સાથે જન્મે છે, તેના મનમાં પ્રચંડ ક્ષમતા હોય છે, પરંતુ, તેની ક્ષમતાને સમજતા પહેલાં અને તેની ઈચ્છાઓ પૂર્ણ કરતા પહેલાં તેનું જીવન સમાપ્ત થઈ જાય છે.

**આ દૈવી યોજના માણસને જીવન જીવવા માટે મોટી આશા આપે છે. વર્તમાન વિશ્વ કદાચ સમસ્યાઓમાંની એક છે, કારણ કે આ દુનિયામાં દુઃખ, પીડા અને અનિચ્છનીય પરિસ્થિતિઓ છે. પરંતુ કુરાનમાં દર્શાવેલ જીવનની દૈવી યોજના આપણને એક મોટું આશ્વાસન આપે છે.**

તેના આ અકાળે અવસાનને જોતાં માણસ સંપૂર્ણપણે અસ્પષ્ટ ઘટના લાગે છે, પરંતુ ઉપરોક્ત દૈવી યોજનાના પ્રકાશમાં માનવ-જીવન સંપૂર્ણપણે સમજાવી શકાય તેવું અને સમજી શકાય તેવું બની જાય છે. આને ધ્યાનમાં રાખીને વ્યક્તિ સમજી શકે છે કે બધું કેવી રીતે તેની યોગ્ય જગ્યાએ ગોઠવાયું છે.

## * યોગ્ય પસંદગી *

કુરાનનો અધ્યાય અત્-તીન (અંજીર) ખૂબ જ ટૂંકો છે, પરંતુ તેમાં એક બહુ મોટો બોધપાઠ છે, તેમાં તમામ સ્ત્રી-પુરૂષો માટે એક સાર્વત્રિક સંદેશ છે. સફળ જીવન માટેનું શાશ્વત સૂત્ર.

સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**અમે ખરેખર માણસને શ્રેષ્ઠ ઘાટમાં બનાવ્યો છે,<br>પછી અમે તેને નીચામાં સૌથી નીચો બનાવી દીધો. (૯૫ઃ૪-૫)**

કોઈપણ વ્યક્તિ જે આ પંક્તિઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે તેને એક મહાન અર્થના દર્શન થશે. કુદરત દ્વારા દરેક વ્યક્તિનું એક અનોખું વ્યક્તિત્વ હોય છે, પરંતુ આ દુનિયામાં કંઈપણ સંપૂર્ણપણે આદર્શ નથી. માનવ વ્યક્તિત્વમાં સારી તેમજ ખરાબ બાબતો હોય છે. જે વ્યક્તિ તેની સારી બાબતોનો મહત્તમ ઉપયોગ કરે છે તે સફળ થાય છે, જ્યારે જે તેની ખરાબ બાબતોનો શિકાર બને છે તે નિષ્ફળતાનો ભોગ બને છે.

સારી અને ખરાબ બાબતોનો સારાંશ સદ્દબુદ્ધિ અને લાગણીના શીર્ષકો હેઠળ કરી શકાય છે. જે વ્યક્તિ તર્કનું પાલન કરે છે તે સફળતા પ્રાપ્ત કરે છે, જ્યારે જે વ્યક્તિ ફક્ત તેની પોતાની લાગણીઓથી દોરાય છે તે વિનાશ નોતરે છે. કારણ કે નિષ્પક્ષ વિચારસરણી તમને વાસ્તવિક અભિગમ તરફ દોરી જાય છે. તે તમને એક

પરિપકવ વ્યક્તિ બનાવે છે અને તમને સારી રીતે વિચારેલા પ્રતિભાવો આપવા અને તમારી બધી ક્રિયાઓનું તર્કસંગત રીતે આયોજન કરવા માર્ગદર્શન આપે છે. જે જીવન સદબુદ્ધિ પર આધારિત હોય છે તે અચૂકપણે સફળતા અને મુક્તિ દ્વારા અંકિત થાય છે.

**ભાવનાત્મક અભિગમ એકદમ સરળ નથી અને તે મોટી કિંમતે આવી શકે છે. ભાવનાત્મક રીતે વસ્તુઓ સાથે વ્યવહાર કરવો એ કાચના વાસણોને બેપરવાહીથી સંભાળવા જેવું છે.**

ભાવનાત્મક અભિગમ એ અતાર્કિક અભિગમનું બીજું નામ છે. જે વ્યક્તિ તેની લાગણીઓથી પ્રભાવિત થાય છે તે તેના વ્યવહારમાં અવાસ્તવિક બની જાય છે. તેની ક્રિયાઓ જાણીતી કહેવત દ્વારા દર્શાવી શકાય. 'જ્યાં દૂતો દેવદૂતો ચાલવાથી પણ ડરે છે ત્યાં મૂર્ખ લોકો દોડે છે.' એક જ શબ્દ પરિવર્તન સાથે, સૂત્ર આ રીતે જાય છે. 'લાગણીશીલ લોકો ત્યાં દોડી જાય છે જ્યાં દેવદૂતો ને ચાલવાનો પણ ડર લાગે છે.'

ભાવનાત્મક અભિગમ એ સરળ નથી, તે મોટી કિંમતે આવી શકે છે. ભાવનાત્મક રીતે વસ્તુઓ સાથે વ્યવહાર કરવો એ કાચના વાસણોને બેપરવાહીથી સંભાળવા જેવું છે. તમે લોખંડના વાસણોને બેપરવા થઈને ઉપયોગ કરી શકો છો, પરંતુ તમે કાચના વાસણો સાથે એવું વર્તન કરી શકતા નથી, કારણ કે તે નીચે પડી શકે છે અને તૂટી શકે છે. કોઈપણ માનવીય પરિસ્થિતિમાં, તમારે એવી જ રીતે બાબતોને ખૂબ કાળજીથી સંભાળવી પડશે, નહીં તો પરિણામ નાજુક કાચના વાસણોને તોડી નાખવા જેવું આવશે. જો આવું થાય તો તે સંબંધોમાં ભંગાણ તરફ દોરી જશે અને તમને આવું ભંગાણ પાલવશે નહી.

માનવ વ્યક્તિત્વ, મન અને શરીરનું અનોખું સંયોજન છે જે દરેક સ્ત્રી અને પુરુષ માટે એક મહાન વરદાન છે. જો તમે તમારા વ્યક્તિત્વનો શ્રેષ્ઠ લાભ માટે ઉપયોગ કરશો, તો તમે શ્રેષ્ઠ સાધક બનશો. પરંતુ પછી બીજી શકયતા પણ છે, એટલે કે તમારા વ્યક્તિત્વનો ખોટો ઉપયોગ કરવો. તમારા વ્યક્તિત્વનો દુરુપયોગ કરવો એ કાચના વાસણોનો બેપરવાહીથી ઉપયોગ કરવા જેવું છે. તમે આમ કરીને ભારે કિંમત ચૂકવવા માટે અને પોતાના વિનાશ માટે જવાબદાર બનો છો. પરંતુ જો તમારા વ્યક્તિત્વનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે તમને ઉચ્ચ સિદ્ધિ તરફ દોરી જશે. અયોગ્ય ઉપયોગ તમને નિરાશાજનક નિષ્ફળતા તરફ દોરી જશે.

આ વિશ્વમાં અસંખ્ય જીવો છે પરંતુ તે બધામાંથી માણસ પસંદગીની સ્વતંત્રતામાં તદ્દન અનોખો છે. પસંદગીની સ્વતંત્રતા એ એક મૂલ્યવાન સંપત્તિ છે જે માણસને

સર્વોચ્ચ પદ પર બેસાડે છે. પરંતુ પસંદગીની સ્વતંત્રતા એ બેધારી તલવાર છે. તે તમારા દુશ્મનને મારી શકે છે પરંતુ તે જ સમયે તે તમને પણ મારી શકે છે. તેથી, અત્યંત સાવધ રહેનાર વ્યક્તિ સાર્વત્રિક નાયક બની શકે છે, પણ જે આંધકિયું જીવન અને અયોગ્ય પગલા લેવાનું પસંદ કરે છે તે શૂન્ય થઈ જશે.

## * તફાવતોનું મૂલ્ય *

એકરૂપતા એ આપણા વિશ્વની સંસ્કૃતિ નથી. એકરૂપતાનો આ અભાવ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. કુરાન આ હકીકતને સમર્થન આપે છે. તે કહે છે કે **પર્વતોના પત્થરો રંગમાં અલગ છે. (૩૫:૨૭) છોડમાં વિવિધ જાતો છે. (૨૦:૫૩)** અને આ જ પ્રકારનું ચિત્ર પ્રાણી વિશ્વમાં પણ જોવા મળે છે. માણસ વિશે, કુરાન અર્-રૂમ (રોમન) પ્રકરણમાં આ કહે છે;

**અને તેની નિશાનીઓમાંની એક છે કે તેણે આકાશો અને પૃથ્વી અને તમારી ભાષાઓ અને રંગોની વિવિધતા બનાવી છે. નિઃશંકપણે આમાં જ્ઞાનીઓ માટે નિશાનીઓ છે. (૩૦:૨૨)**

એ હકીકત છે કે આપણું જીવન મતભેદોથી ભરેલું છે. વાસ્તવમાં, દરેક પુરૂષ શ્રીમાન અલગ છે અને દરેક સ્ત્રી અલગ કુંવારીકા છે. વિવિધતા એ પ્રકૃતિનો અભિન્ન અંગ છે અને તે અપરિવર્તનશીલ છે.

આવી સ્થિતિમાં શું કરવું? આ કિસ્સામાં એકમાત્ર વિકલ્પ સહનશીલતાના સિદ્ધાંતને અપનાવવાનો છે. જેને આપણે બદલી શકતા નથી એવી વસ્તુઓને સ્વીકારવાની ક્ષમતા એ પરિપકવતા છે અને દરેક સ્ત્રી-પુરુષે પોતાને આ રીતે પરિપકવ સાબિત કરવા જોઈએ.

આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિએ તફાવતોને દૂર કરવાનો પ્રયાસ કરવાને બદલે ડિફરન્સ મેનેજમેન્ટની કળા શીખવી જોઈએ, નહીં તો નિષ્ફળતા સિવાય બીજું કશું જ નહીં મળે.

**તફાવત એ અનિષ્ટ નથી. તે એક મહાન સકારાત્મક મૂલ્ય ધરાવે છે. તફાવત એ એક પડકાર છે. ભેદ મનને જાગૃત કરે છે.**

ડિફરન્સ મેનેજમેન્ટ એ મુશ્કેલ કાર્ય નથી. માનવ-મનની ક્ષમતાની દ્રષ્ટિએ, તે ચોક્કસપણે એક સરળ કાર્ય છે. મનની ક્ષમતા વિશે સાચું જ કહેવાયું છે, ‘હું આ બધા વિરોધાભાસને સમાવી શકું તેટલો મોટો છું.’

તફાવત એ અનિષ્ટ નથી તે એક મહાન સકારાત્મક મૂલ્ય ધરાવે છે. તફાવત એ એક પડકાર છે. ભેદ મનને જાગૃત કરે છે. તફાવત, ચર્ચા અને સંવાદને આમંત્રણ આપે છે તથા સંવાદ અને ચર્ચા બૌદ્ધિક વિકાસ તરફ દોરી જાય છે. તફાવત આપણને બૌદ્ધિક સ્થિરતાનો ભોગ બનવાથી બચાવે છે.

એક કહેવત છે, 'જો બધા એકસરખું વિચારતા હોય તો કોઈ વિચારતું જ નથી.' આ કહેવત તફાવતના મૂલ્યને યોગ્ય રીતે સમજાવે છે. એકરૂપતા એ પ્રકૃતિની યોજનાનો ભાગ નથી. પ્રકૃતિની યોજના એકરૂપતાને બદલે વિવિધતા પર આધારિત છે.

સહનશીલતા એ નિષ્ક્રિય વલણ નથી. સહનશીલતા એ તમામ પ્રકારના ઉમદા મૂલ્યો, જેમ કે ધીરજ રાખવી, અન્યને આદર આપવો, સહનશીલતા દાખવવી, ઊંડી સમજણ વિકસાવવી અને અન્ય લોકો સાથે રાજીખુશીથી રહેવું આ બધાનું મિશ્રણ છે. આ ગુણો જ તમને સારી વ્યક્તિ બનાવે છે. જે વ્યક્તિમાં સહનશીલતાની ભાવનાનો અભાવ છે તે તમામ પ્રકારના માનવીય મૂલ્યોથી વંચિત છે.

સાર્થક ઉદ્દેશોથી વિચલિત થવું એ કોઈપણ સ્ત્રી કે પુરુષમાં ઘાતક ક્ષતિ છે, પરંતુ સહનશીલતાની ભાવના વ્યક્તિને આવા વિચલનોથી બચાવે છે. જે સહિષ્ણુ છે તે ચોક્કસપણે અપ્રિય પરિસ્થિતિઓમાંથી બચી જશે, જ્યારે અસહિષ્ણુ વ્યક્તિ પોતાની જાતને એવી બધી બાબતોમાં સામેલ કરશે જે તેના માટે અનિચ્છનીય હશે. જે વ્યક્તિઓ અસહિષ્ણુ છે, સ્ત્રીઓ હોય કે પુરૂષો, તેઓ તેમના પોતાના જીવનને બરબાદ કરવા માટે પોતે જવાબદાર છે. સંપૂર્ણ રીતે નહીં તો આંશિક રીતે તો ખરું જ.

સહિષ્ણુતાનો અર્થ છે કોઈપણ પરિસ્થિતિમાં સારી રીતે વિચારીને પ્રતિભાવ આપવો. તે સ્વસ્થ મનની નિશાની છે. સ્વસ્થ મનની વ્યક્તિ ત્વરિત પ્રતિક્રિયાથી પોતાની જાતને દૂર રાખે છે, તે પરિસ્થિતિને ચકાસવાનો પ્રયાસ કરે છે, તે પોતાની ક્રિયાઓના ગુણદોષ વિશે નિર્ણય કરે છે અને તેના પછી જ તે પોતાનો પ્રતિભાવ આપે છે. આ સહનશીલતાની ભાવના છે અને સહનશીલતા એ સમજદાર વ્યક્તિની નિશાની છે.

## * આત્મ સંયમનો અભ્યાસક્રમ *

કુરાનના અધ્યાય અલ-બકરહ (વાછરી) માં, આસ્થાવાનોને રમઝાન મહિના દરમિયાન ઉપવાસ કરવાની આજ્ઞા આપવામાં આવી છે, ઉપવાસ એ ઈસ્લામ ધર્મના પાંચ સ્તંભોમાંનો એક સ્તંભ છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે;

**ઓ આસ્થાવાનો, તમારા માટે ઉપવાસ ફરમાન કરવામાં આવ્યા છે, જેમ કે તમારા પહેલાંના લોકો માટે તે ફરમાન કરવામાં આવ્યું હતું, જેથી તમે તમારી જાતને દુર્ગુણથી બચાવી શકો. (૨:૧૮૩)**

ઉપવાસનો અર્થ શું છે? અહીં દર્શાવેલ સંદર્ભમાં તેનો અર્થ આખા મહિના સુધી ખાવા-પીવાથી દૂર રહેવું એ છે. ઉપવાસનો સમયગાળો સૂર્યોદયથી શરૂ થાય છે અને સૂર્યાસ્ત સમયે સમાપ્ત થાય છે. આ સમગ્ર મહિનામાં, આસ્થાવાનો રાત દરમિયાન ખાઈ-પી શકે છે, પરંતુ દિવસના સમયે નહીં.

ઈસ્લામિક શિક્ષણ અનુસાર, ઉપવાસનો અર્થ માત્ર ભૂખ અને તરસનો અનુભવ કરવાનો નથી. હકીકતમાં, ભૂખ અને તરસ એ વ્યક્તિના આત્માને શુદ્ધ કરવા અને પોતાની ઈચ્છાઓને નિયંત્રિત કરવા માટે પોતાને તાલીમ આપવાનું પ્રતિક છે. ઈસ્લામના પયગંબરે આ બાબત દર્શાવવા માટે કહ્યું છે કે જે વ્યક્તિ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાનું ટાળવામાં નિષ્ફળ જાય છે અને તેની ખરાબ ટેવોને ચાલુ રાખે છે, તેના ખાવા-પીવાથી દૂર રહેવું ઈશ્વર દ્વારા સ્વીકારવામાં આવશે નહીં.

હકીકત એ છે કે દરેક વ્યક્તિની અપાર ઈચ્છાઓ હોય છે, દરેકને અહંકાર હોય છે અને માનવ હૃદયમાં ઘણા નકારાત્મક વિચારો છુપાયેલા હોય છે. સાચા આસ્તિકનું જીવન જીવવા માટે, વ્યક્તિએ પોતાની ઈચ્છાઓને નિયંત્રિત કરવી અને આત્મસંયમથી જીવન જીવવાનો પ્રયાસ કરવો જરૂરી છે.

રમઝાન મહિનામાં ખાવા-પીવાનું છોડીને, વ્યક્તિ પોતાની જાતને ઉપવાસના મોટા સ્વરૂપ માટે તાલીમ આપવાનો પ્રયાસ કરે છે, એટલે કે તમામ પ્રકારની ખરાબ ટેવોથી દૂર રહેવું. મનોવૈજ્ઞાનિક અભ્યાસ દર્શાવે છે કે જો કોઈ વ્યક્તિ આખા મહિનાના સમયગાળામાં કોઈ આદત બનાવે, તો આ આદત તેના સ્વભાવનો જ એક ભાગ બની જાય છે. એક અર્થમાં, રમઝાન મહિનામાં ઉપવાસ માનવ મનોવિજ્ઞાન પર આધારિત છે, જેનો ઉપયોગ નૈતિક તાલીમ મેળવવા માટે થાય છે.

**સાચા આસ્તિકનું જીવન જીવવા માટે વ્યક્તિએ પોતાની ઈચ્છાઓને નિયંત્રિત કરવી અને આત્મસંયમથી જીવન જીવવાનો પ્રયાસ કરવો જરૂરી છે.**

સ્વ-શિસ્તબદ્ધ વર્તન સ્ત્રી તેમજ પુરુષ કોઈપણના જીવનમાં સૌથી વધુ મૂલ્ય ધરાવે છે. સ્વ-શિસ્ત એ માણસને ભરોસાપાત્ર વ્યક્તિ અને સમાજના સારા સભ્ય બનાવે છે. સ્વ-શિસ્ત એ વ્યક્તિને સિદ્ધાંતવાદી માણસ બનાવે છે. આમ એ વ્યક્તિને પોતાની

ફરજો નિભાવવામાં સક્ષમ બનાવે છે. સ્વ-શિસ્ત એક પરિપકવ વ્યક્તિત્વનો વિકાસ કરે છે અને વ્યક્તિની શક્તિનો નોંધપાત્ર રીતે ઉપયોગ કરવાનું શકય બનાવે છે. સ્વ શિસ્ત એક વિકસિત વ્યક્તિત્વ તરીકે વિકાસ પામવામાં મદદ કરે છે અને તે તમામ પ્રકારની સફળતામાં ચાવીરૂપ છે. તે વ્યક્તિને ઉશ્કેરણી, ક્રોધ અને બિનજરૂરી બાબતોની સંડોવણીથી બચાવે છે. તે એક એવું સૂત્ર છે જેના દ્વારા વ્યક્તિ પોતાના જીવનની તમામ બાબતોનું સંચાલન કરી શકે છે. સ્વ-શિસ્ત વિના વ્યક્તિ જાનવર જેવો છે. જ્યારે સ્વ શિસ્ત સાથે વ્યક્તિ શબ્દના સંપૂર્ણ અર્થમાં માણસ બની જાય છે. સ્વ શિસ્ત વ્યક્તિની સ્વતંત્રતાની મર્યાદા નક્કી કરવામાં તથા વ્યક્તિની ઈચ્છાઓને સંચાલિત કરવામાં મદદ કરે છે તેમજ તેને ગેરમાર્ગે દોરાઈ જવાથી રોકે છે.

સ્વ શિસ્ત એ વર્તમાનની ક્રિયા છે. પરંતુ તે ભવિષ્યમાં ભવ્ય લાભો લાવે છે. સ્વ શિસ્ત એ ભાવિ નિર્માણ માટે શ્રેષ્ઠ સૂત્ર છે. તે દરેકને કહેતા બચાવે છે. "ઓહ, હું બસ ચૂકી ગયો!"

## * અધોગતિની ઘટના *

મુસ્લિમો, અન્ય ધાર્મિક સમુદાયોની જેમ, છેલ્લા સમયગાળામાં અધોગતિના તબક્કામાંથી પસાર થયા અને વર્તમાન દિવસોમાં પણ આ બાબતોમાં કહી શકાય એવો કોઈ સુધારો જણાતો નથી. આવું થાય ત્યારે શું કરવું? કુરાનના અધ્યાય અલ-હદીદ (લોખંડ) માં ઉપાય અગાઉથી દર્શાવેલ છે.

સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**શું હજુ એ સમય નથી આવ્યો કે અલ્લાહના સ્મરણ પર અને જે સત્ય પ્રગટ થયું છે તેના પર શ્રદ્ધાળુઓના હૃદય ઈશ્વરના સ્મરણમાં રત થઈ જાય, જેથી તેઓ તેમના જેવા ન બને કે જેમને તેમના પહેલાં ગ્રંથ આપવામાં આવ્યો હતો, જેમના હૃદય સમય જતાં, કઠણ બની ગયા અને જેમાંથી ઘણા અવજ્ઞાકારી બન્યા? જાણો કે અલ્લાહ પૃથ્વીને તેના મૃત્યુ પછી સજીવન કરે છે. અમે ચોક્કસપણે તમારા માટે નિશાનીઓ સ્પષ્ટ કરી દીધી છે જેથી કદાચ તમે સંપૂર્ણપણે સમજી શકશો (૫૭:૧૬–૧૭)**

કુરાનની આ કલમો ઉમ્મા (મુસ્લિમ સમુદાય) ના પતનનો સમયગાળો દર્શાવે છે. આ અધોગતિ એટલા માટે આવી કારણકે મુસ્લિમ સમુદાયના સભ્યોએ સર્વશક્તિમાન ઈશ્વરનો ડર ગુમાવી દીધો અને તેમની શ્રદ્ધા પ્રત્યે સંવેદનહીન બની ગયા. તો પછી

તેમના પુનરુત્થાન માટે અથવા તેમની સુધારણા માટેનું સૂત્ર શું હોવું જોઈએ, જેથી કરીને તેઓને સાચા માર્ગ પર પાછા લાવી શકાય?

આ માટેનું સૂત્ર અહીં ખેતીના એક ઉદાહરણના સંદર્ભમાં આપવામાં આવ્યું છે. સમયની સાથે ફળદ્રુપ જમીન બિનઉપજાઉ બની જાય છે. જ્યારે ખેડૂત આવી બિનઉપજાઉ બની ગયેલી જમીનને ફરીથી ફળદ્રુપ બનાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે તે લણણીથી નહીં પણ જમીનને ખેડીને વાવેતર માટે તૈયાર કરીને તેનું કાર્ય શરૂ કરે છે. જો તે લણણીથી પોતાનું કામ શરૂ કરે તો તે બળદની આગળ ગાડું મૂકવા જેવું હશે.

**આવા સમયે મુસ્લિમોએ તેમની શ્રધ્ધાને પુનર્જીવિત કરવાની ઈસ્લામની જીવંત વિચારધારાનું ફરીથી અધ્યયન કરવાની અને તેમના મનને પયગંબર સાહેબ અને તેમના સાથીઓ દ્વારા અનુસરવામાં આવેલી રેખાઓ સાથે ફરીથી જાગૃત કરવાની જરૂરત છે.**

મુસ્લિમ સમુદાયની પડતીમાં પણ આવું જ છે. અહીં સુધારકોએ તેમનું કાર્ય શરૂઆતથી શરૂ કરવું પડશે, અંતથી નહીં. ઉદાહરણ તરીકે, જો તેઓ આવા સંજોગોમાં તેમનું રાજકીય શાસન સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે, તો તેનાથી કામ થશે નહીં. પરંતુ જો તેઓ ધર્મની ભાવનાને પુનર્જીવિત કરીને, આત્માને જાગૃત કરીને અને બૌદ્ધિક વિકાસ લાવીને શરૂઆત કરે, તો તે યોગ્ય શરૂઆત હશે.

ઉમ્માના પતનનો અર્થ ભાવનાની દ્રષ્ટિએ ઘટાડો થવો એ છે. સ્વરૂપની દ્રષ્ટિએ નહીં. સ્વરૂપો અથવા ધાર્મિક વિધિઓ હંમેશાથી અસ્તિત્વમાં છે. પરંતુ જે અદૃશ્ય થઈ જાય છે તે ભાવના છે. તેથી, માત્ર સ્વરૂપો અથવા ધાર્મિક વિધિઓને નહીં પરંતુ આ ભાવનાને પુનર્જીવિત કરવાની જરૂર છે.

અધોગતિ શું છે? અધોગતિ એ એક પ્રકારની અલિપ્ત થતી જતી ભાવના છે. જ્યારે લોકો ઈસ્લામના મૂળ સંદેશને ભૂલી જાય છે અને માત્ર અમુક નિર્જીવ ધાર્મિક વિધિઓને વળગી રહે છે તે અધોગતિની નિશાની છે.

આવા સમયે મુસ્લિમોએ તેમની શ્રધ્ધાને પુનર્જીવિત કરવાની, ઈસ્લામની જીવંત વિચારધારાનું ફરીથી ઊંડાણપૂર્વક અધ્યયન કરવાની અને તેમના મનને પયગંબર સાહેબ અને તેમના સાથીઓ દ્વારા અનુસરવામાં આવતી રેખાઓ સાથે ફરીથી જાગૃત કરવાની જરૂર છે. આવા કાર્યને હદીસમાં (પયગંબર સાહેબનું કહેણ) તજદીદ અથવા પુનરુત્થાન કહેવામાં આવે છે.

જો સુધારકો ફક્ત ઈસ્લામના ધાર્મિક વિધિઓના સ્વરૂપને પુનર્જીવિત કરવા માંગતા હોય તો તજદીદની પ્રક્રિયા સફળ થઈ શકે નહીં. ઉજ્જડ જમીનનું ઉપરનું ઉદાહરણ આપણને કહે છે કે સુધારણા માટેનો પ્રારંભિક બિંદુ માત્ર ધાર્મિક પ્રથાઓનું પુનરુત્થાન નથી પરંતુ બૌદ્ધિક જાગૃતિ છે.

અને વધુમાં પુનરુત્થાનના કાર્યને સમકાલીન યુગમાં ઉપયોગ કરવા માટે સર્જનાત્મક અભિગમની જરૂર છે. સુધારકોએ તેમના શ્રોતાઓના મિજાજને સમજવાનો પ્રયાસ કરવો પડશે અને એવી રીતે પ્રચાર કરવો પડશે કે તેઓના મનને સંબોધી શકાય. જો લોકોના મનને સંબોધવામાં નહીં આવે તો કોઈપણ પ્રકારની સુધારણા આંદોલનનું કોઈ સકારાત્મક પરિણામ આવશે નહીં.

## * પયગંબર સાહેબનું જીવન, એક ખુલ્લી કિતાબ *

કુરાન અનુસાર ઈસ્લામના પયગંબર એક દ્રષ્ટાંત રૂપ જીવન જીવ્યા હતા. કુરાનમાં પયગંબર સાહેબના જીવન ચારિત્ર્યના વિવિધ પાસાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમાંથી એક પ્રકરણ યુનુસ (જોનાહ) માં દર્શાવેલ છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**કહો, ''જો અલ્લાહ ઈચ્છતા હોત, તો મેં તે તમને સંભળાવી ન હોત, અને તે તમારી જાણમાં લાવ્યા ન હોત. ચોક્કસપણે આ પહેલાં મેં મારું આખું જીવન તમારી વચ્ચે વિતાવ્યું છે. તમને કેમ સમજાતું નથી?''(૧૦:૧૬)**

કુરાનના આ શ્લોક અનુસાર પયગંબર સાહેબનું જીવન એક ખુલ્લી કિતાબ હતું. તેમના ચારિત્ર્યની ઝીણામાં ઝીણી વિગતોથી દરેક વ્યક્તિ જ્ઞાત હતી. તેમના જીવનનું કોઈપણ પ્રકરણ તેમના સમકાલીન લોકોથી છુપાયેલું ન હતું. તે દરેક વ્યક્તિને દરેક સમયે મળવાપાત્ર હતા. તે લોકોના પ્રશ્નોના જવાબ આપવા માટે ઉપલબ્ધ રહેતા. તેમનું જીવન કાચ જેવું પારદર્શક હતું. તેમના દુશ્મનો પણ તેમના વિશે કહી શકતા ન હતાં કે તેમના ખાનગી જીવન અને તેમના જાહેર જીવન વચ્ચે કોઈ વિરોધાભાસ હતો.

આ માત્ર એક અંગત બાબત ન હતી. તેમાં બહુ ઊંચું સામાજિક મૂલ્ય હતું. નિર્દોષ જીવન જીવવું અને ઉચ્ચ સદ્‌ગુણો રાખવાથી વ્યક્તિ અનુમાનિત બને છે અને તેને વિશ્વાસપાત્ર વ્યક્તિ તરીકે સ્વીકારવા માટે લોકોને પ્રોત્સાહિત કરે છે. આવા ચારિત્ર્યને

કારણે પયગંબર સાહેબની મક્કામાં એવી ઉમદા છબી થઈ કે લોકોએ તેમને અલ-સાદિક અલ-અમીન એટલે કે સત્યવાદી અને વિશ્વાસપાત્રનું ખૂબ જ અસાધારણ બિરુદ આપ્યું.

**કુરાનના આ શ્લોક અનુસાર પયગંબર સાહેબનું જીવન એક ખુલ્લી કિતાબ હતું. તેમના ચારિત્ર્યની ઝીણીમાં ઝીણી વિગતોથી દરેક વ્યક્તિ જ્ઞાત હતી.**

પયગંબર સાહેબના આ દોષરહિત ચારિત્ર્ય કારણે પ્રાચીન અરેબિયામાં કોઈ એવું નહોતું કહી શકતું કે "ઓ મોહમ્મદ તમે જૂઠું બોલી રહ્યા છો અમને ભરોસો નથી કરી શકતાં  કે ઈશ્વરના પયગંબર હોવાનો તમારો દાવો સાચો છે." જ્યારે તેમણે જાહેર કર્યું કે ઈશ્વરે તેમને પયગંબર તરીકે નિયુક્ત કર્યા છે. ત્યારે કોઈપણ તેમના આ દાવાને નકારી શકે તેમ ન હતું. તેમની સ્વીકૃતિનો આ ચમત્કાર તેમના ચારિત્ર્યની ઉત્કૃષ્ટતાને કારણે થયો હતો. લગભગ તમામ લોકો જેઓ તેમની સાથે ગાઢ સંબંધ ધરાવતા હતા, અને તેમના જીવન વિશે સારી રીતે માહિતગાર હતા, તેઓએ તેમને જાહેરમાં કે ખાનગી રીતે, પ્રથમ તબક્કે જ પયગંબર તરીકે સ્વીકારી લીધા હતા.

એકવાર મક્કાના એક નેતા પયગંબર સાહેબને મળ્યા અને તેમને કહ્યું કે દૈવી સાક્ષાત્કાર કહેવાની બાબતે મક્કાના લોકોને ખચકાટ છે, કારણ કે તેઓએ કયારેય ઈશ્વરના દેવદૂતોને ઈશ્વરની વાત કરવા તેમની પાસે આવતા જોયા નથી. પરંતુ તેમણે ઉમેર્યું "હે મુહમ્મદ અમે એવું નથી કહેતા કે તમે જૂઠું બોલો છો. જ્યાં સુધી તમારી પ્રામાણિકતાનો સંબંધ છે અમને તેના વિશે કોઈ શંકા નથી."

પયગંબર સાહેબ તે દરેક વ્યક્તિ માટે આદર્શ છે જેઓ તેમની પયગંબરી પર શ્રદ્ધા રાખે છે. આવી પાત્રતાવાળું ચારિત્ર્ય, ઈશ્વર તેમજ લોકો બંનેની નજરમાં વ્યક્તિની ઓળખ સ્થાપિત કરે છે. પરંતુ આવું ચારિત્ર્ય એક પયગંબરનો એકમાત્ર વિશેષાધિકાર નથી. દરેક આસ્તિક પાસે આવું  ચારિત્ર્ય હોય શકે છે અને તે ચોક્કસપણે પયગંબર સાહેબના ચારિત્ર્યનું  અનુકરણ કરે તેવું અપેક્ષિત છે.

મક્કામાં પયગંબર સાહેબની સચ્ચાઈ ખૂબ જ જાણીતી હતી. ખ્રિસ્તી સમ્રાટ હેરાક્લિયસ અને તે સમયના પયગંબર સાહેબના વિરોધી અબુ સુફ્યાન વચ્ચેના સંવાદનો એક ભાગ નીચે મુજબ છે.

સમ્રાટ હેરાકિલયસ : "તેમણે જે કહ્યું એ કહેતાં પહેલાં શું તમને તેના પર જૂઠું બોલવાની શંકા હતી?"

અબુ સુફ્યાન : "ના"

સમ્રાટ હેરાકિલયસ : "અને શું તેઓ તેમના વચનો તોડે છે?"

અબુ સુફ્યાન : "ના"

સમ્રાટ હેરાકિલયસ : "જો તેઓ માણસ સામે જૂઠું બોલતા નથી, તો તેઓ સર્વશક્તિમાન ઈશ્વર સામે કેવી રીતે જૂઠું બોલશે?"

આ સંવાદ વ્યક્તિના ચારિત્ર્યની સંપૂર્ણ તાકાત દર્શાવે છે. ખરેખર તમે તમારા પડોશીઓને તમારા ચારિત્ર્યથી ઓળખાવ છો, અન્ય કોઈ વસ્તુથી નહીં.

## * દરેક સંસ્કૃતિઓનો આદર કરો, ભેદભાવ ન કરો. *

સર્વશક્તિમાન ઈશ્વરે લોકોના દરેક જૂથમાં એક લાખ કરતાં વધુ પયગંબરો મોકલ્યા. ઈશ્વરના બધા પયગંબરો સમાન દરજ્જો ધરાવે છે. આ સંદર્ભે કુરાનમાં એક આયત છે. અધ્યાય અલ-બકરાહ (વાછરી) માં કુરાન આ પયગંબરોનો ઉલ્લેખ કરીને કહે છે;

**અલ્લાહ તરફથી તેના પર જે અવતરિત કરવામાં આવ્યું છે તેના પર પયગંબર દ્રઢપણે શ્રધ્ધા રાખે છે અને [તેવી જ રીતે] શ્રધ્ધાળુઓ પણ. તેઓ બધા અલ્લાહ અને તેમના દેવદૂતો, તેમના ગ્રંથો અને તેમના પયગંબરોમાં શ્રધ્ધા રાખે છે. તેઓ કહે છે, ''અમે (તમારા) કોઈ પણ પયગંબર વચ્ચે ભેદ રાખતા નથી. અમે સાંભળીએ છીએ અને પાલન કરીએ છીએ. અમને તમારી ક્ષમા આપો. પ્રભુ, અમે બધા તમારી પાસે પાછા આવીશું!'' (૨:૨૮૫)**

કુરાનના આ શ્લોકનો સીધો સંબંધ ઈશ્વરના પયગંબરો સાથે છે, પરંતુ તેનો એક વ્યાપક ઉપયોગ એ પણ છે કે, દરેક વ્યક્તિ તેના સંપ્રદાય અથવા સંસ્કૃતિને ધ્યાનમાં લીધા વિના આદરને પાત્ર છે.

**સ્વસ્થ સમાજ એ એક જ ધર્મને અનુસરતો સમાજ હોવો જરૂરી નથી. સ્વસ્થ સમાજ એ છે જે ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક સહિષ્ણુતા પર આધારિત હોય.**

આવી માન્યતા માનવજાત વચ્ચે સમાન આદરની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે. આસ્થામાં તફાવત એ ચર્ચાનો વિષય છે, પરંતુ તે ભેદભાવનું કારણ નથી. જો તમારી માન્યતા પ્રણાલી અન્ય લોકો કરતા અલગ છે તો તમને આ વિષય પર ચર્ચા અને સંવાદમાં સામેલ થવાનો દરેક અધિકાર છે. પરંતુ એ પ્રક્રિયામાં તમને અન્ય લોકો પ્રત્યે અનાદર દર્શાવવાનો કોઈ અધિકાર નથી. પછી ભલે તમને લાગતું હોય કે તમારી વ્યક્તિગત

વિચારધારા સર્વોચ્ચ સત્યને સમાવિષ્ટ કરે છે. ભેદભાવની સંસ્કૃતિ દૈવી ધર્મ માટે તદ્દન અજાણી છે.

કુરાનમાં દર્શાવ્યા મુજબ ઈસ્લામના સમાજને લગતા બે ઉદ્દેશ્યો છે. સત્યનો પ્રસાર અને સ્વસ્થ સમાજની જાળવણી કે જે આદર અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના સિદ્ધાંતોનું સન્માન કરે છે. આ માટે કુરાન સંયમ અને શિસ્ત પર ખૂબ જ ભાર મૂકે છે **આક્રોશ અને ઉગ્રવાદ ઈસ્લામિક વિચારસરણી માટે સંપૂર્ણપણે વર્જ્ય છે.**

રોજિંદા જીવનમાં દરેક વ્યક્તિએ શિસ્તબદ્ધ રહેવું જોઈએ અને સહિષ્ણુતાના સિદ્ધાંતને નમવું જોઈએ, કારણ કે જેમ હું મારી પોતાની આસ્થા અનુસાર જીવવા માંગું છું એમ અન્યને પણ તેમની આસ્થા અનુસાર જીવવાનો અધિકાર છે. સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. સ્વસ્થ સમાજ એ એક જ ધર્મને અનુસરતો સમાજ હોવો જરૂરી નથી; સ્વસ્થ સમાજ એ છે જે ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક સહિષ્ણુતા પર આધારિત હોય.

પરસ્પર આદર એ માત્ર નૈતિક મૂલ્ય નથી. તે બૌદ્ધિક ઉન્નતિનો એક મહાન સ્ત્રોત પણ છે. જ્યારે તમે અન્યની વિચારધારાને માન આપો છો, ત્યારે તમે અન્ય લોકોને તેમના વિચારો વ્યક્ત કરવા માટે મોકળું મેદાન આપો છો, આમ સકારાત્મક ચર્ચા અને શાંતિપૂર્ણ સંવાદ માટે અનુકૂળ વાતાવરણ સર્જાય છે અને સકારાત્મક ચર્ચા અને શાંતિપૂર્ણ સંવાદ હંમેશા બૌદ્ધિક પડકારો અને વૈચારિક પ્રશ્નો તરફ દોરી જાય છે. તેથી તમામ સંસ્કૃતિઓ માટે આદર એ એક પરિબળ છે જે તમામ પ્રકારના બૌદ્ધિક વિકાસ માટે મોટા પ્રમાણમાં સહાયક છે.

તમામ સંસ્કૃતિઓ માટે આદર રાખવાની સૌથી અગત્યની બાબત એ છે કે તે તમામ પ્રકારની નકારાત્મક વિચારસરણીને દૂર કરે છે. તે તમને અન્યની વિચારસરણી અને જીવનશૈલીની સુંદરતા શોધવામાં મદદ કરે છે. જે તંદુરસ્ત સમાજની સ્થાપના કરવા માટે જરૂરી છે.

## * પ્રાર્થના અને વેપાર વચ્ચે કોઈ સંઘર્ષ નહીં *

કુરાનની જીવન યોજના અનુસાર, પ્રાર્થના અને વેપાર વચ્ચે કોઈ તફાવત નથી. કુરાન બંને વચ્ચે સીમાંકનની રેખા દોરવામાં માનતું નથી. જો આસ્તિક ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરે તો બંને પ્રવૃત્તિઓ દૈવી છે.

અલ-જુમ્આહ (સભાનો દિવસ) પ્રકરણમાં કુરાન કહે છે;

**ઓ શ્રદ્ધાળુઓ! જ્યારે સામૂહિક પ્રાર્થનાના દિવસે પ્રાર્થના માટે બોલાવવામાં આવે છે, ત્યારે અલ્લાહના સ્મરણ માટે ખંતપૂર્વક આગળ વધો, અને દુનીયાનો તમામ વેપાર છોડી દો. આ તમારા પોતાના સારા માટે છે, જો તમે તે જાણતા હોવ. જ્યારે પ્રાર્થના સમાપ્ત થઈ જાય પછી જમીન પર વિખેરાઈ જાઓ અને અલ્લાહની કૃપામાંથી [કંઈક] મેળવવાનો પ્રયાસ કરો અને અલ્લાહને વારંવાર યાદ કરો. જેથી તમે સફળ થાઓ. (૬૨:૯–૧૦)**

કુરાનનો આ શ્લોક સ્પષ્ટ કરે છે કે લોકોને પ્રાર્થનાના આહ્વાન પહેલાં વેપાર ધંધામાં જોડાવાની છૂટ છે અને પ્રાર્થના પૂર્ણ થયા પછી, તેઓને ફરીથી તેમના વેપાર ધંધો કરવાની મંજૂરી છે. તેથી આ બે પ્રવૃત્તિઓ એકબીજાથી ભિન્ન નથી.

**આસ્તિક તે છે જે કુરાનના સત્યને જીવનના સંપૂર્ણ સિદ્ધાંત તરીકે જુએ છે. આ શ્રધ્ધા તેમના સાંસારિક તેમજ અંગત જીવનના એ ભાગમાં પ્રગટ થાય છે જેને સંપૂર્ણ ધાર્મિક તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.**

કુરાન અનુસાર, ધર્મનો સાર ઈશ્વરના સ્મરણમાં જીવવાનો છે. નિર્ધારિત પ્રાર્થના એ ઈશ્વરના સ્મરણનો એક ઔપચારિક પ્રકાર છે. પરંતુ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ દરમિયાન શ્રદ્ધાળુઓએ ફરીથી ઈશ્વરને યાદ રાખવાની જરૂર છે કારણ કે ઈસ્લામ ધર્મમાં તેમ કર્યા વિના, જીવનમાં ધાર્મિક ગુણોનો અભાવ રહે છે. ધર્મ અને સાંસારિક પ્રવૃત્તિઓ એ એક જ સિક્કાના અલગ-અલગ ચહેરાઓ છે. સાચો આસ્તિક આ દૈવી સત્ય શોધે છે. આ શોધ એટલી મજબૂત છે કે તે આસ્તિકના જીવનમાં મોટો ફેરફાર લાવે છે તે તેના મન અને હૃદયમાં ક્રાંતિ લાવે છે. આવી વ્યક્તિ દિવસ-રાત, સવાર-સાંજ સર્વકાલીન આસ્તિક બની જાય છે. જ્યારે તે ઔપચારિક ઉપાસનામાં વ્યસ્ત હોય છે, ત્યારે તો તે સંપૂર્ણપણે એકાગ્રતાથી માનસિક રીતે સર્વશક્તિમાન ઈશ્વરને યાદ કરે છે પરંતુ જ્યારે તે પોતાનો વેપાર-ધંધો કરે છે, અથવા અન્ય કોઈ સાંસારિક કાર્યમાં વ્યસ્ત હોય છે, ત્યારે પણ તેના મનમાં ઈશ્વરને યાદ રાખે છે. આ અર્થમાં આસ્તિકના જીવનમાં કોઈ ભેદ નથી, કારણ કે તેનું વ્યક્તિત્વ સર્વગ્રાહી છે. કુરાન મુજબ આ જીવનની સાચી અવધારણા છે.

આ સૂત્ર માત્ર સામુહિક પ્રાર્થનાના દિવસ (શુક્રવાર) પૂરતું મર્યાદિત નથી તે હકીકતમાં આસ્તિકના જીવન માટે નિર્ધારિત સંપૂર્ણ આયોજન આપે છે. કુરાન અનુસાર, શ્રધ્ધા એ માત્ર વિધિઓ કરવા માટે એક પંથ નથી. પરંતુ, આસ્તિકના સમગ્ર જીવન માટે તે એક સંપૂર્ણ સૂત્ર છે.

આસ્તિક તે છે જે કુરાનના સત્યને જીવનના સંપૂર્ણ સિદ્ધાંત તરીકે જુએ છે. આ શ્રધ્ધા તેમના સાંસારિક તેમજ અંગત જીવનના એ ભાગમાં પ્રગટ થાય છે જેને સંપૂર્ણ ધાર્મિક તરીકે વ્યાખ્યાયિત કરી શકાય. આસ્તિક વ્યક્તિ તેની ધાર્મિક પ્રથાઓ દરમિયાન તેમજ તેની અન્ય દુન્યવી પ્રવૃત્તિઓ દરમિયાન પણ આસ્તિક જ રહે છે.

કુરાનનો ધર્મ એ મન આધારિત ધર્મ છે. આનો અર્થ એ છે કે કુરાન આસ્તિકના સમગ્ર વ્યક્તિત્વમાં એવી રીતે ક્રાંતિ લાવે છે કે તેના ઈરાદાઓ, તેની વિચારસરણી, તેની વર્તણૂક, તેનું આચરણ બધું એક જ દૈવી રંગમાં રંગાઈ જાય છે. જ્યારે તે પૂજાના સ્થળે હોય ત્યારે પણ તે આસ્તિક હોય છે અને જ્યારે તે બજારમાં અથવા અન્ય કોઈ દુન્યવી સ્થાને હોય ત્યારે પણ તે આસ્તિક હોય છે. સાચા આસ્તિકનો માપદંડ તેનો આત્મા છે. તેનું બાહ્ય સ્વરૂપ નહીં.

## * જ્યારે તમે ભૂલ કરો *

કુરાનના ઉપદેશોમાંનો એક સંદેશ તૌબાહનો છે, જેનો અર્થ થાય છે પસ્તાવો. જ્યારે તમે ભૂલ કરો છો અને તૌબાહ કરો છો, ત્યારે ઈશ્વરના આશીર્વાદ તમારા પર વરસે છે.

અધ્યાય અલ-તહરિમ (પ્રતિબંધ) માં કુરાન કહે છે;

**હે શ્રધ્ધાળુઓ, ખરા દિલથી પશ્ચાતાપ સાથે અલ્લાહ તરફ વળો, એવી આશામાં કે તમારો અલ્લાહ તમારા પાપો માફ કરે અને વહેતી નહેરોવાળા બગીચાઓમાં તમને દાખલ કરે. (૬૬:૮)**

આ આયતમાં કુરાન ઘોષણા કરે છે કે સાચી તૌબાહમાં જોડાયા પછી, જેણે ભૂલ કરી છે તે તેના પાપોના ભારની અસરમાંથી મુક્ત થશે. આ પ્રક્રિયામાં સૌથી અગત્યની બાબત એ છે કે પાપ કરનારને ઈશ્વરની માફી મળશે અને પરિણામે તેને મૃત્યુ પછીના સમયમાં સ્વર્ગનો પુરસ્કાર આપવામાં આવશે. આ દૈવી આશીર્વાદ મૃત્યુલોકના જીવન સુધી મર્યાદિત નથી. વિસ્તૃત અર્થમાં તેમાં વર્તમાન જીવનનો પણ સમાવેશ થાય છે. પારિવારિક અને સામાજિક જીવન પણ તૌબાહના ફળથી ધન્ય બને છે.

જો તમે કોઈ ભૂલ કરી હોય અને એનાથી બીજી વ્યક્તિ ગુસ્સે થઈ ગઈ હોય, ત્યારે તમે જો પસ્તાવો વ્યક્ત કરીને કહો કે “હું ખોટો હતો/હતી, કૃપા કરીને મને માફ કરજો” આ વાત ચોક્કસપણે વ્યથિત વ્યક્તિના હૃદય પરિવર્તનનું કારણ બનશે. આવી માફી એક તરફ તમારા આત્મામાં સકારાત્મકતા કેળવશે અને બીજી તરફ તમે જેની સાથે રહો છો તે લોકોમાં પ્રેમની સંસ્કૃતિને પ્રોત્સાહન આપશે.

**તૌબાહ એ સ્વ–સુધારણાનું એક સાધન છે,**
**જે સ્વ–પુનઃમૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરે છે. આ પ્રક્રિયા મહત્વપૂર્ણ છે,**
**કારણ કે તે તમારા બૌદ્ધિક સ્તરને તેમજ વિશ્લેષણ કરવાની ક્ષમતાને વધારે છે.**

કૌટુંબિક તેમજ સામાજિક જીવનમાં અનિચ્છનીય ઘટનાઓ અનિવાર્ય છે. આવી ઘટનાઓ સંબંધોમાં ખટાશ અને લોકો વચ્ચે અંતર બનાવે છે. આનો શ્રેષ્ઠ ઉપાય તૌબાહ છે. બીજાઓ પહેલ કરે તેની રાહ ન જુઓ. તમે પોતે જ પહેલ કરો અને ખચકાટ વિના કહો "માફ કરી દેજો, હું ખોટો હતો/હતી." સંબંધીઓ, મિત્રો, પરિચિતો અને અજાણ્યાઓ વચ્ચે પણ સામાન્યતા જાળવવાનો આ એકમાત્ર રસ્તો છે.

સામાજિક જીવનમાં સમસ્યાઓ હંમેશા અમુક પ્રકારના ખોટા વર્તનથી ઊભી થાય છે. વાસ્તવમાં, મોટાભાગે પુરુષો સ્વભાવે અહંકારી અને સ્ત્રીઓ સ્વભાવે લાગણીશીલ હોય છે. શાંતિપૂર્ણ સામાજિક જીવન જીવવાનો સરળ ઉપાય એ છે કે પુરુષના અહંકારને છેડવો નહીં અને સ્ત્રીની લાગણીઓની ઉપેક્ષા કરવી નહી. એવી કોઈ સામાજિક બીમારી નથી કે જેને આ ટૂ-પોઈન્ટ ફોર્મ્યુલા દ્વારા ઠીક ના કરી શકાય. પરંતુ એ પણ સ્વીકારવું જોઈએ કે ભૂલ કરવી એ માનવીય લક્ષણ છે, તેથી જ્યારે પણ તમે ભૂલ કરો અને કોઈ સ્ત્રી-પુરુષ તમારા પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે, તો અચકાશો નહીં, પરંતુ તરત જ તમારી ભૂલ સ્વીકારો અને કહો "માફ કરી દેજો, હું ખોટો હતો/હતી." આ નાનું વાકય તેની અસરમાં જાદુઈ સાબિત થશે અને સમગ્ર પરિસ્થિતિ બહુ જલ્દી સામાન્ય થઈ જશે. આ તૌબાહનો ચમત્કાર છે.

તૌબાહ એ આત્મ-સુધારણાનું એક સાધન છે, જે સ્વ-પુનઃમૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરે છે. આ પ્રક્રિયા મહત્વપૂર્ણ છે, કારણ કે તે તમારા બૌદ્ધિક સ્તરને તેમજ વિશ્લેષણ કરવાની ક્ષમતાને વધારે છે. બદલામાં  આ પ્રક્રિયા તમને આધ્યાત્મિક વિકાસ તરફ દોરી જાય છે.

લોકોને એવું કહેવામાં કોઈ મુશ્કેલી નથી થાતી. "હે ઈશ્વર, મને માફ કરો." પરંતુ જ્યારે માનવીય સમસ્યાની વાત આવે છે, ત્યારે તેઓ કહેતા અચકાય છે. "ઓ ભાઈ/બહેન, કૃપા કરીને મને માફ કરજે." આ પ્રકારનો ખચકાટ શ્રદ્ધાની ભાવના વિરુદ્ધ છે. સાચો શ્રદ્ધાળુ બીજાને કહેશે. "મને માફ કરી દેજે/દેજો," જેટલી સરળતાથી તે ઈશ્વરને કહે છે. "હે ઈશ્વર, મને માફ કરજે." તૌબાહ એ આંતરિક ભાવના છે, દરેક પ્રકારની ભૂલ માટે પ્રાયશ્ચિત કરવાની તૈયારી છે.

# * ગુણવત્તાનું મહત્વ *

અધ્યાય અલ-બકરહ (વાછરી) માં કુરાન પ્રકૃતિનો એક મહત્વપૂર્ણ નિયમ દર્શાવે છે, જે જીવનના સંઘર્ષના સૌથી મહત્વપૂર્ણ પરિબળો સાથે સંબંધિત છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**પરંતુ તેઓ જેમને શ્રદ્ધા હતી કે તેઓ મળવાના છે તેમને અલ્લાહએ જવાબ આપ્યો કે ''કેટલી વાર નાના જૂથ અલ્લાહની મરજીથી, મોટા જૂથ સામે જીતી ગયા છે? કારણ કે અલ્લાહ તે લોકોની સાથે છે જે પ્રતિકુળ સંજોગોમાં ધિરજ રાખે છે.'' (૨:૨૪૯)**

કુરાનના આ શ્લોક અનુસાર સદગુણોના પરિમાણમાં, જીવનમાં બે પરિબળો મુખ્ય છે અને જેનું ખૂબ જ મહત્વ છે. શ્રદ્ધા અને ધૈર્ય. આ બંને પરિબળો અન્ય ગુણો કરતાં ઘણું બધુ કહી જાય છે. તેથી આપણે ફક્ત અન્ય ગુણોની સંખ્યા વધારવાનો પ્રયાસ કરવાને બદલે આ બંને ગુણો, શ્રદ્ધા અને ધૈર્ય કેળવવા પર વધુ ધ્યાન આપવું જોઈએ.

બહુમતી અથવા વિશાળ જૂથ શું છે? એ તો વ્યક્તિઓનું સંયોજન માત્ર છે. જો વ્યક્તિ મજબૂત હશે, તો જૂથ મજબૂત હશે, અને જો વ્યક્તિ નબળી હશે, તો જૂથ પણ નબળું હશે. એક વ્યક્તિ એક ઈંટ જેવી હોય છે અને એક ઈમારત બનાવવા માટે ઘણી બધી ઈંટોની જરૂર હોય છે. જો દરેક ઈંટ મજબુત હોય તો જ ઈમારત મજબુત હશે, પરંતુ જો એકપણ ઈંટ નબળી હશે તો તે આખી ઈમારત પણ નબળી થઈ શકે છે અને ધ્વસ્ત થઈ શકે છે.

એક વાત તો સત્ય છે કે શક્તિ વ્યક્તિઓમાં હોય છે જૂથમાં નહીં. જૂથ પોતે કંઈ નથી. વ્યક્તિઓ અથવા તો જૂથોના સભ્યો જ જૂથની શક્તિ નક્કી કરે છે, જૂથ પોતે નહીં.

કુરાનના ઉપરોક્ત શ્લોક વ્યક્તિમાં બે ગુણોનો વિશેષ ઉલ્લેખ કરે છે. શ્રદ્ધા અને ધૈર્ય. શ્રદ્ધા વ્યક્તિની વૈચારિક શક્તિને નિર્ધારિત કરે છે, જ્યારે ધૈર્ય વ્યવહારિક બાબતોમાં તેની શક્તિને મજબૂત બનાવે છે. આ બંને લક્ષણો ખૂબ જ અનિવાર્ય છે.

**એક વાત સત્ય છે કે શક્તિ વ્યક્તિઓમાં હોય છે જૂથમાં નહીં. જૂથ પોતે કંઈ નથી. વ્યક્તિઓ અથવા તો જૂથોના સભ્યો જ જૂથની શક્તિ નક્કી કરે છે. જૂથ પોતે નહીં.**

વિચારધારા એ માણસની બૌદ્ધિક શક્તિનો મુખ્ય સ્ત્રોત છે. જે તેને દૃઢ વિશ્વાસ તેમજ હિંમત તદુપરાંત દૂરંદેશીપણું આપે છે. જે વ્યક્તિ આ ગુણો ધરાવે છે તે નિઃશંકપણે સંપૂર્ણ વ્યક્તિ છે. તે વિચારવામાં સક્ષમ છે, તે નિર્ણયો લેવામાં સક્ષમ છે, તે પરિસ્થિતિઓના ઊંડા પાસાઓમાં જઈને ઉદ્દેશ્ય મૂલ્યાંકન કરવામાં પણ સક્ષમ છે. તે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કહેવા માટે સક્ષમ છે કે "હું તેના ઉપર જીત મેળવીશ."

ધૈર્ય એ ખૂબ જ મહત્વપૂર્ણ ગુણ છે. જીવન એ સમસ્યાઓ અને અપ્રિય ઘટનાઓથી ભરેલું છે, તેથી તમારે ઉશ્કેરણીઓનો ભોગ બનવાનું ટાળવું પડશે અને કોઈપણ ઉતાવળભરી અને તાત્કાલિક પ્રતિક્રિયાત્મક અભિગમથી દૂર રહેવું પડશે. ફક્ત એક સંયમી વ્યક્તિ જ જરૂરી આત્મસંયમ કેળવી શકે છે. ફક્ત એક સંયમી વ્યક્તિ જ પોતાની તત્કાલીન પરિસ્થિતિથી આગળ વધીને લાંબા ગાળાના સંબંધિત પરિબળોને ધ્યાનમાં લઈને પોતાના જીવનનું યોગ્ય આયોજન કરી શકે છે.

માત્ર સંયમી વ્યક્તિ જ ભવિષ્ય લક્ષી આયોજન કરી શકે છે અને આ ભવિષ્ય લક્ષી આયોજન જ તેને ભવ્ય સિદ્ધિ તરફ દોરી જાય છે. જીવનના સંઘર્ષમાં અવારનવાર એવા પ્રસંગો આવે છે જ્યારે તાત્કાલિક નિર્ણય લેવો જરૂરી બની જાય છે. આમ હોવાથી, જૂથનો દરેક સભ્ય પ્રોગ્રામ આપનાર હોવો જોઈએ, અને ફક્ત પ્રોગ્રામ લેનાર નહીં. ઉચ્ચ સિદ્ધિ ફક્ત એવા જૂથો માટે જ નિર્ધારિત છે કે જેના સભ્યો આ પ્રકારની શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવે છે. નબળા વ્યક્તિઓ ધરાવતું જૂથ મોટું હોવા છતાં ફૂગ્ગાની જેમ હોય છે, જ્યારે મજબૂત સભ્યો ધરાવતું જૂથ નાનું હોવા છતાં તેની મજબૂતાઈમાં ખડક જેવું હોય છે.

## * ન્યાયપૂર્ણ વાણી અને સદાચાર *

કુરાનનો અધ્યાય અલ-માઈદાહ (ટેબલ) ન્યાયની બાબતોમાં યોગ્ય વર્તન અંગે માર્ગદર્શન આપે છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**ઓ શ્રદ્ધાળુઓ, અલ્લાહના કાર્યમાં અડગ રહો અને ન્યાય માટે સાક્ષી બનો. અન્યો માટેની તમારી દુશ્મનાવટને તમને ન્યાયથી દૂર ભાગવાવાળા ના બનવા દો. ન્યાયપૂર્ણ વ્યવહાર કરો. આ અલ્લાહથી ડરવાની નજીક છે. અલ્લાહનો ખોફ રાખો. તમે જે કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે. (૫:૮)**

સામાન્ય પરિસ્થિતિઓમાં નૈતિક ધોરણોનું પાલન કરવું સારૂં છે, પરંતુ તે પૂરતું નથી. વાસ્તવિક પરીક્ષા ત્યારે આવે છે જ્યારે પરિસ્થિતિ અસામાન્ય અથવા ઉશ્કેરણીજનક અને પ્રતિકૂળ હોય. આવી સ્થિતિમાં તમે જેવી રીતે વર્તો છો તે સાબિત કરે છે કે તમે ન્યાયી વાણી બોલનારા છો કે નહીં.

સામાન્ય પરિસ્થિતિમાં કોઈપણ વ્યક્તિ નૈતિક મૂલ્યોનું પાલન કરી શકે છે, પરંતુ લાયક વ્યક્તિની ખરી કસોટી એ છે કે તે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ન્યાયપૂર્ણ વાણી જ ઉચ્ચારે.

ઉશ્કેરણીજનક પરિસ્થિતિઓમાં, લોકો સામાન્ય રીતે અન્યાયી રીતે પ્રતિક્રિયા આપતા હોય છે. તેઓ પરિસ્થિતિઓના ઉશ્કેરણીજનક પાસાને તેમના અન્યાયી ભાષણ અથવા તેમના અન્યાયી વર્તન માટેના બહાના તરીકે લે છે, પરંતુ આ પ્રકારનું બહાનું કુરાનના નૈતિકતાના ધોરણ પ્રમાણે નથી. આ સંદર્ભમાં કુરાનના સિદ્ધાંતને આ શબ્દોમાં ઘડી શકાય છે. “જો તમારી પાસે સારું બહાનું હોય તો તેનો ઉપયોગ કરશો નહીં.”

**સામાન્ય પરિસ્થિતિમાં કોઈપણ વ્યક્તિ નૈતિક મૂલ્યોનું પાલન કરી શકે છે, પરંતુ લાયક વ્યક્તિની ખરી કસોટી એ છે કે તે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ન્યાયપૂર્ણ વાણી જ ઉચ્ચારે.**

મતભેદો અને અનિચ્છનીય પરિસ્થિતિઓ દ્વારા સમાજને તોડી શકાય છે. શ્રેષ્ઠ વસ્તુઓ પણ ઘણા લોકો માટે ખરાબ બની શકે છે અને આ વાત ક્રોધ અને ઉશ્કેરણીજનક વર્તનને ઉત્તેજિત કરે છે. આ બાબત સંતુલનને વિક્ષેપિત કરે છે અને જો લોકો તેમના પોતાના ખરાબ વર્તન માટે બહાનું બનાવવાની આદતમાં પડી જાય, તો દરેક સમાજ ધિક્કાર અને અસહિષ્ણુતાનો કાદવ બની જાય.

જો સમાજના સભ્યો મિસ્ટર એકસકયુઝ અથવા મિસ એકસકયુઝ બની જશે તો સમાજ કાયમી જંગલ બની જશે. તેથી ન્યાયનો ઉપરોક્ત માપદંડ નૈતિકતાનો ગઢ માત્ર નહીં પરંતુ તે એકમાત્ર પરિબળ છે જે માનવ સમાજમાં સામાન્યતાનું વાજબી પ્રમાણ જાળવી શકે છે.

આ સિદ્ધાંતને અપનાવવો એ નિષ્ક્રિયતાની નહીં પરંતુ પરિપકવતાની નિશાની છે. જો સમાજનો કોઈ સભ્ય ન્યાયને ખાતર તેના દુશ્મનની પણ તરફેણ કરી શકે, તો તે નિષ્ક્રિય વલણ બતાવતો નથી પરંતુ તેની પરિપકવતા દર્શાવે છે. તેનો અર્થ એ છે કે તે એક સમજદાર વ્યક્તિ છે જે તેની નકારાત્મક લાગણીઓને નિયંત્રિત કરી શકે છે.

દુશ્મનાવટ ટાળવી એ તમારા દુશ્મનને હરાવવા માટે રચાયેલ વ્યૂહરચનાનો ભાગ નથી. આ એક સકારાત્મક આચાર છે, જે તમારી આધ્યાત્મિકતાને વધારે છે, અને તે ઉચ્ચ નૈતિક ધોરણોની નિશાની છે. તે તમારા વ્યક્તિત્વના વિકાસમાં મદદ કરે છે, તમને તાજા અનુભવો આપે છે અને તમારી સર્જનાત્મકતામાં વધારો કરે છે. આ રીતે આચરણ કર્યા પછી તમે સ્વસ્થ મન તરીકે ઉભરી શકો છો.

આ દુનિયામાં ન્યાયપૂર્ણ વાત કરવી એ જ એકમાત્ર વિકલ્પ છે. અન્ય કોઈપણ વિકલ્પ વિનાશક છે. ન્યાયપૂર્ણ વાત કરવી એ પસંદગીની બાબત નહીં પરંતુ, સાચા અર્થમાં તો એ ફરજીયાતપણું છે. આપણું વિશ્વ કુદરતના કાયદા દ્વારા નિયંત્રિત છે અને કુદરતનો કાયદો અન્ય કોઈપણ પ્રકારની વર્તણૂકને મંજૂરી આપતો નથીઃ તમે પ્રકૃતિના નિયમની વિરુદ્ધ જઈ શકતા નથી. જ્યારે તમે નકારાત્મક પરિસ્થિતિમાં ન્યાયપૂર્ણ વાત કરો છો, ત્યારે તમારે ફક્ત તમારી લાગણીઓને નિયંત્રિત કરવાની જરૂર હોય છે. પરંતુ જ્યારે તમે પ્રકૃતિના નિયમની વિરુદ્ધ જાઓ છો ત્યારે તમે તમારા જીવનને બરબાદ કરવાના માર્ગ પર હોવ છો.

## * ભેદભાવ ટાળો *

કોઈપણ પ્રકારનો ભેદભાવ કુરાનમાં દર્શાવિલ માર્ગદર્શનથી તદ્દન વિપરીત છે. અલ-હુજુરાત (એપાર્ટમેન્ટ) પ્રકરણમાં કુરાન જાહેર કરે છે કે બધા સ્ત્રી-પુરુષો સર્વશક્તિમાન ઈશ્વર સમક્ષ સમાન છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**હે માનવજાત! ખરેખર, અમે તમને એક પુરુષ અને સ્ત્રીમાંથી બનાવ્યા અને તમને લોકો અને જાતિઓમાં બનાવ્યા, જેથી તમે એકબીજાને ઓળખી શકો. નિઃશંકપણે અલ્લાહની નજીક તમારામાં સૌથી ઉમદા એ છે જે અલ્લાહથી ડરે છે. અલ્લાહ સર્વજ્ઞ, સર્વ જાણકાર છે. (૪૯:૧૩)**

રંગ, જાતિ, આર્થિક સ્થિતિ વગેરેના સંદર્ભમાં લોકો વચ્ચે સ્પષ્ટ વિવિધતા છે, પરંતુ કુરાન અનુસાર, આ તફાવત ફક્ત એક સામાન્ય તફાવત જ છે. તેનો ઉપયોગ ભેદભાવના આધાર તરીકે કરી શકાતો નથી.

સર્વશક્તિમાન ઈશ્વરે માણસને વિભિન્ન લક્ષણો સાથે બનાવ્યો છે. વિભિન્નતા એ સર્જનનો એક ભાગ છે. સૈદ્ધાંતિક કારણોને બદલે વ્યવહારિક કારણોસર તફાવતો અસ્તિત્વમાં છે. તેમનો મુખ્ય હેતુ લોકોને એકબીજાને ઓળખવા અને ભેદ પાડવા સક્ષમ બનાવવાનો છે.

બીજા શબ્દોમાં કહીએ તો લોકો વચ્ચેના તફાવતો એ તંદુરસ્ત સંકેત છે. આ મતભેદોને કારણે જ આપણે એકબીજાને ઓળખીએ છીએ અને તેના આધારે આપણો વ્યવહાર કરીએ છીએ. જો સંપૂર્ણ એકરૂપતા હોત, જો બધા મનુષ્યો એકસાથે એક જ ઘાટમાં ઢાળવામાં આવ્યા હોત તો પછી સમાજમાં સામાન્ય રીતે જીવવું ખૂબ મુશ્કેલ થઈ જતે.

**લોકોમાં મતભેદો એ તંદુરસ્ત સંકેત છે. આ મતભેદોને કારણે જ આપણે એકબીજાને ઓળખીએ છીએ અને તેના આધારે આપણો વ્યવહાર કરીએ છીએ.**

એ હકીકત છે કે ભિન્નતા એ પ્રકૃતિનો એક ભાગ છે. પરંતુ જો આપણે આ ભિન્નતાને ભેદભાવના અર્થમાં લઈશું, તો તે એક અસ્વસ્થ સંકેત બની જશે અને સમાજની સામાન્યતાને ખલેલ પહોંચાડશે. તેથી આપણે તફાવતોને, કોઈપણ નકારાત્મક અર્થમાં જોવાને બદલે, **ડીફરન્સ મેનેજમેન્ટ**ની કળા શીખવી પડશે.

તફાવતના ઘણા ફાયદાઓ છે, જેના આધારે લોકો વિવિધ પ્રકારની નોકરીઓ લે છે, પ્રવૃત્તિના વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશ કરે છે. તફાવત શ્રમના વિભાજન માટેનો આધાર પૂરો પાડે છે. આ સિદ્ધાંત કોઈપણ સમાજના વ્યાપક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

દૈવી યોજના અનુસાર સન્માન યોગ્યતા પર આધારિત છે અને કોઈપણ પ્રકારની બાહ્ય વિશેષતાઓ પર નહીં. ઈસ્લામના પયગંબરે એકવાર કહ્યું હતું કે, ઈશ્વર સમક્ષ, લાલ અને સફેદ, કાળો અને ભૂરો, બધા સમાન છે. તેમણે કહ્યું "જુઓ, સર્વશક્તિમાન ઈશ્વરે તમારામાંથી તમારા પૂર્વજોના ગૌરવ સાથે મૂર્તિપૂજાની અજ્ઞાનતાના ઘમંડને દૂર કર્યો છે. માણસ કાં તો ઈશ્વર-સભાન શ્રદ્ધાળુ છે અને અથવા તો કમનસીબ પાપી છે. બધા લોકો આદમના બાળકો છે અને આદમનું સર્જન ધૂળમાંથી કરવામાં આવ્યું છે."

રંગ અથવા ભૌતિક લક્ષણોમાં તફાવત હોઈ શકે છે, પરંતુ માણસનું અસ્તિત્વ તો તેના અંતરમાં છે અને આ અર્થમાં દરેકની ક્ષમતા સમાન છે. દરેક વ્યક્તિ સમાન આંતરિક ગુણો સાથે જન્મે છે. તેથી જે વ્યક્તિ સ્વ ને શોધે છે અને પોતાની અંદર રહેલી સંભવિત શક્તિને વાસ્તવિકતામાં ફેરવવાનો પ્રયાસ કરે છે તે વ્યક્તિ જરૂર સફળ થશે.

તમે એવા નથી જે અન્ય લોકો તમને માને છે: તમે એવા છો જે તમે તમારી જાતને સાબિત કરો છો. દરેક વ્યક્તિમાં સ્વયં નિર્મિત માણસ બનવાની ક્ષમતા હોય છે.

દરેક વ્યક્તિમાં તેના વિશે અન્યની ગેરસમજ દૂર કરવાની ક્ષમતા હોય છે, અને તમારો સર્જક તમારી પાસેથી અપેક્ષા રાખે છે કે તમે આ ક્ષમતાનો ઉપયોગ કરો. સર્વશક્તિમાન ઈશ્વરે જુદા-જુદા લોકો વચ્ચે કોઈ ભેદભાવ દર્શાવ્યો નથી. માણસો પોતે જ અન્યને તેમની સાથે ભેદભાવ કરવાની તક આપે છે.

# * રાજકીય યથાસ્થિતિ *

કુરાનમાં રાજકીય શક્તિની વ્યાખ્યા કેવી રીતે કરવામાં આવી છે? તે અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં સ્પષ્ટપણે દર્શાવિલ છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**કહો ''હે અલ્લાહ, તમામ સત્તાધિશોના સત્તાધીશ. તમે જેને ઈચ્છો તેને સત્તા આપો છો અને તમે જેને ઈચ્છો છો તેની પાસેથી સત્તા છીનવી લો છો. તમે જેને ઈચ્છો તેને કીર્તિ આપો છો અને જેને ઈચ્છો તેને અપકીર્તિ આપો છો. જે પણ  સારું છે તે બધું આપના હાથમાં છે. નિઃશંકપણે તમે જ દરેક બાબતમાં સૌથી વધુ સક્ષમ છો.'' (૩:૨૬)**

કુરાનના આ વિધાન મુજબ રાજકીય સત્તા ઈશ્વરની ભેટ છે. તે લડાઈ કે ઘર્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી. જો કોઈ પક્ષ કે વ્યક્તિ રાજકીય સત્તા પર કબજો કરવા માટે વર્તમાન શાસકને હટાવવાની પ્રવૃતિઓ કરે છે તો તે પ્રકૃતિના નિયમની વિરુદ્ધ છે અને આ પ્રકારનો કોઈપણ પ્રયાસ નિષ્ફળ જશે. વહેલા કે મોડા તે વિનાશક સાબિત થશે.

કુરાનમાં આપેલ આ સૂત્રને બે શબ્દોમાં સંક્ષિપ્ત કરી શકાય છે. રાજકીય યથાસ્થિતિ એટલે કે રાજકીય પરિસ્થિતિનો સ્વીકાર અને તમારો વારો આવવાની રાહ જોવી. જો કોઈ વ્યક્તિ ઈશ્વરના નિર્ણયથી રાજકીય સત્તા હાંસલ કરે છે તો તે તેના માટે સારું સાબિત થશે. પરંતુ જો તે અન્ય પાસેથી સત્તા છીનવી લેવાનો પ્રયાસ કરશે તો તે પ્રતિકૂળ સાબિત થશે.

**આ કુરાનના સૂત્રનો અર્થ એ છે કે રાજકીય બાબતોમાં તમારે  પ્રથમ તો તમારા પ્રયત્નોના પરિણામને ધ્યાનમાં લેવા જોઈએ. તમારો સંઘર્ષ પરિણામ લક્ષી હોવો જોઈએ અને માત્ર મહત્વાકાંક્ષા લક્ષી નહીં.**

સ્થિતિસ્થાપકતાનો સિદ્ધાંત નિષ્ક્રિયતા અથવા કાયરતાનું પરિણામ નથી. તે ઊંડી સમજણનું પરિણામ છે. જ્યારે તમે રાજકીય યથાસ્થિતિનો સ્વીકાર કરો છો, ત્યારે તમે તરત જ તમારા કામ માટે સમય મેળવો છો. પરંતુ જો તમે લડાઈ અને હિંસા દ્વારા રાજકીય યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કરશો તો તમે તમામ શક્યતાઓ ગુમાવશો.

કુરાનના આ સૂત્રનો અર્થ એ છે કે રાજકીય બાબતોમાં પહેલાં તમારે તમારા પ્રયત્નોના પરિણામને ધ્યાનમાં લેવા જોઈએ. તમારો સંઘર્ષ પરિણામલક્ષી હોવો જોઈએ અને માત્ર મહત્વાકાંક્ષા લક્ષી નહીં. તમારી પોતાની રાજકીય ઈચ્છાઓ તરફ ન જુઓ, પરંતુ બાબતોનું નિરપેક્ષપણે વિશ્લેષણ કરીને વાસ્તવિક પરિણામની અપેક્ષા રાખો. પછી, ચોક્કસપણે તમે જોશો કે પ્રો-સ્ટેટસ કવો ફોર્મ્યુલા (યથાવત સ્થિતિનું સૂત્ર) એ પ્રો-ચેન્જ ફોર્મ્યુલા (પરિવર્તન સૂત્ર) કરતાં કેટલી સારી નીવડે છે. જ્યારે તમે રાજકીય યથાવત્તા અપનાવો છો, ત્યારે તે હાલની રાજકીય ગોઠવણને સમયોજિત કરવાનો દેખીતો પ્રયાસ છે. તમે હકીકતમાં પ્રકૃતિના નિયમો સાથે સમાયોજન મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં હોવ છો. તમે સમય મેળવવાની  નીતિ અપનાવી રહ્યા હોવ છો.

કુદરતના નિયમ મુજબ રાજકીય શાસન એ કોઈ એક વ્યક્તિ કે એક જૂથનો ઈજારો નથી. તે એક જૂથમાંથી બીજા જૂથમાં બદલાવા માટે નિશ્ચિત છે, તેથી પરિવર્તન તરફી નીતિ અપનાવવાથી પરિણામની દ્રષ્ટિએ તમારો સમય અને શક્તિનો વ્યય થાય છે, જ્યારે રાજકીય યથાસ્થિતિ સ્વીકારના સૂત્રમાં ફક્ત તમારા વારાની રાહ જોવાની હોય છે. જે વહેલા કે મોડેથી તમારી પાસે આવવાનો જ છે.

રાજકારણ એ માનવ પ્રવૃત્તિનું એકમાત્ર મહત્વનું ક્ષેત્ર નથી. કાર્યોના અન્ય ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રો છે, જેમ કે શિક્ષણ, વ્યવસાય, ઉદ્યોગ, સામાજિક સુધારણા, શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન વગેરે. રાજકીય યથાસ્થિતિ સૂત્રનો અર્થ એટલે પ્રવર્તમાન રાજકીય વ્યવસ્થા વિરુદ્ધ કોઈ પગલાં લેવાને બદલે અન્ય ક્ષેત્રોમાં હાજર રહેલી ઘણીબધી તકોનો લાભ ઉઠાવવો. આ અર્થમાં રાજકીય યથાસ્થિતિ એ ઉચ્ચ કક્ષાની સમજદારી પર આધારિત સૂત્ર છે.

જો તમે રાજકીય મુકાબલાની પદ્ધતિ અપનાવો છો તો તમારે વિરોધી પક્ષ સાથે ઘર્ષણમાં આવવું પડશે અને ઘર્ષણ હંમેશા નકારાત્મક પરિણામો આપે છે. જો કે, જ્યારે તમે રાજકીય યથાસ્થિતિનું સૂત્ર અપનાવો છો ત્યારે તમારો કોઈ હરીફ જૂથ નથી. તમારે કોઈની સામે લડવાની જરૂર નથી અને તમારા માટે જે પ્રાપ્ત કરી શકાય તે પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવા માટે તમારી પાસે પૂરતો સમય છે.

# * કુરાનમાં જેહાદ એક શાંતિપૂર્ણ વિચારધારા *

જેઓને કુરાનનો પરિચય માત્ર મીડિયા દ્વારા થાય છે તેઓ સામાન્ય રીતે એવી છાપ ધરાવે છે કે કુરાન એક જેહાદનું પુસ્તક છે અને તેમના માટે જેહાદ એ હિંસા દ્વારા પોતાના લક્ષ્યને પ્રાપ્ત  કરવાનો પ્રયાસ છે.

પરંતુ આ વિચાર એક ગેરસમજ પર આધારિત છે. કોઈપણ વ્યક્તિ જે કુરાન વાંચે છે તે સરળતાથી સમજી શકશે કે તેના સંદેશાને હિંસા સાથે કોઈ લેવા દેવા નથી;

**કુરાન આપણને શાંતિપૂર્ણ સંઘર્ષની દૈવી વિચારધારાનો પરિચય આપે છે. કુરાન અનુસાર આવા સંઘર્ષની પદ્ધતિ ''તેમના આત્મા સુધી પહોંચવા માટે તેમની સાથે વાતચીત'' ની છે. (૪:૬૩)**

કુરાન શરૂઆતથી અંત સુધી શાંતિનો પ્રચાર કરતો ગ્રંથ છે અને કોઈપણ રીતે હિંસાની તરફદારી કરતું નહીં. એ સાચું છે કે જેહાદ એ કુરાનના ઉપદેશોમાંથી એક છે. પરંતુ આ જેહાદ તેના સાચા અર્થમાં કોઈપણ પ્રકારના હિંસક ઘર્ષણને બદલે શાંતિપૂર્ણ સંઘર્ષનું નામ છે.

જેહાદનો કુરાનના ખ્યાલ નીચેના શ્લોકમાં વ્યક્ત કરવામાં આવ્યો છે;

**''આ (કુરાન) ની મદદથી વધુ મોટો જેહાદ કરો (એટલે કે વધુ સખત મહેનત કરો).''(૨૫:૫૨).**

કુરાન આપણને શાંતિપૂર્ણ સંઘર્ષની દૈવી વિચારધારાનો પરિચય આપે છે. કુરાન અનુસાર આવા સંઘર્ષની પદ્ધતિ **''તેમના આત્મા સુધી પહોંચવા માટે તેમની સાથે વાતચીત કરો.''** ની છે. (૪:૬૩)

તેથી, કુરાન અનુસાર ઈચ્છિત અભિગમ એ છે જેમાં માણસનું હૃદય અને મનનું પરિવર્તન થાય. આ કુરાનનું અભિયાન છે અને આ અભિયાન ફક્ત તર્કસંગત દલીલ દ્વારા જ કરી શકાય. આ લક્ષ્ય હિંસા કે સશસ્ત્ર કાર્યવાહી દ્વારા ક્યારેય પ્રાપ્ત ન કરી શકાય.

તે સાચું છે કે કુરાનમાં કેટલીક પંક્તિઓ છે જે યુદ્ધ કરવાની પરવાનગી આપે છે. પરંતુ આ પંક્તિઓ ત્યારે જ લાગુ પડે જ્યારે યુદ્ધની સ્થિતિ પહેલેથી જ પ્રવર્તેલી હોય. શારીરિક લડાઈ એ હુમલા સમયે માત્ર સંરક્ષણ માટે જ હોય છે. ખરેખર ઈસ્લામમાં સંરક્ષણ સિવાયનું કોઈ યુદ્ધ કાયદેસર નથી. તદુપરાંત આવા રક્ષણાત્મક યુદ્ધ ફક્ત સ્થાપિત રાજ્ય દ્વારા જ હાથ ધરવામાં આવી શકે છે. કોઈપણ વ્યક્તિ કે સંગઠન પોતાની જાતે જેહાદના નામ પર સશસ્ત્ર લડાઈ કરી શકે નહીં.

# * ખોટા કાર્યોના પરિણામો *

ખોટા કાર્યોનું પરિણામ હંમેશા દુઃખદાયક હોય છે. કોઈપણ વ્યક્તિ તેના પોતાના દુષ્કૃત્યોના ખરાબ પરિણામને નકારી શકે નહીં. આ કુદરતનો નિયમ છે. જેનો ઉપયોગ કુરાનના અધ્યાય અત્-તલાક (છૂટાછેડા) માં સમજાવવામાં આવ્યો છે;

**કેટલાંય નગરોએ પોતાના પ્રભુ અને તેના પયગંબરોના આદેશો સામે વિદ્રોહ કર્યો અને અમે તેમને સખત હિસાબ માટે બોલાવ્યા અને તેમને સખત સજા આપી. તેથી તેઓએ તેમના વર્તનના ખરાબ પરિણામોનો સ્વાદ ચાખ્યો અને તેમના વર્તનનું પરિણામ બરબાદીમાં આવ્યું. (૬૫:૮-૯)**

ભૌતિક શાસ્ત્રની દુનિયામાં એક જાણીતું સૂત્ર છે. દરેક ક્રિયાની સમાન અને વિરુદ્ધ પ્રતિક્રિયા હોય છે. આ સૂત્ર માનવજીવનને પણ લાગુ પડે છે. જો તમે કોઈ ખોટું પગલું ભરો છો, તો તમે તેના અનિચ્છનીય પરિણામોથી બચી શકતા નથી. આ કુદરતનો નિયમ છે જેમાંથી કોઈ સ્ત્રી કે પુરુષ બાકાત નથી.

સામાન્ય રીતે એવું બને છે કે જ્યારે કોઈ ખોટું કરનારને તેના ખોટા કામનું પરિણામ ભોગવવાનું આવે છે, ત્યારે તે બલિનો બકરો શોધે છે. પરંતુ આ પ્રકારનો બલિનો બકરો ફક્ત શબ્દકોશમાં  હોય છે. વાસ્તવિક જીવનમાં નહી. જ્યારે તમારાથી કોઈ ખોટું પગલું લેવાય ગયું હોય અને તેનું અનિચ્છનીય પરિણામ સામે આવી જાય, ત્યારે તે તમારી પોતાની ભૂલ છે તેમ સ્વીકારવામાં વિલંબ કરશો નહીં. તમારે પ્રમાણિકપણે કહેવું પડશે કે તમે ખોટા હતા. જો તમે દોષનો ટોપલો બીજાને ઓઢાડવાનો પ્રયત્ન કરશો તો તમને બહુ જલ્દી ખબર પડી જશે કે આ પ્રકારનો દોષ લેનાર કોઈ નથી.

જો તમે આવી સ્થિતિમાં તમારી ભૂલ સ્વીકારી લેશો તો તે તમને ફાયદો પહોંચાડશે. તે તમને સમગ્ર બાબતનું પુનઃમૂલ્યાંકન કરવામાં સક્ષમ બનાવશે અને તે બદલામાં તમને તમારી વ્યૂહરચનાનું પુનઃ આયોજન કરવામાં સક્ષમ બનાવશે અને આખરે જ્યારે તમે પહેલી ટ્રેન ચૂકી ગયા હોવ ત્યારે પછીની ટ્રેનમાં ચઢવા માટે પણ સક્ષમ બનાવશે.

માણસની અમુક મર્યાદાઓ હોય છે. તમે સારા ઈરાદા સાથે આયોજન કરી શકો છો પરંતુ, કોઈક ખોટી ગણતરીના કારણે,  તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહો  છો. આ પ્રકારની નિષ્ફળતા માફ કરી શકાય છે. આ પ્રસંગે તમારું બહાનું તદ્દન સ્વીકાર્ય હશે. તમે કહી શકો છો કે તમારું મૂલ્યાંકન વાસ્તવિક ન હતું અને તેથી જ તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા. પરંતુ આ વાત એ બાબતનો અંત નથી. જો

આવું થાય તો તમારે કહેવું પડશે કે તમે ખોટા હતા. ભૂલ સ્વીકારવી એ મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો શ્રેષ્ઠ માર્ગ છે. પરંતુ જો તમે કોઈ બલિનો બકરો શોધવાનો પ્રયાસ કરશો અને તમારા માનવામાં આવેલ બલિના બકરા પર બધો દોષ ઢોળવાનો પ્રયાસ કરશો તો એનાથી કામ બનશે નહીં.

**જો તમે આવી સ્થિતિમાં તમારી ભૂલ સ્વીકારી લેશો તો તે તમને ખરેખર ફાયદો આપશે તે તમને  સમગ્ર બાબતનું પુનઃમૂલ્યાંકન કરવામાં સક્ષમ બનાવશે અને તે બદલામાં તમને તમારી વ્યૂહરચનાનું પુનઃ આયોજન કરવામાં સક્ષમ બનાવશે.**

આ પ્રકારનો ખુલાસો બૂમરેંગ સાબિત થઈ શકે છે. જો તમે આવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હોવ તો બીજાને દોષ આપવાનો પ્રયાસ કરશો નહીં. આમ કરવું એ ફક્ત સમયનો બગાડ છે, કારણ કે વાસ્તવિક્તામાં તે દોષ લેનાર કોઈ નથી. તેથી જેવી તમને ખબર પડે કે તમે ભૂલ કરી છે તો તરત જ તેનો સ્વીકાર કરો અને તેના પરિણામની જવાબદારી સ્વીકારી લો. તમારે એ સમજવાની જરૂર છે કે તમે કદાચ પ્રથમ તક ગુમાવી દીધી છે. પરંતુ અત્યારે બીજી તકનો લાભ લેવાનો સમય છે. પરંતુ આ બીજી તકની સફળતા તમારી પોતાની ભૂલને સ્વીકારવા અને અન્ય લોકો પર દોષારોપણના કરવા પર આધાર રાખે છે.

## * કોઈ નિર્રથક અથવા અધમ વાતો ન થવા દો *

અધ્યાય અલ-વાકિ'આ (પ્રલય) માં કુરાન આપણને સ્વર્ગ વિશે જણાવે છે. લોકો સ્વર્ગમાં કંઈ રીતે રહેશે તેનું ચિત્રણ નીચે મુજબ કરવામાં આવ્યું છે;

**તેઓ ત્યાં કોઈ નિર્રથક અથવા પાપ પૂર્ણ વાતો સાંભળશે નહીં.**
**માત્ર ચેન અને શાંતિ શબ્દો. (૫૬:૨૫–૨૬)**

પરલોકનું સ્વર્ગ એક આદર્શ સમાજ છે. વર્તમાન વિશ્વ એ ભરતી કરવાની જગ્યા છે, જેમાં લોકોની પરીક્ષા કરવામાં આવે છે. જેઓ આ પરિક્ષામાં ઉતિર્ણ થાય છે તેઓને સ્વર્ગમાં પ્રવેશ મળે છે. વર્તમાન વિશ્વ એ ચયન કરવાની જગ્યા છે અને જેમનું ચયન થયું છે તેમને સ્વર્ગમાં સ્થાયી કરવામાં આવે છે.

એક ગુણ જે સ્વર્ગના લોકો પાસે જરૂરી છે એ છે બીજાઓ માટે ઉપદ્રવ ઉપજાવવાનું ટાળવું, એટલે કે સમાજમાં સંપૂર્ણ ચેન અને શાંતિ સાથે રહેવાની આવડત.

આ માપદંડ પ્રમાણે રહેવાની આવડત હોવાનું સાબિત કરશે તેઓને સ્વર્ગમાં સ્થાયી થનારાની સૂચીમાં સમાવેશ કરવામાં આવશે.

કુરાન મુજબ સ્વર્ગના સમાજમાં સમાવેશ માટે બે માપદંડ છે. પહેલું કે તેમણે બીજાઓને ચેન અને શાંતિ ખાતરી થાય એ રીતે સંપૂર્ણ શાંતિ સાથે જીવવું પડશે અને બીજી શરત એ છે કે તેમણે બીજાઓ માટે ઉપદ્રવ ઉપજાવવાનું ટાળવું. બીજા શબ્દોમાં કહીએ તો, સમાજના સદસ્યો માટે તેઓ મુસીબત નથી એ પૂરવાર કરવું પડશે.

જો કે ઉપર સૂચવ્યા મુજબનું સૂત્ર સ્વર્ગના સમાજ માટે છે, તે આપણને કઈ પ્રકારના સામાજીક મૂલ્યો વર્તમાન વિશ્વમાં પણ સ્વિકાર્ય છે તે પણ કહે છે. જ્યારે આપણે વર્તમાન વિશ્વ એક ચયન કરવાનું સ્થળ છે એ મનમાં રાખીએ છીએ ત્યારે, એ એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે બન્ને જગ્યાએ વર્તમાન વિશ્વ તેમજ પરલોકમાં એક સરખા નૈતિક ધોરણો જરૂરી છે.

એટલે દરેક સ્ત્રી અને પુરૂષે આ બાબતે ખૂબ જ સાવચેત રહેવું જોઈએ. તમારે એ સમજવું જોઈએ કે જ્યારે તમે બીજાઓ માટે ઉપદ્રવ સર્જો છો, તે ફક્ત બીજાઓ માટે જ નહીં પરંતુ તમારા માટે પણ એક મોટી સમસ્યા સર્જો છો, કારણ કે આ પ્રકારનો વ્યવહાર તમને ચોક્કસપણે સ્વર્ગમાં જનારાઓની સૂચીમાં સમાવિષ્ટ કરતાં રોકશે. કોઈને પણ આ પ્રકારના વ્યવહારમાં પડવું પરવડે નહી.

આપણે 'ઉપદ્રવ'ને કઈ રીતે વ્યાખ્યાચિત કરવો જોઈએ? તમારા વ્યવહારનો કોઈપણ ભાગ તમારા સાથની વ્યક્તિઓ માટે અનિચ્છનીય હોય તે ઉપદ્રવ છે. તમે એમ ન કહી શકો કે તમે બીજા માટે ઉપદ્રવ બને એ માટે આવું વર્તન નહોતું કર્યું. તમારો અભિપ્રાય એ નક્કી નહી કરી શકે કે શું ઉપદ્રવ છે અને શું નથી. એ તમારા સાથની વ્યક્તિઓનો એકાધિકાર છે એ નક્કી કરવું કે શું ઉપદ્રવ છે અને શું નહી.

**એક ગુણ જે સ્વર્ગના લોકો પાસે જરૂરી છે એ છે બીજાઓ માટે ઉપદ્રવ ઉપજાવવાનું ટાળવું એટલે કે સમાજમાં સંપૂર્ણ ચેન અને શાંતિ સાથે રહેવાની આવડત.**

આ પરિસ્થિતિમાં તમારી પાસે કોઈ બહાનું નથી. તમારો આશય સારો હતો તેવું કહેવાનો તમને કોઈ અધિકાર નથી. આ કિસ્સામાં સારા આશયો અને ખરાબ આશયો સાથે કોઈ સંબંધ નથી. એકમાત્ર વસ્તુ જે મહત્વપૂર્ણ છે એ છે તમારી સાથના વ્યક્તિઓની પ્રતિક્રિયા. જો તમારૂં વર્તન તમારી સાથના વ્યક્તિઓને સ્વીકાર્ય હોય તો તે ઉપદ્રવ નથી અને જો તમારૂં વર્તન તમારી સાથના વ્યક્તિઓને સ્વીકાર્ય નથી તો એ ચોક્કસ ઉપદ્રવ છે. 'ઉપદ્રવ' દેખીતી રીતે કોઈ પાપ નથી. પરંતુ એ પાપ જેટલું જ ખરાબ છે. કારણ કે જ્યારે તમે તમારી સાથના વ્યક્તિઓની લાગણીઓને ઠેસ પહોંચાડો છો ત્યારે તમારૂં વર્તન તેના પરિણામની દ્રષ્ટિએ ચોક્કસ પાપ છે.

# * ગૌણ ભૂમિકા ભજવવાનું મહત્વ *

અધ્યાય અલ-ઝુખરૂફ (સોનાના આભૂષણો) માં કુરાન પ્રકૃતિના એક ગુણને વર્ણવે છે, જે રાષ્ટ્રનિર્માણ માટે ખુબ જ મહત્વનો છે. સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**શું તમારા રબની રહમતની આ લોકો વહેંચણી કરે છે? અમે જ તેમની દુનિયાની જિંદગીની રોજી તેમનામાં વહેંચી છે અને એકને બીજાથી શ્રેષ્ઠ કર્યા છે જેથી એક બીજાને આધીન કરી લે અને જેને આ લોકો ભેગું કરતા ફરે છે. તેના કરતાં તમારા રબની કૃપા ખૂબ શ્રેષ્ઠ છે. (૪૩:૩૨)**

લોકો વચ્ચેના આ તફાવતો માત્ર અસમાનતા અથવા ભેદભાવની બાબત નથી. આની પાછળ એક મહાન શાણપણ છે તે આપણને આપણી સામાજિક પ્રણાલીનું સંચાલન કેવી રીતે કરવું તે અંગેનું એક સ્વરૂપ આપે છે. સરળ ભાષામાં આનો અર્થ એ છે કે એક વ્યક્તિએ પ્રાથમિક ભૂમિકા લેવી જોઈએ અને સમાજના અન્ય તમામ સભ્યોએ ગૌણ ભૂમિકા સ્વીકારવી જોઈએ. સંગઠનની આ એકમાત્ર પદ્ધતિ છે જેના દ્વારા સમાજ તેના સર્વોચ્ચ લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે છે.

એ હકીકત છે કે મોટી સિદ્ધિ માટે મોટી સંખ્યામાં લોકોના સંયુક્ત પ્રયાસોની જરૂર હોય છે. એક વ્યક્તિ પોતાની મેળે સર્વોચ્ચ સામાજિક લક્ષ્યો હાંસલ કરી શકતી નથી. તો આ પ્રકારના સફળ સંયુક્ત પ્રયાસનું સૂત્ર શું છે? તે છે એક સક્ષમ વ્યક્તિને નેતૃત્વની ભૂમિકા આપો, જ્યારે અન્ય તમામ વ્યક્તિઓ પાછળની બેઠક લો અને ગૌણ ભૂમિકા ભજવો.

એ હકીકત છે કે સંયુક્ત પ્રયત્નો વિના કોઈ ઉચ્ચ ધ્યેય હાંસલ કરી શકાતો નથી, પરંતુ સંયુક્ત પ્રયત્નો માટે હંમેશા કોઈ સુકાનીની જરૂરત હોય છે. માલીક વિના તમે કંપની ચલાવી શકતા નથી, વડાપ્રધાન વિના તમે સરકાર ચલાવી શકતા નથી, પરિવારના વડા વિના તમે ઘર ચલાવી શકતા નથી, સંયોજક અથવા નિરીક્ષક વિના તમે સંયુક્ત પ્રયાસ ચલાવી શકતા નથી. નેતૃત્વના સિદ્ધાંતનું પાલન એ કોઈપણ સફળ સંયુક્ત પ્રયાસનો અભિન્ન ભાગ છે.

આમ થવાથી, ઉપરોક્ત કુરાનના શ્લોકમાં દર્શાવેલ કુદરતનો નિયમ આપણા માટે એક મહાન આશીર્વાદ છે. સર્વશક્તિમાન ઈશ્વરે લોકોને તફાવતો અથવા અસમાનતાઓ સાથે બનાવ્યા છે. આ તફાવત અથવા અસમાનતા જ આપણને આપણી સામાજિક પ્રવૃત્તિઓમાં નેતૃત્વના સિદ્ધાંત સામે ઝૂકવાની તક આપે છે. જો સમાજના તમામ સભ્યો

સંપૂર્ણપણે સમાન હોય તો આ સિદ્ધાંત કામ કરી શકે નહીં. સમાન લોકોને તેમની બાબતોનું સંચાલન કરવા માટે શ્રેષ્ઠ વ્યક્તિની જરૂરત છે. આ માટે તેમને નેતૃત્વના સિદ્ધાંતને સ્વીકારવાની જરૂરત છે.

દરેક ટ્રેનને સરળતાથી ચાલવા માટે એન્જિનની જરૂર હોય છે. એન્જિન વિના, ટ્રેન એક ઇંચ પણ આગળ વધી શકશે નહીં. સમાજનું પણ એવું જ છે. સમાજ એક ટ્રેન જેવો છે જેને આપણે ગતિ આપવાની જરૂરત છે, પરંતુ એ માર્ગને દોરવા આ ગતિશીલતા એન્જિન વિના પ્રાપ્ત કરી શકાતી નથી. જે સૂત્ર શારીરિક ચળવળ માટે આવશ્યક છે તે જ સૂત્ર સામાજિક ચળવળને પણ લાગુ પડે છે. સામાજિક ટ્રેન એન્જિન વિના તેના લક્ષ્ય તરફ મુસાફરી કરી શકતી નથી.

**નેતૃત્વના સિદ્ધાંતનું પાલન એ કોઈપણ સફળ સંયુક્ત પ્રયાસનો અભિન્ન ભાગ છે.**

ગૌણ ભૂમિકા એ હલકી કક્ષાની ભૂમિકા નથી; તે એવી ભૂમિકા છે જેનું મૂલ્ય મુખ્યત્વે સત્તામાં હોય તે વ્યક્તિ કરતા વધારે હોય છે. સત્તાધિશને ફક્ત એક જ જશ આપવામાં આવશે પરંતુ જેઓ ગૌણ ભૂમિકા સ્વીકારે છે તેમને બે ગણો જશ આપવામાં આવશે કારણ કે, તેમની સામાન્ય ભૂમિકા સિવાય, તેમની પાસે એક મહાન ક્ષમતા છે. અહંકારનું સંચાલન. અહંકારના સંચાલનની કળા શીખ્યા વિના, કોઈ પણ વ્યક્તિ સફળતાપૂર્વક ગૌણ ભૂમિકા ભજવી શકે નહીં.

## * વિરોધાભાસના મિશ્રણની જરૂરિયાત *

સાચા આસ્તિકમાં એક ખૂબ જ વિશિષ્ટ ગુણ હોય છે તે વિરોધાભાસના મિશ્રણવાળું વ્યક્તિત્વ વિકસાવવામાં સક્ષમ છે. આસ્તિકમાં આ ગુણ કુરાનમાં અધ્યાય અલ-ફતહ (વિજય) માં દર્શાવેલ છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**મુહમ્મદ અલ્લાહના પયગંબર છે. જેઓ તેમની સાથે છે તેઓ સત્યને નકારનારાઓ પ્રત્યે મક્કમ અને નિષ્ઠાવાન છે, અને એકબીજા પ્રત્યે દયાળુ છે. (૪૮:૨૯)**

એક આસ્તિક વિવિધ પ્રકારના લોકોની વચ્ચે રહેવા માટે નિર્ધારિત છે. ઘણા લોકો સારા હોય છે, જેમની સાથે જોડાવાથી વ્યક્તિ આધ્યાત્મિકતા અને સકારાત્મકતાના

સંદર્ભમાં મહાન લાભો મેળવી શકે છે; પરંતુ તે જ સમયે ખરાબ લોકો પણ હોય છે, જેમની સાથે જોડાયેલા રહેવું એ વ્યક્તિની નૈતિકતા અને આધ્યાત્મિકતા માટે હાનિકારક છે.

આ વિરોધી પ્રકારના ખરાબ અને સારા બંને પાત્રોનું અસ્તિત્વ, જે કદાચ અપવાદ વિના દરેક સમાજમાં જોવા મળે છે. તે એક હાનિકારક ઘટના સાબિત થઈ શકે છે. પરંતુ સાચા આસ્તિક માટે તો આ એક કસોટી છે, જેમાંથી તેણે ઉત્તીર્ણ થવાનું છે. તે એટલો પરિપક્વ બનવો જોઈએ કે તે દેખીતી રીતે ખરાબ ચારિત્ર્ય ધરાવનારાઓને વળગી ન રહે અને તે જ સમયે તે સારા ચારિત્ર્ય ધરાવતા લોકો પ્રત્યે નમ્ર રહીને તેમની પાસેથી શીખતો રહે અને પોતાના જીવનની સુધારણા માટે તેમની પાસેથી સારી સલાહ મેળવતો રહે.

આ દુનિયામાં સામાજિક જીવન એ એક ઝાડીમાં રહેવા જેવું છે, જ્યાં સુંદર ફૂલોની સાથે આજુ-બાજુમાં હાનિકારક કાંટા છે. તમારે કાંટામાં ફસાયા વિના ફૂલો તોડવા સક્ષમ થવા માટે સાવચેત રહેવું પડે છે. આ ચુસ્ત બાંધેલા દોરડા પર ચાલવા જેવું છે, જેમાં સંતુલન જાળવી રાખવા માટે સારી આવડતની જરૂર હોય છે. આ કુશળતા વિના, કોઈ પણ વ્યક્તિ તેના ઉચ્ચ લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે નહીં.

દુષ્ટ ચરિત્રના લોકો સાવ નકામા નથી હોતા. જો તમે તેમની સાથે સકારાત્મક મનથી વ્યવહાર કરો તો તેઓ સકારાત્મક ભૂમિકા પણ ભજવી શકે છે. જો તમે તમારા વ્યક્તિત્વમાં આ સકારાત્મક ગુણ કેળવી શકો, તો દુષ્ટ લોકો પણ અલગ-અલગ દૃષ્ટિકોણથી તમારા માટે સારા શિક્ષક સાબિત થઈ શકે છે.

વ્યક્તિના વ્યક્તિત્વમાં વિરોધાભાસનું મિશ્રણ હોવું એ વ્યક્તિની ક્ષમતાની બહાર નથી. તે અકુદરતી પણ નથી કે અશકય પણ નથી. નિષ્ઠાવાન વ્યક્તિ માટે તે તદ્દન સ્વાભાવિક અને સંપૂર્ણપણે પ્રાપ્ત કરી શકાય તેવું છે. આ માનવીય ક્ષમતાનું વર્ણન કરતાં એક પશ્ચિમી વિદ્વાને સાચું જ કહ્યું છે. “હું આ બધા વિરોધાભાસને સમાવી શકું તેટલો વિશાળ છું.”

**દુષ્ટ ચરિત્રના લોકો સાવ નકામા લોકો નથી હોતા.**
**જો તમે તેમની સાથે સકારાત્મક મનથી વ્યવહાર કરો તો**
**તેઓ સકારાત્મક ભૂમિકા પણ ભજવી શકે છે.**

કોઈ પ્રાણીમાં આ ગુણ હોતો નથી; આ તો સર્જનહાર દ્વારા માણસને આપવામાં

આવેલ એક અનોખું લક્ષણ છે. દરેક માનવ વ્યક્તિત્વમાં છુપાયેલ આ ગુણને ઉજાગર કરવાની જરૂર છે. વિરોધાભાસનું મિશ્રણ હોવું એ વ્યક્તિત્વ વિકાસનું લક્ષણ છે.

આ કોઈ સમસ્યા નહીં પણ એક તક છે. વિરોધાભાસના મિશ્રણનો અર્થ છે વિવિધ ગુણોનું મિશ્રણ, જેમાંથી સૌથી મહત્વપૂર્ણ તફાવત સંચાલનનું શાણપણ છે. આ ઉપરાંત, તે સૈદ્ધાંતિક વર્તનની નિશાની છે. તે વ્યક્તિની પરિપકવતાનો પુરાવો છે. પરિપકવ વ્યક્તિ સમસ્યાઓને અવગણીને તકોનો લાભ લેવાનું સૂત્ર અપનાવે છે. તેની પાસે પસંદગીયુક્ત રીતે કાર્ય કરવાની ક્ષમતા છે. તેની પાસે ઉચ્ચ નૈતિકતાનો ગુણ છે. તેનો અર્થ એ છે કે તેનું વર્તન સમગ્ર માનવજાત માટે મૈત્રીપૂર્ણ છે. તે મિત્ર અને શત્રુ બંને સાથે સમાન રીતે વ્યવહાર કરવામાં સક્ષમ છે.

## * રાજસત્તા એક જવાબદારી *

સોલોમન, પેલેસ્ટાઈન અને સીરિયાના શાસક તેમજ એક ઈઝરાયેલી પયગંબર અને રાજા હતા. રાજકીય અને ધાર્મિક બંને રીતે શેબાની રાણી પર જીત મેળવવાના પ્રયાસ વખતે, તેમણે શેબાની રાણીનું સિંહાસન પોતાની પાસે લાવવાનું કહ્યું. તે સમયે રાણી અને તેણીનું સિંહાસન સેંકડો માઈલ દૂર હતા, પરંતુ કારણ કે તેમને વિશેષ શક્તિઓથી સંપન્ન કરવામાં આવ્યા હતા, તેમણે તેમના આદેશને તાત્કાલિક અમલમાં મૂકવાનું જણાવ્યું. તેમના આદેશનું તરત જ પાલન કરવામાં આવતા સુલેમાને કેવી રીતે પ્રતિક્રિયા આપી તેનો ઉલ્લેખ કુરાન, અધ્યાય અલ-નમ્લ (કીડીઓ) માં કરે છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**પણ જેને શાસ્ત્રનું જ્ઞાન હતું તેણે કહ્યું, 'હું તેને આંખના પલકારામાં તમારી પાસે લાવી શકું છું.' તેથી જ્યારે સુલેમાને તેને પોતાની સામે મૂકેલું જોયું, ત્યારે તેણે કહ્યું, ''આ મારા પ્રભુનો ઉપકાર મને પરીક્ષણ કરવા માટે છે જેથી તે મને જાણી લે કે હું આભારી બનું છું કે કૃતઘ્ન. અને જે કૃતજ્ઞ છે, તે ફક્ત પોતાના ભલા માટે જ છે. પરંતુ જે કોઈ કૃતઘ્ન છે, તો ચોક્કસ મારા પ્રભુ આત્મનિર્ભર, સૌથી ઉદાર છે.'' (૨૭:૪૦)**

આ શ્લોક રાજકીય સત્તાના કુરાનના ખ્યાલને સમજાવે છે, કે તે એક પ્રકારનું દુન્યવી વરદાન નથી; તે ઈશ્વર દ્વારા નિર્ધારિત પરીક્ષા છે. જેમ આ દુનિયામાં દરેક

વ્યક્તિ માટે જીવનના દરેક તબક્કાઓ એ પરીક્ષાપત્ર છે, તેવી જ રીતે રાજકીય સત્તા પણ એક પરિક્ષાપત્ર છે. સર્વશક્તિમાન ઈશ્વર શાસકની વર્તણૂંક પર સતત નજર રાખે છે કે તે તેની ફરજો નિભાવવામાં ન્યાયી છે કે અન્યાયી. રાજા પણ સામાન્ય માણસની જેમ ઈશ્વર સમક્ષ પોતાના કર્મો માટે જવાબદાર છે.

કુરાનના આ ખ્યાલ મુજબ, રાજકીય સત્તા એ કોઈ પણ પ્રકારની સિદ્ધિ નહીં પણ જવાબદારી છે. રાજકીય સત્તાના કબજાનો અર્થ એ નથી કે શાસક શ્રેષ્ઠ વ્યક્તિ છે, અથવા શાસક તેની પ્રજાનો માલિક છે, અથવા શાસક મહાન અને બીજા નીચા. ન્યાયના દિવસે શાસકને પણ અન્ય તમામ મનુષ્યોની જેમ જ ઈશ્વર સમક્ષ રજૂ કરવામાં આવશે.

રાજકીય શાસનની અવધારણા શાસકને તેના સત્તાવાર વ્યવહારમાં અત્યંત ગંભીર બનાવે છે. તેણે પોતાને ઈશ્વરનો સેવક માનવો જોઈએ, એ રીતે કે તેની પાસે દૈવી સિદ્ધાંતોનું પાલન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. શાસક સ્વાભાવિક રીતે નમ્ર અને તેની તમામ પ્રજાનો શુભચિંતક હોવો જોઈએ. તેણે એ હકીકત સ્વીકારવી પડશે કે તે સર્વોચ્ચ નથી. ફક્ત સર્વશક્તિમાન ઈશ્વર જ સર્વોચ્ચ છે, અને શાસકે તેના આદેશોનું પાલન કરવું જરૂરી છે. આનો અર્થ એ થયો કે શાસક તેની જીવનશૈલીમાં શાહી સંસ્કૃતિને બદલે સાદગીની સંસ્કૃતિ અપનાવવા માટે નિર્ધારિત છે. તેની પાસે આવેલી સત્તા શાહી મનોરંજન માટે નથી. તેમજ તેને રાજ્યના કાયદા તરીકે તેની પોતાની ધૂન લાદવાની મંજૂરી નથી. તેની પાસે એક જ વિકલ્પ છે અને તે છે ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરવું. નહિ તો તેણે પોતાની ગાદી પરથી નીચે ઉતરી જવું જોઈએ.

**રાજકીય સત્તાના કબજાનો અર્થ એ નથી કે શાસક શ્રેષ્ઠ વ્યક્તિ છે, અથવા શાસક તેની પ્રજાનો માલિક છે, અથવા શાસક મહાન અને બીજા નીચા.**

દ્રષ્ટાંતરૂપ શાસક માટે, શાસન એ અભિમાનનું સ્ત્રોત નથી, શાસન મોટાઈનું સ્ત્રોત નથી, શાસન એ લોકોના માલિક બનવાનો અધિકાર નથી. પરંતુ તેના માટે તો, શાસન ફક્ત તેના લોકોની સેવા છે અને તેનાથી વિશેષ કંઈ નથી.

આ અવધારણા મુજબ, શાસક વહીવટનો વડો છે. તે પોતાના રાષ્ટ્રનો માલિક નહીં પણ રાષ્ટ્રનો મેનેજર છે. તેને લોકોનું શોષણ કરવાનો કોઈ અધિકાર નથી અને તે તેના પ્રદેશને પોતાની મિલકત માની શકતો નથી, પરંતુ તે ઈશ્વર દ્વારા લોકોને સેવા પ્રદાન કરવામાં માટે આપવામાં આવી છે.

# * અંતઃકરણઃ અહંકારનો સુધારક *

કુરાન અનુસાર, તમામ મનુષ્યો, સ્ત્રીઓ અને પુરુષો બંને, બે વિરોધી નૈતિક ઘટકો સાથે જન્મે છે. પ્રથમ ઘટકનો ઉલ્લેખ સુરાહ યુસુફ (જોસેફ) પ્રકરણમાં **અલ–નફ્સ અલ–અમ્મારા (૧૨:૫૩)** તરીકે કરવામાં આવ્યો છે અને બીજા ઘટકનો ઉલ્લેખ સુરાહ અલ-કિયામાહ (પુનરુત્થાનનો દિવસ) પ્રકરણમાં **અલ–નફ્સ અલ–લવ્વામા (૭૫:૨)** તરીકે કરવામાં આવ્યો છે.

**અલ–નફ્સ અલ–અમ્મારા અને અલ–નફ્સ અલ–લવ્વામા** શું છે? મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ, એ અહંકાર અને અંતરાત્મા છે. જેની સાથે દરેક વ્યક્તિ જન્મે છે. લગભગ તમામ માનવ વર્તન આ બંને લક્ષણો દ્વારા પ્રભાવિત હોય છે. નકારાત્મક વર્તન એ અલ-નફ્સ અલ-અમ્મરાનું પરિણામ છે અને સકારાત્મક વર્તન એ અલ-નફ્સ અલ-લવ્વામાનું પરિણામ છે.

અહંકાર, જો અનિયંત્રિત છોડવામાં આવે, તો તે તમામ અનિષ્ટનો સ્ત્રોત બની જાય છે, કારણ કે તે માણસનો અત્યંત જ્વલનશીલ ભાગ છે. સામાન્ય સ્થિતિમાં, તે સુષુપ્ત અવસ્થામાં રહે છે, પરંતુ જ્યારે વ્યક્તિના અહંકારને નકારાત્મક રીતે સ્પર્શ કરવામાં આવે છે, ત્યારે તે સુપર અહંકાર બની જાય છે અને પરિણામ ભંગાણ થાય છે. અહંકારની સમસ્યાને ટાળવાનો શ્રેષ્ઠ માર્ગ તેને ઉશ્કેરવો નહીં. ઉશ્કેરણીની ગેરહાજરીમાં અહંકાર કોઈ સમસ્યા ઊભી કરતું નથી. પરંતુ અહંકારને ઉશ્કેરવો તે સ્ફોટક પાવડરને માચીસ ચાંપવા જેવું છે.

તેનાથી વિપરિત, અંતઃકરણ એ તમામ પ્રકારની ભલાઈનો સ્ત્રોત છે. અંતરાત્મા તમને કોઈપણ દુષ્ટ વ્યવહારમાં સામેલ થવાથી રોકે છે, અને જો તમે કોઈપણ પ્રકારના દુષ્કર્મમાં સામેલ થાઓ છો, તો તમારો અંતરાત્મા જાગૃત થાય છે  અને તમને પસ્તાવો કરવા અને તમારા વર્તનમાં સુધારો કરવા દબાણ કરે છે. આ રીતે અંતઃકરણ દરેક માનવ વ્યક્તિત્વ માટે સુધારક તરીકે કામ કરે છે.

મતલબ કે જ્યારે પણ કોઈ વિવાદ થાય તો પરિણામ તમારા પોતાના હાથમાં હોય છે. જો તમે હરીફ પક્ષના અહંકારને ઉશ્કેરશો. તો તમે તમારી ક્રિયાના કડવું પરિણામ ચાખવા માટે નિર્ધારિત છો. તમારી નકારાત્મક ક્રિયાને નકારાત્મક પ્રતિક્રિયા દ્વારા અનુસરવામાં આવશે, અને તમારે તમારી પોતાની અણગમતી પહેલની કિંમત ચૂકવવી પડશે. વિવાદાસ્પદ પરિસ્થિતિઓનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે સાવધ રહેવું

અને હરીફ પક્ષના અંતરાત્માને સક્રિય કરવાનો પ્રયાસ કરવો. આ નીતિ ચોક્કસપણે કામ કરશે. તમારા હરીફના અંતરાત્માનો ચુકાદો ચોક્કસપણે તમારી તરફેણમાં જશે. સારા જીવન માટે આ એક સરળ સૂત્ર છે.

**અંતરાત્મા તમને કોઈપણ દુષ્ટ વ્યવહારમાં સામેલ થવાથી રોકે છે, અને જો તમે કોઈપણ પ્રકારના દુષ્કર્મમાં સામેલ થાઓ છો, તો અંતરાત્મા જાગૃત થાય છે અને તમને પસ્તાવો કરવા અને તમારા વર્તનમાં સુધારો કરવા દબાણ કરે છે.**

કોઈ જન્મજાત શત્રુ હોતો નથી. દુશ્મનાવટ એ વ્યક્તિત્વ સંબંધિત ઘટના છે. તમારી પોતાની નકારાત્મક ક્રિયા જ અન્ય વ્યક્તિને તમારો દુશ્મન બનાવે છે. જો તમે નકારાત્મક કાર્ય ટાળશો, તો દેખીતી દુશ્મનાવટ અદૃશ્ય થઈ જશે. દુશ્મનાવટ એ તમારા પોતાના ખોટા વર્તનનું પરિણામ છે, અને સારા વર્તન દ્વારા તમે લોકોને તમારા પ્રિય મિત્રો બનાવી શકો છો.

અહંકાર અને અંતઃકરણ એ બંને માનવ વ્યક્તિત્વના સારા અને સ્વસ્થ અંગો છે. અહંકાર, સકારાત્મક અર્થમાં, તમને નિર્ણય શક્તિ આપે છે; તે તમને એક મજબૂત વ્યક્તિત્વ ઘડવામાં મદદ કરે છે અને, તમારી સૌથી મોટી શક્તિઓમાંની એક હોવાને કારણે, તે તમને પડકારોનો સામનો કરવાની હિંમત આપે છે. અહંકારનું સંચાલન કરવાની કળા શીખો, તો અહંકાર તમારા માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

તમારા વ્યક્તિત્વના વિકાસ માટે અંતરાત્મા પણ ખૂબ જ જરૂરી છે. અંતરાત્મા તમારામાં દયાની ભાવના પ્રેરિત કરે છે અને તમને સાચા અને ખોટા વચ્ચે તફાવત કરવા સક્ષમ બનાવે છે. એનાથી ઉપર, અંતરાત્મા તમારા વ્યક્તિત્વના નૈતિક રક્ષક તરીકે કામ કરે છે.

## * કુરાનનું પ્રારંભિક પ્રકરણ *

કુરાનમાં, કેટલાક મોટા અને કેટલાક નાના, એમ થઈને કુલ ૧૧૪ પ્રકરણો છે. પ્રારંભિક અધ્યાય, અલ-ફાતિહા (શરૂઆત), કુરાનની પ્રસ્તાવના તરીકે સેવા આપે છે, તેમાં માત્ર સાત ટૂંકી આયાતો છે.

આ પ્રકરણનો અનુવાદ આ મુજબ છે;

**અલ્લાહના નામથી શરૂ કરુ છું જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.**

**બધી પ્રશંસાઓ બ્રહ્માંડના માલિક, અલ્લાહની છે; પરોપકારી, દયાળુ; ચુકાદાના દિવસનો માલિક. અમે ફક્ત તમારી જ ઉપાસના કરીએ છીએ, અને અમે ફક્ત તમારી જ મદદ માંગીએ છીએ. અમને સીધા માર્ગ પર માર્ગદર્શન આપો. એ લોકોનો માર્ગ જેમને તમે આશીર્વાદિત કર્યા; અને નહિ એમનો માર્ગ કે જેઓ તમારો ક્રોધ (શ્રાપ) કમાયા અને તેઓનો પણ માર્ગ નહિ કે જેઓ ભટકી ગયા. (૧:૧–૭)**

**પ્રથમ શ્લોકમાં ઈશ્વરને કૃપાળુ તેમજ દયાળુ કહ્યા છે.**

આ પ્રકરણનો બીજો શ્લોક છે: "બધી પ્રશંસાઓ બ્રહ્માંડના માલિક, અલ્લાહની છે." આ વાત કુરાનનો સાર છે. કુરાનનો મૂળ સંદેશ એ છે કે માણસે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, માણસે સર્વશક્તિમાન ઈશ્વરને સ્વીકારવો જોઈએ. માણસે ઈશ્વરલક્ષી જીવન અપનાવવું જોઈએ. "અલહમ્દુલિલ્લાહ" આ તમામ આધ્યાત્મિક મૂલ્યોને આવરી લે છે.

સર્વશક્તિમાન ઈશ્વરે માણસને જીવોના શ્રેષ્ઠ સ્વરૂપ તરીકે બનાવ્યો છે. તેણે તેને તે બધી જ અનુકૂળ વસ્તુઓ પ્રદાન કરી છે જે જીવન સહાયક પ્રણાલી બનાવે છે. તેણે માનવ જીવન માટે અનુકૂળ એવા એકમાત્ર ગ્રહ પૃથ્વીની રચના કરી. તેણે માણસને પ્રચંડ ક્ષમતાવાળી બુદ્ધિ આપી. એ આ બુદ્ધિનો ચમત્કાર છે કે માણસ જનસંસ્કૃતિનું સર્જન કરી શક્યો. સમગ્ર વિજ્ઞાન માત્ર બુદ્ધિના કાર્યનું ઉત્પાદન છે.

આવી સ્થિતિમાં, માણસે અલહમ્દુલિલ્લાહ કહીને સર્જનહારનો સ્વીકાર કરવો જોઈએ તે સ્વાભાવિક છે. આ સ્વીકૃતિ વિના, માણસને આ ગ્રહ પૃથ્વી પર રહેવાનો કોઈ અધિકાર નથી. આ સ્વીકૃતિ જ વ્યક્તિને પૃથ્વી પર રહેવાની અને આ દુનિયામાં ઈશ્વર દ્વારા બનાવવામાં આવેલ તમામ બક્ષિસનો આનંદ માણવાની કાયદેસરતા આપે છે.

પછી ત્રીજી આયાત ઈશ્વરને "ઉપકારી, દયાળુ" કહે છે. આ પણ સ્વીકૃતિના શબ્દો છે. જ્યારે માણસ એ હકીકત શોધી કાઢે છે કે આખું વિશ્વ તેના માટે એટલું અનુકૂળ છે કે જાણે કે તે ફક્ત તેના માટે જ બનાવવામાં આવ્યું છે, ત્યારે તે માનવા માટે મજબૂર થાય છે કે સર્જક ફક્ત એક સામાન્ય સર્જક નથી. તે શબ્દના સંપૂર્ણ અર્થમાં પરોપકારી સર્જક છે. આ શોધ માત્ર અલહમ્દુલિલ્લાહની ભાવના વધારે છે. આ શોધ તેને ઈશ્વર પ્રત્યેના પ્રેમની ભાવનાથી પ્રભાવિત કરે છે. તે માત્ર આસ્તિક જ નથી બનતો, પરંતુ ઈશ્વર તેના માટે સર્વોચ્ચ હિતસંબંધ બની જાય છે.

**એ બુદ્ધિનો ચમત્કાર છે કે માણસ સંસ્કૃતિનું સર્જન કરી શકયો. સમગ્ર વિજ્ઞાન માત્ર બુદ્ધિના કાર્યનું ઉત્પાદન છે.**

આ પ્રકરણનો ચોથો શ્લોક ઈશ્વરનો ઉલ્લેખ આ રીતે કરે છે. "ન્યાયના દિવસનો માલિક." આ અભિવ્યક્તિ ઈશ્વર વિશે માણસની માન્યતાનો પ્રાકૃતિક ભાગ છે. જ્યારે ઈશ્વરે માણસને બનાવ્યો, અને તેને ઘણી બધી સારી વસ્તુઓ પ્રદાન કરી, ત્યારે તે સ્વાભાવિક છે કે માણસે તેના સર્જકને જવાબદાર બનવું જોઈએ. જેઓ તેમની સ્વતંત્રતાનો દુરુપયોગ કરે છે તેઓને ઈશ્વર દ્વારા દંડિત થશે અને જેઓ તેમની સ્વતંત્રતાનો યોગ્ય રીતે ઉપયોગ કરશે તેઓ ઈશ્વર દ્વારા પુરસ્કારિત થશે. દરેક વરદાન જવાબદારીનો સમાવેશ કરે છે અને માણસ ચોક્કસપણે આ નિયમનો કોઈ અપવાદ નથી.

આ પ્રકરણની પાંચમી આયાત કહે છે. "અમે ફક્ત તમારી જ પૂજા કરીએ છીએ, અને અમે ફક્ત તમારી પાસે જ મદદ માટે વળીએ છીએ." આ માણસ દ્વારા તેના સર્જકને આપેલો વાસ્તવિક પ્રતિભાવ છે. માણસે ઈશ્વરની પૂજા કરવી જોઈએ. જ્યારે માણસ પોતાના પ્રભુને સ્વીકારવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે આપોઆપ તેની આગળ નમી જાય છે, એટલે કે તે તેના શરણે જાય છે. અને ઈશ્વરની તેની અનુભૂતિ તેને ઈશ્વરની સહાય મેળવવા માટે પ્રેરિત કરે છે, કારણ કે ઈશ્વર આપનાર છે અને માણસ આ દુનિયામાં લેનાર છે. આ બાબત માણસ અને ઈશ્વર વચ્ચેના સમીકરણનો સાર છે.

આ પ્રકરણનો છઠ્ઠો શ્લોક કહે છે. "અમને સીધા માર્ગ પર માર્ગદર્શન આપો." આ આયાત પણ માણસ તરફથી તેના ઈશ્વરને આપોઆપ પ્રતિભાવ છે. માણસની વાસ્તવિકતાની સમજ તેને કહે છે કે તે ઈશ્વર પાસેથી માંગી શકે તેવો સૌથી મોટો આશીર્વાદ હોય તો તે યોગ્ય માર્ગદર્શન છે. માણસ માટે યોગ્ય માર્ગદર્શન જરૂરી છે. અને તે એકલા ઈશ્વર છે જે માણસના પગલાંઓને સાચા માર્ગ પર મૂકી શકે છે. તેથી માણસ તેના નિર્માતા પ્રત્યેની ઉપકારની લાગણીઓથી અભિભૂત થઈને, કહે છે. "હે ઈશ્વર, મને સાચો માર્ગ બતાવો."

આ પ્રકરણની સાતમી આયાત કહે છે. "તમે જેઓને આશીર્વાદ આપ્યા તેઓનો માર્ગ; જેઓ તમારો ક્રોધ પામ્યા કે જેઓ ભટકી ગયા તેઓનો નહીં." આ આયાત એ અધ્યાયના ઉપરની આયાતોનું વિસ્તરણ છે.

# * બિનજરૂરી સંઘર્ષ ટાળો *

ઈસ્લામના પયગંબરે ઈ.સ. ૬૧૦ માં મક્કામાં પોતાનું અભિયાન શરૂ કર્યું. તે સમયે તેઓ કાબાને કિબલા (પ્રાર્થનાની દિશા) તરીકે અપનાવીને પ્રાર્થના કરતા હતા. પછી ઈ.સ. ૬૨૨ માં તેઓ મદીનામાં સ્થળાંતર થયા જ્યાં કેટલાક યહૂદીઓ સ્થાયી હતા. પયગંબર સાહેબે તે પછી પંદર કે સોળ મહિનાના સમયગાળા સુધી તેમની પ્રાર્થના માટે યહૂદી કિબલાહ અપનાવ્યો. પછી તેમણે ફરીથી તેમની પ્રાર્થના માટે કિબલા તરીકે કાબા તરફ મોં ફેરવ્યું.

આ ઘટનાનો ઉલ્લેખ કુરાનમાં અધ્યાય અલ-બકરાહ (વાછરી) માં કરવામાં આવ્યો છે;

**જો તમે જેઓને ગ્રંથ આપવામાં આવ્યું છે એ લોકો સમક્ષ દરેક પુરાવા લાવશો તો પણ તેઓ તમારી પ્રાર્થનાની દિશાને ક્યારેય સ્વીકારશે નહીં, અને તમે તેમની પ્રાર્થનાની દિશા સ્વીકારશો નહીં; અને તેમાંથી કોઈ એકબીજાની દિશાને સ્વીકારશે નહીં. અને જો, તમને આપવામાં આવેલ તમામ જ્ઞાન પછી, તમે તેમની ઈચ્છાઓને વળગી રહેશો, તો તમે ચોક્કસપણે ઉલ્લંઘન કરનાર બનશો (૨:૧૪૫)**

આ ભવિષ્યવાણીનું ઉદાહરણ એક મહત્વપૂર્ણ સિદ્ધાંત દર્શાવે છેઃ બિનજરૂરી વિવાદ ટાળો. તે સમયે, યહૂદીઓનો (ત્યારે યથરીબ તરીકે ઓળખાતા) મદીનામાં એક પ્રભાવશાળી સમુદાય હતો. સદીઓથી તેઓ પ્રાર્થના માટે તેમના કિબલા તરીકે ડોમ ઓફ ધ રોક (જેરુસલેમ) નો ઉપયોગ કરતા હતા. તે માત્ર યહૂદી સમુદાય માટે જ નહીં, પણ યહૂદી પ્રભાવને કારણે, બિન-યહૂદી સમુદાય માટે પણ પવિત્ર હતું.

આવી સ્થિતિમાં, કાબાને કિબલા તરીકે અપનાવવું એ અપવાદરૂપ હતું. શરૂઆતના મહિનાઓમાં, પયગંબર સાહેબ બિનજરૂરી વિવાદને ટાળવા માંગતા હતા, તેથી તેમણે દિવસમાં પાંચ વખત તેમની પ્રાર્થના માટે યહૂદી કિબલા અપનાવ્યો. આ ભવિષ્યવાણીની ઘટનામાંથી આપણે, માત્ર પ્રાર્થનાના સંદર્ભમાં જ નહીં, પરંતુ જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ; આ એક સામાન્ય સિદ્ધાંત મેળવી શકીએ છીએ.

**અભિયાન ધરાવતો માણસ હંમેશા અડગ રહે છે અને અવરોધોને ટાળે છે.**

આ સિદ્ધાંત ખૂબ જ મહત્વપૂર્ણ છે; તે તમને બિનજરૂરી સંઘર્ષથી બચાવે છે. તે તમને કોઈ અડચણ વગર સમાજમાં તમારું અભિયાન ચાલુ રાખવાની તક આપે છે. તે

તમને નિરર્થક ઝઘડાઓમાં તમારી શક્તિ અને સમયનો બગાડ કરવાથી બચાવે છે. તે ઊંડું વ્યવહારુ શાણપણ દર્શાવે છે. અને વ્યવહારિક શાણપણ વિના, તમે આ વિશ્વમાં કોઈપણ સંમાનનીય ધ્યેય પ્રાપ્ત કરી શકતા નથી.

બિનજરૂરી સંઘર્ષમાં જોડાવું એ અભિયાન ધરાવતા માણસને પરવડે નહી. સમર્પિત માણસ તરીકે, તે તેના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મક્કમ છે. તે હંમેશા યોગ્ય રીતે પસંદ કરેલા ક્ષેત્રોમાં તેની પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે અને તે કયારેય તીડની જેમ, એક વસ્તુથી બીજી વસ્તુ પર કૂદકા મારતો નથી. અભિયાન ધરાવતો માણસ હંમેશા અડગ રહે છે અને અવરોધોને ટાળે છે.

પયગંબર સાહેબ દ્વારા સ્થાપિત કરેલ ઉપરનું દ્રષ્ટાંત આ પ્રકારનું આત્યંતિક ઉદાહરણ છે. લોકો સામાન્ય રીતે પ્રાર્થના જેવી બાબતોમાં નરમ બનવા માટે તૈયાર નથી હોતા, પરંતુ પ્રાર્થનાના આ અત્યંત સંવેદનશીલ મુદ્દા સાથે કામ કરતી વખતે પયગંબર સાહેબે આ સૂત્ર અપનાવ્યું હતું.

આ સૂત્ર માનવ જીવનની તમામ બાબતોને લાગુ પડે છે. પત્ની અને પતિના સંબંધો, પારિવારિક બાબતો, સામાજિક બાબતો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ દરેક જગ્યાએ આ પ્રકારના દૃશ્યો હોય છે અને દરેક જગ્યાએ આ સૂત્ર લાગુ પડે છે. આ સૂત્ર એક સાર્વત્રિક છે; આ અર્થમાં તમે કહી શકો કે તે એક દૈવી સૂત્ર છે. તે ધાર્મિક અને બિનસાંપ્રદાયિક બંને બાબતોને લાગુ પડે છે.

## * વસ્તુઓને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવી. *

કુરાનનો અધ્યાય અઝ્-ઝુમર (ભીડ) એક માપદંડ આપે છે જેના દ્વારા આપણે, સમજણથી સંપન્ન લોકોને ઓળખી શકીએ છીએ.

સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**જે કહેવામાં આવે છે તેને સાંભળે અને તેમાં જે શ્રેષ્ઠ છે તેનું પાલન કરે. આ તે લોકો છે જેઓને અલ્લાહ માર્ગદર્શન આપે છે; આ તે લોકો છે જેમને સમજણ પ્રદાન થઈ છે. (૩૯:૧૮)**

નિવેદન, ધાર્મિક હોય કે બિનસાંપ્રદાયિક, તેના જુદા જુદા પાસાઓ હોય છે. તમે તેને જુદા જુદા દ્રષ્ટિકોણથી જોઈ શકો છો. માનવ સ્થિતિ વિશેનું કોઈ નિવેદન 'બે વત્તા બે બરાબર ચાર' જેટલું સરળ નથી. તેથી, દરેક વિધાનનું અલગ અલગ રીતે અર્થઘટન

કરી શકાય છે. દરેક વિધાનનો એક જ વાસ્તવિક અર્થ હોવા છતાં, દરેકને તેના પર સાચું કે ખોટું અર્થઘટન કરવાની સ્વતંત્રતા છે.

નિવેદનને તેના સાચા અર્થમાં લેવામાં આવશે કે નહીં તે નિવેદનના શબ્દો દ્વારા નહીં પરંતુ સાંભળનારના મન દ્વારા નક્કી થાય છે. જો શ્રોતા નિષ્પક્ષ હોય, તો તે કથનને એક પછી એક લઈને, શું માન્ય છે અને શું અમાન્ય છે તેનું વર્ગીકરણ કેવી રીતે કરવું તે જાણે છે. તેની પાસે વસ્તુઓનું મૂલ્યાંકન અને વિશ્લેષણ કરવાની ક્ષમતા છે. તદુપરાંત, જો તે પ્રામાણિક વ્યક્તિ છે, તો તે ગેરસમજ ઊભી થવા દીધા વિના નિવેદનને તેના યોગ્ય અર્થમાં લેશે.

સમજદાર માણસની નિશાની એ છે કે તે નિવેદનને તેના યોગ્ય અર્થમાં લેવાની ક્ષમતા ધરાવે છે. તે પક્ષપાતી વિચારસરણીથી મુક્ત છે અને ભટકયા વિના કથનને જેમ છે તેમ લઈ શકે છે.

જો કોઈપણ સદ્‌બુદ્ધિ અને તર્કના માણસ હોવાનો દાવો કરે છે તેણે આ પ્રકારની સમજ કેળવવી જોઈએ. તેણે પોતાના મનને એવી રીતે તાલીમ આપવી જોઈએ કે તે વસ્તુઓને તેમના સાચા યથાર્થભાવમાં સમજી શકે. આ પ્રકારની સમજણ સ્ત્રીઓ અને પુરુષો બંને માટે ખૂબ જ વિશાળ સંપત્તિ છે.

જો તમે સાચા વિચારક બનવા માંગતા હો, તો તમારે તમારી જાતને તાલીમ આપવી પડશે અને આ ગુણ વિકસાવવો પડશે. યોગ્ય વિચારસરણીની પ્રથમ શરત એ છે કે તમારે નિષ્પક્ષ હોવું જોઈએ અને તમામ પ્રકારના પક્ષપાત અને પૂર્વગ્રહોથી મુક્ત રહેવું જોઈએ. તમારી પાસે તાર્કિક ધોરણે વસ્તુઓનું વિશ્લેષણ કરવાની ક્ષમતા હોવી જોઈએ. શું સંગત છે અને શું નથી તે વચ્ચેનો તફાવત તમારે જાણવો જોઈએ.

**સમજદાર માણસની નિશાની એ છે કે તે નિવેદનને તેના યોગ્ય અર્થમાં લેવાની ક્ષમતા ધરાવે છે. તે પક્ષપાતી વિચારસરણીથી મુક્ત છે અને ભટકયા વિના કથનને જેમ છે તેમ લઈ શકે છે.**

તદુપરાંત, જો તમારે વસ્તુઓને સાચા દ્રષ્ટિકોણથી લેવી હોય, તો તમે બૌદ્ધિક રીતે પ્રામાણિક વ્યક્તિ હોવા ઉપરાંત તમારી પાસે નમ્રતાનો ગુણ પણ હોવો જોઈએ. જ્યારે વ્યક્તિ વસ્તુઓને યોગ્ય રીતે સમજવામાં નિષ્ફળ જાય છે, ત્યારે તે ફક્ત સમજણની નિષ્ફળતા નથી, તે તેના કરતાં પણ વધુ છે, તે ચૂકાઈ ગયેલી તક છે.

જો તમે વસ્તુઓને યોગ્ય રીતે લો છો, તો તમે તમારી બુદ્ધિ અને તમારા વ્યક્તિત્વનો વિકાસ કરો છો. આમ કરવાની તક ગુમાવશો નહીં.

તમારી જાતને એક સરળ વ્યક્તિ બનાવો અને પછી તમે કોઈપણ મુશ્કેલી વિના વસ્તુઓને સમજી શકશો. તમારી જાતને અહંકાર, પક્ષપાત અને દ્વેષથી મુક્ત બનાવો અને પછી ઉપરની વ્યાખ્યા પ્રમાણે તમે એવા વ્યક્તિ બનશો કે જેને સમજદાર માણસ તરીકે વર્ણવી શકાય. તે સ્પષ્ટ છે કે સમજણ ધરાવતા લોકો પેદા થતાં નથી. તેઓ તાલીમથી બને છે. તમારી જાતને તાલીમ આપો અને તમે સમજદાર માણસ બનશો.

## * જ્ઞાનના બે સ્ત્રોત *

માણસ હંમેશા વસ્તુઓને તર્ક આપવાનો પ્રયત્ન કરે છે. કુરાનનો અધ્યાય અલ-અહકાફ (રેતીના ટેકરા) આપણને જણાવે છે કે અધિકૃત જ્ઞાનના બે સાચા સ્ત્રોત છે જે આપણને આ સંદર્ભમાં પ્રકાશિત કરે છે.

આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**તેમને પૂછો, ''અલ્લાહ સિવાય તમે જેને પણ તમે બોલાવો છો તેમના વિશે તમે વિચાર્યું છે? મને બતાવો કે તેઓએ પૃથ્વી પર શું બનાવ્યું છે. અથવા શું તેઓ સ્વર્ગની રચનામાં હિસ્સો ધરાવે છે? જો તમે જે કહો છો તે સાચું હોય તો આ (કુરાન) પહેલાં પ્રગટ થયેલો કોઈ ગ્રંથ અથવા જ્ઞાનનો કોઈ અન્ય અંશ મારી પાસે લાવો.'' (૪૬:૪)**

કુરાનના આ શ્લોક અનુસાર, અધિકૃત જ્ઞાનના બે સ્ત્રોત છે. પ્રગટ જ્ઞાન અને વૈજ્ઞાનિક જ્ઞાન. પ્રગટ જ્ઞાન અધિકૃત છે, કારણકે તે સર્વશક્તિમાન ઈશ્વર તરફથી સીધું આવે છે. અને વૈજ્ઞાનિક જ્ઞાન પણ અધિકૃત છે, કારણકે તે પ્રકૃતિના નિયમો પર આધારિત છે. આ બે સ્ત્રોતો સિવાય, ત્રીજો કોઈ સ્રોત નથી જેને વિશ્વસનીય ગણી શકાય.

આ અર્થમાં કુરાન અને પ્રકૃતિ એકબીજાના સમકક્ષ છે. કુરાનમાં જે પ્રગટ થયું છે તે પ્રકૃતિમાં છુપાયેલું છે, અને જે પ્રકૃતિમાં છે તે કુરાનમાં માણસને સમજી શકાય તેવી ભાષામાં પ્રગટ થયું છે.

કુરાનને, અરબી ભાષા પર સારી પકડ મેળવીને અથવા તેના સાચા અનુવાદનો આશરો લઈને, સમજી શકાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા પ્રકૃતિમાં શું છુપાયેલું છે તેને ખંખોડીને જાણી સમજી શકાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો, જ્ઞાનના બે સ્ત્રોત છે. ધાર્મિક જ્ઞાન અને બિનસાંપ્રદાયિક જ્ઞાન. ધાર્મિક જ્ઞાન દૈવી સાક્ષાત્કાર પર આધારિત છે અને બિનસાંપ્રદાયિક જ્ઞાન વૈજ્ઞાનિક શોધ પર આધારિત છે. જે વ્યક્તિ યોગ્ય વિચારક બનવા માંગે છે તેણે આ બંને પ્રકારનું જ્ઞાન મેળવવું જોઈએ. આ બે પ્રકારો સિવાય અન્ય તમામ જ્ઞાન અનુમાનિત છે પણ અધિકૃત નથી.

ઉપરોક્ત બે પ્રકારના જ્ઞાન એકબીજાથી સંપૂર્ણપણે અલગ નથી. હકીકતમાં તેઓ એકબીજાના પૂરક છે. પ્રગટ જ્ઞાન વૈજ્ઞાનિક જ્ઞાનને ન્યાયી ઠેરવે છે અને વૈજ્ઞાનિક જ્ઞાન પ્રગટ જ્ઞાનની પુષ્ટિ કરે છે. અને બૌદ્ધિક વિકાસ માટે બંને જરૂરી છે.

**આપણે આ પુસ્તકનો સંપૂર્ણ પ્રામાણિકતા સાથે અભ્યાસ કરવો જોઈએ, જેથી આપણે સર્જનના મૂળભૂત સિદ્ધાંતો, માનવ પ્રવૃત્તિઓની વાસ્તવિક દિશા અને માનવજાત માટે યોગ્ય ધ્યેય શીખી શકીએ.**

એવું કહી શકાય કે પ્રગટ જ્ઞાન એ મૂળભૂત તથ્યોનું અંગ  છે, જ્યારે વૈજ્ઞાનિક જ્ઞાન તેમના વિશે વધુ વિગતવાર જાણકારી છે. જો પ્રગટ જ્ઞાન તેના મૂળ સ્વરૂપમાં સચવાય અને વૈજ્ઞાનિક જ્ઞાનનો અભ્યાસ સંપૂર્ણ વૈજ્ઞાનિક તપાસની પદ્ધતિને અનુસરીને કરવામાં આવે તો, કોઈ પણ મુદ્દા પર તેઓ એકબીજા સાથે વિરોધાભાસી સાબિત થાય એવું શકય નથી.

કુરાનના ઉપરોક્ત શ્લોક અભ્યાસના યોગ્ય માર્ગ તરફ નિર્દેશ કરે છે. પ્રથમ, આપણે પ્રગટ પુસ્તક વાંચવું પડશે. આપણે આ ગ્રંથનો સંપૂર્ણ પ્રામાણિકતા સાથે અભ્યાસ કરવો જોઈએ, જેથી આપણે સર્જનના મૂળભૂત સિદ્ધાંતો, માનવ પ્રવૃત્તિઓની વાસ્તવિક દિશા અને માનવજાત માટે યોગ્ય ધ્યેય શીખી શકીએ.

ત્યારબાદ  આપણે વૈજ્ઞાનિક જ્ઞાનનો સહાયક પરિબળ તરીકે ઉપયોગ કરવો પડશે. વાસ્તવમાં, વિજ્ઞાન એ સર્જનનો શબ્દકોશ છે અને આ શબ્દકોશ એ સર્જનહાર એટલે કે સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા મોકલવામાં આવેલ પુસ્તકને સમજવામાં ખૂબ જ મદદરૂપ છે. તેથી, યોગ્ય જ્ઞાન મેળવવા માટે બંને સમાન રીતે મહત્વપૂર્ણ છે.

જો તમે બાબતોનો નિરપેક્ષપણે અને ખોજની ભાવનાથી અભ્યાસ કરશો, તો તમે જોશો કે જ્ઞાનના આ બંને સ્ત્રોતો વચ્ચે કોઈ તફાવત નથી. સત્યની ખોજમાં બંને સમાન રીતે અસરકારક છે.

# * બૌદ્ધિક ભાગીદાર *

ઈસ્લામિક ઉપદેશ અનુસાર, સ્ત્રીઓ અને પુરુષો બંને સમાન દરજ્જો ધરાવે છે. હકીકતમાં, સ્ત્રીઓ અને પુરુષો એક એકમના બે સમાન ભાગો છે. બંને એકબીજાના બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક ભાગીદાર છે. અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં, કુરાન આ સિદ્ધાંત પર ભાર મૂકે છે.

સંબંધિત કુરાનનો શ્લોક નીચે મુજબ છે;

**તેમના પ્રભુએ તેમની પ્રાર્થના સ્વીકારી અને કહ્યું, 'હું તમારામાંના કોઈ પુરુષ કે સ્ત્રીને તેમના કર્મના વળતરનો ઈનકાર કરીશ નહીં. તમે એકબીજાથી છો.' (૩:૧૯૫)**

'એકબીજાથી' નો અર્થ એ નથી કે બંને દરેક બાબતમાં એક જ છે. તેનો અર્થ એ પણ નથી કે બંને એકબીજાના સમકક્ષ છે. તેનો અર્થ એ છે કે બંનેને એવી રીતે બનાવવામાં આવ્યા છે કે તેઓ એકબીજા માટે પૂરક ભૂમિકા ભજવી શકે. તેથી, બંને એકબીજાના સમકક્ષોને બદલે એકબીજાના પૂરક ભાગીદારો છે.

એક કહેવત છેઃ 'જો બધા એકસરખું વિચારે, તો કોઈ બહુ વિચારતું નથી.' તેથી, સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે એકરૂપતા માનવજાત માટે કયારેય સારી ન હોઈ શકે. સ્ત્રી કે પુરુષની રચના એકરૂપતા પર નહીં પણ તફાવત પર આધારિત છે. આ કારણે, દરેક વ્યક્તિ અન્ય વ્યક્તિ માટે ઉપયોગી ભાગીદાર બનવા માટે સક્ષમ છે.

દૈવી યોજના અનુસાર, સ્ત્રી અને પુરુષ પરસ્પર સમર્થનના સિદ્ધાંત પર બનાવવામાં આવ્યા છે. બંને એકબીજાના બૌદ્ધિક ભાગીદારો છે; બંને તેમના ભાગીદારોના વિચારો અને અનુભવો બાબતે ચર્ચા અને વિનિમય કરી શકે છે. દૈવી યોજના અનુસાર, લગ્ન એ આવા બે ભાગીદારોનો સમૂહ છે.

સ્ત્રી અને પુરુષ બે પૈડાં જેવા છે. એક ગાડું બે પૈડાં પર ચાલે છે. માનવ જીવનનો કિસ્સો પણ આવો જ છેઃ માનવ જીવનને પણ સરળતાથી ચાલવા માટે બે પૈડાંની જરૂર હોય છે અને લગ્ન પછી સ્ત્રી અને પુરુષ તે બે પૈડાં પૂરા પાડે છે. પૈડાં ગાડાની જુદી જુદી બાજુઓ પર હોઈ શકે છે પરંતુ તે બંને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને બંને સંપૂર્ણપણે સમાન છે. બંને વચ્ચે કોઈ અસમાનતા નથી.

જીવન, જીવવા-યોગ્ય બનવા માટે; શિક્ષણ, જીવનના નૈતિક સિદ્ધાંતોની સમજ અને તેમને જાળવી રાખવાની શુભેચ્છા જેવી સંખ્યાબંધ મહત્વપૂર્ણ સામગ્રીઓની જરૂરત હોય છે. જે સ્ત્રી-પુરુષો શિક્ષિત છે અને જેઓ ઘરની શિસ્તમાં તાલીમબદ્ધ છે તેઓ પોતપોતાની ભૂમિકા વધુ સારી રીતે ભજવી શકે છે. શિક્ષણ બંનેને યોગ્ય ભાગીદાર તરીકે સેવા આપવા માટે સજ્જ કરે છે.

ઘર એ સમાજનું એક એકમ છે અને સમાજ એ વિવિધ ઘરોનું સંયોજન છે. કુરાનના ઉપદેશો અનુસાર, દરેક ઘરે નાગરિકત્વની જવાબદારીઓ માટે તાલીમ કેન્દ્ર તરીકે સેવા આપવી જોઈએ અને દરેક ઘરે સમાજને વધુ સારા સભ્યો પૂરા પાડવા જોઈએ. ઘર, હકીકતમાં, એક શાળા છે અને પતિ અને પત્નીઓ તે શાળામાં શિક્ષકો છે. સારા શિક્ષકો તરીકે તેઓ સ્વસ્થ ઘરો બનાવે છે અને આ મહેનત, પરિણામ સ્વરૂપે એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરે છે. આ અર્થમાં પતિ અને પત્ની સમાજના ઘડવૈયાઓ છે. ખરેખર તો તેઓ રાષ્ટ્રના નિર્માતા છે.

**જીવન, જીવવા-યોગ્ય બનવા માટે; શિક્ષણ, જીવનના નૈતિક સિદ્ધાંતોની સમજ અને તેમને જાળવી રાખવાની ઈચ્છા જેવી સંખ્યાબંધ મહત્વપૂર્ણ સામગ્રીઓની જરૂરત છે**

એ હકીકત છે કે સ્ત્રી અને પુરૂષ બંને સ્વભાવે અલગ-અલગ હોય છે, પરંતુ જો બંને તફાવત સંચાલનની કળા શીખે તો આ તફાવત પોતપોતાની ભૂમિકાઓ માટે સારી છે. આ આદત તેમનો સમય બચાવશે અને તેમને યોગ્ય ધ્યેયથી વિચલિત થવાથી અટકાવશે. ત્યારબાદ તેઓ ઘરેલું અને સામાજિક જીવનમાં તેમની ભૂમિકા વધુ સારી રીતે ભજવી શકશે.

કુદરતે તેમને બૌદ્ધિક પ્રગતિ, આધ્યાત્મિક વિકાસ અને સમાજમાં શાંતિ સ્થાપવામાં મદદ કરવા જેવા વિવિધ કાર્યક્ષેત્રો પ્રદાન કર્યા છે. આ સ્ત્રી અને પુરુષ બંનેની સાચી ભૂમિકા છે. તદુપરાંત, સફળ લગ્ન માટે આ એકમાત્ર માપદંડ છે.

## * એક અનુમાનિત ચરિત્ર *

કુરાન અનુસાર, સાચો આસ્તિક તે છે જેનું ચરિત્ર અનુમાનિત છે. અધ્યાય અલ-બકરાહ (વાછરી) માં કુરાન કહે છે;

**બધી નેકી પૂર્વ અને પશ્ચિમ તરફ મોઢું કરવામાં જ નથી, પરંતુ હકીકતમાં સારો માણસ તે છે જે અલ્લાહ પર, કયામતના દિવસ પર, દેવદૂતો પર, અલ્લાહની કિતાબો પર અને નબીઓ પર ઈમાન રાખવાવાળો છે, જે માલથી મોહબ્બત હોવા છતાં સંબંધીઓ, અનાથો, ગરીબો, મુસાફરો અને ભિખારીઓને આપે, કેદીઓને છોડાવે, નમાઝની પાબંદી કરે, દાન-કર આપે, જ્યારે વચન આપે તો તેને પુરું કરે, માલની કમી, દુઃખ દર્દ અને લડાઈના સમયે ધૈર્ય રાખે, આ જ સાચા લોકો છે અને આ જ પરહેઝગાર (ગુનાહોથી બચનાર) છે. (૨:૧૭૭)**

કુરાનનો આ શ્લોક આપણને જણાવે છે કે સાચા આસ્તિકમાં કેવા નૈતિક ગુણો હોય છે. આ ગુણોનો સારાંશ એ છે કે તે અનુમાનિત પાત્ર છે. દરેક પરિસ્થિતિમાં, તમે નિશ્ચિતપણે ભરોસો કરી શકો છો કે તે આ કરશે અને આ નહીં કરે.

દાખલા તરીકે, જો તે તમારી સાથેના વ્યવહાર દરમિયાન તમને કંઈક વચન આપે છે, તો તમે ખાતરી અનુભવી શકો છો કે તે તેનું વચન તોડશે નહીં. તે ચોક્કસપણે તેનું વચન પૂરું કરશે. જો તમે તેના પડોશમાં છો, તો તમે નિશ્ચિતપણે માની શકો છો કે તે તમારા માટે કોઈ સમસ્યા ઊભી કરશે નહીં.

ચરિત્રમાં અનુમાનિત હોવું એ સાચા માનવીનું શ્રેષ્ઠ વર્ણન છે. માણસ એક સામાજિક પ્રાણી છેઃ તે સમાજમાં રહે છે અને જ્યારે પણ તે અન્ય લોકો સાથે હોય છે ત્યારે તેણે શ્રેષ્ઠ માનવીય લક્ષણો દર્શાવવા જોઈએ, જેમાંનું સૌથી મહત્વપૂર્ણ લક્ષણ અનુમાનિત હોવું છે. તેણે હંમેશા પોતાના ચરિત્ર વિશેની અપેક્ષાઓ પૂર્ણ કરવી જોઈએ અને તેની વાણી અને વર્તન અંગે અન્યની વ્યાજબી અપેક્ષાઓ પર ખરા ઉતરવું જોઈએ. તેનો વ્યવહાર હંમેશા ન્યાયી અને સ્વીકૃત સામાજિક ધોરણો અનુસાર હોવો જોઈએ.

તમારા વ્યક્તિત્વની વધુ સારી છબી રજૂ કરવા ઉપરાંત અનુમાનિતના ઘણા ફાયદાઓ છે. તે તમામ પ્રકારના સામાજિક કલ્યાણનો સ્ત્રોત છે.

ચરિત્રની અનુમાનિત હોવાની ગુણવત્તા સમાજમાં ઉચ્ચ મૂલ્યોને પ્રોત્સાહન આપે છે, જેમકે પરસ્પર વિશ્વાસ, તથા તે નફરત, અસહિષ્ણુતા અને બેપરવાઈ જેવી તમામ પ્રકારની નકારાત્મક લાગણીઓને દૂર કરે છે. વધુમાં, તે ફરિયાદ, વિરોધ અથવા ઘર્ષણના કોઈપણ પ્રસંગને ટાળે છે અને બિનજરૂરી ગેરસમજ વગેરે અટકાવે છે.

બધા સારા મશીનો અનુમાનિત છે, પરંતુ માણસ અને મશીનમાં તફાવત છે. મશીન એ એક નિર્જીવ મિકેનિઝમ છે, જે ટેકનોલોજી દ્વારા ઘડાયેલું ઉત્પાદન છે, પરંતુ માણસનું અનુમાનિત ચરિત્ર એ તેની બૌદ્ધિક જાગૃતિ, તેની લાગણીઓને કાબૂમાં રાખવાની તેની ક્ષમતા અને તેના ન્યાયી વર્તનનું વારંવાર નિદર્શનનું પરિણામ છે. એક તરફ, તે વ્યક્તિને પોતાને માનસિક શાંતિ આપે છે અને બીજી તરફ તે સમાજમાં શાંતિપૂર્ણ વાતાવરણને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.

અનુમાનિત પાત્ર એટલે સ્વ-શિસ્તબદ્ધ પાત્ર; તે એક નિશાની છે કે જે વ્યક્તિ આ પ્રકારનું વર્તન દર્શાવે છે તે ઊંચા કદનો માણસ છે. તેની પાસે તેના અભિગમમાં વાસ્તવિક હોવાનો પ્રશંસનીય ગુણ છે. તે સકારાત્મક વિચારક છે અને તમામ પ્રકારના નકારાત્મક વિચારોથી મુક્ત છે. અનુમાનિત ચરિત્રના માણસો જ સારા સમાજનું નિર્માણ કરી શકે છે. આનો કોઈ વિકલ્પ નથી.

સમગ્ર પ્રકૃતિ સંપૂર્ણપણે અનુમાનિત છે. કુદરત એવા જ સ્ત્રી-પુરુષોને સ્વીકારશે જેઓ કુદરતના અન્ય ભાગોની જેમ અનુમાનિત સાબિત થાય.

## * રાજનૈતિક જીત કરતાં વિશેષ *

લોકોને સામાન્ય રીતે રાજકારણનું વળગણ હોય છે. તેઓ માને છે કે તેમનું પ્રદેશ હસ્તગત કરવું અને તેના પર રાજકીય શાસન સ્થાપિત કરવું એ જ સૌથી મોટી સફળતા છે. પરંતુ, કુરાન અનુસાર, શાંતિને સ્થાપિત કરવું એ સર્વોચ્ચ શ્રેય છે. રાજકીય વિજય તેના કાર્યક્ષેત્રમાં મર્યાદિત છે, જ્યારે કે શાંતિનો વિસ્તાર અમર્યાદિત છે. તેથી રાજકીય શાસન કરતાં શાંતિ વધારે મહત્વપૂર્ણ છે.

અલ-ફતહ (વિજય) પ્રકરણમાં, કુરાન હુદયબિયાહ કરારનો ઉલ્લેખ કરે છે - એક શાંતિ-કરાર જે પયગંબર સાહેબ અને તેમના વિરોધીઓ વચ્ચે થયો હતો, જેને હિજરી કેલેન્ડરના છઠ્ઠા વર્ષમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. કુરાન તેનો ઉલ્લેખ **'સ્પષ્ટ વિજય'** તરીકે કરે છે (૪૮:૧) - એક એવી જીત કે જેમાં કોઈ શંકાને સ્થાન નથી.

**રાજકીય શાસન ફક્ત શાસકો માટે સારું છે અને જેમના પર શાસન થાય છે તેમના માટે ખરાબ છે. તેનાથી વિપરીત, શાંતિનું એવું કોઈ નકારાત્મક પાસું નથી.**

ત્યારબાદ અલ-નસ્ર (મદદ) પ્રકરણમાં, કુરાન હિજરી કેલેન્ડરના આઠમાં વર્ષમાં મક્કા પર રાજકીય વિજયનો ઉલ્લેખ કરે છે. અહીં કુરાન ફતહ (વિજય) શબ્દનો ઉપયોગ કરે છે. પરિભાષાનો આ તફાવત સાબિત કરે છે કે, કુરાન અનુસાર, રાજકીય વિજય એ ફક્ત ચોક્કસ વિસ્તારના નિયંત્રણમાં વિરોધીઓ પરનું અધિક્રમણ છે, જ્યારે શાંતિ સ્થાપિત કરવી - એ 'સ્પષ્ટ વિજય' - એટલે કે ખરેખરની મોટી જીત છે. આનો મતલબ એ કે રાજનૈતિક જીત કરતાં શાંતિની સ્થાપના વધુ મહત્વ ધરાવે છે.

આ તફાવત શા માટે છે? કારણ એ છે કે રાજકીય વિજય તમને એક જ વસ્તુ આપે છેઃ જમીનના ટુકડા પર વહીવટી નિયંત્રણ. પરંતુ શાંતિમાં તેના કરતાં ઘણી મોટી ક્ષમતા છે.

શાંતિ બહુવિધ તકોના દ્વાર ખોલે છે અને, તે તકોનો લાભ લઈને, તમે રાજકીય શાસન સહિત તમામ પ્રકારની સફળતા પ્રાપ્ત કરી શકો છો.

ઈસ્લામનો પ્રારંભિક ઈતિહાસ આ હકીકતનો સ્પષ્ટ પુરાવો છે. હુદયબિયાહના શાંતિ-કરાર પર હસ્તાક્ષર થયા તે પહેલાં, ઈસ્લામ એક આંધળી ગલીમાં ફસાઈ ગયો હોય તેવું લાગતું હતું. પરંતુ હુદયબિયાહ કરાર પછી, ઈસ્લામના પયગંબર અને તેમના સાથીઓએ તે તમામ તકોનો લાભ લેવાનો પ્રયાસ કર્યો જે તેમના માટે ઉપલબ્ધ હતી અને પછીના બે જ વર્ષમાં, ઈસ્લામ સમગ્ર અરબી દ્વીપકલ્પમાં ફેલાયો હતો.

આ સિદ્ધાંત તમામ માનવ-જીવનને આવરી લે છે - કૌટુંબિક જીવન, સામાજિક જીવન, તેમજ આંતરરાષ્ટ્રીય જીવન; દરેક જગ્યાએ તમે આ મૂખ્ય સૂત્રનો ચમત્કાર જોઈ શકો છો. આખો ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે રાજકીય વિજય દ્વારા અર્થપૂર્ણ લક્ષ્ય કોઈપણ હાંસલ કરી શકયું નથી. તેનાથી વિપરીત, તમામ મહાન સિદ્ધિઓ શાંતિપૂર્ણ પ્રવૃત્તિઓનું પરિણામ છે.

રાજકીય શાસનના ઘણા નકારાત્મક પાસાઓ છે. તે પ્રતિક્રિયા, ઈર્ષ્યા, દુશ્મની, લડાઈ અને આખરે યુદ્ધ તરફ દોરી જાય છે. રાજનૈતિક શાસનનો અર્થ છે અન્યો પર પોતાનું વર્ચસ્વ જમાવવું, તેથી દરેક રાજકીય શાસન છેવટે તો, કયારેક હૃદયમાં તો કયારેક યુદ્ધના મેદાનમાં, કાયમી દુશ્મનાવટમાં જ પરિણમે છે.

રાજકીય શાસન ફક્ત શાસકો માટે સારું અને જેમના પર શાસન થાય છે તેમના માટે ખરાબ હોઈ શકે. તેનાથી વિપરીત, શાંતિનું એવું કોઈ નકારાત્મક પાસું નથી. શાંતિ સંતુલન બનાવે છે; શાંતિ તંદુરસ્ત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે, શાંતિ મિત્રતાની

સંસ્કૃતિમાં પરિણમે છે. શાંતિના વાતાવરણમાં, સમાજના તમામ સભ્યોને લાગે છે કે તેઓ સમાનતાની સ્થિતિમાં જીવી રહ્યા છે. બધા સ્ત્રી-પુરુષો મોટા પરિવારના સમાન સભ્યો છે.

રાજકીય શાસન હેઠળ જીવતા લોકોને લાગે છે કે તેઓ કોઈ વ્યક્તિ કે જૂથ હેઠળ જીવી રહ્યા છે. તેઓ વિષય-વસ્તુઓ જેવા છે. પરંતુ જેઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં જીવે છે તેઓ સભાનપણે અથવા અભાનપણે અનુભવે છે કે તેઓ પ્રકૃતિના સાર્વત્રિક નિયમો હેઠળ જીવી રહ્યા છે. કોઈ ચડિયાતું કે ઊતરતું નથી. આવા વાતાવરણમાં દરેક વ્યક્તિનું ગૌરવ સ્વીકારવામાં અને જાળવવામાં આવે છે.

## * શ્રદ્ધા એક ખોજ છે. *

કુરાનના અધ્યાય અલ-માએદાહ (ખાવાનો થાળ) માં, એક જૂથ (જેઓ પયગંબર સાહેબ પાસે આવ્યા અને તેમને પયગંબર તરીકે સ્વીકાર્યા) વિશે વાર્તા કહેવામાં આવી છે;

**જ્યારે તેમણે એ સાંભળ્યું જે પયગંબર પર મોકલવામાં આવ્યું હતું, ત્યારે તમે તેમની આંખો આંસુઓથી છલકાતી જોઈ, કારણ કે તેઓને સત્ય સમજાયું હતું. તેઓએ કહ્યું, 'અમારા પ્રભુ, અમે ઈમાન (શ્રદ્ધા) લાવ્યા, તેથી અમને સાક્ષી આપનારાઓમાં ગણો.' (૫:૮૩)**

આ શ્લોક અનુસાર, આ લોકોએ પયગંબર સાહેબની શ્રદ્ધા સ્વીકારી. પરંતુ તેમની સ્વીકૃતિ સામાન્ય પ્રકારની ન હતીઃ તે મારેફત એટલે કે સત્યની અનુભૂતિનું પરિણામ હતું.

અનુભૂતિ અથવા ખોજ શું છે? તે ઊંડા ચિંતનનું પરિણામ છે. જ્યારે કોઈ વ્યક્તિ પ્રકૃતિ પર વિચાર કરે છે અને પોતાના વિશે વિચારે છે, ત્યારે તેને ખબર પડે છે કે આ સર્જન પાછળ એક મહાન હસ્તી છે. તેનો અભ્યાસ, તેનું અવલોકન અને ચિંતન, આ બધું તેને એ સત્ય માનવા તરફ દોરી જાય છે કે આ એક મહાન વાસ્તવિકતા છે. આ અનુભૂતિ પછી, તેને ખ્યાલ આવી જાય છે કે તેની પાસે ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. અને પછી એ પણ ખ્યાલ આવે છે એ ઈશ્વર એક જ છે, બીજો કોઈ નથી.

આ સ્વીકૃતિ અનિવાર્યપણે ઈશ્વર સમક્ષ શરણાગતિને અનુસરે છે. જે વ્યક્તિ આ સ્વીકૃતિ અપનાવે છે તે માત્ર સત્યને સ્વીકારતો નથી પરંતુ તે ઈશ્વરનો ઉપાસક અને

ઈશ્વરના માર્ગદર્શનનો અનુયાયી બને છે. તેની વિચારસરણી, તેની વાણી, વર્તન બધું જ ઈશ્વરના રંગમાં રંગાય જાય છે. તે ઈશ્વરલક્ષી જીવન અપનાવે છે. આ શ્રદ્ધા અથવા ઈમાન વ્યક્તિના વિચારમાં ક્રાંતિ લાવે છે. તે વ્યક્તિના જીવનમાં વિશાળ પરિવર્તન લાવે છે.

શ્રદ્ધા અથવા ઈમાન એ એક બીજ જેવું છે. બીજ એ વિકાસ પામતી જતી વસ્તુ છે. મૂળ, થડ, ડાળીઓ, પાંદડા, ફૂલો અને ફળો સાથે તે એક મોટું વૃક્ષ બને ત્યાં સુધી વિકાસ પામે છે અને વિકસતું જ રહે છે. બીજના આ બધા ભાગો સંભવિત અવસ્થામાં હોય છે. જ્યારે કે સંપૂર્ણ વૃક્ષ એ બીજની આ પ્રચ્છન્ન શક્તિનું વાસ્તવિકકરણ છે.

શ્રદ્ધા કે ઈમાનનું પણ એવું જ છે. શ્રદ્ધા એક આધ્યાત્મિક બીજ છે. જ્યારે વ્યકિતત્વમાં આ બીજ રોપવામાં આવે છે, ત્યારે તે વિકસવા લાગે છે. આ આધ્યાત્મિક બીજમાં બધું જ છે, પરંતુ બધું સંભવિત સ્વરૂપમાં છે. જ્યારે તે કોઈના મનમાં તેનું સ્થાન મેળવે છે, ત્યારે એ બધું જે દૈવી ધર્મનો ભાગ છે એમ પ્રગટ થઈને વિકસવા લાગે છે. જ્યાં સુધી વ્યક્તિ સંપૂર્ણ અર્થમાં દૈવી વ્યક્તિ ન બને ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહે છે.

**શ્રદ્ધા અથવા ઈમાન વ્યક્તિના વિચારમાં ક્રાંતિ લાવે છે.**
**તે વ્યક્તિના જીવનમાં વિશાળ પરિવર્તન લાવે છે.**

શ્રદ્ધા કે ઈમાન ક્ષમતાથી ભરપૂર હોવા છતાં, તે વૃક્ષના બીજની જેમ આપમેળે વધતું નથી. તેના માટે ખૂબ જ પ્રયત્નો અને મહેનત કરવી પડે છે અને જે કોઈ પણ વ્યકિત પોતાનું વ્યક્તિત્વ વિકસાવવા માંગે છે તેણે વૈચારિક તપશ્ચર્યા શરૂ કરી દેવી જોઈએ. આ વિના, કોઈ પણ વ્યક્તિ દૈવી ધર્મના સંપૂર્ણ વૃક્ષ તરીકે ઉગી શકે નહીં.

વૈચારિક તપશ્ચર્યાનો અર્થ છે કે દૈવી સાહિત્યના અભ્યાસ દ્વારા ચિંતન, આત્મનિરીક્ષણ, અવલોકન અને વિવિધ પ્રકારના અનુભવોમાંથી બોધપાઠ લેવાની ક્ષમતા વિકસાવવી. આ બધી પ્રક્રિયાઓ આધ્યાત્મિક વિકાસના માર્ગો છે અને જ્યારે વ્યક્તિ આ અભ્યાસને અનુસરે છે ત્યારે તે ચોક્કસપણે તેની મંજિલ સુધી પહોંચી જાય છે. વૃક્ષની વૃદ્ધિ ભૌતિકશાસ્ત્રના બાહ્ય નિયમો દ્વારા નિયંત્રિત થાય છે, પરંતુ દૈવી વ્યક્તિત્વની વૃદ્ધિ એ સ્વ-નિયંત્રિત ઘટના છે.

# * નિયતિ અને સ્વતંત્રતા *

કુરાન એ અવધારણા રજૂ કરે છે કે સર્વશક્તિમાન ઈશ્વર બ્રહ્માંડના માલિક છે; તે સમગ્ર જગતના પાલનહાર અને નિયંત્રક છે. **માણસ અલ્લાહની મરજી વિના કંઈ કરી શકતો નથી (૭૬:૩૦).**

કુરાનની આ કલમ સર્વશક્તિમાન ઈશ્વરની સર્વોચ્ચતા પર ભાર મૂકે છે, પરંતુ આનો અર્થ એ નથી કે આ દુનિયામાં બધું જ પૂર્વનિર્ધારિત છે અને માણસ પાસે પોતાની કોઈ મરજી નથી.

દરેક વ્યક્તિ સ્વતંત્રતા ભોગવે છે અને તેની સ્વતંત્રતા સાથે જીવે છે. વ્યક્તિએ પોતે શું કરવું અને શું ન કરવું એ નક્કી કરવું એ જ કોઈ મજબૂરી ન હોવાનો પુરાવો છે; દરેક વ્યક્તિ તેની ઈચ્છા મુજબ વર્તે છે. પોતાના અનુભવના પ્રકાશમાં, વ્યક્તિ પોતાની જાતને મુક્ત વ્યક્તિ તરીકે અનુભવે છે. માનવી, હકીકતમાં, સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે, પરંતુ આ સ્વતંત્રતા તેમની સ્વતંત્રતાની સૂઝની બાબત છે. તે દરેક વ્યક્તિની પોતાની અનુભૂતિ અથવા અનુભવ છે કે તે અથવા તેણી કોઈ મજબૂરી અથવા પ્રતિબંધો હેઠળ જીવી રહ્યા નથી.

તો પછી માણસ અને ઈશ્વર વચ્ચે શું સમીકરણ છે? આ વિશ્વમાં દરેક વસ્તુ ઈશ્વર દ્વારા બનાવવામાં આવી છે, અને જો માણસ કંઈપણ કરવા માંગે તો તેને જીવન સહાયક પ્રણાલીના ઘણા અથવા તો બધા જ ઘટકોની જરૂર પડે છે, જેમ કે સૂર્યપ્રકાશ, પાણી, હવા, ખનિજો, ઓકિસજન વગેરે. આ બધી વસ્તુઓ ધરતીના આધાર-માળખાનો એક ભાગ છે. અને આ માળખું ઈશ્વરના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. તેથી, જ્યારે મરજીની સ્વતંત્રતા એ માણસનો વિશેષાધિકાર છે, તો તેના માટે જરૂરી માળખું ઈશ્વર દ્વારા પ્રદાન કરવામાં આવ્યું છે.

તેથી, તે ફિફ્ટી-ફિફ્ટી જેવી પરિસ્થિતિ છે. માણસને વિચારવાનો કે યોજના ઘડવાનો પૂરો અધિકાર છે પરંતુ, જ્યારે તે પોતાના આયોજનને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેની પાસે દૈવી માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. સ્વતંત્ર ઈચ્છાના સંદર્ભમાં, તે સંપૂર્ણ સ્વતંત્રતાનો આનંદ માણે છે, પરંતુ માળખાકીય સુવિધાઓની દ્રષ્ટિએ, તે સંપૂર્ણપણે ઈશ્વરની આજ્ઞા હેઠળ છે.

મુસ્લિમ વિદ્વાનોની ત્રણ શ્રેણીઓ છે, જેમાંથી દરેક આ વિષય પર અલગ-અલગ રીતે વિચારે છે - કાદરિયાહ, જબરિયાહ અને વસાતીયાહ. વસાતીયાહ વિદ્વાનો ઉપરોક્ત સમીકરણમાં માને છે, એટલે કે ઈરાદા અને આયોજનની દૃષ્ટિએ માણસ સંપૂર્ણપણે સ્વતંત્ર છે, પરંતુ અમલીકરણ કે વાસ્તવિકતાની દૃષ્ટિએ માણસને કોઈ સ્વતંત્રતા નથી. તે ઈશ્વર પાસેથી ટેકો મેળવવા માટે મજબૂર છે.

કુરાન અનુસાર, માણસ ઈશ્વર સમક્ષ જવાબદાર છે. મતલબ કે આ જવાબદારી તેના ઈરાદા અથવા સ્વતંત્ર ઈચ્છા સુધી સીમિત છે. તેનું ઈનામ કે સજા તેના ઈરાદા અને સ્વતંત્ર ઈચ્છાનો સાચો કે ખોટો ઉપયોગને અનુરૂપ હશે.

ઉપરોક્ત સમીકરણ સંપૂર્ણપણે તર્કસંગત છે. માણસ સંપૂર્ણ અર્થમાં સ્વતંત્ર-ઈચ્છાનો આનંદ માણે છે, પરંતુ તેની પાસે જીવન-સહાયક પ્રણાલી અથવા તેની યોજનાઓના અમલ માટે જરૂરી અન્ય કોઈપણ વસ્તુઓ જેવું માળખું બનાવવાની શક્તિ નથી. તેથી, સર્વશક્તિમાન ઈશ્વરે તેને તે બધું પ્રદાન કર્યું છે જે એક સારા માળખા તરીકે જરૂરી છે. માણસને આ માળખાનો ઉપયોગ કરવા માટે તેની સ્વતંત્ર ઈચ્છાનો ઉપયોગ કરવાની સંપૂર્ણ છૂટ છે અને, આમ કરવાથી, કોઈપણ પ્રતિબંધનો અનુભવ કરતો નથી.

માણસની દરેક ક્રિયાઓ ઈશ્વરના દૂતો દ્વારા નોંધવામાં આવે છે અને આ નોંધ મુજબ, વ્યક્તિને ન્યાયના દિવસે પુરસ્કાર અથવા સજા આપવામાં આવશે. માણસની જવાબદારીના સંદર્ભમાં, આ જ ફક્ત એક માપદંડ લાગુ થશે કેઃ શું માણસે તેની સ્વતંત્રતાનો યોગ્ય રીતે ઉપયોગ કર્યો કે પછી તેણે તેની સ્વતંત્રતાનો દુરુપયોગ કર્યો.

## * શંકામાં ના જીવો *

કુરાનમાં આપવામાં આવેલી દિવ્ય આજ્ઞાઓમાંની એક આજ્ઞા શંકાથી દૂર રહેવાની છે. અલ-હુજુરાત (એપાર્ટમેન્ટ) પ્રકરણમાં, કુરાન મહત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે;

**ઓ શ્રદ્ધાળુઓ, વધુ પડતી શંકા ટાળો.**
**ખરેખર, કેટલીક શંકાઓ પાપ છે. (૪૯:૧૨)**

શંકા કરવી મતલબ કે કોઈ પણ ઠોસ પુરાવા વગર કંઈકને ખરાબ માનવું. શંકાને આદત બનવા દેવાથી કોઈપણ સમાજ પર વિનાશક અસર થઈ શકે છે. નૈતિક દ્રષ્ટિએ, શંકા એ પાપ છે અને કાયદાકીય દ્રષ્ટિએ તે ગુનો છે. બંને કિસ્સાઓમાં, તેને સંપૂર્ણપણે ટાળવું જોઈએ.

**શંકા કરવાની ટેવ ધૂમ્રપાન જેવી છે. તે ફક્ત આ ખરાબ આદત ધરાવનાર વ્યક્તિના સ્વાસ્થ્યને તો બગાડતી જ નથી, પરંતુ તે સમગ્ર સામાજિક વાતાવરણને પણ પ્રદૂષિત કરે છે.**

પયગંબર સાહેબે એકવાર કહ્યું હતુંઃ "તમારા સાથી માણસો પર શંકા ન કરો. શંકા એ જૂઠાણા સમાન છે." જ્યારે તમને કોઈ અન્ય વ્યક્તિ પર કોઈ ગેરરીતિની શંકા હોય અને તમારી પાસે તમારી શંકાના સમર્થનમાં કોઈ ચોક્કસ પુરાવા ન હોય, તો તમે ખોટું કરી રહ્યા છો. બીજા શબ્દોમાં કહીએ તો, તમે જૂઠું બોલી રહ્યા છો.

કહેવાય છે કે માણસ એ સામાજિક પ્રાણી છે. આ વિશ્વમાં માનવજાત માટે સામૂહિક જીવન જરૂરી છે. અને સામૂહિક જીવન હંમેશા પરસ્પર વિશ્વાસ પર આધારિત છે. પરસ્પર વિશ્વાસ વિના કોઈ સ્વસ્થ સમાજની સ્થાપના થઈ શકતી નથી. જે સમાજમાં લોકો ગેરસમજને આધીન  હોય અને દરેક વ્યક્તિ બીજા દરેક પ્રત્યે શંકા કરતી હોય, ત્યાં પરસ્પર વિશ્વાસ સધાઈ શકે નહીં.

શંકા કરવાની ટેવ ધૂમ્રપાન જેવી છે. તે ફક્ત  આવી ખરાબ આદત ધરાવનાર વ્યક્તિના સ્વાસ્થ્યને જ બગાડતી નથી, પરંતુ તે સમગ્ર સામાજિક વાતાવરણને પણ પ્રદૂષિત કરે છે. શંકા એ નૈતિક પ્રદૂષણની જેમ જ છે. જેમ વાયુ પ્રદૂષણ દરેક માટે હાનિકારક છે તેમ આ પ્રકારનું નૈતિક પ્રદૂષણ પણ દરેક માટે હાનિકારક જ છે. તે હકીકતમાં આધ્યાત્મિક પ્રદૂષણ જેવું છે.

સમાજમાં રહેતા તમામ લોકો જ્યાં તેના મોટાભાગના સભ્યો શંકાસ્પદ માનસિકતાના હોય, ત્યાં તેઓ નૈતિક રીતે આવા વાતાવરણની પ્રદૂષિત હવા શ્વાસમાં લેવા માટે મજબૂર બને છે. પછી, દરેક વ્યક્તિ નૈતિકતાની દ્રષ્ટિએ ખરાબ સ્વાસ્થ્યથી પીડાય છે. આમ, શંકા એક વ્યક્તિગત નહી પરંતુ એક સામાજિક અનિષ્ટ છે.

આવા સમાજમાં, દરેક વ્યક્તિ અણધારી બની જાય છે, જેના કારણે પરસ્પર વિશ્વાસ અદૃશ્ય થઈ જાય છે. અને પરસ્પર વિશ્વાસની ગેરહાજરી અન્ય ઘણી સમસ્યાઓ તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે, આવા સમાજમાં, કોઈ અન્ય વ્યક્તિને ટેકો આપવાની હિંમત કરશે નહીં અને પછી મિત્રતાની સંસ્કૃતિનો વિકાસ થઈ શકશે નહીં.

આવા સમાજમાં એકતા અને સહાનુભૂતિ રહેશે નહીં. આમ થવાથી, સમાજના સભ્યો તેમનો આત્મવિશ્વાસ ગુમાવશે અને કોઈપણ મોટા હેતુ માટેનું કાર્ય કરવાનું સાહસ કરશે નહીં. આવું એટલા માટે કે આવા કાર્યો માટે સામૂહિક પ્રયાસોની જરૂર હોય છે અને જે સમાજમાં લોકો શંકાના વાતાવરણમાં રહે છે ત્યાં સામૂહિક પ્રયાસો શક્ય નથી .

ખોટી શંકા એ એકલી  દુષ્ટતા નથી; તે અન્ય ઘણી દુષ્ટતાઓ તરફ દોરી જાય છે. શંકા એ એક ઝેરી નીંદણ જેવું છે જે નૈતિક દુષ્ટતાના જંગલમાં ઝડપથી વધે છે. શંકાનુ કોઈ હકારાત્મક પાસું નથી. બધી ગણતરીઓ પર તેના માત્ર નકારાત્મક પાસાઓ છે. કોઈપણ વ્યક્તિ કે જે તેના મનમાં સારા વિચારો કેળવવા માંગે છે તેણે કોઈપણ કિંમતે શંકા ટાળવી પડશે.

જ્યારે વ્યક્તિ શંકાની આદત વિકસાવે છે, ત્યારે તેની આ આદત ધીમે ધીમે તેનો બીજો સ્વભાવ બની જાય છે. તે દરેક વસ્તુ પર શંકા કરવા લાગે છે, તે વિશ્વાસ ગુમાવે છે અને તેને લાગે છે કે તેના સિવાય દરેક સ્ત્રી-પુરુષ શંકાસ્પદ વ્યક્તિ છે. તેને સમજ રહેતી નથી કે શંકા એ મૂંઝવણભર્યા વિચારનું પરિણામ છે અને શંકાસ્પદ સ્વભાવ પોતાના તેમજ અન્ય વ્યક્તિઓ માટે ખૂબ જોખમી છે.

શંકા એ એક પ્રકારની મૂંઝવણ છે, અને મૂંઝવણ એ મન માટે ઝેર સમાન છે. બીજાઓ વિશે અભિપ્રાય રચવા એ તદ્દન યોગ્ય છે, પરંતુ શંકાના આધારે અન્ય લોકો વિશે અભિપ્રાયો રચવા તે સંપૂર્ણપણે ખોટું છે.

## * સારા ભવિષ્ય માટે રાહ જુઓ *

ઈસ્લામના મહત્વના ઉપદેશોમાંનું એક સબર એટલે કે ધૈર્ય છે. ધૈર્ય એ બધી જ સફળતાની ચાવી છે. અધ્યાય અલ-બકરહ (વાછરી) માં, કુરાન આ કહે છે;

**ઓ શ્રદ્ધાળુઓ, ધૈર્ય અને પ્રાર્થના દ્વારા મદદ ચાહો;**
**ચોક્કસ, અલ્લાહ ધીરજ રાખનારા લોકોની સાથે છે. (૨:૧૫૩)**

સબર, અથવા ધીરજ, ન તો નિષ્ક્રિય વલણ છે કે ન તો કોઈપણ પ્રકારની નિષ્ક્રિયતા. કુરાન અનુસાર, સબ્ર અથવા ધીરજ, શ્રેષ્ઠ ક્રિયા છે. જ્યારે વસ્તુઓ તમારી પસંદ મુજબ ન હોય, ત્યારે ધીરજ રાખવી એ પરિસ્થિતિને સારી થવા માટેની રાહ જોવાની સમકક્ષ છે. જ્યારે કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ઊભી થાય છે અને તમે પ્રતિક્રિયા આપવાનું ટાળો છો, ત્યારે તમે વસ્તુઓને તેમનો કુદરતી માર્ગ અપનાવવા દો છો. તેથી ધૈર્ય એક વ્યૂહરચના જેવું છે. કોઈ તેને મુખ્ય વ્યૂહરચના પણ કહી શકે છે.

આપણા સામાજિક ક્ષેત્રમાં ઘણાં વિભિન્ન તત્વો છે, જેમાંથી ઘણાં તેમના પોતાના પ્રમાણે, સકારાત્મક પરિણામો તરફ દોરી શકે છે, તેથી  જો તમે અચાનક પગલાં લો છો, તો તમે આવા તત્વોને તમારા સમર્થનમાં આવવાનો સમય આપતા નથી. પરંતુ જ્યારે તમે તમારી ધીરજ જાળવી રાખો છો, તેનો અર્થ એ છે કે તમે તમારી સફળતામાં તમામ કુદરતી પરિબળોને યોગદાન આપવા દો છો.

ઉદાહરણ તરીકે, જો તમે તમારી જાતને રાત્રિના અંધકારમાં પામો અને તમે આ અંધકાર વિશે રડવાનું શરૂ કરી દો, તો તમે તમારી શક્તિનો નકામો વ્યય કરો છો,

કારણ કે આ પ્રકારનું રડવું કોઈ સકારાત્મક પરિણામ આપશે નહી. પરંતુ જો તમે ફક્ત રાહ જોવાની નીતિ અપનાવો, તો ખૂબ જ જલ્દી સવાર આવશે અને સમગ્ર વાતાવરણ તેજસ્વી થઈ જશે.

ધીરજ રાખવાનો અર્થ એ નથી કે કોઈ પગલાં ન લેવા. તેનો અર્થ એ છે કે તમારી વ્યૂહરચનાનું આયોજન કરવું, તમારા સંસાધનોનું મૂલ્યાંકન કરવું અને સંબંધિત કુદરતી પરિબળોને ધ્યાનમાં લેવું. આ ખરી યોજના છે.

આ વિશ્વમાં, પચાસ ટકા કાર્યનું ધ્યાન આયોજન રાખે છે, જ્યારે અન્ય પચાસ ટકા માટે કુદરતી પરિબળો તેની કાળજી લે છે. તેઓ સાયકલના બે પૈંડા  જેવા છે, જે સાયકલ સવારને તેની મંજિલ સુધી લઈ જવા માટે સંપૂર્ણ એકરૂપતામાં ફરે છે. બંને પરિબળો એકબીજા વિના માત્ર અરાજકતા અને વિનાશ તરફ દોરી જાય છે.

ધીરજ રાખવાનો અર્થ એ નથી કે કોઈ પગલાં ન લેવા. તેનો અર્થ છે તમારી વ્યૂહરચનાનું આયોજન કરવું, તમારા સંસાધનોનું મૂલ્યાંકન કરવું, સંબંધિત કુદરતી પરિબળોને ધ્યાનમાં લેવું અને સમયનો સકારાત્મક ઉપયોગ કરવો. આ ખરી યોજના છે.

ધીરજ એટલે ડહાપણ આધારિત વિચાર. જો અધીરાઈ એ અવિવેકી વિચારસરણીનું પરિણામ છે, તો ધીરજ એ વિવેકી વિચારોનું પરિણામ છે. જીવનનું રહસ્ય તેમજ વિવેકપૂર્ણ આયોજનનું રહસ્ય પણ આ જ છે.

તમે કુદરત સામે લડી શકતા નથી, તેથી તમને અધીરાઈનો વિલાસવૈભવ પરવડતો નથી. અધીરાઈ એટલે એકપક્ષીય ધોરણે વસ્તુઓ હાંસલ કરવાનો પ્રયાસ. પરંતુ તે અશકચ છે. બીજી બાજુ, ધીરજ રાખવાનો અર્થ છે દ્વિપક્ષીય ધોરણે વસ્તુઓને જોવી. અને એ હકીકત છે કે, આપણા વિશ્વમાં, એકપક્ષીયવાદ એ એક અવાસ્તવિક અભિગમ છે, જ્યારે દ્વિપક્ષીયવાદ સંપૂર્ણપણે એક સ્વસ્થ અભિગમ છે.

થોભો અને રાહ જુઓની નીતિ આ દુનિયાની શ્રેષ્ઠ નીતિ છે, અને આ નીતિને જ ધીરજ કહેવાય છે. અધીરાઈનો અર્થ છેઃ રાહ ન જુઓ, અને પરિણામો વિશે વિચાર્યા વિના પરિસ્થિતિમાં કૂદી પડો . થોભો અને રાહ જુઓની નીતિ, પ્રતિસ્પર્ધા અને પડકારની આ દુનિયામાં એકમાત્ર સમજદારીની નીતિ છે.

દરેક ધ્યેય માટે સમજણપૂર્વકના આયોજનની જરૂર છે, કારણકે આવું સમજણભર્યું આયોજન વાસ્તવિક સફળતા તરફ દોરી જાય છે. અને સમજણભર્યું આયોજન એ છે કે જેમાં તમારી પોતાની લાગણીઓ સિવાય અન્ય બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવી હોય.

# * શુભચિંતક અને પ્રામાણિક બનો *

કુરાનના અધ્યાય અલ-અરાફ (ઊંચાઈઓ) માં ઉલ્લેખિત છે કે જ્યારે પયગંબર સાહેબને ઈશ્વરનો સંદેશ લોકો સુધી પહોંચાડવાની ફરજ સોંપવામાં આવી, ત્યારે તેઓ તેમના સમુદાયમાં આવ્યા અને કહ્યું;

**હું તમને મારા પ્રભુના સંદેશો પહોંચાડી રહ્યો છું અને**
**હું તમારો શુભચિંતક અને તમારો પ્રામાણિક સલાહકાર છું. (૭:૬૮)**

પયગંબર સાહેબે આ વાત પોતાના દિવ્ય હેતુના સંદર્ભમાં કહી હતી. પરંતુ આ રીતની ઘોષણા આપણને બે મૂળભૂત સિદ્ધાંતો આપે છે જેના આધારે સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકાય, એ છે શુભકામના અને પ્રામાણિકતા. જો તમે બહેતર સમાજ મેળવવા માંગતા હો, તો આ બંને સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ, કારણકે સામાજિક પુનઃનિર્માણ માટે સમાજના તમામ સભ્યોમાં શુભકામના અને પ્રામાણિકતાની ભાવનાથી વધારે સારું કોઈ સૂત્ર નથી. જ્યારે સમાજનું નિર્માણ કરતી મોટાભાગની વ્યક્તિઓ આ ગુણો ધરાવે છે, ત્યારે તે વધુ સારા સમાજની શ્રેષ્ઠ બાંયધરી છે.

શુભકામના શું છે? શુભકામનાનો અર્થ એ છે કે સમાજનો દરેક સભ્ય અન્ય લોકો માટે તિરસ્કારથી મુક્ત હોય, અને જે અન્યની ભૂલ છે તેના ખરાબ અનુભવોની અસરથી અલગ રહી શકે. જેને ફરિયાદો હોવા છતાં સમાજના અન્ય સભ્યોને પ્રેમ કરી શકે.

ફરિયાદ એ સામાજિક જીવનનો અનિવાર્ય હિસ્સો છે, તેથી સમાજનો સભ્ય અન્ય લોકોનું સારું ત્યારે જ ઈચ્છી શકે જ્યારે તે તેની ફરિયાદોને તેના સમાજના અન્ય સભ્યો સાથે સારા સંબંધો જાળવવા માટે બનતા સુધી પ્રમાણમાં ઓછી કરી શકે.

પ્રામાણિકતા શું છે? પ્રામાણિક વ્યક્તિ તે છે જે વિશ્વાસપાત્ર વ્યક્તિ છે. આ ગુણ પણ સામાજિક જીવનની સુધારણા માટે મહત્વપૂર્ણ છે. શ્રેષ્ઠ સમાજ એ છે જેના સભ્યો સંપૂર્ણ વિશ્વાસપાત્ર અને જવાબદાર હોય.

વિશ્વાસપાત્ર વ્યક્તિઓ વિશ્વાસપાત્ર સમાજ બનાવે છે, અને વિશ્વાસપાત્ર સમાજો વિશ્વાસપાત્ર રાષ્ટ્ર બનાવે છે, અને વિશ્વાસપાત્ર રાષ્ટ્રો બહેતર આંતરરાષ્ટ્રીય સંબંધોનો આધાર પૂરો પાડે છે.

શુભકામના અને પ્રામાણિકતાના માપદંડની બમણી અસર થાય છે. એક તરફ, તે વ્યક્તિગત વિકાસનો એકમાત્ર સ્ત્રોત છે; તે શ્રેષ્ઠ વ્યક્તિગત ચરિત્રને પ્રતિબિંબિત કરે છે. વ્યક્તિઓને પોતાના ફાયદા માટે ઘણા બધા ગુણોની જરૂર હોય છે, પરંતુ આ બધા ગુણોનો સારાંશ આ બે શબ્દોમાં કરી શકાયઃ શુભકામના અને પ્રામાણિકતા.

આ બે ગુણોનું બીજું પાસું એ છે કે તે એકમાત્ર આધાર છે જેના કારણે વધુ સારા સમાજનું નિર્માણ થઈ શકે છે. જો તમે બહેતર સમાજ મેળવવા માંગતા હોવ તો આ એકમાત્ર સાચો પ્રારંભિક બિંદુ છે. વ્યક્તિગત ચરિત્રથી પ્રક્રિયાની શરૂઆત કરો, વ્યક્તિઓને શુભકામનાઓ અને પ્રામાણિકતાની રેખાઓ પર પ્રભાવિત કરવાનો પ્રયાસ કરો, અને તમે જોશો કે પ્રક્રિયાની પરાકાષ્ઠા પર, તમે તમારા સામાજિક ધ્યેય પર પહોંચી ગયા હશો .

**વિશ્વાસપાત્ર વ્યક્તિઓ વિશ્વાસપાત્ર સમાજ બનાવે છે, અને વિશ્વાસપાત્ર સમાજો વિશ્વાસપાત્ર રાષ્ટ્ર બનાવે છે, અને વિશ્વાસપાત્ર રાષ્ટ્રો બહેતર આંતરરાષ્ટ્રીય સંબંધોનો આધાર પૂરો પાડે છે.**

શુભેચ્છા અને પ્રામાણિકતા બંને સકારાત્મક ગુણો છે. જો નકારાત્મક વિચારસરણી તમામ અનિષ્ટનો સ્ત્રોત છે, તો સકારાત્મક વિચારસરણી એ તમામ પ્રકારની ભલાઈનો સ્ત્રોત છે. તેથી, શુભકામના અને પ્રામાણિકતા એ માત્ર બે ગુણો નથીઃ તેમાં બે હજારથી વધુ ગુણોનો સમાવેશ થાય છે. જેની પાસે શુભકામના અને પ્રામાણિકતાના ગુણો છે તે ચોક્કસપણે અન્ય તમામ પ્રકારના સારા ગુણો ધરાવશે.

શુભકામના અને પ્રામાણિકતા ચારિત્ર્ય ઘડતરના બે સ્તંભો છે અને આ બે સ્તંભો પર જ સામાજિક ઉત્થાનની સમગ્ર ઈમારત ઊભી થઈ શકે છે. જો આ થાંભલાઓ જ નબળા હશે તો આખું માળખું નબળું સાબિત થશે, પણ જો આ બે થાંભલાઓ મજબૂત હશે તો આખું માળખું શાશ્વત મજબૂતી ધરાવતું હશે.

## * કુરાનઃ ચિંતનનું પુસ્તક *

કુરાન એ ઈશ્વરનું પુસ્તક છે, જે સાતમી સદીના પ્રથમ ત્રણ માસમાં ઈસ્લામના પયગંબરને જાહેર કરવામાં આવ્યું હતું. કુરાન એક રહસ્યમય આશીર્વાદ નથી; તે જ્ઞાનનું પુસ્તક છે.

અલ-સાદ પ્રકરણમાં કુરાન પોતાના વિશે કહે છે;

**આ એક આશીર્વાદિત ગ્રંથ છે જે અમે તમારા [મુહમ્મદ] પર અવતરિત કર્યું છે, જેથી લોકો તેની આયતો પર ધ્યાન આપે અને વિચાર કરે અને બુદ્ધિશાળી લોકો આમાંથી બોધપાઠ પ્રાપ્ત કરે. (૩૮:૨૯)**

કુરાન ખરેખર, જ્ઞાનનું પુસ્તક છે, જે આપણને આ દુનિયામાં સફળ જીવન જીવવા માટે જરૂરી એવા તમામ સિદ્ધાંતો સાથે દિવ્ય યોજના વિશે જ્ઞાન આપે છે. ટૂંકમાં, કુરાન માનવજાત માટે માર્ગદર્શક ગ્રંથ છે. આ ઉપરાંત, તે એક સરળ પુસ્તક છે, જે અરબી ભાષાનું પ્રાથમિક જ્ઞાન ધરાવતા કોઈપણ માટે સરળતાથી સમજી શકાય તેવું છે. પરંતુ તે જે કઈપણ પ્રદાન કરે છે તે માત્ર ચિંતન દ્વારા જ સમજી શકાય છે. તે ચિંતન, અથવા તદબ્બુર છે, જે કુરાનના જ્ઞાનના ખજાનાના દરવાજાઓ ખોલે છે. કુરાન સૌથી સંપૂર્ણ સ્પષ્ટતા દ્વારા ચિહ્નિત થયેલ છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તમે તેના પર કોઈ જાતનો વિચાર કર્યા વિના જ સમજી શકો. હકીકતમાં કુરાન શીખવાના બે સ્તરો છેઃ એક, તેનો શાબ્દિક અર્થ અને બીજો તેનો ગહન અર્થ. જો તમે કુરાનના સંદેશને સીધો અને સરળ રીતે જાણવા માંગતા હો, તો તેના શાબ્દિક અર્થને જાણવું પૂરતું છે.

તેનો શાબ્દિક અર્થ તમને કુરાન દ્વારા આપવામાં આવતી મૂળભૂત, વ્યવહારુ સલાહનો પરિચય કરાવશે. આ પ્રકારનું જ્ઞાન સામાન્ય લોકો માટે પૂરતું છે જેઓ વિદ્વતા ધરાવતા નથી. અને પછી, કુરાનના સમજની ગહન બાજુ પણ છે, જે શાસ્ત્રોના ગહન અભ્યાસ પછી જ સમજી શકાય છે.

કુરાન દેખીતી રીતે સામાન્ય માણસ તેમજ ઉચ્ચ શિક્ષિત લોકો બંને માટે માર્ગદર્શક પુસ્તક છે. અને બંને સમાન મહત્વના છે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી. માનવ સમાજમાં શિક્ષિત અને અશિક્ષિત બંનેનો સમાવેશ થાય છે, તેથી તે સ્વાભાવિક છે કે સર્વશક્તિમાન ઈશ્વરે એક એવું પુસ્તક મોકલવું જોઈએ જે બંને વર્ગના લોકો માટે સુલભ અને અર્થપૂર્ણ હોય. કુરાનનો પ્રથમ શ્લોક જુઓ;

**બધી જ પ્રશંસાઓ અલ્લાહ, બ્રહ્માંડના માલીક, ની છે (૧:૨)**

આ શ્લોક સામાન્ય માણસો માટે તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓ માટે બૌદ્ધિક ખોરાક પૂરો પાડે છે. કુરાનના આ શ્લોકમાં બંનેને આધ્યાત્મિક પોષણ મળી શકે છે.

**કુરાન ખરેખર, શાણપણનું પુસ્તક છે, જે આપણને આ દુનિયામાં સફળ જીવન જીવવા માટે જરૂરી એવા તમામ સિદ્ધાંતો સાથે દિવ્ય યોજના વિશે જ્ઞાન આપે છે.**

સામાન્ય માણસ એને તેના સરળ અર્થમાં લેશે. તે એ અર્થમાં લેશે કે તે પોતે અને તેની આસપાસની દુનિયા એકલા ઈશ્વર દ્વારા બનાવવામાં આવી છે. તેથી, તે એકલા જ પ્રશંસાપાત્ર છે, તે એકલા જ તેની કૃતજ્ઞતાને પાત્ર છે.

પરંતુ જેમણે વૈજ્ઞાનિક વિદ્યાશાખાઓનો અભ્યાસ કર્યો છે, અને જીવવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર વગેરેનું જ્ઞાન મેળવ્યું છે, તેઓ કુરાનના કહેણને વધુ ગહન અર્થમાં લેશે. તેઓ કહેશે કે આખું વિશ્વ, પોતાના સહિત, એક અત્યંત જટિલ રચનાની ઘટના છે. અને, તમામ આધુનિક વૈજ્ઞાનિક શોધોને ધ્યાનમાં લઈને, તેઓને સર્વશક્તિમાન ઈશ્વરે બનાવેલ કુદરતને સમજવાનો રોમાંચક અનુભવ મળશે.

જો સામાન્ય માણસનો આ શ્લોક પ્રત્યેનો પ્રતિભાવ એ ઈશ્વરની તેની નિઃશંક સ્વીકૃતિ છે, તો શિક્ષિત માણસનો પ્રતિભાવ તેના નિર્માતાની વધુ કાળજીપૂર્વક તર્કબદ્ધ અને ઉચ્ચ સ્વીકૃતિ હશે.

## * માનવ વ્યકિતત્વ *

કુરાનનો અધ્યાય અલ-તિન (અંજીર) માનવ વ્યક્તિત્વનું વર્ણન છે. તે માત્ર આઠ શ્લોકોનું પ્રમાણમાં નાનું પ્રકરણ છે, પરંતુ તેમાં એક મહાન બોધપાઠ છે.

આ પ્રકરણનો અનુવાદ નીચે મુજબ છે;

**અંજીર સાક્ષી છે અને ઓલિવ સાક્ષી છે, અને સિનાઈ પર્વત સાક્ષી છે, અને આ સુરક્ષિત ભૂમિ સાક્ષી છે કે અમે ખરેખર માણસને શ્રેષ્ઠ ઘાટમાં બનાવ્યો છે, પછી અમે તેને નીચામાં સૌથી નીચો બનાવી દીધો છે, સિવાય કે જેઓ શ્રદ્ધા રાખે છે અને સુકર્મો કરે છે – તેમના માટે અનંત પુરસ્કાર છે! હવે આના પછી, તમે આખરી ચુકાદાને કેવી રીતે નકારી શકશો? શું અલ્લાહ ન્યાયાધીશોમાં સૌથી મોટો નથી? (૯૫:૧–૮)**

આ પ્રકરણ મુજબ, માણસ પાસે બે તદ્દન વિરોધી ભવિષ્ય છે. એક તરફ, તે સંપૂર્ણ નિષ્ફળતા માટે નિશ્ચિત છે અને બીજી બાજુ તેને શ્રેષ્ઠ શાશ્વત પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવશે. માનવતાના એક વર્ગનું ભાગ્ય સૌથી ખરાબ હશે, જ્યારે માનવતાના બીજા વર્ગનું ભાગ્ય સૌથી શ્રેષ્ઠ હશે.

વાસ્તવમાં, ઈશ્વરે માણસને મહાન ક્ષમતા સાથે બનાવ્યો છે અને તેની સાથે જ, તેણે તેને પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. આ સ્વતંત્રતા જ લોકોને બે વર્ગોમાં વિભાજિત કરે છે - જેઓ તેમની સ્વતંત્રતાનો દુરુપયોગ કરે છે અને જેઓ તેનો સદુપયોગ કરે છે.

માણસ પાસે જે ક્ષમતા છે, તે સર્જક દ્વારા સીધી રીતે આપવામાં આવી છે, પરંતુ આ ક્ષમતાને વાસ્તવિકતામાં ફેરવવાની ફરજ ખુદ માણસની છે. આમાં જ માણસનું ભાગ્ય છુપાયેલું છે. લોકો, આવશ્યકપણે બે શ્રેણીના હોય છેઃ પ્રથમ, નિષ્ફળ અને બીજા, સફળ.

અમુક સિદ્ધ લોકોને આપકર્મી માણસ કહેવામાં આવે છે, પરંતુ કુરાનમાં વર્ણવેલ દિવ્ય યોજના  અનુસાર, દરેક વ્યક્તિ આપકર્મી માણસ છે. ક્ષમતાના સંદર્ભમાં, દરેક વ્યક્તિ આપકર્મી માણસ બનવા માટે જન્મે છે. તેનો અર્થ એ છે કે ભાગ્યના સિદ્ધાંતો સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે પરંતુ માનવ-ભાગ્યનું નિર્માણ દરેક સ્ત્રી-પુરુષના પોતાના હાથમાં છે.

**આ દિવ્ય યોજનાનો મુખ્ય ભાગ એ છે કે માણસે તેના તર્ક અને સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, તેણે તેના અંતરાત્માને અનુસરવું જોઈએ, તેણે પ્રકૃતિના નિયમો ખોળવા  જોઈએ.**

માણસને તેના સર્જનહાર દ્વારા સ્વતંત્રતા આપવામાં આવી હતી. માણસ માટે આ એક મહાન દિવ્ય વરદાન છે. હકીકતમાં, તે સર્વશક્તિમાન ઈશ્વર જ છે જે જીવનની આ બધી સારી વસ્તુઓનું વિતરણ કરી શકે છે. આ બ્રહ્માંડમાં તે એકમાત્ર આપનાર છે. પરંતુ સર્વશક્તિમાન ઈશ્વર માણસને એક તરફી આશીર્વાદને બદલે શ્રેયના સ્વરૂપ તરીકે તેમના આશીર્વાદ આપે છે.

માનવ વ્યક્તિત્વ બ્રહ્માંડમાં એક અનોખી ઘટના છે. કોઈપણ પ્રાણી, ભૌતિક કે બિન-ભૌતિક વસ્તુ પાસે માણસ જેવી પસંદગીની સ્વતંત્રતાની આવી ભેટ નથી. આ વાત સમગ્ર બ્રહ્માંડમાં માણસને સર્વોચ્ચ દરજ્જો આપે છે. માણસને આ અસાધારણ વિશેષાધિકારની સાચી સમજ હોવી જોઈએ અને તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. તેના યોગ્ય ઉપયોગથી માણસ મહાન બની જાય છે, પરંતુ જે વ્યક્તિ સ્વતંત્રતા દ્વારા ખુલ્લી તકોનો દુરુપયોગ કરે છે તેને જાનવરો કરતા નીચા સ્તરે ઉતારી દેવામાં આવશે.

આ દિવ્ય યોજનાનો મુખ્ય ભાગ એ છે કે માણસે તેના તર્ક અને સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, તેણે તેના અંતરાત્માને અનુસરવું જોઈએ, તેણે પ્રકૃતિના નિયમો ખોળવા જોઈએ, તેણે પયગંબરો ઉપર અવતરેલા દિવ્ય ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ, તેણે જીવનમાં પોતાનો હેતુ તથા પોતાના સર્જન અંગે સર્વશક્તિમાન ઈશ્વરની રચનાનો આશય જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. આ બધી હકીકતોને ધ્યાનમાં લઈને તેણે પોતાના ભવિષ્યનું ઘડતર કરવું જોઈએ.

## * સફળ નેતૃત્વ *

સફળ નેતૃત્વ સફળ અનુસરણ પર આધાર રાખે છે; જો અનુયાયીઓ અનુસરવામાં નિષ્ફળ જાય, તો કોઈ નેતા સફળ ભૂમિકા ભજવી શકે નહીં. કુરાનના અધ્યાય અલ-નિસા (સ્ત્રીઓ) આ સિદ્ધાંત રજૂ કરે છે;

**તમારા પ્રભુની કસમ, તેઓ ત્યાં સુધી સાચા શ્રદ્ધાળુઓ નહીં બની શકે**
**જ્યાં સુધી તેઓ તેમના વિવાદોમાં તમને ન્યાયાધીશ તરીકે સ્વીકારી ન લે,**
**અને તમે જે નિર્ણય કરો તેના વિશે કોઈ શંકા ન કરે અને**
**પૂરા દિલથી આધીન થઈ જાય. (૪:૬૫)**

કુરાનની આ કલમ ધાર્મિક નેતૃત્વ સાથે સંબંધિત છે, પરંતુ બિનસાંપ્રદાયિક નેતૃત્વના કિસ્સામાં પણ આ જ સિદ્ધાંત લાગુ પડે છે. બિનસાંપ્રદાયિક અને ધાર્મિક નેતૃત્વ તેમના લક્ષ્યોમાં અલગ છે, પરંતુ બંનેની પદ્ધતિ એકસરખી જ છે.

સ્ત્રીઓ અને પુરુષો તફાવતો સાથે જન્મે છે. દરેક વ્યક્તિ શ્રીમાન અલગ અથવા શ્રીમતી અલગ હોય છે, અને આમ હોવાને કારણે દરેકને જૂથના નેતાના નિર્ણયોની સચ્ચાઈ વિશે સમજાવવું હંમેશા શક્ય નથી હોતું. તે સ્વાભાવિક છે કે જો જૂથના કેટલાક સભ્યો તેના નિર્ણયો સાથે સહમત હોય તો કેટલાક અન્ય સભ્યો તેમની સાથે અસંમત હોય. આ પ્રકારનો તફાવત એક કુદરતી ઘટના છે જે બિનસાંપ્રદાયિક અને ધાર્મિક બંને જૂથોમાં જોવા મળે છે.

તો પછી એકતા કેવી રીતે સ્થાપિત કરવી? નેતાને સફળ બનાવવા માટે એકતા જરૂરી છે. તેના અનુયાયીઓ વચ્ચે એકતા વિના નેતા અસરકારક ભૂમિકા ભજવી શકતા નથી. આવી સ્થિતિમાં એકમાત્ર સૂત્ર લાગુ પડે છે - તમારા નેતાને અનુસરો, પછી

તે સ્વેચ્છાએ કે અનિચ્છાએ. એકતા હાંસલ કરવાનો આ એકમાત્ર વ્યવહારુ માર્ગ છે: નેતાની સફળતાનો આ એકમાત્ર આધાર છે.

સાચા નેતા જન્મે છે, બનાવી શકાતા નથી. તેમની મુખ્ય ગુણવત્તા તેમની નિર્ણય લેવાની ક્ષમતા છે. આમાં તેમને તેમની દૂરંદેશી, અડગ નિશ્ચય અને સંગઠન માટેની તેમની ક્ષમતા દ્વારા મદદ મળે છે. અન્ય મુખ્ય ગુણ એ છે કે તેમને વ્યક્તિગત પ્રશંસાની કોઈ ઈચ્છા હોતી નથી. તે કોઈપણ ખાનગી કાર્યસૂચિ વિનાનો, દીર્ઘદ્રષ્ટીવાળા પ્રામાણિક માણસ હોય છે. આ બધા ગુણો સફળ નેતા બનાવે છે. આવા કોઈપણ નેતાની તેના લોકોમાં સારી પ્રતિષ્ઠા હશે.

પરંતુ આ ગુણો પોતાનામાં સફળ નેતૃત્વની ખાતરી આપવા માટે પૂરતા નથી. સફળ નેતૃત્વ પચાસ ટકા નેતાના પોતાના પર અને પચાસ ટકા તેના અનુયાયીઓ પર આધાર રાખે છે. બંનેના સંયોજન વિના, કોઈપણ નેતા બિનસાંપ્રદાયિક અથવા ધાર્મિક ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી શકે નહીં.

**સાચા નેતા જન્મે છે, બનાવી શકાતા નથી. તેમની મુખ્ય ગુણવત્તા તેમની નિર્ણય લેવાની ક્ષમતા છે. આમાં તેમને તેમની દૂરંદેશી, અડગ નિશ્ચય અને સંગઠન માટેની તેમની ક્ષમતા દ્વારા મદદ મળે છે.**

સફળ નેતાને ભૌતિક શક્તિની જરૂર હોય છે, પરંતુ સત્તા પોતે જ નેતાની સફળતાની બાંયધરી આપતી નથી. લોકો એકતાના ફાયદા અને વિભાજનના નુકસાનથી વાકેફ હોવા જોઈએ. તેઓએ આ વાતને ધ્યાનમાં રાખવી જોઈએ કે એકતા હશે તો ઉભા રહીશું, વિભાજિત થઈશુ તો પડી ભાંગશું.

સફળ અને અસફળ નેતા વચ્ચેનો એક તફાવત એ છે કે સફળ નેતા પોતાની જાતને જાણે છે તેમ તેના અનુયાયીઓને પણ જાણે છે, જ્યારે અસફળ નેતા પોતાને જાણે છે પરંતુ તેના અનુયાયીઓ વિશે કોઈ જાણકારી નથી. તેમના અનુયાયીઓ વિશે સારી સમજણ વિના, કોઈપણ નેતા સફળ સાબિત થઈ શકતો નથી.

એવું કહેવાય છે કે સફળ નેતા તે છે જે સફળ વકીલ પણ હોય, સફળ સલાહકાર પણ હોય. ઘણીવાર એવા પ્રસંગો આવે છે જ્યારે તમારે લોકોને તમારું અનુસરણ કરવા માટે પ્રેરિત કરવા પડે, પરંતુ કેટલીકવાર એવા સંજોગો પણ હોય છે જેમાં અન્યને અનુસરવું વધુ સારું હોય છે. તે આ હકીકતની કદર છે જે નેતાની સફળતામાં ફાળો આપે છે.

# * શીખવાના પાઠ *

કુરાનની મુખ્ય નિસ્બતોમાં એક છે, દરેક સ્ત્રી અને પુરુષમાં ચિંતનની ભાવના કેળવવી. અધ્યાય અલ-હિજ્ર (ખડકાળ માર્ગ)માં કુરાન અમુક ઐતિહાસિક ઘટનાઓનો ઉલ્લેખ કરે છે અને પછી કહે છે;

**નિઃશંકપણે આમાં નિશાનીઓ છે, તેઓ માટે જે બોધપાઠ શીખી શકે છે. (૧૫:૭૫)**

જેઓ પ્રાકૃતિક તેમજ ઐતિહાસિક ઘટનાઓમાં ઊંડા ઊતરે છે અને તેમાંથી બોધપાઠ લે છે તેમના માટે ઉચ્ચ શિક્ષા છે. કુરાન, તેમનો ઉલ્લેખ કરીને, વિચારવાની ટેવ વિકસાવવાનો પ્રયાસ કરે છે, જેથી વાચકો તેમાંથી બૌદ્ધિક લાભ મેળવી શકે.

ઈસુ ખ્રિસ્તે એકવાર કહ્યું: "માણસ ફક્ત રોટલીથી જીવતો નથી." (મેથ્યુ ૪:૪) બધા ધર્મોમાં મહત્ત્વનું શિક્ષણ આ જ છે. આનો અર્થ એ છે કે તમામ સ્ત્રી-પુરુષોને બે પ્રકારના પોષણની જરૂર હોય છે: ભૌતિક અને આધ્યાત્મિક. દરેક વ્યક્તિ શારીરિક પોષણનું મહત્વ જાણે છે પરંતુ જ્યાં આધ્યાત્મિક પોષણનો સંબંધ છે ત્યાં લોકો તેના મહત્વ વિશે મોટેભાગે અજાણ રહે છે.

માણસ શારીરિક ભૂખમરાની સ્થિતિમાં જીવી ના શકે, કારણકે શારીરિક ભૂખમરો નબળાઈ અને રોગ લાવે છે. દરેક વ્યક્તિ, ભૂખમરો કેવી રીતે કમજોર કરી નાખે છે તેનાથી વાકેફ છે, તેથી તે પોતાના ભરણપોષણની ચોક્કસથી ખાતરી કરતો રહે છે.

આધ્યાત્મિક ભૂખમરાનું પણ એવું જ છે. આધ્યાત્મિક ભૂખમરો તમને નબળા વ્યક્તિત્વના બનાવે છે. તે વૈચારિક શાખાને ભૂંસી નાખે છે. તે તમને નૈતિક મૂલ્યોથી વંચિત કરે છે. આધ્યાત્મિક ભૂખમરો એટલી ચરમસીમાએ જઈ શકે છે કે વ્યક્તિનું આધ્યાત્મિક સ્તરે મરણ પણ થઈ શકે છે. આધ્યાત્મિકતાને જીવંત રાખવા માટે, આધ્યાત્મિક ખોરાક હંમેશા જરૂરી છે.

આધ્યાત્મિક ખોરાકનો સ્ત્રોત વિચાર અથવા ચિંતન છે. તદુપરાંત, વ્યક્તિએ દરેક વસ્તુને વિચાર્યા વગર માની ન લેવાની આદત પાડવી જોઈએ. વસ્તુમાં જેટલું ઊંડું ઉતરાય તેટલું તેનો આંતરિક અર્થ શોધી શકાય. આ માટે અવિરત બૌદ્ધિક પ્રક્રિયાની જરૂરત હોય છે.

વ્યક્તિએ દરરોજ દિવસે અને રાત્રે તેના મનને જાગૃત રાખવું જોઈએ. જ્યારે તે કોઈ પુસ્તકનો અભ્યાસ કરે અથવા જ્યારે તે કોઈ દ્રશ્યનું અવલોકન કરે કે જ્યારે તે

કોઈ ઐતિહાસિક ઘટનાનો સામનો કરે ત્યારે તેમાંથી થોડો આધ્યાત્મિક પાઠ શીખવા માટે તેણે તેની માનસિક ક્ષમતાઓને યોગ્ય રીતે સક્રિય કરવી જોઈએ. તેણે તેના અનુભવોને અર્થપૂર્ણ પાઠમાં ફેરવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

માણસો અને પ્રાણીઓ બંનેને દરેક દિવસ અને રાત વિવિધ પ્રકારના અનુભવો થાય છે, પરંતુ તફાવત એ છે કે પ્રાણીઓ તેના વિશે વિચારતા નથી અને તેમના ઊંડા અર્થને શોધવાની જરૂરિયાતથી અજાણ છે. પણ માણસ પાસે ક્ષમતા છે જેને 'વૈચારિક કુશળતા' કહેવાય છે. માણસ વસ્તુઓના ઊંડા પાસામાં પ્રવેશ કરી શકે છે, અને પછી તેમાંથી છુપાયેલા બોધપાઠ શીખી શકે છે. આ તફાવત ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેઓ અનુભવમાંથી બોધપાઠ લેવામાં નિષ્ફળ જાય છે, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ, પોતાની જાતને જાનવરોના સ્તરે ઉતારે છે.

**આધ્યાત્મિકતાને જીવંત રાખવા માટે, આધ્યાત્મિક ખોરાક હંમેશા જરૂરી છે. તે આધ્યાત્મિક ખોરાકનો સ્ત્રોત વિચાર અથવા ચિંતન છે.**

પરંતુ માણસ પાસે એ ક્ષમતા હોય છે જેને 'વિચારાત્મક વિચાર' કહેવાય છે. માણસ વસ્તુઓના ઊંડા પાસામાં પ્રવેશ કરી શકે છે, અને પછી તેમાંથી છુપાયેલા પાઠ શીખી શકે છે. આ તફાવત ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેઓ અનુભવમાંથી બોધપાઠ લેવામાં નિષ્ફળ જાય છે, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ, તેઓ પોતાની જાતને પ્રાણીઓના સ્તર પર ઉતારી રહ્યા છે.

આધ્યાત્મિકતા એ માણસની જરૂરિયાત છેઃ પ્રાણીઓને આવી કોઈ આવશ્યકતા નથી. પ્રાણીઓ આધ્યાત્મિકતા વિના જીવી શકે છે, પરંતુ માણસ નહીં. માણસને પોતાની જાતને આધ્યાત્મિકતાથી વંચિત રાખવાનું પરવડે નહી. માણસે તેના મનને જીવંત રાખવું એ તેના પોતાના હિતમાં છે, જેથી તે જીવનની ઘટનાઓમાંથી આધ્યાત્મિક બોધપાઠ શીખવાની કોઈ તક ગુમાવે નહીં.

આધ્યાત્મિકતા તમને સર્જનાત્મક વિચારક બનાવે છેઃ સર્જનાત્મકતા વિના, માણસ પથ્થરની પ્રતિમા જેવો છે.

## * ચારિત્ર્ય હનન *

પયગંબર સાહેબના સમય દરમિયાન, મદીનામાં કેટલાક એવા લોકો હતા જેઓ પયગંબર સાહેબના પરિવારના એક સભ્યને બદનામ કરવા માંગતા હતા. તે ચારિત્ર્ય હનનનો કેસ હતો. તે સમયે કુરાનમાં કેટલીક કલમો પ્રગટ થઈ જે અધ્યાય અન્-નૂર (પ્રકાશ) માં છે.

આ પંક્તિઓમાંથી એકનો અનુવાદ નીચે ટાંકવામાં આવ્યો છે;

**જે લોકો ઈચ્છે છે કે આસ્થાવાનોમાં અનૈતિકતા ફેલાઈ જાય,**
**તેમના માટે આ દુનિયા અને પરલોકમાં પીડાદાયક સજા છે.**
**અલ્લાહ જાણે છે, અને તમે નથી જાણતા. (૨૪:૧૯)**

ઈસ્લામિક ઉપદેશો અનુસાર ચારિત્ર્ય હનન એ જઘન્ય અપરાધ છે. આ પ્રકારનું કૃત્ય માનવતા, નૈતિક મૂલ્યો અને કુરાનના ઉપદેશોની વિરુદ્ધ છે. આ પ્રકારના કોઈપણ નૈતિક ગુના માટે દોષિતોને સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા સખત સજા કરવામાં આવશે.

જો તમે નિષ્પક્ષ તપાસના હેતુસર, નિર્વિવાદ તથ્યોના આધારે કોઈની ટીકા કરો છો તો તમે કાયદેસર રીતે કામ કરી રહ્યા છો અને દિવ્ય ગ્રંથમાં દર્શાવ્યા પ્રમાણેના તમારા નૈતિક અધિકારોનો ઉપયોગ કરી રહ્યાં છો. જો તમારો ઈરાદો સારો હશે, તો તમારા આ કૃત્યને સુધારાને પ્રોત્સાહન આપતું ગણાશે. તદુપરાંત, તમને સર્વશક્તિમાન ઈશ્વર તરફથી પુરસ્કાર પ્રાપ્ત થશે.

પરંતુ જો તમે કોઈને અપશબ્દ કહી રહ્યાં  હોવ, અથવા તમે જે કહો છો તેના સમર્થન માટે કોઈ પુરાવા વિના અનૈતિક અથવા અભદ્ર ભાષાનો ઉપયોગ કરો છો, તો તમે ગુનો કરી રહ્યા છો. કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ, જેનો કોઈ વાસ્તવિક આધાર નથી, તે ચારિત્ર્ય હનનનું  કૃત્ય છે. આવી ભાષાનો ઉપયોગ કરવાનો કોઈને અધિકાર નથી. તથ્યો પર આધારિત ટીકા રચનાત્મક છે, પરંતુ હકીકતમાં કોઈ આધાર વિના આક્ષેપો કરવા એ સૌથી ખરાબ પ્રકારનો ગુનો છે.

આ સંદર્ભમાં, બે રસ્તાઓ બધા માટે ખુલ્લા છેઃ જો કોઈ વ્યક્તિ કોઈની વિરુદ્ધ આરોપ લગાવે છે અને તેની પાસે જે કહેવું છે તેના સમર્થનમાં નિર્વિવાદ પુરાવાઓ છે, તો તેને તેના મંતવ્યો વ્યક્ત કરવાની છૂટ છે. જો, બીજી બાજુ, તે કોઈના વિશે પ્રતિકૂળ અભિપ્રાય ધરાવે છે, પરંતુ તેની નકારાત્મક ટિપ્પણીને સમર્થન આપવા માટે કોઈ પુરાવા નથી, તો તેણે મૌન રહેવું જોઈએ. કોઈને પણ કોઈની વિરુદ્ધ, પોતાના નિવેદનની સત્યતાના નક્કર પુરાવાઓ રજૂ કર્યા વગર, હાનિકારક ટિપ્પણી કરવાની મંજૂરી નથી.

પયગંબર સાહેબે એકવાર કહ્યું હતુંઃ “જો તમે કોઈ નિર્દોષ વ્યક્તિની વિરુદ્ધ નકારાત્મક ટિપ્પણી કરો છો, તો તેની બૂમરેંગ અસર પડશે. તમારી નકારાત્મક ટિપ્પણી તમારા તરફ પાછી  વળશે અને તમે જોશો કે તે ટિપ્પણી તમારા પર લાગુ થઈ રહી છે.” (સહીહ અલ-બુખારી, ૬૦૪૫)

**ઈસ્લામિક ઉપદેશો અનુસાર ચારિત્ર્ય હનન એ જઘન્ય અપરાધ છે. આ પ્રકારનું કૃત્ય માનવતા વિરુદ્ધ, નૈતિક મૂલ્યોની વિરુદ્ધ છે.**

ચારિત્ર્ય હનનની પ્રથા સમગ્ર સમાજ માટે હાનિકારક છે; તે અવિશ્વાસની લાગણી ફેલાવે છે. તે ગેરસમજનું કારણ બને છે અને પરિણામ ખૂબ જ ખતરનાક આવે છે, કારણકે દરેક વ્યક્તિ સમાજના અન્ય સભ્યો પ્રત્યે શંકાશીલ બની જાય છે.

આવા સમાજમાં કોઈ સ્વસ્થ પ્રવૃત્તિ શકય થઈ શકતી નથી અને સકારાત્મક આયોજન થઈ શકતું નથી. ચારિત્ર્ય હનનની આદત બધા માટે ખરાબ છે અને કોઈ માટે સારી નથી.

આ પ્રકારની પ્રવૃત્તિમાં સંડોવાયેલી  કોઈપણ વ્યક્તિથી સમગ્ર સમાજે સજાગ રહેવું જોઈએ અને ખોટું કરનારની ખુલ્લેઆમ નિંદા કરવી જોઈએ. ખરેખર, સામાજિક બહિષ્કાર એ એક માત્ર દાબ છે જેના દ્વારા સમાજમાંથી આ પ્રકારની હાનિકારક આદતને દૂર કરી શકાય.

શારીરિક હત્યા કરતાં ચારિત્ર્યની હનન વધુ ખતરનાક છે. કોઈપણ સમાજ જે આ જઘન્ય અપરાધની કુપ્રથાની અવગણના કરે છે તે નિષ્ઠુર અને અમાનવીય છે.

## * જવાબદારીની ભાવના *

ઈસ્લામના મહત્વના ઉપદેશોમાંનો એક ઉપદેશ એ જવાબદારીની ભાવના છે. કુરાન મુજબ, જીવન એક ખૂબ જ ગંભીર બાબત છે, જેના કારણે દરેક વ્યક્તિએ જવાબદારીની સંપૂર્ણ ભાવનાથી રંગાએલા હોવું  જોઈએ.

કુરાનના અધ્યાય અલ-ઈસરા (રાત્રિની મુસાફરી) માં આ ખ્યાલ વિગતવાર છે;

**જ્યારે તમે માપો ત્યારે સંપૂર્ણ માપ આપો અને સમાન સંતુલન સાથે તોલશો. તે અંતમાં સૌથી ન્યાયી અને શ્રેષ્ઠ છે. જેનું તમને ચોક્કસ જ્ઞાન નથી તેને અનુસરશો નહીં; વાસ્તવમાં, બધા પાસેથી તેમની શ્રવણ, દ્રષ્ટિ અને બુદ્ધિનો હિસાબ લેવામાં આવશે. (૧૭:૩૫–૩૬)**

આપણે જે કહીએ છીએ તે બધું અનિવાર્યપણે આપણે બહારથી ભેગી કરેલી માહિતી પર આધારિત હોય છે. મૂળભૂત રીતે,  આપણી પાસે આના માટે ત્રણ સ્ત્રોત છે:

આપણે જે સાંભળીએ છીએ, જે જોઈએ છીએ અને આપણે જે વિચારીએ છીએ. આ ત્રણેય ઈન્દ્રિયો જે આપણને આપે છે તેને આપણે ડેટા કહી શકીએ, પરંતુ દરેક કિસ્સામાં ગેરસમજ અથવા ખોટી ગણતરીની શકયતા હોય છે, તેથી આપણે આપણા દરેક ઉચ્ચારણોમાં ચોક્કસ રહેવા માટે ખૂબ કાળજી રાખવી જોઈએ.

ઉપરોક્ત શ્લોકમાં વજન અને માપને લગતી અભિવ્યક્તિઓ પ્રતિકાત્મક રીતે વપરાયેલ છે. અહીં, માપન અથવા તોલવું એટલે બૌદ્ધિક માપન અથવા બૌદ્ધિક વજનના અર્થમાં લેવાયું છે. જ્યારે આપણે કોઈના વિશે અથવા કોઈપણ મુદ્દા વિશે વાત કરતાં હોઈએ ત્યારે આપણે ખૂબ જ સચોટ રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણું વર્તન વૈજ્ઞાનિક ધોરણ જેટલું ચોક્કસ હોવું જોઈએ.

ઉચ્ચ વિચાર અને સત્ય વાણી એ નૈતિક આવશ્યકતાઓ છે, આ બાબતોની ઉપેક્ષાના ખૂબ ગંભીર પરિણામો આવી શકે છે. સર્વશક્તિમાન ઈશ્વર માટે તો બધું જ જ્ઞાત છે, અને દરેક વ્યક્તિને તે કેવી રીતે બોલે છે અને વર્તે છે તે મુજબ જ ઈનામ કે સજા આપવામાં આવશે.

આમ હોવાને કારણે, દરેક સ્ત્રી-પુરુષે ખૂબ જ ગંભીર હોવું આવશ્યક છે. એક દિવસ તેને સર્વશક્તિમાન ઈશ્વર સમક્ષ રજૂ કરવામાં આવશે એવી દ્રઢ માન્યતા સાથે, દરેક વ્યક્તિએ પોતાની જાતને જવાબદારીની ઊંડી ભાવનાની કેળવણી આપવી જોઈએ.

દરેક વ્યક્તિને સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા જારી કરવામાં આવેલા અનિવાર્ય ચુકાદાનો સામનો કરવો પડશે. કુરાનનું આ શિક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણકે તે સમાજના ન્યાયી અને સ્વસ્થ સભ્ય તરીકે વ્યક્તિના નિર્માણ માટે એક મહાન પ્રોત્સાહન પૂરું પાડે છે.

અનુભવ બતાવે છે કે માત્ર ઉપદેશ પૂરતો નથી. કોઈ ઉપદેશ, ગમે તેટલો શક્તિશાળી હોય, લોકોને બદલી શકતો નથી; દરેક સારા ઉપદેશને વધુ એક વસ્તુની જરૂર છેઃ સજાનો ડર. તે માત્ર સજાનો ડર છે જે ખાતરી આપે છે કે લોકો યોગ્ય પ્રકારનું ચરિત્ર વિકસાવશે.

ઉચ્ચ વિચાર અને સત્ય વાણી એ નૈતિક આવશ્યકતાઓ છે, આ બાબતોની ઉપેક્ષાના ખૂબ ગંભીર પરિણામો આવી શકે છે.

જો તમે ઉપદેશો આપો છો, તો લોકો તેમના ઉપદેશોનું પાલન ન કરવાનું બહાનું શોધી કાઢશે. તે ફક્ત સજાનો ભય છે જે તાત્કાલિક વ્યક્તિગત હિત માટે તે ઉપદેશોને ગંભીરતાથી લેશે. આવો ભય યોગ્ય ભાવના કેળવે છે. જો તમારી પાસે ખોટા વર્તન માટે

કોઈ જબરદસ્ત બહાનું હોય, તો પણ તેનો ઉપયોગ કરશો નહીં. કારણ કે જો તમે એ બહાનું કરીને કઈ ખોટું કરશો, તો તમારે ભારે કિંમત ચૂકવવી પડશે અને કાયદો તો કાયદો છેઃ તે કોઈ બહાનું સ્વીકારતો નથી.

સજાના ડરમાં જીવવું એ નકારાત્મક લાગણી નથી. તે સંપૂર્ણપણે સકારાત્મક લાગણી છે. તે તમને જવાબદાર વ્યક્તિ બનાવે છે; તે સ્વ-શિસ્તની ભાવના કેળવે છે. તે તમને એક પ્રામાણિક વ્યક્તિ બનાવે છે, તમારા વ્યક્તિત્વમાં આવકાર્ય અનુમાનિતતાનું નિર્માણ કરે છે. અને તે તમને તમામ પ્રકારના વિચલનથી બચાવે છે.

જવાબદારીની ભાવના તમને તમારી બાબતોને શ્રેષ્ઠ રીતે સંચાલિત કરવા માટે તૈયાર કરે છે. તે તમને તમારા સમય, શક્તિ અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની ફરજ પાડે છે.

## * સ્ત્રીની ભૂમિકા *

કુરાનના તેમજ બાઈબલના અહેવાલો અનુસાર, હઝરત મૂસા (અ. સ.) નો જન્મ ઈઝરાયેલી પરિવારમાં થયો હતો. ઈજિપ્તના રાજા ફિરઓને આદેશ આપ્યો હતો કે ઈઝરાયલી બાળકોનો જન્મ થતાંની સાથે જ તેમને મારી નાખવામાં આવે. પરંતુ સર્વશક્તિમાન ઈશ્વરે દખલ કરી અને મૂસાને અપવાદ બનાવ્યા.

તેમની વાર્તાનો એક ભાગ કુરાનના અધ્યાય અલ-કસાસ (વાર્તાઓ)માં આપવામાં આવ્યો છે;

**અમે મૂસાની માતાને પ્રેરણા આપીઃ ''તેને સ્તનપાન કરાવો, પરંતુ જ્યારે તમે તેના માટે ડરતા હો, ત્યારે તેને નદીમાં વહેડાવી દો,ને ડરશો નહીં કે શોક કરશો નહીં. અમે ચોક્કસપણે તેને તમારી પાસે પરત કરીશું અને તેને પયગંબરોમાંથી એક (પયગંબર) બનાવીશું.'' અને એવું બન્યું કે ફિરઓનના લોકોએ તેને (નદીમાંથી) લઈ લીધો, ભવિષ્યમાં તેમના દુશ્મન અને દુઃખનો સ્ત્રોત બનવા માટે. ફિરઓન, હામાન અને તેમના સૈનિકો પાપી હતા. ફિરઓનની પત્નીએ તેને કહ્યું, ''આ બાળક મારા અને તમારા માટે ખુશીનું કારણ છે. તેને મારશો નહીં. કદાચ તે આપણા માટે ઉપયોગી થઈ શકે અથવા આપણે તેને પુત્ર તરીકે દત્તક લઈએ.'' તેમને ખબર ન હતી કે તેઓ શું કરી રહ્યાં હતાં. મૂસાની માતાનું હૃદય ચિંતાથી એટલું ભરેલું હતું કે તેણે લગભગ**

**તેની ઓળખ આપી દીધી હોત, જો અમે તેના હૃદયને [અમારા વચનમાં] દ્રઢ વિશ્વાસ રાખવા માટે ખાતરી આપી ન હોત. તેણીએ મૂસાની બહેનને કહ્યું, ''તું એની પાછળ પાછળ જા.'' તેથી તેણીએ તેની દૂરથી ભાળ રાખી, એક અજાણી વ્યક્તિ તરીકે, કોઈ જોઈ ન જાય એ રીતે અમે તેને પહેલાંથી જ બધી ધવડાવનાર નર્સોને ના પડાવી દીધી હતી. તેથી તેની બહેને તેઓને કહ્યું, 'શું હું તમને એવા કુટુંબ વિશે કહું કે જે તેને તમારા માટે ઉછેરે અને તેની સારી સંભાળ રાખે?' આ રીતે અમે તેને તેની માતા પાસે પરત કર્યો જેથી તેણીનું હૃદય શાંત થઈ જાય, અને તે દુઃખી ન થાય અને તે જાણી શકે કે અલ્લાહનું વચન હંમેશા સાચું છે. પરંતુ મોટાભાગના લોકો જાણતા નથી. (૨૮ઃ૭–૧૩)**

મૂસાની વાર્તાનો આ ભાગ આપણને એક રસપ્રદ ઉદાહરણ આપે છે કે એક સ્ત્રી કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. મૂસાની બહેન, મરિયમ, તે સમયે માત્ર પંદર વર્ષની હતી, તે ફિરઓનના મહેલમાં પ્રવેશવામાં સફળ રહી - જ્યાં કોઈ પુરૂષ માટે જવું અશકય હતું. સંભવતઃ તેણીની યુવાવસ્થા અને સ્ત્રીત્વને કારણે તેણી આમ કરી શકી હતી. આના પરથી એવું જણાય છે કે કયારેક પુરુષ કરતાં સ્ત્રી વધુ સૂક્ષ્મ ભૂમિકા ભજવી શકે છે. અને ઉપરોક્ત ઘટના આ વાસ્તવિકતાનું ખૂબ સરસ ઉદાહરણ આપે છે.

કુરાન અનુસાર, સ્ત્રીઓ અને પુરુષો પ્રકૃતિમાં એકબીજાથી અલગ જન્મે છે. કુરાન માને છે કે આદરને પાત્ર હોવાના અર્થમાં સ્ત્રીઓ અને પુરુષો બંને સમાન છે, પરંતુ તેઓ જે ભૂમિકા ભજવે છે તેમાં તેઓ અલગ છે.

પુરુષો અમુક કાર્યો સ્ત્રીઓ કરતાં વધુ સારી રીતે કરી શકે છે, અને તે જ રીતે, સ્ત્રીઓ અમુક કાર્યો પુરુષો કરતાં વધુ સારી રીતે કરી શકે છે. આ ઈશ્વરે રચેલ સર્જનની યોજના પ્રમાણે છે. કુરાન મનુષ્ય તરીકે સ્ત્રી અને પુરુષની સમાનતાનો પ્રસ્તાવ આપે છે, પરંતુ હાથમાં લેવાના બધા અને દરેક પ્રકારના કાર્ય માટે આ નિયમ લાગુ પડતો નથી. ઉપરોક્ત વાર્તા આનું સારું ઉદાહરણ પૂરું પાડે છે.

## કુરાન માને છે કે આદરને પાત્ર હોવાના અર્થમાં સ્ત્રીઓ અને પુરુષો બંને સમાન છે, પરંતુ તેઓ જે ભૂમિકા ભજવે છે તેમાં તેઓ અલગ છે.

માનવ જીવનના વિવિધ પાસાઓ હોય છે; તેને જીવનના દરેક ક્ષેત્રમાં વિવિધ પ્રકારના ઉપક્રમો માટે વિવિધ ક્ષમતાઓની જરૂરત હોય છે. તેથી જ સર્વશક્તિમાન ઈશ્વરે સ્ત્રીઓ અને પુરુષોને જુદા જુદા ગુણોથી બનાવ્યા છે. આ તફાવત ચોક્કસ જરૂરિયાતોને અનુરૂપ છે. સૃષ્ટિની આ વાસ્તવિકતાને સ્વીકારીને જ સારા માનવજીવનનું નિર્માણ થઈ શકે છે.

# * વાણી પર કાબૂ *

કુરાનના મહત્વના ઉપદેશોમાંનો એક છે જેને 'વાણી પર કાબૂ' કહી શકાય. એટલે કે, જવાબદારીની આત્યંતિક ભાવના સાથે શબ્દોનો ઉપયોગ કરવો અને પોતાની જીભને નિયંત્રણમાંથી બહાર ન જવા દેવી.

કુરાનના અધ્યાય અલ-નિસા' (સ્ત્રીઓ) માં આ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે;

**તેમની મોટાભાગની ગુપ્ત વાતોમાં કંઈ સારું નથી, સિવાય કે જેઓ દાન અને દયા, અથવા લોકો વચ્ચે સમાધાનનો આદેશ આપે છે. જો કોઈ એવું કરે છે, અલ્લાહનો રાજીપો મેળવવા માટે, અમે તેને અપાર ઈનામ આપીશું. (૪:૧૧૪)**

કુરાનનો આ શ્લોક ખાસ ગુપ્ત વાતોથી સંબંધિત નથી. તેમાં તમામ પ્રકારની વાતો અને સંવાદોનો સમાવેશ થાય છે. માણસને આપેલી વાણી શક્તિ એ ખૂબ જ દુર્લભ ગુણ છે. તે સ્ત્રીઓ અને પુરુષો બંને માટે એક વિશિષ્ટ વરદાન છે. પરંતુ, દરેક ભેટમાં જવાબદારીનો સમાવેશ હોય છે, અને આ વાત, વાણીની શક્તિના કિસ્સામાં ખાસ કરીને લાગુ પડે છે. વ્યક્તિએ આ શક્તિનો ઉપયોગ ખૂબ સાવધાની સાથે કરવો જોઈએ.

વાણી મૂલ્યવાન હોવા માટે, એનો ઉપયોગ તે ક્ષેત્રમાં થવો જોઈએ જે માનવજાતને ઉપયોગી હોય. વાણીનો આવો ઉપયોગ પુરસ્કારને પાત્ર છે, જ્યારે વાણીનો દુરુપયોગ સજાને પાત્ર છે.

સ્પીચ મેનેજમેન્ટની કળાનો અર્થ છે તમારી જીભ પર નિયંત્રણ, બોલતા પહેલાં વિચારવું અને તમારે જે કહેવું છે તેની અસરની અગાઉથી ગણતરી કરવી.

તમારે નકારાત્મક વાતો, જૂઠું બોલવું, તથ્યોની ખોટી રજૂઆત અને બે વ્યક્તિઓ અથવા બે જૂથો વચ્ચે અણબનાવ અથવા શંકા પેદા કરી શકે તેવા કોઈપણ પ્રકારનાં ઉચ્ચારણો ટાળવા જોઈએ. વાણીનો સામાન્ય રીતે દુરુપયોગ ત્યારે થાય છે જ્યારે લોકો આક્ષેપ અને પુરાવાના આધારે નિવેદન વચ્ચેનો તફાવત જાણતા નથી.

જો તમારે કોઈના વિશે કંઈપણ કહેવું હોય તો સૌથી પહેલાં તમારે એ તપાસવું પડશે કે તમારે જે કહેવું છે તેને તાર્કિક સમર્થન છે કે નહીં. જો તમારી પાસે બોલવાનું યોગ્ય કારણ હોય, તો તમે તમારું મોં ખોલી શકો છો, નહીં તો તમારે મૌન રહેવું જોઈએ. અહીં વિકલ્પો સ્પષ્ટ છે.

યોગ્ય વાણી શું છે? યોગ્ય વાણી એ છે જે સત્ય પર આધારિત છે, જે તટસ્થ

વિશ્લેષણ માટે ઊભું રહેશે-પ્રમાણિત માહિતી પર આધારિત હશે જે સકારાત્મક હશે - અને જે કોઈ બિનજરૂરી સમસ્યાઓ ઊભી કરશે નહીં.

તમામ માનવ પ્રવૃત્તિઓ કોઈને કોઈ રીતે વાણી સાથે સંબંધિત છે. તેથી, દરેક સ્ત્રી-પુરુષે એવી રીતે બોલવાની કળા વિકસાવવી જોઈએ જે સકારાત્મક હોય અને જે કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના તમામ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સ્વસ્થ વાતાવરણ બનાવે. સારી વાણી એ રાષ્ટ્ર નિર્માણનો આધાર છે.

**સ્પીચ મેનેજમેન્ટની કળાનો અર્થ છે તમારી જીભ પર નિયંત્રણ, બોલતા પહેલાં વિચારવું અને તમારે જે કહેવું છે તેની અસરની અગાઉથી ગણતરી કરવી.**

લોકો સામાન્ય રીતે શિસ્ત વિના જીવે છે; તેઓ તેમની પ્રવૃત્તિઓ પર કોઈપણ જાતનું નિયંત્રણ પસંદ નથી કરતા. વાણીની બાબતમાં આ ખૂબ જ સાચું છે. યોગ્ય વાણી એટલે શિસ્તબદ્ધ વાણી, યોગ્ય રીતે નિયંત્રિત રીતે વાત કરવી. એટલે કે શબ્દોને તોળી તોળીને બોલવું. નિરર્થક વાણી કોઈપણ માટે સારી નથી, જ્યારે સારી રીતે બોલવામાં આવતી વાણી એ ઘણી મોટી સકારાત્મકતાઓનો સ્ત્રોત છે.

સ્પીચ મેનેજમેન્ટની કળા એ સ્ત્રી-પુરુષ બધા માટે સૌથી મહત્વપૂર્ણ કળા છે. આ કળા કેળવ્યા વિના પુરુષ એ અડધો જ પુરુષ અને સ્ત્રી એ અડધી જ સ્ત્રી છે. ફક્ત તે જ - સ્ત્રીઓ અને પુરુષો - કે જેમણે યોગ્ય વાણીની કળા વિકસાવી છે, તેમને સંપૂર્ણ માનવી કહી શકાય.

## * તમારી ઈચ્છાઓના ગુલામ ન બનો *

ઈચ્છાઓ માનવ સ્વભાવનો અભિન્ન અંગ છે. તમામ સ્ત્રી-પુરુષો તેમની ઈચ્છાઓ પૂરી કરવા તરફ મજબૂત વલણ ધરાવે છે અને આ તેમની સૌથી મોટી નબળાઈ છે. આ નિષ્ફળતાના ગુરુત્વાકર્ષણને દર્શાવતા, કુરાનનો અધ્યાય અલ-જથિયાહ (ઘૂંટણિયે પડવું) આપણને આ વિષય પર ચિંતાજનક શબ્દોમાં ચેતવણી આપે છે;

**જેમણે પોતાની ઈચ્છાઓને પોતાનો અલ્લાહ માની લીધો છે અને તેથી અલ્લાહે તેઓને જાણી જોઈને ભટકી જવા માટે છોડી દીધા, તેમના કાન અને હૃદય પર મહોર લગાવી દીધી અને તેમની દ્રષ્ટિ પર આવરણ મૂકી દીધું. અલ્લાહ સિવાય તેમને કોણ માર્ગદર્શન આપી શકે? તો શું તમે બધા બોધપાઠ નહીં લો? (૪૫:૨૩)**

ઈચ્છા એ વ્યક્તિત્વનો આવશ્યક ભાગ છે. પરંતુ તે એન્જિન માટે ગ્રીસ જેવું છે, અને નહીં કે એન્જિનના ડ્રાઈવર જેવું. ઈચ્છા એક પ્રેરક શક્તિ તરીકે કામ કરી શકે છે પરંતુ ઈચ્છા પ્રત્યેનો વિચારહીન ઝુકાવ આપત્તિ તરફ દોરી જાય છે. જો તમે સફળ થવા માંગતા હો, તો તમારા જીવનને તર્કસંગત રીતે ચલાવવાનો પ્રયાસ કરો. તેને તમારી ઈચ્છાઓને સોંપી ના દો. યાદ રાખો કે જો ઈચ્છા આંધળી છે તો બુદ્ધિ અને સમજદારી તેની આંખો છે.

કહેવાય છે કે માણસ ઈચ્છાઓનો ગુલામ છે. પરંતુ આ કહેવત માત્ર અડધા સત્યને વ્યક્ત કરે છે. એ હકીકત છે કે માનવનું મન ઈચ્છાઓથી ભરેલું છે પણ સાથે સાથે એ પણ સાચું છે કે માણસના મનમાં તાર્કિક વિચાર કરવાની ક્ષમતા પણ હોય છે.

જો તમને એમ થાય કે તમારું મન ઈચ્છાઓથી ભરાઈ ગયું છે, તો પહેલાં આ ઈચ્છાઓને વાસ્તવિકતાના પ્રકાશમાં તપાસો. તેના સંભવિત પરિણામોના સંદર્ભમાં તેનું મૂલ્યાંકન કરો, અને તેને પરિપૂર્ણ કરવા માટે તે શક્ય છે કે નહીં તે હેતુપૂર્વક ચકાસો. તેની બધી સંભવિત અસરોની ચકાસણી દ્વારા તેનો નિર્ણય કરો, પછી ભલે તે સારી હોય કે ખરાબ. આમ, સંપૂર્ણ નિરીક્ષણ કર્યા પછી, જો તમે સંતુષ્ટ હોવ કે તેના પરિણામો ફાયદાકારક રહેશે, તો આગળ વધો અને તમારી ઈચ્છા પૂરી કરો - પરંતુ ખૂબ કાળજીજી અને આયોજન સાથે.

તમારી ઈચ્છાઓ પાછળ આંધળી દોટ ના મૂકો. જો તમે તમારી ઈચ્છાઓને બધી તપાસ કર્યા પછી અનુસરતા હોવ તો પણ, તેમને વારંવાર ફરી ફરીને તેને તપાસતા રહો. અંતિમ પરિણામની રાહ ન જુઓ, પરંતુ જેમ જેમ તમે આગળ વધો તેમ તેમ તેનું મૂલ્યાંકન અને પુન:મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખો. જો તમને ખબર પડે કે તમે ખોટું પગલું ભર્યું છે તો પાછા ફરવું પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પાછા ના ફરી શકાય એવી સ્થિતિનું નિર્માણ થયા પહેલાં તમારી યાત્રા રોકી દો.

**યોગ્ય ઈચ્છાઓ તમારા ચારિત્ર્યના વિકાસ માટે મદદરૂપ થાય છે.**
**પરંતુ ગેરવ્યાજબી ઈચ્છાઓ તમારા વ્યક્તિત્વ માટે હાનિકારક છે.**

ઈચ્છાઓ વિભિન્ન પ્રકારની હોય છે - જેમાંથી અમૂક ગેરવ્યાજબી હોય છે. તમારે આ પ્રકારની ઈચ્છાઓથી દૂર રહેવું પડશે. અન્ય  ઈચ્છાઓ એકદમ યોગ્ય હોય છે અને તમે તેને પૂરી કરી શકો છો. પરંતુ એ હકીકતને હંમેશા ધ્યાનમાં રાખો કે દરેક ઈચ્છા ચોક્કસ સીમાઓમાં રહેવી જોઈએ. સારી ઈચ્છાઓ પણ એની મર્યાદામાં હોય તો જ ઉપયોગી છે.

યોગ્ય ઈચ્છાઓ તમારા ચારિત્ર્યના વિકાસ માટે મદદરૂપ થાય છે. પરંતુ ગેરવ્યાજબી ઈચ્છાઓ તમારા વ્યક્તિત્વ માટે હાનિકારક છે. જો તમે તમારી નકામી અને ખરાબ ઈચ્છાઓનું પાલન કર્યા કરશો તો તે તમારા ભવિષ્યને એટલી હદે બરબાદ કરી શકે છે કે તમે તેમની અસરોમાંથી ક્યારેય પુનઃપ્રાપ્તિ નહીં કરી શકો. તેથી તમારે એવું જીવન જીવવું જોઈએ જે સમજદારી આધારિત હોય અને ઈચ્છા આધારિત નહીં.

ફક્ત પોતાના સ્વાર્થ ખાતર, ઈચ્છાઓને મૂલવશો નહીં. હંમેશા તેની પરિપૂર્ણતાના પરિણામની દ્રષ્ટિએ તેનો નિર્ણય કરો. આ પરિણામ એકમાત્ર માપદંડ છે જેના દ્વારા તે નક્કી કરી શકાય છે કે તમારા જીવન માટે ઈચ્છા સારી છે કે ખરાબ. ઈચ્છાઓને દૂર કરી શકાતી નથી, પરંતુ તે ચોક્કસપણે નિયંત્રિત કરી શકાય છે. તમારી ઈચ્છાઓના શિકાર ન બનો. તમારી ઈચ્છાઓ પર સારી રીતે નિયંત્રણ હોવાનું સાબિત કરો.

# * નાણાંની સંસ્કૃતિ *

પૈસાની સાપેક્ષમાં, આપણા સમાજમાં બે પ્રકારની સંસ્કૃતિ પ્રવર્તે છે - માણસ માટે પૈસા અને પૈસા માટે માણસ. કુરાન "પૈસા માટે માણસ" ના ખ્યાલને નકારી કાઢે છે, જ્યારે બીજા ખ્યાલ "માણસ માટે પૈસા" ને આવકારે છે.

અત્ - તકાથુર (વધુને વધુની લાલચ) પ્રકરણમાં કુરાનનું આ કહેવું છે;

**વધુ ને વધુ પ્રાપ્ત કરવાની લાલસાથી તમે વિચલિત થયા હતાં.**
**તમે કબર સુધી પહોંચી જાવ છો ત્યાં સુધી. (૧૦૨:૧–૨)**

કુરાનના ખ્યાલ મુજબ, પૈસા અથવા ભૌતિક ચીજવસ્તુઓ માત્ર માણસની જરૂરિયાતો પૂરી કરવા માટે છે. પૈસા પોતે એક ધ્યેય નથી. પૈસા માણસની ભૌતિક જરૂરિયાતો પૂરી કરી શકે છે, પરંતુ માણસ ભૌતિક અસ્તિત્વ કરતાં વધુ છે. માણસ એક બૌદ્ધિક જીવ છે, અને આ રીતે તે પૈસા કરતાં ઊંચા એવા વૈકલ્પિક ધ્યેયને અનુસરવામાં પરિપૂર્ણતા મેળવી શકે છે.

માણસ માટે તે ઉચ્ચ ધ્યેય શું છે? તે બૌદ્ધિક વિકાસ છે; જે તેના વ્યક્તિત્વના આધ્યાત્મિક સ્વભાવને પ્રગટ કરવા માટે છે; તે તેની માનસિક ક્ષમતા વધારવા માટે છે. આ બધી વસ્તુઓ માણસના શારીરિક અસ્તિત્વ કરતાં ચડિયાતી છે.

જ્યારે માણસ પૈસાને પોતાની જરૂરીયાતો પૂરી કરવાના સાધન તરીકે ઉપયોગ કરે છે, ત્યારે તે સાચા માર્ગ પર રહે છે. તે જીવનના માર્ગ પર સરળતાથી અને સફળતાપૂર્વક મુસાફરી કરી શકે છે. પરંતુ જ્યારે તે પૈસાને તેના સર્વોચ્ચ ધ્યેય તરીકે લે છે, ત્યારે તે ભટકી જાય છે. સ્ત્રીઓ અને પુરુષો બંને માટે માત્ર પૈસા-લક્ષી વિચારસરણી એ સાચા માર્ગથી વિચલિત થવાનો સૌથી મોટો સ્ત્રોત છે.

માણસ પૈસા કરતા મોટો છે. માણસે ઉચ્ચ હેતુ માટે જીવવું જોઈએ અને તેણે માત્ર પોતાની રચનાત્મક પ્રવૃત્તિઓના આધાર તરીકે પૈસાનો ઉપયોગ કરવો જોઈએ . પૈસો માણસ માટે ચોક્કસપણે ઉપયોગી છે પરંતુ જો તે જીવન નિર્વાહ માટે  પૈસાની પ્રાપ્તિ અને સંગ્રહ પર ધ્યાન કેન્દ્રિત કરે તો એ ચોક્કસપણે ખોટો વિકલ્પ છે.

પૈસા તમને ભૌતિક આરામ આપે છે, પરંતુ તે તમને સદબુદ્ધિ અને શિક્ષણ આપી શકતું નથી. તમારા માટે સત્ય, સદબુદ્ધિ, વિદ્યા અને આખરે ઉચ્ચ ધ્યેયના શોધક તરીકે જીવવાનો માર્ગ શ્રેષ્ઠ છે. માણસ માટે જીવનનો એ જ માર્ગ સાચો છે.

એ સાચું છે કે નાણાં અસરકારક રીતે ભૌતિક સહાય કરે છે. તે અર્થમાં, તે એક સારો સહાયક છે. પરંતુ તે સારો નેતા નથી. પૈસાની લાલસા ધરાવતો માણસ તે વ્યક્તિ જેવો છે જેણે પૈસાને પોતાનો નેતા બનાવ્યો છે. જરૂરિયાતોને અનુરૂપ પૈસો સારો છે, પરંતુ વધારે પડતા પૈસા ખરાબ છે. તમારી જાતને લોભ-લાલચથી બચાવો અને પછી તમે તમારી જાતને વધુ પડતા પૈસા-લક્ષી થવાથી બચાવી શકશો.

**પૈસા તમને ભૌતિક આરામ આપે છે, પરંતુ તે તમને સદબુદ્ધિ અને શિક્ષણ આપી શકતું નથી. તમારા માટે સત્ય, સદબુદ્ધિ, વિદ્યા અને આખરે ઉચ્ચ ધ્યેયના શોધક તરીકે જીવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.**

પૈસા કેટલીક બાબતોમાં ખૂબ જ મદદરૂપ છે, ઉદાહરણ તરીકે, જ્યારે તેનો ઉપયોગ જ્ઞાન મેળવવા અથવા પુસ્તકાલય અથવા કોલેજની સ્થાપના માટે થાય છે. આવી ઘણી પ્રવૃત્તિઓ છે જેમાં પૈસાની જરૂરત હોય છે. ખરેખર, પૈસા વિના આ પૃથ્વી પર સફળ જીવન જીવવું ખૂબ જ મુશ્કેલ છે.

પૈસાના સકારાત્મક અને નકારાત્મક એમ બંને પાસાઓ છે. પૈસાનું એક સકારાત્મક પાસું એ છે કે તે યોગ્ય ઉદ્દેશ્યો માટે સારો માલસામાન પૂરો પાડે છે, જ્યારે નકારાત્મક પાસું એ છે કે તેનો કબજો ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ લેવા જેવો હોઈ શકે છે. અને ક્યારેક ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ, તે લેનાર વ્યક્તિને મારી જ નાખે છે.

# * બધા પાસેથી શીખો *

કુરાન શિક્ષણ પર ખૂબ મહત્વ આપે છે, કારણકે શિક્ષણ એ બૌદ્ધિક વિકાસની પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે, તેમજ તેને ટકાવી રાખે છે. અધ્યાય મરિયમ (મેરી) માં કુરાનની એક આયાત, પયગંબર ઈબ્રાહીમ અને તેમના પિતા સાથે થયેલો વાર્તાલાપ આ સંદેશનું નોંધપાત્ર ઉદાહરણ આપે છે;

**પિતાજી, મને એવું જ્ઞાન આપવામાં આવ્યું છે જે તમારી પાસે નથી આવ્યું, તો મને અનુસરોઃ હું તમને સીધો માર્ગ બતાવીશ. (૧૯:૪૩)**

દેખીતી રીતે, ઈબ્રાહીમના પિતા, જેઓ અઝર તરીકે ઓળખાતા હતા, તે ઈબ્રાહીમના વડીલ હતા. તેથી તેમનાથી ખૂબ જ નાના હોય એની સલાહ લેવા માટે તે અનિચ્છા દર્શાવી શકતા હતા. પરંતુ શીખવાની બાબતમાં, વરિષ્ઠ કે સગીરનો કોઈ અર્થ નથી, કારણકે જ્ઞાન બાબતે તો શબ્દો અને વાત પર ધ્યાન આપવું જોઈએ, પછી ભલે તે શબ્દો બોલનાર વ્યક્તિની ઉંમર બહુ નાની હોય.

આ જ શીખવાની સાચી ભાવના છે. આ ભાવના વિના, શીખવાની પ્રક્રિયા ચાલુ થયા વગરની જ રહેશે. અને શીખવાનું ચાલુ થયા વિના, બૌદ્ધિક વિકાસ થઈ શકતો નથી. જો તમે બૌદ્ધિક રીતે શ્રેષ્ઠ વ્યક્તિ બનવા માંગતા હો, તો દરેક અને વિવિધ લોકો પાસેથી જ્ઞાન મેળવવાની ટેવ અપનાવો.

જ્ઞાન અને સદબુદ્ધિનું બ્રહ્માંડ એટલું વિશાળ છે કે તેને કોઈપણ એક મગજથી આવરી શકાતું નથી. એક જ વસ્તુ જે તમને વધુને વધુ જ્ઞાન મેળવવામાં મદદ કરી શકે છે, અને તે છે કુરાનમાં ઉલ્લેખિત જ્ઞાન મેળવવાની ભાવના. દરેક વ્યક્તિએ દિવસ અને રાત અનેક અલગ-અલગ સ્ત્રોતમાંથી જ્ઞાન મેળવવાની અતૃપ્ત બૌદ્ધિક તરસ વિકસાવવી જોઈએ.

જ્ઞાન એક વિશાળ મહાસાગર જેવું છેઃ તેની વિશાળતાની વિરુદ્ધ જઈને, કોઈપણ વ્યક્તિ આત્મનિર્ભર બની શકતી નથી. જ્ઞાન મેળવવાની પ્રક્રિયા એક સંયુક્ત સાહસ જેવું હોવું જોઈએ, જેમાં દરેક વ્યક્તિ બીજા બધા પાસેથી કંઈક મેળવે છે. અહીં લેનાર આપનાર છે અને આપનાર લેનાર છે. દરેક વ્યક્તિ બંને ભૂમિકા ભજવે છે.

જ્ઞાન મેળવવાની ઘણી રીતો છે, તેમાંથી એક રીત ચર્ચા અથવા સંવાદ છે. ચર્ચા કે સંવાદ એ માત્ર વાદવિવાદની પ્રથા નથી; તે એક બૌદ્ધિક વિનિમય છે. ચર્ચાને ફળદાયી

બનાવવી હોય, તો તેને નિરપેક્ષતાની જરૂરત હોય છે અને તેને આપ-લેની ભાવનાથી આગળ વધારવી જોઈએ.

પુસ્તકો જ્ઞાનનો મોટો સ્ત્રોત છે. પરંતુ પુસ્તકોનો અભ્યાસ માત્ર વાંચન નથી. તે અન્ય વિચારકો અને વિદ્વાનો સાથે સંપર્ક અને મસલત સ્થાપિત કરે છે. જો વાચકમાં સાચી ભાવના હોય અને વૈશ્વિક સ્ત્રોતોમાંથી જ્ઞાન મેળવવાની ક્ષમતા હોય તો તે વૈશ્વિક ચર્ચા જેવું છે. પુસ્તકાલય આ માટેનું સ્થળ છે, કારણકે તે વૈશ્વિક સભા ખંડ જેવું છે. પુસ્તકાલય તમારા માટે વિશ્વના અન્ય વિચારકો સુધી પહોંચવાનું શક્ય બનાવે છે.

**જ્ઞાન મેળવવાની ઘણી રીતો છે, તેમાંથી એક રીત ચર્ચા અથવા સંવાદ છે. ચર્ચા કે સંવાદ એ માત્ર વાદવિવાદની પ્રથા નથી; તે એક બૌદ્ધિક વિનિમય છે. ચર્ચાને ફળદાયી બનાવવી હોય, તો તેને નિરપેક્ષતાની જરૂરત હોય છે અને તેને આપ-લેની ભાવનાથી આગળ વધારવી જોઈએ.**

શીખવાની પ્રક્રિયા દરેક માટે આવશ્યક છે અને તે સ્ત્રી-પુરુષ બંનેને લાગુ પડે છે. વૃદ્ધ માણસને તેની એટલી જ જરૂરત છે જેટલી યુવાનને. મહાન વિદ્વાનો પણ આ બાબતમાં અપવાદ નથી. એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે, 'શિક્ષણની ભાવના સાથે જીવો અને શિક્ષણની ભાવના સાથે જ મૃત્યુ પામો.' શીખવું એ આજીવન પ્રક્રિયા છે. તેની શરૂઆત છે, પણ અંત નથી.

ઈસ્લામના પયગંબરે એકવાર કહ્યું હતું કે તમારે જ્ઞાન મેળવવું જોઈએ, ભલે તેના માટે તમારે પૃથ્વીના છેડા સુધી જવું પડે. આ ઉપદેશ, શિક્ષણની સાચી ભાવના દર્શાવે છે. અને તમામ સ્ત્રી-પુરુષોએ આ ભાવનાથી તરબોળ થવું જોઈએ.

## * છ જાદુઈ શબ્દો *

કુરાન, સર્વશક્તિમાન ઈશ્વરે બ્રહ્માંડની રચના કેવી રીતે કરી તેનું વર્ણન આપે છે. આવા જ એક નિવેદનમાં કુરાન, અધ્યાય અસ્ - સજદા (સજદો) માં આપણને કહે છે કે ઈશ્વરે બ્રહ્માંડનું સર્જન છ દિવસમાં કર્યું છે;

**એ અલ્લાહ છે જેમણે આકાશો અને પૃથ્વી અને તેની વચ્ચેની દરેક વસ્તુને છ દિવસમાં બનાવી, અને પછી તેણે પોતાની જાતને સિંહાસન પર સ્થાપિત કરી.**

**તેના સિવાય તમારો કોઈ આશ્રયદાતા નથી અને ન તો કોઈ મધ્યસ્થી છે. તો શું તમે બોધપાઠ નહિ લો? (૩૨:૪)**

કુરાનમાં છ નો આંકડો સર્જનના સંદર્ભમાં આપવામાં આવ્યો છે, પરંતુ તે આપણને જીવન-નિર્માણ માટે એક મહત્વપૂર્ણ સંકેત પણ આપે છે. આ સૂત્રમાં ફરીથી છ શબ્દોનો સમાવેશ થાય છેઃ નકારાત્મકતાની કમી કરો, સકારાત્મકતાનો લાભ લો.

વાસ્તવમાં, ઈશ્વરે આ વિશ્વને એવી રીતે બનાવ્યું છે કે તે ખૂબ જ શક્યતાઓથી ભરેલું છે. દર વખતે જ્યારે તમે તમારી જાતને એવી પરિસ્થિતિમાં પામો છો કે જ્યાં તમે અનિચ્છનીય નકારાત્મક પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા હોવ, ત્યારે ખાતરી રાખો કે તમને અનુકૂળ ઘણા સકારાત્મક પાસાઓ પણ હશે.

તેથી, નિરાશ અથવા દુઃખી ન થાઓ, પરંતુ તે સકારાત્મક પાસાઓ શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરો. ખૂબ જ ટૂંક સમયમાં તમે જોશો કે, સ્પષ્ટપણે, સકારાત્મક પાસાઓ નકારાત્મક પાસાઓ કરતા વધારે હશે.

જીવન એ દરેક માટે એક કસોટી છે, દરેક સમસ્યારૂપ પરિસ્થિતિ તેની સાથે પ્રતિક્રિયાનું સોપાન લાવે છે. આવી દરેક પરિસ્થિતિ એક બૌદ્ધિક પડકાર રજૂ કરે છે જેમાં તે તમારા મનને જાગૃત કરે છે અને તમને નકારાત્મક તત્વોના જંગલમાંથી સકારાત્મક તત્વોને બહાર કાઢવા માટે ફરજ પાડે છે.

દરેક સ્ત્રી અને પુરુષને જીવનની સમસ્યાઓનો સામનો કરવા માટેના કુદરતના સૂત્રથી વાકેફ થવું જોઈએ, એટલે કે અગાઉથી ખાતરી થઈ જાય કે આ પડકારો તો અસ્થાયી છે અને પ્રકૃતિમાં કાયમી નથી અને પછી સમજદારીપૂર્વક અને સાવચેતીપૂર્વક આયોજન કરીને તમારા માર્ગમાં જે અવરોધો આવે તેને દૂર કરવાનો પ્રયાસ કરતા રહો. તમને જલ્દી જ ખબર પડશે કે આવા પડકારો તમારા જીવનમાં પગથિયાં માત્ર છે.

જીવનની નકારાત્મકતા એ માત્ર નકારાત્મકતા નથી. તે વર્ધક તરીકે કામ કરે છે, તે તમારા મનને જાગૃત કરે છે, તે તમારી બૌદ્ધિક ક્ષમતાને વધારે છે, તે તમને વધુ ઊર્જા અને બુદ્ધિ સાથે સંઘર્ષની પ્રક્રિયામાં પ્રવેશવા સક્ષમ બનાવે છે. નકારાત્મક વસ્તુઓનું કામ તમારી સફળતા કેટલા મોટા પાયે હશે એની ખાતરી આપે  છે.

જીવનમાં નકારાત્મક અડચણો રસ્તા પરનાં ઘર્ષણના નાના બિંદુઓ જેવી છે. દરેક માર્ગમાં આવા ઘર્ષણના નાના બિંદુઓ હોય છે, પરંતુ આ બિંદુઓ માર્ગ પર

વાહનની ગતિને વેગ આપે છે; માનવ જીવનને માટે પણ આવું જ છે. જીવનમાં આવતા પ્રશ્નોને આ ઘર્ષણ સાથે સરખાવી શકાય.

**દરેક સમસ્યારૂપ પરિસ્થિતિ તેની સાથે પ્રતિક્રિયાનું સોપાન લાવે છે. આવી દરેક પરિસ્થિતિ એક બૌદ્ધિક પડકાર રજૂ કરે છે જેમાં તે તમારા મનને જાગૃત કરે છે અને તમને નકારાત્મક તત્વોના જંગલમાંથી સકારાત્મકત તત્વોને બહાર કાઢવા માટે ફરજ પાડે છે.**

હકીકતમાં, નકારાત્મકતા અને સકારાત્મકતા બંને સાપેક્ષ શબ્દો છે. વાસ્તવિક જીવનમાં, દરેક ઓછા પછી વત્તા હોય છે, અને દરેક વત્તા પછી ઓછા હોય છે. જીવનની સફર બે પૈડાંવાળા વાહનમાં મુસાફરી કરવા જેવી છે, જેમાં બંનેનું સમાન મહત્વ છે, એક પૈડું સકારાત્મક પરિસ્થિતિઓનું પ્રતિનિધિત્વ કરે છે તો બીજું નકારાત્મક પરિસ્થિતિઓનું. તમે તમારા વાહનને એક પૈડા પર ચલાવી શકતા નથી; જીવનના વાહનને સકારાત્મક અને નકારાત્મક એમ બંને પૈડાંની આવશ્યકતા છે. તે કુદરતના નિયમોમાંનો એક છે, અને કુદરતી નિયમોમાંથી કોઈ છૂટકો નથી.

સફળતા માટેના સૂત્રમાં માત્ર છ શબ્દોનો સમાવેશ થાય છે. આ છ શબ્દોને ધ્યાનમાં રાખો અને સફળતાની ખાતરી રાખો.

## * બેવડા ધોરણો ન અપનાવો *

કુરાન અનુસાર, બેવડા ધોરણો ધરાવવા એ ખરાબ ચરિત્રની નિશાની છે. અધ્યાય અસ્ - સફ (દરજ્જાઓ) ની આ બે પંક્તિઓ આ સંદેશને સુસંગત છે;

**ઓ આસ્થાવાનો! જે તમે કરતા નથી તે કહો છો શા માટે? તમે જે ઉપદેશ આપો છો તેનું જો તમે પાલન ના કરો તો અલ્લાહને ત્યાં તે સૌથી વધુ ધિક્કારપાત્ર છે. (૬૧:૨-૩)**

બેવડા ધોરણો જગતમાં નાપસંદ છે. તે એક પ્રકારનો દંભ છે અને દંભ ઈસ્લામમાં તેમજ પ્રકૃતિમાં સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. બેવડા ધોરણો ધરાવનાર વ્યક્તિ પોતાની જાતને સારી વ્યક્તિ માને છે પરંતુ અન્યની નજરમાં તે ચોક્કસપણે ખરાબ વ્યક્તિ છે. બેવડા ધોરણો વ્યક્તિગત સત્યનિષ્ઠાનો ભાગ હોઈ શકે નહીં. સત્યનિષ્ઠા વિશ્વાસનો એક ભાગ છે. જે વ્યક્તિ તેની સત્યનિષ્ઠા ગુમાવે છે તે પરિણામે તેનો વિશ્વાસ ગુમાવે છે.

બેવડા ધોરણો વ્યક્તિત્વ વિકાસમાં કાયમી અવરોધ છે. જે લોકો આદતપૂર્વક બેવડા ધોરણોનું પાલન કરે છે તેઓ મજબૂત વ્યક્તિત્વના હોતા નથી. આ પ્રકારના લોકો અનિવાર્યપણે નબળા વ્યક્તિત્વ સાથે જીવે છે અને નબળા વ્યક્તિત્વ સાથે જ મૃત્યુ પામે છે.

આવા લોકો પ્રમાણિકતાથી વંચિત હોય છે. તેઓ કહે છે કંઈક, અને કરે છે બીજું જ કંઈક. તેમનો ક્ષુલ્લક સ્વાર્થ તેમના વર્તનને નિયંત્રિત કરે છે. તેઓ મક્કમ સિદ્ધાંતો દ્વારા નહીં પરંતુ તત્કાલના લાભ દ્વારા નિયંત્રિત હોય છે. તેમનું વર્તન સિદ્ધાંત આધારિત કરતાં સ્વાર્થ આધારિત હોય છે.

બેવડા ધોરણો ધરાવતા લોકોનું પાત્ર ભરોસાપાત્ર નથી હોતું. આવા લોકો વાતો ઘણી બધી કરે છે, પરંતુ તેમણે સોગંદ લઈ કરેલા સંકલ્પોનું ઠોસ કાર્ય સાથે સમર્થન કરવામાં તેઓ નિષ્ફળ રહે છે. પરિણામે, તેઓ ખૂબ જ ટૂંક સમયમાં તેમના સમાજનો ભરોસો ગુમાવે છે. તેઓ દેખાવે માનવ જ હોય છે પરંતુ, હકીકતમાં, તેઓ બિનમાનવ જીવો જેવા લાગે છે.

બેવડા ધોરણો રાખવાનો અર્થ એવો થાય છે કે વાત કંઈક બીજી જ કહેવી અને પછી વર્તન કંઈક અલગ જ કરવું. આ પ્રકારનું ચરિત્ર સૃષ્ટિથી અલગ જ છે. કોઈ જાનવર સુધ્ધાં આ પ્રકારનું ચરિત્ર દર્શાવતું નથી. માત્ર માનવી જ આ પ્રકારનું અમાનવીય વર્તન દર્શાવે છે.

આપણી જીભ બેવડી વાતો કરવા માટે બનાવવામાં આવી નથી. આપણું મન બેવડા વિચારોને પોષવા માટે બનાવવામાં આવ્યું નથી. આપણું વ્યક્તિત્વ આ રીતે જીવન જીવવા માટે નથી બનાવવામાં આવ્યું. જે બેવડી વાતો અને બેવડી વિચારસરણીમાં ઉતરે છે તે સત્યની આ દુનિયામાં અસ્વિકૃત બની જાય છે. આપણું વિશ્વ સત્યનું વિશ્વ છે અને તે સત્ય પર આધારિત ન હોય તેવી કોઈપણ વાત સ્વીકારવા માટે તૈયાર નથી.

બેવડા ધોરણો રાખવાનો અર્થ છે કે ચારિત્ર્યહીન વ્યક્તિ બનવું. ચારિત્ર્યવાન માણસ આ પ્રકારનો દ્વૈતભાવ પરવડે નહીં. ચારિત્ર્યવાન માણસ એ સિદ્ધાંતવાદી હોય છે, પ્રામાણિક હોય છે. ટૂંકમાં, ચારિત્ર્યવાન માણસ ભરોસાપાત્ર વ્યક્તિ હોય છે.

**બેવડા ધોરણો ધરાવતા લોકોનું ચરિત્ર ભરોસાપાત્ર નથી હોતું. આવા લોકો ઘણી વાતો કરે છે, પરંતુ તેમણે સોગંદ લઈ કરેલા સંકલ્પોનું ઠોસ કાર્ય સાથે સમર્થન કરવામાં તેઓ નિષ્ફળ રહે છે.**

આવા દ્વૈતભાવ દ્વારા ભ્રમિત લોકો કોઈ મોટી સફળતા પ્રાપ્ત કરી શકતા નથી. ઈતિહાસના તમામ ઉચ્ચ સિદ્ધિ મેળવનાર માણસો પ્રામાણિક હતા. બેવડા ધોરણો ધરાવતા લોકો તે બધા ગુણો ગુમાવે છે જે ઉચ્ચ સિદ્ધિ માટે જરૂરી છે. બેવડા ધોરણો લોકોને દિશાહીન બનાવે છે. અને, જે દિશાહીન છે તે  મહત્વની કોઈપણ યાત્રા શરૂ કરી શકતી નથી.

આ પ્રકારના લોકો હંમેશા પોતાની જાતને ખૂબ હોશિયાર માને છે, પરંતુ એવું હોતું નથી. ખરેખર હોશિયાર વ્યક્તિ તો તે છે જે અન્ય લોકોને વાજબી રીતે પોતાના પર વિશ્વાસ કરવા ખાતરી કરાવે છે. બેવડા ધોરણો ધરાવતા લોકો સમાજમાં સદ્ભાવના અથવા વિશ્વાસ સ્થાપિત કરવામાં અનિવાર્યપણે નિષ્ફળ જાય છે. આવા લોકો પોતાને સુંદર ફૂલો તરીકે પ્રદર્શિત કરે છે પરંતુ, હકીકતમાં, તેઓ પ્લાસ્ટિકના ફૂલો છે, સાચા ફૂલો નથી.

## * ક્ષિતિજનો ફેલાવો *

કુરાન એ ખૂબ ગહન અભ્યાસ, મોટા અનુભવો, અને સૂક્ષ્મ અવલોકનો દ્વારા શીખવા પર ખૂબ ભાર મૂકે છે. કુરાનના અધ્યાય અલ-હજ (તીર્થયાત્રા) માં એક આયત આ મુદ્દાને વિસ્તૃતમાં વર્ણવે છે;

**શું આ લોકો પૃથ્વી પર ફર્યા નથી કે જેથી કરીને તેમના હૃદય સમજે અને તેઓના કાન સાંભળે? હકીકત એ છે કે આંખો આંધળી નથી, પણ છાતીમાં રહેલા હૃદય આંધળા છે (૨૨:૪૬)**

મુસાફરી એ કુરાનમાં જે વસ્તુઓની યોજના છે તદ્દન તેને અનુસાર છે, જે વિવિધ અનુભવોનો ઉત્તમ સ્ત્રોત છે. જો કે, કુરાન મનોરંજન માટે મુસાફરીની તરફેણ કરતું નથી પરંતુ જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરવા માટે મુસાફરી કરવાની સલાહ આપે છે. ખરેખર, મુસાફરી ઈતિહાસના અભ્યાસ અને પ્રકૃતિની સમજણની સુવિધા પૂરી પાડે છે. કુરાનની જીવનશૈલીના ભાગરૂપે આ પ્રકારની મુસાફરી વાસ્તવિક દુનિયામાં ખૂબ જ પ્રશંસનીય છે.

આનો અર્થ એ નથી કે તમારે ખાસ કરીને આ હેતુ માટે મુસાફરી કરવી જોઈએ. તેનો સાદો અર્થ એ છે કે તમારે મુસાફરીના આધ્યાત્મિક અને બૌદ્ધિક લાભોને ધ્યાનમાં

રાખીને મુસાફરી કરવી જોઈએ. માણસને હંમેશા અલગ-અલગ હેતુઓ માટે મુસાફરી કરવાની આદત રહી છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું એ જીવનનો એક ભાગ છે. પરંતુ કુરાન ભારપૂર્વક જણાવે છે કે જ્યારે તમારે હરવા-ફરવાની જરૂર પડે ત્યારે આવા મન સાથે મુસાફરી કરો. ભલે તમારી યાત્રા વ્યવસાય માટે હોય કે અન્ય હેતુઓ માટે, તમારે એવી દ્રષ્ટિ  વિકસાવવી પડશે જે અનુભવના પ્રકાશમાં વસ્તુઓને જોઈ શકે અને અવલોકનમાંથી બોધપાઠ શીખી શકે.

તવસ્સુમનો અર્થ એ છે કે ભૌતિક અનુભવોમાંથી આધ્યાત્મિક પાઠ મેળવવો. અને કુરાનની મુસાફરી એ છે જે તવસ્સુમની અવધારણા પર આધારિત છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે એરલાઈન ઓફિસમાંથી ટિકિટ ખરીદો છો, ત્યારે તમે જોશો કે તેમાં તમારા એક જગ્યાએથી બીજા સ્થાને પ્રવાસની માહિતીની નોંધ હોય છે. તમારી આ ટિકિટ જોઈને, તમે વિચારો  કે એક દિવસ તમને એવી ટિકિટ આપવામાં આવશે જે તદ્દન અલગ જગ્યા માટે હશે, એટલે કે માનવીની  દુનિયાથી ઈશ્વરની દુનિયાની ટિકિટ.

જ્યારે તમે મુસાફરી કરો છો ત્યારે તમને ઘણા અનુભવો થાય છે - કેટલાક સારા તો કેટલાક ખરાબ, કેટલાક સુખદ અને કેટલાક દુઃખદ. પરંતુ આ બધા અનુભવોનું એક સામાન્ય પાસું તમને જીવનનું  આધ્યાત્મિક જ્ઞાન પ્રદાન કરવાનું  છે. તેથી, તમારા બધા અનુભવોમાંથી નકારાત્મક અને સકારાત્મક એમ બંને પ્રકારનો આધ્યાત્મિક બોધપાઠ મેળવતા રહો. જો તમે આ પ્રકારની આદત કેળવશો તો તમારી મુસાફરી ચોક્કસપણે આધ્યાત્મિક યાત્રા બની જશે.

**મુસાફરી એ સાર્વત્રિક ડહાપણ એક મહાન સ્ત્રોત છે. તે તમારી ક્ષિતિજોને વિસ્તૃત કરવાનું એક વાસ્તવિક માધ્યમ છે, કારણ કે દરેક મુસાફરી પછી, તમે વધારાના બોધપાઠ શીખ્યા હશો અને વધુ જ્ઞાન સાથે પાછા ફરશો.**

મુસાફરીના માધ્યમો અલગ-અલગ હોઈ શકે છે - કાર, બસ, રેલરોડ, વિમાન અથવા જહાજ. પરંતુ કોઈપણ યાત્રા આધ્યાત્મિક અનુભવ વિનાની હોતી નથી. તેથી મુસાફરીના માધ્યમોની ફિકર ના કરશો. પગપાળા પ્રવાસ પર હોવ તો પણ હંમેશા આધ્યાત્મિક નિરીક્ષક બનો. આ રીતે, કદાચ તમે વિમાનની મુસાફરી કરતાં પણ વધુ અસરકારક રીતે પાઠ શીખી શકો છો.

અનુભવમાંથી શીખવા માટે ભાષા કોઈ અવરોધ ન હોવી જોઈએ. તમે જે વિસ્તારોમાંથી પસાર થાઓ છો તેના કરતા તમારી માતૃભાષા અલગ હોઈ શકે છે,  પરંતુ તેમ છતાં તમે

મૂલ્યવાન પાઠ શીખવાનું ચાલુ રાખી શકો છો, કારણ કે કુદરતી દ્રશ્યો અથવા ઐતિહાસિક સ્મારકોની કોઈ ખાસ ભાષા હોતી નથીઃ તેઓ સામાન્ય સમજની ભાષામાં બોલે છે. તેથી તમામ પરિસ્થિતિઓમાં, તમે તેમની સાથે સંપર્ક સ્થાપિત કરી શકો છો અને તેમની પાસેથી બોધપાઠો શીખી શકો છો.

મુસાફરી એ સાર્વત્રિક ડહાપણનો એક મહાન સ્ત્રોત છે. તે તમારી ક્ષિતિજોને વિસ્તૃત કરવાનું એક વાસ્તવિક માધ્યમ છે, કારણ કે દરેક મુસાફરી પછી, તમે વધારાના પાઠ શીખ્યા હશો અને વધુ જ્ઞાન સાથે પાછા ફરશો. તમારું મન પહેલાં ક્યારેય ન થયું હોય એ રીતે વિસ્તર્યું હશે.

## * કુરાનઃ એક પુસ્તક તરીકે *

કુરાન અન્ય પુસ્તકોની જેમ જ એક પુસ્તક લાગે છે. પરંતુ કુરાન એક અલગ જ પ્રકારનું પુસ્તક છે. વિદ્વાનોનું માનવું છે કે કુરાનને સમજવા માટે લગભગ એંસી પ્રકારની શાખાઓ આવશ્યક છે, પરંતુ આ બધી શાખાઓમાં સૌથી વધુ મહત્ત્વની શાખા એ પ્રામાણિકતા છે. ગાઢ પ્રામાણિકતા વિના, કોઈ પણ કુરાનને સમજી શકે નહીં, તેના શાણપણને ભેદી શકતું નથી. કોઈપણ તેના ઊંડા અર્થને સમજી શકતું નથી.

પ્રામાણિકતા શું છે? પ્રામાણિકતા એ ઉદ્દેશ્યનું બીજું નામ છે, જેના વિના કુરાનના ઊંડા અર્થને સમજી શકાતું નથી. મોટાભાગના લોકો વિવિધ પ્રકારના પૂર્વગ્રહોથી ગ્રસ્ત હોય છે. અને પૂર્વગ્રહો કુરાનને સમજવામાં સૌથી મોટી અડચણ છે. જો તમે તમારા મનને તેમાંથી મુક્ત કરશો તો જ તમે તેનો અર્થ સમજી શકશો.

**બીજાની સરખામણીમાં,** કુરાન એક વિનયી પુસ્તક છે અને તેની ભાષા પણ ખૂબ જ સરળ છે.કુરાનની પ્રશંસા કરવા માટે, તમારે તેને "ક થી જ્ઞ" સુધી સમજવાની જરૂર નથી. જો કે એક વ્યાપક મુદ્દો છે જે કુરાનના તમામ પ્રકરણોને આવરી લે છે, તેની સાથે કુરાનના દરેક શ્લોકનો સ્વતંત્ર અર્થ છે. માત્ર એક શ્લોક પર મનન કરવાથી પણ કેટલાયે ખૂબ જ મહત્વપૂર્ણ પાઠો શીખી શકાય છે. એક વિદ્વાને સાચું જ કહ્યું છે;

**એક શ્લોક પ્રતિદિન – શેતાનને દૂર રાખે છે.**
**(સમજાય આયાત એક, ભાગે શૈતાનીયત અનેક)**

કુરાનની કુલ આયતો આશરે છ હજાર ત્રણસો છે, જે કેટલાક લાંબા તો કેટલાક ખૂબ ટૂંકા એમ એકસો ચૌદ પ્રકરણોના સ્વરૂપમાં ગોઠવાયેલી  છે. દરેક પ્રકરણ, સિવાય એક, આ શબ્દોથી શરૂ થાય છેઃ "અલ્લાહના નામથી, જે સૌથી દયાળુ અને પરમ કૃપાળુ છે." કુરાનના તમામ નિવેદનો સર્વશક્તિમાન ઈશ્વર સાથે સંબંધિત છે, ક્યારેક પ્રત્યક્ષ તો ક્યારેક પરોક્ષ રીતે. કુરાનમાં, સર્વશક્તિમાન ઈશ્વર માણસને સીધા જ સંબોધતા કહે છેઃ 'હે માણસો! આ તમારો અલ્લાહ તમને સંબોધે છે. મારી વાત સાંભળો અને તેનું પાલન કરો. આ તમારા માટે સફળતાનો માર્ગ છે.'

કુરાનના કેટલાક ઉપદેશો શાશ્વત છે, જેમ કે ઝિક્ર, એટલે કે અલ્લાહનું સ્મરણ. પછી જેહાદ જેવા ઘણા બધા કામચલાઉ ઉપદેશો છે. આવા બે પ્રકારના ઉપદેશો વચ્ચે તફાવત કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખ્યા વિના, તમે શાસ્ત્રોનું ખોટું અર્થઘટન કરી શકો છો. એવા પ્રસંગો છે જ્યારે કુરાન પયગંબર સાહેબના જીવનકાળ દરમિયાન બનેલી ચોક્કસ ઘટનાઓનો ઉલ્લેખ કરે છે, પરંતુ તે ધ્યાનમાં રાખવું જોઈએ કે તે મુદ્દાઓ સાર્વત્રિક છે. અહીં, ચોક્કસ સંદર્ભ આપીને, કુરાનનો હેતુ એક સામાન્ય સંદેશ આપવાનો છે. આ સિદ્ધાંત પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તેને ધ્યાનમાં રાખ્યા વિના, કોઈ પણ કુરાનના વાસ્તવિક અર્થનું યોગ્ય રીતે અર્થઘટન કરી શકતું નથી.

**'કુરાન' અરબી શબ્દ છે. તેનો શાબ્દિક અર્થ છે 'વાંચવા માટે.'**
**આનો અર્થ એ થયો કે કુરાન અભ્યાસનું પુસ્તક છે.**

એક અર્થમાં, કુરાન એક ખૂબ જ વ્યાપક પુસ્તક છે, જેમાં ઈતિહાસ, ખગોળશાસ્ત્ર, ભૌતિક અને કુદરતી ઘટનાઓના ઘણા સંદર્ભો શામેલ છે. પરંતુ આમાંના મોટાભાગના સંદર્ભો ઊંડી વિગતમાં નહીં પરંતુ સંકેતો અથવા સંકેતોના રૂપમાં વ્યક્ત કરવામાં આવ્યા છે. વાચકે પોતાના જ્ઞાન અને અનુભવમાંથી વિગતો મેળવવી જોઈએ. આમ કરવાથી, તે કુરાનનો વ્યાપક અર્થ સમજી શકે છે.

કુરાનમાં પયગંબરોનો ઈતિહાસ પણ નોંધવામાં આવ્યો છે. તે જુદા-જુદા સમય અને જુદી-જુદી જાતિના બે ડઝન કરતાં વધુ પયગંબરોનો ઉલ્લેખ કરે છે. દરેક પયગંબરને અલગ-અલગ પરિસ્થિતિઓમાં મોકલવામાં આવ્યા હતા, અને દરેકે કોઈને કોઈ ચોક્કસ સંદેશ આપ્યો છે. આ અર્થમાં, બધા પયગંબરો સમાન છે; દરેક પયગંબર માર્ગદર્શનનો સ્ત્રોત છે. જે વ્યક્તિ પયગંબરીના દિવ્ય હેતુને સમજવા માંગે છે તેણે ફક્ત કોઈ એક જ પયગંબરનો ગમે તેમ અભ્યાસ કરવાને બદલે બધા પયગંબરોનો અભ્યાસ કરવો જોઈએ.

'કુરાન' અરબી શબ્દ છે. તેનો શાબ્દિક અર્થ છે 'વાંચવા માટે હોવું.' આનો અર્થ એ થયો કે કુરાન અભ્યાસનું પુસ્તક છે. ખરેખર, કુરાન સૂચવે છે કે દરેક સ્ત્રી-પુરુષોએ

વાંચવું જોઈએ અને અભ્યાસ કરવો જોઈએ અને સત્યની તપાસ કરવી જોઈએ. કારણકે સફળ થવા માટે, અભ્યાસ, તપાસની ભાવનાથી તરબોળ હોવો જોઈએ, કુરાનનો સંદેશ છેઃ શોધક બનો, અભ્યાસ કરો અને ચિંતન કરો. નિષ્પક્ષ રીતે જ્ઞાનનું વિશ્લેષણ કરો. અને પછી તમે જરૂર સત્ય સુધી પહોંચી જશો. કુરાન અનુસાર, આ સિરત-એ-મુસ્તકીમ (સીધો માર્ગ) છે (૧:૬). વ્યક્તિએ આ સીધો માર્ગ અપનાવવો જોઈએ અને પછી વ્યક્તિ ચોક્કસપણે અંતિમ મુકામ પર પહોંચી જશે, એટલે કે જીવનના મૃત્યુ પહેલાંના અને મૃત્યુ પછીના બંને સમયગાળામાં સફળતા મેળવે છે.

## * પ્રદૂષણ ના ફેલાવો *

કોઈપણ પ્રકારનું પ્રદૂષણ એ અલ્લાહ (સર્જક) ની કુદરતની વિરુદ્ધ છે. તેથી, પ્રકૃતિની પ્રવિત્રતા જાળવવી એ માણસની ફરજ છે. આમ કરવામાં નિષ્ફળતા, ધાર્મિક દ્રષ્ટિએ એક પાપ અને કાયદાકીય દ્રષ્ટિએ ગુનો છે. માણસને કુદરતી સંસાધનોનો તેમના ફાયદા માટે ઉપયોગ કરવાની છૂટ છે, પરંતુ તેણે વસ્તુઓના કુદરતી ક્રમને નષ્ટ કર્યા વિના આમ કરવું જોઈએ.

આ વિષય પર કુરાનમાંથી ટાંકવા યોગ્ય એક શ્લોક અલ-અરાફ (ઊંચાઈ) પ્રકરણમાંથી છે; અન્ય સંબંધિત શ્લોક અર્-રૂમ (રોમન) પ્રકરણમાંથી છે;

**પૃથ્વી પર સુધારો કરી દેવામાં આવ્યો હોય તેમાં ભ્રષ્ટાચાર ફેલાવશો નહીં. આ તમારા પોતાના ભલા માટે છે, જો તમે સાચા શ્રદ્ધાળુઓ છો (૭:૮૫)**

**માણસોના હાથે કરેલા દુષ્કૃત્યોને લીધે જમીન અને સમુદ્ર પર ભ્રષ્ટાચાર ફેલાયો છેઃ અને તેથી એ (અલ્લાહ) તેઓને તેમના કેટલાક કર્મોના ફળનો સ્વાદ ચખાડશે, જેથી તેઓ બુરાઈઓથી પાછા ફરે. (૩૦:૪૧)**

આ બે પંક્તિઓનો સંદેશ એ છે કે સર્વશક્તિમાન ઈશ્વરે વસ્તુઓને તેમના શ્રેષ્ઠ ક્રમમાં બનાવી છે અને માણસને તેના પોતાના ફાયદા માટે આ વસ્તુઓનો આનંદ માણવાની છૂટ છે. પરંતુ તેને પ્રકૃતિનું સંતુલન વિખેરવાની મંજૂરી નથી. માણસનો જન્મ એક સ્વતંત્ર પ્રાણી તરીકે થયો છે, પરંતુ માણસની સ્વતંત્રતા ત્યાંથી સમાપ્ત થાય છે જ્યાંથી તેનો કુદરત માટેનો ગેરવહીવટ શરૂ થાય છે.

આ પંક્તિઓમાં, કુરાન જમીનના પ્રદૂષણ અને જળ પ્રદૂષણનો નામોલ્લેખ કરે છે, પરંતુ, તેમાં સામાન્ય રીતે, તમામ પ્રકારના પ્રદૂષણનો સમાવેશ થાય છે, જેમ કે વાયુ પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ વગેરે.

## માણસને કુદરતી સંસાધનોનો તેમના ફાયદા માટે ઉપયોગ કરવાની છૂટ છે, પરંતુ તેણે વસ્તુઓના કુદરતી ક્રમને નષ્ટ કર્યા વિના આમ કરવું જોઈએ.

માણસ આ દુનિયાનો સર્જક નથી. માણસ ઈશ્વરની સૃષ્ટિ-રચનાનો લાભાર્થી માત્ર છે. માણસે આ હકીકતથી વાકેફ રહેવું જોઈએ, તેની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું તેના માટે વિનાશક સાબિત થશે. તમામ પ્રકારના પ્રદૂષણ માનવસર્જિત છે, (પ્રકૃતિ પ્રદૂષણ રહિત છે; કુદરતે ક્યારેય કોઈ પ્રકારનું પ્રદૂષણ બનાવ્યું નથી) જ્યારે માણસ પ્રકૃતિને પ્રદૂષિત કરવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ તેની પાસે બીજી દુનિયા બનાવવાની શક્તિ નથી. તેથી, ઈશ્વર સમક્ષ પાપી બનવું અને જીવનના એકમાત્ર સ્ત્રોત, એટલે કે પ્રકૃતિથી પોતાને વંચિત રાખવું એ માણસ માટે બેવડું નુકસાન છે. આ સ્થિતિ માટે માણસને ખૂબ જ સાવચેત રહેવું જોઈએ, નહીં તો તે તેની બેદરકારીની ખૂબ જ ભારે કિંમત ચૂકવવાની ફરજ પડશે.

માણસે, અલબત્ત, કુદરતી બક્ષિસનો ઉપયોગ કરવો જોઈએ, પરંતુ તેણે તે ખૂબ કાળજી સાથે કરવું જોઈએ, કારણકે તેની પાસે આ પૃથ્વી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. મનુષ્યની સૌથી મોટી મર્યાદા એ છે કે તે આ પૃથ્વીનો આનંદ માણી શકે છે પણ નવી પૃથ્વી બનાવવાની તેની પાસે કોઈ શક્તિ નથી.

પ્રદૂષણ શું છે? તે અશુદ્ધ વસ્તુઓનું નિર્માણ છે. વસ્તુઓ તેમના મૂળરૂપમાં શુદ્ધ હોય છે; તે માણસ છે જે તેના ખરાબ સંચાલનને લીધે વસ્તુઓને અશુદ્ધ બનાવે છે. માણસે પોતાની મર્યાદાઓ જાણવી જોઈએ. પ્રકૃતિને પ્રદૂષિત કરવા માટેનું કોઈપણ પગલું આત્મઘાતી કૃત્ય જેવું છે.

આ મુદ્દાનું સૌથી નિર્ણાયક પાસું એ છે કે, સર્જનની દ્રષ્ટિએ, માણસ સંપૂર્ણપણે લાચાર છે; તે પોતાની રીતે એક પણ કણ બનાવી શકતો નથી. નથી તે વૃક્ષનું એક પાંદડું બનાવી શકતો કે નથી તે પાણીનું એક ટીપું પણ બનાવી શકતો. આ પરિસ્થિતિ હોવાને કારણે માણસે પોતાની ખામીઓથી સંપૂર્ણ વાકેફ થવું જોઈએ અને સમાજના એક જવાબદાર સભ્ય તરીકે આ દુનિયામાં જીવવાનો પ્રયાસ કરવો જોઈએ.

# * કુરાનનો ભાવાર્થ *

કુરાનનો બીજો શ્લોક આપણને કુરાનનો ભાવાર્થ શું છે એ જણાવે છે. કુરાનના અન્ય તમામ ભાગો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ બીજા શ્લોકની વિગતો માત્ર છે. તે અલ-ફાતિહા પ્રકરણની બીજા નંબરની આયાત છે.

આ શ્લોકનો અનુવાદ આ રીતે છે;

**બધી પ્રશંસા અલ્લાહની, બ્રહ્માંડના પાલનહાર, ની છે (૧:૨)**

અહીં પ્રશંસા માટે વપરાયેલ કુરાનના શબ્દ હમ્દ છે. હમ્દ એ અરબી ભાષામાં ખૂબ જ વ્યાપક શબ્દ છે. તેમાં વખાણ, કૃતજ્ઞતા અને આદરયુક્ત ભીતિની ભાવના સાથે સ્વીકૃતિનો સમાવેશ થાય છે. કુરાન અનુસાર, હમ્દ એક સાર્વત્રિક સંસ્કૃતિ છે. બ્રહ્માંડના તમામ જીવો, સજીવ અને નિર્જીવ બંને તેમના સર્જક તરફ હમ્દ રજૂ કરે છે. હમ્દ તેમની રોજની પૂજા છે. આમ સમગ્ર બ્રહ્માંડ સર્વશક્તિમાન ઈશ્વરની મહિમા સ્વીકારે છે.

માણસ તેમજ અન્ય જીવો ઈશ્વરની મહિમા સ્વીકારે છે, પરંતુ તેમાં એક તફાવત છે, અન્ય જીવોની હમ્દ તેમનામાં પ્રોગ્રામ કરેલ હમ્દ છેઃ તે ઈશ્વરના દેવદૂતો દ્વારા તેમનામાં સ્થાપિત કરવામાં આવેલ છે.

આ હકીકત કુરાનમાં આ રીતે આપવામાં આવી છે;

**શું તમે નથી જોતા કે આકાશો અને ધરતી પરની તમામ સૃષ્ટિ, અને પક્ષીઓ પણ જ્યારે તેઓ ઉડતા હોય છે ત્યારે અલ્લાહની મહિમા કરે છે? દરેક જણ તેમની પ્રાર્થના અને સ્તુતિ કરવાની રીત જાણે છે. અને તેઓ જે કરે છે તેની અલ્લાહની સંપૂર્ણ જાણકારી છે (૨૪:૪૧)**

પરંતુ  માણસનો મામલો સાવ જુદો છે. માણસ પાસે અનોખી ક્ષમતા ધરાવતું મન છે, તેને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. માણસ બધું જ પોતાની મરજીથી કરે છે. તેથી, માણસની હમ્દ, પસંદગીની હમ્દ છે. માણસની હમ્દ એ પ્રોગ્રામ કરેલી હમ્દ નથી, પરંતુ તે એક આત્મીય-અનુભૂતિની હમ્દ છે, તે તેની પોતાની શોધ છે. આ માણસનું ગૌરવ છે.

ભૌતિક વિશ્વ પ્રકૃતિના નિયમ દ્વારા નિયંત્રિત છે. પ્રાણીઓ તેમની વૃત્તિ હેઠળ વર્તે છે; માણસ સિવાયના તમામ જીવો કોમ્પ્યુટર કે રોબોટની જેમ વર્તે છે. એમાં કોઈ શંકા નથી કે તેમની હમ્દ એ શુદ્ધ હમ્દ જ છે, પરંતુ કોમ્પ્યુટરની ભાષામાં કહીએ તો એ પ્રોગ્રામ કરેલ હમ્દ છે.

**બ્રહ્માંડના તમામ જીવો, સજીવ અને નિર્જીવ બંને તેમના સર્જક તરફ હમ્દ રજૂ કરે છે. હમ્દ તેમની રોજની પૂજા છે. આમ સમગ્ર બ્રહ્માંડ સર્વશક્તિમાન ઈશ્વરની મહિમા સ્વીકારે છે.**

આ વિરાટ બ્રહ્માંડમાં માણસ જ એકમાત્ર એવો જીવ છે જે સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. શબ્દના સંપૂર્ણ અર્થમાં માનવી વિચારવાની ક્ષમતા ધરાવે છે. માણસ વિચારે છે, અવલોકન કરે છે, ચિંતન કરે છે, વસ્તુઓનું પૃથ્થકરણ કરે છે, આમ તેને ઈશ્વરની સૃષ્ટિ-રચનામાં પ્રતિબિંબિત, ઈશ્વરની મહિમા મળે છે.

આ આત્મખોજ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તે કહે છેઃ 'હે ઈશ્વર, હું તમારા અસ્તિત્વનો સાક્ષી છું, હું તમારો મહિમા સ્વીકારું છું, હું તમારા શરણે છું. તમે મારા માલિક છો અને હું તમારો બંદો/બંદી છું.'

આ હમ્દ એ સૌથી મોટી હમ્દ છે અને આ પ્રકારની હમ્દ ફક્ત માનવી દ્વારા જ વ્યક્ત કરી શકાય છે.

કુરાનનો અધ્યાય અધ્ - ધારીયત (ઉડાળીને વિખેરવાવાળી હવા) આપણને આ શબ્દોમાં સર્જનનો હેતુ જણાવે છે;

**મેં જીન અને માનવજાતને ફક્ત એટલા માટે બનાવ્યા છે કે તેઓ મારી ઉપાસના કરે. ન હું તેમના પાસે રોજી માંગુ છું અને ન એ ઈચ્છું છું કે તેઓ મને ખવડાવે. ખરેખર, અલ્લાહ સર્વોચ્ચ પ્રદાતા, સર્વ–શક્તિમાન, અને અજેય છે. (૫૧:૫૬–૫૮)**

કુરાનના ભાષ્યકારોના મતે, અહીં પૂજા (ઈબાદત) નો અર્થ થાય છે મારેફત. મારેફત શું છે? મારેફત એટલે ચિંતન દ્વારા ઈશ્વરની અનુભૂતિ. જ્યારે કોઈ વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વનું સત્ય સમજાય છે, ત્યારે તે ખૂબ જ આદરયુક્ત અનુભૂતિની ભાવના પામે છે, અને હમ્દ એ બ્રહ્માંડના માલિક પ્રત્યેની આ પ્રકારની ઊંડી લાગણીની એકમાત્ર અભિવ્યક્તિ છે.

## * એક થી એકસો ચૌદ *

કુરાન એક દિવ્ય ગ્રંથ છે. તે સાતમી સદીના પૂર્વાર્ધમાં મુહમ્મદ પયગંબરને જાહેર કરવામાં આવ્યું હતું. તેની ભાષા અરબી છે. કુરાનમાં કુલ એકસો ચૌદ પ્રકરણો છે. કુરાન એક તફાવત સાથેનું પુસ્તક છે.

કુરાન માનવજાત સાથે સંબંધિત લગભગ તમામ મુદ્દાઓની વાત કરે છે. તેની ભાષા ખૂબ જ સરળ છે. તેની સ્પષ્ટતા સર્વોત્તમ છે. પ્રથમ અધ્યાયની બીજી અને ત્રીજી પંક્તિઓ આ પ્રમાણે છે;

**બધી પ્રશંસાઓ અલ્લાહની, જે બ્રહ્માંડના પાલનહાર છે**
**'જે અત્યંત દયાળુ, અને પરમ કૃપાળુ છે.' (૧:૨–૩)**

આ બે પંક્તિઓ કુરાનના સંદેશનો ભાવાર્થ રજૂ કરે છે. તેનો અર્થ એ છે કે માણસે ઈશ્વરને સર્જક તરીકે, પાલનહાર તરીકે અને તેના તમામ જીવો પ્રત્યે દયાળુ તરીકે સ્વીકારવું જોઈએ. દિવ્ય જ્ઞાનની આ શરૂઆત છે. આ સંદેશ દુનિયામાં માણસ માટે જીવનનો સાચો માર્ગ નક્કી કરે છે.

છેલ્લા પ્રકરણની અંતિમ બે પંક્તિઓ આ પ્રમાણે છે;

**(હું માનવજાતના પાલનહારમાં શરણ માંગું છું) જે માનવજાતના હૃદયમાં વસવસા પેદા કરે છે 'જે જીન અને માનવજાતમાંથી છે.' (૧૧૪:૫–૬)**

કુરાનના છેલ્લા અધ્યાયમાંથી ઉપરોક્ત સંદર્ભ આપણને જણાવે છે કે વર્તમાન વિશ્વમાં માણસને શેતાન અને ખરાબ લોકો તરફથી વસવસાના સંદર્ભમાં ભારે પડકારનો સામનો કરવો પડે છે.

વસવસાનો અર્થ થાય છે ગેરમાર્ગે દોરવનારી કાનાફૂસી. આ સૌથી મોટી સમસ્યા છે. દરેક મનુષ્ય એવા દુષ્ટ વ્યક્તિઓ સાથે રહે છે જેઓ કાનાફૂસીના માર્ગે તેને હંમેશા ગેરમાર્ગે દોરવાનો અને સાચા માર્ગથી ભટકાવવાનો પ્રયાસ કરે છે. દરેક મનુષ્ય, સ્ત્રી અને પુરૂષ બંને આ પડકારનો સતત સામનો કરે છે. માણસે આ પડકારને સમજવો જોઈએ અને બૌદ્ધિક જાગૃતિ અને નિશ્ચય સાથે આ પડકારનો સામનો કરવો જોઈએ.

દરેક મનુષ્ય બે વિરોધાભાસી શક્તિઓ વચ્ચે જીવે છે. એક તરફ, માણસને ઈશ્વર અને તેના દેવદૂતો દ્વારા મદદ કરવામાં આવે છે; આ બળ માણસ માટે આશીર્વાદ સમાન છે અને તે સકારાત્મક શક્તિ તરીકે કામ કરે છે. તે દરેક ક્ષણે પ્રકાશ અને શક્તિ આપે છે. જો કે તે ફરજીયાત નથી પરંતુ તે માણસ માટે એક મહાન સહાયક તરીકે કામ કરે છે.

**કુરાન માનવજાત સાથે સંબંધિત લગભગ તમામ મુદ્દાઓની વાત કરે છે. તેની ભાષા ખૂબ જ સરળ છે. તેની સ્પષ્ટતા સર્વોત્તમ છે.**

બીજી બાજુ, એવા શેતાન અને ખરાબ લોકો પણ છે જેઓ માણસ પ્રત્યે મૈત્રીપૂર્ણ નથી, તેઓ હંમેશા તેના વિચારોને સકારાત્મકતાથી નકારાત્મકતા તરફ વાળવાનો પ્રયાસ કરે છે, તેઓ હંમેશા માણસને સત્યના સીધા માર્ગથી ભટકાવવાનો પ્રયાસ કરે છે.

બંને બળો પ્રેરણા આપવાનું કામ કરે છે. ઈશ્વર અને તેમના દેવદૂતો દરેક પ્રસંગે સકારાત્મક પ્રેરણા આપે છે. તેઓ હંમેશા યોગ્ય વિચાર દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન આપે છે. પરંતુ અનિષ્ટ શક્તિઓ તમારા વ્યક્તિત્વમાં નકારાત્મક પ્રેરણા પેદા કરે છે. તેઓ તમારી બૌદ્ધિક પ્રક્રિયાને ભ્રષ્ટ કરવાનો પ્રયાસ કરે છે. તેઓ તમારા જીવનના દરેક તબક્કે ખોટી સલાહ આપીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે.

આ સંસારમાં મનુષ્યની સફળતા સંપૂર્ણપણે આ અનુભૂતિ પર નિર્ભર છે. જે વ્યક્તિ એ હકીકતને સમજવામાં સફળ થાય છે કે તે સતત આ બે જાતની ભાવનાઓ હેઠળ છે, તે સફળ સાબિત થશે, અને આ હકીકત સમજવાની અણસમજ કે ગફલત વ્યક્તિને ચોક્કસપણે નિષ્ફળતા આપે છે.

દરેક સ્ત્રી-પુરુષ માટે સફળતાનું એકમાત્ર સૂત્ર એક લીટીમાં વર્ણવી શકાયઃ સજાગ રહો. ઈશ્વર અને તેના દેવદૂતો સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરો, તેમજ માણસ અને શેતાન બંનેની દુષ્ટ શક્તિઓથી પોતાને અળગા રાખવાનો પ્રયાસ કરો. જોડાવું અને અળગા રહેવું એ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ છે જે ચેતનાની દુનિયામાં જ સ્થાપિત થઈ શકે છે.

## * ઉચ્ચ વિચારસરણી *

કુરાનનો અધ્યાય અલ-અહઝાબ (સંધી) જેને ઝિક્ર અલ્લાહ કહેવાય છે તેનો ઉલ્લેખ કરે છે. આ પ્રકરણના સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**હે શ્રદ્ધાળુઓ, અલ્લાહને ખૂબ વધારે યાદ કરો. (૩૩:૪૧)**

સર્વશક્તિમાન ઈશ્વર બ્રહ્માંડના સર્જક છે. ઈશ્વર સર્વોચ્ચ વાસ્તવિકતા છે. ઈશ્વર સમય અને અવકાશથી પર છે. ઈશ્વર સર્વવ્યાપી છે. ઈશ્વર તમામ મોટી વસ્તુઓ કરતાં મોટો છે. શબ્દના દરેક અર્થમાં ઈશ્વર સર્વોચ્ચ છે.

બીજા શબ્દોમાં કહીએ તો, ઈશ્વરને યાદ કરવું એટલે સર્વોચ્ચ વાસ્તવિકતાને યાદ

કરવું. આ પ્રકારનું સ્મરણ વ્યક્તિના મનમાં ઉચ્ચ વિચારો રોપે છે, અને ઉચ્ચ વિચાર એ તમામ પ્રકારના ઉચ્ચ આદર્શોનું મૂળ છે. તે ઉચ્ચ વિચાર છે જે વ્યક્તિના વ્યક્તિત્વને એક ઉચ્ચ વ્યક્તિત્વ બનાવે છે. ઉચ્ચ વિચાર આધ્યાત્મિક ઉત્થાન અને બૌદ્ધિક વિકાસ તરફ દોરી જાય છે.

વિશ્વ બે પ્રકારનું છે - ભૌતિક વિશ્વ અને બિન-ભૌતિક વિશ્વ. ઉચ્ચ વિચાર એટલે બિન-ભૌતિક વિશ્વ વિશે વિચારવું. ઉચ્ચ વિચાર એટલે બિન-ભૌતિક દુનિયામાં જીવવું. આ બિન-ભૌતિક જગતને આધ્યાત્મિક જગત કહેવાય છે, અને તે આધ્યાત્મિક વિચાર છે જે બૌદ્ધિક વિકાસ તરફ દોરી જાય છે.

બિન-ભૌતિક જગતમાં રહેવાનો અર્થ એ નથી કે ભૌતિક જગતનો ત્યાગ કરીને જંગલો અને પર્વતોમાં આશરો લેવા જતું રહેવું. ના, બિન-ભૌતિક જીવનનો અર્થ ભૌતિક જગતમાંથી બિન-ભૌતિક વસ્તુઓ કાઢવાનો છે. જ્યારે તમે ભૌતિક જગતમાંથી આધ્યાત્મિક પાઠ કાઢવામાં સક્ષમ બનો છો, ત્યારે તમે આધ્યાત્મિક વ્યક્તિ બનો છો, એટલે કે, તમે બાહ્ય જગતનો આંતરિક અર્થ શોધી લીધો  છો.

ભૌતિક વિશ્વ બિન-ભૌતિક બોધપાઠોથી ભરેલું છે. દરેક ભૌતિક અનુભવમાં કેટલાક અર્થપૂર્ણ બોધપાઠ હોય છે. આ બોધપાઠો શોધો એટલે તમે આધ્યાત્મિક રીતે વિકસિત વ્યક્તિ બની જાવ છો.

ભૌતિકવાદ એટલે પૈસા, ખ્યાતિ, સત્તા વગેરે જેવી ભૌતિક ઈચ્છાઓમાં જીવવું. બિન-ભૌતિકતાનો અર્થ એ છે કે ભૌતિક ચીજવસ્તુઓ કરતાં ઊંચા લક્ષ્યોમાં જીવવું. આ પ્રકારનું જીવન ઉચ્ચ વિચારને જન્મ આપે છે અને ઉચ્ચ વિચાર આધ્યાત્મિકતા તરફ દોરી જાય છે.

ઉચ્ચ વિચાર એટલે ઉચ્ચ આદર્શોમાં જીવવું. જ્યારે તમે ભૌતિક વસ્તુઓથી ઉપર એક ધ્યેય નક્કી કરો છો, ત્યારે તમે ઉચ્ચ વિચારમાં જીવો છો. ઉચ્ચ વિચાર એ આ દુનિયાની સૌથી મોટી સિદ્ધિ છે. ઉચ્ચ વિચારસરણી એ એકમાત્ર એવી સંપત્તિ છે જેને લૂંટી શકાતી કે નાશ કરી શકાતી નથી.

**ભૌતિકવાદ એટલે પૈસા, ખ્યાતિ, સત્તા વગેરે જેવી ભૌતિક ઈચ્છાઓમાં જીવવું. અભૌતિકતાનો અર્થ એ છે કે ભૌતિક ચીજવસ્તુઓ કરતાં ઊંચા લક્ષ્યોમાં જીવવું. આ પ્રકારનું જીવન ઉચ્ચ વિચારને જન્મ આપે છે અને ઉચ્ચ વિચાર આધ્યાત્મિકતા તરફ દોરી જાય છે.**

હવા એ ઉચ્ચ વિચારસરણીનું ભૌતિક પ્રદર્શન છે. હવા હરે-ફરે છે, પરંતુ કોઈ અથડામણ કે મુકાબલો થતો નથી, ઉચ્ચ વિચારનું પણ એવું જ છે. જે વ્યક્તિ ઉચ્ચ વિચારક હોય છે તે અથડામણો અને મુકાબલાઓમાં પોતાનો સમય બગાડતી નથી, તે આ બધી બાબતોથી આગળ વધીને તેની સફર નક્કી કરે છે. હવાની ગતિને કોઈ પણ વસ્તુ રોકી શકતી નથી, ઉચ્ચ વિચારકની બાબતમાં પણ એવું જ છે. કોઈપણ પાસે ઉચ્ચ ચિંતકની યાત્રાને રોકવાની શક્તિ નથી.

ઉચ્ચ વિચારક દરેક પ્રકારના નકારાત્મક વિચારોથી મુક્ત હોય છે. તે ક્રોધ અને વાસનાથી મુક્ત હોય છે; તે અસહિષ્ણુતા અને સંઘર્ષથી મુક્ત હોય છે, તે નફરતથી મુક્ત હોય છે, તે હતાશા અને નિરાશાથી મુક્ત હોય છે, તે તંગદિલી અને તણાવથી મુક્ત હોય છે, તે ફરિયાદ અને વિરોધથી મુક્ત હોય છે.

ઉચ્ચ વિચારક દરેક પ્રકારની નકારાત્મકતાથી મુક્ત હોય છે અને તે તમામ પ્રકારના સકારાત્મક વિચારોથી ભરેલો હોય છે. ઉચ્ચ વિચાર માણસને મહાન વ્યક્તિ બનાવે છે. ઉચ્ચ વિચારસરણી એ ક્રિયા કરવાની અને પ્રતિક્રિયા ન કરવાની ખૂબ જ મહત્વપૂર્ણ આવડત વિકસાવે છે. આવી વ્યક્તિ તમામ સમસ્યાઓને અવગણીને તમામ તકોનો લાભ લેવા સક્ષમ હોય છે.

## * ઈશ્વરના આશીર્વાદ માટે યાચના *

દરેક વ્યક્તિ ઈશ્વર પાસેથી આશીર્વાદ માંગે છે, પરંતુ તેને અથવા તેણીને લાગે છે કે તે એકપક્ષીય આશીર્વાદ છે; મારી પાસે ઈશ્વરના આશીર્વાદના બદલામાં આપવા માટે કંઈ નથી. આવી સ્થિતિમાં, વ્યક્તિ આ પ્રશ્નોનો સામનો કરે છેઃ ઈશ્વર પાસેથી આશીર્વાદ કેવી રીતે માંગવા, ઈશ્વરને તેના આશીર્વાદ માટે કેવી રીતે આહવાન કરવું.

જ્યારે કોઈ આવા માનસ સાથે કુરાન વાંચે છે, ત્યારે વ્યક્તિને કુરાનમાં ખૂબ જ સુસંગત સંદર્ભ મળે છે. કુરાનના એક ભાગમાં વારસાના કાયદાની વિગતો છે, કુટુંબના સભ્યના મૃત્યુ પછી સંબંધીઓમાં વસિયત કેવી રીતે વહેંચવી.

આ સંદર્ભે અધ્યાય અન્ - નિસા’ (મહિલા) માં કુરાન કહે છે;

**જો વિતરણ સમયે અન્ય સંબંધીઓ, અનાથ, અથવા જરૂરિયાતમંદ લોકો હાજર હોય, તો તેમને તેમાંથી જોગવાઈ આપો અને તેમની સાથે નમ્રતાપૂર્વક વાત કરો (૪:૮)**

અહીં સર્વશક્તિમાન ઈશ્વરે માણસ માટે સિદ્ધાંત મૂકયો છે કે માત્ર સંબંધિત લોકોને જ નહીં, પણ તે વ્યક્તિઓને પણ હિસ્સો આપવાનો જે સંબંધિત નથી. તેથી, કોઈ આને પ્રાર્થના માટે સંદર્ભનો મુદ્દો બનાવી શકે છે.

કોઈ વ્યક્તિ પ્રાર્થનામાં કહી શકે છે કે;

**'હે ઈશ્વર, મને તે દયા આપો જે તમે એક માણસને બીજા માણસને આપવા માટે આદેશ આપ્યો છે.'**

પ્રાર્થના માટે, આવી ઘટનાઓનો સંદર્ભના બિંદુ તરીકે ઉપયોગ કરવો, એ પ્રાર્થના કરવાની એક રીત છે. ઉપરોક્ત શ્લોક આપણને સંદર્ભનો ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો પૂરો પાડે છેઃ એ શકય જ નથી કે સર્વશક્તિમાન ઈશ્વર માણસને બીજાને આશીર્વાદ આપવાનું કહે અને તે પોતે આ આશીર્વાદ આપવાથી વંચિત રહે. ચોક્કસપણે ઈશ્વર માણસો કરતાં હજારોને લાખો ગણું વધારે આપી શકે છે કારણકે ઈશ્વર દ્વારા જ માનવીનું સર્જન થયું છે.

પયગંબર સાહેબે એકવાર કહ્યું હતું કે જે વ્યક્તિ ઈસ્મ-એ-આઝમ (સૌથી મોટું નામ) ના સંદર્ભ સાથે ઈશ્વર પાસે માંગે, તેની પ્રાર્થના ચોક્કસપણે ઈશ્વર દ્વારા પૂર્ણ થશે. ઈસમ-એ-આઝમનો ઉલ્લેખ કરીને માગવું એટલે શું? તે એક પ્રકારની પ્રાર્થના છે જેમાં સર્વશક્તિમાન ઈશ્વરને આશીર્વાદ માટે મનાવવામાં આવે છે અથવા તો વિનંતી કરવામાં આવે છે, અને ઉપરોક્ત પ્રાર્થના આ શ્રેણીમાં આવે છે. જો કોઈ વ્યક્તિ ઈશ્વરને તેમની લાક્ષણિકતાઓને યાદ કરીને પૂજે છે અને વિનંતી કરે છે, તો તે ચોક્કસપણે ઈશ્વર દ્વારા સકારત્મક પ્રતિસાદ મેળવે છે.

**ચોક્કસપણે ઈશ્વર માણસો કરતાં હજારોને લાખો ગણું વધારે આપી શકે છે, કારણ કે ઈશ્વર દ્વારા જ માનવીનું સર્જન થયું છે.**

'ઈશ્વરને મનાવવાનો' નો શાબ્દિક અર્થ એ છે કે સર્વશક્તિમાન ઈશ્વરને મદદ માટે વિશેષ શબ્દો સાથે વિનંતી કરવી. આહ્વાનના માર્ગે આ પ્રકારની પ્રાર્થના એ સૌથી મોટી પ્રાર્થના છે. અને જે વ્યક્તિ આ પ્રકારની પ્રાર્થના કરી શકે છે, તેને ચોક્કસપણે ઈશ્વર તરફથી સકારાત્મક પ્રતિસાદ મળશે. કુરાનની ઉપરોક્ત શ્લોક વ્યક્તિને તેની પ્રાર્થના અંગે આ પ્રકારની ખાતરી આપે છે.

પ્રાર્થના બે પ્રકારની છેઃ એક, સામાન્ય પ્રાર્થના અથવા સામાન્ય દુઆ; બીજી, ઈશ્વરને મનાવવાના માર્ગ દ્વારા પ્રાર્થના. પ્રથમ પ્રકારની દુઆ એ ફક્ત કેટલાક શબ્દોનું

પઠન છે, પરંતુ બીજા પ્રકારની દુઆ ભાવનાઓથી ભરેલી છે, આધ્યાત્મિકતાથી ભરેલી છે અને દિવ્ય લગનથી ભરેલી છે. તેથી, જો પ્રથમ પ્રકારની દુઆ એ દુઆ છે, તો બીજા પ્રકારની દુઆ એક મોટી દુઆ છે.

પ્રથમ પ્રકારની દુઆ ફક્ત શબ્દકોશના શબ્દોનો ઉપયોગ કરીને બનાવી શકાય છે, પરંતુ બીજા પ્રકારની દુઆ માટે કંઈક વધુ જરૂરી છે; એટલે કે, ઈશ્વરની ઊંડી અનુભૂતિ, ઈશ્વર પર અતૂટ વિશ્વાસ, અને ઈશ્વર પ્રત્યે ઊંડો પ્રેમ અને લાગણીઓ. આ તે પ્રકારના ગુણો છે જે વ્યક્તિને તે પ્રકારની દુઆ કરવા સક્ષમ બનાવે છે જેને મોટી દુઆ કહી શકાય.

## * વિનમ્રતાથી અવગણો *

જીવન એ વિભિન્ન પ્રકારના સારા તેમજ ખરાબ અનુભવોની શ્રેણી છે. જ્યારે આપણને સારો અનુભવ થાય છે, ત્યારે તે આપણને સંપૂર્ણ રીતે અનુકૂળ આવે છે, પરંતુ જ્યારે આપણને કોઈ ખરાબ અનુભવ થાય ત્યારે શું કરવું?

કુરાન આપણને ખૂબ જ સરળ જવાબ આપે છેઃ અપ્રતિબદ્ધ રહીને કોઈપણ અણગમાને અવગણો.

આ સિદ્ધાંત કુરાનના અધ્યાય અલ-મુઝમ્મિલ (આવરિત) માં દર્શાવવામાં આવ્યો છે. જ્યારે ઈસ્લામના પયગમ્બરે ઈ.સ. ૬૧૦ માં મક્કામાં તેમનું અભિયાન શરૂ કર્યું ત્યારે પરિસ્થિતિ અત્યંત પ્રતિકૂળ હતી. ઘણીવાર તેમણે અનિચ્છનીય પરિસ્થિતિઓનો સામનો કરવો પડયો, અને તે સમયે કુરાનમાં આ શ્લોક પ્રગટ થયો;

**તેઓ જે કહે છે તેને ધીરજપૂર્વક સહન કરો અને નમ્રતાથી તેમને અવગણો. (૭૩:૧૦)**

આવી દુર્દશામાં, ધૈર્ય એ નિષ્ક્રિય વલણ નથી; તે ઉચ્ચ બુદ્ધિમત્તા દર્શાવે છે. જ્યારે તમે તમારી ધીરજ રાખો છો, ત્યારે તમે તમારો સમય અને શક્તિ બચાવો છો. મુશ્કેલ પરિસ્થિતિમાં ધીરજ રાખવાનો અર્થ એ છે કે જ્યારે તમને ખ્યાલ હોય કે અન્ય પક્ષ પ્રતિભાવશીલ મૂડમાં નથી, તો તમારે અવગણવાનો સિદ્ધાંત અપનાવવો જોઈએ, તેમને ટાળી શકાય એવો જવાબ આપીને તમારી પોતાની બાબતોમાં આગળ વધો. ફક્ત ત્યારે જ તમારે તમારો દૃષ્ટિકોણ તેમની સમક્ષ રજૂ કરવો જોઈએ જ્યારે તમે જુઓ કે

બીજો પક્ષ તમને નિષ્ઠાપૂર્વક સાંભળે છે. આ સિદ્ધાંત સામાજિક જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. સમાજ એ વિવિધ પ્રકારના લોકોનું સંયોજન છે અને સમાજમાં આપણે જે રીતે જીવન જીવીએ છીએ તે ઘણીવાર આપણી પોતાની ઈચ્છાઓને બદલે અન્યની પસંદગીઓ દ્વારા નક્કી થતું હોય છે. જો તમે તમારી ઈચ્છાના વર્ચસ્વ  માટે સમાજના તમામ સભ્યોને સમજાવવાનો પ્રયાસ કરશો, તો તમે ભાગ્યે જ સફળ થશો, તેથી જે શકય છે તે કરવાની અને જે અશકય છે તેને છોડી દેવાની કળા વિકસાવો.

આ પરિપકવતાની નિશાની છે. પરિપકવ વ્યક્તિ એવી પરિસ્થિતિઓમાં પણ સંતુલિત રહે છે જેને બદલવું તેના માટે અશકય છે. જો પરિસ્થિતિમાં પરિવર્તન લાવવું શકય હોય તો પરિવર્તન માટે પ્રયાસ કરો, પરંતુ જ્યારે પરિવર્તન શકય ન હોય ત્યારે ફક્ત અનૂકુલનનો સિદ્ધાંત અપનાવો.

**તમારે તમારા પોતાના સિદ્ધાંતો પર જીવવું જોઈએ અને અન્ય લોકોને તેમના પોતાના સિદ્ધાંતો પર જીવવા દો. આ પરિપકવતા છે, આ અનૂકુલન છે, આ જીવનની સકારાત્મક રીત છે.**

આ સૂત્ર માત્ર સમાજમાં જ નહીં પરંતુ તમારા પરિવારમાં પણ મહત્વપૂર્ણ છે. ઘરેલું ક્ષેત્રમાં, હંમેશા એવા પ્રસંગો આવે છે જ્યારે તમને લાગે છે કે તમે તમારા મંતવ્યોની પ્રમાણિકતા  વિશે પરિવારના અન્ય સભ્યોને સમજાવી શકતા નથી. ત્યારે તમારે આ સૂત્રનું પાલન કરવું જોઈએઃ તમારા માટે, તમારી વિચારવાની રીત અને મારા માટે, મારી. અભ્યાસ દર્શાવે છે કે તફાવતો એ જીવનનો એક ભાગ છે. દરેક વ્યક્તિની માનસિકતા અલગ હોય છે, દરેક વ્યક્તિ વસ્તુઓને અલગ દ્રષ્ટિકોણથી જુએ છે અને દરેકની રુચિ અલગ હોય છે. લોકોમાં એકરૂપતા લાવવી લગભગ અશકય છે. એકરૂપતા સ્થાપિત કરવાનો પ્રયાસ કરવો એ અશકયને શકય બનાવવાનો પ્રયાસ કરવા જેવું છે.

આવી સ્થિતિમાં, કુરાનના ઉપરોક્ત સૂત્ર, ‘જીવો અને જીવવા દો’ અપનાવવું, જે વ્યવહારિક સિદ્ધાંત પર આધારિત છે, એ એકમાત્ર સામાન્ય સમજણનો ઉકેલ છે. તેનો સીધો અર્થ એ છે કે તમારે તમારા પોતાના સિદ્ધાંતો પ્રમાણે જીવવું જોઈએ અને અન્ય લોકોને તેમના પોતાના સિદ્ધાંતો પ્રમાણે જીવવા દેવું જોઈએ. આ પરિપકવતા છે, આ અનૂકુલન છે, આ જીવનની સકારાત્મક રીત છે.

‘તેમને નમ્રતાથી અવગણો’ એટલે તેમની સાથે સકારાત્મક રીતે વ્યવહાર કરો. જો તમને પૂછવામાં આવેલા પ્રશ્નો વિવાદાસ્પદ પ્રકૃતિના હોય, તો તેમને પરોક્ષ રીતે જવાબ આપો અથવા ફક્ત વિષય બદલો. વિષય બદલવો એ પણ જવાબ આપવાની નમ્ર રીત

છે. આ પ્રકારનો જવાબ પરિપકવતા અને શિસ્તબદ્ધ મન દર્શાવે છે. તદુપરાંત, તે મજબૂત વ્યક્તિત્વની નિશાની છે.

## * જીવનઃ એક કટોકટીની સ્થિતિમાં *

કુરાનના સૌથી મહત્વપૂર્ણ ઉપદેશોમાંનો એક સંદેશ મૃત્યુ બાબતે છે. મૃત્યુ એ દરેક સ્ત્રી-પુરુષના જીવનનો અંત છે, પરંતુ તે કયારે આવશે તે કોઈ જાણતું નથી.

કુરાન લુકમાન (લુકમાન)ના અધ્યાયમાં આ હકીકતનો ઉલ્લેખ કરે છે;

**કોઈ આત્મા જાણતો નથી કે તે આવતીકાલ માટે શું કમાશે,**
**અને કોઈ આત્મા જાણતો નથી કે તે કઈ જમીનમાં મૃત્યુ પામશે.**
**નિઃશંકપણે અલ્લાહ સર્વજ્ઞ, સર્વ–જાણકાર છે. (૩૧:૩૪)**

મૃત્યુ એક વ્યક્તિગત ધરતીકંપ જેવું છે. દરેક વ્યક્તિ મૃત્યુ પામે છે, પરંતુ કોઈને ખબર નથી હોતી કે તે આ ભાગ્યશાળી ક્ષણનો સામનો કયારે કરશે. મૃત્યુનો અર્થ છે વર્તમાન વિશ્વથી સંપૂર્ણ અલગાવ. મૃત્યુ એ વ્યક્તિએ પોતાના માટે બનાવેલી દુનિયામાંથી ફરજિયાત હકાલપટ્ટી જેવું છે.

આમ થવાથી દરેક વ્યક્તિ કટોકટીની સ્થિતિમાં જીવી રહ્યો છે. દરેક ક્ષણ તેની છેલ્લી ક્ષણ બની શકે છે. દરેક શ્વાસ તેનો છેલ્લો શ્વાસ સાબિત થઈ શકે છે. કોઈપણ સમયે તેને નિયતિના ઘાતક ચુકાદાનો સામનો કરવો પડી શકે છે - તે તેના જીવનમાં પાછા ન વળવાના તબક્કે પહોંચી શકે છે.

આ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે; તે દરેક સ્ત્રી-પુરુષ માટે એક મહાન શિક્ષક છે. તે એક નવા પ્રકારની નીતિશાસ્ત્ર બનાવવા પ્રેરે છે, જે મૃત્યુ પર આધારિત છે. આ અવધારણા, જો જીવવાની અવધારણા તરીકે લેવામાં આવે તો, વ્યક્તિના જીવનની સંપૂર્ણ રીત બદલી શકે છે. તે ખરેખર તેના જીવનના માર્ગમાં ક્રાંતિ લાવી શકે છે. તે દરેક મનુષ્યમાં વિશાળ પરિવર્તન લાવી શકે છે.

અનિવાર્ય મૃત્યુની અવધારણા તમને ખૂબ જ નિષ્ઠાવાન બનાવે છે. તે તમને તમામ પ્રકારના વિચલનથી બચાવે છે. તે તમામ પ્રકારની વાસના અને શોષણને શૂન્ય કરી નાખે છે. તે વ્યક્તિને કહે છે કે નકારાત્મક આયોજન અર્થહીન છે કારણકે તેની

પરિપૂર્ણતા પહેલાં વ્યક્તિ મરી શકે છે - અને મૃત્યુ અનંતકાળ માટે છે. વ્યક્તિ તેના સાથી માણસો વિરુદ્ધ વિચારી શકે છે પરંતુ કોઈની પાસે અન્ય વિરુદ્ધ તેની દુષ્ટ ઈચ્છાઓ પૂરી કરવાની શક્તિ નથી.

મૃત્યુનું એક સકારાત્મક યોગદાન એ છે કે તે તમને સંતોષમાં જીવવા માટે પ્રેરે છે, અને સંતોષ એ જ શાંતિ અને તણાવમુક્ત જીવનનો એકમાત્ર સ્ત્રોત છે. વાસ્તવમાં, વધુ અને વધુની ઈચ્છા એ મૃત્યુ વિશેની અજાણતાનું પરિણામ છે અને સંતોષ એ આ સાર્વત્રિક હકીકતની જાગૃતિનું પરિણામ છે.

**મૃત્યુ જીવનના નિયમનકાર તરીકે કામ કરે છે. મૃત્યુ દરેક મનુષ્યના સકારાત્મક શિક્ષક તરીકે સેવા આપે છે. મૃત્યુની અવધારણા ઈચ્છાઓને નિયંત્રિત કરે છે. મૃત્યુ વ્યક્તિને સ્વસ્થ અને રચનાત્મક જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે.**

મૃત્યુનો ખ્યાલ વ્યક્તિના જીવનમાં ગતિરોધક તરીકે કામ કરે છે. મૃત્યુ લોકોને વાસ્તવિક અભિગમ અપનાવવા પ્રેરે છે. મૃત્યુ વ્યક્તિને પોતાની મર્યાદાની યાદ અપાવે છે. મૃત્યુ એ બધી નકારાત્મક ઈચ્છાઓને દૂર કરે છે, મૃત્યુ એ વ્યક્તિના જીવનમાં એક સુધારાત્મક પગલા જેવું છે, મૃત્યુની અવધારણા જીવનમાં અંકુશ અને સંતુલન શક્તિ તરીકે કામ કરે છે.

મૃત્યુ જીવનના નિયમનકાર તરીકે કામ કરે છે. મૃત્યુ દરેક મનુષ્યના સકારાત્મક શિક્ષક તરીકે સેવા આપે છે. મૃત્યુની અવધારણા ઈચ્છાઓને નિયંત્રિત કરે છે. મૃત્યુ વ્યક્તિને સ્વસ્થ અને રચનાત્મક જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે.

મૃત્યુની અવધારણા ફરજિયાતપણે તમને એક હેતુપૂર્ણ જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે, તે તમને તમારું લક્ષ્ય અને પ્રાથમિકતાઓ નક્કી કરવા અને પછી તે લક્ષ્ય માટે તમારી બધી શક્તિ અને સમય લગાવવા પ્રેરે છે. જે વ્યક્તિ મૃત્યુની વાસ્તવિકતાથી જાગૃત છે, તેને હેતુહીન જીવન જીવવું પરવડે જ નહીં. મૃત્યુ એ કોઈના જીવનમાં નકારાત્મક ઘટના નથી; તેમાં સંપૂર્ણપણે સકારાત્મક બોધપાઠ છે.

## * કુરાનનો મર્મ *

જો તમે કુરાનનો કેન્દ્રીય સંદેશ તપાસશો અથવા શાસ્ત્રના મૂળમાં જશો તો તમને ખ્યાલ આવશે કે કુરાનનો એક સંદેશ ફલાહની અવધારણા પર ભાર મૂકે છે. કુરાનમાં

એવા બીજા બીજો સમાનાર્થી શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમ કે ફઝ; ફલાહ અને ફઝને અર્થ સફળતા થાય છે. કુરાન મુજબ, સાચા સફળ ફક્ત એ લોકો છે જે આ લોકમાં રહીને પરલોકની સફળતા મેળવવા માટે નિર્ધારિત છે.

કુરાનના દૃષ્ટિકોણને સમજવામાં બે જાણીતા શબ્દો ખૂબ જ મદદરૂપ છે. 'પ્રમોશન' અને 'બ્રેક ઈન સર્વિસ.' લાંબા સમયની સેવા પછી, વ્યક્તિને પ્રમોશન (બઢતી) આપવામાં આવે છે. પ્રમોશન વધુ સારો પગાર અને વધુ સારા લાભો લાવે છે. કુરાન અનુસાર, જે દિવસે વ્યક્તિ મૃત્યુ પામે છે તે અંતિમ દિવસ છે જ્યારે તે પ્રમોશન મેળવે છે.

આપણા વર્તમાન વિશ્વમાં, આપણને તમામ પ્રકારની કુદરતી સુવિધાઓ અને શ્રેષ્ઠ જીવન સહાયક તંત્ર આપવામાં આવ્યું છે. આ વિશ્વ એક નાના સ્વર્ગ જેવું છે જેમાં આપણને આપવામાં આવેલી બધી વસ્તુઓ આપણી કસોટી કરવા માટે છે. જે વ્યક્તિ આવા વાતાવરણમાં તેના સારા વર્તન દ્વારા સાબિત કરે છે કે તે સ્વર્ગમાં પ્રવેશ માટે યોગ્ય ઉમેદવાર છે તેને આગામી આદર્શ વિશ્વના શાશ્વત જીવન માટે પસંદ કરવામાં તેમજ તેને બઢતી આપવામાં આવશે.

આ પ્રમોશન, જીવનના મૃત્યુ પહેલાંના સમયગાળાની નોંધ પર આધારિત છે. વર્તમાન વિશ્વ પણ સ્વર્ગ જેવું જ છે, તેમાં તે બધી જ વસ્તુઓ છે જે સ્વર્ગમાં આપવામાં આવશે, ફરક માત્ર એટલો છે કે વર્તમાન વિશ્વ એક અપૂર્ણ સ્વર્ગ છે, જ્યારે આવનાર સ્વર્ગ સંપૂર્ણ હશે.

જેઓ આ પ્રમોશન માટે પસંદ કરવામાં આવશે તેઓને પરલોકમાં સ્વર્ગમાં સ્થાયી કરવામાં આવશે, જ્યાં તેમની જીવનમાં હતી તે તમામ ઈચ્છાઓ પૂર્ણ કરવામાં આવશે. આ સ્વર્ગ તમામ પ્રકારની પ્રતિકૂળતાઓ અને મર્યાદાઓથી મુક્ત છે, અને લાયક પ્રવેશકર્તાઓ તે તમામ સારી વસ્તુઓનો સદાકાળ માટે આનંદ માણી શકશે.

બીજી તરફ સરકારી સેવામાં એક નિયમ છે જેને 'બ્રેક ઈન સર્વિસ' કહેવાય છે. કોઈપણ વ્યક્તિ જે પોતાની નોકરી દસ વર્ષ કરતાં વધારે સમય માટે કરે છે અને ફરજના સમયગાળા દરમિયાન પૂર્વ પરવાનગી વગર ઓફિસમાંથી ગેરહાજર રહે છે તેના માટે ભારી દંડ હોય છે - જેને 'બ્રેક ઈન સર્વિસ' કહે છે. વર્તમાન દુનિયામાં જેમને જીવવાની, સુકર્મો કરવાની શક્તિ અને તકો આપવામાં આવી હતી પરંતુ તેનો ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયેલા લોકોનો કિસ્સો પણ કઇંક આવો જ છે. આ નિષ્ફળતાને 'બ્રેક ઈન સર્વિસ' ગણવામાં આવશે અને તેમાં કયારેય ફેરબદલ થશે નહીં. તેથી જ્યારે ચૂકી

જનાર વ્યક્તિ પરલોકમાં પ્રવેશ કરશે ત્યારે તેમના પર ઈશ્વર-કૃપા થશે નહીં અને શરૂઆતથી ફરી જીવન જીવવાની બીજી તક પણ મળશે નહીં.

કુરાનમાં એક શ્લોક છે જે કહે છે કે વર્તમાન વિશ્વ સ્વર્ગ જેવું જ છે. (૪૭:૬) શા માટે આ સમાનતા છે? તે દિવ્ય આયોજનમાંથી ઉદ્‌ભવે છે, સર્વશક્તિમાન ઈશ્વર ફક્ત તે લોકોને જ ઈચ્છે છે જેઓ શાશ્વત સ્વર્ગમાં સ્થાન મેળવવા માટે ખરેખર લાયક છે. તેથી તેણે વર્તમાન વિશ્વને સ્વર્ગ સાથે ઘણી સમાનતાઓ સાથે બનાવ્યું એના માટે કે લોકો વર્તમાન વિશ્વના જીવનમાં પોતાનામાં સ્વર્ગીય ગુણવતા વિકસાવે છે કે નહી? ત્યારબાદ ઈશ્વર, આ દિવ્ય કસોટીમાં સફળ થનારાઓને, પરલોકના સ્વર્ગ એટલે કે આદર્શ સ્વર્ગમાં સ્થાયી થવા માટે પસંદ કરશે.

આ એક એવો સિદ્ધાંત છે જે આ દુનિયામાં વ્યક્તિને પોતાના વર્તન વિશે ખૂબ જ સમજદાર બનાવે છે.

## * અંધકારથી પ્રકાશ તરફ *

કુરાન મુજબ, સત્ય પ્રકાશ છે અને અસત્ય અંધકાર છે. જે માણસ અસત્ય જીવન જીવતો હોય અને પછી તેને સત્ય જડી આવે, તો તેને અંધકારમાંથી પ્રકાશ તરફ મુસાફરી કરવાનો અનુભવ મળે છે. જીવનની આ હકીકત કુરાનમાં અધ્યાય અલ-અનામ (પશુઓ) માં વર્ણવવામાં આવી છે.

કુરાનની સંબંધિત આયાત નીચે મુજબ છે;

**શું તેઓ, કે જેઓ મૃત્યુ પામ્યા હતા પછી જેમને અમે જીવન આપ્યું અને પ્રકાશ આપ્યો જેથી તેઓ લોકોની વચ્ચે ચાલી શકે, તેમની સરખામણી, એવા લોકો સાથે થઈ શકે કે જે સંપૂર્ણ અંધકારમાં હોય અને જેમાંથી તેઓ ક્યારેય બહાર નીકળતા નથી? આ રીતે (સત્યનો) અસ્વીકાર કરનારાઓના દુષ્કર્મોને (તેમના માટે) આકર્ષક બનાવવામાં આવ્યા છે (૬:૧૨૨)**

અસત્ય શું છે? કુરાન અનુસાર, અસત્ય તે છે જે માનવ પ્રકૃતિ માટે પરાયું અથવા તેનાથી વિપરીત છે, અને સત્ય તે છે જે માનવ પ્રકૃતિ અનુસાર છે. આ એક માપદંડ છે જેના દ્વારા અસત્ય અને સત્ય વચ્ચે નિર્ણય કરી શકાય. કુરાન અનુસાર, દરેક વ્યક્તિ જ્યારે જન્મે છે ત્યારે તેની પ્રકૃતિ દિવ્ય હોય છે. બીજા શબ્દોમાં કહીએ

તો, સત્ય એ દરેકની પ્રકૃતિનો ધર્મ છે. અસલ પ્રકૃતિ અને વાસ્તવિક સત્ય વચ્ચે કોઈ તફાવત નથીઃ બંને એક અને સમાન છે. દરેક વ્યક્તિ માટે તેની મૂળ દિવ્ય પ્રકૃતિ એટલે કે સત્યને અનુસરવાનું નિર્ધારિત છે. જો વિચલન માટે કોઈ અવરોધ અથવા કારણ ન હોય તો, દરેક વ્યક્તિ તેની પોતાની દિવ્ય પ્રકૃતિ માટે - જેમ તે જીવે છે અને મૃત્યુ પામે છે તેમ-સાચા રહે છે. દિવ્ય પ્રકૃતિ દરેક માટે, સ્ત્રીઓ અને પુરુષો બંને માટે એક શક્તિશાળી શિક્ષક છે. જ્યારે વ્યક્તિ તેના દિવ્ય સ્વભાવનું પાલન કરે છે, ત્યારે તે પ્રબુદ્ધ વ્યક્તિ બને છે. તે વસ્તુઓને જેમ છે તેમ જોઈ શકે છે. તે સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખી શકે છે. જો તે પોતાની કુદરતી પ્રેરણાઓનું અનુસરણ કરે, તો તે તેની દિવ્ય પ્રકૃતિના અવાજને અનુસરવા માટે પ્રેરાય છે.

**કુરાન અનુસાર, અસત્ય તે છે જે માનવ પ્રકૃતિ માટે પરાયું અથવા તેનાથી વિપરીત છે, અને સત્ય તે છે જે માનવ પ્રકૃતિ અનુસાર છે.**

આ અર્થમાં દરેક વ્યક્તિ સાચી વ્યક્તિ તરીકે જન્મે છે. પરંતુ જીવનમાં - પારિવારિક અને સામાજિક એમ બંને જીવનમાં - દરેક જગ્યાએ વિક્ષેપો છે, અને જે પોતાને આ વિક્ષેપોથી પ્રભાવિત થવા દે છે તે પોતાને આ દિવ્ય ધોરણથી વિચલિત કરે છે. તે અંધકારમાં પડે છે અને હવે તે બધું કૃત્રિમ રોશનીમાં જુએ છે. તે વસ્તુઓને ઉદ્દેશ્યપૂર્વક જોવાની ક્ષમતા ગુમાવે છે.

વ્યક્તિને સત્ય મળ્યું છે કે નહીં તેનો માપદંડ શું છે? માપદંડ એ વ્યક્તિ પોતે જ છે, એના પોતાના સિવાય બીજું કંઈ માપદંડ નથી. જો કોઈ વ્યક્તિમાં નવું વ્યક્તિત્વ ઉભરી આવ્યું હોય, તો તે એક સંકેત છે કે તેણે સત્ય પ્રાપ્ત કર્યું છે. આ ક્રાંતિકારી પરિવર્તન તેના વિચાર, વાણી, વર્તન, વ્યવહાર, આદતો વગેરેમાં સ્પષ્ટ દેખાય છે. જેણે સત્ય શોધી કાઢયું છે તેનું વ્યક્તિત્વ એવા વ્યક્તિ જેવું નથી રહેતું કે જેને હજી સુધી સત્ય જડયું નથી. હકીકતમાં, આ બધી બાબતો એ સંબંધિત વ્યક્તિના જીવનમાં પ્રતિબિંબિત થવી જોઈએ. જો કોઈ વ્યક્તિ અગાઉ નિષ્ઠાવાન ન હતી, અને હવે તે નિષ્ઠાવાન બની ગઈ છે; અગાઉ તે ભાવનાત્મક હતો, અને હવે તે વાસ્તવદર્શી છે, અગાઉ તે નકારાત્મક હતો અને હવે તે સકારાત્મક છે, અગાઉ તે ફક્ત વક્તા હતો અને હવે તે શ્રોતા છે, તો પછી તમે સુરક્ષિત રીતે માની શકો છો કે તેને સત્ય જડયું છે. જેને સત્યને જડે છે તે યોગ્ય નિવાસસ્થાનમાં વાવેલા વૃક્ષ જેવો બની જાય છે. સત્યતા સ્ત્રીઓ અને પુરુષો બંને માટે નિવાસસ્થાન તરીકે સેવા આપે છે. સત્યતા એક વાતાવરણ પૂરું પાડે છે જેમાં તેઓ કાયમ માટે વિકાસ પામી શકે છે.

# * બેવડા ધોરણોને નકારો *

કુરાન અનુસાર, બેવડા ધોરણો રાખવા એ ખરાબ ચારિત્ર્યની નિશાની છે. અધ્યાય અસ્-સફ (પદ/હોદ્દો) ની નીચે આપેલી બે પંક્તિઓ સુસંગત છે;

**ઓ આસ્થાવાનો! જે તમે (પોતે) કરતા નથી તે કહો છો શા માટે? તમે જે ઉપદેશ આપો છો તેનું જો તમે [પોતે] પાલન ના કરો તો અલ્લાહને ત્યાં તે સૌથી વધુ ધિક્કારપાત્ર છે. (૬૧:૨–૩)**

બેવડા ધોરણોથી આ જગતને અણગમો છે. તે એક પ્રકારનો દંભ છે અને દંભ ઈસ્લામમાં તેમજ પ્રકૃતિમાં સંપૂર્ણપણે અનિચ્છનીય છે. બેવડા ધોરણો ધરાવનાર વ્યક્તિ પોતાને સારી વ્યક્તિ માને છે, પરંતુ અન્યની નજરમાં તે ચોક્કસપણે ખરાબ વ્યક્તિ છે. બેવડા ધોરણો વ્યક્તિગત સત્યનિષ્ઠતાથી સાવ વિપરીત છે. પ્રામાણિકતા શ્રદ્ધાનો એક ભાગ છે. જે વ્યક્તિ પોતાની પ્રામાણિકતા ગુમાવે છે તે પરિણામે પોતાની શ્રદ્ધા ગુમાવે છે.

બેવડા ધોરણો વ્યક્તિત્વ વિકાસમાં કાયમી અવરોધ છે. જે વ્યક્તિ આદતપૂર્વક બેવડા ધોરણોનું પાલન કરે છે તે મજબૂત વ્યક્તિત્વ ન હોય શકે. આ પ્રકારના લોકો અનિવાર્યપણે નબળા વ્યક્તિત્વ સાથે જીવે છે અને નબળા વ્યક્તિત્વ સાથે જ મૃત્યુ પામે છે.

આવા લોકો ઈમાનદારીથી વંચિત હોય છે. તેઓ કહે છે કઈંક પણ કરે છે તેની વિપરીત બીજું જ કઈંક. તે તેમનો નિમ્ન કક્ષાનો સ્વાર્થ છે જે તેમના વર્તનને નિયંત્રિત કરે છે. તેઓ મક્કમ સિદ્ધાંતો દ્વારા નહી, પરંતુ તાત્કાલિક લાભની લાલચ દ્વારા નિયંત્રિત હોય છે. તેમનું વર્તન સિદ્ધાંત આધારિત નહીં પણ સ્વાર્થ આધારિત હોય છે.

**બેવડા ધોરણો વ્યક્તિત્વ વિકાસમાં કાયમી અવરોધ છે. જે વ્યક્તિ આદતપૂર્વક બેવડા ધોરણોનું પાલન કરે છે તે મજબૂત વ્યક્તિત્વ ન હોય શકે.**

બેવડા ધોરણો ધરાવતા લોકો બિનભરોસાપાત્ર હોય છે. આવા લોકો વાતો ઘણી બધી કરે છે, પરંતુ જ્યારે ખરેખર જરૂર પડે અથવા નક્કી કરેલા કામ કરવાની વાત આવે ત્યારે કોઈપણ બહાના આપીને છટકવાનો પ્રયાસ કરે છે. તેઓ નક્કી કરેલા ઠરાવોનું કાર્યની મક્કમતા સાથે સમર્થન કરવામાં નિષ્ફળ રહે છે. પરિણામે, તેઓ બહુ ઓછા સમયમાં લોકોનો વિશ્વાસ ગુમાવે છે.

બેવડા ધોરણો રાખવાનો અર્થ છે એક વાત કહેવી અને પછી કરવું એનાથી

વિપરીત બીજું જ કંઈક. આ પ્રકારનું પાત્ર પ્રકૃતિની દુનિયાથી બિલકુલ અલગ છે. કોઈ જાનવર પણ આ પ્રકારનું પાત્ર બતાવતું નથી. આ પ્રકારનું અમાનવીય વર્તન માત્ર માનવ જ કરે છે.

## * શાંતિની ફિલસૂફી *

શાંતિ એ દ્વિપક્ષીય મુદ્દો છે, પરંતુ શાંતિની સ્થાપના એકપક્ષીય પહેલથી જ થઈ શકે, નહીં તો શાંતિ સ્થપાઈ શકે નહીં. કુરાનનો શાંતિનો આ સિદ્ધાંત, કુરાનના અધ્યાય અલ-અનફાલ (યુદ્ધની લૂંટ) માં દર્શાવવામાં આવ્યો છે. સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**પછી જો તેઓ શાંતિ બનાવવા માટેનું વલણ ધરાવતા હોય, તો તેમની સાથે શાંતિ બનાવો અને અલ્લાહમાં ભરોસો રાખો. નિઃશંકપણે, તે બધું સાંભળનાર અને જાણનાર છે. જો તેઓ તમને છેતરવા માંગતા હોય, તો અલ્લાહ તમારા માટે પૂરતા છેઃ તેણે તમને તેની સહાયથી મજબૂત બનાવ્યા, અને તમારી આસપાસના શ્રદ્ધાળુઓને ભેગા કર્યા, અને તેમના હૃદયને એક સાથે બાંધ્યા. (૮:૬૧–૬૨)**

જ્યાં બે પક્ષો વચ્ચે વિવાદ થયો હોય, અને પછી સમજૂતી થાય ત્યારે દરેક પક્ષને એકબીજા પ્રત્યે શંકા હોય છે કે સામેવાળો પક્ષ આ કરારનું ચુસ્તપણે કદાચ પાલન નહીં કરે અથવા કોઈક જાતની છેતરપિંડી કરશે. આ પ્રકારની શંકા શાંતિ સ્થાપવામાં બહુ મોટો અવરોધ હોય છે. એ માટે કુરાન શ્રદ્ધાળુઓને ઈશ્વરમાં ભરોસો રાખવાની સલાહ આપે છે. તેઓએ બીજા પક્ષના વર્તન વિશે ચિંતા કર્યા વગર ફક્ત એ ભરોસો રાખીને આગળ વધવાનું છે કે ઈશ્વર તેમની બાજુમાં રહેશે અને શાંતિ માટેનું સમાધાન સફળ થશે. ઈશ્વરમાં વિશ્વાસનો અર્થ, હકીકતમાં, પ્રકૃતિના નિયમોમાં વિશ્વાસ હોવો એ છે. સર્જનહાર દ્વારા રચાયેલ કુદરતના નિયમોનું પાલન એ આ વિશ્વમાં અપનાવવા માટેનો એકમાત્ર વ્યવહારુ માર્ગ છે.

**શાંતિ એ કોઈ નાની વસ્તુ નથી. તે એવી વસ્તુ છે જે લોકોના હૃદયને ખોલે છે. તમારા તરફથી ઉદારતા બતાવવાથી અન્ય લોકો પણ ઉદાર બને છે. જો તમે થોડી પીછેહઠ કરો, તો પરિણામ ચમત્કારિક જ આવશે.**

જો તમે વિવાદાસ્પદ મુદ્દા ઉઠાવવાનો આગ્રહ રાખશો, તો તમે બીજા પક્ષના અહંકારને ઉત્તેજીત કરશો અને ઈચ્છિત સમાધાન પ્રાપ્ત કરવું પહેલાં કરતાં વધુ મુશ્કેલ

બનશે. માત્ર તમારી પોતાની જ વાતનો આગ્રહ પ્રતિક્રિયાનું કારણ બને છે, એટલે કે બીજો પક્ષ વધુ સાવધ બને છે, અને પછી સમાધાન સુધી પહોંચવું લગભગ અશક્ય બની જાય છે.

કોઈપણ કિંમતે વિવાદ ટાળો, જેથી કરીને તમે બંને પક્ષો વચ્ચે સમાનતા શોધી શકો. હંમેશા યાદ રાખો કે શાંતિ અમુક સમાનતાના આધાર પર સ્થાપિત કરી શકાય છે, અને અન્ય પક્ષ માટે સમાનતા એ છે જે તેમને વધુ સ્વીકાર્ય હોય. તમારી પોતાની ઈચ્છાઓ સમાનતા માટેનો આધાર આપી શકતી નથી. તમે વ્યવહારિક સમજણના સૂત્રને અપનાવીને જ સમાનતા શોધી શકો છો.

શાંતિ એ કોઈ નાની વસ્તુ નથી. તે એવી વસ્તુ છે જે લોકોના હૃદયને ખોલે છે. તમારા તરફથી ઉદારતા બતાવવાથી અન્ય લોકો પણ ઉદાર બને છે. જો તમે થોડી પીછેહઠ કરો, તો પરિણામ ચમત્કારિક જ આવશે. લોકો પોતે જ સામે ચાલીને તમને ઉચ્ચ સ્થાન પર બેસવાનું કહેશે. નેતાની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરશો નહીં. અનુયાયી બનો તો તમે જરૂર બીજા પક્ષનું દિલ જીતી શકશો.

ઈશ્વરમાં તમારો ભરોસો રાખવાનો અર્થ એ છે કે તર્ક ઉપર, સામાન્ય સમજ અને પરિસ્થિતિના સામાન્યકરણથી ઉદ્‌ભવતા પરોક્ષ પરિણામો પર તમારો વિશ્વાસ હોવો. આસ્તિકની ભાષામાં, તે દિવ્ય આશીર્વાદ છે અને બિનસાંપ્રદાયિક ભાષામાં, તે પ્રકૃતિનો નિયમ છે.

કોઈપણ પ્રકારના વ્યવહારોમાંથી બે પ્રકારના લાભ થાય છે - પ્રત્યક્ષ અને પરોક્ષ. આ વાત કોઈપણ શાંતિ માટેના સમાધાન માટે પણ સાચું છે. દરેક શાંતિ કરારમાં ઘણા લાભ હોય છે. પ્રત્યક્ષ રીતે આ ફાયદાઓ બહુ મોટા ના દેખાય, પરંતુ પરોક્ષ રીતે ઘણા ફાયદાઓ હોય છે. સમાધાન સમયે આ લાભો પ્રમાણમાં નજીવા લાગે, પરંતુ ભવિષ્ય તમને બતાવશે કે આ પરોક્ષ લાભો પ્રત્યક્ષ લાભો કરતાં પ્રમાણમાં ઘણા વધારે છે. સમજણનો એક ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ એ પણ છે કે તમારે અન્ય સમસ્યાઓને શાંતિ સાથે જોડવાનો પ્રયાસ ન કરવો જોઈએ - શાંતિ માટે આ વસ્તુ કે શાંતિ માટે પેલી વસ્તુ એ પરિપકવ વિચાર નથી, એકમાત્ર યોગ્ય માર્ગ એ સૂત્ર અપનાવવાનો છે કેઃ શાંતિ ખાતર શાંતિ. ઉદાહરણ તરીકે, ન્યાય ખાતર શાંતિ એ એક સુંદર વિચાર છે, પરંતુ આવી શરત મૂકવી તે સંપૂર્ણપણે મૂર્ખામીભર્યું છે, કારણકે આવા પગલા શાંતિને વાસ્તવિકતા બનતા અટકાવી શકે છે. એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે શાંતિની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે તમને ન્યાય અથવા નાણાકીય લાભના સંદર્ભમાં ત્વરિત પુરસ્કાર પ્રદાન કરવાને બદલે નિર્ધારિત લક્ષ્યો તરફ પ્રયત્નો કરવાની તક પૂરી પાડે છે.

# * સ્પર્ધાનું જગત *

માણસ માણસ વચ્ચેની અસમાનતા એ કુદરતી સંકેત અને માનવ સમાજની રચનાનો મૂળભૂત પાયો હોવાનું દર્શાવે છે. કેટલાક લોકો તેમના મોંમાં સોના-ચાંદીની ચમચી સાથે જન્મે છે, જ્યારે અન્ય સમસ્યાઓ અને મુશ્કેલીઓ સાથે જન્મે છે. આ કોઈ દૂષણ  નથી. સર્જકના મહાન હેતુપૂર્ણ આયોજનના પરિણામે આ સ્થિતિ યથાવતરીતે ચાલે છે.

અધ્યાય અલ-અન્આમ (પશુ) માં કુરાનનનો એક શ્લોક આ પરિસ્થિતિ પાછળનો તર્ક સમજાવે છે;

**તે જ છે જેણે તમને ધરતી પર ઉત્તરાધિકારી તરીકે સ્થાન આપ્યું છે અને તમારામાંથી કેટલાકને અન્યો ઉપર દરજ્જાઓમાં શ્રેષ્ઠ બનાવ્યા છે, જેથી તેણે તમને જે આપ્યું છે તેના દ્વારા તે તમારી પરીક્ષા કરે. નિઃશંકપણે તમારા અલ્લાહ સજા કરવામાં ઝડપી છે; પરંતુ તે ચોક્કસપણે ક્ષમાશીલ અને પરમ દયાળુ છે. (૬:૧૬૫)**

આનો અર્થ એ છે કે લોકો વચ્ચે અસમાનતા આકસ્મિક નથી. તે જાણી-જોઈને આયોજીત કરવામાં આવી છે. આ મહાન શાણપણ દર્શાવે છેઃ ઈશ્વર ઈચ્છતા હતા કે જીવન માણસને પડકારો આપે અને તેથી તેણે વ્યક્તિઓ અને જૂથો વચ્ચે સ્પર્ધા ઊભી કરી. આ પડકારો અને સ્પર્ધાઓ જ છે જે વિકાસ માટે મુખ્યત્વે જવાબદાર છે, નહી કે અસમાનતા. અને તે ચોક્કસપણે સુનિશ્ચિત કરે છે કે માનવ અસ્તિત્વ કયારેય પણ નીરસ ના બને.

મનોવૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે અનુકુળ પરિસ્થિતિઓ હંમેશા સંઘર્ષની ભાવનાને મારી નાખે છે અને પ્રોત્સાહનો આવશ્યકપણે વિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રગતિનો ઈતિહાસ સાક્ષી છે કે કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્રે કયારેય અનુકૂળ પરિસ્થિતિઓમાં પ્રગતિ કરી નથી.

હકીકત એ છે કે દરેક સ્ત્રી-પુરુષ મહાન ક્ષમતા સાથે જન્મે છે. પરંતુ આ ક્ષમતા કુદરતી ક્ષમતાના રૂપમાં હોય છે અને વાસ્તવિકતાના નહીં. તે પડકારજનક સંજોગો છે જે લોકોના મનને જાગૃત કરે છે અને તેમની આ કુદરતી ક્ષમતાને વાસ્તવિકતામાં બદલવા સક્ષમ બનાવે છે. પ્રગતિ અને વિકાસનો આ કુદરતી માર્ગ છે.

સ્પર્ધાની આ દુનિયામાં, કોઈપણ સફળતાની કથા એ સંઘર્ષની કથા છે. દરેક જગ્યાએ ગરીબ પરિવારોમાં જન્મેલા વ્યક્તિઓના ઉદાહરણો છે જેમણે તેમની ગરીબીને એક મહાન પ્રોત્સાહન તરીકે લીધું, અને સંઘર્ષ તથા  સખત મહેનતની દુનિયામાં કૂદકો મારી ચમત્કારિક પરિણામો આપ્યાં. એવા ઘણા કિસ્સાઓ છે કે જેઓ ગરીબીમાં જન્મ્યા હતા, જેમને વારસામાં પોતાને કંઈ મળ્યું નહોતું, પરંતુ તેમણે પોતાનું ભવિષ્ય ઘડયું  અને તેમના સંતાનો અને સંબંધીઓ માટે મોટી સંપત્તિ મૂકી ગયા.

**એ ગૌરવની વાત છે કે માણસને મરજીની સ્વતંત્રતા છે અને તેની સ્વતંત્રતાનો ઉપયોગ કરીને તે તમામ પ્રકારની સફળતા મેળવી શકે છે.**

આપણી દુનિયા પ્રવૃત્તિની દુનિયા છે. આખું બ્રહ્માંડ દિવસ-રાત સક્રિય હોય છે, અને આવી જ પ્રવૃત્તિ માણસ માટે જરૂરી છે. બ્રહ્માંડના અન્ય જીવો કુદરતના નિયમ દ્વારા સક્રિય રહેવા માટે નિર્ધારીત છે, પરંતુ માણસને તેની ઈચ્છા મુજબ સક્રિય કે નિષ્ક્રિય રહેવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. તેથી માણસની સક્રિયતા એ તેની પોતાની ઈચ્છા છે; આમ, માણસ સ્વતંત્ર છે અને પોતાના જીવનની યોજના જાતે જ નક્કી કરી શકે છે.

એ ગૌરવની વાત છે કે માણસને મરજીની સ્વતંત્રતા છે અને તેની સ્વતંત્રતાનો ઉપયોગ કરીને તે તમામ પ્રકારની સફળતા મેળવી શકે છે. આ ઈશ્વર દ્વારા માણસને આપવામાં આવેલ એક મહાન સન્માન છે અને કુરાનમાં તેનો આ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે;

**''અમે આદમના સંતાનોનું સન્માન કર્યું છે.'' (૧૭:૭૦)**

લોકો સામાન્ય રીતે માનવ જીવનમાં જેને દુઃખ કહે છે, તે કોઈપણ પ્રકારની સમસ્યાથી ઘેરાયેલા રહેવા જેટલું દુઃખ નથી; પરંતુ માનવ જીવનની મોટાભાગની સમસ્યાઓ અસ્થાયી છે, કારણકે માણસ પાસે તેમને દૂર કરવાની ક્ષમતા છે; તે તેની નકારાત્મકતાને સકારાત્મકતામાં ફેરવી શકે છે; નિષ્ફળતામાંથી સફળતા મેળવી શકે છે; અને જે અંત જણાય ત્યાંથી જ નવી શરૂઆત કરી શકે છે.

## ❊ પરસ્પર પરામર્શ ❊

કુરાનના ઉપદેશોમાંનો એક ઉપદેશ "શૂરા" છે, એટલે કે પરસ્પર પરામર્શ. કુરાન આસ્થાવાનોમાં શુરાની ભાવના કેળવે છે, જેથી તેઓ ચર્ચા અને પરામર્શ દ્વારા તમામ મુદ્દાઓ પર નિર્ણય લઈ શકે.

અશ્-શૂરા (પરસ્પર પરામર્શ) પ્રકરણમાં, આ સિદ્ધાંત - જે આસ્થાવાનોને ઈશ્વરના લાભ માટે હકદાર બનાવશે - એ સદ્‌ગુણોના સંદર્ભમાં આ રીતે મૂકવામાં આવ્યો છે કે;

**જેઓ પરસ્પર પરામર્શ દ્વારા તેમના વ્યવહારોનું સંચાલન કરે છે અને અમે તેમના માટે જે પ્રદાન કર્યું છે તેમાંથી દાન કરે છે. (૪૨:૩૮)**

પરામર્શ શું છે? પરામર્શનો અર્થ એ છે કે કોઈપણ વસ્તુ વિશે નિર્ણય લેતા પહેલાં કોઈની સાથે તેના માટે ચર્ચા કરવાની ક્રિયા. પરામર્શની ટેવ અલગ નથી. તેમાં સામેલ થવાની ઈચ્છા નમ્રતા, પ્રામાણિકતા, સાવધાની અને શીખવાની ભાવના જેવા ગુણોમાંથી સીધી પરિણમે છે. આ ગુણો વિના, કોઈ પણ વ્યક્તિ પરામર્શમાં નિષ્ઠાપૂર્વક જોડાઈ શકે નહીં. આ બધા ગુણો ઈશ્વરમાં વિશ્વાસ રાખવાથી આવે છે અને જીવનના તમામ પાસાઓમાં વ્યક્તિને સંપૂર્ણ નિષ્ઠાવાન બનાવે છે. પ્રામાણિકતા અને નમ્રતા એવા ગુણ છે જે આસ્તિકને પહેલાં અન્યની સલાહ લીધા વિના કોઈ પણ બાબતનો નિર્ણય ન લેવાની ફરજ પાડે છે.

પરામર્શનું શ્રેષ્ઠ સ્વરૂપ એ છે કે જેમાં વ્યક્તિ પોતાના અનુભવો જણાવવાનો પ્રયાસ કરતી વખતે અન્યની સલાહ લે છે. જે માણસ ક્યારેય બીજાની સલાહ લેતો નથી તે માત્ર અડધો માણસ છે. જ્યારે બીજાની સલાહ લેનાર માણસ સંપૂર્ણ માનવ બની જાય છે. માત્ર વ્યક્તિ માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે પણ પરામર્શ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યાં સુધી વ્યક્તિનો સંબંધ છે, તે પરામર્શ અથવા ચર્ચા દ્વારા જ તેના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે છે. પરામર્શ વ્યક્તિને વધુ સારી વ્યક્તિ બનાવે છે અને આ પ્રકારની વ્યક્તિઓ ધરાવતો સમાજ સમજદાર સમાજ બને છે.

આવા સમાજમાં લોકો એકબીજા પર વિશ્વાસ કરે છે અને એકબીજાને મદદ કરે છે. ખરેખર તો આખો સમાજ એક પરિવાર જેવો બની જાય છે. અહીં પરામર્શનો અર્થ માત્ર મુખ્ય મુદ્દાઓને સંબોધિત કરવાનો નથી. તે પ્રકારના મુદ્દાઓમાં તો નિઃશંકપણે પરામર્શની જરુરત છે જ પરંતુ વ્યક્તિગત પરામર્શ વધૂ મહત્વપૂર્ણ છે. દરેક વ્યક્તિએ તેના રોજિંદા જીવનમાં બીજાની સલાહ લેવી જરૂરી છે. પરામર્શની આદત સમાજના વિવિધ સભ્યો વચ્ચે વિશ્વાસનું સ્તર બનાવે છે. શ્રેષ્ઠ પ્રકારના સમાજના નિર્માણ માટે પરસ્પર વિશ્વાસ અને સહકારની ભાવના ખૂબ જ મહત્વપૂર્ણ છે અને પરામર્શ આ પ્રક્રિયાનો આવશ્યક ભાગ છે.

પરામર્શ એ ફક્ત એક-તરફી પ્રથા નથીઃ તે દ્વિપક્ષીય પ્રક્રિયા છે. પરામર્શ એ પરસ્પર વિનિમય છે - તેની સાચી ભાવનામાં બૌદ્ધિક વિકાસનો એક મહાન સ્ત્રોત છે.

જ્યારે બે વ્યક્તિઓ એકબીજા સાથે કોઈ વિષય પર ચર્ચા કરે છે, ત્યારે ત્રીજો વિચાર બહાર આવે જ છે, અને તે આ ત્રીજો વિચાર છે જે વ્યક્તિત્વ વિકાસ તરફ દોરી જાય છે.

**પરામર્શની ટેવ અલગ નથી. તેમાં સામેલ થવાની ઈચ્છા નમ્રતા, પ્રામાણિકતા, સાવધાની અને શીખવાની ભાવના જેવા ગુણોમાંથી સીધી પરિણમે છે.**

એક અર્થમાં પરામર્શ એ આપ-લેની સંસ્કૃતિ છે. જ્યારે તમે કોઈની સાથે કોઈ મુદ્દાની ચર્ચા કરો છો, ત્યારે તે ફક્ત મૌખિક વિનિમય નથી. ચર્ચા દરમિયાન તમે બીજા પાસેથી કંઈક લો છો અને બીજાને કંઈક આપો છો.

ફળદાયી પરામર્શ માટે કોઈ શરતો જોડાઈ નથી. તે શ્રીમંત અને ગરીબ વચ્ચે, સીનિયર અને જુનિયર વચ્ચે, શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે, યુવાન અને વૃદ્ધો વચ્ચે, સ્ત્રી અને પુરુષ વચ્ચે, ટૂંકમાં, દરેક લોકોમાં એકબીજા વચ્ચે થઈ શકે છે. પરામર્શની આ સર્વવ્યાપી પ્રકૃતિ તેને અંતિમ હદ સુધી ફળદાયી બનાવે છે.

અસરકારક પરામર્શ માટે એક પૂર્વશરત એ છે કે બંને પક્ષો ખુલ્લું મન ધરાવતા હોવા જોઈએ. બંને પક્ષો તેમની યોગ્યતાઓ પર અને કોઈપણ પક્ષપાત વિના અભિપ્રાયો આપવા અને સ્વીકારવા તૈયાર હોવા જોઈએ.

## * દેવદૂતોને તમારા સાથી બનાવો *

દરેક મનુષ્યને ભરોસાપાત્ર સાથીઓની જરૂર હોય છે, જે તેને જીવનના દરેક તબક્કે સાથ આપે. કુરાન અનુસાર, આ ભરોસાપાત્ર સાથીઓ અન્ય કોઈ નહીં પરંતુ દેવદૂતો છે. અસ્સજદહ પ્રકરણમાં કુરાન આ મુદ્દા પર આપણને માર્ગદર્શન આપે છે. સંબંધિત પંક્તિઓ નીચે મુજબ છે;

**જેઓ કહે છે કે, 'અમારો માલિક અલ્લાહ છે' અને પછી એ વાત પર અડગ રહે છે, તેમના પર દેવદૂતો અવતરિત થાય છે અને કહે છે, 'ડરશો નહીં અને શોક કરશો નહીં. તેના બદલે, સ્વર્ગની ખુશખબરમાં આનંદ કરો, જેનું તમને વચન આપવામાં આવ્યું છે' આ દુન્યવી જીવન અને પરલોકમાં અમે તમારા સાથી છીએ. ત્યાં તમારી પાસે તમારા આત્માની ઈચ્છા છે તે બધું મળશે, અને ત્યાં તમારી પાસે તે બધું હશે જે તમે માંગશો. (૪૧:૩૦-૩૧)**

અહીં કુરાન આપણને કહે છે કે સ્ત્રીઓ અને પુરુષો બંને માટે સૌથી મોટો આશીર્વાદ એ છે કે તેમના સાથીઓ તરીકે દેવદૂતો હોય. આ દેવદૂતો તેમને વર્તમાન વિશ્વથી પરલોક સુધી માર્ગદર્શન આપે છે. તેઓ તેમને દિવસ-રાત દોરવણી કરે છે, જ્યાં સુધી તેઓ અંતિમ મુકામ એટલે કે સ્વર્ગ સુધી પહોંચી ન જાય. નિઃશંકપણે જેઓ સર્વશક્તિમાન ઈશ્વરમાં ભરોસો રાખે છે તેમના માટે આ એક સારા સમાચાર છે.

આ સ્ત્રીઓ અને પુરુષો કોણ છે જેમને તેમના સાથીઓ તરીકે દેવદૂતોનો આશીર્વાદ મળશે? ઉપરોક્ત પંક્તિઓમાં, કુરાન ફક્ત બે મૂળભૂત શરતો દર્શાવે છે, જે માનવ વ્યક્તિત્વના દરેક પાસાઓને આવરી લે છે અને તે નક્કી કરે છે કે કયા ભાગ્યશાળી આત્માઓને દેવદૂતોનો સાથ મળશે.

કુરાનમાં પ્રથમ શરત દર્શાવવામાં આવી છે કે આસ્તિક દ્વારા જેની પૂજા કરવામાં આવે છે તે સર્વશક્તિમાન ઈશ્વર હોવા જોઈએ. આ વાત ફક્ત શબ્દો કે શ્લોકોના કથન માત્ર નહીં પરંતુ એ શોધમાંથી ઉદ્‌ભવે છે. આનો અર્થ એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વને શોધી લે છે, ત્યારે તે શબ્દના વાસ્તવિક અર્થમાં ઈશ્વરલક્ષી જીવન અપનાવે છે. એટલે કે, તે ઈશ્વર-લક્ષી વિચારસરણી, ઈશ્વર-લક્ષી અભિગમ, ઈશ્વર-લક્ષી વર્તન વગેરે અપનાવે છે. ટૂંકમાં, તે દિવ્ય ચારિત્ર્યનો વિકાસ કરે છે. ઈશ્વર તેનો એકમાત્ર સાધ્ય બની જાય છે.

કુરાનમાં દર્શાવેલી બીજી શરત એ છે કે આસ્તિક અડગ રહે. તેનો અર્થ એ છે કે તેણે પોતાના નવા નિર્ણય પ્રત્યે એટલું સતર્ક બનવું જોઈએ કે તે ઈશ્વરીય માર્ગથી ભટકી ન જાય તે માટે તમામ પ્રયાસો કરે અને પોતાની જાતને તમામ પ્રકારના વિક્ષેપોથી બચાવવાનો પ્રયત્ન કરે. આ બીજી શરતનો અર્થ એ છે કે સંબંધિત વ્યક્તિ ઈશ્વરને તેની ઉપાસનાના એકમાત્ર કેન્દ્ર તરીકે પૂરા દિલથી સ્વીકારવાના તેના નિર્ણય વિશે સંપૂર્ણ રીતે સંકલ્પશીલ રહે.

**આ દેવદૂતો તેમને વર્તમાન વિશ્વથી પરલોકમાં માર્ગદર્શન આપે છે. તેઓ તેમને દિવસ-રાત દોરવણી કરે છે, જ્યાં સુધી તેઓ અંતિમ મુકામ એટલે કે સ્વર્ગ સુધી પહોંચી ન જાય.**

આ બે સ્થિતિઓ એ ઈશ્વરીય-સંસ્કૃતિ અથવા દિવ્ય-સંસ્કૃતિનો મુખ્ય ભાગ છે. જેઓ આ સંસ્કૃતિને સંપૂર્ણ ગંભીરતાથી અપનાવે છે તેઓ તરત જ તેમના પર દેવદૂતો ઉતરતા જોશે. જો કે આ અનુભવ અદ્રશ્ય રહે છે. જે કોઈપણ વ્યક્તિ આ સંસ્કૃતિને

ગંભીરતાથી અપનાવે છે, તેને લાગે છે કે તેણે આશ્વાસન, માનસિક શાંતિ અને તણાવમુક્ત જીવનની દ્રષ્ટિએ તેનો લાભ મેળવવાનું શરૂ કરી દીધું છે. તે પોતાની જાતને નકારાત્મક વિચારોથી સંપૂર્ણપણે મુક્ત અનુભવે છે અને શબ્દના સંપૂર્ણ અર્થમાં સકારાત્મક વ્યક્તિત્વમાં વિકાસ પામે છે.

જ્યારે કોઈને આ પ્રકારનો અનુભવ થાય છે, ત્યારે કોઈ વ્યક્તિ એ વાતને નકારી શકતી નથી કે તેને દેવદૂતોનો સહવાસ મળ્યો  છે અને તેથી તે એવા માર્ગ પર દિવ્ય જીવન જીવવા સક્ષમ બને છે જે સીધા સ્વર્ગ તરફ લઈ જાય છે.

## * ધ્યાનસ્થ ચિંતન *

કુરાન એક ધાર્મિક ગ્રંથ છે, જેના તમામ ઉપદેશો ધર્મ અને આધ્યાત્મિકતા પર આધારિત છે. પરંતુ જીવનના કોઈ પાસાઓ જડબેસલાક હોતા નથી. દરેક પ્રકારના ધાર્મિક શિક્ષણમાં કોઈને કોઈ ધર્મનિરપેક્ષ અથવા સાંસારિક પાસું હોય છે. આ વાત કુરાનને પણ લાગુ પડે છે. ઉદાહરણ તરીકે, ઉપવાસ એ કુરાનનો ધાર્મિક ઉપદેશ છે પરંતુ, તે જ સમયે, ઉપવાસનું એક ધર્મનિરપેક્ષ પાસું એ છે કે તે વ્યક્તિના શારીરિક સ્વાસ્થ્ય માટે ખૂબ ગુણકારી છે.

આ જ વાત કુરાનના સૌથી મહત્વના શિક્ષણ, તૌહીદ એટલે કે “ઈશ્વર એક જ છે” માટે પણ સાચી છે.

કોઈ ઈશ્વર નથી સિવાય એક જ સર્વશક્તિમાન ઈશ્વર, નિમ્નલિખિત કુરાનનો શ્લોક સૌથી યોગ્ય રીતે આ વ્યક્ત કરે છે;

**કહો, ‘તે એક જ, અનન્ય ઈશ્વર છે’ આત્મનિર્ભર છે ‘તે જન્મ આપતો નથી, ન તો તે જન્મ્યો હતો અને તેના જેવું બીજું કશું જ નથી’(૧૧૨:૧-૪)**

દેખીતી રીતે, આ એક ધાર્મિક સિદ્ધાંત છે, પરંતુ તેનું ધર્મનિરપેક્ષ પાસું પણ છે, એટલે કે ધ્યાનસ્થ ચિંતન. જ્યારે કોઈ આસ્તિક **‘ઈશ્વર એક જ છે’** એવી શ્રદ્ધા અપનાવે છે, ત્યારે તે એકાગ્રતાની ટેવ કેળવે છે. એકાગ્રતા એ ક્ષમતા છે જે તમારા બધા પ્રયત્નો અને ધ્યાનને એક બિંદુ પર દિશામાન કરે છે.

તૌહિદમાં વિશ્વાસ એ સારી રીતે સંકલિત અને ધ્યાનસ્થ વ્યક્તિત્વનો વિકાસ કરે છે. આવું વ્યક્તિત્વ એક કેન્દ્રિત મન પર ટકી રહે છે. પ્રથમ ઉદાહરણમાં, ધ્યાનસ્થ ચિંતન એ ધાર્મિક આસ્થાનો રંગ લે છે પરંતુ, કુદરતના નિયમ મુજબ તે આસ્તિકના સ્વભાવને તે

બિંદુ સુધી લઈ આવે છે અને તેની એવી સ્થિતિ બનાવે છે, જ્યાં તે તેના વ્યક્તિત્વના બીજા બધા પાસાઓને પણ અસર પહોંચાડે છે.

આમ તૌહીદ એ ધ્યાનસ્થ ચિંતન તરફ દોરી જાય છે, અને ધ્યાનસ્થ ચિંતન વ્યક્તિને વિચલિત વ્યક્તિત્વ અથવા ખંડિત માનસનો શિકાર બનતા અટકાવે છે. આ પ્રકારની વિચારસરણી વ્યક્તિનું એક સુગ્રથિત વ્યક્તિત્વ વિકસાવે છે. અને તેમાં કોઈ શંકા નથી કે સુગ્રથિત વ્યક્તિત્વ એ કોઈપણ સ્ત્રી કે પુરુષનું સૌથી મહત્વપૂર્ણ પાસું છે.

ધ્યાનસ્થ ચિંતન તમને માનસિક મૂંઝવણમાંથી બચાવે છે. તે તમને તમારા બધા પ્રયત્નોને એક બિંદુ પર કેન્દ્રિત કરવામાં મદદ કરે છે, આમ તે તમને તમામ પ્રકારના વિક્ષેપોથી બચાવે છે અને તમારા મનને 'તીતીઘોડો'' બનવાથી બચાવે છે.

**જ્યારે કોઈ આસ્તિક ઈશ્વર એક જ છે એવી શ્રદ્ધા અપનાવે છે, ત્યારે તે એકાગ્રતાની ટેવ કેળવે છે. એકાગ્રતા એ ક્ષમતા છે જે તમારા બધા પ્રયત્નો અને ધ્યાનને એક બિંદુ પર દિશામાન કરે છે.**

ધ્યાનસ્થ ચિંતન એકાગ્રતા વિકસાવે છે, જે તમને વાસ્તવિકતા અને સાપેક્ષતા વચ્ચે, તથા સુસંગતતા અને વિસંગતતા વચ્ચે તફાવત કરવા સક્ષમ બનાવે છે. તે સંગઠિત પ્રયત્નો તરફ દોરી જાય છે, તે સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિ પોતાનો સમય અને શક્તિ વેડફે નહીં. કોઈ ચિંતનમાં ધ્યાનસ્થ હોવાનો અર્થ એ છે કે વ્યક્તિની મુસાફરી કોઈપણ પ્રકારના વિચલન વિના એક માર્ગને અનુસરશે. જે આ પ્રકારની વિચારસરણીમાં વ્યસ્ત રહે છે તે ઉચ્ચ કક્ષાની સફળતા પ્રાપ્ત કરવા માટે નિર્ધારીત છે.

એવું કહેવાય છે કે આધુનિક વિજ્ઞાનના પિતા, સર આઈઝેક ન્યુટનમાં આ ધ્યાનસ્થ રીતે વિચારવાની વિશેષ ક્ષમતા હતી. અન્ય ઘણા મહાન ચિંતકો અને સફળ વ્યક્તિઓમાં આ ક્ષમતા હતી. ખરેખર, ઈતિહાસમાં એવું કોઈ ઉદાહરણ નથી કે કોઈએ આ ભેટ વિના મોટી સફળતા હાંસલ કરી હોય. સ્ત્રીઓ અને  પુરુષો બંનેમાં ધ્યાનસ્થ ચિંતન એ સૌથી મોટી ગુણવત્તા છે.

જ્યારે કોઈ આસ્તિક તેની ધાર્મિક આસ્થાના સંદર્ભમાં ધ્યાનસ્થ ચિંતન વિકસાવે છે, ત્યારે તેને ધાર્મિક બાબતો સુધી સીમિત રાખી શકાતું નથી. સ્વાભાવિક રીતે, તે તેના જીવનની કામગીરીના અન્ય તમામ પાસાઓને આવરી લેવા માટે તેના ક્ષેત્રને વિસ્તૃત કરે છે. તેથી, એક જ ઈશ્વરમાં વિશ્વાસ કરનારાઓ સ્વાભાવિક રીતે એક જ લક્ષ્યમાં વિશ્વાસી બને છે. ધર્મની દ્રષ્ટિએ, આ સિદ્ધાંત એક ઈશ્વરમાં આસ્થા રાખવાનો છે અને, બિન-ધાર્મિક બાબતોના સંદર્ભમાં, તેનો અર્થ એકાગ્ર વિચાર છે. અહીં, જીવનના માર્ગ પર ધર્મ તથા ધર્મ-નિરપેક્ષતા એકસાથે ચાલે છે.

## * વ્યક્તિવાદ કે સમૂહવાદ *

કુરાનમાં સામાજિક ફરજો અને સામૂહિક જીવન વિશે ઘણું બધું કહેવામાં આવ્યું છે, જેમાંથી સૌથી મોટી વાત એ છે કે કોઈપણ સમાજ તેના લોકોમાં સંપ અને એકતા વિના સ્વસ્થ રહી શકતો નથી. કુરાન આ સિદ્ધાંતને અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં દર્શાવે છે;

**અલ્લાહની દોરીને પકડી રાખો અને કોઈપણ વસ્તુને**
**તમને વિભાજિત ન કરવા દો. (૩:૧૦૩)**

એવું કહેવાય છે કે માણસ એક સામાજિક પ્રાણી છે અને સમાજમાં જીવ્યા વિના તેની જરૂરિયાતો પૂરી કરી શકતો નથી. જેવી રીતે માછલીના જીવન માટે પાણી જરૂરી છે, તેવી જ રીતે વ્યક્તિના જીવન માટે સમાજ જરૂરી છે.

સામાજિક એકતા એકપક્ષીય રીતે પ્રાપ્ત કરી શકાતી નથી. જો સમાજનો દરેક સભ્ય પોતાના પર જીવવા માંગતો હોય તો સામાજિક જીવન પ્રસ્થાપિત થઈ શકતું નથી. સામાજિક એકતા એટલી મહત્વપૂર્ણ છે કે તે વ્યક્તિગત બલિદાનની કિંમતે પ્રાપ્ત થવી જોઈએ.

**સમાજ એક શાળા જેવો છે જ્યાં તેના તમામ સભ્યો અનુભવ અને જ્ઞાનની દ્રષ્ટિએ તાલીમ પામે છે. જીવન માટે સમાજમાં રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી; કોઈપણ જાતનો અભ્યાસ સમાજથી અલગ પડી જવાની કિંમતને સરભર કરી શકતો નથી.**

એ હકીકત છે કે સામાજિક એકતા જાળવવાથી થોડીક વ્યક્તિગત સ્વતંત્રતાનું ધોવાણ થઈ શકે છે, પરંતુ આ કિંમતનું એટલું બધુ નુકશાન નહીં હોય જેટલું વ્યક્તિગત સભ્યો આ કિંમત નહીં ચૂકવે એનું હશે, આ નુકશાન એટલે - સામાજિક અરાજકતા - અને, સામાજિક અરાજકતા એ કોઈપણ સભ્યને ફાયદાકારક રહેશે નહીં. વ્યક્તિગત સભ્યોએ અન્ય લોકો સાથે તાલમેલનો સિદ્ધાંત અપનાવવો જોઈએ, જેથી સામાજિક એકતા જળવાઈ રહે.

વ્યક્તિવાદ એક સુંદર વિચાર લાગે છે, પરંતુ એક સામાન્ય કારણના લીધે ખોટું છે કે તે કામ લાગશે નહી. જ્યારે વ્યક્તિને લાગે છે કે તેનો સ્વાર્થ જોખમમાં નથી ત્યારે તે સમાજના અન્ય સભ્યોના કલ્યાણ પ્રત્યે ઉદાસીન રહે છે, પરંતુ જ્યાં વ્યક્તિને પોતાના અંગત સ્વાર્થનું જોખમ જણાય, ત્યાં તેને તાલમેલની નીતિ અપનાવવી ફરજીયાત

બની જાય છેઃ સામાજિક બંધનો એટલા નિર્ણાયક બને છે કે તે તેમની અવગણના તેને પરવડે તેમ નથી. તેથી પોતાના હિતોનું ધ્યાન રાખવું એ સ્વ-કેન્દ્રિત વ્યક્તિને દંભના સ્તર સુધી નીચે લઈ જાય છે.

વ્યક્તિવાદ એ વ્યક્તિના પોતાના માટે પણ સારો નથી, જો તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તો તે ચારિત્ર્ય ઘડતરમાં મોટો અવરોધ બનશે. જે વ્યક્તિવાદનું પાલન કરે છે, અને સામાજિક ક્રિયા-પ્રતિક્રિયાઓથી દૂર રહે છે, તો તેને આવા વર્તન માટે ભારે કિંમત ચૂકવવી પડશે, અને આ કિંમત એટલે પોતાના ચારિત્ર્ય ઘડતરથી વંચિત રહેવું એ છે.

સમાજ એક શાળા જેવો છે જ્યાં તેના તમામ સભ્યો અનુભવ અને જ્ઞાનની દ્રષ્ટિએ તાલીમ પામે છે. જીવન માટે સમાજમાં રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી; કોઈપણ જાતનો અભ્યાસ સમાજથી અલગ પડી જવાની કિંમતને સરભર કરી શકતો નથી.

સમાજ એ દરેક સ્ત્રી-પુરુષ માટે કુદરતી તાલીમ સંસ્થા છે, જે તેમને તમામ પ્રકારના અમૂલ્ય અનુભવો વિના-મૂલ્યે આપે છે. કહેવાતા પ્રશિક્ષણ શિબિરો એવા સમાજના વિકલ્પ તરીકે સેવા આપી શકતા નથી જે માનવીય ક્રિયા-પ્રતિક્રિયાના કુદરતી માર્ગ દરમિયાન તેના સભ્યોને તમામ પ્રકારની ઘટનાઓનો અનુભવ કરાવે છે.

વ્યક્તિવાદ એ એવી ખોટી ધારણા પર આધારિત છે કે વ્યક્તિ પોતાની મેળે જીવી શકે છે. પરંતુ આ પ્રકારની વિચારસરણી કાર્યક્ષમ નથી. દરેક વ્યક્તિ સમાજ સાથે અનેક રીતે જોડાયેલ છે. તે પોતાને સમાજથી અલગ કરી શકતો નથી. સમાજથી અલગ થવાનો કોઈપણ પ્રયાસ હાનિકારક અસરો સાથે નિર્ધારીત છે અને તે સામાજિક આત્મહત્યામાં પણ પરિણમી શકે છે.

## * તર્કનું મહત્વ *

કુરાન તર્કની શાખાને ખૂબ મહત્વ આપે છે. કુરાનમાં ડઝનબંધ શ્લોકો છે જે તર્કસંગત વિચારસરણીના મહત્વ પર ભાર મૂકે છે. આવો જ એક શ્લોક અલ-અનફાલ (યુદ્ધની ખરાબી) પ્રકરણમાં જોવા મળે છે. આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**અલ્લાહની નજરમાં સૌથી ખરાબ જીવો એ બહેરા અને મૂંગા લોકો છે જેઓ તેમના તર્કનો ઉપયોગ કરતા નથી. (૮:૨૨)**

તર્ક શું છે? તર્ક એ તાર્કિક રીતે વિચારવાની, સમજવાની અને નિર્ણય લેવાની મનની શક્તિ છે. આ શક્તિ દરેક મનુષ્યને સર્જક દ્વારા આપવામાં આવી છે. તર્ક એ દરેક સ્ત્રી-પુરુષ બધાની સૌથી મોટી ક્ષમતા છે. બુદ્ધિ એ જ મનુષ્યની વિશિષ્ટ ગુણવત્તા છે.

તર્ક કોઈ અજાણી વસ્તુ નથી. કુરાન અનુસાર, હકીકત એ છે કે સમગ્ર સર્જન તર્ક પર આધારિત છે. ઈશ્વરે અર્પણ કરેલો ધર્મ પણ તર્કસંગત ધર્મ છે. દરેક વ્યક્તિએ તર્ક નો ઉપયોગ કરીને પોતાના જીવનનું આયોજન કરવું જરૂરી છે. જેઓ આમ કરવામાં નિષ્ફળ જાય છે તેઓ કુરાન મુજબ બહેરા, મૂંગા અને અંધ છે (૨:૧૮). માત્ર તે જ આસ્થા સ્વીકાર્ય છે જે બુદ્ધિ અને સમજણ પર આધારિત છે.

તર્કનું માનવ-જીવનમાં એટલું મહત્વ છે કે માણસને બુદ્ધિશાળી જીવ કહેવાયો છે. માણસ પાસે અમર્યાદિત મન છે, અમર્યાદિત ક્ષમતાઓથી ભરેલું છે, પરંતુ મન એક છુપાયેલા ખજાના જેવું છે. પોતાની ક્ષમતાને ઉજાગર કરવી એ દરેકની પ્રથમ ફરજ છે. જે કોઈપણ વ્યક્તિ પોતાની બૌદ્ધિક ક્ષમતાને પ્રગટ કર્યા વિના મૃત્યુ પામે છે, તો તે જાનવરની જેમ મૃત્યુ પામે છે. આવી વ્યક્તિ ઈશ્વરના સર્જન હેતુને સાર્થક કરવામાં નિષ્ફળ રહે છે.

બુદ્ધિનો વિકાસ આવશ્યક છે. કુરાન અનુસાર આ બૌદ્ધિક વિકાસના અનેક માર્ગો છે- જેમકે અભ્યાસ, ચિંતન, અવલોકન, અને અનુભવોમાંથી બોધપાઠ લેવો વગેરે. આનો અર્થ એ છે કે દરેક સ્ત્રી-પુરુષે તેમના વ્યક્તિત્વમાં શીખતા રહેવાની ભાવના કેળવવી જોઈએ.

તર્કનું સર્જન કરી શકાતું નથી પણ તે ચોક્કસપણે વિકસાવી શકાય છે. તેથી, દરેક વ્યક્તિની બે ફરજો બને છે, તાર્કિક મન વિકસાવવું, અને પછી જીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં તેનો ઉપયોગ કરવો. તર્ક માનવ મનમાં એક છુપાયેલી પ્રચંડ ઊર્જા છે, અને દરેક સ્ત્રી-પુરુષની ફરજ છે કે તે આ ઊર્જાને  વાસ્તવિકતામાં તબદીલ કરે.

કુરાન અનુસાર, તર્ક ના બે પાસાઓ છેઃ સકારાત્મક અને નકારાત્મક. જ્યારે તમે ઈમાનદારી અને નમ્રતા સાથે તમારા તર્ક નો ઉપયોગ કરો છો, ત્યારે તર્ક  તમારા વ્યક્તિત્વના રચનાત્મક અને સ્વસ્થ પ્રતિનિધિ તરીકે કામ કરશે. પરંતુ જો તમે અહંકારનો શિકાર બનો છો, તો તર્ક તમને અહંકારી વ્યક્તિ બનાવે છે, અને તર્કનું આ પાસુ નકારાત્મક છે.

**તર્ક એ દરેક સ્ત્રી–પુરુષની સૌથી મોટી ક્ષમતા છે.**
**બુદ્ધિ એ જ મનુષ્યની વિશિષ્ટ ગુણવત્તા છે.**

કુરાન અનુસાર, કુરાનને સમજવા માટે ઊંડા ચિંતનની જરૂર છે. તર્ક લાગુ કર્યા વિના કોઈ ઊંડું ચિંતન કરી શકતું નથી. આ અર્થમાં કુરાનની સમજણ માટે તર્ક ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે કુરાન વાંચશો તો તમે જોશો કે કુરાન હંમેશા તર્કને સંબોધે છે. તેથી, તર્ક વિકસાવ્યા વિના કોઈ પણ કુરાનને યોગ્ય રીતે સમજી શકશે નહીં.

તર્ક એ તમામ પ્રકારની સારી સમજણ માટેની ચાવી છે - ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક કે અન્ય કોઈપણ બાબતોને તર્ક લાગુ કરીને સમજી શકાય છે. તર્ક આપણને તમામ પ્રકારની માનવીય સમસ્યાઓને વધુ સારી રીતે સમજવાની મુખ્ય ચાવી આપે છે.

## * ન્યાયઃ ઈશ્વરને ખાતર *

કુરાનમાં દર્શાવ્યા મુજબ આદર્શ સમાજ વ્યવસ્થા ન્યાય પર આધારિત છે. ખરેખર, ન્યાય એ ઈસ્લામના તમામ સામાજિક ઉપદેશોનો કેન્દ્રિય હેતુ છે. કુરાનના અધ્યાય અલ-નિસા' (સ્ત્રીઓ) માં, આ વિષય પર ખાસ ઉચિત અને વિગતવાર શ્લોક છે, તેનો અનુવાદ નીચે મુજબ છે;

**ઓ આસ્થાવાનો, ન્યાયને જાળવી રાખવામાં કડક બનો અને અલ્લાહની ખાતર સાક્ષી આપો, ભલે તે તમારી, તમારા માતા–પિતા અથવા તમારા સંબંધીઓની વિરુદ્ધ હોય. તેઓ અમીર હોય કે ગરીબ, તેઓ બધા વિશે અલ્લાહ વધુ સારી રીતે જાણે છે. તો પછી, તમારી પોતાની ઈચ્છાઓને અનુસરશો નહીં, નહીં તો તમે ન્યાયથી ભટકી જશો. જો તમે સત્ય છુપાવશો અથવા ટાળશો, તો યાદ રાખજો કે અલ્લાહ તમે જે કરો છો તેનાથી સારી રીતે વાકેફ છે. (૪:૧૩૫)**

કુરાન અનુસાર, ફક્ત ન્યાયના સિદ્ધાંતો પર જ એક સારા સમાજની સ્થાપના થઈ શકે છે. ન્યાય સંપૂર્ણપણે મૂલ્યવાન છે અને વ્યક્તિએ ન્યાયને જાળવી રાખવો જોઈએ, પછી ભલે પરિણામ તેના પોતાના વિરુદ્ધ હોય કે પછી તેના પોતાના સંબંધીઓ અને મિત્રોની વિરુદ્ધ હોય. આ સંદર્ભે કોઈપણ બહાનું સ્વીકાર્ય નથી.

કુરાનનો ઉપરોક્ત શ્લોક એવું નથી કહેતો કેઃ "હે આસ્થાવાનો, પૃથ્વી પર ન્યાયની વ્યવસ્થા સ્થાપિત કરો." તે ફક્ત શ્રદ્ધાળુઓને તેમના પોતાના જીવનમાં ન્યાયના

સિદ્ધાંતોનું પાલન કરવા વિનંતી કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ શ્લોકને સકર્મક અર્થમાં લેવાને બદલે અકર્મક અર્થમાં લેવાનો છે.

જો તમે લોકોને પૃથ્વી પર ન્યાય સ્થાપિત કરવા અથવા સમાજમાં ન્યાયના કાયદાનો અમલ કરવાનો લક્ષ્યાંક આપશો, તો તે ઘર્ષણની પરિસ્થિતિઓ તરફ દોરી જશે. આ પ્રકારનું લક્ષ્ય લોકોને બે શ્રેણીઓમાં વિભાજિત કરશેઃ એક જેઓ ન્યાય લાગુ કરવા માંગે છે, અને બીજા જેઓ પર ન્યાય લાગુ પડે છે.

આ પ્રકારનું લક્ષ્ય બે જૂથો વચ્ચે ઘર્ષણ પેદા કરવા માટે કારણબદ્ધ છે, જે આખરે તેમની વચ્ચે યુદ્ધ તરફ દોરી જાય છે. કુરાન તેના અનુયાયીઓને આવા અંતને અનુસરવાનું કહેતું નથી.

કુરાન મુજબ, શ્રદ્ધાળુઓએ તેમના અંગત જીવનમાં ન્યાયના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ, એટલે કે, તેઓએ ન્યાય સાથે વિચારવું જોઈએ, ન્યાયથી બોલવું જોઈએ, ન્યાયથી વર્તવું જોઈએ અને તેમના તમામ વ્યવહારોમાં ન્યાયનું પાલન કરવું જોઈએ. તે ખરેખર જેની હિમાયત કરે છે તે સ્વ-શિસ્ત છે. આ અભિપ્રાયમાં કોઈ દ્વેષ કે ઝઘડો સામેલ નથી.

પછી, ઉપરોક્ત કુરાનનો શ્લોક કહે છે કે આસ્તિકે ન્યાયને જાળવી રાખવો જોઈએ, પછી ભલે તે તેના પોતાના હિતોની વિરુદ્ધ હોય. આનો અર્થ એ છે કે કુરાનના ન્યાયનો આ સિદ્ધાંત સંપૂર્ણ ન્યાય છે. આસ્થાવાનોને ન્યાય સંબંધિત કોઈપણ બાબતમાં સમાધાન કરવાની મંજૂરી નથી. આ સંદર્ભે અલગ-અલગ મંતવ્યો ધરાવનાર કોઈપણ વ્યક્તિ સામે તેમને વશ થવાની મંજૂરી નથી.

**કુરાન મુજબ, શ્રદ્ધાળુઓએ તેમના અંગત જીવનમાં ન્યાયના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ, એટલે કે, તેઓએ ન્યાય સાથે વિચારવું જોઈએ, ન્યાયથી બોલવું જોઈએ, ન્યાયથી વર્તવું જોઈએ અને તેમના તમામ વ્યવહારોમાં ન્યાયનું પાલન કરવું જોઈએ.**

ન્યાય નિરપેક્ષ છે અને દરેક પરિસ્થિતિમાં બધા આસ્થાવાનો દ્વારા તેનું અનુસરણ થવું જોઈએ. ન્યાયનો શાબ્દિક અર્થ છે લોકો સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર અને સમાજના તમામ સભ્યો સાથે વ્યવહાર કરવાની આ યોગ્ય રીત છે. આ પ્રકારનું વર્તન યોગ્ય વર્તન છે જે વ્યક્તિને સાચો મનુષ્ય બનાવે છે. આ પ્રકારની વર્તણૂક વિના, વ્યક્તિ જાનવર કરતાં પણ વધુ બદતર છે.

કુરાન અનુસાર, આ પ્રકારનું ન્યાયી વર્તન બેવડી સફળતાની બાંયધરી આપે છે: પૃથ્વીલોકમાં પણ સફળતા તેમજ પરલોકમાં પણ સફળતા. ન્યાયમાં સંપૂર્ણરીતે ભલાઈ છે, જ્યારે કોઈપણ પ્રકારનો અન્યાય અક્ષમ્ય છે. ન્યાય એ સ્વર્ગની સાથે સાથે તમામ પ્રકારની સફળતાની ચાવી છે.

## * સંવેદનશીલતા : અંતરમનની તપાસ તરીકે *

અંતઃકરણ એ બધા સ્ત્રી-પુરુષો પાસે એક અનોખું સામર્થ્ય છે, જે નૈતિક સંવેદનશીલતાનું કેન્દ્ર છે. આ સામર્થ્ય બધા માટે કુદરતી ભેટ છે. કુરાન, અધ્યાય અલ-અરાફ (ઉંચાઈઓ) માં આ સામર્થ્યનો ઉલ્લેખ કરે છે;

**જો શેતાન તરફથી કોઈ દુષ્ટ આવેગ તમને ઉશ્કેરે છે, તો પછી અલ્લાહની શરણ લો; નિઃશંકપણે, તે સઘળું સાંભળે છે, અને સર્વજ્ઞતા છે. જ્યારે અલ્લાહનો ડર રાખનારાઓને શેતાન તરફથી કોઈ દુષ્ટ સૂચન સ્પર્શે છે, ત્યારે તેઓ તરત જ સાવધ થઈ જાય છે અને જાગૃત થઈ જાય છે; પરંતુ શેતાનનું અનુસરણ કરનાર તેમને સતત દુષ્ટતામાં ઊંડે સુધી લઈ જાય છે અને કોઈ કસર છોડતા નથી. (૭:૨૦૦-૨૦૨)**

કુરાનની આ કલમો આપણી આધ્યાત્મિક પવિત્રતા કેવી રીતે જાળવી શકાય તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપે છે. જ્યારે પણ કોઈ વ્યક્તિ દુષ્ટ લાલચના પ્રભાવ હેઠળ આવે છે, ત્યારે તેનો અંતરાત્મા અથવા તેની નૈતિક સંવેદનશીલતા જીવંત બની જાય છે. એક નૈતિક શિક્ષકની જેમ પ્રગટ થઈ, તે લગભગ તરત જ તેને ચેતવણી આપે છે. તે માણસને ખોટા પ્રલોભનોને વશ ન થવા અને સાચા માર્ગથી ભટકી ન જવા સમજાવે છે.

જે કોઈપણ વ્યક્તિ તેના અંતરમનના અવાજ પર ધ્યાન આપે છે તે અનિષ્ટ શક્તિઓનો શિકાર બનવાથી ચોક્કસપણે બચી જાય છે. પરંતુ જે વ્યક્તિ તે તરફ ધ્યાન નથી આપતી, તે ન્યાયી રીતે કાર્ય કરવાની તક ગુમાવે છે. અને તે તેની છેલ્લી તક હોય છે.

કુદરતે આપણને બે ખૂબ જ મહત્વપૂર્ણ ક્ષમતાઓ આપી છે: તર્ક અને અંતઃકરણ. તર્ક તાર્કિક દ્રષ્ટિએ કામ કરે છે, જ્યારે અંતઃકરણ સંવેદનશીલતાની દ્રષ્ટિએ કામ કરે છે. અનુભવ દર્શાવે છે કે તર્ક આપણને યોગ્ય રીતે માર્ગદર્શન આપે છે પરંતુ, ઘણી વાર, ખામીયુક્ત તર્ક પર આધારિત હોવાના કારણે તેનું વિશ્લેષણ ખોટું હોય છે. બીજી બાજુ, અંતઃકરણ ક્યારેય નિષ્ફળ થતું નથી. અંતઃકરણ ખોટા કાર્યો સામે સૌથી શક્તિશાળી અંકુશ છે.

માણસ અને જાનવર વચ્ચેનો તફાવત એ છે કે માણસને અંતરાત્મા હોય છે, જ્યારે જાનવરમાં આ ગુણનો તદ્દન અભાવ હોય છે. જાનવરો સાચા કે ખોટા પ્રત્યે સંવેદનશીલ હોતા નથી. તેઓ આવા કોઈ વિચારો કરી શકતા નથી. પરંતુ માણસ પાસે અંતઃકરણ હોવાની ખૂબ જ વિશિષ્ટ ગુણવત્તા છે.

કોઈપણ વ્યક્તિ જે આ પૃથ્વી પર એક પ્રામાણિક કે ચારિત્ર્યવાન વ્યક્તિ તરીકે જીવવા માંગે છે તેણે તેના અંતરાત્મા અથવા નૈતિક સંવેદનશીલતા પ્રત્યે સાવચેત રહેવું જોઈએ. આ સિવાય બીજું કશુંપણ વ્યક્તિની વ્યક્તિગત નૈતિકતાની ખાતરી આપી શકે નહીં.

**જે કોઈ પણ વ્યક્તિ તેના અંતરમનના અવાજ પર ધ્યાન આપે છે તે અનિષ્ટ શક્તિઓનો શિકાર બનવાથી ચોક્કસપણે બચી જાય છે. પરંતુ જે વ્યક્તિ તે તરફ ધ્યાન નથી આપતી, તે ન્યાયી રીતે કાર્ય કરવાની તક ગુમાવે છે. અને તે તેની છેલ્લી તક હોય છે.**

સ્ત્રી અને પુરૂષોના ઈતિહાસમાં એવા અસંખ્ય ઉદાહરણો બન્યા છે કે જેમાં તેમણે અમુક દુષ્ટ કૃત્ય કરવાનું નક્કી કર્યું હોય અને પછી તેમનો અંતરાત્મા જાગી ગયો હોય, તેમની નૈતિક સંવેદનશીલતા જાગૃત થઈ હોય અને પરિણામ સકારાત્મક આવ્યું હોયઃ તેમણે પોતાના દુષ્કૃત્યનું આયોજન છોડી દીધું હોય. તેઓ પોતાના મનમાં જે દુષ્ટ ભાવનાઓ હતી તેનાથી દૂર રહેવામાં સફળ રહ્યાં. અંતરાત્મા, અથવા સંવેદનશીલતાનું સામર્થ્ય, ઈશ્વર તરફથી માણસ માટે સૌથી મોટી બક્ષિસ છે. અંતરાત્મા, અથવા સંવેદનશીલતાનું સામર્થ્ય, દરેકના હૃદયમાં બેઠેલા દિવ્ય ન્યાયાધીશ જેવું છે.

ઘણાં લોકોની ખોટી માન્યતા એવી હોય છે કે માનવીય સંવેદનશીલતા એ એક પ્રકારની કુદરતી નબળાઈ છે. શું કોઈએ ‘જેવા સાથે તેવા’ નું સૂત્ર અપનાવવું જોઈએ? ના, આ સૂત્ર અનુસરવું એ એક અવિવેકી રસ્તો હશે, કારણકે ‘જેવા સાથે તેવા’ ના સૂત્રમાં કશું જ સકારાત્મક નથી. તે માત્ર એક પ્રતિક્રિયા છે, અને પ્રતિક્રિયા કામ આવતી નથી. તમારે વસ્તુઓને પરિણામની દ્રષ્ટિએ જોવી પડશે, તમારી પોતાની ભાવનાઓની દ્રષ્ટિએ નહીં. જ્યારે તમે સમાજમાં રહો છો, ત્યારે તમને કોઈપણ પ્રકારનું ઘમંડી વર્તન પરવડી શકે નહી. તમારે વાસ્તવવાદી બનવું પડશે. તમારે સહનશીલ બનવું પડશે. તમારે અન્ય લોકો પર તમારો અભિપ્રાય લાદવાનો પ્રયાસ કરવાને બદલે તેમની સાથે અનુકૂલન સાધવું પડશે.

# * આક્રમક ન બનો *

કુરાનના ઉપદેશો અનુસાર, આક્રમકતા ઈસ્લામમાં સંપૂર્ણપણે વર્જિત છે. કોઈપણ સંજોગોમાં શ્રદ્ધાળુઓને આક્રમકતાના કોઈપણ કૃત્યમાં સામેલ થવાની મંજૂરી નથી. અધ્યાય અલ-તૌબા (પસ્તાવો) આને એકદમ સ્પષ્ટ કરે છે. સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**જ્યાં સુધી તેઓ તમારી સાથે સીધા વર્તે ત્યાં સુધી તેમની સાથે સીધું વર્તો. જેઓ ન્યાયી છે તેઓને અલ્લાહ પ્રેમ કરે છે. (૯:૭)**

કુરાનમાં આ શ્લોક અન્ય લોકો પ્રત્યે શાંતિપૂર્ણ વર્તનની જરૂરિયાત પર ભાર મૂકે છે, પરંતુ તે સૂચિત છે કે જો અન્ય લોકો શાંતિનો ભંગ કરે છે, તો તમારે સમગ્ર પરિસ્થિતિનું ફરીથી મૂલ્યાંકન કરવું જોઈએ, તમારી વ્યૂહરચનાનું પુનઃ આયોજન કરવું જોઈએ અને તમારા ભાવિ પગલાં પર પુનર્વિચાર કરવો જોઈએ.

આનો અર્થ એ નથી કે, શાંતિના ભંગના કિસ્સામાં, તમારે તરત જ દુશ્મનાવટ શરૂ કરી દેવી જોઈએ. ઈસ્લામમાં આ પ્રકારની ત્વરિત પ્રતિક્રિયાની પરવાનગી બિલકુલ નથી. હકીકતમાં, લડાઈ છેલ્લો ઉપાય છે, એવા તબક્કે જ્યારે પરિસ્થિતિને દૂર કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ થઈ ગયા હોય, અને હવે બીજો કોઈ વિકલ્પ જ બાકી રહ્યો ના હોય.

તે સ્વીકારવું પડશે કે શાંતિ દરેક માટે સારી છે. શરૂઆતમાં, દરેક વ્યક્તિ તમારી જેમ જ શાંતિપ્રિય સ્વભાવ ધરાવે છે. તેથી, જો શાંતિનો ભંગ થાય તો તેને રોકવા ઉતાવળા પગલાં ન લો. કદાચ યુદ્ધ સિવાય અન્ય વિકલ્પો પણ હોય. ઉદાહરણ તરીકે, જો કોઈ ગેરસમજ હોય, તો તમારે તેને સૌહાર્દપૂર્ણ માધ્યમથી દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. યુદ્ધ કરવાનો વિકલ્પ એ માનવ જીવનમાં સૌથી મુશ્કેલ વિકલ્પ છે અને તે બંને પક્ષો માટે પ્રતિકૂળ છે. તેને ફક્ત આવશ્યકતાના કાયદા હેઠળ જ મંજૂરી છે. સામાન્ય પરિસ્થિતિમાં, મુસ્લિમો શાંતિપૂર્ણ પદ્ધતિઓ દ્વારા તેમની બાબતોને આગળ ધપાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે - એવી કાર્યવાહી કે જેના ફાયદાઓ લાંબા સમય સુધી લોકોને મળતા રહે, સિવાય કે કોઈ અનિવાર્ય ભંગાણ થાય.

આક્રમકતા, ગુસ્સાની અભિવ્યક્તિ હોવાથી અને તર્કબદ્ધ આયોજનનું પરિણામ ન હોવાના કારણે, તે કોઈપણ સકારાત્મક પરિણામ આપી શકતું નથી. તેથી, કોઈને તે અનુસરવાનું વિચારવું પણ ના જોઈએ. અનુભવ દર્શાવે છે કે આક્રમકતા એ અનિયંત્રિત વર્તનનું એક સ્વરૂપ છે, જે આક્રમણ કરનાર અને આક્રમણનો ભોગ બનનાર બંને માટેખરાબ છે. ખરેખર, આક્રમકતામાં કૂદકો એ પોતાના જ પગ ઉપર કુહાડી મારવા જેવું છે.

**આક્રમકતા, ગુસ્સાની અભિવ્યક્તિ હોવાથી અને તર્કબદ્ધ આયોજનનું પરિણામ ન હોવાના કારણે, તે કોઈપણ સકારાત્મક પરિણામ આપી શકતું નથી.**

આક્રમકતાને નાણાકીય, માનવ-જીવન અને તકની દ્રષ્ટિએ પણ બહુ મોટું નુકસાનકર્તા ગણવામાં આવે છે છતાં, વ્યક્તિને આક્રમકતા તરફ કઈ વસ્તુ પ્રેરે છે? ગુસ્સો, વેરભાવ કે શોષણ કરવાની ઈચ્છા એ સિવાય બીજું કંઈ નહીં. આ તમામ ઉત્તેજનાઓ નકારાત્મક છે, અને તેમાંથી પરિણમેલી કોઈપણ નકારાત્મક ક્રિયા કોઈ સકારાત્મક પરિણામ આપતી નથી. સકારાત્મક કાર્ય દ્વારા જ સકારાત્મક પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. કોઈ જ્ઞાની માણસ આક્રમકતાની તરફેણ કરી શકે નહીં.

આક્રમકતા નફરતને જન્મ આપે છે, અને નફરત એ તમામ પ્રકારની દુષ્ટતાનો સ્ત્રોત છે. આક્રમકતા, આ રીતે, સમાજના તાંતણારૂપી વણાટને વિક્ષેપિત કરે છે. તેથી, આક્રમક વૃત્તિને અનુસરતા લોકો, સમાજના નિર્માણમાં કોઈ રચનાત્મક ભૂમિકા ભજવી શકતા નથી. જંગલમાં પ્રાણીઓ પણ આક્રમકતા કર્યા વિના કેવી રીતે શાંતિથી જીવે છે તેના પર તેમણે વિચાર કરવો જોઈએ.

આક્રમકતાનો વિકલ્પ શાંતિ છે. શાંતિપૂર્ણ વર્તન એક શ્રેષ્ઠ માર્ગ છે જે અનિવાર્યપણે શાંતિપૂર્ણ પરિણામ તરફ દોરી જાય છે. આક્રમકતાનું કોઈ તર્ક હોતું નથી, પરંતુ શાંતિને ટેકો આપવા માટે ઘણા બધા કારણો છે. રચનાત્મક પ્રવૃત્તિ, ગમે તે પ્રકારની હોય, તે લાંબા ગાળાના પ્રયાસોથી બને છે અને અવિચારી પ્રયાસો તથા આક્રમકતા આ પ્રક્રિયાને વિક્ષેપિત કરે છે.

આક્રમકતા એ માનવ વર્તણૂકનું સૌથી ખરાબ સ્વરૂપ છે, જ્યારે શાંતિપૂર્ણ ક્રિયા એ શ્રેષ્ઠ વર્તણૂક છે જેમાં સ્ત્રીઓ અને પુરુષો બંને સામેલ થઈ શકે છે.

## * પ્રકૃતિનો અવાજ *

કુરાન જણાવે છે કે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા બાહ્ય સ્ત્રોતોમાંથી ઉત્પન્ન થતી નથી. તે માનવ સ્વભાવનું અભિન્ન અંગ છે. પરંતુ આ સ્વભાવ દ્વિપક્ષીય છે, આ લક્ષણ આપત્તિ આવે ત્યારે સ્પષ્ટ થાય છે. કુરાનનો અધ્યાય યુનુસ આ વાસ્તવિકતાનો ઉલ્લેખ કરે છે;

**જ્યારે પણ કોઈ વ્યક્તિ પર કોઈ મુશ્કેલી આવે છે, ત્યારે તે દરેક સમયે, સૂતાં–સૂતાં, બેઠાં–બેઠાં કે ઊભા–ઊભા અમને પ્રાર્થના કરે છે; પરંતુ જ્યારે અમે તેની મુશ્કેલી દૂર કરીએ છીએ, ત્યારે તે તેના જૂના માર્ગે એવી રીતે જાય છે જાણે કે તેણે ક્યારેય તેની મુશ્કેલી દૂર કરવા માટે અમારી પાસે પ્રાર્થના કરી જ ન હોય. આમ અપરાધીઓના કાર્યો તેમના માટે આકર્ષિત બનાવવામાં આવ્યા છે. (૧૦:૧૨)**

આનો અર્થ એ છે કે જ્યારે બધું સારું હોય છે, ત્યારે વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વનો ઈનકાર કરે છે, પરંતુ જ્યારે કોઈ આફત આવે અને તે તેનો સામનો કરવામાં અસમર્થ હોય, ત્યારે તેને લાગે છે કે તે લાચાર છે, તેનું અંતરમન, સભાનપણે અથવા અભાનપણે, તે સમયે ઈશ્વરને યાદ કરે છે. કટોકટીના સમયમાં, તે કબૂલ કરે છે કે એક સર્વશ્રેષ્ઠ શક્તિ છે જેની મદદ વિના, તે આ પૃથ્વી પર પોતાની જાતને સંભાળી શકે એમ નથી.

આનું એક નોંધપાત્ર ઉદાહરણ અલી ઈબ્ન અબી તાલિબ છે, જે પયગંબર સાહેબના સાથી હતા, જેમણે સ્વીકાર્યું હતું કે તેમણે લાચારીની ક્ષણમાં ઈશ્વરને પામ્યા હતા. આ એક સામાન્ય અનુભવ છે. દરેકના જીવનમાં ઉતાર-ચઢાવ આવતા હોય છે. દરેક વ્યક્તિ અમુક પ્રકારની અનિચ્છનીય પરિસ્થિતિઓનો ભોગ બને છે; પરંતુ આવી ક્ષણો ખોજની તકો છે. લાચારી એ ઈશ્વરને ખોજવાનો સૌથી નિશ્ચિત માર્ગ છે.

આ બાબત ફક્ત તે લોકો માટે જ સાચી નથી જેઓ ઈશ્વરના અસ્તિત્વને નકારે છે; શ્રદ્ધાળુઓને પણ આ પ્રકારનો અનુભવ થઈ શકે છે. તે સ્વાભાવિક છે કે કોઈ આસ્તિકને ક્યારેક એવું થાય છે કે ઈશ્વરમાં તેની શ્રદ્ધા નબળી પડી ગઈ છે અથવા તો ભૂલાઈ ગઈ છે. પરંતુ પછી તેને તેના જીવનમાં શારીરિક અથવા માનસિક રીતે અમુક પ્રકારના આઘાતનો સામનો કરવો પડે છે, જે તેને ઈશ્વરની યાદ અપાવે છે, જેના પછી તે તેના ઈશ્વરને ફરીથી પામે છે. તેની શ્રદ્ધા પુનઃસ્થાપિત થાય છે.

ઈશ્વરે માણસને બુદ્ધિની મહાન ભેટ આપી છે; તેથી, માણસ તર્કબદ્ધ વિચારો દ્વારા, પુસ્તકોના અભ્યાસ દ્વારા અથવા પ્રકૃતિના અવલોકન દ્વારા ઈશ્વરને ખોજવા માટે સક્ષમ છે. માણસ તેની વિચારવાની ક્ષમતાનો ઉપયોગ કરીને ઈશ્વરને શોધી શકે છે.

પરંતુ એ પણ હકીકત છે કે જ્યારે વ્યક્તિ પોતાની જાતને સુખ-સુવિધા અને વૈભવની પરિસ્થિતિમાં પામે છે અને દરેક સગવડ ભોગવે છે ત્યારે તે પોતાના પ્રભુને ભૂલી

જાય છે. સભાનપણે અથવા અભાનપણે, તે એવું માનવા લાગે છે કે તે પોતે જ તેના પોતાના ભાગ્યનો વિધાતા છે; કે તે પોતાના જીવનમાં જે ઈચ્છે તે પોતાના પ્રયત્નો દ્વારા બનાવી કે મેળવી શકે છે. ત્યારે એવું લાગે છે કે તેણે ઈશ્વર માટેની પોતાની શ્રદ્ધાને બાજુ પર મૂકી દીધી છે.

**ઈશ્વરે માણસને બુદ્ધિની મહાન ભેટ આપી છે; તેથી, માણસ તર્કબદ્ધ વિચારો દ્વારા, પુસ્તકોના અભ્યાસ દ્વારા અથવા પ્રકૃતિના અવલોકન દ્વારા ઈશ્વરને ખોજવા માટે સક્ષમ છે. માણસ તેની વિચારવાની ક્ષમતાનો ઉપયોગ કરીને ઈશ્વરને શોધી શકે છે.**

પછી કોઈ પ્રકારની કમનસીબી અથવા આફત આવે છે ત્યારે આ દુઃખદ અનુભવ જ તેને અહેસાસ કરાવે છે કે તે લાચાર છે, તે પોતાના ભાગ્યનો માલિક નથી; પોતાના સિવાય અન્ય એવી શક્તિઓ છે જેનો હાથ ઉપર છે. પરંતુ આ કટોકટીની પરિસ્થિતિ  આશીર્વાદ તરીકે આવે છે, જે તેના માટે ઈશ્વરને ફરીથી શોધવાનું કારણ બને છે. આ કટોકટી દ્વારા તેમની શ્રદ્ધા દ્રઢપણે  પુનઃસ્થાપિત થાય છે.

ઈતિહાસમાં એવા દુઃખદ કિસ્સાઓ છે જેમાં, સંકટ સમયે માણસ પોતાના પ્રભુને યાદ કરે છે, પરંતુ જ્યારે કટોકટી સમાપ્ત થાય અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં આવે ત્યારે તે બધું ભૂલી જાય છે અને તે તેમાંથી બોધપાઠ શીખવાનો ઈનકાર કરે છે.

## * માણસની અજમાયશનો હેતુ *

ઈશ્વરની સર્જન યોજના અનુસાર, માનવીને  પરીક્ષામાં મૂકવાના હેતુથી આ પૃથ્વી પર સ્થાયી કરાયો છે. આ દિવ્ય હેતુ કુરાનમાં ઘણા જુદા જુદા મુદ્દાઓ પર સ્પષ્ટપણે જણાવવામાં આવ્યો છે. ઈશ્વરની યોજના  કેવી રીતે હાથ ધરવામાં આવી  છે તેનું એક ઉદાહરણ, પ્રકરણ યુનુસમાં દર્શાવાયેલ છે;

**પછી અમે તમને દેશમાં તેમના ઉત્તરાધિકારી બનાવ્યા, જેથી અમે જોઈ શકીયે કે તમે કેવી રીતે વર્તન કરશો. (૧૦:૧૪)**

આ પ્રકારની કસોટી મૂળભૂત રીતે વ્યક્તિની નૈતિક જવાબદારીની ભાવના છે. જ્યારે કોઈ વ્યક્તિને ખ્યાલ રહે કે તે અજમાયશમાં છે અને દેવદૂતો તેની બધી ક્રિયાઓ નોંધી રહ્યા છે, ત્યારે તે આપમેળે તેનામાં જવાબદારીની આવશ્યક ભાવના પેદા કરે છે.

હવે તે પોતાની પ્રવૃત્તિઓના દરેક પાસાઓમાં સાવધ બની જાય છે - વિચારવામાં, બોલવામાં, વ્યવહારમાં અને અન્ય તમામ પ્રવૃત્તિઓમાં. ખરેખર, આ પરીક્ષણ કેવી રીતે કરવામાં આવે છે તેની સમજ સ્વ-સુધારક પદ્ધતિની જેમ કામ કરે છે જે ઊંડા આત્મનિરીક્ષણને પ્રોત્સાહન આપે છે. આ પરીક્ષણ એ નિર્ણાયક પરિબળ છે જે તેને એક સારો વ્યક્તિ અને સમાજનો સારો સભ્ય બનાવે છે.

પરંતુ આવી પરીક્ષા શા માટે હોય છે? કુરાન મુજબ, માનવજાતનું અંતિમ મુકામ સ્વર્ગ છે, પરંતુ ફક્ત સારા લોકોને જ તેના ઉંબરાને પાર કરવાની મંજૂરી આપવામાં આવશે. તેથી આ કસોટી એ નક્કી કરવા માટે છે કે તેઓ ખરેખર સ્વર્ગ માટે પસંદ થવાને લાયક છે. આમ, જે પરીક્ષણ કરવામાં આવે છે તેની સમજ ઉચ્ચ નૈતિક ધોરણો સુધી જીવવા માટે એક મોટા પ્રોત્સાહક તરીકે કામ કરે છે. શિસ્તબદ્ધ જીવન જીવવું એ દરેક માટે વ્યક્તિગત લાભ બની જાય છે. તેને લાગે છે કે તેણે ઉચ્ચ સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ, અન્યથા તે સ્વર્ગમાં પ્રવેશ મેળવવાની તક ગુમાવશે.

'ખાઓ, પીઓ અને મોજ કરો!' એવું જીવનનું સૂત્ર બનાવવું તે આ પ્રકારના જીવનનો ખૂબ જ ખરાબ અને જોખમી વિકલ્પ છે. આ સૂત્રના અનુયાયીઓ તેમની પોતાની ઈચ્છાઓથી આગળ કશું જાણતા નથી અને તેઓ આ વિશ્વમાં ક્યારેય જાનવરના સ્તરથી ઉપર નથી આવતા. આવું સૂત્ર સમાજને જંગલમાં તબદીલ કરે શકે છે.

પરંતુ કુરાનનું ઉપરોક્ત સૂત્ર માણસને સમાજના જવાબદાર સભ્યની જેમ વર્તવા ફરજ પાડે છે. સમગ્ર માનવતા તેની ચિંતા બની જાય છે અને પછી તેને એક બેજવાબદાર વ્યક્તિ તરીકે જીવવું પરવડી શકતું નથી. આ જ વસ્તુ આપણને પ્રામાણિક સમાજ આપે છે. પરલોકની માન્યતા પર આધારિત આ સૂત્ર આપણા સાંસારિક જીવનમાં પણ સંપૂર્ણ રીતે લાગુ પડે છે. જ્યારે વ્યક્તિ એક શિસ્તબદ્ધ ચારિત્ર્ય સાથે જવાબદાર વ્યક્તિ બને છે, અને શેતાની લાલચને વશ ન થવાના શ્રેષ્ઠ પ્રયાસો કરે છે, ત્યારે તે માત્ર પરલોકની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ વર્તમાન જીવનની દ્રષ્ટિએ પણ સારો માણસ બને છે.

**બધા ઈશ્વરની જાગૃક નજર હેઠળ છે જે તેમને તેમના કાર્યો માટે જવાબદાર ઠેરવશે. આ નિયમમાં કોઈ છૂટ નથી. ઈશ્વર સમક્ષ બધા સરખા જવાબદાર છે.**

નૈતિક ચારિત્ર્યને અમુક પ્રોત્સાહનની જરૂર હોય છે, કારણકે આવા પ્રોત્સાહન વિના કોઈ નૈતિક મૂલ્યોને જાળવી શકતું નથી. કુરાનનું ઉપરોક્ત સૂત્ર આમ કરવા માટે બહુ મોટું પ્રોત્સાહન પૂરું પાડે છે. તે માત્ર કોઈ સમુદાય અથવા રાષ્ટ્રને જ નહીં, પરંતુ

દરેક વ્યક્તિને લાગુ પડે છે-સ્ત્રી અને પુરૂષ, બધાને જવાબદારીની ભાવના દર્શાવવી સમાનરૂપે આવશ્યક છે. બધા ઈશ્વરની જાગૃક નજર હેઠળ છે જે તેમને તેમના કાર્યો માટે જવાબદાર ઠેરવશે. આ નિયમમાં કોઈ છૂટ નથી. ઈશ્વર સમક્ષ બધા સરખા જવાબદાર છે.

કુરાનનો ઉપરોક્ત સિદ્ધાંત ફક્ત ઈસ્લામના પયગંબરના સમકાલીન લોકો માટે જ નથી, પરંતુ આ એક સનાતન શિક્ષણ છે, જે સમગ્ર સર્જનને લાગુ પડે છે.

## * આધ્યાત્મિકતા વિરુદ્ધ રાજકારણ *

કુરાન અનુસાર, આધ્યાત્મિકતા દરેકની પ્રાથમિક ચિંતા હોવી જોઈએ, જ્યારે રાજકારણ કે રાજસત્તા, ગૌણ સ્થાને હોવી જોઈએ. અગ્રતાનો આ ક્રમ કુરાનમાં ખૂબ જ સ્પષ્ટરીતે દર્શાવવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, અધ્યાય અલ-સફ (પદ / હોદ્દો) માં, કુરાન કહે છે;

**તે તમને બીજું વરદાન આપશે જે તમે ઈચ્છો છોઃ અલ્લાહ તરફથી મદદ અને નિકટવર્તી વિજય. આસ્થાવાનોને ખુશખબર આપો! (૬૧:૧૩)**

કુરાનનો આ શ્લોક સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે કે રાજનીતિ, અથવા રાજસત્તા, આસ્તિકના જીવનમાં માત્ર ગૌણ દરજ્જો ધરાવે છે. કુરાનના ઉપદેશો અનુસાર, આધ્યાત્મિકતા એક વિશાળ વિષય છે, જે જીવનની લગભગ તમામ બિન-રાજકીય બાબતોને આવરી લે છે. તેથી આસ્થાવાનોએ આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ, જ્યારે રાજકારણને ગૌણ ભૂમિકામાં રાખવું જોઈએ.

**કુરાનની યોજના અનુસાર, વ્યક્તિનો પ્રથમ પ્રયાસ પોતાના માટે આધ્યાત્મિક જીવન જીવવાનો હોવો જોઈએ અને ત્યારબાદ અન્ય લોકો સુધી આધ્યાત્મિક સંદેશ ફેલાવવાનો પ્રયાસ કરવો જોઈએ.**

કુરાનના શિક્ષણ અનુસાર, આસ્તિકે આધ્યાત્મિકતાને તેના ધ્યેય તરીકે અપનાવવી જોઈએ. તેણે આધ્યાત્મિક સિદ્ધાંતોનું પાલન કરીને અને અંગત જીવનના તમામ પાસાઓમાં આધ્યાત્મિક ધોરણોને લાગુ કરીને પોતાના જીવનને આકાર આપવો જોઈએ.

આધ્યાત્મિકતા અને રાજકારણ વચ્ચે રેખા દોરવી જરૂરી છે અને તે ધ્યાનમાં રાખવું જોઈએ કે આધ્યાત્મિકતા એ એક એવું લક્ષ્ય છે જે દરેક પરિસ્થિતિમાં પ્રાપ્ત કરી

શકાય છે, જો તમે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા માટે નિષ્ઠાવાન અને સંકલ્પબદ્ધ હોવ. તેને માત્ર એક જ વસ્તુની જરૂર છે - અને તે છે મનોબળ. પરિસ્થિતિઓ અનુકૂળ હોય કે પ્રતિકૂળ તે ધ્યાનમાં લીધા વિના આ ધ્યેય પ્રાપ્ત કરવું આવશ્યક છે.

પરંતુ રાજનૈતિક સત્તાનો મામલો તદ્દન જુદો છે. આધ્યાત્મિકતાની તુલનામાં, રાજકારણ એ દ્વિપક્ષીય અથવા બહુપક્ષીય મુદ્દો છે. તેમાં ઓછામાં ઓછા બે અથવા સંખ્યાબંધ રાજકીય હરીફો હોય છે. તેથી, જો તમારે રાજકીય લાભ મેળવવો હોય, તો તમારે અન્ય પક્ષ અથવા હરીફોને પછાડવો પડશે. આનો અર્થ એ છે કે ઘર્ષણ સ્વાભાવિક રીતે રાજકારણનો એક ભાગ છેઃ કોઈ રાજકારણ ઘર્ષણ  વિનાનું હોતું નથી. અને ઘર્ષણ નફરત પેદા કરે છે તેમજ કયારેક હિંસા તરફ દોરી જાય છે. ખરેખર, રાજકીય લક્ષ્ય રાખવું એ કુરાનની ભાવનાની તદ્દન વિરુદ્ધ છે.

કુરાનની યોજના અનુસાર, વ્યક્તિનો પ્રથમ અને મુખ્ય પ્રયાસ આધ્યાત્મિક જીવન જીવવાનો હોવો જોઈએ અને ત્યારબાદ અન્ય લોકો સુધી આધ્યાત્મિક સંદેશ ફેલાવવાનો પ્રયાસ કરવો જોઈએ. વ્યક્તિ આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં આસાનીથી જોડાઇ શકે છે જો તે ચૂસ્તપણે બિન રાજકીય હોય.

કુરાનના શિક્ષણ અનુસાર, આસ્તિકના જીવનનો વાસ્તવિક ભાગ આધ્યાત્મિકતા છે, જ્યારે રાજકારણ એકદમ ગૌણ છે. આનો અર્થ એ થયો કે જીવનના દરેક તબક્કે, દરેક પરિસ્થિતિમાં આધ્યાત્મિકતા જરૂરી છે, પરંતુ રાજકારણ ત્યારે જ જરૂરી છે જ્યારે એ પ્રમાણેની પરિસ્થિતિ હોય. જો કોઈ એવો સમાજ હોય કે જે ઈસ્લામિક ઉપદેશો અનુસાર તેની બાબતોનું સંચાલન કરવા ઈચ્છતો હોય, તો શ્રદ્ધાળુઓ રાજકારણમાં જઈ શકે છે.

બીજા શબ્દોમાં કહીએ તો, આધ્યાત્મિકતા એ વ્યક્તિગત પસંદગીની બાબત છે, જ્યારે રાજકારણ ત્યારે જ ચિત્રમાં આવે છે જ્યારે આખો સમાજ તેના માટે તૈયાર હોય, એટલે કે જ્યારે સમાજ પોતે ઈસ્લામિક ઉપદેશો અનુસાર સંચાલિત થવા માંગતો હોય.

જ્યાં સુધી સામાજિક અથવા રાષ્ટ્રીય બાબતોનો સંબંધ છે, તેમનું સંચાલન અથવા શાસન લોકશાહી માધ્યમો દ્વારા, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ દ્વારા નક્કી થવું જોઈએ. આધ્યાત્મિકતા અને રાજકારણ બંનેએ એકબીજાના ક્ષેત્રો પર અતિક્રમણ કરવાથી દૂર રહેવું જોઈએ.

આધ્યાત્મિકતા એ પરલોકમાં શાશ્વત સ્વર્ગમાં સ્થાન મેળવવા માટેનું ધ્યેય છે, જ્યારે રાજકારણ એ મૂળભૂત રીતે દુન્યવી બાબત છે. રાજકીય વ્યવસ્થા એ સમાજે પોતાના નિર્ણયથી અપનાવવાની હોય છે.

# * સ્વીકારો, તપાસો, અને સુધારો *

કુરાનમાં જણાવવામાં આવેલ એક ખૂબ જ મહત્વપૂર્ણ દિવ્ય સિદ્ધાંત એ છે કે કોઈ ખરાબ કાર્ય થઈ જાય, અને જો એ તેની અસર કામચલાઉ હોય, તો ઈશ્વર તેને માફ કરી શકે છે. જ્યારે પણ તમારાથી કોઈ ખરાબ કાર્ય થઈ જાય ત્યારે સુધારો કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે સારું કાર્ય કરવું. આ બાબતે કેવી રીતે આગળ વધવું તે પ્રકરણ હુદ માં નોંધાયેલ છે;

**સવાર-સાંજ અને રાત્રિના પ્રારંભિક ભાગમાં પ્રાર્થના કરો. ચોક્કસ સારા કાર્યો ખરાબ કાર્યોને મિટાવી દે છે. સચેત લોકો માટે આ એક નસીહત છે (૧૧:૧૧૪)**

સાચું જ કહેવાયું છે કે માણસ માત્ર ભૂલને પાત્ર. માણસ, એ કોઈ દેવદૂત નથી, અને અનેક લાલચોને આધીન હોવાને કારણે, સામાન્ય રીતે ખોટી પસંદગીઓને કારણે એ તદ્દન સ્વાભાવિક રીતે ભૂલો કરશે. પણ તો પછી શું કરવું?

ઉપરોક્ત શ્લોકમાં આપેલી કુરાનની સલાહને અનુસરવાનો માર્ગ શ્રેષ્ઠ છે. માણસે સૌપ્રથમ પોતાની ભૂલો સ્વીકારવી જોઈએ, પછી આત્મનિરીક્ષણ કરવું જોઈએ જેથી કરીને તે તેમાં સુધારો કરી શકે. આનો અર્થ એ થશે કે દરેક ખરાબ કાર્ય થઈ ગયા પછી સારું કાર્ય કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ પ્રથા તેને તેની ભૂલ અને દુષ્કર્મના પરિણામોથી બચાવશે.

ઉદાહરણ તરીકે, જો તમે ક્રોધાવેશમાં આવી ગયા અને આ ગુસ્સાની હાલતમાં તમે કોઈની સાથે દુર્વ્યવહાર કરી નાખ્યો, તો તમારે જાહેરમાં તેની માફી માંગવી પડશે અને તેના માટે પ્રાર્થના કરવી પડશે. અથવા, જો તમે કોઈને શારીરિક રીતે નુકસાન પહોંચાડયું હોય, તો તમારે નાણાકીય અથવા બીજી કોઈ મદદ કરીને અથવા બીજી કોઈપણ રીતે ઈજાની ભરપાઈ કરવાનો પ્રયાસ કરવો પડશે.

દુષ્કર્મના વિવિધ પ્રકારો છે પરંતુ, તમે ગમે તે પ્રકારનું દુષ્કર્મ કર્યું હોય, દરેક દુષ્કર્મ પછી તમારે પસ્તાવો કરવો જોઈએ અને સુકર્મો કરીને તમારા પાપોની અસરને ભૂંસી નાખવાનો પ્રયાસ કરવો જોઈએ.

હકીકત એ છે કે તમારું દરેક દુષ્કર્મ તમારા આત્માને દૂષિત કરી શકે છે. પછી તેને તમારા આંસુ દ્વારા, અથવા કોઈ અન્ય પ્રકારના પસ્તાવાભર્યા વર્તન દ્વારા સાફ કરો. જ્યારે તમને ખ્યાલ આવે કે તમારું મન અને હૃદય દુષ્કર્મોથી પ્રદૂષિત થયા છે તો તેને તરત જ શુદ્ધ કરવાનું ન ચૂકવું જોઈએ.

પાપ થઈ ગયા પછી પુણ્ય કામો કરવા એ મનને ફરીથી શુદ્ધ કરવાની એક પદ્ધતિ છે. આ પદ્ધતિ એટલી સરળ નથી. પરંતુ તે એક મહત્વપૂર્ણ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેમાં સામેલ થવાથી, વ્યક્તિ પોતાના વિચારોને ફરીથી કાર્યરત કરે છે. ભૌતિક રીતે જેમ ધોવાની પ્રક્રિયા છે, એમ આ મનોવૈજ્ઞાનિક રીતે વિચારની પ્રક્રિયા સુધારવાની રીત છે.

**દુષ્કર્મના વિવિધ પ્રકારો છે પરંતુ, તમે ગમે તે પ્રકારનું દુષ્કર્મ કર્યું હોય, દરેક દુષ્કર્મ પછી તમારે પસ્તાવો કરવો જોઈએ અને સુકર્મો કરીને તમારા ખરાબ કાર્યોની અસરને ભૂંસી નાખવાનો પ્રયાસ કરવો જોઈએ.**

આ પ્રક્રિયાની ખૂબ જ મહત્વપૂર્ણ સકારાત્મક અસર છે. તે વ્યક્તિના મનના વિકાસમાં મદદ કરે છે. આમ તમારી ભૂલને બૌદ્ધિક વિકાસના કાર્યમાં ફેરવી શકાય છે. કોઈપણ ભૂલ જે બૌદ્ધિક વિકાસ તરફ દોરી જાય છે તે સારા અને તંદુરસ્ત વર્તનનો આધાર બને છે.

જો તમારી ભૂલ તમને સકારાત્મક પાઠ આપે છે, તો તે ભૂલ નહીં પણ અનુભવ છે. જો તમારું ખરાબ કાર્ય તમને સારું કાર્ય કરવા પ્રેરે છે, તો તેના પરિણામની દ્રષ્ટિએ, તે ખરાબને બદલે સારું છે.

આવો અભ્યાસ તમારા મનને જીવંત રાખે છે, જેમાં તે તમારી વિચારવાની ક્ષમતાને સક્રિય કરે છે. આ અભ્યાસ તમારી માનસિક ક્ષમતાઓને જાગૃત કરે છે, તમને એક એવા પ્રવાસી જેવા બનાવે છે કે જેણે તેની આખરી મંજિલ સુધી પહોંચતા પહેલાં તેની મુસાફરીમાં થોડો લાભદાયક વિરામ લીધો હોય.

જો તમારાથી કોઈ દુષ્કર્મ થઈ જાય, તો નિરાશ ન થાઓ, પરંતુ તમારા જીવનને વધુ સારી રેખાઓ પર ફરીથી ગોઠવો અને તમે ચોક્કસપણે સફળ થશો.

## * ભિન્નતા : સર્જનનો એક ભાગ *

લોકો વચ્ચેની ભિન્નતા એ પ્રકૃતિનો એક ભાગ છે, જે સીધી ઈશ્વરે બનાવેલ સર્જનની યોજનાનું પરિણામ છે. આ હકીકત કુરાનના અધ્યાય હુદમાં સમજાવવામાં આવી છે;

**જો તમારા પ્રભુએ ઈચ્છયું હોત, તો તે માનવજાતને એક જ સમુદાયના બનાવી દેત પરંતુ તેઓ હંમેશા અલગ રહેવાનું પસંદ કરશે – સિવાય કે જેમના પર અલ્લાહ**

તે હકીકત છે કે વ્યક્તિઓ અને જૂથો વચ્ચે ભિન્નતા હોય છે. પરંતુ એ કોઈ અનિષ્ટ નથીઃ તે ખરેખર માનવતા માટે સારું છે. ભિન્નતા એ માત્ર તફાવત નથીઃ આ વિવિધતા એ સ્ત્રી-પુરુષોની અમર્યાદિત પ્રકૃતિને પ્રતિબિંબિત કરે છે.

ચર્ચા, સંવાદ અને બૌદ્ધિક વિનિમય તરફ આમંત્રિત કરનાર સ્વસ્થ ભિન્નતા, વિકાસ તરફ દોરી જાય છે, જ્યારે ભિન્નતા વગરની પરિસ્થિતિ જડતા તરફ દોરી જાય છે. આવા વિચારોની સ્વીકૃતિ, બૌદ્ધિક તેમજ ભૌતિક એમ દરેક ક્ષેત્રમાં વિકાસ તરફ દોરી જઈ, પ્રગતિમાં મોટો ફાળો આપે છે. માણસ પાસે અમર્યાદિત ક્ષમતા છે પરંતુ તેને આગળ લાવવા અને તેને વાસ્તવિકતામાં ફેરવવા માટે તેને સ્પર્ધા અને પડકારની જરૂર છે. ભિન્નતા આવી ચર્ચા માટે મુદ્દો પૂરો પાડે છે. અને, એવો પડકારને ફેંકે છે કે જેને પહોંચી વળવાથી, તમે તથ્યોના અને પ્રગતિના નવા ક્ષેત્રો શોધી શકશો. ભિન્નતા વગર, માણસ બૌદ્ધિક નિંદ્રામાં પડી જશે અને લગભગ મૂર્તિમંત બની જશે.

પરંતુ જો ભિન્નતાને તંદુરસ્ત સામાજિક સંપત્તિ બનાવવી હોય તો કેટલીક પૂર્વ-શરતો હોવી જરૂરી છે. મતભેદો હોવા છતાં તમારે શાંતિપૂર્ણ રહેવું પડશે. તમારે નિષ્ઠાવાન અને નિરપેક્ષ હોવું જોઈએ, જેથી મતભેદને શિસ્તબદ્ધ રીતે વ્યક્ત કરી શકાય. તમારે તમારા મતભેદોને શાંતિપૂર્ણ રીતે વ્યક્ત કરવા પડશે, અને સાથે જ, અન્યોને તેમના વિચારો મુક્તપણે વ્યક્ત કરવા દેવા માટે તમારે પૂરતા પ્રમાણમાં ખુલ્લા મનનું બનવું પડશે. અન્ય અસાધારણ ઘટનાની જેમ, મતભેદના બે પાસાઓ છે - તેમાં સકારાત્મક અને નકારાત્મક બંને છે. જો મતભેદ શાંતિપૂર્ણ મર્યાદામાં મર્યાદિત હોય, તો તે સારું છે, પરંતુ જો મતભેદ મર્યાદાની બહાર જાય અને ઘર્ષણ તેમજ હિંસાનું સ્ત્રોત બની જાય, તો તે અનિષ્ટમાં ફેરવાય છે. શાંતિ સાથે વિભિન્નતા વરદાન છે, પરંતુ હિંસા સાથે વિભિન્નતા એ શ્રાપ છે.

મતભેદ એ ધાર્મિક અને ધર્મનિરપેક્ષ એમ દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ છે, એ વિવાદની બાબત હોવાને બદલે અસંમતિનું સ્વરૂપ છે. તે આપણને એક પ્રકારની નિસરણી પૂરી પાડે છે જેના દ્વારા આપણા જીવનની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. ભિન્નતા વિના, બૌદ્ધિક શિક્ષણની કોઈપણ શાખામાં વિકાસ શકય નથી.

વૈચારિક ભિન્નતા તે હકીકતલક્ષી વિસ્તારો અને દરવાજાઓ ખોલે છે જે પહેલાં છુપાયેલા અને બંધ હતાં. મતભેદ આપણને સામૂહિકપણે વિચાર કરવાની તક આપે છે.

તે મનુષ્યની પ્રકૃતિનો એક ભાગ છે - અને બૌદ્ધિક જીવનની નિશાની પણ; માત્ર મૂર્તિઓ જ એકબીજાથી વિભિન્ન ન હોઈ શકે.

**મતભેદ એ ધાર્મિક અને ધર્મનિરપેક્ષ એમ દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ છે,
એ વિવાદની બાબતને બદલે અસંમતિનું સ્વરૂપ છે. તે
આપણને એક પ્રકારની નિસરણી પૂરી પાડે છે
જેના દ્વારા આપણા જીવનની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે.**

જ્યારે ભિન્નતા સર્જનનો એક ભાગ છે, ત્યારે તેને જેમ છે તેમ સ્વીકારવા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. ભિન્નતા દૂર કરવાનો પ્રયાસ ચોક્કસપણે નિષ્ફળતા અને વિનાશ નોતરે છે. જે વ્યક્તિ મતભેદો સાથે જીવવા તૈયાર નથી તેણે પોતાની અંગત ઈચ્છાઓ અનુસાર ચાલતું નવું વિશ્વ સર્જવું જોઈએ. પણ નવું વિશ્વ કોણ સર્જી શકે?

## * પ્રશ્નોને વણઉકેલ્યા છોડી દો *

કુરાનમાં પ્રગટ થયેલી બધી કલમોની કંઈક પૃષ્ઠભૂમિ છે, જેનું જ્ઞાન કુરાનના સંદેશને સંપૂર્ણપણે સમજવા માટે જરૂરી છે. આ પ્રકારની કેટલીક કલમો અલ-મુદ્દસ્થિર (કપડામાં ઢંકાયેલું) પ્રકરણમાં દેખાય છે, જે કુરાનના પ્રારંભિક પ્રાકટ્યમાંથી એક છે. આ પ્રકરણ લગભગ ઈ.સ. ૬૧૦ માં પ્રગટ થયું હતું જ્યારે પયગંબર સાહેબ મક્કામાં હતા. તે સમયે મક્કા શહેર મૂર્તિપૂજકોના વર્ચસ્વ હેઠળ હતું જેમણે, પયગંબર ઈબ્રાહીમ દ્વારા બનાવવામાં આવેલ એક ઈશ્વરની પૂજાના સ્થળ કાબામાં ૩૬૦ મૂર્તિઓ મૂકી હતી.

પયગંબર સાહેબને આ પરિસ્થિતિ ખૂબ જ વાંધાજનક લાગી, પરંતુ તેમના પર જાહેર થયેલ પ્રથમ આયાતમાં એ આદેશ ન હતો કે ‘કાબાને મૂર્તિઓથી શુદ્ધ કરો.’ પરંતુ તેનાથી વિપરિત, પયગંબર સાહેબને અલ-મુદ્દસ્થિર પ્રકરણમાં નીચેની કલમો પ્રાપ્ત થઈ;

**ઓ, તમારા વસ્ત્રોથી ઢંકાયેલા !! ઊઠો અને ચેતવણી આપો! તમારા પ્રભુનો
મહિમા દર્શાવો; તમારા વસ્ત્રોને પવિત્ર કરો; અપવિત્રતાને દૂર કરો;
વધુ વળતરની અપેક્ષા રાખીને ઉપકાર કરશો નહીં; અને
તમારા પ્રભુને ખાતર, ધીરજ રાખો. (૭૪:૧–૭)**

આ પંક્તિઓનો સંદેશ ખૂબ જ સ્પષ્ટ હતો કેઃ ‘કાબામાં મૂર્તિઓ પ્રત્યે ધૈર્ય રાખો’, આ સમસ્યાને અવગણો અને એકતરફી શાંતિ જાળવીને ઈશ્વરનો સંદેશ બધા સુધી પહોંચતો કરો. ડહાપણના આ ભાગનો સારાંશ આ રીતે કરી શકાય છેઃ “દાઅવહ (ઉપદેશ)” નું કાર્ય કરવાની તકોનો લાભ લો અને જટિલ પ્રશ્નોને વણઉકેલાયેલા રહેવા દો.

અહીં ‘વણઉકેલાયેલા’ એટલે કંઈક થવાની રાહ જોવી. પરિસ્થિતિના સંદર્ભમાં, તેનો અર્થ એ હતો કે મૂર્તિઓની હાજરી અનિચ્છનીય હોવા છતાં, મૂર્તિઓને સ્પર્શ કરવી જોઈએ નહીં. તેના બદલે, એકેશ્વરવાદ (તૌહિદ) ની વિચારધારાને શાંતિપૂર્ણ રીતે ફેલાવવાના તમામ પ્રયાસો કરવા જોઈએ, એવી આશામાં કે આ સિદ્ધાંત કામ કરશે અને કોઈ દિવસ મૂર્તિઓની સમસ્યા સંભવતઃ કોઈ સીધા હસ્તક્ષેપ વિના યોગ્ય સમયે એની જાતે જ ઉકેલાઈ જશે.

કુરાનમાં પ્રગટ થયેલું આ સૂત્ર તેની દેખીતી રીતે ધાર્મિક બાબતોને લગતું હતું, પરંતુ તે ધર્મનિરપેક્ષ સમસ્યાઓ માટે સમાન રીતે લાગુ પડે છે. કુદરતના નિયમના આધારે, તે આપણને એક યોગ્ય પ્રારંભિક બિંદુ આપે છે, જે કોઈપણ સમસ્યારૂપ પરિસ્થિતિનું સૌથી મહત્વપૂર્ણ પાસું છે. સાચો પ્રારંભિક બિંદુ તમને તમારા ધ્યેય તરફ લઈ જાય છે, જ્યારે ખોટો પ્રારંભિક બિંદુ તમને કયાંય લઈ જતો નથી.

**આજે જે શક્ય છે તેનાથી શરૂઆત કરો અને આવતીકાલ સુધીમાં તમે જે દેખીતી રીતે અશક્ય છે તે પ્રાપ્ત કરી શકશો.**

તમામ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અવરોધો હોય છે, પરંતુ તેની સાથે આ પરિસ્થિતિઓમાં હંમેશા ઘણી તકો પણ આંતરિક રીતે હોય જ છે. જો તમે સમસ્યાઓ કે અવરોધો પ્રત્યે તમારું ધ્યાન કેન્દ્રિત કરશો તો તે બળદની આગળ ગાડું મૂકવા જેવું થશે. આ વિશ્વમાં ફક્ત એક જ પ્રારંભિક બિંદુ હોય છે અને તે એ અવરોધો પર નહીં પણ તકો પર આધારિત હોય છે.

સમસ્યા સાથે પ્રારંભ કરવાનું પસંદ કરવું એ ભાવનાત્મક પ્રતિક્રિયાનું કાર્ય છે, જ્યારે તકોના આધારે શરૂ કરવું એ મોટું ડહાપણ છે. આનો અર્થ એવો થાય છે કેઃ આજે જે શકય છે તેનાથી શરૂઆત કરો અને આવતીકાલ સુધીમાં તમે જે દેખીતી રીતે અશકય છે તે પ્રાપ્ત કરી શકશો.

સમસ્યાને વણઉકેલાયેલી રાખી દેવી એ નિષ્ક્રિયતા નથી. હકીકતમાં, તે ઊંડા શાણપણ પર આધારિત છે. આ પદ્ધતિ અપનાવીને તમે તમારી જાતને નિરર્થક મુકાબલાથી બચાવી શકો છો અને તમારી બધી શક્તિ તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સમર્પિત કરી શકો છો.

આ સૂત્ર વ્યવહારિક ડહાપણ પર આધારિત છે, અને વ્યવહારુ ડહાપણ એ જ આ વિશ્વમાં એકમાત્ર કાર્યક્ષમ સૂત્ર છે.

## * વેર કરતાં સારૂં *

કુરાનના ઉપદેશો અનુસાર, વેર કોઈ વિકલ્પ નથી. વેર વાળવાથી સમસ્યા વધે છે. કુરાનનો અધ્યાય અલ-નહ્લ (મધમાખી) આ મુદ્દા પર વ્યવહારુ સલાહ આપે છે. સંબંધિત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે;

**જો તમે બદલો લેવા માંગતા હો, તો તમને જે ઈજા થઈ છે તેટલી જ હદ સુધી બદલો લો. પરંતુ જો તમે ધૈર્યવાનો રહે તો એ વધુ સારું છે. (૧૬:૧૨૬)**

વેર એટલે શું? વેર એટલે, કોઈના હાથે પોતાને થયેલી ઈજા કે નુકશાન માટે તેને ઈજા કે નુકસાન પહોંચાડવાની ક્રિયા. કુરાનના ઉપદેશો અનુસાર, બદલો લેવાના બે સ્તરો છે - એકને "સમાન વેર" કહી શકાય અને બીજાને, અન્ય લોકો પાસેથી મળેલા ખરાબ અનુભવને ભૂલી જવું કહી શકાય.

જો કે વેર વાળવા કે બદલો લેવાની મંજૂરી તો છે, પરંતુ એવા સખત ધોરણ સાથે - કે તે સમાન બદલો હોવો જોઈએ, સામેવાળાએ કરેલા નુકશાનથી વધારે ન હોવો જોઈએ. પરંતુ જો ગંભીરતાથી વિચારવામાં આવે, તો વ્યક્તિને ખ્યાલ આવે છે કે આ કોઈ વિકલ્પ નથી. તે એટલું મુશ્કેલ છે કે કોઈ નિષ્ઠાવાન વ્યક્તિ આ વિકલ્પ લઈ શકે નહીં. કારણકે, કોઈ ઉપલબ્ધ માપદંડ વગર તમે નક્કી જ ના કરી શકો કે તમારી પ્રતિક્રિયા તમે બીજા પાસેથી મેળવેલી ક્રિયાની બરાબર હતી કે નહીં.

તેથી આ વિકલ્પ, માત્ર એક અનુમાનિત વિકલ્પ છે. કોઈપણ નિષ્ઠાવાન વ્યક્તિ આ વિકલ્પ લેવાનું પસંદ કરશે નહીં, કારણકે જો બદલો લેવામાં તમે મર્યાદા ઓળંગો, તો સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા તમે સજાને પાત્ર બનો છો, જે તમારા માટે અસહ્ય છે.

તેથી, વ્યવહારિક રીતે તો એક જ વિકલ્પ છે અને તે છે ક્ષમા. જ્યારે બદલો એક નવો અધ્યાય ખોલી શકે છે જે વેરની સામે વેર છે, પરંતુ ક્ષમા આ સાંકળનો અંત લાવે છે. આમ, ક્ષમા પૂર્ણવિરામની ગરજ સારે છે જ્યારે વેર અલ્પવિરામની.

આવા કિસ્સાઓમાં ક્ષમા એ લાભદાયી ક્રિયા છે. ક્ષમા એ અત્યંત મૂલ્યવાન કાર્ય છે. તમને તેનું ઈનામ પરલોકની દુનિયામાં મળશે, અને તે આસ્તિક માટે વધુ સારું છે.

તદુપરાંત, ક્ષમા તમને વર્તમાન જીવનમાં પણ તેના લાભ આપે છે. જ્યારે તમે કોઈ વ્યક્તિને માફ કરો છો ત્યારે તમે તેના અંતરાત્માને જગાડો છો. ક્ષમા એ એક પ્રકારનું સુધારાત્મક પગલું છે. ક્ષમા કરવાથી સામેની વ્યક્તિમાં પસ્તાવાની ભાવના જન્મ લે છે અને તે પોતાની જાતને સુધારવાનો પ્રયત્ન કરે છે. આ અર્થમાં, સામાજિક સુધારણાની દ્રષ્ટિએ ક્ષમાનું મૂલ્ય બહુ ઊંચું છે.

**વ્યવહારિક રીતે તો એક જ વિકલ્પ છે અને તે છે ક્ષમા.**
**જ્યારે બદલો એક નવો અધ્યાય ખોલી શકે છે જે વેરની સામે વેર છે,**
**પરંતુ ક્ષમા આ સાંકળનો અંત લાવે છે.**

જો કોઈ વ્યક્તિ બદલો લેવાનો પ્રયાસ કરે છે, તો તે અન્ય પક્ષ દ્વારા વળતાં પ્રત્યાઘાતથી પોતાને બચાવી શકતો નથી. આ કારણસર, વેર અથવા બદલો એ અધિકૃત કોર્ટ (ન્યાય કચેરી) નો વિશેષાધિકાર છે. તેથી, આ કિસ્સામાં બે વિકલ્પો છેઃ કાં તો માફ કરો અને ભૂલી જાઓ, અથવા તેને અધિકૃત કોર્ટમાં મોકલો. સજાના સંદર્ભમાં બદલો લેવો એ સામાન્ય માણસને બદલે અધિકૃત અદાલત (ન્યાય કચેરી) નો વિશેષાધિકાર છે.

જો કે ઈસ્લામ અમુક કડક શરતો સાથે બદલો લેવાની પરવાનગી આપે છે, પરંતુ આ શરતોને પૂરી કરવી એટલી મુશ્કેલ છે કે તેનો વ્યવહારિક અર્થ એ છે કે બદલો લેવો જોઈએ નહીં. આવી પરિસ્થિતિઓમાં કુરાનનો સંદેશ છેઃ ક્ષમાનો વિકલ્પ પસંદ કરો. બદલો લેવાનો પ્રયાસ કરશો નહીં, કારણકે બદલો લેવાથી વધુ સમસ્યાઓ ઊભી થશે.

બદલો કે વેર એ એક પ્રકારનું વિચલન છે. જ્યારે ક્ષમા સમસ્યાનો અંત લાવે છે, વેર માત્ર નવી સમસ્યાઓનું સર્જન કરે છે અને તેને વધારે છે જેનો ઉકેલ લાવવો મુશ્કેલ છે. તેથી, વેર વાળવા કરતાં ક્ષમા વધુ સારી છે.

## * પ્રકૃતિનો ધર્મ *

કુરાન કુદરતને માનવીય આચરણ માટે એક આદર્શ તરીકે રજૂ કરે છે. આનો ખુલાસો અલ-ઈમરાન (ઈમરાનનો પરિવાર) પ્રકરણમાં આપવામાં આવ્યો છે. સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે;

**શું તેઓ અલ્લાહના ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ ઈચ્છે છે, એ જાણીને કે આકાશ અને પૃથ્વીની દરેક વસ્તુ સ્વેચ્છાએ કે અનિચ્છાએ તેને આધીન છે? તેની પાસે તેઓએ બધાએ પાછા ફરવાનું છે . (૩:૮૩)**

બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વરનો ધર્મ એટલે પ્રકૃતિનો નિયમ. સમગ્ર વિશ્વ આ કાયદા દ્વારા નિયંત્રિત છે, અને આ કાયદાનું મૂળ, શરણાગતિ છે. તેથી, બ્રહ્માંડનો ધર્મ સમર્પણ પર આધારિત છે. માણસ અને બ્રહ્માંડ બંને માટે ઈશ્વરને શરણે થવું એ એકમાત્ર ધર્મ છે.

કુરાનના કેટલાક ભાગોમાં માણસ માટેના આ કુદરતી નમૂનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, એક શ્લોકમાં કુરાન કહે છે;

**''સૂર્ય ચંદ્રને વટાવી શકતો નથી, અને રાત દિવસ કરતાં આગળ વધી શકતી નથીઃ દરેક [પોતાની] ભ્રમણકક્ષામાં ફરતા રહે છે.'' (૩૬:૪૦)**

આનો અર્થ એ છે કે સૂર્ય અને ચંદ્ર તેમની પોતાની નિર્ધારિત ભ્રમણકક્ષાને અનુસરે છે, અને આ જ પ્રકારનું વર્તન મનુષ્ય માટે જરૂરી છે. અલબત્ત, તમામ સ્ત્રી-પુરુષોને તેમની પોતાની પ્રવૃત્તિઓનું આયોજન કરવાની છૂટ છે, પરંતુ તે ચેતવણી સાથે છે કે તેઓએ તેમની મર્યાદાઓ ઓળંગવી ના જોઈએ, એટલે કે, તેઓએ એવું કંઈપણ ન કરવું જોઈએ જે અન્ય લોકો માટે હાનિકારક હોય.

સૂર્ય દરરોજ પ્રકાશ અને ગરમી આપે છે, પરંતુ તે ક્યારેય એનું કોઈ બિલ મોકલતો નથી. તમામ જીવોને ગરમી અને સૂર્યપ્રકાશ મફતમાં આપવામાં આવે છે. માણસ પાસે પણ આ પ્રકારની સેવા અપેક્ષિત છે. માણસે નિઃસ્વાર્થ સેવાનો સિદ્ધાંત અપનાવવો જોઈએ.

મધમાખી છોડની દુનિયામાં પ્રવેશે છે; ફૂલોની સાથે તે કાંટાઓનો પણ સામનો કરે છે. પરંતુ જ્યારે મધમાખી ફૂલોમાંથી મધુર રસ લે છે, ત્યારે તે હંમેશા કાંટાઓની અવગણના કરે છે. માણસ માટે આવો સમાન આચાર અપેક્ષિત છે. માણસે તેના વર્તનમાં સકારાત્મક હોવું જ જોઈએ; નકારાત્મક રીતે વર્તવાની તેને પરવાનગી નથી.

પશુઓને શિંગડા આપવામાં આવે છે, પરંતુ કોઈપણ પશુ આક્રમકતા માટે તેના શિંગડાનો ઉપયોગ કરતું નથી. તેના શિંગડાનો ઉપયોગ માત્ર સ્વ-રક્ષણ માટે જ થાય છે. આ જ સિદ્ધાંત માણસે અવલોકન કરવાનો છે. માણસને ઘણી બધી શક્તિઓ આપવામાં આવી છે, જેનો તે પોતાના ફાયદા માટે ઉપયોગ કરી શકે છે, પરંતુ તેણે તેના સાથીદારો વિરુદ્ધ તેનો દુરૂપયોગ કરવાનું ટાળવું જોઈએ.

આ વલણ પ્રકૃતિની બધી જ વસ્તુઓ માટે સાચું છે, જ્યાં દરેક વસ્તુ એક આદર્શ તરીકે સેવા આપે છે. કુદરતનું વર્તન હંમેશા દોષરહિત હોય છે, તે માણસને સાચો માર્ગ બતાવે છે. તેથી, માણસે હંમેશા કુદરતના આદર્શોનો  અનુસરવું જોઈએ.

**બ્રહ્માંડનો ધર્મ સમર્પણ પર આધારિત છે.**
**માણસ અને બ્રહ્માંડ બંને માટે ઈશ્વરને શરણે થવું એ એકમાત્ર ધર્મ છે.**

આ કુદરતી નમૂનાઓ  બોલતા નથીઃ તેઓ કયારેય જાહેર કરતા નથી કે તેઓ માણસ માટે આદર્શ છે. તેથી માણસનું કર્તવ્ય છે કે તે પ્રકૃતિનો અભ્યાસ કરે અને તેના આચરણમાં છુપાયેલા માર્ગદર્શનને શોધે. તે પછી તેણે આ આદર્શોમાંથી જે શીખે છે તેને પોતાના રોજિંદા જીવનની બાબતોમાં લાગુ કરવું જોઈએ. સૈદ્ધાંતિક રીતે, કુરાનમાં માણસ માટે જરૂરી તમામ પ્રકારના વર્તનનું વર્ણન કરવામાં આવ્યું છે, અને સમગ્ર પ્રકૃતિને એવી રીતે બનાવવામાં આવી છે કે જેથી તે માનવજાત માટે આદર્શ તરીકે સેવા આપે.

કુદરતના મોખરાના આ નમૂનાઓ યાંત્રિક પ્રકારના છે. કારણકે તેમના માટે સંપૂર્ણ યોગ્યતા સાથે વર્તવું ફરજિયાત છે, તેઓ તેમના વર્તન માટે કોઈ વળતરને પાત્ર નથી. પણ માણસ સ્વતંત્ર છે. જો તે કોઈ ચોક્કસ રીતે વર્તે છે, પછી ભલે તે સાચું હોય કે ખોટું, તો તે તેની પોતાની મરજીથી છે. તેથી સારા વર્તન માટે, માણસને પુષ્કળ બક્ષિસ આપવામાં આવશે.

માણસ સર્વશક્તિમાન ઈશ્વરની વિશેષ રચના હોવાને કારણે, તેને આ જગતમાં તેમજ પરલોકમાં સારા આચરણ માટે વિશેષ વળતર આપવામાં આવશે.

## * મનનું બિન–પ્રભાવિકરણઃ આત્મનિરીક્ષણ *

કુરાનનો અધ્યાય અલ-ઈસરાદ (રાત્રિની મુસાફરી) એક સમસ્યા દર્શાવે છે-તે માનસિકતાની-જે તમામ વ્યક્તિઓને માટે એકસરખી રીતે લાગુ પડે છે;

**તેમને કહો, ''દરેક વ્યક્તિ પોતપોતાની રીતે કર્મ કરે છે અને ફક્ત તમારા અલ્લાહ જ સારી રીતે જાણે છે કે કોણ યોગ્ય રીતે માર્ગદર્શિત છે.'' (૧૭:૮૪)**

પોતાની રીતે એટલે કે પોતાની માનસિકતા મુજબ વર્તવું એ એક મનોવૈજ્ઞાનિક ઘટના છે. તે વલણ અથવા નિશ્ચિત વિચારોના સમૂહમાંથી ઉદ્દભવે છે જે દરેક વ્યક્તિઓમાં જુદી જુદી હોય છે અને ઘણીવાર એ બદલવું મુશ્કેલ હોય છે.

માનવ માનસિકતા, જે મુજબ તમામ સ્ત્રી-પુરુષો વિચારે છે, તેનું સામાજિક વાતાવરણ દ્વારા પ્રભાવીકરણ થયું હોય છે. પરંતુ આ માનસિકતા નૈતિક ધોરણોનો સમૂહ પ્રદાન કરતી નથી. ફક્ત સર્વશક્તિમાન ઈશ્વર જ તે કરી શકે છે.

દરેક સ્ત્રી-પુરુષની ફરજ છે કે જ્યારે તે પરિપકવ થાય ત્યારે તેની માનસિકતા તપાસે. પછી તેણે અથવા તેણીએ ઈશ્વર દ્વારા મંજૂર કરેલા ધોરણો શોધવા જોઈએ અને તેમના નિર્માતા દ્વારા નિર્ધારિત ધોરણો સ્વીકારી, તે મુજબ જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઈએ.

આ પ્રક્રિયાને પ્રભાવિત મનનું બિન-પ્રભાવિકરણ કહી શકાય. આ બિન-પ્રભાવિકરણથી જ વ્યક્તિની બૌદ્ધિક યાત્રા શરૂ થાય છે. દરેક મનુષ્યનું પ્રથમ કર્તવ્ય એ છે કે તે પોતાના પ્રભાવિત મનમાં ડોકિયું કરે, સઘન આત્મનિરીક્ષણ કરીને તેની તપાસ કરે અને પછી તેની વિચારવાની રીતને સુધારે.

વ્યક્તિ જ્યાં સુધી બિન-પ્રભાવિકરણની પ્રક્રિયામાંથી પસાર થતો નથી, ત્યાં સુધી એ પોતાની ધારણાઓ મુજબ જ જીવે છે. બિન-પ્રભાવિકરણ વ્યક્તિના મનને શુદ્ધ કરે છે. બિન-પ્રભાવિકરણ દરેક મનુષ્યને ઈશ્વરે બનાવેલ કુદરત, પ્રકૃતિના નિયમો અને બાહ્ય વાસ્તવિકતાઓથી પરિચિત કરે છે જે પ્રભાવિકરણ કારણે વ્યક્તિના મનથી છુપાયેલી રહે છે.

આ બૌદ્ધિક પ્રક્રિયા જ આ દુનિયામાં યોગ્ય વિચાર, યોગ્ય કાર્ય અને યોગ્ય આયોજનની ખાતરી આપે છે. આપણા મનને બિન-પ્રભાવિત કર્યા વિના, આપણે આપણી માનસિક મર્યાદાઓની બહારના સત્યને સમજી શકતા નથી. આપણે માનવ મનની બહારની વાસ્તવિકતાઓને સમજવામાં સક્ષમ નથી.

**વ્યક્તિ જ્યાં સુધી બિન-પ્રભાવિકરણ પ્રક્રિયામાંથી પસાર નથી થતો,**
**ત્યાં સુધી એ પોતાની ધારણાઓ મુજબ જ જીવે છે.**
**બિન-પ્રભાવિકરણ વ્યક્તિના મનને શુદ્ધ કરે છે.**

માણસ એવી દુનિયામાં જનમ્યો છે જે તેની પોતાની રચના નથી. વિશ્વ ઈશ્વર દ્વારા બનાવવામાં આવ્યું છે અને તે ઈશ્વર છે જેણે આ વિશ્વના નિયમો નક્કી કર્યા છે. માણસ પાસે આ દિવ્ય નિયમોને જાણવા અને તેને સંપૂર્ણ ઈમાનદારીથી અનુસરવા સિવાય કોઈ વિકલ્પ નથી. અને બિન-પ્રભાવિકરણની પ્રક્રિયા દ્વારા, વ્યક્તિ પોતાને આ પ્રક્રિયાને આગળ વધારવા માટે સક્ષમ બનાવે છે. માણસ પોતાની જાતે વિશ્વ સર્જી શકતો નથી, તેથી તેણે વિશ્વના સર્જકના નિયમોનું પાલન કરવું જોઈએ. આ બાબત દરેક સ્ત્રી-પુરુષની મુખ્ય જરૂરિયાત છે.

આ બળજબરી નથી: વાસ્તવમાં, તે વ્યક્તિ માટે યોગ્ય માર્ગદર્શનની બાબત છે જે પોતાની જાતે અજાણી વસ્તુઓને જાણવાનો પ્રયાસ કરે છે. શું સારું અને શું ખરાબ, શું સાચું અને શું ખોટું એની ફક્ત સર્જકને જ પૂરેપૂરી જાણકારી છે. તેથી વ્યક્તિએ સંપૂર્ણ નમ્રતા અને પ્રામાણિકતા સાથે પ્રભુની મરજીને આધીન થવું જોઈએ. આ માર્ગને અનુસરવું તે વ્યક્તિના હિતમાં છે. વ્યક્તિ હંમેશા પોતાની માનસિકતા અનુસાર વિચારે છે, અને વ્યક્તિની ક્રિયાઓ તેની માનસિકતાની અભિવ્યક્તિ છે. જો માનસિકતા સાચી હશે તો વ્યક્તિની ક્રિયાઓ સાચી હશે, પરંતુ જો માનસિકતા ખોટી હશે તો વ્યક્તિની ક્રિયાઓ પણ ખોટી હશે. તેથી દરેક સ્ત્રી-પુરૂષ માટે તેમના મનનું બિન-પ્રભાવિકરણ કરવું જરૂરી છે જેથી તે અથવા તેણી નિષ્પક્ષ વિચારસરણી વિકસાવી શકે.

## * માનવ જ્ઞાનની મર્યાદાઓ *

કુરાનના અધ્યાય અલ-ઈસરાદ (રાત્રિની મુસાફરી) માં એક શ્લોક છે જે વિચારવાની કળાથી સંબંધિત છે. આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**તેઓ તમને આત્મા વિશે પ્રશ્નો કરે છે. તો કહો,**
**'આત્મા મારા ઈશ્વરના તાબામાં છે, અને તમને**
**બહુ ઓછું જ્ઞાન આપવામાં આવ્યું છે.' (૧૭:૮૫)**

કુરાનનો આ શ્લોક જ્ઞાનના નિયમોને લગતા એક ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંતને સમાવિષ્ટ કરે છે: કે માણસને અમુક મર્યાદાઓ સાથે બનાવવામાં આવ્યો છે, જેના કારણે તે બધું જ જાણી શકતો નથી. આ મર્યાદાને સ્વીકારવી એ સૌથી મોટું ડહાપણ છે, કારણ કે, તે તમામ સંભવિત જ્ઞાનના દરવાજાઓ ખોલે છે.

દર્શનશાસ્ત્રનો ઈતિહાસ લાંબો છે, પરંતુ તે માનવ જીવન વિશે સ્પષ્ટ જ્ઞાન આપવામાં નિષ્ફળ રહ્યું છે. વાસ્તવમાં, ભૂતકાળના અને વર્તમાનના તમામ ફિલસૂફો મૂંઝવણના પ્રેરક રહ્યા છે. તેનાથી વિપરીત, વૈજ્ઞાનિકો આપણને ફળદાયી જ્ઞાન પ્રદાન કરવામાં સફળ રહ્યા છે. ખરેખર, આધુનિક સભ્યતા એ વૈજ્ઞાનિક સમુદાયની ભેટ છે. શા માટે આ બંને શાખાઓ વચ્ચે આ તફાવત છે? કારણ એ છે કે દાર્શનિકો માનવીય

મર્યાદાઓને સ્વીકારવામાં નિષ્ફળ રહ્યા છે, જ્યારે વૈજ્ઞાનિકોએ તેનો સ્વીકાર કર્યો છે. મર્યાદાઓનો સ્વીકાર તમામ પ્રકારના યથાર્થ  જ્ઞાનના દ્વાર ખોલે છે.

આપણી આસપાસની વસ્તુઓ વિશે વિચારવું સારું છે, પરંતુ દરેક વસ્તુ વિશે વિચારવાનો પ્રયાસ કરવો એ યોગ્ય નથી. સમજદાર વ્યક્તિ તે છે જે વિચારની બે રેખાઓ વચ્ચેનો તફાવત સમજે છે. તે તેની આસપાસની વસ્તુઓ વિશે તો જ્ઞાન મેળવવાનો પ્રયાસ ચાલુ રાખે છે, પરંતુ તે એ ક્ષેત્રોમાં કૂદવાનું ટાળે છે જ્યાં માહિતીના અભાવને કારણે તારણો કાઢવાનું અશકય છે. આ બે પ્રકારની શાખાઓ વચ્ચે તફાવત કરવો એ જ્ઞાનનો એક મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. જો તમારે ભૌતિક જગત વિશે જાણવું હોય, તો તે એવી વસ્તુ છે જે ટેલિસ્કોપ અને માઈક્રોસ્કોપની મદદથી સમજી શકાય છે. પરંતુ એક દુનિયા એવી પણ છે, જે તમામ ટેલિસ્કોપ અને માઈક્રોસ્કોપથી પર છે.

આ દુર્ગમ ઘટનાઓના ક્ષેત્રમાં કૂદકો મારવો એ જાણીતી કહેવત દ્વારા વર્ગીકૃત થયેલ છેઃ ‘જ્યાં દેવદૂતો ચાલતા પણ ડરે છે ત્યાં મૂર્ખ લોકો દોટ મૂકે છે.’ ઉદાહરણ તરીકે, તમે જીવ અને કુદરતમાં સર્જકનો પરિચય મેળવી શકો છો, પરંતુ જો તમે સર્જકના અસ્તિત્વને વર્તમાનની જેમ આંખથી જોવાનો પ્રયત્ન કરશો, તો તમે નિષ્ફળ જશો. સર્જક સમજી શકાય એવો છે, એમાં કોઈ શંકા નથી, પણ સર્જક અવલોકનક્ષમ નથી. સમજવા અને અવલોકન કરવા વચ્ચે તફાવત કરવો એ ડહાપણભરી વિચારસરણી છે.

એક  બીજું ઉદાહરણ લઈએ. જો તમારે જીવનના મૃત્યુ પહેલાંના સમયગાળા વિશે જ્ઞાન મેળવવું હોય, તો એ તમે મેળવી શકો છો, પરંતુ જો તમે જીવનના મૃત્યુ પછીના સમયગાળા વિશે જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરશો, તો તમે નિષ્ફળ જશો . જીવનના પ્રથમ તબક્કામાં, તમે પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો પરંતુ જીવનના બીજા તબક્કાના સંદર્ભમાં, ફક્ત અનુમાન જ શકય છે. અહીં તમારે અનુમાનિત જ્ઞાનથી સંતુષ્ટ થવું પડશે.

કુરાન પ્રમાણે, આ બાબત જ્ઞાનશાસ્ત્રનો સાચો આધાર છે. કુરાનનું આ જ્ઞાનશાસ્ત્ર એક મૂળભૂત સિદ્ધાંત પર આધારિત છેઃ શું બુદ્ધિગ્રાહ્ય છે અને શું બુદ્ધિગ્રાહ્ય નથી, તે વચ્ચેનો ભેદ પાડવો. તમારે તમારા મનને એવા ક્ષેત્રોમાં લગાવવું પડશે જેમાં જરૂરી માહિતી ઉપલબ્ધ છે અને તે ક્ષેત્રોમાં નહીં જ્યાં માહિતીની ઉપલબ્ધતા શંકાસ્પદ છે. આ એ જ શાણપણ છે જે તમામ વૈજ્ઞાનિકોએ અપનાવ્યું છે. તેઓએ વિજ્ઞાનની મર્યાદાઓને સ્વીકારી છે અને આ સ્વીકારવૃતિએ જ આધુનિક વિજ્ઞાનના તમામ દરવાજા ખોલી દીધા છે.

# * ઉદારતા : દરેક વખતે *

કુરાન તમામ બાબતોમાં હંમેશા ઉદારતાનો ઉપદેશ આપે છે, જે દૈવી વ્યક્તિત્વનું લક્ષણ છે. કુરાનના તાહા અધ્યાયમાં, બે સંબંધિત આયતો છે જેમાં સર્વશક્તિમાન ઈશ્વર મુસાને તેના ભાઈ હારુન સાથે શાસક ફરાહો પાસે જવાનો આદેશ આપે છે, અને તેને સલાહ આપે છે કે તેની સાથે કેવી રીતે વાત કરવી;

**તમે બંને ફિરઓન પાસે જાઓ, કારણકે તેણે બધી હદો પાર કરી દીધી છે.**
**તેની સાથે નમ્રતાથી વાત કરો,**
**જેથી કદાચ તે સમજી જાય અથવા ડર અનુભવે. (૨૦:૪૩–૪૪)**

ઈજિપ્તનો ફરાહો એક તાનાશાહી રાજા હતો, જે તેના ઘમંડી વર્તન માટે જાણીતો હતો. તેણે પોતે જ ઈશ્વર હોવાનો દાવો કરવાની હિંમત પણ કરી હતી. જ્યારે સર્વશક્તિમાન ઈશ્વરે પયગંબર મુસા અને તેમના ભાઈ હારુનને તેની પાસે મોકલ્યા, ત્યારે તેમણે મુસાને તેમની વાત કહેવામાં ખૂબ જ નમ્ર રહેવાની સલાહ આપી અને કોઈ પ્રતિક્રિયા ન દર્શાવતા ખૂબ જ વિનયપૂર્વક અને ઉદારતાથી વાત કરવાનું કહ્યું,

**જો કોઈ ત્વરિત પરિણામ ન આવે, તો આપણે રાહ જોવી જોઈએ એ**
**આશા સાથે કે ભવિષ્ય ઈચ્છિત પરિણામ લાવશે.**

એ હકીકત છે કે દરેક મનુષ્યને તેની બે બાજુઓ હોય છે - અહંકાર અને અંતઃકરણ. વિવાદના સમયે, તમારી પાસે બે વિકલ્પો હોય છેઃ પહેલું જો તમે હળવાશથી વાત કરશો, તો તમે સામેની વ્યક્તિના અંતરાત્માને સ્પર્શ કરશો, જેનાથી તે તમારા સૂચન પર વિચાર કરે અને તમારી વાત સ્વીકારે. પરંતુ, જો તમે કઠોર રીતે વાત કરશો, તો તેની પ્રતિક્રિયા જુદી થઈ શકે છે. કઠોર વાત તેના અહંકારને અસર કરી શકે છે અને શકય છે કે તે નકારાત્મક પ્રતિક્રિયા આપે.

રાજા હોય કે પ્રજા - આ વાત દરેક મનુષ્ય માટે સાચી છે. કુરાનની ઉપરોક્ત સલાહ માત્ર પયગંબર મૂસાને જ નહીં પરંતુ સાર્વત્રિક રીતે માનવજાતને લાગુ પડે છે. તે બધી જ જગ્યાએ, કુટુંબમાં, સમાજમાં, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જીવન સાથે સુસંગત છે. તે ધાર્મિક અને બિન-ધાર્મિક બંને બાબતોમાં પણ લાગુ પડે છે. આ ઢાંચાનું પાલન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

મુસાએ ઉપરોક્ત દૈવી માર્ગદર્શનનું પાલન તો કર્યું, પરંતુ તેમ છતાં કુરાન અને બાઈબલ બંને અનુસાર, ફરાહોએ તેમની સલાહનો અસ્વીકાર કર્યો. આનો અર્થ એ નથી કે કોઈએ આ માર્ગદર્શનની સત્યતા પર શંકા કરવી જોઈએ. કુરાનનું આ માર્ગદર્શન નિરપેક્ષ છે, જેમાં કોઈ અપવાદ નથી. સ્ત્રીઓ અને પુરુષો બંનેએ પરિણામની કોઈ પરવાહ કર્યા વિના, આ માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ. પરિણામ સકારાત્મક ન પણ હોઈ શકેઃ તેમ છતાં, આ સિદ્ધાંતને તમામ પરિસ્થિતિઓમાં વળગી રહેવું જોઈએ.

જો ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરવું હોય, તો તે વિનમ્રતાથી કરવું જોઈએ અથવા બિલકુલ ન કરવું જોઈએ. અહીં તમારી પાસે માત્ર એક જ વિકલ્પ છેઃ આ સિદ્ધાંતને વળગી રહેવું. જો કોઈ ત્વરિત પરિણામ ન આવે, તો આપણે રાહ જોવી જોઈએ એ આશા સાથે કે ભવિષ્ય ઈચ્છિત પરિણામ લાવશે.

ઉદારતા દાખવવી એ કાયરતા કે પીછેહઠનું કાર્ય નથી. વાસ્તવમાં, તે સૈદ્ધાંતિક વર્તન અને ઉત્કૃષ્ટ ચારિત્ર્યની નિશાની છે. લાંબા ગાળે તે બધાંને પરાજિત કરી શકે છે. માત્ર ઉદારતા જ તમને જરૂરી પરિણામ આપી શકે છે, કારણકે તેના વિરુદ્ધનું વર્તન તો વિપરીત જ સાબિત થશે. આ શિક્ષણ શાશ્વત પ્રકૃતિનું છે. જે રીતે તે પયગંબર મૂસાના સમય માટે હતું એટલું જ આજે પણ સુસંગત છે. કોઈપણ નકારાત્મક પરિણામો તેની ખરાઈ પર કોઈ શંકા કરી શકતા નથી. આ એક સનાતન સત્ય છે.

## * બૌધ્ધિક પ્રેક્ષકોનું મહત્વ *

કુરાનનું એક મહત્વનું પાસું એ છે કે તે પયગંબરના અભિયાનની નોંધ છે. પયગંબર કયા માર્ગને અનુસરતા હતા? અને અગાઉના પયગંબરો કેવી રીતે આગળ વધ્યાં? કુરાનના અહેવાલ મુજબ, બધા પયગંબરો હંમેશા તેમના સમયના બુદ્ધિજીવીઓને સંબોધતા હતા. બૌદ્ધિક લોકો તેમનું પ્રથમ લક્ષ્ય હતા. આ કારણોસર આપણે જોઈએ છીએ કે જ્યારે કુરાન તેના સમકાલીન લોકોના પ્રતિભાવનો ઉલ્લેખ કરે છે, ત્યારે તે હંમેશા બૌદ્ધિકોનો ઉલ્લેખ કરે છે, સામાન્ય લોકોનો નહીં. ઉદાહરણ તરીકે, અધ્યાય અલ-અરાફ (ઊંચાઈ) માં એક શ્લોકમાં, કુરાન કહે છે;

**પણ તેની પ્રજાના આગેવાનોએ કહ્યું,**
**''ખરેખર, અમે જોઈ રહ્યા છીએ કે તમે સ્પષ્ટ રીતે ગુમરાહ છો!'' (૭:૬૦)**

શા માટે પયગંબરોએ આ પદ્ધતિ પસંદ કરી? કારણ એ છે કે સમાજના પ્રતિનિધિઓમાં બુદ્ધિજીવીઓનો સમાવેશ થાય છે. આ પદ્ધતિ ખૂબ જ મહત્વપૂર્ણ અને ખૂબ જાણીતા કારણોસર છે. પહેલું કારણ એ છે કે દાઅવહ એટલે કે ઈશ્વરનો સંદેશ લોકો સુધી પહોંચાડવાના અભિયાનની પદ્ધતિ એ પ્રકૃતિમાં સમસ્તરને બદલે લંબરૂપ છે. તમે બુદ્ધિજીવીઓથી સામાન્ય લોકો સુધી પહોંચી શકો છો, પરંતુ જો તમે સામાન્ય લોકોથી બુદ્ધિજીવીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરશો તો તેનો કોઈ ફાયદો થશે નહીં. એ કોઈ નોંધપાત્ર પરિણામ લાવશે નહીં. કુદરતનો નિયમ છે કે કોઈપણ અભિયાન હંમેશા બુદ્ધિજીવીઓથી સામાન્ય લોકો સુધી પહોંચે છેઃ તે હંમેશા બુદ્ધિજીવીઓ છે જે અન્ય લોકોને પ્રભાવિત કરે છે અને તેનાથી વિપરીત નહીં.

ઈસ્લામના પયગંબરે પણ આ માળખાનું પાલન કર્યું. તે સમયે મક્કા અરબી નેતૃત્વનું કેન્દ્ર હતું. પયગંબરે તેમનો સંદેશ મક્કાના નેતાઓને આપ્યો, જેઓ સમગ્ર અરબી દ્વીપકલ્પના નેતાઓ હતા. આ વ્યૂહરચના સફળ રહી. પ્રથમ, મક્કાના શ્રેષ્ઠ બુદ્ધિજીવીઓએ ઈસ્લામ અંગીકાર કર્યો, પછી કેટલાક વર્ષોના સમયગાળા પછી, આખું અરેબિયા ઈસ્લામના ગણોમાં પ્રવેશ્યું. આ હકીકત પરોક્ષ રીતે કુરાનના અધ્યાય અલ-નસર (મદદ) માં ઉલ્લેખ કરવામાં આવી છે;

**જ્યારે અલ્લાહની મદદ આવે છે અને વિજય મળે છે, (ત્યારે)**
**તમે લોકોને ટોળે-ટોળામાં અલ્લાહનો ધર્મ અપનાવતા જુઓ છો (૧૧૦:૧-૨)**

આ અભિગમનું બીજું પાસું એ છે કે તે દાઈ માટે એટલે કે ઉપદેશક માટે અત્યંત ઉપયોગી છે. જ્યારે તમે કોઈ બૌદ્ધિક અથવા શિક્ષિત વ્યક્તિ સાથે દાઅવહનું કાર્ય કરો છો, ત્યારે તમારા જ્ઞાનમાં વધારો થશે. સામાન્ય લોકો તરફથી તમને બૌદ્ધિક ઉત્તેજનાના માર્ગો બહુ ઓછા મળશે, પરંતુ બૌદ્ધિકો તમને હંમેશા વિવિધ પ્રકારના પડકારો રજૂ કરશે. તેઓ તમને એવા પ્રશ્નો કરશે, જે તમને પુનઃવિચાર કરવા માટે સક્રિય રાખશે.

**કુરાનના અહેવાલ મુજબ, બધા પયગંબરો હંમેશા તેમના સમયના**
**બુદ્ધિજીવીઓને સંબોધતા હતા. બુદ્ધિશાળી લોકો તેમનું પ્રથમ લક્ષ્ય હતા.**

જ્યાં પડકાર છે ત્યાં વિકાસ છે. આ સૂત્ર દાઅવહના કાર્યને પણ લાગુ પડે છે. જ્યારે કોઈ દાઈને બૌદ્ધિક પડકારનો સામનો કરવો પડે છે, ત્યારે તે પૂછપરછ કરવા, પુનઃવિચાર કરવા, વધુને વધુ અભ્યાસ કરવા, તેના મનને નવેસરથી તૈયાર કરવા માટે મજબૂર થાય છે. આવી ઘટનાઓ પસંદગીને બદલે ફરજિયાતપણે બૌદ્ધિક વિકાસની પ્રક્રિયા શરૂ કરે છે.

સૌથી મહત્વપૂર્ણ માનવ-સિદ્ધિ એ બૌદ્ધિક વિકાસ છે. તેના વગર, માણસ જાનવરના સ્તર સુધી નીચે ઉતરી જાય છે. બૌદ્ધિક વિકાસનું સ્પષ્ટ મહત્વ એ સાબિત કરવા માટે પૂરતું છે કે દાઅવહ કાર્ય સાથે આગળ વધવાનો શ્રેષ્ઠ માર્ગ બુદ્ધિજીવીઓથી શરૂ કરવું એ છે. વસ્તુઓ તેના પરિણામથી ઓળખાય છે તે કહેવત દાઅવહની પદ્ધતિને પણ એટલી જ લાગુ પડે છે.

## * આધ્યાત્મિક સફર *

કુરાન અનુસાર, આસ્તિક એ એક મુસાફર (અલ-સૈહૂન ૯:૧૧૨) હોવો જોઈએ. આ સંદેશ ફક્ત પ્રવાસ પર જનાર વ્યક્તિના અર્થમાં નથીઃ વાસ્તવમાં તેનો અર્થ તવસ્સુમ (૧૫:૭૫) એટલે કે ભૌતિક અનુભવોના પ્રતિબિંબ દ્વારા આધ્યાત્મિક પાઠો શીખવાના અર્થમાં છે. કુરાનના અધ્યાય અલ-અનામ (પશુઓ) માં આ અસરનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સંબંધિત શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**કહો, 'ભૂમિ પર ફરો અને જુઓ કે નકારનારાઓનો અંત શું હતો.' (૬:૧૧)**

આસ્તિક તે છે જે હંમેશા ચિંતનની સ્થિતિમાં હોય છે. જ્યારે આસ્તિક પોતાના સફરમાં હોય છે, ત્યારે તેનું મન હંમેશા ચિંતનશીલ હોય છે. આસ્તિક તેની આસપાસ જે પણ જુએ છે તે તેના માટે આધ્યાત્મિક અનુભવમાં ફેરવાય છે. સાચા આસ્તિકનું મન એક આધ્યાત્મિક ઉદ્યોગ જેવું હોય છે. તે દરેક વસ્તુને દિવ્ય દ્રષ્ટિથી જુએ છે અને તવસ્સુમ દ્વારા આધ્યાત્મિક પાઠો શીખે છે, આ રીતે તેની સફર એક ઈબાદત અથવા પૂજા બની જાય છે, જેમાં તે તેને ઈશ્વરની યાદ અપાવે છે.

સાચા આસ્તિકના મન માટે આ પ્રક્રિયા અભિન્ન છે - એક અધ્યાત્મનો ભૂખ્યો વ્યક્તિ કે જે દરેક વસ્તુમાંથી આધ્યાત્મિક શીખ મેળવવાનો પ્રયાસ કરે છે. સ્વાભાવિક રીતે, આ પ્રક્રિયા તેના પ્રવાસ દરમિયાન ચાલુ રહે છે. આ માટે એક સૂત્ર છે જેનો સારાંશ આ રીતે આપી શકાય છેઃ  સિયાહત + તવસ્સુમ = મારેફત

સિયાહત એટલે મુસાફરી, તવસ્સુમ એટલે પાઠ શીખવો અને મારેફત એટલે ઈશ્વરની અનુભૂતિ. આસ્તિકની સફર એ સતત ચાલતી એક પ્રકારની ઈબાદત છે, જે દરમિયાન તેનું ચિંતન વધુ ગહન બને છે, અને તે તેના આધ્યાત્મિક અનુભવોને વિસ્તારવામાં સક્ષમ બને છે. જ્યારે તે ઘરમાં, બંધિયાર વાતાવરણમાં હોય છે ત્યારે તેના વ્યક્તિત્વનો વિકાસ માંડ એક ટકાના દરે થતો હશે પણ જ્યારે તે મુસાફરી ખેડે છે, ત્યારે

તેના વ્યક્તિત્વમાં ઘણા નવા પરિમાણો ઉમેરાય છે, અને સંભવતઃ સો ટકાના દરે તેના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

ઉદાહરણ તરીકે, જ્યારે તમે એરલાઈનમાંથી રિટર્ન ટિકિટ ખરીદો છો, ત્યારે તમે તેની ખાતરી કરવા માટે તેને તપાસો છો કે તે વાસ્તવમાં રિટર્ન ટિકિટ છે કે નહીં, અને તમે તમારા ઘરે પાછા ફરશો એવી ખાતરી સાથે તમે મુસાફરી કરો છો. હવે તમે મૃત્યુનો વિચાર કરો. મૃત્યુ પણ એક યાત્રા છે, પરંતુ તેમાં કોઈ રિટર્ન ટિકિટ નથી. તમે એક અજાણ્યા પ્રદેશમાં જશો જે આ દુનિયાથી પર છે, જેની આ દુનિયામાં ફરી પાછા આવવાની કોઈ ગેરેંટી નથી. આ તવસ્સુમનું ઉદાહરણ છે. હવાઈ ટિકિટ એ દુન્યવી વસ્તુ છે, પરંતુ તવસ્સુમ એટલે આ ટિકિટ દ્વારા તમને પરલોકની યાદ તાજી થાય  છે.

**આસ્તિકની સફર એ સતત ચાલતી એક પ્રકારની ઈબાદત છે, જે દરમિયાન તેનું ચિંતન વધુ ગહન બને છે, અને તે તેના આધ્યાત્મિક અનુભવોને વિસ્તારવામાં સક્ષમ બને છે.**

તદુપરાંત, જો તમે કોઈ આધુનિક શહેરની મુલાકાત લેશો, તો તમે જોશો કે દરેક જગ્યાએ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. હવે તમે સ્વર્ગનો વિચાર કરશો તો તમે યાદ કરી શકશો કે સ્વર્ગ પણ પ્રવૃતિની દુનિયા છે. વર્તમાન જીવનમાં બધી પ્રવૃતિઓ ભૌતિક છે, જ્યારે સ્વર્ગની પ્રવૃતિઓ ઉચ્ચ આધ્યાત્મિક અને દૈવી પ્રકૃતિની હશે. આ પરિસ્થિતિ ખૂબ જ પવિત્ર અને સંતોષકારક છે.

બધું માનવ-મન પર આધાર રાખે છે. જો તમે ભૌતિકવાદી હશો, તો તમારી મુસાફરી ભૌતિકવાદી રહેશે, પરંતુ જો તમે ઈશ્વરમાં આસ્થાવાન હશો, તો તમારી યાત્રાઓ આપોઆપ દિવ્ય અને આધ્યાત્મિક અનુભવોથી ભરેલી રહેશે. તમે તમારા મનને આધ્યાત્મિકતાના સંદર્ભમાં તૈયાર કરશો, તો તમારી સફર ઉચ્ચ સ્તરે ઉન્નત થશે. એટલે કે, તે આધ્યાત્મિકતાની દુનિયામાં સ્થાન લેશે.

## * શરૂઆત અને અંત *

કુરાનમાં ૧૧૪ પ્રકરણો છે, થોડા મોટા અને થોડા નાના. પ્રથમ અધ્યાયનો પ્રથમ શ્લોક આ પ્રમાણે છે;

**બધી જ પ્રશંસાઓ અલ્લાહ, બ્રહ્માંડના પાલનહાર, ની છે (૧:૧)**

કુરાનનો છેલ્લો અધ્યાય અન-નાસ (લોકો) છે. આ પ્રકરણને તવુઝનું પ્રકરણ કહેવાય છે. તવુઝ એટલે પ્રભુનું શરણ લેવું. આ પ્રકરણના શ્લોકો નીચે મુજબ છે;

**કહો, ''હું માનવજાતના પાલનહારની શરણ માંગું છું'' (કે જે) માનવજાતનો રાજા (છે) '(કે જે) માનવજાતનો અલ્લાહ (છે)' તેનાથી, કે જે માનવજાતના હૃદયમાં વસવસા પેદા કરે છે 'કે જે જીન અને માનવજાતમાંથી છે.' (૧૧૪:૧–૬)**

કુરાનની શરૂઆત અને અંત ખૂબ જ અર્થપૂર્ણ છે. જેઓ આ ગ્રહ પર સુરક્ષિત રીતે જીવવા માંગે છે તેમને તે સૌથી મહત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે. આ પંક્તિઓ આપણને અતિ આવશ્યક સંદેશ આપે છે અને સૌથી મહત્વપૂર્ણ સલાહ પણ આપે છે જે આપણા જીવનની પ્રવૃત્તિઓ દરમિયાન આપણી સુરક્ષા તરીકે કામ કરે છે.

ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતામાં જીવવું એ દિવ્ય ધર્મનો આધાર છે. તે ધાર્મિક ભાવનાનું સૌથી મહત્વપૂર્ણ પાસું છે. તે દરેક સ્ત્રી-પુરુષના વ્યક્તિત્વમાં સુધારો લાવવાનું મુખ્ય પરિબળ છે. ઈશ્વર પ્રત્યે કૃતઘ્નતાની સ્થિતિમાં જીવવું એ જાનવરનું જીવન જીવવા જેવું છે. કૃતજ્ઞતાની ભાવના વિના, કોઈ પણ વ્યક્તિ દિવ્ય સૃષ્ટિ-રચના પર પોતાનું જીવન જીવી શકે નહીં.

ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતાની આ ભાવના કેવી રીતે કેળવવી? તે ઉપરના શ્લોકમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. એટલે કે, તમારે ઈશ્વરનું પ્રભુત્વ ખોજવાનું છે, જેમાં માત્ર સાર્વભૌમ જ નહીં, પણ નિર્વાહક, પાલનહાર, નિયમનકાર અને પૂર્ણકર્તાનો પણ સમાવેશ થાય છે.

આ તે વૈચારિક ખોજ છે જે તમને હમ્દ એટલે કે સર્વશક્તિમાન ઈશ્વર માટે આભાર, પ્રશંસા અને મહિમાની ઉચ્ચ ભાવના સાથે જીવવા માટે સક્ષમ બનાવે છે.

પરંતુ આ ઉચ્ચ આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવી સરળ નથી. સૌથી મહત્વની બાબત એ છે કે તમારે તમારી જાતને એવી દુષ્ટ શક્તિઓથી બચાવવી પડશે જે હંમેશા તમને છેતરવાનો સક્રિય પ્રયાસ કરી રહી છે. આ દુષ્ટ શક્તિઓ બે પ્રકારની છેઃ એક, દૃશ્યમાન, અને બીજી, અદ્રશ્ય. દૃશ્યમાન છેતરનારાઓ તે છે જેઓ દુષ્ટ લોકો છે. તેમાં સ્ત્રીઓ અને પુરુષો એમ બંનેનો સમાવેશ થાય છે. તેમની ભ્રામક સલાહ દ્વારા, તેઓ લોકોના મનને સાચા માર્ગથી ભટકાવવાનો પ્રયાસ કરે છે.

**સ્ત્રીઓ અને પુરુષો બંનેની સૌથી મોટી ખોજ તેમના સર્જક, સર્વશક્તિમાન ઈશ્વરને શોધવાની છે. આ એ ખોજ છે, જેમાં વ્યક્તિ ઈશ્વરને સર્વશક્તિમાન માલિક તરીકે, પ્રભુ તરીકે સ્વીકારે છે.**

જીન અને શેતાન અદ્રશ્ય જીવો છે. તેમની પાસે લોકો પર કોઈ સત્તા નથી, પરંતુ તેઓ તેમને ગેરમાર્ગે દોરી શકે છે. જિનની ભ્રામક તરકીબ એ છે કે તે લોકોના હૃદયમાં વસવસા ફેલાવે છે, જેના કારણે તેઓ સાચા માર્ગથી ભટકી જાય છે. તે દુષ્ટ કાર્યોને સુંદર દેખાડે છે, અને આ રીતે લોકોને સાચાના રૂપમાં ખોટું અને ખોટાના રૂપમાં સાચું દેખાડે છે.

સ્ત્રીઓ અને પુરુષો બંનેની સૌથી મોટી ખોજ તેમના સર્જક, સર્વશક્તિમાન ઈશ્વરને શોધવાની છે. આ એ ખોજ છે, જેમાં વ્યક્તિ ઈશ્વરને સર્વશક્તિમાન માલિક તરીકે, પ્રભુ તરીકે સ્વીકારે છે. જે વ્યક્તિ આ પરમ વાસ્તવિકતાને શોધે છે તે દિવ્ય વ્યક્તિ બની જાય છે, પરંતુ આ સિદ્ધિ પણ દુષ્ટ શક્તિઓનો શિકાર બનવાના જોખમથી ભરપૂર છે. તેથી વ્યક્તિએ સજાગ રહેવું જોઈએ, અને શબ્દના સંપૂર્ણ અર્થમાં કહીએ તો ખૂબ જ સાવધાન રહેવું જોઈએ. ત્યારબાદ, વ્યક્તિ કૃતજ્ઞતાના ગુણને સફળતાપૂર્વક કેળવી શકે છે.

## * માલિકીપણાનો સિદ્ધાંત *

કુરાન 'માલિકીપણા' ને પ્રકૃતિના સિદ્ધાંત તરીકે સ્વીકારે છે, જે જીવનના દરેક ભાગમાં લાગુ પડે છે. કુરાન આ સંબંધમાં ઘરનું ઉદાહરણ આપે છે. અન્-નિસાદ (સ્ત્રીઓ) અધ્યાયમાં કુરાન કહે છે;

**પુરુષો સ્ત્રીઓના રક્ષક (કવ્વમ) છે,**
**કારણકે અલ્લાહે તેમાંથી કેટલાકને અન્ય પર શ્રેષ્ઠ બનાવ્યા છે. (૪:૩૪)**

કુરાનનો અન્ય શ્લોક વધુ વિગતો આપે છે;

- શું તમારા ઈશ્વરની કૃપાની તેઓ વહેંચણી કરે છે? **અમે તેમાંથી કેટલાકને અન્યો ઉપર વધારે દરજ્જો આપીએ છીએ – (૪૩:૩૨)**

અમુક વ્યાવહારિક કારણોસર, સર્વશક્તિમાન ઈશ્વરે લોકોને તફાવતો સાથે બનાવ્યા છે. કોઈ બે સ્ત્રી કે પુરુષ જન્મથી સમાન નથી હોતા. વાસ્તવમાં, દરેક સ્ત્રી અને પુરુષ એક

વિશિષ્ટ સર્જન છે. દરેક વ્યક્તિ પાસે અનોખી ક્ષમતા હોય છે જે અન્ય લોકો પાસે નથી હોતી. અભ્યાસો દર્શાવે છે કે દરેક પુરુષ એ મિસ્ટર ડીફરન્ટ એટલે કે 'કુમાર અલગ' છે અને દરેક સ્ત્રી એ મિસ ડીફરન્ટ એટલે કે 'કુમારિકા અલગ' છે.

આ તફાવત આકસ્મિક નથી; તેનો સંબંધ સીધો ઈશ્વરની સર્જન યોજના સાથે છે. તેનાથી વિપરીત, સમાનતા એના અનુસાર નથી. આ અસમાનતા કે તફાવતના ઘણા ફાયદા છે. આ પ્રકારના તફાવતને કારણે જ વ્યક્તિઓ અને જૂથો વચ્ચે સ્પર્ધાઓ અને પડકારો સર્જાય છે.

આ તફાવત જ સંગઠિત જીવન જીવવાનું શકય બનાવે છે. જો દરેક વ્યક્તિ સંપૂર્ણપણે સરખા હોત, તો સંગઠિત જીવન શકય જ ન હોત. જો દરેક વ્યક્તિ એ મિસ્ટર ઈકવલ એટલે કે 'કુમાર સમાન' અથવા મિસ ઈકવલ એટલે કે 'કુમારિકા સમાન' તરીકે જન્મી હોત, તો તે અરાજકતા તરફ દોરી જાત. એવા જૂથમાં કોઈ સંસ્થા શકય નથી જ્યાં દરેક 'કુમાર/કુમારિકા' સમાન હોય.

માનવીને સ્પષ્ટ રીતે સંસ્થાના ભાગરૂપે જીવવાની આજ્ઞા આપવામાં આવી છે. પરંતુ જો દરેક બાબતમાં સૌ સમાન હોત, તો આ વિશ્વમાં કોઈ સંગઠિત જીવન શકય ન બન્યું હોત. એકસરખા લોકો અરાજકતામાં જ જીવી શકે; સંગઠન કે એકતામાં નહીં.

એક સંસ્થાને એક વડાની જરૂર હોય છે, અને જ્યારે દરેક વ્યક્તિ જુએ છે કે બધા વ્યક્તિઓ સમાન જ છે, ત્યારે સમાન વ્યક્તિ અન્ય કોઈને વડા તરીકે સ્વીકારી શકતી નથી. આનો અર્થ એ નથી કે કુરાન ભેદભાવમાં માને છે. ઈશ્વરની નજરમાં ભેદભાવ એ એક મોટી દુષ્ટતા છે.

**કોઈ બે સ્ત્રી કે પુરુષ જન્મથી સમાન નથી હોતા. વાસ્તવમાં,<br>દરેક સ્ત્રી અને પુરુષ એક વિશિષ્ટ સર્જન છે.<br>દરેક વ્યક્તિ પાસે અનોખી ક્ષમતા હોય છે જે અન્ય લોકો પાસે હોતી નથી.**

માણસે તેની તમામ સામાજિક પ્રવૃત્તિઓમાં પ્રકૃતિના આ નિયમનો સ્વીકાર કર્યો છે. કુરાન મુજબ, નૈતિક અર્થમાં જાતીય સમાનતા યોગ્ય છે, પરંતુ સંગઠનાત્મક અર્થમાં નથી. દરેકનો એકસરખો દરજ્જો છે. દરેક વ્યક્તિ સમાન રીતે આદરને પાત્ર છે. પરંતુ જ્યારે સંસ્થાની વાત આવે છે, ત્યારે આ સિદ્ધાંત લાગુ થઈ શકતો નથી. સંસ્થાને હંમેશા તેના વડા તરીકે સેવા આપવા માટે એક વ્યક્તિની જરૂર હોય છે. વડા હોવાનો અર્થ એ નથી કે તે અન્ય લોકો કરતા શ્રેષ્ઠ છે. તે સંસ્થાકીય વડા છે અને નૈતિક વડા નથી.

તો પછી ઘરનું શું? ઘર એટલે પતિ-પત્ની, તેમના બાળકો અને પૌત્ર-પૌત્રીઓનું જૂથ. આમ ઘર એ સમાજનું એક એકમ છે. તેથી ઘરને પણ એક વડા હેઠળ ગોઠવવાની જરૂર હોય છે. સામાન્ય રીતે, પુરુષ સમાજના આ વિભાગના વડા તરીકે નિયુક્ત થવા માટે યોગ્ય છે, જો કે આ કોઈ અબાધિત સિદ્ધાંત નથી. વસ્તુઓને અલગ રીતે ગોઠવવી શકય છે, એટલે કે, એક પુરુષ સ્ત્રીને તેના વડા તરીકે સ્વીકારી શકે છે. તેથી કાં તો એક પુરુષ અથવા સ્ત્રી, પરિસ્થિતિ અનુસાર, એકમેકની સ્વીકૃતિ પર આધાર રાખીને, ઘરના વડા તરીકે સેવા આપી શકે છે.

## * ઈચ્છાઓના સંચાલનની કળા *

બધા સ્ત્રી-પુરુષો તેમની ઈચ્છાઓ દ્વારા સંચાલિત હોય છે. પરંતુ તેઓ તેને પૂરી કર્યા વિના મૃત્યુ પામે છે. ઈચ્છા અને તેની પરિપૂર્ણતા વચ્ચેનું આ અંતર જ હતાશાનું કારણ બને છે. દરેક વ્યક્તિ એ લાગણી સાથે મૃત્યુ પામે છે કે દરેક પ્રયત્નો કરવા છતાં, તે આ દુનિયામાં પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા છે.

હવે પ્રશ્ન એ છે કે લોકોને આ અનિચ્છનીય પરિસ્થિતિમાંથી ઉગારવા કેવી રીતે? કુરાનમાં દર્શાવેલ ઉકેલ ખૂબ જ સરળ અને ખૂબ જ વ્યવહારુ છેઃ વર્તમાનમાં, જરૂરિયાત આધારિત જીવન જીવવાનો પ્રયાસ કરો અને તમારી ઈચ્છાઓની પરિપૂર્ણતા એ ભવિષ્ય માટે, એટલે કે, પરલોકના જીવન માટે છોડી દો. કુરાનમાં આ બાબતને સંબંધિત બે આયતો છે. આમાંની એક આયતમાં, લોકોને સંબોધતા, સર્વશક્તિમાન ઈશ્વર કહે છે;

**તમે તેની પાસેથી જે માગ્યું તે બધું તેણે તમને આપ્યું છે; અને જો તમે અલ્લાહની કૃપાને ગણવાનો પ્રયત્ન કરશો, તો તમે તેને ગણી શકશો નહીં. સાચે જ માણસ બહુ અન્યાયી છે, બહુ કૃતઘ્ન છે. (૧૪:૩૪)**

આ શ્લોકનો અર્થ એ છે કે આ દુનિયા તમારી બધી ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે નહીં, પરંતુ તમને આજીવિકા માટે જરૂરી બધું પ્રદાન કરવા માટે બનાવવામાં આવી છે. તેથી વ્યક્તિએ આ દિવ્ય આયોજનને અનુરૂપ વિચારવાનું શરૂ કરવું જોઈએ. આ સંસારમાં રહીને, વ્યક્તિએ સંતોષની સ્થિતિનું લક્ષ્ય રાખવું જોઈએ.

સંતોષનું સૂત્ર આ જગતનું એકમાત્ર કાર્યક્ષમ સૂત્ર છે. સાચું જ કહેવાયું છે કે કુદરત માણસની જરૂરિયાત પ્રમાણે બધું આપે છે, પણ તેના લોભ પ્રમાણે નહીં. સંતોષ એ એકમાત્ર

વ્યવહારુ સૂત્ર છે જેમાં તે દરેકને શાંતિ અને પ્રસન્નતા આપી શકે છે. જો તમે સાદગી સાથે જીવો છો અને જરૂરિયાત આધારિત જીવન જીવો છો, તો તે તમને ત્વરિત સુખ આપશે. જ્યાં કૃત્રિમ જીવન તમામ પ્રકારની સમસ્યાઓનું સર્જન કરે છે, ત્યાં કુદરતી જીવન તમને સમસ્યામુક્ત જીવન આપે છે અને સારા સ્વાસ્થ્યની ખાતરી પણ આપે છે.

કુરાન મુજબ, સર્વશક્તિમાન ઈશ્વરે માણસને શાશ્વત અસ્તિત્વ તરીકે બનાવ્યો છે. પરંતુ જેમ સમુદ્રની સપાટી ઉપર બરફના પર્વતની  માત્ર ટોચ જ દેખાય છે, તેવી જ રીતે માનવ જીવનનો માત્ર એક ખૂબ જ નાનો ભાગ મૃત્યુ પૂર્વેના સમયગાળા સાથે સંબંધિત છે. અને જીવનનો મોટો હિસ્સો મૃત્યુ પછીના સમયગાળા સાથે સંબંધિત છે. મૃત્યુ પહેલાંનો સમયગાળો બહુ ટૂંકો છે, જ્યારે મૃત્યુ પછીનો સમયગાળો અનંત છે.

જીવનના મૃત્યુ પછીના સમયગાળામાં શું પરિસ્થિતિ હશે? સ્વર્ગનો પરિચય આપતા, કુરાન કહે છે;

**ત્યાં તમારી પાસે તમારા આત્માની ઈચ્છા હોય તે બધું હશે,**
**અને ત્યાં તમારી પાસે તે બધું હશે જે તમે માંગશો. (૪૧:૩૧)**

માણસની ઈચ્છાઓ અમર્યાદિત છે, પરંતુ વર્તમાન જગત એક સીમિત જગત હોવાને કારણે આ બધી ઈચ્છાઓ પૂર્ણ કરવી શકય નથી. આ અમર્યાદિત ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે અમર્યાદિત વિશ્વની જરૂર છે. આવું એક જગત છે, જેને પરલોક કહેવાય છે.

સંતોષ એ એકમાત્ર વ્યવહારુ સૂત્ર છે જેમાં તે દરેકને શાંતિ અને પ્રસન્નતા આપી શકે છે. જો તમે સાદગી સાથે જીવો છો અને જરૂરિયાત આધારિત જીવન જીવો છો, તો તે તમને ત્વરિત સુખ આપશે.

જો આ દુનિયા અપૂર્ણ વિશ્વ છે, તો સ્વર્ગ એ સંપૂર્ણ વિશ્વ છે. સ્વર્ગ એક એવી દુનિયા છે જ્યાં કોઈ મર્યાદા નથી, કોઈ પ્રતિકૂળતા નથી, કોઈ ભય કે પીડા નથી, કોઈ મૃત્યુ નથી, કોઈ અકસ્માત નથી, કોઈ નિયંત્રણો નથી. ત્યાં તે બધી વસ્તુઓ આપવામાં આવશે જેની વ્યક્તિ ઈચ્છા કરશે.

આ વર્તમાન  દુનિયા પરીક્ષાનું મેદાન છે. આ જગતની દિવ્ય કસોટીમાં ખરા ઉતરનારને આગામી જગતમાં સ્વર્ગ આપવામાં આવશે. આ વાસ્તવિકતા પર તમારું મન કેન્દ્રિત રાખવું એ તમારી ઈચ્છાઓને સંચાલિત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે, આમ તમારી જાતને તણાવ અને નિરાશાથી છૂટકારો પ્રાપ્ત થશે.

# * ફરજ-સભાન સમાજ *

કુરાનનું એક અનોખું પાસું એ છે કે તે હંમેશા અધિકારોને બદલે ફરજો પર ભાર મૂકે છે. ઘણા શ્લોકો છે જે આપણને આ કરવા અથવા તે કરવા માટે કહે છે. પરંતુ તમને કુરાનમાં એક પણ એવી આયત નહીં મળે જે મનુષ્યને માંગણીઓ કરવા માટે પ્રોત્સાહિત કરે. એવો કોઈ શ્લોક નથી જે લોકોને સમાજ પર કોઈ જાતનો દાવો કરવાની અપેક્ષા કરવાનું કહે. સમગ્ર કુરાન આ ધોરણ પર આધારિત છે. કુરાનનો આવો જ એક શ્લોક કહે છે;

**ખરેખર, અલ્લાહ ન્યાય, કૃપા, તેમજ નજીકના સંબંધીઓ માટે સૌજન્યનો આદેશ આપે છે. તે અશ્લીલતા, દુષ્ટતા અને આક્રમકતાને પ્રતિબંધિત કરે છે. તે તમને સૂચના આપે છે જેથી કદાચ તમે ધ્યાન રાખો! (૧૬:૯૦)**

વ્યક્તિગત અધિકાર પર આધારિત કોઈપણ વિચારધારા કુદરતથી વિરુદ્ધ છે, જ્યારે ફરજ પર આધારિત કોઈપણ વિચારધારા કુદરતી છે. જેઓ ફક્ત પોતાના અધિકારો પ્રત્યે સભાન હોય છે તેઓ હંમેશા બીજાઓ પાસે માંગણીઓ કરે છે. તેમનું સૂત્ર છેઃ બીજાઓએ અમને આપવાનું છે. જ્યારે ફરજ પ્રત્યે સભાન વ્યક્તિ હંમેશા આત્મ-નિર્માણના સંદર્ભમાં વિચારશે. તે હંમેશા પોતાની ફરજ નિભાવવાનો પ્રયત્ન કરશે. ફક્ત પોતાના જ અધિકારો પ્રત્યે જાગૃત વ્યક્તિનું સૂત્ર છેઃ તેઓએ તે કરવું જોઈએ. જ્યારે ફરજ પ્રત્યે સભાન વ્યક્તિનું સૂત્ર છેઃ તે હું કરીશ.

અધિકાર-આધારિત વિચારધારા અન્ય લોકો પાસેથી શું આવવાનું છે તેના પર કેન્દ્રિત છે, જ્યારે ફરજ-આધારિત વિચારધારા સ્વથી શરૂ થાય છે. અધિકાર-આધારિત વિચારધારા અમે અને તેઓ ખ્યાલ પર આધારિત છે, જ્યારે ફરજ આધારિત વિચારધારા અમે અને આપણે ખ્યાલ પર આધારિત છે.

અધિકાર આધારિત વિચારધારા નકારાત્મક છે, જ્યારે ફરજ આધારિત વિચારધારા સકારાત્મક છે. અધિકાર-આધારિત વિચારધારા સામાજિક અરાજકતા તરફ દોરી જાય છે, કારણકે તે લોકોમાં વિવિધ હરીફ વર્ગો બનાવવા માટે નિર્ધારીત છે, જ્યારે ફરજ આધારિત વિચારધારા સંવાદિતા, એકતા, શાંતિ અને કરુણા તરફ દોરી જાય છે.

આ જ સિદ્ધાંત પયગંબર સાહેબની એક સલાહમાં મૂકવામાં આવ્યો છે;

**''બીજાઓ તમારી પાસેથી જે ઈચ્છે છે તે તેમને આપો અને તમારા અધિકારો ઈશ્વર પાસેથી માંગો.'' (સહીહ અલ-બુખારી, ૭૦૫૨)**

આનો અર્થ એ છે કે તમારે અન્યો પ્રત્યેની તમારી ફરજ પૂરી કરવી જોઈએ અને તમે જે પ્રાપ્ત કરવા માંગો છો તે તમારા પોતાના પ્રયત્નો દ્વારા પ્રાપ્ત કરો. જગતમાં આ એકમાત્ર વ્યવહારક્ષમ સૂત્ર છે. ઈશ્વરે બનાવેલ સર્જનની યોજના મુજબ, આ વિશ્વ પડકારો અને સ્પર્ધાઓ પર આધારિત છે. તમે જે ઈચ્છો છો તે તમને કોઈ આપશે નહીં: તમારે દરેક વસ્તુ માટે પોતાની જાતે સખત મહેનત કરવી પડશે. એ કુદરતનો નિયમ છે. અને સર્જક દ્વારા નિર્ધારિત કાયદાઓમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં.

**આ દુનિયા આપ–લે ના સિદ્ધાંત પર આધારિત છે, તેથી તમારે અન્ય લોકો પાસેથી કંઈપણ અપેક્ષા રાખતા પહેલાં તેમને કંઈક આપવું પડશે.**

સૌ પ્રથમ, તમારે ઈશ્વરે બનાવેલ સર્જનની યોજના સમજવી પડશે, અને પછી તમારે તેની સાથે સંતુલિત થવું પડશે. તમારી પાસે આ દુનિયામાં તાલમેલ રાખ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તમે વિશ્વના ઢાંચાને બદલી શકતા નથી; તમે ફક્ત યોગ્ય તાલમેલ દ્વારા જ તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરી શકો છો.

જે વ્યક્તિ અન્ય લોકો પાસેની અપેક્ષાથી ભ્રમિત છે તે તેના જીવનને વાસ્તવિક ધોરણે આયોજિત કરવામાં નિષ્ફળ જશે. તે નિષ્ફળતા અને તણાવવાળું વિનાશકારી જીવન નિર્ધારીત છે. બીજી બાજુ, ફરજ પ્રત્યે સભાન વ્યક્તિ, અન્યો પ્રત્યેની તેની ફરજો પૂર્ણ કરશે. અને કુદરતના નિયમ મુજબ, તેને ચોક્કસપણે અન્ય લોકો દ્વારા વળતર આપવામાં આવશે. આ હકીકત માટેની કહેવત છે: “આપવામાં જ પામવાનું છે.”

આ દુનિયા આપ-લેના સિદ્ધાંત પર આધારિત છે, તેથી તમે અન્ય લોકો પાસેથી કંઈપણ અપેક્ષા રાખો તે પહેલાં તમારે તેમને કંઈક આપવું પડશે, અને જો તમે તમારી જરૂરિયાતો પૂરી કરવા માટે હંમેશા બીજાઓ પાસે જ માંગ્યા કરશો, તો તમારી માંગ પર કોઈ ધ્યાન આપશે નહીં.

## * વૃદ્ધાવસ્થા હોવા છતાં *

વૃદ્ધાવસ્થા સામાન્ય રીતે એક બોજ, એક અનિચ્છનીય પરિસ્થિતિ હોવાનું માનવામાં આવે છે. આ દૃષ્ટિકોણને લગતો એક શ્લોક, કુરાનમાં અધ્યાય અલ-નહ્લ (મધમાખીઓ) માં મૂકવામાં આવ્યો છે. આ શ્લોકનો અનુવાદ આ મુજબ છે;

**અલ્લાહે તમને બનાવ્યા છે; પછી તે તમને મૃત્યુ આપશેઃ અને કેટલાક તેમના જીવનને ઘૃણાસ્પદ અવસ્થા સુધી લંબાવશે, જેઓ (એક વખત) જ્ઞાન મેળવ્યા પછી કંઈપણ નવું જ્ઞાન મેળવવાનું બંધ કરશે. અલ્લાહ સર્વજ્ઞાની અને શક્તિશાળી છે. (૧૬:૭૦)**

કુરાનનું આ નિવેદન વૃદ્ધાવસ્થાનું સામાન્ય ચિત્ર આપે છે. છતાં આમાં અપવાદ હોઈ શકે. વ્યક્તિ વૃદ્ધાવસ્થાને દૂર કરી શકે છે, જો વ્યક્તિ આમ કરવા માટે ગંભીર હોય તો. ઈસ્લામના પયગંબરે એકવાર કહ્યું હતું કે જે કુરાન વાંચે છે તે કયારેય ઘરડાપણાની સમસ્યાનો અનુભવ કરશે નહીં. તે તેની યુવાનીનો સમયગાળો લંબાવી શકે છે.

પયગંબર સાહેબની આ સલાહમાં, કુરાન વાંચવાનો અર્થ એવો થાય છે કે તેનો અભ્યાસ કરવો, તેની આયાતો પર ચિંતન કરવું, તેમાં છુપાયેલા અર્થો શોધવા અને તેના શાણપણના ઊંડાણોનું ખેડાણ કરવું.

કુરાન એ ઈશ્વરનો ગ્રંથ છે, જે પ્રકૃતિના શાણપણને સમાવિષ્ટ કરે છે. દિવ્ય રહસ્યોનો સ્ત્રોત છે, જેનો રોજેરોજ અભ્યાસ કરવો જોઈએ.

એ હકીકત છે કે બૌદ્ધિક ખોજ એ જીવનનો સૌથી રોમાંચક અનુભવ હોય છે. ગ્રીક ફિલસૂફ આર્કિમીડીસે સ્નાન કરતી વખતે (ડૂબેલા ઘન પદાર્થો પર પાણીના દબાણ વિશે) કરેલી એક શોધે તેને એવો રોમાંચ આપ્યો હતો કે તે સ્નાન કરતાં કરતાં કૂદી પડયો અને બૂમાબૂમ કરી પડયોઃ 'યુરેકા! યુરેકા!' (મને મળી ગયું છે!) આવો રોમાંચ બુદ્ધિ માટે ઉત્તમ ખોરાક છે. આ પ્રક્રિયા બૌદ્ધિક ભૂખમરો અટકાવે છે, જે સંશોધકને કાયમ માટે જીવંત અને યુવાન રાખે છે.

શા માટે વૃદ્ધાવસ્થા સામાન્ય માણસ માટે 'અપમાનજનક' અવસ્થામાં ફેરવાય છે? કારણ એ છે કે તે કોઈ રોમાંચક ખોજ કરતો નથી. કુરાન એક શાણપણનો ગ્રંથ છે, પરંતુ તેનું શાણપણ પંક્તિઓ વચ્ચે છુપાયેલું છે. ફકત ત્યારે જ તે છુપાયેલા શાણપણની ખોજ થઈ શકે, જ્યારે વ્યક્તિ તેની આયાતો પર ચિંતન કરે. આ અનુભવ વ્યક્તિને વાસ્તવિક ખજાના સુધી પહોંચવાની રોમાંચક અનુભૂતિ આપે છે. સંશોધનોએ સ્થાપિત કર્યું છે કે વ્યક્તિનું શરીર અધોગતિને પાત્ર છે, પરંતુ મનનું એવું નથી. મન જીર્ણાવસ્થાથી મુક્ત છે. જો સમયસર સાચવવામાં આવે તો મન કાયમ માટે જીવંત રહી શકે છે.

**કુરાન એ ઈશ્વરનો ગ્રંથ છે, જે પ્રકૃતિની શાણપણને સમાવિષ્ટ કરે છે. દિવ્ય રહસ્યોનો સ્ત્રોત છે, જેનો રોજેરોજ અભ્યાસ કરવો જોઈએ.**

પરંતુ મનની આ ક્ષમતા એક સંભાવનાના રૂપમાં છે. આ સંભાવનાને વાસ્તવિકતામાં ફેરવી શકે તેવા લોકો જ માનસિક જીવનના નવા તબક્કાઓની ખુશી અનુભવશે. જે માત્ર પ્રતિભાવ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ જેમને આવી કોઈ સુટેવ નથી અને માત્ર કુરાનનું જાણ્યા-સમજ્યા વગર રટણ કરે છે તેઓ મનની આ પ્રચંડ ક્ષમતાનો લાભ લઈ શકતા નથી. આ ક્ષમતા દરેક વ્યક્તિ પાસે જન્મથી જ હોય છે, પરંતુ ફક્ત તે વ્યકિત જ તેનો લાભ લઈ શકે છે જેઓ તેમના પોતાના પૂર્વગ્રહોથી આગળ વધવા માટે તૈયાર હોય છે.

કુરાન પર પ્રતિભાવ શું છે? તે તેના દેખીતા અર્થથી પણ વધારે ઊંડાણમાં ઉતરીને અભ્યાસ કરવો એ છે. તે પંક્તિઓ વચ્ચે છુપાયેલ શાણપણને શોધવાનો પ્રયાસ છે. તે ઊંડા અભ્યાસ દ્વારા, તેના ગહન અર્થ અનુસાર કર્મ કરવાનો પ્રયાસ કરતી વખતે, તેના શ્લોકો તમારા મનમાં જાળવી રાખવા એ છે.

કુરાન પ્રકૃતિના તમામ વિષયોને આવરી લે છે. તે સૃષ્ટિમાં છુપાયેલ તમામ મહાન શાણપણનો ઉલ્લેખ કરે છે, તેથી જે કોઈ કુરાનની આયતો પર મનન કરે છે તે ચોક્કસપણે તેમાંથી વધુ ને વધુ ઉત્કૃષ્ટ અર્થ વારંવાર પ્રાપ્ત થશે. અને દરેક પ્રસંગે આ ખોજ તેના મનને જીવંત કરશે.

## * તર્કહીન વલણ *

કુરાન અતાર્કિક દલીલ અને પાયાવિહોણા આક્ષેપો કરવા માટેના વલણની દૈવી નામંજૂરી આપે છે. ઈસ્લામિ શિક્ષણ અનુસાર, વ્યક્તિએ નક્કર દલીલો સાથે પોતાના મંતવ્યો વ્યક્ત કરવા જોઈએ, અને દરેક વ્યક્તિના નિવેદનો સત્ય અને તર્ક આધારિત હોવા જોઈએ. જ્યાં સુધી આક્ષેપો લગાવવાની વાત છે, ઈસ્લામમાં તે વર્જિત છે. કુરાનના અધ્યાય અલ-કલમ (પેન) માં આ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. સંબંધિત શ્લોકો નીચે પ્રમાણે અનુવાદિત છે।

**અને તમે કોઈ એવા વ્યક્તિનું કહેવું ન માનશો જે વધારે સોગંદો ખાવાવાળો હીન માણસ હોય. મહેણાં મારનારો, ખામી કાઢવાવાળો અને ચાડીઓ (ચુગલી) કરવાવાળો હોય. ભલાઈથી રોકવાવાળો, હદથી આગળ વધી જનારો ગુનેહગાર હોય. (૬૮:૧૦–૧૨)**

આ પંક્તિઓ સૂચવે છે કે આ અપરાધીઓ અવિશ્વાસુઓ છે, કારણકે સાચા આસ્તિકને આ પ્રકારના વર્તનમાં વ્યસ્ત રહેવાની મંજૂરી નથી. જો કોઈ વ્યક્તિ મુસ્લિમ હોવાનો દાવો કરે પરંતુ તે વિવેકહીન આક્ષેપોની ભાષા વાપરે, તો તેઓ ખરેખર ઈસ્લામિ ગણના સભ્ય ન હોય તેમ વર્તે છે.

સત્ય એ છે કે દરેક વ્યક્તિ ઈશ્વર સમક્ષ જવાબદાર છે. કુરાન અનુસાર, વ્યક્તિ દ્વારા બોલવામાં આવેલ દરેક શબ્દ તરત જ દેવદૂતો દ્વારા નોંધવામાં આવે છે (૫૦:૧૮). દેવદૂતો દ્વારા તૈયાર કરાયેલ આ નોંધ ન્યાયના દિવસે સર્વશક્તિમાન ઈશ્વર સમક્ષ રજૂ કરવામાં આવશે જ્યારે તે પોતાનો ચુકાદો આપશે, અને દિવ્ય સિદ્ધાંતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલા લોકોને સખત સજા આપશે.

તર્કબદ્ધ નિવેદન એ ધર્મનિષ્ઠ માણસની નિશાની છે. જ્યારે તેનાથી વિપરીત, અતાર્કિક દલીલ અથવા પાયાવિહોણા આરોપની ભાષાનો ઉપયોગ એ બેજવાબદાર અથવા નૈતિક રીતે વિચલિત વ્યક્તિની નિશાની છે. તર્કબદ્ધ અને વિવેકપૂર્ણ દલીલ કરનાર વ્યક્તિ માણસની વ્યાખ્યામાં આવે છે, જ્યારે વિવેકહીન અતાર્કિક આરોપની ભાષા બોલનાર વ્યક્તિ માણસના રૂપમાં જાનવર કરતાં પણ ઊતરતી કક્ષાનો જીવ છે.

કુરાનના ઉપરોક્ત શ્લોકોમાં દર્શાવેલ વર્તન એ ચારિત્ર્ય હનનનું એક સ્વરૂપ છે. ચારિત્ર્ય-હનન એ સંપૂર્ણ હારની નિશાની છે. જેને લાગે છે કે તે દલીલ અને તર્કના ક્ષેત્રમાં હારી ગયેલો છે તે જ પ્રતિસાદના આ પ્રત્યાઘાતી સ્વરૂપને અપનાવે છે. ચારિત્ર્ય-હનન એ એક પ્રકારની વેરવૃતિ છે, અને વેરવૃતિ એ પડકારને પહોંચી વળવાનો યોગ્ય માર્ગ બિલકુલ નથી. તદુપરાંત, આક્ષેપો કરવા એ ખૂબ જ જોખમી રમત છે, કારણકે તે બૂમરેંગની જેમ કાર્ય કરે છે.

કોઈપણ વ્યક્તિ પર આરોપ લગાવવો એ જૂઠું બોલવા જેટલું જ ખરાબ છે, અને ઈસ્લામમાં જૂઠું બોલવાથી મોટું કોઈ પાપ નથી. જે પાયાવિહોણા આરોપો કરવામાં ઝંપલાવે છે તેનો દરજ્જો જુઠ્ઠા જેટલો જ છે. અને જે કોઈ જૂઠો છે તે ઈશ્વરની નજરમાં નકામો છે. તેના તમામ પ્રયત્નો કચરાપેટીમાં નાખી દેવામાં આવશે અને તે ચોક્કસપણે કોઈ સકારાત્મક પરિણામ લાવશે નહીં.

**તર્કબદ્ધ નિવેદન એ ધર્મનિષ્ઠ માણસની નિશાની છે. જ્યારે તેનાથી વિપરીત, અતાર્કિક દલીલ અથવા પાયાવિહોણા આરોપની ભાષાનો ઉપયોગ એ બેજવાબદાર અથવા નૈતિક રીતે વિચલિત વ્યક્તિની નિશાની છે.**

કુરાનની ઉપરોક્ત પંક્તિઓ એવા સમકાલીન લોકોનો સંદર્ભ આપે છે કે જેમણે નિર્દોષ લોકો સામે મન ફાવે એમ બેજવાબદારીપૂર્ણ આરોપો મૂકયા હતાં. કુરાનના અન્ય ઉપદેશોની જેમ, આ પણ એક શાશ્વત સિદ્ધાંત છે જે દરેક યુગમાં દરેક વ્યક્તિને લાગુ પડે છે, જેમાં તે લોકોનો પણ સમાવેશ થાય છે જેઓ મુસ્લિમ હોવાનો દાવો તો કરે છે પરંતુ તેઓ કુરાનની ઉપરોક્ત સલાહને અનુસરતા નથી.

## ✻ કાર્યવાહી પહેલાંનું કાર્ય ✻

કોઈપણ મહત્વપૂર્ણ કાર્યવાહી માટે, તેના માટેની તૈયારી સાર્વત્રિક રીતે ઈચ્છનીય છે. ઈસ્લામી જીવન જીવવા માટે તે મૂળભૂત જરૂરિયાત છે. ઈસ્લામનો પ્રથમ સિદ્ધાંત ઈમાન (શ્રદ્ધા) છે, પરંતુ ઈમાન પહેલાંનું એક પ્રારંભિક પગલું, મારેફત એટલે કે અનુભૂતિ છે. શ્રદ્ધાળુઓના જૂથની વાર્તા વર્ણવતા, કુરાન કહે છે;

**જ્યારે તેઓ પયગંબર પર જે પ્રગટ કરવામાં આવ્યું છે તે સાંભળે છે, ત્યારે સત્યની અનુભૂતિ થવાના કારણે તેમની આંખો આંસુઓથી છલકાતી જુઓ છો. તેઓ કહે છે, ''અમારા પ્રભુ! અમે ઈમાન (શ્રદ્ધા) લાવ્યા માટે અમને સાક્ષીઓમાં ગણો.'' (૫:૮૩)**

આ શ્લોક ઈસ્લામના એક ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંતનો ઉલ્લેખ કરે છે, એટલે કે શ્રદ્ધા (ઈમાન) પહેલાં અનુભૂતિ (મારેફત) આવશ્યક છે. જ્યારે કોઈ વ્યક્તિ ઈસ્લામ સ્વીકારે છે, ત્યારે તે ઈસ્લામના કલિમાનું પઠન કરે છે, પરંતુ, તે કરતા પહેલાં, તેણે સત્યની ખોજ કરવી જોઈએ અથવા તેનો અહેસાસ કરવો જોઈએ. તે ખોજ અથવા અનુભૂતિ છે જે કલિમાના પઠનને અર્થપૂર્ણ બનાવે છે. અનુભૂતિ વિના, ફક્ત કલિમાના પઠનનું કોઈ મૂલ્ય નથી.

આ સિદ્ધાંત ઈસ્લામની દરેક વિધિઓમાં લાગુ પડે છે - ફર્ઝ (ફરજિયાત) નમાઝ પહેલાં નફીલ (મરજીયાત) પ્રાર્થના, રમઝાન મહિનામાં ઉપવાસ કરતા પહેલાં શાબાન મહિનામાં કેટલાક દિવસોના ઉપવાસ, ફરજિયાત ઝકાત પહેલાં ઈન્ફાક (સ્વૈચ્છિક દાન અને ગરીબો તથા જરૂરિયાતમંદ ઉપર ખર્ચ કરવું), હજ પહેલાં ઉમરાહ (નાની જાત્રા) વગેરે. આ પ્રારંભિક તૈયારીઓ તમામ ઈસ્લામી પ્રથાઓમાં મહત્વપૂર્ણ છે. તે ભોજન લેતા પહેલાં સ્ટાર્ટર લેવા જેવું છે. તે આ પ્રારંભિક પૂર્વતૈયારીઓ છે જે તમામ ઈસ્લામિક પ્રથાઓને જીવન આપે છે.

કોઈપણ ઈસ્લામી પ્રથામાં પ્રવેશતા પહેલાં આ પ્રારંભિક ક્રિયાઓ વ્યક્તિની ચેતનાને સક્રિય કરે છે. તે વ્યક્તિને માનસિક તૈયારી આપે છે અને તેનું ચારિત્ર્ય તૈયાર કરે છેઃ માનસિક અને ચારિત્ર્યના રૂપમાં તૈયાર વ્યક્તિ જ ઈસ્લામનું તેની સાચી ભાવનામાં પાલન કરી શકે છે. જે વ્યક્તિ માનસિક કે ચારિત્ર્યની દ્રષ્ટિએ તૈયાર નથી, તે ઈસ્લામી ફરજો બજાવવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ નથી.

જ્યારે એવું કહેવામાં આવે છે કે ફલાણી વ્યક્તિ એક પ્રેક્ટિસિંગ મુસ્લિમ છે, ત્યારે આ નિવેદન સત્યનો માત્ર એક જ ભાગ કહે છે. પ્રેક્ટિસિંગ મુસ્લિમ બનતા પહેલાં, વ્યક્તિએ વાસ્તવિક વ્યક્તિ બનવું જરૂરી છે. તે દિવ્ય સત્યની અનુભૂતિ છે જે વ્યક્તિને સાચા અર્થમાં પ્રેક્ટિસિંગ મુસ્લિમ બનવા માટે સક્ષમ બનાવે છે. અનુભૂતિ પહેલાં 'આચરણ' કરનાર મુસ્લિમ બનવું એ માત્ર ઔપચારિકતા છે. જે વ્યક્તિ માત્ર ઔપચારિક સ્વરૂપમાં મુસલમાન છે, તે સાચો મુસ્લિમ નથી. સૌ પ્રથમ, વ્યક્તિએ પોતાને એક સાકાર વ્યક્તિ બનાવવો જોઈએ અને તો જ વ્યક્તિ સાચા અર્થમાં આચરણ કરનાર મુસ્લિમ કહી શકાય.

**કુરાનની પંક્તિઓમાં બૌદ્ધિક વિકાસ પ્રથમ સ્થાને આવે છે,<br>તેના પછી એ સમય આવે છે જ્યારે કોઈ કહી શકે કે<br>વ્યક્તિ ઈસ્લામી જીવનશૈલી અપનાવવા માટે સક્ષમ છે.**

આ પ્રારંભિક તૈયારીઓ વ્યક્તિનું મન બનાવતી પ્રક્રિયાઓ છે. સૌ પ્રથમ, આપણે એ જાણવું જોઈએ કે કુરાન કયા પ્રકારનું મન બનાવવાનો પ્રયાસ કરે છે. એને સમજ્યા પછી, વ્યક્તિએ કુરાનની આયાતો પ્રમાણે તેના વિચારોને ઘડવા જોઈએ. આ ક્રિયા બૌદ્ધિક વિકાસની પ્રક્રિયા છે, જેના પછી વ્યક્તિએ ઈસ્લામ દ્વારા નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, કુરાનની પંક્તિઓમાં બૌદ્ધિક વિકાસ પ્રથમ સ્થાને આવે છે, તેના પછી એ સમય આવે છે જ્યારે કોઈ કહી શકે કે વ્યક્તિ ઈસ્લામી જીવનશૈલી અપનાવવા માટે સક્ષમ છે.

તે મન છે જે શરીરનું સંચાલન કરે છે, પરંતુ તેનાથી વિપરીત સાચું નથી. ઈસ્લામ ધર્મનું પણ એવું જ છે; ઈસ્લામિ પ્રથાઓ આંતરિક અનુભૂતિની બાહ્ય અભિવ્યક્તિ છે. સૌ-પ્રથમ તો મનનું ઈસ્લામીકરણ થાય છે, ત્યારબાદ શરીર અથવા વ્યક્તિના ભૌતિક અસ્તિત્વનું ઈસ્લામીકરણ શક્ય બને છે. ઈસ્લામની શરૂઆત અંતરમનથી થાય છે અને પછી તેની અભિવ્યક્તિ બહાર થાય છે.

# * બેવડું તોલ-માપ *

કુરાનનો અધ્યાય અલ-મુતફ્ફીફીન (જેઓ માપમાં ઓછું આપે છે) દંભી વર્તનની વાત કરે છે. કુરાન આવા વર્તનને 'બેવડું ધોરણ' કહે છે. સંબંધિત પંક્તિઓ નીચે મુજબ છે;

વિનાશ છે તોલ-માપમાં ઓછું કરવાવાળાઓ માટે, કે જ્યારે લોકો પાસેથી લે છે તો પુરેપુરું માપીને લે છે અને જયારે તેમને માપીને કે તોલીને આપે છે ત્યારે ઓછું આપે છે;

**'શું આવા લોકો એવું નથી વિચારતા કે તેઓને ફરીથી સજીવન કરવામાં આવશે?' એક મોટા દિવસે, જે દિવસે બધા લોકો વિશ્વના પાલનહાર સમક્ષ ઊભા થશે? (૮૩:૧-૬)**

'બેવડું તોલ-માપ' - બીજાને ઓછું આપવું  અને તેમની પાસેથી વધારે લેવું - એ માત્ર વ્યાપારી દ્રષ્ટિએ ઓછા તોલમાપ કે ઓછા વજન આપવા માટે જ નહીં, પણ અન્ય તમામ સામાજિક પ્રવૃત્તિઓને પણ લાગુ પડે છે. તે માત્ર વાણિજ્યિક વ્યવહારને જ ખરાબ કરતું નથી, પરંતુ તે સામાજિક અને નૈતિક સંબંધોને પણ નબળા પાડે છે. બધી બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો, તે નિંદનીય પ્રથા છે અને જેઓ તેની તરફ વળે છે, તેઓ ચારિત્ર્યમાં દુષ્ટ બને છે.

**સાચો આસ્તિક તે છે જે કયારેય 'બેવડું તોલ-માપ' અપનાવતો નથી.**

આ પ્રકરણની આગળની પંક્તિઓ સ્પષ્ટ કરે છે કે હકીકતમાં બેવડું તેલ-માપ કરવું  એ અન્યાયની ભાવના છે, એટલે કે આપવું ઓછું અને માંગણી વધારે કરવી. આવી દાનત વાણિજ્યિક વ્યવહારમાં દેખાય છે, જ્યાં વ્યક્તિ અન્યને આપવા કરતાં પોતાની તરફેણમાં વધારે નફાની અપેક્ષા રાખે છે. ઘરેલું અથવા સામાજિક બાબતોમાં પણ વ્યક્તિ અથવા જૂથ સન્માન, કે આદર, અથવા સેવાઓની માંગ કરતા હોય છે, જે તેમના તરફથી, બીજાને એવું જ આપવા માટે તૈયાર હોતા નથી.

તે એકતરફી સ્વાર્થ કરતાં પણ વધુ ખરાબ છેઃ કારણકે તે બેવડો અન્યાય છે. પરંતુ તેની સૌથી ખરાબ અભિવ્યક્તિ ધાર્મિક કે આધ્યાત્મિક જીવનમાં દેખાય છેઃ જ્યારે કોઈ માણસ તેના સાથી માણસોને જે દયા, કરુણા કે પ્રેમ નથી આપતો તો ઈશ્વર પાસેથી તેની માંગણી કેવી રીતે કરી શકે? એક સુવર્ણ નિયમ છે જે ધ્યાનમાં લેવો જોઈએઃ 'તમારાથી જે થતું હોય એ તમે કરો' આ વાકયને વધુ સંપૂર્ણ અભિવ્યક્તિ આપીએ તો

તમારે તમારા તરફથી તો પૂરેપૂરું જ આપવું જોઈએ જે તમારે આપવાનું છે પછી ભલે અન્યો પાસેથી તમે સંપૂર્ણ મેળવવાની અપેક્ષા કે ઈચ્છા રાખો કે ના રાખો.

બેવડા વ્યવહારમાં વ્યસ્ત વ્યક્તિની પ્રામાણિકતા અત્યંત શંકાસ્પદ છે. તે લગભગ અમાનવીય છે. પૃથ્વી પર એવું કોઈ જાનવર પણ નથી કે જે આ પ્રકારની પ્રથામાં સામેલ હોય. ચોખ્ખા પોતાના જ લાભ માટે આવી રીતે વર્તે તેવો જીવ માત્ર માણસ જ છે. બેવડું તોલ-માપ એ એક નિશ્ચિત માનવીય ઘટના છે; જ્યારે પ્રાણીઓના જીવનકોશમાં આવું કઈ હોતું જ નથી.

બધા પ્રાણીઓ આચરણમાં ભરોસાપાત્ર છે; તે માત્ર માણસ છે જે અનુમાનિત વર્તન કરવામાં નિષ્ફળ જાય છે. આ તફાવતનું કારણ એ છે કે પ્રાણીઓને પસંદગી કરવાની સ્વતંત્રતા નથી. પણ માણસને પસંદગી કરવાની સ્વતંત્રતા છે. આ અમર્યાદિત સ્વતંત્રતા જ સમસ્યાનું સર્જન કરે છે.

સાચો આસ્તિક તે છે જે કયારેય 'બેવડું તોલ-માપ' કરતો નથી. જે આ દુષ્ટતાથી દોષિત નથી તે અનુમાનિત ચારિત્ર્યવાળો છે, આવા વ્યક્તિ પર તમે વિશ્વાસ કરી શકો છો. તમે તેના પડોશમાં એ વિશ્વાસ સાથે નિશ્ચિંત થઈને રહી કે થઈ શકો છો કે તે તમારા માટે કોઈ સમસ્યા ઊભી કરશે નહીં.

## * આધ્યાત્મિક ખોરાક *

ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કેઃ "માણસ ફક્ત રોટલી ઉપર જીવી શકતો નથી." (મેથ્યુ ૪:૪). કુરાનનો પણ એક ઉપદેશ આવો જ છે. શારીરિક ખોરાક ઉપરાંત વ્યક્તિને આધ્યાત્મિક ખોરાકની પણ જરૂર હોય છે. તમારા શરીર માટે શારીરિક ખોરાક જરૂરી છે અને તમારા બૌદ્ધિક વિકાસ માટે આધ્યાત્મિક ખોરાક જરૂરી છે. પયગંબર સાહેબને સંબોધતા કુરાન તા હા (તા હા) પ્રકરણમાં કહે છે;

**અમે તેમાંથી કેટલાકને જે દુન્યવી લાભો આપ્યા છે તેની ઈર્ષ્યા ન કરો,**
**કારણકે એનાથી અમે ફક્ત તેમની કસોટી કરીએ છીએ.**
**તમારા પ્રભુની જોગવાઈ વધુ સારી અને કાયમી છે. (૨૦:૧૩૧)**

આપણે ભૌતિક ખોરાક આપણા પાચનતંત્રના અંગો દ્વારા લઈએ છીએ જ્યારે આપણે આધ્યાત્મિક ખોરાક ચિંતન અને અવલોકન દ્વારા લઈએ છીએ. આ બંને વસ્તુઓ

એકબીજાથી જુદી નથી, હકીકતમાં બંને એક જ છે. આપણે ખોરાક તરીકે જે વસ્તુઓ લઈએ છીએ તેમાં આધ્યાત્મિક સામગ્રી પણ હોય છે. આ આધ્યાત્મિક તત્વને આપણે ચિંતન અને મનન દ્વારા તારવી શકીએ છીએ.

ઉદાહરણ તરીકે, જો તમે રોટલી અને ભાત અથવા શાકભાજી અને ફળ જેવા ખોરાક લો છો ત્યારે જો તમે વિચારશો કે આવું કેવી રીતે શકય બન્યું કે માટી આવી ફાયદાકારક અને સુંદર વસ્તુઓ ઉત્પન્ન કરી શકી. અને તમને અનુભૂતિ થશે કે આ ઈશ્વરના આશીર્વાદને કારણે છે. આ પ્રકારની વિચારસરણી સર્વશક્તિમાન ઈશ્વર પ્રત્યે પ્રેમની લાગણી ઉપજાવે છે. સર્વશક્તિમાન ઈશ્વરને સ્વીકારતા, તમે ચોક્કસ કહેશોઃ 'હે ઈશ્વર, તમે માનવજાત માટે ખૂબ જ દયાળુ અને કરુણાશીલ છો.'

ત્યારબાદ, ફરીથી તમે વિચારશો કે આ વસ્તુઓ પૃથ્વી પર તો હતી, પરંતુ સંભવિત દ્રષ્ટિએ હતી. આ સંભવિતતાને વાસ્તવિકતામાં કોણે પરિવર્તિત કરી? અને તમને સમજાશે કે ત્યાં ખેડૂતો, કૃષિશાસ્ત્રીઓ, બાગાયતશાસ્ત્રીઓ અને અન્ય લોકો કે જેમણે જમીન પર ખૂબ મહેનત કરી અને તેથી જમીન, લોકો માટે ઉપયોગી આવા ઉત્પાદનો ઉત્પન્ન કરી શકી. આ પ્રકારની ખોજ તમારા હૃદયમાં માનવજાતિ પ્રત્યેનો અદભૂત પ્રેમ જગાડે છે. તમે કહેશોઃ હે લોકો, હું તમારો આભારી છું. તમારા અમૂલ્ય યોગદાનને લીધે શકય બન્યું કે મને મારા દિવસ અને રાત્રિના ભોજનમાં આવી સરસ અને સ્વાદિષ્ટ વાનગીઓ મળે છે.'

આ ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક નિષ્કર્ષણનું એક ઉદાહરણ છે. આ નિષ્કર્ષણ, એક તરફ, તમને ઈશ્વરના આશીર્વાદની કદર કરવા સક્ષમ બનાવે છે, અને બીજી બાજુ, તે તમને તમારા અને સમાજ પ્રત્યે માણસોના યોગદાનની પણ કદર કરવા માટે સક્ષમ બનાવે છે.

## આ આધ્યાત્મિક અનુભવો સાચા આસ્તિકના ચારિત્ર્યના આધ્યાત્મિક વિકાસ માટે અત્યંત મૂલ્યવાન છે.

ઉપરોક્ત શ્લોકમાં "દિવ્ય જોગવાઈ" નો ઉપયોગ એ અર્થમાં કરવામાં આવ્યો નથી કે આસ્તિકને ફક્ત જીવનના અંતકાળમાં જ પુરસ્કાર આપવામાં આવશે. ચોક્કસપણે, આસ્થાવાનોને પરલોકની દુનિયામાં ઈનામ મળશે. પરંતુ આ દુન્યવી જીવનમાં પણ તેઓને જોગવાઈ મળશે. આ જોગવાઈ આધ્યાત્મિક હશે - એ જોગવાઈ કે જેને આસ્તિક વ્યક્તિ દુન્યવી અનુભવોમાંથી તારવે છે.

આ આધ્યાત્મિક અનુભવો સાચા આસ્તિકના ચારિત્ર્યના આધ્યાત્મિક વિકાસ માટે અત્યંત મૂલ્યવાન છે. એક અર્થમાં આસ્તિક એક આધ્યાત્મિક વ્યક્તિત્વ છે, અને વ્યક્તિમાં આ આધ્યાત્મિક વ્યક્તિત્વ એવા આધ્યાત્મિક પાઠો દ્વારા વિકાસ પામે છે, જે તેને તેની આસપાસની દુનિયાના ચિંતન દ્વારા પ્રાપ્ત થાય છે.

આધ્યાત્મિક ખોરાક એ એક પ્રકારનો પ્રેરણાત્મક ખોરાક છે, આ પ્રેરણાનો બમણો સ્ત્રોત છેઃ ઈશ્વરની મહિમાનું ચિંતન અને રોજિંદા જીવનમાં અનુભવોમાંથી મળતા પાઠોનું ચિંતન. કુરાનની આધ્યાત્મિકતા એ કોઈ રહસ્યમય આધ્યાત્મિકતા નથી; તે મન પર આધારિત છે અને દૈનિક અનુભવોમાં ડહાપણનો ઉપયોગ કરીને તેને પ્રાપ્ત કરી શકાય છે.

## * નકામું ટાળો *

કુરાન હેતુપૂર્ણ જીવનની હિમાયત કરે છે. તે લોકોને નકામી વાતો કે નકામી પ્રવૃત્તિમાં વ્યસ્ત ન થવા માટે સલાહ આપે છે. ખાસ કરીને આ વિષય પર કુરાનના અધ્યાય અલ-મુઅમિનુન (આસ્થાવાનો) માં યોગ્ય શ્લોકો છે. તેમનો અનુવાદ નીચે મુજબ છે;

**તેઓ ખરેખર સફળ આસ્થાવાનો છે; જેઓ તેમની પ્રાર્થનામાં નમ્ર છે; અને જેઓ દરેક નિરર્થક બાબતોથી દૂર રહે છે. (૨૩ઃ૧–૩)**

માનવીય વલણ બે પ્રકારનું હોય છેઃ યોગ્ય અને અયોગ્ય. યોગ્ય વલણ એ છે જે સકારાત્મક પરિણામો તરફ દોરી જાય છે અને અયોગ્ય વલણનું કોઈ પરિણામ હોતું નથી. સાચો આસ્તિક તે છે જેની સમક્ષ ચોક્કસ લક્ષ્ય હોય જે તેને પસંદગીલક્ષી બનાવે. તેથી, તે હંમેશા એ પ્રકારની પ્રવૃત્તિ પસંદ કરે છે જે યોગ્ય હોય, અને જે અયોગ્ય હોય તેને ટાળે છે. આ તે પ્રકારની વ્યક્તિ છે જેને સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા સફળતાનો પુરસ્કાર આપવામાં આવશે.

**જ્યારે તમે તમારા મનનો ઉપયોગ કરો, ત્યારે હંમેશા તેનો ઉપયોગ તંદુરસ્ત વિષયો પર કરો; જ્યારે તમે બોલો ત્યારે એવું બોલો જે તમારા તેમજ બીજા લોકો માટે સારું હોય. તમે કોઈ પણ પગલું ભરો એ પહેલાં તેના તમામ સંબંધિત પાસાઓની તપાસ કરો.**

કોઈપણ પગલાં લેતા પહેલાં આસ્થાવાને તેના સંભવિત પરિણામોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. તેણે તેના પરિણામોને અગાઉથી જાણી લેવા જોઈએ. કોઈપણ પરિસ્થિતિ પ્રત્યેનો તેનો પ્રતિભાવ તર્કસંગત અને ગણતરીપૂર્વકનો હોવો જોઈએ અને માત્ર ભાવનાત્મક વિસ્ફોટ ના હોવો જોઈએ. આ સિદ્ધાંતમાં તમામ પ્રકારની માનવીય અભિવ્યક્તિઓ અને પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જેમ કે વિચાર, ચર્ચા, વ્યવહાર, સંગત, ખરીદી, સહેલગાહ, વાંચન વગેરે. એક આસ્તિકે તેના જીવનના દરેક પાસાઓમાં, કહેણી અને કરણી બન્નેમાં આ પ્રકારનું વર્તન અપનાવવું જોઈએ.

એ હકીકત છે કે આપણે આ ગ્રહ પૃથ્વી પર મર્યાદિત સમય માટે છીએ. આપણું આયુષ્ય ખૂબ જ ટૂંકું હોવાને કારણે, સમય અને શક્તિનો વ્યય કરવાની ઐયાશી આપણને પોસાય એમ જ નથી; આપણે ખૂબ જ સમજદાર બનવું જરૂરી છે. આપણે ફક્ત એવા જ લક્ષ્યો પસંદ કરવાના છે જે આપણને નિશ્ચિત મંઝિલ કે પરિણામ તરફ દોરી જાય. આ બાબતે કોઈ બહાનું સ્વીકાર્ય નથી.

જ્યારે તમે તમારા મનનો ઉપયોગ કરો, ત્યાંરે હંમેશા તેનો ઉપયોગ તંદુરસ્ત વિષયો પર કરો; જ્યારે તમે બોલો ત્યારે એવું બોલો જે તમારા તેમજ બીજા લોકો માટે સારું હોય. તમે કોઈ પણ પગલું ભરો એ પહેલાં તેના તમામ સંબંધિત પાસાઓની તપાસ કરો. જો તમારું કોઈ પગલું તમારા વિરુદ્ધ સાબિત થવાની કોઈ શકયતા હોય, તો તેને લેવાનું ટાળો.

સમજદાર માણસ હંમેશા સકારાત્મક પ્રતિભાવ અને નકારાત્મક પ્રતિક્રિયા વચ્ચે તેમજ વાસ્તવિક અને ભાવનાત્મક અભિગમ વચ્ચેનો તફાવત કરે છે. તે હંમેશા પરિણામલક્ષી નીતિ અપનાવે છે. પરિણામનું મૂલ્યાંકન કર્યા વિના કોઈપણ બાબતમાં કૂદકો મારવો એ એક કૂટેવ છે જે ફક્ત મૂર્ખ લોકોને જ પરવડી શકે છે, કારણકે મૂર્ખ લોકો ત્યાં દોડતાં હોય છે જ્યારે દેવદૂતો ચાલવાથી પણ ડરતા હોય છે. પરંતુ ડાહ્યા માણસને આ પ્રકારની સંડોવણી પરવડી શકે નહીં.

'નકામું' એટલે 'કોઈપણ પરિણામ વિનાનું' અને જેનું કોઈ પરિણામ નથી તે અર્થહીન છે અને તે કચરાપેટીમાં નાખવા યોગ્ય છે. જો પશુઓ પણ પરિણામલક્ષી માર્ગને અનુસરે છે, તો પછી માણસો કેમ નહીં?

જો કોઈ પ્રામાણિક વ્યક્તિ નકામી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશે, તો તેનો અંતરાત્મા તેને જરૂર ડંખશે. બીજાઓનો સામનો કરતા પહેલાં, તેણે પોતાના અંતરાત્માનો સામનો કરવો પડશે અને આવું કરી શકે તેવા બહુ ઓછા લોકો હોય છે. અંતઃકરણ, કે જે આપણી આંતરિક તપાસ તરીકે કાર્યરત છે, એ દરેક સ્ત્રી-પુરુષ માટે પોતાનો નૈતિક

રક્ષક છે. અંતરાત્મા કયારેય નિષ્ફળ જતો નથી અને જો તમે તેના પર ધ્યાન આપશો, તો તમે ચોક્કસપણે તમારી જાતને ભટકવાથી બચાવી શકશો. તમારા અંતરાત્માને અનુસરો અને તમે ચોક્કસ દિવ્ય ચારિત્ર્યમાં વિકાસ પામશો.

## * દરેક વ્યક્તિ ઈશ્વરના માર્ગ પર જન્મે છે. *

માણસ એક સર્જન છે અને ઈશ્વર તેનો સર્જક છે. દરેક સર્જને તેના સર્જકના આશીર્વાદ મેળવવા જ જોઈએ. દરેક સ્ત્રી અને પુરૂષે ઈશ્વરે નક્કી કરેલા આ ધ્યેય તરફ આગળ વધવું જોઈએ. આ માર્ગદર્શન કુરાનમાં અધ્યાય અલ-ધારીયત (વિખરતી હવા) માં મૂકવામાં આવ્યું છે. આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**(પયગંબરે કહ્યું): ''અલ્લાહ તરફ દોડો! હું ખરેખર તેના દ્વારા તમને સ્પષ્ટ ચેતવણી આપવા માટે મોકલવામાં આવ્યો છું. (૫૧:૫૦)**

દરેક સ્ત્રી અને પુરુષ ઈશ્વરના માર્ગ પર જન્મે છે. કેટલાક આ પૂર્વ-નિર્ધારિત માર્ગ પર આગળ વધે છે, જ્યારે ઘણા અન્યો તેમાંથી વિચલિત થાય છે. સાચા માર્ગ પર અડગ રહેવું એ દિવ્ય કસોટીની શરત છે, અને ચોક્કસપણે દરેક વ્યક્તિ આ કસોટીમાં મૂકાશે. દરેક વ્યક્તિએ આમાં ખૂબ જ સમજદારી રાખવી જરૂરી છે, કારણકે જેઓ આ માર્ગને અનુસરે છે તે જ સ્વર્ગમાં જશે. જેઓ આમ કરવામાં નિષ્ફળ જશે તેઓ શાશ્વત નિષ્ફળતા તરફ ધકેલાઈ જશે.

એક સ્થાપિત હકીકત છે કે દરેક વ્યક્તિ ચોક્કસ ધ્યેય સુધી પહોંચવાની ચોક્કસ આંતરિક ઈચ્છા - કે જે તેને કુદરતની ભેટ છે - તેની સાથે જન્મે છે. આ ઈચ્છા એટલી સામાન્ય છે કે શ્રીમંત હોય કે ગરીબ, શિક્ષિત હોય કે અશિક્ષિત, બધા આ કુદરતી ઈચ્છા સાથે જન્મે છે. તેથી, આ બાબત દરેક વ્યક્તિને લાગુ પડે છે.

આ ધ્યેય શું છે? સૌ પ્રથમ, તો તે પોતાના સર્જકને ખોજવાનું છે, ઈશ્વરે બનાવેલ સર્જનની યોજનાને  સમજવાની છે અને તે તમામ પરિબળોને સમજવાનું છે જે આ દુન્યવી જીવન સાથે સંબંધિત છે.

બધા પયગંબરો આ એક જ ધ્યેય સાથે આવ્યા હતા. તેઓ માનવજાતને આ ધ્યેય તરફ માર્ગદર્શન આપવા માંગતા હતાં. આ માટે, તેઓને સાક્ષાત્કાર પ્રાપ્ત થયો જેણે સર્વશક્તિમાન ઈશ્વર તરફથી માર્ગદર્શનનું સ્વરૂપ લીધું. કુરાન ઘણા પ્રગટ ગ્રંથો દ્વારા

પૂર્વવર્તી છે. પરંતુ હવે તે સ્થાપિત થઈ ચૂકયું છે કે કુરાન એ ધાર્મિક સંદર્ભનું એકમાત્ર અધિકૃત વર્ણન છે, તે એકમાત્ર દિવ્ય ગ્રંથ છે જે તેના મૂળ સ્વરૂપમાં સાચવવામાં આવ્યું છે.

એકમાત્ર રસ્તો જેનો કોઈ અંત નથી તે ઈશ્વર તરફનો માર્ગ છે. તે માનવીના, સ્ત્રી અને પુરૂષ બંનેના મૃત્યુ પછી પણ ચાલુ રહે છે. તે મર્યાદિત વિશ્વમાંથી અમર્યાદિત વિશ્વ સુધી, એક અખંડ માર્ગ છે. આ બાબત અપૂર્ણ વિશ્વમાંથી સંપૂર્ણ વિશ્વમાં, ભૌતિકવાદમાંથી આધ્યાત્મિકતા તરફના સંક્રમણનું પ્રતિનિધિત્વ કરે છે અને, એ સમય અને અવકાશના બંધનોવાળી પરિસ્થિતિમાંથી સમય અને અવકાશથી મુક્તિ તરફની સફર છે. બીજા બધા રસ્તાઓ માનવીના મૃત્યુ સાથે નાશ પામે છે.

એ હકીકત છે કે દરેક માણસ હતાશાની સ્થિતિમાં જીવે છે. પરંતુ આ હતાશા શા માટે છે? કારણ એ છે કે માણસ જન્મથી જ, રહેવા માટે એક સંપૂર્ણ વિશ્વ ઈચ્છે છે, પરંતુ વર્તમાન વિશ્વમાં તે એવી દુનિયામાં જીવવા માટે પરવશ છે જે સંપૂર્ણ નથી. ઈશ્વરના માર્ગે મુસાફરી કરવી એ તેનો ઉકેલ છે. આ માર્ગ તમને અપૂર્ણમાંથી સંપૂર્ણ તરફ લઈ જાય છેઃ ઈશ્વરના માર્ગની પ્રકૃતિ એવી પવિત્ર છે કે તે આ માર્ગના દરેક પ્રવાસીને અમર્યાદિત ખુશી આપે છે.

**એકમાત્ર રસ્તો જેનો કોઈ અંત નથી તે ઈશ્વરનો માર્ગ છે. તે માનવીના, સ્ત્રી અને પુરૂષ બંનેના મૃત્યુ પછી પણ ચાલુ રહે છે. તે મર્યાદિત વિશ્વમાંથી અમર્યાદિત વિશ્વ સુધી, એક અખંડ માર્ગ છે.**

ઈશ્વર તરફનો માર્ગ એટલે અપૂર્ણ ઈચ્છાઓમાંથી સંપૂર્ણ પરિપૂર્ણતા તરફનો ઉત્કૃષ્ટ માર્ગ. ઈશ્વર તરફનો માર્ગ, બીજા શબ્દોમાં કહીએ તો, સ્વર્ગ તરફ જવાનો માર્ગ - જેઓ તેમના નિર્માતા પાસે  પાછા ફરવા માંગે છે, તેમનું અંતિમ લક્ષ્ય છે.

## * ઈશ્વરની અનુભૂતિમાંથી નમ્રતા ઉદ્દભવે છે *

કુરાન નમ્ર વર્તનને પ્રોત્સાહન આપે છે, તેની સંસ્કૃતિ નમ્રતાની છે જે એક અજોડ ગુણ છે. કુરાનના અધ્યાય અલ-ફુરકાન (માપદંડ) ના સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે;

**પરમ કૃપાળુના સાચા સેવકો તે છે જે પૃથ્વી પર નમ્રતાથી ચાલે છે,
અને જ્યારે અજ્ઞાની લોકો દ્વારા સંબોધિત કરવામાં આવે છે
ત્યારે તેઓ કહી દે છે કે 'સલામ' . (૨૫:૬૩)**

જ્યારે કોઈ વ્યક્તિ ઈશ્વરને ખોજે છે, ત્યારે તે જ સમયે તેને ખ્યાલ આવી જાય છે કે વ્યક્તિ માટે પોતે વર્તન કરવાનો એકમાત્ર શકય માર્ગ એ નમ્રતા છે. નમ્રતા સીધી ઈશ્વરની અનુભૂતિમાંથી ઉદ્દભવે છે. તેને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાથી અલગ કરવું શકય નથી.

શ્રદ્ધાળુઓ તેમની રોજિંદી પ્રાર્થનામાં, અલ્લાહુ અકબરના શબ્દો સો થી પણ વધારે વખત પઠન કરે છે. અલ્લાહુ અકબરનો અર્થ થાય છે 'ઈશ્વર મહાન છે,' પરંતુ તે જ સમયે તે સૂચવે છેઃ 'ઈશ્વર મહાન છે અને હું મહાન નથી.' આ ઈસ્લામ ધર્મમાં નમ્રતાની ઉત્પત્તિ છે.

કુરાનનો ઉપરોક્ત શ્લોક ઊંડી આધ્યાત્મિકતામાં ડૂબેલા ઈશ્વરના સાચા, વિશ્વાસુ અને વફાદાર લોકોનો ઉલ્લેખ કરે છે, અને મુખ્યત્વે તે પ્રારંભિક આસ્થાવાનો અને પયગંબર સાહેબના સાથીઓનો ઉલ્લેખ કરે છે, જેમનું વર્તન જીવનના દરેક પાસામાં નમ્રતા દ્વારા ચિહ્નિત થયેલ હતું. પયગંબર સાહેબના સાથીઓ, તેમના સમગ્ર જીવન દરમિયાન આ સિદ્ધાંતને અનુસરીને, બાકીના તમામ આસ્થાવાનો માટે અનંતકાળ સુધી ઐતિહાસિક નમૂના બની ગયા.

કુરાનના ઉપદેશો અનુસાર, માનવ જીવનના દરેક પાસાઓમાં - વિચારમાં, વાણીમાં, વર્તનમાં, વ્યવહારમાં, કે પછી જ્યારે ગુસ્સો આવે અથવા ઉશ્કેરવામાં આવે ત્યારે, અણગમતા અનુભવો દરમિયાન, વગેરે - નમ્રતા જરૂરી છે. એવી પણ પરિસ્થિતિમાં જ્યાં વેરવૃતિની અપેક્ષા જણાતી હોય, પરંતુ આસ્તિક એના બદલે આવું વર્તન દર્શાવશેઃ 'અમને અમારી રીતે રહેવા દો, અમારે તમારી સાથે ઝઘડો કરવાની કોઈ ઈચ્છા નથી.'

આસ્તિકનું ચારિત્ર્ય શબ્દના સંપૂર્ણ અર્થમાં વિનમ્ર હોવું જોઈએ. નમ્રતાના બે ગણા લાભ છેઃ પ્રથમ, તે વ્યક્તિને સમાજનો બહુ ભલો સભ્ય બનાવે છે. બીજું, તે વ્યક્તિને સ્વર્ગ માટે સફળ ઉમેદવાર બનાવે છે. આમ, નમ્રતા એ આ દુન્યવી તેમજ પરલોકના જીવન માટે ખૂબ જ સારી અને ઉપયોગી છે.

તદુપરાંત, નમ્રતા એ જ્ઞાનનો દરવાજો છેઃ તે વ્યક્તિને એક સાધક બનાવે છે, જે શીખવાની ભાવનાથી રંગાયેલ હોય છે. સાધક વાસ્તવિકતા વિશે વધુ ને વધુ જાણવાનો પ્રયત્ન કરે છે. અને તે વિનમ્ર હોવાથી, તે દરેક વ્યક્તિ પાસેથી શીખી શકે છે, પછી ભલે તે કોઈપણ ધર્મ, દરજ્જો કે ઉંમરની હોય. આમ, નમ્રતા એ તમામ પ્રકારની સફળતાની મુખ્ય ચાવી છે.

કુરાનના ઉપદેશો અનુસાર, માનવ જીવનના દરેક પાસાઓમાં - વિચારમાં, વાણીમાં, વર્તનમાં, વ્યવહારમાં, જ્યારે ગુસ્સો આવે અથવા ઉશ્કેરવામાં આવે ત્યારે, અપ્રિય અનુભવો દરમિયાન, વગેરે - નમ્રતા જરૂરી છે.

આ દુનિયામાં માણસ માટે, વર્તન કરવાની બે સંભવિત રીતો છેઃ ઘમંડી રીતે અથવા નમ્રતાપૂર્વક. કુરાનના ઉપદેશો અનુસાર, ઘમંડી વર્તન સંપૂર્ણપણે અનિચ્છનીય છે, તે સર્વશક્તિમાન ઈશ્વર માટે અસ્વીકાર્ય છે. માનવ-અહંકાર એ આ વિશ્વમાં વર્તનનું સૌથી વિચિત્ર સ્વરૂપ છે, કારણ કે અન્ય તમામ જીવો અહંકારથી મુક્ત છે. આવા સંસારમાં, ઘમંડી વ્યક્તિ અન્ય જીવોની સાથે સ્વીકારવા યોગ્ય નથી. ખરેખર, ઘમંડ એ ઈશ્વરના આશીર્વાદના દરવાજા બંધ કરે છે.

નમ્ર વર્તન, સાર્વત્રિક રીતે સ્વીકાર્ય છેઃ સમગ્ર ભૌતિક જગતની દુનિયાએ નમ્રતાને તેની સંસ્કૃતિ તરીકે સ્વીકારી છે. પશુઓ પણ નમ્રતાથી જીવે છે. માણસે પણ નમ્રતાની આ સાર્વત્રિક સંસ્કૃતિ અપનાવવી જોઈએ.

## * કુરાનને સકારાત્મક મન સાથે વાંચો *

કુરાન આવશ્યકપણે માર્ગદર્શનનો ગ્રંથ છે, એમાં કોઈ શંકા નથી. પરંતુ તેમાં કોઈ ફરજિયાતપણું નથી, એ તો વાચક પર છે કે તે કુરાનમાંથી માર્ગદર્શન સ્વીકારે છે કે નહીં. અધ્યાય અલ-બકરાહ (વાછરી) માં એક શ્લોક આ મુદ્દા પર વિસ્તૃત થાય છે.

આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે;

**નિઃશક અલ્લાહ કોઈ ઉદાહરણ આપવાથી અણગમો દર્શાવતા નથી, ભલે ને તે મચ્છરનું હોય અથવા તેનાથી પણ હલકી વસ્તુનું. શ્રદ્ધાળુઓ તો તેને પોતાના પાલનહાર તરફથી યોગ્ય ગણે છે પરંતુ સત્યને નકારનારા કહે છે કે ''આ ઉદાહરણનો અર્થ શું છે?'' આના વડે તે ઘણાં લોકોને પથભ્રષ્ટ કરી દે છે અને ઘણાંનું માર્ગદર્શન કરે છે. પરંતુ તે ફક્ત અવજ્ઞાકારીઓ ને પથભ્રષ્ટ કરે છે.(૨:૨૬)**

શા માટે એક જ ગ્રંથ, એટલે કે કુરાન, માર્ગદર્શન અને ગુમરાહ બંનેનો સ્ત્રોત છે? એનું કારણ કુરાનમાં નથી. કારણ વાચકના મનમાં રહેલું છે. વાંચનારનું મન નક્કી કરે છે કે તેને કુરાનમાંથી માર્ગદર્શન મળશે કે તેના થકી ગેરમાર્ગે દોરાશે?.

જેઓ કુરાનને સકારાત્મક મન સાથે કે પછી ખોજની ભાવના સાથે વાંચે છે, તેઓને તેના પૃષ્ઠોમાં સત્ય મળશે. આવા લોકો ખુલ્લા મનથી કુરાન વાંચે છે. જ્યારે કુરાન અમુક તથ્યો જણાવે છે, ત્યારે તેઓ તેના સાચા અર્થને સરળતાથી સમજી જાય છે, કારણ કે તેઓને લાગે છે કે આ તે જ વસ્તુ છે જે તેઓએ તેમના દિલમાં અનુભવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેઓને લાગે છે કે કુરાનના નિવેદનો તેમના પોતાના

સ્વભાવ સાથે સુસંગત છે. તેઓ તરત જ, કોઈપણ પૂર્વગ્રહો વિના, કુરાનમાં જે પ્રસ્તાવિત છે તેના સત્યને સ્વીકારે છે.

પરંતુ એવા ઘણા બીજી અલગ પ્રકૃતિના લોકો છે જેઓ, બહુ નકારાત્મક માનસિકતાના છે, જેમનું કુરાનનું વાંચન કંઈક જુદા જ પરિણામો આપે છે. તેઓ તેમના પોતાના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને કુરાન વાંચે છે. અને, તેમના આ પૂર્વગ્રહો ઈસ્લામનો સાચો ચહેરો જોવામાં એક મોટો અવરોધ બની જાય છે. તેઓ તેમની વિચારસરણીને બદલવા કે સુધારવા માટે તૈયાર નથી હોતા અને, સભાનપણે કે અજાણપણે, કુરાનમાં કોઈ એવો શબ્દ કે શબ્દસમૂહ શોધવાનો પ્રયાસ કરે છે, જેના આધારે તેઓ દાવો કરી શકે કે કુરાન તેમના પોતાના વ્યક્તિગત વિચારોને સમર્થન આપે છે.

**જેઓ કુરાનને સકારાત્મક મન સાથે અથવા ખોજની ભાવના સાથે વાંચે છે, તેઓને તેના પૃષ્ઠોમાં સત્ય મળે છે.**

ઉદાહરણ તરીકે, કોઈક એક સામ્યવાદી વ્યક્તિ હતા જે રાજ્ય-નિયંત્રિત અર્થવ્યવસ્થાની વિભાવનામાં બહુ વિશ્વાસ રાખતા હતા. જ્યારે તેઓ કુરાનનો અભ્યાસ કરી રહ્યા હતા, ત્યારે તેમને આ શ્લોક મળ્યો;

**કાલ મૂસા લિ કૌમિહિસ્તઈનૂ બિલ્લાહિ વસ્બિરૂ, ઈન્નલ્ અર્દ લિલ્લાહિ યૂરિષુહા મય્ યશાઉ મિન્ ઈબાદિહિ, વલ્ આકિબતુ લિલ્ મુત્તકીન ́ (૭:૧૨૮)**

**મૂસાએ તેમના લોકોને આશ્વાસન આપ્યું, ''અલ્લાહ પાસે મદદ માંગો અને ધૈર્ય રાખો. પૃથ્વી અલ્લાહની છે. તે તેના સેવકોમાંથી જેને પસંદ કરે છે તેને તે આપે છે. અને ભવિષ્ય ઈશ્વરથી ડરનારાઓનું છે.'' (૭:૧૨૮)**

આ ઉદાહરણ બતાવે છે કે કુરાનના બેદરકાર ખોટા અર્થઘટન દ્વારા કોઈને કેવી રીતે ગેરમાર્ગે દોરી શકાય છે. ઉપરોક્ત શ્લોકને સામ્યવાદી વિચારધારાની સમાજવાદી ફિલસૂફી સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ એક શબ્દ છે-પૃથ્વી-જે વાચક, સામ્યવાદી હોવાને કારણે, સરળતાથી જમીનના અર્થમાં લે છે અને તે પરથી એ નિષ્કર્ષ પર આવે છે કે કુરાન જમીન પર રાજ-શાસનના માલિકીની અર્થવ્યવસ્થાને સમર્થન આપે છે. કોઈ કચાશ બાકી રાખ્યા વિના જ, તેમણે આ સિદ્ધાંત ઘડયોઃ "જમીન ઈશ્વરની માલિકીની છે, અને રાજા એ ઈશ્વરનો પ્રતિનિધિ છે, તેથી જમીન રાજયની માલિકીની હોવી જોઈએ."

આ સ્વઘોષિત જ્ઞાન એવી તાકાત હતી કે જેણે તેમને એવી પ્રેરણા આપી કે તેમણે

જાહેર કર્યું કે કુરાન સમાજવાદી ફિલસૂફીનો ગ્રંથ છે અને કાર્લ માર્કસે કુરાનની ફિલસૂફીને માત્ર આધુનિક દ્રષ્ટિએ પુનરાવર્તિત કરી છે.

## * મુસીબતો આત્મવિકાસ માટે મદદરૂપ છે *

દરેક વ્યક્તિને જીવનમાં વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે, પછી તે અમીર હોય કે ગરીબ, વિદ્વાન હોય કે અભણ. કુરાન મુજબ, આ સમસ્યાઓ ખરાબ કે દુ:ખના સ્વરૂપને બદલે સર્જનનો એક ભાગ છે. કુરાનનો અધ્યાય અલ-બલદ (શહેર) સ્પષ્ટપણે આ હકીકત જણાવે છે;

**અમે માનવજાતને (સતત) સંઘર્ષમાં (વ્યસ્ત રહેવા) બનાવી છે. (૯૦:૪)**

શા માટે સર્વશક્તિમાન ઈશ્વરે મુસીબતો બનાવી? પ્રકૃતિની દુનિયામાં દરેક વસ્તુ સુંદર અને સમસ્યા-મુક્ત છે. ત્યારે પ્રશ્ન એ ઉદ્દભવે છે કે માણસને સામનો કરવા માટે સમસ્યાઓ શા માટે બનાવવામાં આવી? પ્રકૃતિના નિયમમાં માણસ અપવાદ કેમ છે? સર્જનની આ યોજના પાછળનું શાણપણ શું છે?

**માણસમાં પોતાના માટે વિચારવાની ક્ષમતા છે. તેની પાસે સ્વ-આયોજન અને આત્મ-વિકાસની ક્ષમતા છે. તેની પાસે પોતાના પ્રયત્નોથી પોતાનું ભાગ્ય બનાવવાની શક્તિ છે.**

આ પરિબળ માણસ માટે એક મહાન આશીર્વાદ છે. તે માણસને આ દુનિયામાં એક વિશિષ્ટ દરજ્જો આપવા માટે છે, કે જે અન્ય જીવોને આપવામાં આવ્યો નથી. એટલે કે માણસને આત્મ-વિકાસની તક આપવામાં આવી છે. અન્ય જીવોનું જીવન દરેક બાબતમાં પૂર્વનિર્ધારિત છે. તેમની પાસે બીજો કોઈપણ પ્રકારનો વિકલ્પ નથી. તેઓ જેમ બનાવવામાં આવ્યા હોય તેમ જ રહે છે. પરંતુ માણસને સંપૂર્ણ સ્વતંત્રતા છે. માણસ પોતાની પસંદગીઓ જાતે કરી શકે છે.

માનવ-જીવનમાં મુસીબતો પગથિયાં સમાન હોય છે. માણસ ભવ્ય બૌદ્ધિક ક્ષમતા સાથે બનાવવામાં આવ્યો છે, પરંતુ આ શક્તિ સુષુપ્ત અવસ્થામાં હોય છે. આવી સ્થિતિમાં મુસીબતો પડકારો હોય છે, તે આપણા મનને જાગૃત કરે છે, મુસીબતો આપણા સ્વભાવને સક્રિય કરે છે અને મુશ્કેલીઓ આપણી ક્ષમતાને વાસ્તવિકતામાં ફેરવવા માટે પ્રોત્સાહક તરીકે કામ કરે છે.

હિમનદીઓ ઓગળે છે, પરંતુ તે કુદરતના નિયમો પ્રમાણે પીગળે છે; નદીઓ વહે છે, પરંતુ તે પૃથ્વીના આકાર પ્રમાણે વહે છે; તારાઓ અને ગ્રહો ફરે છે, પરંતુ તેમની ભ્રમણકક્ષા પ્રકૃતિના નિયમ દ્વારા પૂર્વ-નિર્ધારિત છે; વૃક્ષો ઉગે છે, પરંતુ તેમની વૃદ્ધિ પણ પૂર્વ-નિર્ધારિત છે. જો કે, મનુષ્યનો કિસ્સો તદ્દન અલગ છે. દરેક સ્ત્રી અને પુરુષ આપકર્મી વ્યક્તિ છે. ચોક્કસપણે, તેઓ પ્રકૃતિના નિયમો હેઠળ જ જન્મ્યા છે, પરંતુ જન્મ પછી તેમના વ્યક્તિત્વનો વિકાસ તેમના પોતાના હાથમાં હોય છે.

માણસમાં પોતાના માટે વિચારવાની ક્ષમતા છે. તેની પાસે સ્વ-આયોજન અને આત્મ-વિકાસની ક્ષમતા છે. તેની પાસે પોતાના પ્રયત્નોથી પોતાનું ભાગ્ય બનાવવાની શક્તિ છે.

આ સ્વતંત્રતા ક્યારેક માણસ માટે સમસ્યાઓ ઊભી કરે છે, પરંતુ આ સમસ્યાઓ તેની સ્વતંત્રતાની કિંમત છે. ત્યારબાદ, આ સ્વતંત્રતાની શરત તરીકે, માણસને તેના કર્મો માટે જવાબદાર હોવાની અપેક્ષા રાખવામાં આવે છે. જવાબદારી સ્ત્રીઓ અને પુરૂષો બંને માટે સખત આવશ્યક છે.

માણસ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકે છે પણ પ્રકૃતિનો માર્ગ બદલી શકતો નથી. જેઓ પ્રકૃતિને અનુસરે છે તેઓને સફળતા મળે છે, જ્યારે જેઓ તેનાથી વિચલિત થાય છે તેઓએ સહન કરવું પડે છે. આ વેદનાઓ બીજું કંઈ નથી પરંતુ પોતાની ખોટી પસંદગીઓનું જ પરિણામ છે.

હવે પ્રશ્ન એ છે કે સમસ્યાઓનો સામનો કેવી રીતે કરવો જોઈએ? જવાબ એ છે કે વ્યક્તિએ દિવ્ય માર્ગદર્શનનું પાલન કરવું જોઈએ. માણસ સ્વતંત્ર છે, પરંતુ તે ફક્ત તેના પોતાના કાર્યોના સંદર્ભમાં મુક્ત છે. તેની પાસે પોતાની ઈચ્છા મુજબની નવી દુનિયા બનાવવાની કોઈ શક્તિ નથી. તેથી માણસે કુદરતના માળખામાં રહીને પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરવો જોઈએ. તેણે દિવ્ય માર્ગદર્શન સમજવું જોઈએ અને તેને પોતાના જીવનમાં લાગુ પાડવું જોઈએ. બાકીની દુનિયા પણ આ પ્રણાલીને અનુસરી રહી છે, પરંતુ એ ફરજીયાતપણામાં આવું કરી રહી છે. ફક્ત માણસને જ દિવ્ય માર્ગદર્શનનું પાલન તેની પોતાની મરજીથી કરવાનો વિશેષાધિકાર આપવામાં આવ્યો છે.

## * યુવાનો ભલાઈ માટેનું મોટું પરિબળ છે. *

એક ઐતિહાસિક હકીકત એ છે કે યુવાન લોકો, કદાચ તેમની મહત્વાકાંક્ષાઓને કારણે, હંમેશા વધુ સ્ફૂર્તિલા અને વધુ હિંમતવાન રહ્યા છે. આ ગુણવત્તાને લીધે તેઓ

નવા અભિયાનને સરળતાથી પ્રતિસાદ આપે છે. આ કુદરતી લક્ષણ કુરાનમાં, પ્રકરણ યુનુસ (જોનાહ) માં દર્શાવવામાં આવ્યું છેઃ

**પરંતુ ફિરઓન અને તેમના સરદારો તેમની સતામણી કરશે તે ડરથી, તેના લોકોના કેટલાક યુવાનો સિવાય કોઈએ મૂસામાં વિશ્વાસ કર્યો નહીં. ફિરઓન દેશમાં વર્ચસ્વ ધરાવતો હતો અને તેણે તમામ હદ પાર કરી દીધી હતી.(૧૦:૮૩)**

ધાર્મિક અને બિનધાર્મિક બંને અભિયાનોનો ઈતિહાસ દર્શાવે છે કે દરેક અભિયાનનું કેન્દ્રિય બળ યુવાનોનો સમુદાય રહ્યો છે. સામાન્ય રીતે, કોઈપણ અભિયાન કોઈ વરિષ્ઠ વ્યક્તિ દ્વારા શરૂ કરવામાં આવે છે, પરંતુ જેઓ તેનો પ્રતિસાદ આપે છે તેઓ લગભગ દરેક કિસ્સામાં યુવા પેઢીના સભ્યો હોય છે. આ આકસ્મિક નથી; તે દિવ્ય આયોજન મુજબ છે. તે સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા ખાસ બનાવવામાં આવેલ ઘટના છે.

દરેક અભિયાનમાં, ઓછામાં ઓછું તેના પ્રારંભિક તબક્કામાં, યુવા પેઢીના લોકોની જરૂરત હોય છે, પરંતુ તે જ સમયે એ બાબત પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે યુવાનોએ તેમની મર્યાદાઓ જાણવી જોઈએ. યુવાનોમાં બળ તો હોઈ શકે છે, પરંતુ તેમની પાસે અનુભવ ઓછો હોય છે. તેથી, જીવન એ વહેંચણીના સિદ્ધાંત પર આધારિત હોવું જોઈએઃ વરિષ્ઠ લોકોએ તેમના અનુભવનું યોગદાન કરવું જોઈએ અને યુવાપેઢીએ તેમની ઊર્જાનું યોગદાન કરવું જોઈએ. આ બંનેનું મિશ્રણ કોઈપણ અભિયાન માટે સફળતાની ખાતરી આપે છે.

આવું એક ઐતિહાસિક ઉદાહરણ પયગંબર મુહમ્મદ સાહેબનું છે. તેઓ પોતે એક વરિષ્ઠ વ્યક્તિ હતા, પરંતુ તેમના મોટાભાગના અનુયાયીઓ યુવાનો હતા. જેઓને સહાબા એટલે કે પયગંબર સાહેબના સાથીઓ કહેવામાં આવે છે. આ સાથીદારો પોતાની મર્યાદાઓથી સંપૂર્ણપણે વાકેફ હતા, તેથી તેઓએ ઈસ્લામના પયગંબરનું અનુસરણ કર્યું. મુહમ્મદ સાહેબના પયગંબરીય માર્ગદર્શન અને તેમના યુવા સાથીઓના સમર્થનથી, ૭મી સદીના અરેબિયામાં ક્રાંતિ લાવવાનું શકય બન્યું હતું.

આ ક્રાંતિ માત્ર ધાર્મિક ચળવળ નહોતી. ક્રાંતિ તરીકે, તે તેના સર્વગ્રાહી કાર્યક્ષેત્રમાં અજોડ ઘટના હતી. બેલ્જિયન ઈતિહાસકાર હેનરી પિરેને સાચું જ અવલોકન કર્યું છેઃ “ઈસ્લામિક ક્રાંતિએ વિશ્વનો ચહેરો બદલી નાખ્યોઃ ઈતિહાસનો પરંપરાગત ક્રમ ઉથલાવી દીધો.”

**યુવાનોએ તેમની મર્યાદાઓ જાણવી જોઈએ,**
**વરિષ્ઠ લોકોનું નેતૃત્વ સ્વીકારવું જોઈએ અને તેમની સલાહ લેવી જોઈએ.**

એ હકીકત છે કે દરેક સમાજમાં યુવાનો ભલાઈ માટે એક મોટું પરિબળ છે. પરંતુ તે જ સમયે એ સ્વીકારવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે યુવાનોએ અતિ-વિશ્વાસનો ભોગ બનવું જોઈએ નહીં. આત્મવિશ્વાસ સારો છે પણ ગજા કરતાં વધારે આત્મવિશ્વાસ એ નિષ્ફળતા નોતરે છે.

યુવાનોએ તેમની મર્યાદાઓ જાણવી જોઈએ, વરિષ્ઠ લોકોનું નેતૃત્વ સ્વીકારવું જોઈએ અને તેમની સલાહ લેવી જોઈએ. જો અહંકાર તેમને આમ કરવાથી રોકે તો તેઓ સમાજ માટે બોજ સિવાય બીજું કંઈ નથી, જ્યારે વિનમ્ર યુવાનો માનવજાત માટે એક મહાન સંપત્તિ છે.

મહાન કાર્યોને સંપની જરૂર હોય છે, કારણ કે તે એકલ-દોકલ વ્યક્તિઓ દ્વારા હાથ ધરવામાં આવી શકતા નથી. તેમને ઘણા લોકોના સંગઠિત પ્રયત્નોની જરૂરત હોય છે. અને આ પ્રયાસોને એકસૂત્ર કરવા માટે એક નેતાની જરૂર પડે છે. તેથી યુવાનોએ તેમના નેતાઓને સ્વીકારવા જોઈએ, અને નેતાઓએ પણ તેમના યુવાનોને સન્માન આપવું જોઈએ.

વરિષ્ઠ વ્યક્તિ સેનાપતિ જેવો હોય છે અને યુવાનો સેના જેવા હોય છે. સેનાપતિ અને સેના બંને સમાન મહત્વના છે. અને, કોઈપણ મહાન લક્ષ્ય બંનેના સંયુક્ત પ્રયાસોથી પ્રાપ્ત કરી શકાય છે.

## * શુદ્ધિકરણની પ્રક્રિયા *

વરસાદ એ એક અનોખી કુદરતી ઘટના છે, જેનો કુરાનમાં ઘણી વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવો જ એક સંદર્ભ 'કાફ' પ્રકરણમાં આપવામાં આવ્યો છે; તેનો અનુવાદ નીચે મુજબ છે;

**અને અમે આકાશમાંથી આશીર્વાદરૂપ વરસાદ વરસાવીએ છીએ, જેનાથી અમે પાક માટે બગીચાઓ અને અનાજ ઉગાડયા છે. (૫૦:૯)**

આ શ્લોકમાં 'આશીર્વાદિત પાણી' નો અર્થ તાજું પાણી એવો થાય છે. આ પાણી શુદ્ધ છે જે વરસાદ તરીકે નીચે આવે છે, જે પૃથ્વીની સપાટી પરની તમામ હરિયાળીને જરૂરી પોષણ આપે છે. વરસાદ વગર સમગ્ર જમીનની સપાટી વિશાળ રણ જેવી બની જાય છે.

**દરેક વ્યક્તિએ બિનભૌતિકવાદની કળા શીખવી જોઈએ; દરેક વ્યક્તિએ ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક સામગ્રી તારવવાની કળા શીખવી જોઈએ. આ પ્રક્રિયા દ્વારા જ આપણે આપણી શ્રદ્ધા વિકસાવી શકીએ છીએ.**

શુદ્ધ પાણી એટલે ડિસેલિનેટેડ (ખારાશથી વિશુદ્ધ કરેલું) પાણી. આ પાણીનો મૂળ સ્ત્રોત સમુદ્ર અને મહાસાગરોમાં સંગ્રહિત નમકવાળું પાણી છે જે પૃથ્વીની સપાટીના ત્રણ-ચતુર્થાંશ ભાગમાં ફેલાયેલું છે. આ સંગ્રહિત પાણી ખારું છે, પ્રકૃતિએ આ પાણીમાં ૩.૫ ટકા નમક પ્રિઝર્વેટિવ તરીકે ભેળવ્યું છે. જો કે, ખારું પાણી માણસ કે ખેતી માટે ઉપયોગી હોતું નથી.

તે પ્રકૃતિ છે જે વૈશ્વિક  ડિસેલિનેશનની પ્રક્રિયા કરે છે. તે ડિસેલિનેટેડ પાણી છે જે, કુદરતના સ્થાપિત કાયદા દ્વારા, વરાળના રૂપમાં ઉપર ચઢે છે, અને વાદળો બનાવે છે. પછી વાદળોમાંથી ચોખ્ખા પાણીનો ધોધ વરસાવે છે. તે આ આશીર્વાદિત એટલે કે ડિસેલિનેટેડ પાણી છે, જે નીચે ઉતરીને, મનુષ્યો અને કૃષિની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

આપણે આપણી જાતને કેવી રીતે શુદ્ધ કરી શકીએ તેનું પ્રકૃતિ દ્વારા આ એક ઉદાહરણ છે. આ કુદરતી માળખાને અનુસરીને, આપણે આપણી આસપાસની વસ્તુઓને ચિંતન દ્વારા ઉપયોગમાં લેવી જોઈએ, અને તેને આપણાં આત્માના શુદ્ધિકરણ (તઝકિયા) માટેના સાધન તરીકે સેવામાં લેવું જોઈએ.

કુદરતના જળાશયોમાં નમકનું ચોક્કસ પ્રમાણ હોય છે. પરંતુ કુદરત પાણીની સામગ્રીને મીઠાંના તત્વથી જુદી પાડે છે, અને આમ પાણીને માણસ અને ખેતી માટે ઉપયોગી બનાવે છે. આ બીજી બધી બાબતોમાં પણ સાચું છે. આપણી આસપાસની દરેક વસ્તુ, નાની કે મોટી, ભૌતિક તત્વોની સાથે સાથે આધ્યાત્મિક સામગ્રી પણ ધરાવે છે. આધ્યાત્મિક સામગ્રીને તારવવા માટે આપણે આ વસ્તુઓને ડીમટીરિયલાઈઝ કરવી પડશે. ત્યારબાદ, આપણે તેને આપણા તઝકીયા માટે આધ્યામિક ખોરાક તરીકે લઈ શકીએ છીએ.

દરેક વ્યક્તિએ આ બિનભૌતિકવાદની કળા શીખવી જોઈએ; દરેક વ્યક્તિએ ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક સામગ્રી તારવવાની કળા શીખવી જોઈએ. ફક્ત આ પ્રક્રિયા દ્વારા જ આપણે આપણી શ્રદ્ધા વિકસાવી શકીએ છીએ.

પાણી આપણો ભૌતિક આહાર છે, પરંતુ ભૌતિક આહાર પૂરતો નથી. તેની સાથે આપણને આધ્યાત્મિક આહારની આવશ્યકતા છે. અને તે આધ્યાત્મિક આહાર મેળવવાની

રીત એ છે કે તેને ભૌતિક ચીજોના કચરાથી અલગ કરવું, જેમ દરિયાના પાણીથી મીઠું અલગ થઈને આપણને તાજું પાણી મળે છે.

આપણે કુદરતી પ્રક્રિયા દ્વારા પાણી મેળવીએ છીએ, પરંતુ આધ્યાત્મિક આહાર ફક્ત બૌદ્ધિક પ્રક્રિયા દ્વારા જ મેળવી શકાય છે. આ પ્રક્રિયા વગર, આપણે ચોક્કસપણે આધ્યાત્મિક ભૂખમરો અને અંતે આધ્યાત્મિક મૃત્યુનો સામનો કરીશું.

ઉદાહરણ તરીકે, બધા જીવો બોલી શકે છે. તેમ છતાં સંવાદનો મૌખિક વિનિમય એ મનુષ્ય માટે એક વિશિષ્ટ પ્રક્રિયા છેઃ આ વિશ્વમાં અન્ય કોઈ જીવ આપણી સાથે આ ક્ષમતામાં ભાગ પડાવતું નથી. ભાષા દેખીતી રીતે એક ભૌતિક પ્રક્રિયા  છે, પરંતુ તેમાં આધ્યાત્મિક સામગ્રી પણ છે, જેમાં તે આપણને ઈશ્વર દ્વારા આપવામાં આવેલ વિશેષ આશીર્વાદની યાદ અપાવે છે.

અને આ પ્રકટીકરણ આપણને ઈશ્વરને ખૂબ જ ઉચ્ચ ભાષામાં સ્વીકારવા માટે સક્ષમ બનાવે છે - એવું કંઈક જે ભૌતિક વિશ્વમાં અન્ય કોઈ જીવ કરી શકતું નથી.

## * શાણપણનું ઉલ્લંઘન *

કુરાનના અધ્યાય અલ-અનફાલ (યુદ્ધની લૂંટ) માં ખાસ કરીને ખોટાઓ માટે સાર્વત્રિક વેદના અંગેનો એક ખૂબ જ મહત્વપૂર્ણ સામાજિક કાયદો મૂકવામાં આવ્યો છે. સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે;

**અને એવી મુસીબતથી સાવધ રહો કે જે ફક્ત તેમને જ અસર નહીં કરે જેમણે તમારામાંથી ખોટું કર્યું છે. અને જાણો કે અલ્લાહ સજામાં સખત છે. (૮:૨૫)**

કુરાનનો આ શ્લોક એવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે જ્યારે, સમાજમાં, તેના કેટલાક સભ્યો ભ્રષ્ટાચારમાં સામેલ હોય જ્યારે અન્ય લોકો મૌન રહે અથવા આંખ આડા કાન કરે. જો આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો કુદરતનો નિયમ તે સમાજને સજા આપે છે. પરંતુ આ સજા માત્ર ભ્રષ્ટાચારમાં પ્રત્યક્ષ રીતે સંડોવાયેલા લોકો પુરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ આખા સમાજને આવરી લે છે કારણકે, જો થોડાક સભ્યો ભ્રષ્ટાચારમાં પ્રત્યક્ષ રીતે સંડોવાયેલા હોય તો અન્ય લોકો તેમના મૌનને કારણે પરોક્ષ રીતે સંડોવાયેલા ગણાય છે.

**સામાજિક બાબતોમાં, ન્યાય અને માનવ અધિકાર એ માપદંડ નથીઃ આવી બાબતોમાં વ્યવહારુ શાણપણ ધ્યાનમાં લેવું જોઈએ.**

**ઘણીવાર વાસ્તવિક દ્રષ્ટિકોણ નિર્ણાયક પરિબળ બની રહે છે.**

આ કાયદો એવી પરિસ્થિતિઓને પણ આવરી લે છે જેમાં કેટલાક લોકો બીજાઓ પર હિંસા આચરે છે અને સમાજના બીજા લોકો પોતાને અલાયદા રાખે છે. તો, આવી પરિસ્થિતિમાં જ્યારે પીડિત-પક્ષ તરફથી પ્રતિક્રિયા આવે છે ત્યારે તેની અસર એ ફક્ત સીધી હિંસા આચરનારા લોકો પૂરતી મર્યાદિત રહેતી નથી પરંતુ આખા સમાજને અસર કરે છે. તેથી, દરેક પરિસ્થિતિમાં, લોકોએ તેમની ક્રિયાઓનું પરિણામ જોવું જોઈએ. અન્ય પક્ષ દ્વારા થતાં અત્યાચારો ટાંકવાથી 'દુશ્મનો' સામેના બદલાની કાર્યવાહી યોગ્ય ઠરતી નથી. તે નિશ્ચિત છે કે તમારી ક્રિયા પછી સામેનો પક્ષ પણ પ્રતિક્રિયા આપશે, તેથી તમારે આવી કાર્યવાહી કે જે સમસ્યાઓ હલ કરવાને બદલે વધુ સર્જે છે, તેને ચાલુ કરવાને બદલે તમારી ધીરજ જાળવી રાખવી પડશે.

આ પ્રકારનું એક ઉદાહરણ કુરાનમાં અલ-નમ્લ (કીડીઓ) ના પ્રકરણમાં એક શ્લોકમાં આપવામાં આવ્યું છે. આ વાર્તા એક મૌન પ્રશંસા છે. શેબા રાષ્ટ્ર પર દેખીતી રીતે રાજકીય અન્યાય થવાનો હતો, પરંતુ તે રાષ્ટ્રના રહેવાસીઓએ ઘર્ષણાત્મક પગલાંને ટાળ્યું કારણ કે, તે પરિસ્થિતિમાં, મુકાબલાનું પરિણામ નકારાત્મક જણાતું હતું. તેમના નેતાએ અન્યાયને આમ કહીને સ્વીકાર્યો કેઃ;

**ચોક્કસપણે, જ્યારે શક્તિશાળી રાજાઓ કોઈ દેશ પર આક્રમણ કરે છે,**
**ત્યારે તેઓ તેને ઉજાડે છે અને તેના ઉમરાવોને અપમાનિત કરે છે**
**આ લોકો તે જ કરશે. (૨૭:૩૪)**

કુરાન દ્વારા વર્ણવેલ આ દાખલો આપણને ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંત આપે છે. કેટલીકવાર તમારે પરિસ્થિતિ સાથે સમાધાન કરવું પડે છે, ભલે એવું લાગે કે તે માનવ અધિકારોનું ઉલ્લંઘન છે.

સામાજિક બાબતોમાં, ન્યાય અને માનવ અધિકાર એ માપદંડ નથીઃ આવી બાબતોમાં વ્યવહારુ શાણપણ ધ્યાનમાં લેવું જોઈએ. ઘણીવાર વાસ્તવિક દ્રષ્ટિકોણ નિર્ણાયક પરિબળ બની રહે છે.

જો તમે શેરીઓમાં ભેગા થઈને જૂથ-વિરોધ કે દેખાવોનું આયોજન કરો છો અને જો એવું થાય કે તમારા જૂથના કેટલાક સભ્યો પોલીસ પર પથ્થરમારો કરે, તો તે સ્વાભાવિક છે કે પોલીસ જો સશસ્ત્ર હશે તો તેના જવાબમાં ગોળીબાર કરશે. આવી પરિસ્થિતિમાં જેઓએ પથ્થર ફેંકયા હતા ફક્ત તેમને જ ગોળીઓ વાગે અને અન્યો

સહીસલામત રહે એ શકય નથી. તેઓ તમારા જૂથના તમામ સભ્યોને અસર કરશે, ભલે તેઓ શાંતિપૂર્ણ દેખાવકારો હોય.

આવી સ્થિતિમાં આ માનવાધિકારનું ઉલ્લંઘન હતું એમ કહેવું નિરર્થક છે. હકીકતમાં તે માનવ અધિકારોને બદલે શાણપણનું ઉલ્લંઘન હતું. તમે તમારી પોતાની અવિવેકી નીતિની કિંમત ચૂકવી રહ્યા છો. તેથી, તમારી જાતને દોષ આપો, અન્યોને નહીં.

## * માનવ જીવન એ ઈશ્વરના આશીર્વાદ છે *

સર્વશક્તિમાન ઈશ્વરે, જીવંત અને નિર્જીવ, એવી કરોડો અને અબજો વસ્તુઓનું સર્જન કર્યું છે. આ બધામાંથી, માણસ એકમાત્ર એવો જીવ છે જેને આનંદની ભાવના અર્પણ કરી છે. આ અનોખી માનવીય સંવેદના તેના જીવનને અનુકૂળ અને રસપ્રદ બનાવે છે. જો આ ભાવના ના આપી હોત તો માણસનું જીવન પત્થર કે રોબોટ જેવું થઈ જાત. તદુપરાંત, દરેક વ્યક્તિને પોતાની બધી ઈચ્છાઓ પૂર્ણ કરવાની ખેવના હોય છે, પરંતુ આ વિશ્વમાં ઘણી બધી મર્યાદાઓ તેમજ અડચણો છે. તેથી, મનુષ્ય, ગરીબ હોય કે ધનવાન, તેને બધી જ ઈચ્છાઓની પરિપૂર્ણતા મેળવવી અવાસ્તવિક છે.

**માણસ આ હેતુ માટે બનાવવામાં આવ્યો છેઃ માણસને ઈશ્વરના સૌથી મોટા વરદાન એટલે કે સ્વર્ગનો આનંદ માણવા માટે બનાવવામાં આવ્યો છે.**

પરંતુ, અહીં સર્વશક્તિમાન ઈશ્વરે માણસને બીજું અનોખું વરદાન પણ આપ્યું છે. તેમણે સ્વર્ગ બનાવ્યું છે, આદર્શ પરિસ્થિતિઓ સાથેનું એક સંપૂર્ણ વિશ્વ. ત્યારબાદ, સર્વશક્તિમાન ઈશ્વરે આદેશ આપ્યો છે કે જેઓ પોતાને તેના માટે લાયક સાબિત કરશે તેઓને આ સંપૂર્ણ વિશ્વમાં અનંતકાળ માટે રહેવા મળશે. આ વિશેષ આશીર્વાદનો ઉલ્લેખ કરતી કુરાનની એક આયાત અહીં ટાંકવામાં આવી છે;

**તેમાં તમારી પાસે તમારા આત્માની ઈચ્છા હોય તે બધું હશે, અને ત્યાં તમારી પાસે તે બધું હશે જે તમે માંગશો. (૪૧ઃ૩૧)**

સર્વશક્તિમાન ઈશ્વરે નક્કી કર્યું કે જેઓ દિવ્ય કસોટીમાં પાસ થશે તે સ્ત્રી-પુરુષોને આ શાશ્વત સ્વર્ગમાં સ્થાયી થવા માટે પસંદ કરવામાં આવશે, જ્યાં કોઈ ભય નથી, કોઈ ખામીઓ નથી, કોઈ મર્યાદાઓ નથી અને કોઈ પ્રતિકૂળતાઓ નથી. સ્વર્ગ માટે લાયક ઉમેદવારો માટેનો મુખ્યત્વેનો માપદંડ એક છે, અને તે એ છે કે તેઓએ સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા તેમને આપવામાં આવેલી સ્વતંત્રતાનો દુરુપયોગ ન કર્યો હોવો જોઈએ.

કુરાનમાં આ સ્વતંત્રતાના ઉપયોગો કયાં કરવા અને કયાં ન કરવા વિશે સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છેઃ જેઓ આ માપદંડોને સંરેખિત રહેશે તેઓને જ પરલોકમાં સ્વર્ગમાં પ્રવેશ માટે પસંદ કરવામાં આવશે.

ઈશ્વરે માનવ જીવનને બે ભાગોમાં વહેંચ્યું છે - મૃત્યુ પહેલાંનો  સમયગાળો અને મૃત્યુ પછીનો સમયગાળો. મૃત્યુ પહેલાંનો  સમયગાળો એક અજમાયશ છે. અજમાયશના સમયગાળા દરમિયાન મનુષ્યની કસોટી કરવામાં આવે છે જેથી તેનો ન્યાય થઈ શકે, જ્યારે મૃત્યુ પછીનો સમયગાળો પુરસ્કાર અથવા સજાનો છે. દરેક વ્યક્તિને સ્વતંત્રતા આપવામાં આવી છે અને નિર્ણાયક કસોટી એ છે કે તે તેની સ્વતંત્રતાનો સદ્દુપયોગ કરે છે કે દુરુપયોગ. એક અદ્રશ્ય પ્રણાલી દ્વારા, દિવસ અને રાત જીવનની નોંધ કરવામાં આવે છે. અને અંતે, આ નોંધ  ઈશ્વર સમક્ષ રજૂ કરવામાં આવશે અને, તેના આધારે, સર્વશક્તિમાન ઈશ્વર દરેક સ્ત્રી-પુરુષનું ભાવિ નક્કી કરશે. જેઓ પરીક્ષામાં નિષ્ફળ થશે તેઓને સાર્વત્રિક કચરાપેટીમાં ફેંકી દેવામાં આવશે, જ્યારે પરીક્ષામાં સફળ થનારને સ્વર્ગમાં દાખલ કરવામાં આવશે.

માણસ આ હેતુ માટે બનાવવામાં આવ્યો છે. તેને ઈશ્વરના સૌથી મોટા વરદાન એટલે કે સ્વર્ગનો આનંદ માણવા માટે બનાવવામાં આવ્યો છે. પરંતુ એવા લોકો જ આ આનંદનો અનુભવ કરી શકશે જેઓ સાબિત કરે છે કે તેઓ તેના માટે લાયક ઉમેદવારો છે. આ મનુષ્ય માટે ઈશ્વરના સૌથી મોટા આશીર્વાદ છે. આ આશીર્વાદ એટલા મહાન છે કે તે જીવનની તમામ મુશ્કેલીઓને ન્યાયી ઠેરવવા માટે પૂરતા છે.

સ્વર્ગના ખ્યાલની, માનવીય ઈચ્છાઓના સુંદર આદર્શીકરણ તરીકે મશ્કરી કરવામાં આવે છે. પણ એ કહેવું વધુ યોગ્ય રહેશે કે સ્વર્ગ એ માનવ ઈચ્છાઓની સુંદર અનુભૂતિ છે. ઈચ્છાઓની વાસ્તવિકતા જોતાં, તેમની પરિપૂર્ણતા પણ વાસ્તવિક હોવી જોઈએ તે સ્વાભાવિક છે. તે માનવું તદ્દન તર્કસંગત છે કે પરિપૂર્ણતા શકય છે - જો કે તે દૂર ભવિષ્યમાં છે.

## * કુરાનમાં નસ્ખનો ખ્યાલ *

એક સામાન્ય માન્યતા છે કે કુરાનની કેટલીક કલમો રદ કરવામાં આવી છે, પરંતુ તે કુરાનની હાલની આવૃતિમાં ઉપલબ્ધ હોવા છતાં તે કોઈપણ વ્યવહારિક અર્થમાં આપણા જીવનને લાગુ પડતી નથી. આ ધારણા કુરાનના નીચેના શ્લોક પર આધારિત છે;

**મા નન્સખ્ મિન આયતીન અવ્ નુન્સિહા નએતિ બિ ખય્ રિમ્મિન્હા અવ્ મિષ્લિહા – અલમ્ તઅેલમ્ અન્ન લ્લાહ અલા કુલ્લિ શય્ ઈન્ કદીર (૨:૧૦૬)**

**જો અમે કયારેય કોઈ આયાત રદ કરીએ છીએ અથવા તેને ભૂલાવી દઈએ છીએ, તો અમે તેના સ્થાને તેનાથી વધુ સારી અથવા તેના જેવી જ કોઈ આયાત સાથે બદલીએ છીએ. શું તમે નથી જાણતા કે અલ્લાહ દરેક વસ્તુ પર સત્તા ધરાવે છે? (૨:૧૦૬)**

પરંતુ આ અર્થઘટન યોગ્ય નથી . હકીકતમાં, નસ્ખ શબ્દમાં શાશ્વત રદબાતલનો અર્થ નથી; તેનો ઉપયોગ અસ્થાયી મોકૂફીના અર્થમાં થાય છે. સૈદ્ધાંતિક રીતે તે દરેક યુગમાં લાગુ પડે છે, પરંતુ તેનું અમલીકરણ પરિસ્થિતિ પર આધાર રાખે છે. જો પરિસ્થિતિ પરવાનગી આપશે, તો જ આ કલમોનો સંદેશ લાગુ પડશે, પરંતુ જો પરિસ્થિતિ મંજૂરી નહીં આપે તો આ કલમોનો સંદેશ સ્થગિત થઈ જશે.

હાલમાં, કુરાન એક સંપૂર્ણ ગ્રંથ તરીકે નજર આવે છે, જો કે આ પ્રકારની ગોઠવણ પાછળના સમયમાં થયેલી છે. હકીકત એ છે કે કુરાન પરિસ્થિતિને અનુરૂપ ટુકડે-ટુકડે પ્રકટ કરવામાં આવ્યું હતું. આ સાક્ષાત્કાર પયગંબર સાહેબના જીવનના પૂરા ત્રેવીસ વર્ષ સુધી ચાલુ રહ્યો. (કુરાનનું જે વર્તમાન સ્વરૂપ છે એ માત્ર  પયગંબર સાહેબના જીવનના અંતિમ દિવસોમાં જ સંકલિત કરવામાં આવ્યું હતું). એ હકીકતને અનુલક્ષીને કે, કુરાનના આદેશોની લાગુતા વિવિધ સમયગાળા અને પરિસ્થિતિઓ સાથે સંબંધિત સંખ્યાબંધ પરિબળો પર સંભાવ્ય હોઈ શકે છે, તેના આદેશોનો સાર, પ્રકૃતિમાં શાશ્વત રહે છે.

દાખલા તરીકે, ચાલો આપણે ઉપવાસનું ઉદાહરણ લઈએ. પ્રારંભિક તબક્કામાં, ઉપવાસ માત્ર થોડા દિવસો એટલે કે દસ દિવસો માટે રાખવાના હતા. પરંતુ પછીથી એવું જાહેર થયું કે આસ્થાવાનોએ રમઝાનનો આખો મહિનો ઉપવાસ ચાલુ રાખવાનો છે. હવે, સામાન્ય રીતે કહીએ તો, આસ્થાવાનોએ રમઝાનનો આખો મહિનો ઉપવાસ કરવો જરૂરી છે, પરંતુ નવા લોકો માટે શરૂઆતમાં દિવસોની સંખ્યામાં ઘટાડો કરી શકાય, જો તેઓ આખો મહિનો ઉપવાસ ના કરી શકતા હોય.

**લોકો તેને સ્વીકારવા તૈયાર છે કે નહીં તે જોયા વિના નવા પગલાં સાથે આગળ વધવામાં ઈસ્લામ માનતો નથી.**

ઈસ્લામના પ્રારંભિક સમયમાં, સામાજિક કાયદાઓ માટે પણ આ જ સાચું હતું, કારણકે તે ખાસ કરીને કુરાનમાં નિર્ધારિત નહોતા. સમગ્ર મક્કન સમયગાળા દરમિયાન આ સ્થિતિ હતી, પરંતુ જ્યારે પયગંબર સાહેબ સ્થળાંતર કરીને મદીનામાં સ્થાયી થયા, ત્યારે આ સામાજિક કાયદાઓ જાહેર થયા, કારણ કે મદીનામાં પયગંબર સાહેબ એક સમાજ સ્થાપિત કરવામાં સક્ષમ બન્યા અને લોકો આ કાયદાઓને સ્વીકારવા તૈયાર હતાં. આ બાબત કુરાનના તમામ આદેશો માટે લાગુ પડે છે. તે નિરંકુશ સિદ્ધાંતો નથી પરંતુ વ્યક્તિઓ અને સમાજની વિવિધ ક્ષમતાઓને ધ્યાનમાં લઈને લાગુ પડે છે.

ઈસ્લામ આદેશોના આકસ્મિક નહીં પરંતુ ક્રમિક પરિચયમાં માને છે. એટલે કે, લોકો તેને સ્વીકારવા તૈયાર છે કે નહીં તે જોયા વિના નવા પગલાંઓ સાથે આગળ વધવામાં ઈસ્લામ માનતો નથી.

આ સિદ્ધાંત એવા દેશો-રાજ્યોને પણ લાગુ પડે છે, કે જેમનું કર્તવ્ય ઈસ્લામના તમામ આદેશોનું પાલન કરવાનું હોય. પરંતુ તે નિરંકુશ નથી. સૈદ્ધાંતિક રીતે, ઈસ્લામિક રાજ્યની કુરાનના આદેશોના અમલીકરણની જવાબદારી હોય છે, પરંતુ શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તે ફક્ત લોકોની ક્ષમતા અનુસાર જ થવો જોઈએ. જો પ્રજાની માનસિક તૈયારીના અભાવને કારણે ઈસ્લામિક આદેશો લોકોને સ્વીકાર્ય ન હોય, તો તેને ધીમી અને ક્રમશઃ પ્રક્રિયા દ્વારા જ અમલમાં લાવવું.

## * લઘુમતી – બહુમતી સમીકરણ *

કુરાનમાં અધ્યાય અલ-બકરહ (વાછરી) માં દર્શાવેલ પ્રકૃતિના નિર્ધારિત નિયમ મુજબ, 'લઘુમતી' અને 'બહુમતી' સાપેક્ષ શબ્દો છે. એ જણાવે છે કે જથ્થા કરતાં ગુણવત્તા વધારે મહત્વની છે. સંબંધિત શ્લોકનો અનુવાદ આ મુજબ છે;

**ઘણા નાના જૂથો, અલ્લાહની મરજીથી મોટા જૂથ સામે જીતી ગયા છે.**
**અલ્લાહ ખરેખર અડગ લોકો સાથે છે. (૨:૨૪૯)**

બહુમતી પર લઘુમતીનું વર્ચસ્વ હોવું એ રહસ્યમય વાત નથી. તે ઘટનાઓનો સ્વીકૃત ક્રમ માત્ર છે જે ઉપરોક્ત શ્લોકમાં દિવ્ય 'અનુમતિ' ને આભારી અને પ્રકૃતિના નિયમ પર આધારિત છે.

બહુમતી પર લઘુમતીની સફળતા એ કોઈ યુદ્ધના મેદાનમાં રમાતી ઘટના નથી. વાસ્તવમાં, તે જીવનના સહજ પડકારો અને સ્પર્ધામાંથી ઉદ્દભવતી પ્રક્રિયાઓનું પરિણામ

છે. આ તો કુદરતી કાયદો છે જે અનિવાર્યપણે બે જૂથો વચ્ચેની પ્રક્રિયાને ગતિમાન રાખે છે, જે ઘણી પેઢીઓ સુધી ચાલુ રહી શકે છે. આ પ્રક્રિયા એક તરફ બહુમતી વચ્ચે અને બીજી તરફ લઘુમતી બંને વચ્ચે સમાંતર રીતે ચાલુ રહે છે, અને આ ફક્ત એક કુદરતી ક્રમ છે જે લઘુમતીને બહુમતી પર વિજય મેળવવા માટે સક્ષમ હોવાનો અંતિમ ચમત્કાર લાવવા માટે મુખ્યત્વે જવાબદાર છે.

બહુમતી, સભાનપણે કે અજાણપણે, અન્ય જૂથની તુલનામાં ઉચ્ચ સ્થિતિમાં હોવાના કારણે અનુકૂળ પરિસ્થિતિઓની મજા માણે છે. બીજી બાજુ લઘુમતી, સભાનપણે કે અજાણપણે, રક્ષણાત્મક અભિગમ અપનાવે છેઃ તેમની પાસે અન્ય જૂથ કરતાં વધુ સખત મહેનત કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

જો કે અલગ અલગ રીતે પરંતુ  આ એક બેવડી પ્રક્રિયા છે જે બંને સમુદાયોને સક્રિય રાખે છે. બહુમતી જૂથમાં તૃપ્તિની ભાવનાને કારણે તેમની સર્જનાત્મકતામાં ઘટાડો થાય છે અને સખત મહેનત તેમની પ્રાથમિકતા રહેતી નથી. તેનાથી વિપરીત, લઘુમતી જૂથ એક પ્રકારની રક્ષણાત્મક માનસિકતા વિકસાવે છે. તેમને એવું લાગે છે કે જો તેમને બહુમતી સામે ઊભુ રહેવું હશે, તો તેમણે અન્ય જૂથ કરતાં વધુ મહેનત કરવી પડશે. આ પ્રકારની અતૃપ્તિ લઘુમતીની સર્જનાત્મકતામાં સતત વધારા સાથે સકારાત્મક પરિણામ આપે છે.

કુરાનના ઉપરોક્ત શ્લોકમાં ઉલ્લેખિત આ કાયદા અનુસાર, સમાજના વિવિધ જૂથો વચ્ચે એક કુદરતી પ્રક્રિયા હંમેશા વિપરીત દિશામાં ચાલુ રહે છે. તે બહુમતીને ઓછી શકિતશાળી અને લઘુમતીને વધારે શક્તિશાળી બનાવે છે.

કુદરતનો આ નિયમ આપણને કહે છે કે વિરોધ નોંધાવવાનો આશરો ન લેવો જોઈએ. એવી પરિસ્થિતિમાં જ્યાં લઘુમતી ભેદભાવ અથવા અન્ય કોઈપણ પ્રકારના નકારાત્મક વર્તનનો સામનો કરે ત્યાં તેમણે ત્વરિત પ્રતિક્રિયા આપવાથી બચવું જોઈએ. તેમના નેતાએ સમુદાયને સમજાવવું જોઈએ કે આ પરિસ્થિતિને ભેદભાવ તરીકે લેવાને બદલે પડકાર તરીકે લે, અને તેમને બહુમતી સમુદાયના વલણ તરીકે લેવાને બદલે પ્રકૃતિના નિયમ તરીકે સ્વીકારે.

લઘુમતી સમુદાય માટે આવી સ્થિતિમાં પાયાની જરૂરિયાત એ છે કે તેઓ પોતાને હતાશા અને નિરાશાનો શિકાર બનવાથી બચાવે. તેમણે પરિસ્થિતિઓને તકો અથવા મોકાઓ તરીકે લેવી જોઈએ. તેમણે કોઈપણ કિંમતે તેમની સકારાત્મકતા જાળવી રાખવી જોઈએ. જો લઘુમતી જૂથમાં આ માનસિકતા હશે, તો તે પ્રથમ અથવા પછીની પેઢીઓમાં જરૂર સર્જનાત્મક શક્તિ તરીકે ઉભરી આવશે.

# * હાબિલ સંસ્કૃતિ *

હાબિલ અને કાબિલ બે ભાઈઓ હતા. તેઓ આદમ અને હવ્વાની પ્રથમ પેઢીના પુત્રો હતા. બંને વચ્ચે કેટલાક મતભેદો ઉભા થયા, અને આખરે કાબિલે હાબિલને ગુસ્સામાં કહ્યુંઃ **''હું તને મારી નાખીશ!''(૫ઃ૨૭)**. હાબિલે પ્રતિક્રિયા આપવાને બદલે શાંતિથી જવાબ આપ્યો; **''જો તમે મને મારવા માટે તમારો હાથ ઊંચો કરશો, તો (પણ) હું તમને મારવા માટે મારો હાથ નહીં ઉપાડીશ. કારણકે હું અલ્લાહ, આખા જગતના પાલનહારથી ડરું છું.'' (૫ઃ૨૮)** આ ઘટના માત્ર બે ભાઈઓ વચ્ચે એકવાર બનેલી ઘટના પૂરતી મર્યાદિત વાત નથી, પરંતુ તે આપણને ઉત્કૃષ્ટ ચારિત્ર્યનો એક સાર્વત્રિક સિદ્ધાંત આપે છે.

કુરાનની દરેક કલમના બે પાસાઓ છેઃ પ્રથમ, તેનો પ્રાથમિક અર્થ અને બીજો, તેનો વિસ્તૃત ઉપયોગ. કુરાનની આ આયતનું પણ આવું જ છે. તેના પ્રાથમિક અર્થમાં, તે હત્યારાને મારવાના કોઈપણ પ્રયાસ વિના તેને માર્યાની વાર્તા કહે છે. પરંતુ, કુરાનના આ શ્લોકનો વિસ્તૃત ઉપયોગ પણ છે. જો કે શાબ્દિક અર્થમાં, આ શ્લોકમાં ટાંકવામાં આવેલી ઘટના ઈતિહાસમાં માત્ર એક જ વાર બની હશે. પરંતુ, ભાવનાની દ્રષ્ટિએ, તે ઉચ્ચ નૈતિક મૂલ્યનો ઉલ્લેખ કરે છે, જે દરેક વ્યક્તિ તેમજ દરેક જૂથ માટે સુસંગત છે.

**કુરાનની દરેક કલમના બે પાસાઓ છેઃ**
**પ્રથમ, તેનો પ્રાથમિક અર્થ અને બીજો, તેનો વિસ્તૃત ઉપયોગ.**

આ વર્તનની શાશ્વત ભાવના શું છે? તે નકારાત્મક વર્તન છતાં સકારાત્મક વલણ પ્રદર્શિત કરે છે. સારમાં, હાબિલનો પ્રતિભાવ એ જ હતો, એટલે કે, તેણે અન્ય પક્ષ તરફથી નકારાત્મક વર્તન અનુભવવા છતાં સકારાત્મક વર્તન પસંદ કર્યું. આ અર્થમાં, કુરાનનો આ શ્લોક આપણને એક સિદ્ધાંત આપે છે જે દરેક જગ્યાએ દરેક સમય માટે લાગુ પડે છે.

જીવન સમસ્યાઓ અને મતભેદોથી ભરેલું છે. આવી સ્થિતિમાં, દર વખતે તમારે બે પ્રકારના વર્તન વચ્ચે એક વિકલ્પ પસંદ કરવો પડશેઃ નકારાત્મક વર્તનના જવાબમાં નકારાત્મક વર્તન અથવા નકારાત્મક વર્તનના જવાબમાં સકારાત્મક વર્તન. હાબિલ સંસ્કૃતિ એ બીજા પ્રકારનું વર્તન પસંદ કરવાનું શીખવે છે, એટલે કે નકારાત્મકતાના પ્રતિભાવમાં સકારાત્મકતા. આ હાબિલ સંસ્કૃતિ એ જીવનનું ઉત્તમ સૂત્ર છે. તે એકમાત્ર સૂત્ર છે જે સફળતાની ખાતરી આપી શકે છે.

## * તમામ શ્રેય સર્વશક્તિમાન ઈશ્વરને જાય છે. *

૬ જુલાઈ, ૨૦૧૪ ના રોજ વિમ્બલ્ડન ખાતે આયોજિત ટેનિસ ગ્રાન્ડ સ્લેમમાં, સર્બિયાના નોવાક જોકોવિચે સ્વિસ રોજર ફેડરરને હરાવ્યો હતો. ચાર કલાક લાંબી મેચમાં જીત મેળવ્યા બાદ જોકોવિચે કહ્યું હતું : "તે (ફેડરર) એક શાનદાર ચેમ્પિયન છે, એક ભવ્ય રોલ મોડલ છે. આજે મને જીતાડવા બદલ તમારો આભાર."

જ્યારે કોઈ વ્યક્તિ મહાન સફળતા પ્રાપ્ત કરે છે, ત્યારે તે હંમેશા તેનો શ્રેય ફક્ત પોતાને, તેના માતાપિતા, મિત્રો અથવા અન્ય કોઈને આપે છે. જો કે, આ અભિગમ તદ્દન ખામીભર્યો છે. વાસ્તવમા તો તે સર્વશક્તિમાન ઈશ્વર જ છે જેણે સફળ વ્યક્તિનું સર્જન કર્યું અને જેણે તે વ્યક્તિને અપેક્ષિત ભૂમિકા ભજવવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ પ્રદાન કરી. તેને પૂરી પાડવામાં આવેલ તમામ સહાય અને સમર્થન સીધું નિર્માતા દ્વારા આપવામાં આવ્યું. ઈશ્વર સિવાય કોઈની પાસે પણ, કોઈ વ્યક્તિ પર આ ભવ્ય ઉપકાર કરવાની શક્તિ નથી. તે વિચિત્ર વાત છે કે દરેક વ્યક્તિ આ હકીકતથી અજાણ બની જાય છે; તે આ બધા આશીર્વાદનો શ્રેય તેના સર્જકને આપવામાં નિષ્ફળ જાય છે. તેમાં કોઈ શંકા નથી કે આ માનવજાતની સૌથી મોટી ભૂલ છે.

કોઈપણ આશીર્વાદ કે સફળતા જે સ્ત્રી કે પુરુષને મળે છે તે તેની કે તેણીની પરીક્ષા છે. જો કોઈ વ્યક્તિ તેના સર્જકને શ્રેય આપે છે, તો તે તેની કસોટીમાં સફળ થાય છે. પરંતુ, જો તે સર્જક સિવાય અન્ય કોઈને શ્રેય આપે છે, તો તે તેની કસોટીમાં નિષ્ફળ જાય છે.

જો કે, આ સ્થિતિ માત્ર કયામતના દિવસ સુધી જ રહેશે. કયામતના દિવસે દરેક વસ્તુ પરથી પડદો ઉઠાવી લેવામાં આવશે, અને સત્ય એટલું સ્પષ્ટ થઈ જશે કે અંધ લોકો પણ તેને ઓળખી શકશે. તે દિવસે નિષ્ફળ લોકો તેમના માટે સજાની રાહ જોશે અને જેઓ કસોટીમાં સફળ થયા હશે તેમને પુરસ્કૃત કરવામાં આવશે. આ જ કારણ છે કે કુરાન આ દિવસને **''લાભ-ગેરલાભનો દિવસ'' (૬૪:૯)** તરીકે દર્શાવે છે.

## * સંતોષ અને અસંતોષ વચ્ચે *

કુરાનનો અધ્યાય ૧૦૨ જીવનની વાસ્તવિકતાનો ઉલ્લેખ આ શબ્દોમાં કરે છે;

**અલ્હાકુમુત્ તકાષુર્ હત્તા ઝુર્તુમુલ્ મકાબિર (૧૦૨:૧-૨)**

**વધુ ને વધુ પ્રાપ્ત કરવાની લાલસા તમને વિચલિત કરે છે.**
**જ્યાં સુધી તમે કબર સુધી પહોંચી જાવ છો ત્યાં સુધી (૧૦૨:૧-૨)**

આ શ્લોક એક ઐતિહાસિક હકીકતનો ઉલ્લેખ કરે છે. દરેક વ્યક્તિ વધુ ને વધુ ધન મેળવવામાં વ્યસ્ત રહે છે, પરંતુ બહુ ટૂંક સમયમાં જ તે તેની ઈચ્છાઓ પૂર્ણ કર્યા વિના જ મૃત્યુ પામે છે.

માનવ ઈતિહાસમાં આ દુઃખદ સ્થિતિ શા માટે છે? કારણ એ છે કે, વ્યક્તિ એ જાણ્યા વિના જ પોતાની ઈચ્છાઓને અનુસરે છે, કે આ હેતુ માટે દુનિયા બનાવવામાં જ આવી નથી. માણસ અને વિશ્વ વચ્ચેની આ અસમાનતા જ માણસને પરિપૂર્ણતા વિનાના દુઃખદ અંત તરફ દોરી જાય છે. આ વિશ્વ મર્યાદિત સમયગાળા ધરાવતા પરીક્ષણ-મેદાન તરીકે બનાવવામાં આવ્યું છે, માણસ માટે તેની અમર્યાદિત ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે નહીં.

દરેક સ્ત્રી-પુરુષ માટે જીવનનો સાચો માર્ગ એ છે કે સર્જકની રચનાનું આયોજન જાણવું અને તે મુજબ પોતાના જીવનનું આયોજન કરવું. માણસ વિશ્વનો સર્જક નથી, તેથી તેની પાસે નિર્માતા દ્વારા નિર્ધારિત વસ્તુઓની યોજનાને અનુસરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

જાણીતા અમેરિકન અબજોપતિ બિલ ગેટ્સ (જન્મ. ૧૯૫૫) લાંબા સંઘર્ષ પછી તેઓ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બન્યા ત્યાં સુધી પૈસા મેળવવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. પરંતુ, અંતે તેમણે શોધ્યું કે સંપત્તિ તેમની આંતરિક ઈચ્છાઓને પરિપૂર્ણ કરી શકતી નથી. વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં બોલતા, શ્રી ગેટ્સે કહ્યું હતું કે, "લાખો ડોલરની ઈચ્છા હોવી એ હું સમજી શકું છું - તે સ્વતંત્રતા છે. પરંતુ મારે તમને કહેવું પડશે કે એકવાર તમે તેનાથી આગળ વધી જશો, પછી બધુ એનું એ જ છે." (ધ ટેલિગ્રાફ, ઓક્ટોબર ૨૮, ૨૦૧૧).

**દરેક સ્ત્રી-પુરુષ માટે જીવનનો સાચો માર્ગ એ છે કે સર્જકની રચનાનું આયોજન જાણવું અને તે મુજબ પોતાના જીવનનું આયોજન કરવું.**

મતલબ કે પૈસાની મર્યાદા જરૂરિયાત પૂરતી જ હોય છે, પણ 'પૈસા ખાતર પૈસા' માટેની કોઈ મર્યાદા હોતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, 'પૈસા ખાતર પૈસા' એ એક અગમ્ય ધ્યેય છે. અને જે અગમ્ય ધ્યેય અપનાવે છે, તે હંમેશ માટે તણાવમાં રહે છે.

# * તર્કસંગત અને ભાવનાત્મક પસંદગી વચ્ચે *

જીવન એ પસંદગીની રમત છે. દરેક ક્ષણે તમારે કોઈને કોઈ વિકલ્પ પસંદ કરવો પડે છે, કાં તો તર્કસંગત સ્તરે અને અથવા તો ભાવનાત્મક સ્તરે. તર્કસંગત પસંદગી હંમેશા સફળતા તરફ દોરી જાય છે, જ્યારે ભાવનાત્મક પસંદગી ભલે તે સંપૂર્ણ નિષ્ફળતા ન પણ હોય, પરંતુ તે સમસ્યાઓ તરફ દોરી જાય છે, તર્કસંગત રીતે કરાયેલ પસંદગી વ્યક્તિને મનની શાંતિ આપે છે, જ્યારે ભાવનાત્મક પસંદગી જીવનમાં પાછળથી બીજા પ્રશ્નોને જન્મ આપે છે.

આ પ્રાકૃતિક નિયમના કારણે છે. પ્રકૃતિના નિયમો વાસ્તવિકતા પર આધારિત હોય છે, તે કોઈની લાગણીઓ પર આધારિત હોતા નથી. જ્યારે વ્યક્તિ કોઈ પરિસ્થિતિમાંથી પસાર થાય છે અને ત્યાંરે તે જો તર્કસંગત રીતે નિર્ણય લે છે, તો તેને તરત જ પ્રકૃતિના નિયમનો ટેકો મળે છે. પરંતુ, જો વ્યક્તિ પોતાની લાગણીઓના આધારે નિર્ણય લે છે, તો તેને કુદરતના નિયમનો સાથ મળતો નથી. આ તફાવત છે, જે સમસ્યાઓ સર્જે છે. કુરાનમાં કુદરતના આ નિયમનો ઉલ્લેખ નીચેના શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**વ અસા અન્ તક્રહૂ શયઅન્ વહુવ ખય્રુલ્લકુમ્ – વ અસા અન્ તુહિબ્બૂ શયઅન્ વહુવ શર્રુલ્લકુમ્ – વલ્લાહુ યઅલમુ વ અન્તુમ્ લા તઅલમૂન્ (૨:૨૧૬)**

**કદાચ કંઈક તમારા માટે સારું છે છતાં પણ તમને નાપસંદ છે,**
**અને કંઈક તમારા માટે ખરાબ છે છતાં પણ તમને ગમે છે.**
**અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા (૨:૨૧૬)**

કુરાન આ સિદ્ધાંતને લગ્નના મુદ્દા પર પણ લાગુ કરે છે. આ સંદર્ભમાં કુરાનમાં એક ખૂબ જ સુસંગત શ્લોક છે;

**અન્ તક્રહૂ શયઅન્ વ યજ્અલ લ્લાહુ ફીહિ ખય્રન્ કષીરા (૪:૧૯)**

**જો તમે તેમને નાપસંદ કરતા હોવ, તો એવું બની શકે છે કે**
**તમે એવી વસ્તુને નાપસંદ કરતા હોવ કે જેને અલ્લાહ કદાચ**
**પુષ્કળ આશીર્વાદનો સ્ત્રોત બનાવે. (૪:૧૯)**

લગ્નનો અનુભવ સમાજના દરેક સ્ત્રી-પુરુષના જીવનમાં થાય છે. સાંસારિક જીવનમાં આ અનુભવમાંથી કોઈ છૂટકો નથી. આમ લગ્ન સમયે, દરેક વ્યક્તિ કાં તો તર્કસંગત અને અથવા તો ભાવનાત્મક પસંદગી કરવાની ક્ષણમાંથી પસાર થાય છે. લગ્નની પ્રક્રિયા જીવનભરના સહચર્ય તરફ દોરી જાય છે. તેથી, બંને ભાગીદારો માટે આ બાબતમાં ખૂબ જ ગંભીર હોવું જરૂરી છે. તેઓએ ટૂંકા ગાળાના ફાયદાને બદલે લાંબા ગાળાના લાભો ધ્યાનમાં લેવા જોઈએ. બંનેએ ભાવનાત્મક નિર્ણય લેવાને બદલે તર્કસંગત નિર્ણય લેવો જોઈએ.

જો કે, એક સમસ્યા પણ છે. લગ્નનો સમય હંમેશા ત્યારે આવે છે જ્યારે બંને ભાગીદારો તેમની અપરિપકવતાની ઉંમરમાં હોય છે અને વાસ્તવિક જીવનનો અનુભવ પણ ઓછો હોય છે. આ તબક્કે, તેઓ સંપૂર્ણપણે ઉદ્દેશ્યના આધારે નિર્ણય લેવાની સ્થિતિમાં હોતા નથી.

તો પછી શું કરવું જોઈએ? કુરાન આ બાબતમાં નિર્ણય લેવા માટે ખૂબ જ વ્યવહારુ માપદંડ આપે છે. જે વ્યક્તિ આ વ્યવહારિક માપદંડને ધ્યાનમાં રાખે છે તે ખાતરી કરશે કે તેનું લગ્નજીવન સફળ છે. જેઓ આ માપદંડને અવગણે છે તેઓ તેમના દાંપત્ય-જીવનને સમસ્યારૂપ જીવનમાં ફેરવવાનું જોખમ લે છે.

આ સંબંધમાં કુરાનનો માપદંડ છેઃ તમારી ઈચ્છાઓને અનુસરવાને બદલે તમારા તર્કને અનુસરો. જેઓ તેમની ઈચ્છાથી સંચાલિત હોય છે તેઓ માત્ર દેખાવ જુએ છે, અથવા વસ્તુઓને ફેસ-વેલ્યુ પર લે છે. પરંતુ, તર્ક દ્વારા સંચાલિત થવાથી વ્યક્તિ બાબતની ઊંડાઈ સુધી પહોંચે છે. તર્ક વાસ્તવિકતાને અનુસરે છે અને વર્તમાનને બદલે ભવિષ્ય જોઈને નિર્ણય લે છે. આ તફાવતને લીધે, ભાવનાત્મક નિર્ણય સમસ્યાઓ સર્જે છે, જ્યારે તર્કસંગત નિર્ણય હંમેશા સફળતા તરફ દોરી જાય છે.

**લગ્નજીવનમાં ભાવનાત્મક પસંદગી કરવાથી કામચલાઉ મોજ તો મળી શકે છે,**
**પરંતુ લાંબા ગાળે તે સમસ્યારૂપ જીવનમાં ફેરવાઈ જાય છે.**
**જ્યારે, આ સંબંધમાં તર્કસંગત પસંદગી શરૂઆતમાં મુશ્કેલ લાગે છે,**
**પરંતુ લાંબા ગાળે તે ચોક્કસપણે બંને ભાગીદારો માટે સુખમય જીવનમાં પરિણમશે.**

ઉદાહરણ તરીકે, જો લગ્ન સમયે વ્યક્તિ ફક્ત દેખાવને જ પ્રાથમિકતા આપીને સુંદર જીવનસાથી પસંદ કરે, તો આ કોઈ સરળ બાબત નથી. આ બાહ્ય સુંદરતા તેની સાથે-સાથે સંપૂર્ણ સંસ્કૃતિ પણ લાવે છે જેમકે - મનોરંજન, ખરીદી અને ફેશનેબલ જીવનની સંસ્કૃતિ. આ પ્રકારની પસંદગી હેતુથી વિચલિત કરી શકે છે, એટલે કે, ભૌતિક

વસ્તુઓ પર અતિશય ખર્ચ, ઉડાઉગીરી, મનોરંજન અને ભોગવિલાસમાં વ્યસ્ત રહેવા અને ફેશનેબલ જીવનશૈલી તરફ દોરી જવા જેવી ઉપરછલ્લી પ્રવૃત્તિઓને મહત્વ આપવું. આનાથી વિપરીત, જો તમારી પસંદગી વ્યક્તિની યોગ્યતા પર આધારિત હશે, તો ઘરનું ધ્યાન તદ્દન અલગ દિશામાં હશે. હેતુપૂર્ણ ચર્ચાઓ, બૌદ્ધિક વિકાસ, સાદું જીવન, પૈસા અને શક્તિનો યોગ્ય ઉપયોગ અને વસ્તુઓના ઉપરછલ્લા પાસાઓને બદલે તેના ઊંડા પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને મહત્વ આપવામાં આવશે. આ બે પસંદગીઓ વચ્ચેનો તફાવત બે અલગ-અલગ પ્રકારના ભાવિ તરફ દોરી જવા પ્રેરે છે. પ્રથમ પસંદગી અનંત સમસ્યાઓથી ભરેલું જીવન બની શકે છે. અને તેનાથી વિપરીત, બીજી પસંદગી સફળ જીવન તરફ દોરી જશે.

લગ્નમાં ભાવનાત્મક પસંદગી કરવાથી કામચલાઉ મોજ તો મળી શકે છે, પરંતુ લાંબા ગાળે તે સમસ્યાઓરૂપ જીવનમાં ફેરવાઈ જાય છે. જ્યારે, આ સંબંધમાં તર્કસંગત પસંદગી શરૂઆતમાં મુશ્કેલ લાગે છે, પરંતુ લાંબા ગાળે તે ચોક્કસપણે બંને ભાગીદારો માટે સુખમય જીવનમાં પરિણમશે.

લગ્નમાં ભાવનાત્મક પસંદગી ઘરમાં ઉપરછલ્લી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે, એટલે કે સમય અને શક્તિનો વ્યય કરવાની સંસ્કૃતિ. બીજી બાજુ, લગ્નમાં તર્કસંગત પસંદગી ઘરમાં તંદુરસ્ત વાતાવરણ અને રચનાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે, કારણ કે બંને ભાગીદારો પોતાના અને તેમના બાળકો માટે ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની શરૂઆત કરે છે.

## * કાગડો – એક શિક્ષક તરીકે *

કુરાનની એક વાર્તામાં કાગડાનો ઉલ્લેખ છે જે માણસ માટે એક મહાન પાઠ ધરાવે છે. આદમ પ્રથમ માણસ હતા. હાબિલ અને કાબિલ આદમના બે પુત્રો હતા. બંને વચ્ચે કોઈ મુદ્દે ઝઘડો થયો અને અંતે કાબિલે હાબિલને મારી નાખ્યો. વાર્તાનો બીજો ભાગ કુરાનમાં આ શબ્દોમાં વર્ણવવામાં આવ્યો છે;

**ફ તવ્વ અત્ લહુ, નફસુહુ, કત્લ અખીહિ ફકતલઃ ફ અસ્બહ મિનલ્ ખાસિરીન ફબઅષ લ્લાહુ ગુરાબન્ યબ્હષુ ફિલ્ અર્દિ લિયુરિયઃ કય્ફ યુવારી સવ્અત અખીહિ, કાલ યાવય્લતા અઅેજઝ્તુ અન્ અકૂન મિષ્લ હાઝલ્ ગુરાબિ ફ ઉવારિય સવ્અત અખી, ફ અસ્બહ મિનન્ નાદિમીન (૫:૩૦–૩૧)**

**તેના નફસે (મનની દુષ્પ્રેરણા) તેને તેના ભાઈને મારવા માટે સમજાવ્યો, અને તેણે તેને મારી નાખ્યો અને તે નિષ્ફળ લોકોમાંથી એક બની ગયો. પછી અલ્લાહે એક કાગડો મોકલ્યો, જેણે પૃથ્વી ખોદી, જેથી તે તેને બતાવે કે તેના ભાઈના શબને કેવી રીતે દફનાવવું. 'કાશ!' તેણે બૂમ પાડી, 'શું હું આ કાગડા જેવો પણ નથી બની શકતો કે હું મારા ભાઈના શબને દફનાવી શકું?' અને તેણે પસ્તાવો કર્યો. (૫:૩૦–૩૧)**

આ વાર્તા કોઈ અલાયદી વાર્તા નથી. તે આપણને એક વ્યાપક બોધપાઠ આપે છે, એટલે કે શિક્ષણ માટેના ઉદાહરણો માણસને કુદરતમાંથી જ પ્રાપ્ત છે. માણસ જો આ બોધપાઠ પર ચિંતન કરે તો તેને જીવન જીવવાનું શાણપણ મળી શકે છે. હકીકત એ છે કે માણસ સિવાય, આખું વિશ્વ પ્રકૃતિના નિયમોનું ચૂસ્તપણે પાલન કરે છે - ભૌતિક પદાર્થો અને વનસ્પતિ વિશ્વ કુદરતી નિયમોનું પાલન કરે છે, જ્યારે પ્રાણીઓ તેમની વૃત્તિ દ્વારા સંચાલિત થાય છે. તેમને પોતાની પસંદગીની સ્વતંત્રતા નથી. આને લીધે, ભૌતિક, વનસ્પતિ અને પ્રાણી જગત ખાતરીપૂર્વક સાચા માર્ગથી ભટકી શકતા જ નથી.

જો કે, માણસ તદ્દન અલગ જીવ છે. માણસ સ્વતંત્રતાનો આનંદ માણે છે અને તેથી તે પોતાની મરજી મુજબની પસંદગી કરવા માટે સંપૂર્ણપણે આઝાદ છે. માનવ અસ્તિત્વના આ સ્વભાવને કારણે, માનવ-જીવનમાં સાચા માર્ગથી વિચલિત થાય છે. માણસ પોતાની આ સ્વતંત્રતાનો દુરુપયોગ કરે છે અને તેનું પરિણામ દુષ્ટતા અને ભ્રષ્ટાચાર છે.

**પ્રકૃતિમાં ઉદાહરણો છે જેમાંથી માનવી બોધપાઠ તારવી શકે છે. માણસ જો આ બોધપાઠ પર ચિંતન કરે તો તેને જીવન જીવવાનું શાણપણ મળી શકે છે.**

આ સ્થિતિમાં, માણસ માટે તેની આસપાસના વિશ્વના ઉદાહરણોને અનુસરવાની રીત એ જીવનને સાર્થક કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. દુનિયાનો અન્ય ભાગ જે મજબૂરીમાં કરી રહ્યો છે, તે માણસે પોતાની મરજીથી કરવું જોઈએ. દાખલા તરીકે, વિશાળ અવકાશમાં અસંખ્ય તારાઓ અને ગ્રહો છે. આ તમામ ખગોળીય સંસ્થાઓ સતત ગતિમાં છે, પરંતુ તેમની વચ્ચે કોઈ અથડામણ થતી નથી. તેઓ પોતપોતાની ભ્રમણકક્ષામાં ફરે છે અને એકબીજાની સાથે ઘર્ષણ કરવાનો પ્રયાસ કરતા નથી. માણસે આ માળખાને અનુસરવું જોઈએ, એટલે કે, અન્ય લોકો સાથે અથડામણ કર્યા વિના પોતાની પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

વિશ્વનું તમામ સર્જન, સજીવ અને નિર્જીવ બંને, માણસ માટે ઉદાહરણ છે. જો માણસ કુદરતી ઘટનાઓ પર ચિંતન કરશે, તો તે ચોક્કસપણે જીવન જીવવાની સાચી રીત શોધી શકશે જે અથડામણ, નફરત અને હિંસાથી મુક્ત છે. માનવજાત માટે યોગ્ય જીવનશૈલી શોધવાનો આ સૌથી સહેલો રસ્તો છે.

## * દિવ્ય આહાર *

કુરાન દિવ્ય આહારનો ઉલ્લેખ નીચે મુજબના શબ્દોમાં કરે છે;

**વ લા તમુદ્દુન્ન એય્નય્ક ઈલા મા મત્તએના બિહિ,
અઝ્વાજમ્ મિન્હુમ્ ઝહ્રતલ્ હયાતિદ્ દુન્યા લિનફ્તિનહુમ્ ફીહિ,
વ રિઝ્કુ રબ્બિક ખય્રુન્ વ અબ્કા (૨૦:૧૩૧)**

**અમે તેમાંથી કેટલાકને જે દુન્યવી લાભો આપ્યા છે તેમની ઈર્ષ્યા ન કરો,
કારણ કે આ સાથે અમે ફક્ત તેમની કસોટી કરવા માંગીએ છીએ.
તમારા પ્રભુની જોગવાઈ વધુ સારી અને કાયમી છે. (૨૦:૧૩૧)**

આ જ દિવ્ય આહાર મેરીને આપવામાં આવ્યો હતો. કુરાને આ હકીકતનો ઉલ્લેખ નીચે મુજબના શબ્દોમાં કર્યો છેઃ

**કુલ્લમા દખલ અલય્હા ઝકરિય્યલ્ મિહ્રાબ વજદ ઈન્દહા રિઝ્કન્,
કાલ યા મર્યમુ અન્ના લકિ હાઝા, કાલત્ હુ વ મિન્ ઈન્દિલ્લાહિ,
ઈન્નલ્લ્લાહ યર્ઝુકુ મન્ યશાઉ બિ ગય્રિ હિસાબ (૩:૩૭)**

**દર વખતે જ્યારે ઝકરિયા તેમના કક્ષમાં તેની મુલાકાત લેતા
ત્યારે તેમને તેમની સાથે બધા પ્રાવધનો પ્રાપ્ત જોવા મળતા. તેમણે પૂછયું,
'મેરી, આ કયાંથી આવ્યું?' તેણીએ જવાબ આપ્યો, 'આ અલ્લાહ તરફથી છે.
નિઃશંકપણે અલ્લાહ જેને ઈચ્છે તેને બેહિસાબ આપે છે.' (૩:૩૭)**

મેરીને આપવામાં આવેલ "આહાર" ભૌતિક આહાર ન હતો, પરંતુ તે દિવ્ય અથવા આધ્યાત્મિક આહાર હતો. આ આહાર પ્રાપ્ત કર્યા વિના, વ્યક્તિ તેના વ્યક્તિત્વનો વિકાસ કરી શકતો નથી. ઈસુ ખ્રિસ્તે એક જાણીતી કહેવતમાં આ હકીકતનો ઉલ્લેખ કર્યો છેઃ **''માણસ ફક્ત રોટલીથી જીવી શકતો નથી.'' (મેથ્યુ ૪:૪)**

**જો તમે આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જીવવા માંગતા હો, તો નિષ્કર્ષણની કળા શીખો. તમારે ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક નિષ્કર્ષ તારવવા જોઈએ.**

હકીકત એ છે કે આ વિશ્વમાં દરેક વસ્તુના બે ઘટકો છેઃ ભૌતિક અને આધ્યાત્મિક. તમારે તમારા મનનો એ હદે વિકાસ કરવો પડશે કે તમે ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક સામગ્રીઓને તારવવા માટે સક્ષમ બની જાઓ. આ રીતે તમે આધ્યાત્મિક અથવા દિવ્ય આહાર પ્રાપ્ત કરી શકશો. જો ભૌતિક આહાર તમારા શારીરિક સ્વાસ્થ્યની જાળવણી રાખે છે, તો આ જ ભૌતિક વસ્તુઓની દિવ્ય સામગ્રી તમારા વ્યક્તિત્વને આધ્યાત્મિક સ્તર પર વિકસાવે છે. શારીરિક ખોરાક તમને શારીરિક સ્વાસ્થ્ય આપે છે, જ્યારે આધ્યાત્મિક ખોરાક તમારા વ્યક્તિત્વના બિન-શારીરિક ભાગને સ્વસ્થ રાખે છે.

ઉદાહરણ તરીકે, ચાલો આપણે એક પાણીના પ્યાલાનો વિચાર કરીએ. જ્યારે તમે તમારા હાથમાં પાણીનો પ્યાલો પકડો છો, ત્યારે તમે આ અવલોકનમાં જે ભૌતિક સામગ્રી જુઓ છો તે પાણી છે, જે બે વાયુઓ, હાઈડ્રોજન અને ઓકિસજનનું સંયોજન છે. આ નિરીક્ષણની આધ્યાત્મિક સામગ્રી એ હકીકત પર મનન કરવાની છે કે બાહ્ય વિશ્વમાં પાણી એ બે ભૌતિક તત્વોનું સંયોજન છે, પરંતુ જ્યારે પાણી માનવ શરીરમાં પ્રવેશે છે ત્યારે તે માનવ-શરીરનો જ એક ભાગ બની જાય છે અને તેના કાર્યોને જાળવવામાં મદદરૂપ બને છે. જ્યારે તમે પાણી અને તમારા શરીર વચ્ચે આ સુસંગતતા શોધી કાઢો છો, ત્યારે તમે તમારા આ વિચાર માટે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરો છો. કારણ કે, આ શોધ ઈશ્વરની રચનાની અનુભૂતિ અને પ્રશંસા તરફ દોરી જશે, જેમાં તમે એવું શોધશો કે તેણે પાણીને એવી રીતે બનાવ્યું છે કે તે માનવ શરીર સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે. તમારી આજુબાજુની વિવિધ ભૌતિક ઘટનાઓમાંથી આ પ્રકારની ખોજ તમને અમર્યાદિત આશ્વાસન અને સંતોષ આપશે.

જો તમે આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જીવવા માંગતા હો, તો નિષ્કર્ષણની કળા શીખો. તમારે ભૌતિક વસ્તુઓમાંથી આધ્યાત્મિક નિષ્કર્ષ તારવવા જોઈએ. આ તમને આધ્યાત્મિક ખોરાક આપશે, અને આ રીતે તમે તમારી જાતને એક આધ્યાત્મિક વ્યક્તિ તરીકે વિકસાવી શકશો.

# * કૂતરા સંસ્કૃતિ અપનાવશો નહીં *

'કૂતરાઓથી સાવધાન' એ એક સામાન્ય વાકય છે જેનો ઉપયોગ એ ચેતવણી દર્શાવવા થાય છે કે અંદર ખતરનાક કૂતરો છે. પરંતુ, બીજી પણ એક સમસ્યા છે જેને

'કૂતરા સંસ્કૃતિ' કહી શકાય. એક પ્રાણી તરીકે કૂતરો કોઈ સમસ્યા નથી, પરંતુ મનુષ્ય માટે કૂતરા સંસ્કૃતિ ખૂબ જીવલેણ સાબિત થઈ શકે છે.

આ બાબતનો ઉલ્લેખ કુરાનમાં અધ્યાય અલ-અરાફ (ઊંચાઈ) માં કરવામાં આવ્યો છે. આ બાબતનો દૃષ્ટાંત તરીકે ઉપયોગ કરીને કુરાન નીચેના શબ્દોમાં માનવ પાત્રનો ઉલ્લેખ કરે છે;

**ફ મષલુહુ, કમષલિલ્ કલ્બિ ઈન્ તહ્મિલ્**
**અલય્હિ યલ્હષ્ અવ્ તત્રુક્હુ યલ્હષ્ (૭:૧૭૬)**

**તેનું ઉદાહરણ એક કૂતરા જેવું છેઃ જેના તરફ તમે જાવ તો લાળો ટપકાવે છે અને છોડી દો તો પણ લાળો ટપકાવે છે (૭:૧૭૬)**

હાંફવું એ કૂતરાઓમાં એક અનોખી ટેવ છે. કૂતરાઓ હાંફતા હોય છે કારણ કે એ ઠંડા થવાની તેમની રીત છે. હાંફવાની ઘટના એ કૂતરાની કુદરતી શારીરિક પ્રણાલીનો એક ભાગ છે. કુરાન તેનો ઉપયોગ નૈતિક અર્થમાં એવા લોકો માટે કરે છે કે જેઓ તેમની લાલસાઓને અનુસરવા સિવાય બીજું કશું જાણતા નથી. આ લોકો સતત અસંતોષના ઉદાહરણો છે, જેનો ઉલ્લેખ કુરાનમાં આ રીતે કરવામાં આવ્યો છે;

**અલ્હાકુમુત્ તકાષુર્ 'હત્તા ઝુર્તુમુલ્ મકાબિર' (૧૦૨:૧-૨)**

**વધુ ને વધુ પ્રાપ્ત કરવાની લાલસા તમને વિચલિત કરે છે.**
**'જ્યાં સુધી તમે કબર સુધી પહોંચી જાવ છો ત્યાં સુધી'(૧૦૨:૧-૨)**

કુદરતનો નિયમ છે કે જો તમારી ૯૯ ટકા જરૂરિયાત પૂરી થઈ જાય, તો પણ તમારી જરૂરિયાતનો એક ટકા હિસ્સો તો હંમેશા અધૂરો જ રહેશે. જેઓ યોગ્ય વિચારસરણીનો વિકાસ કરી શકયા નથી, તેઓ તેમની પાસે જે ૧% નથી તેના પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેમની પાસે જે ૯૯% હોય છે તેને ભૂલી જાય છે. આવા લોકો હંમેશા કૃતઘ્ન રહે છે. પરંતુ, જેમણે યોગ્ય વિચારસરણી વિકસાવી છે તેઓ તેમની પાસે જે ૯૯% છે તેના માટે સર્જકના આભારી બની રહે છે, અને તેમની પાસે ન હોય તેવા ૧%ને અવગણે છે. તેમની આ આદત તેમને દરેક પરિસ્થિતિમાં હંમેશા કૃતજ્ઞતામાં જીવવા મદદ કરે છે. આ બીજી શ્રેણીના લોકો સકારાત્મક વિચારસરણી ધરાવતા હોય છે, જ્યારે પ્રથમ વર્ગના લોકો હંમેશા નકારાત્મક વિચારસરણીમાં જીવે છે. અહીં ઉપર દર્શાવેલ, કૂતરાઓની હાંફવાની કહેવતમાં આ પ્રથમ વર્ગના લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ટેવ માત્ર એક ટેવ નથી, પરંતુ તેની ખૂબ જ માઠી અસરો છે, જેનો આ કુરાનના શ્લોકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે;

**ઝાલિક મષલુલ્ કવ્મિલ્ લઝીન કઝ્ઝબુ બિઆયાતિના**
**ફક્સુસિલ્ કસસ લઅલ્લહુમ્ યતફ્ફક્કરૂન્ (૭:૧૭૬)**

**આ તે લોકોનો દાખલો છે જેઓ અમારી નિશાનીઓને નકારે છે.**
**તેમને આ વાર્તાઓ કહો જેથી તેઓ ચિંતન કરે. (૭:૧૭૬)**

પ્રથમ વર્ગના લોકો તેમના મનની વૈચારિક પ્રક્રિયાને રોકવાનું ગંભીર જોખમ લે છે. જ્યારે બીજી શ્રેણીના લોકો આવું જોખમ લેવાથી બચી જાય છે, કારણ કે તેમના મનમાં વિચારવાની પ્રક્રિયા અવિરતપણે ચાલુ રહે છે. માણસની સૌથી મોટી શક્તિ તેનું મન છે. મન એ વિચારવાના યંત્ર જેવું છે. કુદરતના નિયમ મુજબ, મનની વૈચારિક પ્રક્રિયા ત્યારે જ સરળ રીતે કાર્ય કરે છે જ્યારે મન મુક્ત અને ભ્રમણા વગરનું હોય. પરંતુ, જ્યારે મન ભ્રમણાનો શિકાર બને છે અથવા નકારાત્મકતા વિકસાવે છે, ત્યારે વિચારવાની પ્રક્રિયા અટકી જાય છે. જે વ્યક્તિને માટે સૌથી વધુ નુકસાનમાં પરિણમે છે.

**યોગ્ય વ્યક્તિ તે છે જે તેની પાસે જે ૯૯% છે**
**તેના પર ધ્યાન કેન્દ્રિત કરે અને જે ૧% નથી તેની અવગણના કરે.**

વર્તમાન યુગ તદ્દન અલગ યુગ છે. વર્તમાન યુગની એક લાક્ષણિકતા અર્થતંત્રનું વિકેન્દ્રીકરણ છે. જેને કારણે દરેક વ્યક્તિને પૈસા કમાવવા અને આરામદાયક જીવન જીવવાની તક મળી છે. આ યુગમાં વાસ્તવિક અર્થમાં કોઈ વંચિત વ્યક્તિઓ નથી. પહેલાંના સમયમાં વંચિતતા સામાન્ય હતી, પરંતુ આધુનિક યુગમાં સમૃદ્ધિ સામાન્ય છે, ફરક એટલો જ છે કે અમુક લોકો વધારે વૈભવી જીવન જીવે છે જ્યારે અમુક ઓછું. આ ઘટના ઈશ્વરનો એક ભવ્ય આશીર્વાદ છે, કારણ કે તે દરેકને કૃતજ્ઞતામાં જીવવાની તક આપે છે. પરંતુ, ઉપરોક્ત દર્શાવેલ કૂતરા સંસ્કૃતિને લીધે લોકો આજે પણ કૃતઘ્નતામાં જીવન જીવી રહ્યા છે. તેઓ તેમની પાસેના ૯૯% ની અવગણના કરે છે અને માત્ર ૧% કે જેનાથી તેઓ વંચિત છે તેના વિશે જ સભાન છે.

યોગ્ય વ્યક્તિ તે છે જે તેની પાસે જે ૯૯% છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે અને જે ૧% નથી તેની અવગણના કરે. કુરાનના શબ્દોમાં, આવી વ્યક્તિ હમ્દની ભાવના એટલે કે ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતાની ભાવનામાં જીવન જીવશે.

## * દરેક પસંદગી શ્રેષ્ઠ પસંદગી છે *

એકવાર એક યુવક તેની નવી પરણેલી પત્ની સાથે મારી પાસે આવ્યો. તેણે મને કહ્યુંઃ "અમે અમારા લગ્ન જીવનની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ. કૃપા કરીને અમને થોડી સલાહ આપો." મેં કહ્યું તમારા બંને માટે મારી એક જ સલાહ છે, કે તમારામાંથી દરેકે માનવું જોઈએ કે 'મારી પસંદગી શ્રેષ્ઠ પસંદગી છે. મારા માટે આના કરતાં વધુ સારી પસંદગી શોધવી શકય જ ન હતી.' પછી મેં કહ્યુંઃ "આને કાવ્યાત્મક સલાહ તરીકે ન લેતા. આ સલાહ પ્રકૃતિના નિયમ પર આધારિત છે." હકીકત એ જ છે કે કુદરતનો નિયમ જ જીવનના દરેક પાસાઓમાં નિર્ણાયક પરિબળ હોય છે.

કુરાનમાં સર્જન સંબંધિત અધ્યાય અત્-તીન (અંજીર) માં એક શ્લોક છે. તે કહે છે;

**લકદ્ ખલક્ નલ્ ઈન્સાન ફી અહ્સનિ તક્વીમ (૯૫:૪)**

**ખરેખર, અમે મનુષ્યોને શ્રેષ્ઠ ઘાટમાં બનાવ્યા છે. (૯૫:૪)**

મતલબ કે દરેક સ્ત્રી-પુરુષ શ્રેષ્ઠ સર્જન છે. દરેક સ્ત્રી શ્રેષ્ઠ કુમારી છે અને દરેક પુરુષ શ્રેષ્ઠ કુમાર છે. આ કારણસર દરેક પરિણીત યુગલે અગાઉથી જ માની લેવું જોઈએ કે તેમને જે જીવનસાથી મળ્યો/મળી છે તે ચોક્કસપણે શ્રેષ્ઠ જીવનસાથી બની રહેશે.

**લોકો સામાન્ય રીતે દેખિતા બાહ્ય દેખાવના આધારે અભિપ્રાય બનાવે છે. પરંતુ, ફક્ત ફેસ-વેલ્યુ પર બનાવેલ અભિપ્રાય ક્યારેય યોગ્ય ઠરતો નથી.**

તો પછી, એવું કેમ બને છે કે ઘણા લગ્નો નિષ્ફળ જાય છે, અને તે લગ્નોમાં જે નિષ્ફળ નથી જતાં તેમાં યુગલો એવું વિચારે છે કે તેમણે જીવનસાથીની ખોટી પસંદગી કરી છે? એ વાત સાચી છે કે લગ્ન ઘણીવાર નિષ્ફળ જાય છે, પરંતુ તેનું કારણ ચોક્કસપણે ખોટી પસંદગી નથી હોતી, પરંતુ તેનું કારણ ખોટું વર્તન હોય છે.

લગ્ન દ્વારા એકબીજા સાથે જોડાયેલા પતિ-પત્ની એકબીજા માટે સંભવિત શ્રેષ્ઠ ભાગીદાર હોય છે. પરંતુ, આ સંભવિતતાને વાસ્તવિકતામાં ફેરવવાનું કાર્ય હંમેશા સ્ત્રી-પુરુષનું પોતાનું હોય છે. જો તમે આ બાબતમાં કુદરતના સિદ્ધાંતનું પાલન કરશો તો તમારું લગ્નજીવન ચોક્કસ સફળ રહેશે. અને, જો તમે પ્રકૃતિના આ સિદ્ધાંતને અનુસરશો નહીં તો તમારું લગ્નજીવન નિષ્ફળ જ રહેવાનું છે.

તો પ્રકૃતિનો આ કયો સિદ્ધાંત છે? તે સમાયોજન છે. કુરાનમાં આ સિદ્ધાંતનો ઉલ્લેખ આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**અસ્‌-સુલ્હ ખૈર. એટલે સમાધાન શ્રેષ્ઠ છે (૪:૧૨૮).**

લગ્નજીવન હોય કે અન્ય કોઈપણ પ્રકારનું જીવન, દરેક કિસ્સામાં વ્યક્તિ બે સંભવિત અભિગમ અપનાવી શકે છેઃ સમાધાનકારી અભિગમ અને બિન-સમાધાનકારી અભિગમ.

સમાધાનકારી અભિગમ પ્રકૃતિના નિયમ અનુસાર છે, તેથી તે હંમેશા કામ આવે છે. જ્યારે, બિન-સમાધાનકારી અભિગમ પ્રકૃતિના નિયમ અનુસાર નથી. તેથી તે કયારેય કામ આવતું નથી, ન તો લગ્નજીવનમાં કે ન તો અન્ય કોઈ પ્રકારના જીવનમાં.

લોકો સામાન્ય રીતે દેખિતા બાહ્ય દેખાવના આધારે અભિપ્રાય બનાવે છે. પરંતુ, ફક્ત ફેસ-વેલ્યુ પર બનાવેલ અભિપ્રાય કયારેય યોગ્ય નથી હોતો. વિવાહિત જીવનમાં પણ લોકો ફક્ત ફેસ-વેલ્યુ આધારિત અભિપ્રાય બનાવતા હોય છે. જ્યારે કે આ સમગ્ર મુદ્દો વિચારસરણીનો છે. જો તમે ઊંડાણપૂર્વક વિચાર કરશો, તો તમને ખબર પડશે કે લગ્ન માટે તમે જે પસંદગી કરી છે તે ખરેખર યોગ્ય અને શ્રેષ્ઠ પસંદગી જ છે.

# * એક આસ્તિકનો પરિવાર *

પયગંબર સાહેબના પરિવારના સંદર્ભમાં, કુરાન આપણને એક ઉપદેશ આપે છે;

**તમારા ઘરોમાં અલ્લાહની આયાતો અને હિકમાહ (શાણપણ)નું પઠન કરવામાં આવે છે તેને ધ્યાનમાં રાખો. અલ્લાહ સર્વવ્યાપી અને સર્વજ્ઞાતા છે (૩૩:૩૪)**

આસ્તિક પરિવાર માટે આ એક આદર્શ નમૂનો છે. કુરાનનો આ શ્લોક આમ તો ખાસ પયગંબર સાહેબના પરિવારનો સંદર્ભ આપે છે, પરંતુ વ્યાપક સંદર્ભમાં તે દરેક આસ્તિકના પરિવારનું ચિત્ર દર્શાવે છે.

તેનો અર્થ એ છે કે પરિવારનો વડો પોતાના પરિવારનો સુસજ્જ સભ્ય હોવો જોઈએ. તે કુરાન અને હદીષના ઉપદેશોથી વાકેફ હોવો જોઈએ. તે આ ઉપદેશોને તેના કુટુંબીઓના રોજિંદા જીવનમાં લાગુ કરવા સક્ષમ હોવો જોઈએ.

પરિવારના વડાની ફરજ છે કે તે પોતાના કુટુંબીઓને ધાર્મિક તાલીમ આપે. પરંતુ, તેમને ફક્ત કુરાનનું પઠન સંભળાવીને આ શકય નથી બનતું. તાલીમની સાચી રીત એ છે કે આ કાર્ય વ્યવહારિક રીતે હાથ ધરવામાં આવે. મતલબ કે, પારિવારિક

જીવનમાં રોજબરોજ જુદા-જુદા પ્રકારના જે પ્રસંગો બનતા હોય છે, તેમને સંદર્ભના મુદ્દાતરીકે ધ્યાનમાં લઈને, કુટુંબના વડાએ અન્ય સભ્યોને કુરાન અને હદીષના સંબંધિત ઉપદેશો સમજાવવા જોઈએ. આ કાર્ય કુટુંબના સભ્યોના મનને સંબોધે તે રીતે થવું જોઈએ. કુટુંબને શિક્ષિત કરવું એ કુટુંબના વડાની ફરજ છે. જો કે, આ કાર્ય પરિણામલક્ષી રીતે થાય એવી મહેનત કરવી જોઈએ.

**પયગંબર સાહેબનો પરિવાર તમામ આસ્થાવાનો માટે આદર્શ નમૂનો છે. આ સંદર્ભમાં પયગંબર સાહેબ દ્વારા ઊભું કરેલું ઉદાહરણ પયગંબર સાહેબની સુન્નત અથવા તો તેમનો અમલ છે.**

અને એ પણ જરૂરી છે કે કુટુંબનો મોભી તેનું પોતે પાલન કરે જેનો ઉપદેશ તે કુટુંબના અન્ય સભ્યોને આપે. ઉદાહરણ તરીકે, કુટુંબના વડા પોતે સંપૂર્ણપણે સકારાત્મક વિચારક હશે તો જ પોતાના પરિવારના સભ્યોને નકારાત્મક વિચારોને દૂર કરવાની સલાહ આપી શકે તેવી સ્થિતિમાં હશે. નહિંતર, તેની સલાહ વ્યર્થ જશે. તેવી જ રીતે, કુટુંબના વડાનું પોતાનું વ્યક્તિત્વ આધ્યાત્મિક હશે તો જ તે પરિવારના અન્ય સભ્યોને ભૌતિકવાદી સંસ્કૃતિ અપનાવવાથી અટકાવવામાં સફળ થઈ શકશે.

## * વચનનું મહત્વ *

વચન એટલે કઈક કરવા અથવા આપવાના સંકલ્પ દ્વારા પોતાને પ્રતિબદ્ધ કરવું. વચન પૂરું કરવું એ વ્યક્તિની સૌથી મોટી અને સકારાત્મક ગુણવત્તા છે. તેની સાથે તુલનાત્મક કંઈ નથી. ઈસ્લામિક શિક્ષણ અનુસાર, વચન એ સામાજિક નીતિશાસ્ત્રનો ભાગ માત્ર નહીં પણ એક જવાબદારપૂર્ણ પ્રતિજ્ઞા છે, જેના માટે વ્યક્તિ ઈશ્વર સમક્ષ જવાબદાર છે.

અધ્યાય અલ-ઈસરા (રાત્રિની મુસાફરી)માં કુરાન કહે છે;

**તમારા વચનો પાળો, તમારા આપેલા દરેક વચન માટે [અલ્લાહ સમક્ષ] જવાબદાર બનશો. (૧૭:૩૪)**

અધ્યાય અલ-સફ (રેન્ક) માં અન્ય એક શ્લોકમાં, કુરાન કહે છે;

**ઓ આસ્થાવાનો! જે તમે (પોતે) કરતા નથી તે કહો છો શા માટે? તમે જે ઉપદેશ આપો છો તેનું જો તમે [પોતે] પાલન ના કરો તો અલ્લાહને ત્યાં તે સૌથી વધુ ધિક્કારપાત્ર છે. (૬૧:૨-૩)**

વચન પૂરું ન કરવું એ ખૂબ જ ખોટી આદત છે. તે માણસ માટે માઠા પરિણામો સર્જે છે. વચન તોડવાથી વ્યક્તિના સમગ્ર ચારિત્ર્યનો નાશ થઈ શકે છે. આધ્યાત્મિકતા આવી કુટેવ સાથે રહી શકે નહી. વચન આપીને તેને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ થવાની આદત તમામ સકારાત્મક ગુણોને નષ્ટ કરી શકે છે.

આવી કુટેવ ધરાવનાર વ્યક્તિ સામાજિક જીવનમાં તેની વિશ્વસનીયતા ગુમાવે છે. તેને ભરોસાપાત્ર ચારિત્ર્ય તરીકે ગણવામાં આવશે નહીં, જે વ્યક્તિનું સૌથી મોટું સામાજિક મૂલ્ય છે. વચન પાળવું એ વ્યક્તિની સામાજિક ઓળખ છે. જે વ્યક્તિ પોતાની સામાજિક ઓળખ ગુમાવે છે તે તેની સામાજિક સ્થિતિ પણ ગૂમાવી દેશે.

આ કુટેવનો સૌથી મોટો ખતરો એ છે કે આવી વ્યક્તિને કયામતના દિવસે આ બાબતે ઈશ્વર સમક્ષ હાજર કરવામાં આવશે અને તેને પૂછવામાં આવશેઃ "તમે વચન દીધા પછી તેને પૂર્ણ કેમ નહોતા કરતા?" આનો અર્થ એ છે કે આ કુટેવના માઠા પરિણામો હોય છે કારણ કે, આ પ્રકારની વ્યક્તિ ઈશ્વરની નજરમાં બદનામ થવાનું જોખમ લે છે. નિઃશંકપણે આનાથી મોટી કોઈ ખોટ નથી.

વચન તોડવું એ બહુ ખરાબ આદત છે. અનિષ્ટતાની દ્રષ્ટિએ, વચનભંગનો એક નાનો પ્રકાર પણ તેની ગંભીરતાની બાબતે ખૂબ જ જોખમકારક છે.

## * જીવન અને મરણ *

ગોપીનાથ પાંડુરંગ મુંડે (૧૨ ડિસેમ્બર ૧૯૪૯-૩ જૂન ૨૦૧૪) ભારતના વરિષ્ઠ રાજકીય નેતા હતા. મે ૨૦૧૪ માં યોજાયેલી એક લોક ચૂંટણીમાં તેમણે અદ્દભૂત જીત હાંસલ કરી અને કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે તેમની પસંદગી કરવામાં આવી. ૪ જૂન, ૨૦૧૪ના રોજ તેઓ તેમના મંત્રાલયનો હવાલો સંભાળવાના હતા. પરંતુ, તેના એક દિવસ પહેલાં જ, એટલે કે ૩ જૂને, તેઓ એક રોડ અકસ્માતનો ભોગ બન્યાં અને ઘટનાસ્થળે જ તેમનું મૃત્યુ થઈ ગયું.

**મૃત્યુ દરેકની નિયતિ છે. મૃત્યુથી કોઈ બચી શકતું નથી.**

તે દિવસે ગોપીનાથ મુંડે મુંબઈ જવા માટે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ જઈ રહ્યા હતા. તેઓ મહારાષ્ટ્રના બીડ અને પરાલી વિસ્તારમાં નિર્ધારિત વિજય રેલીને સંબોધવા જઈ રહ્યા હતા. પરંતુ એરપોર્ટ પહોંચતા પહેલાં જ તેમના જીવનનો આ રીતે

અંત આવ્યો. આમ, ગોપીનાથ મુંડે મૃત્યુ પૂર્વેની તેમની તમામ સફળતાઓ પાછળ છોડીને મૃત્યુ પછીના સમયગાળામાં એકલા પ્રવેશ્યા.

આ કોઈ એક વ્યક્તિનો કેસ નથી, પણ દરેક સ્ત્રી-પુરુષનો મામલો છે. દરેક વ્યક્તિ પોતાની એક દુનિયા બનાવવા માટે સખત પ્રયાસો કરે છે. પરંતુ, તેમના વિજય દિવસની ઉજવણીનો પ્રસંગ આવતા પહેલાં જ તેઓ જ્યાંથી પાછા ના આવી શકાય એવી દુનિયામાં મૃત્યુ દ્વારા પહોંચી જાય છે. મૃત્યુ દરેકની નિયતિ છે. મૃત્યુથી કોઈ બચી શકતું નથી. કુરાનમાં અધ્યાય અલ-અન્કાબુત (કરોળિયો) માં એક આયત છે;

**કુલ્લુ નફ્સીન્ ઝાઈકતુલ્ મૌત (૨૯:૫૭)**

**દરેક જીવે મૃત્યુનો સ્વાદ ચાખવો પડશે. (૨૯:૫૭)**

આ કુદરતનો નિયમ છે અને આ નિયમમાં કોઈ અપવાદ નથી. મૃત્યુ આપણને યાદ અપાવે છે કે આ દુનિયા આપણું અંતિમ નિવાસસ્થાન નથી. આપણે આપણી જાતને પરલોક માટે તૈયાર કરવાની છે. મૃત્યુ તો માત્ર એ હકીકતની એક યાદી છે કે દરેક વ્યક્તિનું બીજી દુનિયામાં પ્રવેશવું નિશ્ચિત છે.

## * ઈશ્વરના ભવ્ય આર્શિવાદમાં જીવવું *

કુરાન, અલ-નહ્લ (મધમાખી) પ્રકરણમાં, નીચેના શબ્દોમાં માણસ માટેના ઈશ્વરના ત્રણ વિશેષ આશીર્વાદોનો ઉલ્લેખ કરે છે;

**તેણે મનુષ્યોને વીર્ય-બિંદુમાંથી બનાવ્યા, છતાં તે પોતાની જાતને ખુલ્લેઆમ વિવાદાસ્પદ હોવાનું બતાવે છે. તેણે તમારા માટે ઢોરઢાંખર બનાવ્યાં; તેમાંથી તમે ખોરાક અને પોશાક અને અન્ય ઘણા ફાયદાઓ મેળવી શકો. તે કેટલું સુખદ હોય છે, જ્યારે તમે સાંજે તેમને ઘરે લાવો છો અને જ્યારે તમે સવારે તેમને ચરાવવા માટે બહાર લઈ જાઓ છો! અને તેઓ તમારા ભારને દૂરના સ્થાનો પર લઈ જાય છે જ્યાં તમે અન્યથા ભારે મુશ્કેલી વિના પહોંચી શકતા નથી. નિઃશંકપણે તમારો પ્રભુ કૃપાળુ અને દયાળુ છે. તેણે તમારા પરિવહન અને શોભા માટે ઘોડાઓ, ખચ્ચરો અને ગધેડાઓ પણ બનાવ્યા. અને તે એ બનાવે છે જે તમે જાણતા નથી. (૧૬:૪-૮)**

આ પંક્તિઓ ત્રણ એવા આશીર્વાદોનો ઉલ્લેખ કરે છે જે સમગ્ર બ્રહ્માંડમાં માત્ર માણસને જ આપવામાં આવ્યા છે. માણસે આ આશીર્વાદોની કદર કરવી જોઈએ અને તેમનો જરૂરી પ્રતિભાવ આપવો જોઈએ. માણસ દ્વારા આ પ્રતિભાવ જ તેના માટે સ્વર્ગમાં સ્થાન મેળવવા માટે મુખ્યત્વે જવાબદાર રહેશે. આ દિવ્ય આશીર્વાદોને સ્વીકારવાથી વ્યક્તિમાં સકારાત્મક વ્યક્તિત્વ કેળવાય છે, અને આ સકારાત્મક વ્યક્તિત્વ જ સ્વર્ગમાં સ્થાયી થવાને લાયક ગણાશે.

**માણસ માટે જરૂરી છે કે કોઈ પણ મજબૂરી વગર આ આશીર્વાદોને સભાનપણે સ્વીકારે. સ્વીકૃતિ એટલે ભેટની ઊંડી કદર.**

પહેલો આશીર્વાદ એ છે કે ઈશ્વરે માણસનું સર્જન કર્યું અને તેને અનન્ય વ્યક્તિત્વ આપ્યું. આ પ્રકારનું વ્યક્તિત્વ માણસ માટે અપવાદરૂપે એક દુર્લભ ભેટ છે. બ્રહ્માંડમાં આ ભેટ સાથે બીજું કંઈપણ સહભાગી નથી. બીજો આશીર્વાદ અહીં પરિવહનના માધ્યમો અથવા બીજા શબ્દોમાં કહીએ તો, સંદેશાવ્યવહારના માધ્યમોના સંદર્ભમાં આપવામાં આવ્યો છે. જેનો ઉલ્લેખ આ પ્રકારના આશીર્વાદોના વિવિધ પ્રતિકો તરીકે અહીં કરવામાં આવ્યો છે. આમ, તે તમામ આશીર્વાદોનો ઉલ્લેખ કરે છે જે જીવન સહાયક પ્રણાલીના રૂપમાં, જંગમ તેમજ સ્થાવર વસ્તુઓના સ્વરૂપમાં માણસને આપવામાં આવ્યા છે. ત્રીજા આશીર્વાદનો ઉલ્લેખ આ શબ્દોમાં કરવામાં આવ્યો છેઃ “અને તે એ બનાવે છે જે તમે જાણતા નથી.” આ ત્રીજા આશીર્વાદનો ઉલ્લેખ આ શબ્દોમાં કરવામાં આવ્યો છે કે; ‘એણે તે બનાવ્યું જે તમે જાણતા નથી.’ અહીં આ ત્રીજા આશિર્વાદને આગાહી તરીકે સંબોધવામાં આવ્યા છે. જ્યારે સાતમી સદીમાં કુરાન પ્રગટ થયું ત્યારે આગાહી તરીકે સંબોધવામાં આવ્યા છે. જ્યારે સાતમી સદીમાં કુરાન પ્રગટ થયું ત્યારે આ વરદાન અસ્તિત્વમાં આવ્યું ન હતું; તે ભવિષ્યમાં દેખાવાનું હતું. આ આશીર્વાદ એ ઔદ્યોગિક સંસ્કૃતિના વિવિધ ઘટકોની રચના છે, જે કુરાનના સાક્ષાત્કાર સમયે પ્રકૃતિમાં સંભવિત અર્થમાં હાજર હતી. એક હજાર વર્ષની લાંબી પ્રક્રિયા પછી આ આશીર્વાદ એક વાસ્તવિકતા બની છે, અને હવે આપણે તેને ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક ક્રાંતિ દ્વારા ઉત્પાદિત સંસ્કૃતિ તરીકે જાણીએ છીએ.

સર્વશક્તિમાન ઈશ્વર આ આશીર્વાદ આપનાર છે અને માણસ એ લેનાર છે. માણસ માટે જરૂરી છે કે કોઈ પણ શરત વગર આ આશીર્વાદોને સભાનપણે સ્વીકારે. સ્વીકૃતિ એટલે ભેટની ઊંડી કદર. આ પ્રકારની સ્વીકૃતિ એ માણસની સૌથી મોટી માનવીય ગુણવત્તા છે. તે મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વને આકાર આપે છે. આ સ્વીકૃતિ જ વ્યક્તિને સકારાત્મક વ્યક્તિ બનાવે છે.

કુરાનની ઉપરોક્ત પંક્તિઓ માણસને સર્વશક્તિમાન ઈશ્વરની બક્ષિસ શોધવા અને સ્વીકૃતિની ઊંડી ભાવના સાથે પ્રતિભાવ આપવા માટે પ્રેરે છે. આ વ્યક્તિમાં ઉચ્ચ પ્રકારનું વ્યક્તિત્વ વિકસાવે છે. આવું વ્યક્તિત્વ જ પરલોકના શાશ્વત જીવનમાં સ્વર્ગ માટે લાયક ઉમેદવાર સાબિત કરશે.

## * ખૂટતી કડી મળી *

સર્વશક્તિમાન ઈશ્વરે બ્રહ્માંડ બનાવ્યું. જેના વિશાળ અવકાશમાં તારાઓ, આકાશ ગંગાઓ, ગ્રહો, સૂર્યમંડળ, અને અસંખ્ય અન્ય કણો વગેરેનું અસ્તિત્વ છે. સૃષ્ટિની આ બધી વસ્તુઓએ પ્રાર્થનાની સંસ્કૃતિ અપનાવી છે, જે સહેજ પણ વિચલન વિના, સંપૂર્ણપણે ઈશ્વરને શરણે રહેવું એ છે. ઈશ્વર પ્રત્યેની આ સંપૂર્ણ શરણાગતિ જ આપણા બ્રહ્માંડને સંપૂર્ણપણે શૂન્ય-દોષ બ્રહ્માંડ બનાવે છે. આ હકીકતનો ઉલ્લેખ કુરાનના અધ્યાય અલ-મુલ્ક (સામ્રાજ્ય) માં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**અલ્લઝી ખલક સબ્અ સમાવાતિન્ તિબાકા, મા તરા ફી ખલ્કીર્ રહ્માનિ મિન્ તફાવુત્, ફર્જિઈલ્ બસર હલ્ તરા મિન્ ફુતૂર (૬૭:૩)**

**ઈશ્વરે સાત આકાશો એકબીજાની ઉપર બનાવ્યાં. પરમ દયાળુની રચનામાં તમને ક્યારેય કોઈ ખામી જોવા નહીં મળે. તો ફરીથી જુઓઃ શું તમને કોઈ ખામી દેખાય છે? (૬૭:૩)**

જો કે, આ બ્રહ્માંડમાં એક 'ખૂટતી કડી' હતી. બ્રહ્માંડ, તેની તમામ વિશાળતા સાથે, ફરજિયાતપણે ઈશ્વરને શરણે થયું છે. હવે, એક જીવ માટે ખાલી જગ્યા બચી હતી જે પોતાની પસંદગીથી ઈશ્વરને શરણે થાય. સર્વશક્તિમાન ઈશ્વરે આ અંતરને ભરવા માટે માણસની રચના કરી. માણસને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી. તે જ સમયે, તેને વિચારવા માટે મન પણ આપવામાં આવ્યું. એ જરૂરી હતું કે માણસ આ મનનો ઉપયોગ કરે અને ફરજિયાતપણાને બદલે વાસ્તવિકપણે ઈશ્વરને શરણે થાય. આવો મનુષ્ય જ્યારે ઈશ્વરને આ રીતે શરણે થાય છે ત્યારે જાણે કે તે કહેતો હોય છે કે 'હે ઈશ્વર, તું મહાન છે, હું નહીં. હું સહેજ પણ જબરદસ્તી વગર સ્વૈછિકપણે આ સત્યને વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું.'

હકીકત એ છે કે સમગ્ર બ્રહ્માંડમાં માણસ જ એકમાત્ર એવો જીવ છે જેને મનથી સંપન્ન કરવામાં આવ્યું છે, જે સભાનપણે જાણે છે કે હું જે છું તે છું. જો કે માણસ પાસે

કોઈ સત્તા નથી, પરંતુ સ્વતંત્રતાની વાત કરીએ તો, તે કોઈપણ પ્રતિબંધ વિના સંપૂર્ણ સ્વતંત્રતાનો આનંદ માણે છે. બીજા શબ્દોમાં કહીએ તો, ઈશ્વર જ સર્વશક્તિમાન છે જ્યારે માણસ પાસે સંપૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં તે નિર્બળ છે. જ્યારે માણસ, સભાનપણે, કોઈ જબરદસ્તી વિના કહે છેઃ "ઓ ઈશ્વર, સર્વશક્તિમાન, તમે જ મારા માલિક છો!" ત્યારે આ ઘટના સમગ્ર બ્રહ્માંડની સૌથી મોટી ક્ષણ છે. આ સર્વશક્તિમાનની સરખામણીમાં શક્તિહીનનું બીજું પ્રમાણ બનાવવા જેવું છે.

આ બાબત માણસની વિશેષતા છે. આ વિશેષતા જ માણસને સ્વર્ગ માટે લાયક ઉમેદવાર બનાવે છે. સ્વર્ગને જથ્થાબંધ રીતે આપવામાં આવશે નહીં. તે એ ભાગ્યશાળી લોકોને આપવામાં આવશે જેઓ આ અત્યંત જટિલ કસોટીમાં ઊભા રહેશે. સ્વર્ગ એક સંપૂર્ણ સ્થળ છે, અને ફક્ત તે જ વ્યક્તિઓને સ્વર્ગમાં પ્રવેશ મળશે જેઓ સાબિત કરશે કે તેમની પાસે સભાન સ્તરે ઈશ્વરને જાણવાની સંપૂર્ણ ગુણવત્તા છે. બ્રહ્માંડની ખૂટતી કડી એ સ્વર્ગીય ગુણવત્તા ધરાવતો આ માણસ જ છે.

## * સ્વર્ગઃ રહેવા માટેનું એક આદર્શ વિશ્વ *

કુરાનના અધ્યાય અલ્-ફુસિલાત (સારી રીતે સમજાવાયેલ સાક્ષાત્કાર) માં સ્વર્ગનો ઉલ્લેખ છે. દેવદૂતો સ્વર્ગના રહેવાસીઓને કહેશે;

**વલકુમ્ ફીહા મા તશ્ તહી અન્ફુસુકુમ્ વલકુમ્ ફીહા મા તદ્દઊન (૪૧:૩૧)**

**ત્યાં તમારી પાસે તમારા આત્માની ઈચ્છા હોય તે બધું હશે,**
**અને તમે જે માંગશો તે બધું ત્યાં તમને મળશે (૪૧:૩૧)**

અહીં, કુરાન બે શબ્દો વાપરે છેઃ ઈશ્તિહા અને ઈદ્દિયા. ઈશ્તિહા એટલે ઇચ્છા કરવી અને ઈદ્દિયાનો અર્થ છે માંગણી કરવી. ઈશ્તિહાનો અર્થ ભૌતિક ઇચ્છા અને ઈદ્દિયા એટલે બૌદ્ધિક માંગ.

આ બે શબ્દો માનવ વ્યક્તિત્વના બે અલગ-અલગ પાસાઓને દર્શાવે છે. ઈશ્તિહાનો અર્થ એ છે કે સ્વર્ગવાસીઓની ભૌતિક ઇચ્છાઓ તેમના સંપૂર્ણ સ્વરૂપમાં પૂર્ણ થશે. આ દુનિયામાં પણ આપણી ઇચ્છા મુજબની વસ્તુઓ અસ્તિત્વમાં તો છે, પરંતુ તે

આંશિક રીતે પૂર્ણ થાય છે અને તેમાંથી પ્રાપ્ત થતી પરિપૂર્ણતાની ભાવના પણ ક્ષણિક જ હોય છે. સ્વર્ગમાં આપણને આ બધુ તેમના સંપૂર્ણ સ્વરૂપમાં અને અનંતકાળ માટે પ્રદાન કરવામાં આવશે.

**સર્વશક્તિમાન ઈશ્વર સમગ્ર માનવ ઈતિહાસમાંથી આવી વ્યક્તિઓને પસંદ કરશે અને તેમને સ્વર્ગમાં સ્થાયી કરશે. આ રીતે સ્વર્ગમાં એ પ્રકારનો ઉચ્ચ સમાજ રચાશે જે સાચા આસ્તિકની સૌથી મોટી જરૂરિયાત છે.**

બૌદ્ધિક માંગના બે પાસાંઓ છે. પ્રથમ, એક સાર્વત્રિક માળખું શોધવું કે જેમાં વ્યક્તિ વિચારી શકે, કે જ્યાં એ કોઈ પણ મર્યાદા વિના પોતાના મનનો ઉપયોગ કરી શકે. આવું માળખું આ દુનિયામાં ઉપલબ્ધ નથી. પરંતુ, તે આપણને સ્વર્ગમાં ઉપલબ્ધ કરવામાં આવશે. માણસ માટે તેની વિચારીક પ્રક્રિયાને અમર્યાદિત રીતે આગળ વધારવી શકય હશે. અને, આ હકીકતનો ઉલ્લેખ કુરાનમાં નીચે દર્શાવિલા શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**વ લવ્ અન્નમા ફિલ્ અર્દિ મિન્ શજરતિન્ અક્લામુન્ વલ્ બહુ યમુદુહુ, મિન્ બઅેદિહિ, સબ્અતુ અબ્હુરિમ્ મા નફિદત્ કલિમાતુલ્લાહ, ઈન્નલ્લાહ અઝીઝુન્ હકીમ (૩૧:૨૭)**

**જો પૃથ્વી પરના તમામ વૃક્ષો કલમ હોય અને સમુદ્ર શાહી હોય, જે બીજા સાત મહાસાગરોથી ભરાઈ જાય, તો (પણ) અલ્લાહના શબ્દો સમાપ્ત થશે નહીં. નિઃશંકપણે અલ્લાહ સર્વશક્તિમાન, સર્વબુદ્ધિમાન છે. (૩૧:૨૭)**

કુરાનનો આ શ્લોક આપણને અમર્યાદિત માહિતી અને તથ્યો વિશે જણાવે છે જે વર્તમાન વિશ્વમાં ઉપલબ્ધ નથી. જો કે, સ્વર્ગમાં તે આપણને ઉપલબ્ધ થશે. આ રીતે માણસ પાસે એ માળખું હશે જેના પ્રકાશમાં તે તેની બૌદ્ધિક માંગ અનુસાર અમર્યાદિત વિચારી શકશે.

બૌદ્ધિક માંગનું બીજું પાસું એ છે કે માણસ એવા લોકોની વચ્ચે રહી શકશે કે જેમની પાસે તેને સમાન તરંગલંબાઈ હોય, જેમની પાસે ઉચ્ચ સ્તરના વિચારો હોય અને જેમની સાથે તે સંપૂર્ણ પ્રકારનું બૌદ્ધિક આદાનપ્રદાન કરી શકે. કુદરતના નિયમ મુજબ, આવા લોકો આ દુનિયામાં જથ્થાબંધ પ્રમાણમાં ઉપલબ્ધ નથી. સર્વશક્તિમાન ઈશ્વર સમગ્ર માનવ ઈતિહાસમાંથી આવી વ્યક્તિઓને પસંદ કરશે અને તેમને સ્વર્ગમાં સ્થાયી કરશે. આ રીતે, સ્વર્ગમાં એ પ્રકારનો ઉચ્ચ સમાજ રચાશે જે સાચા આસ્તિકની સૌથી મોટી જરૂરિયાત છે.

આ હકીકતનો ઉલ્લેખ કુરાનમાં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**વ મન્ યુતિઈ લ્લાહ વર્ રસુલ ફ ઊલાઈક મઅલ્ લઝીન
અન્અમ લ્લાહુ અલયહિમ્ મિનન્ નબિય્યિન વસ્ સિદ્દિકીન વશ્ શુહદાહિ વસ્
સાલિહીન વ હસુન ઊલાઈક રફીકા (૪:૬૯)**

**અને જે કોઈ અલ્લાહ અને પયગંબરનું આજ્ઞાપાલન કરે છે તે અલ્લાહ દ્વારા
આશીર્વાદિત લોકોના સંગતમાં હશેઃ પયગંબરો, સત્યવાદીઓ,
શહીદો અને પ્રામાણિક (લોકો). આ કેટલી સન્માનનીય સંગત છે! (૪:૬૯)**

## * ધૈર્યઃ ચારિત્ર્ય ઘડતર માટે *

કુરાન ધૈર્ય (સબ્ર) પર ખૂબ ભાર જ મૂકે છે. અધ્યાય અલ-ઝુમર (ભીડ) માં કુરાનના એક શ્લોક અનુસાર;

**ખરેખર જેઓ ધૈર્ય રાખે છે તેઓને તેમનું ઈનામ બેહિસાબ
આપવામાં આવશે. (૩૯:૧૦)**

આવી આયત કુરાનમાં અન્ય કોઈ કર્મો માટે જોવા મળી નથી. માત્ર ધૈર્ય માટે જ કુરાન કહે છે કે તેના પુરસ્કારનું માપ બેહિસાબ એટલે કે અમર્યાદિત હશે.

આ ઈનામ શું છે? આ ઈનામ કોઈ રહસ્યમય ઘટનાનું  પરિણામ નથી. આ ઈનામ એ છે જે ધીરજ રાખનારને ધૈર્યના ઉપયોગના પરિણામ સ્વરૂપે તરત જ પ્રાપ્ત થાય છે, જો તેણે ખરા અર્થમાં ધીરજ રાખી હોય તો.

ધૈર્ય અને પુરસ્કાર એ એકબીજાના અવિભાજ્ય અંગ છે. કુરાનના ઉપરોક્ત શ્લોકમાં, પુરસ્કાર એ ચારિત્ર્ય ઘડતરના સંદર્ભમાં છે. વિકસિત વ્યક્તિત્વ એ માણસનો સૌથી મોટો ગુણ છે. વાસ્તવમાં, ચારિત્ર્ય ઘડતર એ માણસને જાનવરથી અલગ કરે છે. અને ચારિત્ર્ય ઘડતરનો સૌથી મોટો સ્ત્રોત ધૈર્ય દ્વારા પ્રાપ્ત થાય છે.

**બધા ગુણો – શાણપણ, સકારાત્મક વિચાર, પ્રેમ, ઉદારતા,
સહનશીલતા, વગેરે માણસમાં જન્મજાત છે.**

**ઉગવાની તક આપવામાં આવે તો, જે રીતે એક બીજ ઉગીને સંપૂર્ણ ઝાડ બને એમ માણસ પણ પૂર્ણ માણસ તરીકે વિકસી શકે છે.**

વાસ્તવમાં, માણસ અમર્યાદિત ક્ષમતા સાથે જન્મે છે. અને જન્મ થતાંની સાથે જ તેની આ સંભાવના જાતે જ પ્રગટ થવા લાગે છે. આ સંભવિત ઉર્જાને પ્રગટ થવા માટે કોઈ વધારાના પ્રયત્નોની જરૂર હોતી નથી.

કુરાનમાં એક રૂપકાત્મક સંદર્ભ આ બાબતને વધુ સ્પષ્ટ કરે છે;

**શું તમે વિચાર્યું નથી કે અલ્લાહ કેવી રીતે સારા શબ્દને સારા વૃક્ષની ઉપમા આપે છે? તેનું મૂળ મક્કમ છે અને તેની શાખાઓ આકાશમાં છે તે દરેક ઋતુમાં તેના પ્રભુની પરવાનગીથી તેનું ફળ આપે છે – અલ્લાહ લોકો માટે આવી તુલના રજૂ કરે છે જેથી તેઓ ચિંતન કરે. (૧૪:૨૪–૨૫)**

વૃક્ષ એ પ્રકૃતિની એક અનન્ય વસ્તુ છે. તે સૃષ્ટિના સ્વયં-વિકાસની એક પ્રક્રિયા છે. આખું વૃક્ષ સંભવિત રીતે બીજમાં છુપાયેલું હોય છે, પરંતુ જ્યારે બીજ પ્રગટ થાય છે, ત્યારે તે વૃક્ષમાં ફેરવાય છે. માણસનું પણ એવું જ છે. માણસ એક બાળક તરીકે જન્મે છે, જે એક બીજ સમાન છે. બાળકમાં વિકાસની અમર્યાદિત ક્ષમતા હોય છે અને જો તેને પ્રગટ થવાની તક આપવામાં આવે તો તેનો વિકાસ થતો રહે છે, અને એક પરિપક્વ અને સંપૂર્ણ વ્યક્તિ બને છે.

બધા ગુણો - શાણપણ, સકારાત્મક વિચાર, પ્રેમ, ઉદારતા, સહનશીલતા, વગેરે માણસમાં જન્મજાત છે. ઉગવાની તક આપવામાં આવે તો, જે રીતે એક બીજ ઉગીને સંપૂર્ણ ઝાડ બને એમ માણસ પણ પૂર્ણ માણસ તરીકે વિકસી શકે છે.

માણસની વૃદ્ધિ અથવા ચારિત્ર્ય ઘડતરમાં નડતરરૂપ શું હોય છે? માણસને સમાજમાં રહેવું પડે છે અને ત્યાં તેને હંમેશા અનિચ્છનીય પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે, જે તેને ખલેલ પહોંચાડી શકે છે. આમ તે પોતાનામાં ગુસ્સો, અણગમો, રાગ, દ્વેષ અને બીજી નકારાત્મકતાઓ વિકસાવી શકે છે. આ બધું માનવ વિકાસના કુદરતી માર્ગને અવરોધે છે. આવા સંજોગોમાં, માણસના ચારિત્ર્ય ઘડતરની માત્ર એક જ શરત છે - તે તેનામાં ધૈર્યની ગુણવત્તાનો વિકાસ કરે. તેણે અણગમતા અનુભવોનો સામનો કરવા છતાં તેનાથી અપ્રભાવિત રહેવાનું શીખવું પડશે. બીજા શબ્દોમાં કહીએ તો, તેણે અપ્રભાવિત જીવન જીવવાની કળા શીખવી પડશે.

હવે પ્રશ્ન એ છે કે આ અપ્રભાવિત જીવન જીવવું કેવી રીતે? તેની પદ્ધતિ ખૂબ જ સરળ છે. તે માત્ર થ્રીસ સેકન્ડની વાત છે. તમારે મિસ્ટર/મિસ. થ્રીસ સેકંડ બનવાનું છે, અને બાકીનું કામ કુદરત કરશે.

જ્યારે પણ તમે કોઈ અણગમતી પરિસ્થિતિનો સામનો કરો છો, ત્યારે તમે અધીર થઈ જાવ છો. જો લાગણીના આ આવેશને રોકવામાં ના આવે તો, તે ભંગાણની સ્થિતિમાં પહોંચી જવાની શકયતા છે. જો તમે તમારી અનિચ્છનીય પ્રતિક્રિયા પર અંકુશ રાખવા માંગતા હો તો શાંતિ રાખી તમારા મનને થ્રીસ સેકંડ માટે ખાલી કરવું પડશે. પરિણામે, જે વિરોધી તરંગો ઊભાં થયાં હતાં, તે તૂટીને વિખેરાઈ જશે. તે તમારા વ્યક્તિત્વનો ભાગ નહીં બને.

જો તમે આની પ્રેકિટસ કરશો, તો તમને ખ્યાલ આવશે કે પ્રથમ થ્રીસ સેકન્ડ માટે તમે ખૂબ જ પરેશાન હતા, પરંતુ તેના પછી તમે એકદમ નોર્મલ થઈ ગયા છો. થ્રીસ સેકન્ડ પછી, તમે તમારી સાધારણ માનસિક સ્થિતિમાં પાછા આવી ગયા છો.

જો તમે આ સૂત્રની યથાર્થતા ચકાસવા માંગતા હો, તો તમારે આનો પ્રયોગ કરવાની જરૂર છે. પ્રથમ અનુભવમાં જ તમને ખ્યાલ આવી જશે કે આ ફોર્મ્યુલા સો ટકા સફળ છે.

## * નકારાત્મક ઘટનાનું સકારાત્મક પાસું *

જ્યારે આરબો ભારતમાં આવ્યા ત્યારે દેખીતી રીતે તે એક આક્રમણ હતું. જો કે, આ નકારાત્મક ઘટનાની સકારાત્મક અસર પણ હતી. આરબોએ ભારતમાં એક નવી સંસ્કૃતિ દાખલ કરી, ઉદાહરણ તરીકે તેઓ લોકોમાં સમાનતા લાવ્યા. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ તેમના પુસ્તક 'ધ ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' માં આ હકીકતનો ઉલ્લેખ કર્યો છે, જેમાં તેઓ આરબો તેમની 'તેજસ્વી સંસ્કૃતિ' સાથે ભારતમાં આવ્યા હોવાનું લખે છે (પૃ. ૨૨૭).

તદુપરાંત, આરબો બાકીના વિશ્વને ભારતીય જ્ઞાનનો પરિચય કરાવવાનું સાધન બની ગયા. ઉદાહરણ તરીકે, આરબ ગણિતશાસ્ત્રી અલ-કિન્દી માટે ભારતીય અંક-પ્રણાલી જાણીતી બની. તેમણે સંસ્કૃતમાં આ વિષય પર એક પત્રિકા શોધી કાઢી અને તેનો અરબીમાં અનુવાદ કર્યો. ત્યારબાદ, તેમણે ઈ.સ. ૮૩૦ની આસપાસ 'ઓન ધ યુઝ ઓફ ધ ઈન્ડિયન ન્યુમરલ્સ' (કિતાબ ફી ઈસ્તીમલ અલ-અદદ અલ-હિન્દી) નામનું

તેમનું અરબી પુસ્તક ચાર ગ્રંથોમાં લખ્યું. મૂળ સંસ્કૃત લખાણ અત્યારે સાવ ખોવાઈ ગયું છે. ભારતીય ઈતિહાસના આ પ્રકરણને જાણવાનો એકમાત્ર સ્રોત આ અરબી અનુવાદ દ્વારા જ પ્રાપ્ય છે. અલ-કિન્દીનું આ કાર્ય મધ્ય-પૂર્વ અને પશ્ચિમના દેશોમાં ભારતીય સંખ્યા પદ્ધતિના પ્રસાર માટે મુખ્યત્વે જવાબદાર રહ્યું. આરબોએ ભારતમાંથી સંખ્યાની પદ્ધતિ શીખી અને તેઓ તેને ભારતીય-અંકો કહેતા. જ્યારે કે યુરોપિયનોએ આરબો પાસેથી આ સિસ્ટમ શીખી, એટલે તેઓ તેને અરબી-અંકો કહે છે.

## એ કુદરત છે જે માનવજાતના ભલા માટે આવી ઐતિહાસિક અશાંતિ સર્જે છે.

અઢારમી સદીમાં અંગ્રેજોએ ભારતમાં પ્રવેશ કર્યો. આ બાબત ફરીથી વિદેશી શક્તિ દ્વારા આક્રમણ જેવી હતી. પરંતુ આ આક્રમણથી ભારતને એકતા મળી. જ્યારે અંગ્રેજો આવ્યા ત્યારે તેઓએ ટેલિગ્રાફ, રેલ્વે અને સંદેશા વ્યવહારના અન્ય માધ્યમો રજૂ કર્યા. આના પરિણામે, ભારત પ્રથમ વખત એક સંયુક્ત દેશ બન્યો.

ઈતિહાસમાંથી ઉપરોક્ત ઉદાહરણો દર્શાવે છે કે દરેક ઘટનામાં સકારાત્મક પાસાઓ હોય છે. આ કુદરતનો નિયમ છે, અને આ કુદરતી નિયમમાં કોઈ અપવાદ નથી. માનવ ઈતિહાસની તમામ ઘટનાઓમાં આવું બન્યું છે.

જો કે ઉગ્રતાવાદીઓએ આ હકીકતને હંમેશા અવગણી છે. તેઓ ઘટનાઓના માત્ર નકારાત્મક પાસાઓને જ ધ્યાનમાં લે છે અને તેના પર ભાર મૂકીને તેમના જ્વલંત ભાષણો દ્વારા જનતાને ઉશ્કેરે છે. આ રીતે તેઓ ઉશ્કેરણી કરવામાં સફળ થાય છે. જો કે, આ પ્રકારની ઘટનાઓ હંમેશા અણબનાવ તરીકે જ સમાપ્ત થાય છે, એટલે કે, તેનું કોઈ સકારાત્મક પરિણામ મળતું નથી.

ઉપરના બે ઉદાહરણોમાં દર્શાવેલ ઐતિહાસિક દૃશ્યો આકસ્મિક નથી. પરંતુ, તે કુદરતના નિયમ મુજબ થયેલ છે. એ કુદરત છે જે માનવજાતના ભલા માટે આવી ઐતિહાસિક અશાંતિ સર્જે છે. આ ઘટના મુસ્લિમ દેશો સહિત વિશ્વમાં દરેક જગ્યાએ જોઈ શકાય છે. અઢારમી સદીથી મુસ્લિમોનો રાજકીય ઈતિહાસ પ્રકૃતિના આ નિયમનું ઉદાહરણ છે.

આ ઐતિહાસિક પ્રક્રિયા હંમેશા માનવજાતના હિતમાં જ હોય છે. જો કે, આ પ્રક્રિયાનો લાભ મેળવવા માટેની શરત એ છે કે તાબે થનાર દેશે ઉગ્ર પ્રતિક્રિયા આપવાને બદલે શાંતિપૂર્ણ રહેવું જોઈએ. જો દેશના લોકો ન્યાય અને માનવાધિકારના નામે લડવા લાગે છે, તો તેઓ આ કુદરતી પ્રક્રિયાના લાભોથી વંચિત રહી જાય છે. આજના મુસ્લિમ

રાષ્ટ્રો આ હકીકતની સાક્ષી આપે છે. અને, એ જ રીતે મધ્ય-પૂર્વના દેશોનું વર્તમાન દૃશ્ય પણ આ સિદ્ધાંતની સાક્ષી પૂરી પાડે છે. હાલમાં મુસ્લિમ વિશ્વમાં અનેક આંદોલનો ચાલી રહ્યા છે, જે સમાચાર માધ્યમોમાં રોજેરોજ સ્થાન મેળવે છે. પરંતુ, જો પરિણામની દ્રષ્ટિએ જોવામાં આવે તો તેનું કોઈ સકારાત્મક પરિણામ દર્શાવી શકાતું નથી. કુરાન આ પ્રકારની પ્રથા અપનાવવા સામે ચેતવણી આપે છે. કુરાનની એક આયત  કહે છે;

**વ લા યજ્ રિ મન્નકુમ્ શનઆનુ કવ્મિન્ અલા અલ્લા તઅેદિલૂ,**
**ઈઅેદિલૂ હુ વ અક્રબુ લિત્ તકવા, વત્તકુ લ્લાહ (૫:૮)**

**અન્યો તરફની તમારી દુશ્મનાવટ માટે તમને (પોતાને) અન્યાય તરફ દોરી જવા ન દો. ન્યાયી બનો! તે અલ્લાહથી ડરનાર બનવાની નજીક છે (૫:૮)**

કુરાન દ્વારા અહીં વપરાયેલ અદ્‌લ (ન્યાય) શબ્દ ઉપરોક્ત દર્શાવેલ ઐતિહાસિક ઘટનાનો સંદર્ભ આપે છે. તેનો અર્થ છેઃ ‘ખોટી દુશ્મનીને તમારા પર એવી રીતે હાવી ના થવા દો કે જેથી કરીને તમે કુદરતના નિયમોને ઓળખવામાં નિષ્ફળ થઈ જાઓ, અને પરિણામે તમારા પોતાના જ હિતથી વંચિત થઈ જાઓ.’

## * તાલમેલ–એક સુવર્ણ સિદ્ધાંત *

તાલમેલ શું છે? તાલમેલ એટલે અણગમતી પરિસ્થિતિમાં પણ માનસિક સ્થિરતાથી જીવવું. તાલમેલ એટલે જીવન જીવવાનો માર્ગ. આમ જુઓ તો, તાલમેલ એ એક એવું વર્તન છે જે તમે બીજા માટે અપનાવો છો, પરંતુ હકીકતમાં તે તમારા પોતાના માટે છે.

તકલીફ એ છે કે  ઈશ્વરે બનાવેલ જગતની રચના-યોજના મુજબ, આપણું વિશ્વ તફાવતોની દુનિયા છે. દરેક માનવી કાં તો મિસ્ટર ડિફરન્ટ અથવા મિસ ડિફરન્ટ છે. ઉપરાંત, દરેકને પોતાની મરજી મુજબનું વર્તન કરવાની છૂટ છે. આવી  પરિસ્થિતિમાં દરેક માનવીએ ના છૂટકે તફાવતોના જંગલમાં જીવવું જ પડે છે. તમે આ રચનાની યોજના બદલી શકતા નથી. તો પછી આવા સંજોગોમાં કરવું શું?

**તાલમેલ તમને તમારી મુસાફરી ચાલુ રાખવાની તક આપે છે.**
**જ્યારે અથડામણની નીતિ તમારા જીવનની સફરને કાં તો અસ્થાયી રૂપે અથવા તો કાયમી રીતે અટકાવવાનું કારણ બને છે.**

તમારા માટે એકમાત્ર વાસ્તવિક વિકલ્પ અન્ય લોકો સાથે તાલમેલ સાધવાનો છે. અહીં, તાલમેલનો અર્થ છે ઉગ્ર પ્રતિક્રિયા ના આપવી, અન્યને બદલવાનો પ્રયાસ ન કરવો, નકારાત્મક ન બનવું, પરિસ્થિતિને અવરોધ તરીકે ન લેવી, પરંતુ તેને સરળતાથી સંચાલિત કરવી.

દરેક પરિસ્થિતિમાં તમારી પાસે બે વિકલ્પ હોય છે કાં તો અન્ય લોકો સાથે તાલમેલ સાધો અથવા તાલમેલ ન સાધવાનો રસ્તો પસંદ કરો. જો તમે તાલમેલ ન સાધવાનો સિદ્ધાંતને પસંદ કરો છો, તો તે ફક્ત તમારી સમસ્યાઓમાં વધારો કરશે. તમે મનના તણાવમાં, અશાંતિમાં જીવશો અને આ રીતે તમારો સમય અને શક્તિ વેડફશો. પરંતુ જો તમે તાલમેલ પસંદ કરો છો, તો તમે તરત જ તમારા મનને મુક્ત કરી શકશો. તમે તમારી જાતને દરેક પ્રકારની નકારાત્મકતાથી બચાવી શકશો.

તાલમેલ તમને તમારી મુસાફરી ચાલુ રાખવાની તક આપે છે. જ્યારે અથડામણની નીતિ તમારા જીવનની સફરને કાં તો અસ્થાયી અથવા તો કાયમી રીતે અટકાવવાનું કારણ બને છે.

તાલમેલ એ ગુલામીનું વલણ નથી, પરંતુ તે શાણપણનું વલણ છે. તે એ જ સિદ્ધાંત છે જે દરેક વ્યક્તિ જ્યારે રસ્તા પર હોય ત્યારે અનુસરે છે. રસ્તા પર બંને બાજુથી ટ્રાફિક આવે છે. તેથી, દરેક વ્યક્તિ તેમના દેશના ટ્રાફિક નિયમો અનુસાર, ડાબી અથવા જમણી બાજુએ રહેવાની નીતિ પસંદ કરે છે. રસ્તાઓ પર આ એક તાલમેલનો માર્ગ છે. જો તમે ટ્રાફિકની આ સંસ્કૃતિને અનુસરવાનો અસ્વીકાર કરો છો, તો તમારે વિનાશક પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે, મૃત્યુ પણ થઈ શકે છે. તાલમેલ આ કુદરતી સૂત્ર પર આધારિત છેઃ 'તમારી જાતને બચાવો.' જ્યારે તમે બીજાને બદલવાની સ્થિતિમાં ન હોવ, ત્યારે તમારી પોતાની જાતને બદલો. આ વર્તનને જ તાલમેલ કહેવાય.

કુરાનના એક ઉપદેશનો ઉલ્લેખ અલ-નિસા (મહિલા) ના અધ્યાયમાં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**અસ-સુલ્હ ખૈર, અર્થાત્ સમાધાન શ્રેષ્ઠ છે. (૪:૧૨૮)**

સમાધાન એ તાલમેલનું બીજું નામ છે. કુરાનની આ કલમ કુદરતના નિયમનો સંદર્ભ આપે છે. કુદરતના નિયમ મુજબ સમાધાન એ જીવનનો શ્રેષ્ઠ માર્ગ છે. જ્યારે તમે અન્ય પક્ષ સાથે કોઈપણ પ્રકારના મતભેદનો સામનો કરો છો, ત્યારે ઘર્ષણનો માર્ગ

અપનાવવાને બદલે તાલમેલનો માર્ગ અપનાવો. પરિણામની દ્રષ્ટિએ આ તમારા માટે શ્રેષ્ઠ છે. આ સૂત્ર અપનાવવાથી, તમે કોઈપણ વિલંબ કર્યા વિના તમારા લક્ષ્ય સુધી પહોંચશો. વ્યવહારુ બનોઃ તમારો સમય અને શક્તિ વેડફો નહીં. તાલમેલનો માર્ગ અપનાવો, અને તમારી સફળતા સુનિશ્ચિત કરો.

## * ઈશ્વર–સભાન બનવું *

જિમ કોર્બેટ (૧૮૭૫-૧૯૫૫) એક સુપ્રસિદ્ધ બ્રિટિશ શિકારી હતા. તેમણે **મેન–ઈટર્સ ઓફ કુમાઉ (કુમાઉ ના માનવભક્ષી)** નામનું પ્રખ્યાત પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક ૧૯૦૦ થી ૧૯૩૦ ના દાયકા સુધી ભારતના કુમાઉ પ્રદેશમાં માનવભક્ષી વાઘ અને ચિત્તાનો શિકાર કરતી વખતે કોર્બેટને થયેલા અનુભવોની વિગતો આપે છે. એક ઉદાહરણમાં તેઓએ વાઘનો ડર આ રીતે દર્શાવ્યો છેઃ "દિવસના પ્રકાશમાં વાઘની નજીકની નિકટતા, જ્યારે તેણે તમને જોયા પણ ન હોય ત્યારે, લોહીના પ્રવાહમાં ખલેલ પહોંચાડે છે. પરંતુ, જો વાઘ સામાન્યને બદલે માનવભક્ષી હોય અને સમય કાળ રાતના દસ વાગ્યાનો હોય, અને તમને ખ્યાલ આવે કે માનવભક્ષી તમને જોઈ પણ રહ્યો છે, ત્યારે તો લોહીના પ્રવાહની ખલેલ તોફાન બની જાય છે." (ધ મુક્તેસર મેન-ઈટર)

**આ બે ભાવનાઓનું સંયોજન, ઈશ્વર પ્રત્યેનો તમારો પ્રેમ અને ઈશ્વરની મહાનતાની અનુભૂતિ, એક અનન્ય સ્વરૂપમાં પ્રગટ થાય છે.**
**આ ભાવના વ્યક્ત કરવા માટે શબ્દકોષના તમામ શબ્દો ઓછા પડે છે.**

લોહીના પ્રવાહમાં આ તોફાન વાઘના ડરને કારણે છે. આ સમાન પ્રકારનો ડર ઈશ્વરથી પણ હોવો એ સાચા આસ્તિકનું લક્ષણ છે. આ સંદર્ભે કુરાનના અધ્યાય અલ-અન્ફાલ (યુદ્ધની લૂંટ) માં એક શ્લોક છે;

**ઈન્નમલ્ મુઅમિનુન લ્લઝીન ઈઝા ઝુકિરલ્લાહુ વ જિલત્ કુલૂબુહુમ્ (૮ઃ૨)**

**સાચા આસ્થાવાનો તે છે જેમના હૃદય અલ્લાહના ઉલ્લેખથી કંપી ઉઠે છે. (૮ઃ૨)**

વાઘ અને ઈશ્વરનો ડર બંને દેખાવમાં સરખા લાગે છે. પરંતુ, બંને વચ્ચે ગુણાત્મક તફાવત છે. વાઘનો ડર નકારાત્મક ભય છે, જ્યારે ઈશ્વરનો ડર સંપૂર્ણ રીતે સકારાત્મક ભય છે. વાઘના ડરનું કોઈ સકારાત્મક પાસું નથી, જ્યારે ઈશ્વરનો ભય સંપૂર્ણ અર્થમાં સકારાત્મક છે. વાઘનો ડર એ એવા પ્રાણીનો ડર છે જે ફક્ત તમને નુકસાન પહોંચાડી

શકે છે, જ્યારે ઈશ્વરનો ડર એ એવા અસ્તિત્વનો ડર છે જે તમારા પર તમામ પ્રકારની કૃપા કરી શકે છે. વાઘનો ડર ભય ખાતર ભય છે, જ્યારે ઈશ્વરનો ડર મુક્તિ ખાતર, સ્વર્ગ ખાતર અને સર્વશક્તિમાન ઈશ્વરના શાશ્વત આશીર્વાદ ખાતર છે.

ઈશ્વરનો ભય માત્ર દેખાવ પૂરતો જ ભય છે  પરંતુ ભાવનામાં  તે ઉચ્ચ પ્રકારનો પ્રેમ અને ઉચ્ચ સ્તરનો ગાઢ સ્નેહ છે. ઈશ્વરનો ભય આશાઓથી ભરેલો છે. ઈશ્વરનો ડર તમને સારા કાર્યો કરવા માટે ઉચ્ચ પ્રેરણા આપે છે, જેથી તમે સ્વર્ગમાં સ્થાયી થવા માટે પસંદ થઈ શકો.

સર્વશક્તિમાન ઈશ્વર તમામ પ્રકારના આશીર્વાદોનો ખજાનો છે. ફક્ત તે જ આપનાર છે. તે જ સમયે તે **અર્હમર્રાહિમીન્ (૭:૧૫૧) એટલે કે, દયાળુઓમાં સૌથી વધુ દયાળુ** પણ છે.

જ્યારે તમને સર્વશક્તિમાન ઈશ્વરને ખોળશો અને પ્રતિત થયે કે તેની પાસે  આ બધા ઉચ્ચ ગુણો છે, ત્યારે તમે તેના માટે પ્રેમની લાગણીઓથી ભરાઈ જશો. તે જ સમયે, તમને સમજાય છે કે ઈશ્વર સૌથી મહાન છે, ઈશ્વર સર્વશક્તિમાન છે, અને ઈશ્વર દરેક વસ્તુના માલિક છે. ઈશ્વર પ્રત્યેનો તમારો પ્રેમ અને ઈશ્વરની મહાનતાની અનુભૂતિ, આ બે ભાવનાઓનું સંયોજન, એક અનન્ય સ્વરૂપમાં પ્રગટ થાય છે. આ ભાવના વ્યક્ત કરવા માટે શબ્દકોષના તમામ શબ્દો ઓછા પડે છે. આ ભાવના સ્નેહથી ભરેલી છે, સાથે સાથે વિસ્મયથી પણ ભરેલી છે.

માનવ ભાષામાં, આ ઉમદા ભાવનાને વ્યક્ત કરી શકે તેવો શબ્દ શોધવો અશકય છે. આ ભાવના તેના દેખાવમાં ભય છે, પરંતુ તેના આંતરિકરૂપમાં પ્રેમ છે. ઈશ્વરમાં શ્રદ્ધાનો સર્વોચ્ચ તબક્કો છે.

ઈશ્વર-ચેતના એ માણસની ભાવનાત્મક અભિવ્યક્તિનું સર્વોચ્ચ સ્વરૂપ છે. જ્યારે કોઈ વ્યક્તિ ચેતનાના આ સ્તરે પહોંચે છે, ત્યારે તે તેની લાગણીઓથી એટલો પ્રભાવિત થઈ જાય છે કે તે તેની સ્મૃતિમાંથી આ ભાવના વ્યક્ત કરવા માટેના બધા શબ્દો ભૂલી જાય છે. જો તે "પ્રેમ" શબ્દમાં આને વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે, તો તેને લાગે છે કે આ લાગણી ભયથી પણ ભરેલી છે; અને જ્યારે તે તેને "ડર" શબ્દમાં વ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેને લાગે છે કે તે પ્રેમથી પણ ભરેલી છે. આંતરિક લાગણીઓના શબ્દકોષમાં આ અનુભવ સંપૂર્ણપણે જાણીતો છે, પરંતુ જ્યાં સુધી શબ્દોનો સંબંધ છે, કોઈ પણ શબ્દકોષમાં એવો કોઈ શબ્દ નથી જે આ ઉત્કૃષ્ટ ભાવનાને સંપૂર્ણપણે વ્યક્ત કરી શકે.

# * સ્વર્ગ માટે લાયક ઉમેદવાર *

સ્વર્ગની શાશ્વત દુનિયા માટે લાયક ઉમેદવાર કોણ છે? કુરાન એક અવતરિત ગ્રંથ છે જે આ પ્રશ્નનો ઉત્તર આપે છે. કુરાન અનુસાર, સ્વર્ગમાં સ્થાયી થવા માટે માત્ર મુઝક્કા વ્યક્તિને પસંદ કરવામાં આવશે.

મુઝક્કા એટલે શુદ્ધ આત્મા. મુઝક્કા વ્યક્તિ તે છે જે પોતાની જાતને સ્વર્ગીય સંસ્કૃતિના સંદર્ભમાં તૈયાર કરે છે, કે જે સ્વર્ગીય સમાજમાં રહેવા માટે જરૂરી સીમારેખાઓ પર પોતાના ચારિત્ર્યનું ઘડતર કરે છે. સ્વર્ગ એક આદર્શ સમાજ છે. સ્વર્ગમાં દરેક વસ્તુ સંપૂર્ણતા અને ઉચ્ચ ધોરણો અનુસાર હશે. મુઝક્કા વ્યક્તિ માટે જે ગુણો જરૂરી છે તે કુરાનમાં વિગતવાર દર્શાવવામાં આવ્યા છે.

**સ્વર્ગ એ કોઈનો જન્મસિદ્ધ અધિકાર નથી, અને કોઈની ભલામણ અથવા ઈચ્છા દ્વારા તેમાં પ્રવેશ મેળવી શકાશે નહીં. સ્વર્ગમાં પ્રવેશ એ સંપૂર્ણપણે પસંદગીની બાબત છે, અને આ પસંદગી મૃત્યુ પછીના વિશ્વ એટલે કે પરલોકમાં સર્વશક્તિમાન ઈશ્વર સિવાય બીજું કોઈ નહીં કરે.**

**સ્વર્ગવાસીઓના હૃદય તેમના પ્રભુના મહિમાથી ભરાઈ જશે. (૩૯:૭૫)** મુઝક્કા વ્યક્તિની આ પ્રથમ ગુણવત્તા છે. એટલે કે, તેણે આ દુન્યવી જીવનમાં ઈશ્વરનો મહિમા ખોજવો જોઈએ અને તેને અંતઃકરણથી  સ્વીકારવો જોઈએ. ઈશ્વરની સ્તુતિ કરવી એ હંમેશની ખોજનું પરિણામ છે. તેનો અર્થ એ છે કે વ્યક્તિએ ચિંતન (તદબ્બુર) ની સંસ્કૃતિ અપનાવવી જોઈએ, આ વિચાર અને ચિંતન દ્વારા, બ્રહ્માંડના સંચાલક તરીકે ઈશ્વરની ખોજ કરવી જોઈએ. આ ખોજ બૌદ્ધિક રીતે એટલી ઊંડી હોવી જોઈએ કે જેનાથી તેના વ્યક્તિત્વમાં ક્રાંતિકારી પરિવર્તન આવે. કુરાનમાં નિરૂપિત શબ્દ મુજબ આવી વ્યક્તિ રબ્બાની (૩:૭૯) બની જાય છે.

કુરાનમાં અલ-કમર (ચંદ્ર) ના અધ્યાયમાં સ્વર્ગનું એક દ્રશ્ય આ શબ્દોમાં આપવામાં આવ્યું છે;

**ઈન્નલ્ મુત્તકીન ફી જન્નાતિન્ વ નહર**
**'ફી મક્એદિ સિદ્કીન્ ઈન્દ મલીકિમ્ મુક્તદિર્' (૫૪:૫૪–૫૫)**

**ખરેખર, પ્રામાણિક લોકો બગીચાઓ અને નદીઓની વચ્ચે હશે.**
**'સૌથી શક્તિશાળી સાર્વભૌમની સાથે સન્માનની બેઠક પર'(૫૪:૫૪–૫૫)**

તેનો અર્થ એ છે કે સ્વર્ગના લોકોમાં શબ્દના સંપૂર્ણ અર્થમાં સત્યતા અને પ્રામાણિકતાના ગુણો હશે. જેઓ સાબિત કરશે કે તેઓ આ ઉચ્ચ ગુણવત્તા ધરાવે છે, તેઓ સ્વર્ગમાં પ્રવેશનારાઓની તેજસ્વી યાદીમાં નોંધાશે.

કુરાન સ્વર્ગને **દર અસ્–સલામ (૧૦:૨૫)** તરીકે વર્ણવે છે. **દર અસ્–સલામ** એટલે શાંતિનું ઘર. આ મુજબ, સ્વર્ગના ઉચ્ચ સમાજનો દરેક સભ્ય શબ્દના સંપૂર્ણ અર્થમાં શાંતિપૂર્ણ વ્યક્તિ હશે. સ્વર્ગ માટે ફક્ત તે જ વ્યક્તિ પસંદ કરવામાં આવશે જેણે આ દુન્યવી જીવનમાં સાબિત કર્યું હશે કે તેણે પોતાનો એટલો બૌદ્ધિક વિકાસ કર્યો છે કે તે સમાજમાં શાંતિ અને કરુણા સાથે રહી શકે છે. તે કોઈ પણ બહાને, કોઈપણ રીતે, પોતાના હૃદયમાં કોઈની પણ વિરુદ્ધ નફરત કે હિંસાખોરીની સહેજ પણ લાગણીઓ વિકસાવશે નહીં.

સ્વર્ગના વાતાવરણ વિશે, કુરાન કહે છે;

**લા યસ્મઊન ફી હા લગ્વન્ વ લા તઅષીમા (૫૬:૨૫)**

**તેઓ ત્યાં કોઈ નિરર્થક અથવા અધમ વાત સાંભળશે નહીં. (૫૬:૨૫)**

કોઈપણ વ્યક્તિ જે આ માપદંડ પર ખરો નહીં ઉતરે તેને સ્વર્ગમાં પ્રવેશવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.

સ્વર્ગના ઉત્કૃષ્ટ સમાજ વિશે, કુરાનમાં અધ્યાય અલ-નિસા (સ્ત્રીઓ) માં એક ખૂબ જ અર્થપૂર્ણ શ્લોક છે. તે કહે છે;

**વ મન્ યુતિઈ લ્લાહ વર્ રસુલ ફ ઊલાઈક મઅલ્ લઝીન અન્અમ લ્લાહુ**
**અલયહિમ્ મિનન્ નબિય્યિન વસ્ સિદ્દિકીન વશ્ શુહદાહિ**
**વસ્ સાલિહીન વ હસુન ઊલાઈક રફીકા (૪:૬૯)**

**અને જે કોઈ અલ્લાહ અને પયગંબરનું આજ્ઞાપાલન કરે છે તે અલ્લાહ દ્વારા આશીર્વાદિત લોકોની સંગતમાં હશેઃ પયગંબરો, સત્યવાદીઓ, શહીદો અને પ્રામાણિક (લોકો). આ કેટલી સન્માનનીય સંગત છે! (૪:૬૯)**

આ ચિત્ર કુરાનમાં આપેલ છે. તેનો અર્થ એ છે કે સ્વર્ગનો સમાજ સમગ્ર માનવ ઈતિહાસમાંથી શ્રેષ્ઠ વ્યક્તિઓનો સંગ્રહ હશે. કુરાનનું આ નિવેદન દર્શાવે છે કે સ્વર્ગ એ શબ્દના આત્યંતિક અર્થમાં ઉચ્ચ ધોરણોનો સમાજ હશે. આ સમાજના દરેક સભ્યમાં

સકારાત્મક વિચારો, શાંતિપૂર્ણ વર્તન, ઉત્કૃષ્ટ ચારિત્ર્ય, સત્યનિષ્ઠા, પ્રામાણિકતા અને સૌહાર્દપૂર્ણ વ્યક્તિત્વ, આદર્શવાદી વિચારો અને સંપૂર્ણતાવાદી વર્તન જેવા ઉત્તમ ગુણો હશે. સ્વર્ગનો દરેક વ્યક્તિ દિવ્ય બગીચાના સુંદર ફૂલ જેવો હશે.

આ દુન્યવી જીવનમાં જેમણે આ પ્રકારનું વ્યક્તિત્વ વિકસાવ્યું તેઓ તેમના સમાજના સક્ષમ સભ્યો છે. ફક્ત તે જ વ્યક્તિઓ સ્વર્ગમાં પ્રવેશ મેળવશે જેમણે આ દુન્યવી જીવનમાં પોતાની જાતને આ માટે લાયક બનાવી હશે.

સ્વર્ગ એ કોઈનો જન્મસિદ્ધ અધિકાર નથી, અને કોઈ ભલામણ કે ઈચ્છા દ્વારા તેમાં પ્રવેશ મેળવી શકાશે નહીં. સ્વર્ગમાં પ્રવેશ એ સંપૂર્ણપણે પસંદગીની બાબત છે, અને આ પસંદગી મૃત્યુ પછીના વિશ્વ એટલે કે પરલોકમાં સર્વશક્તિમાન ઈશ્વર સિવાય બીજું કોઈ નહીં કરે. કુરાનમાં આ માપદંડ આ શબ્દોમાં આપવામાં આવ્યો છે;

**વ અન્ લ્લયસ લિલ્ ઈન્સાનિ ઈલ્લા મા સઆ (૫૩:૩૯)**

**[પરલોકમાં] માણસને તે જ મળશે જેના માટે તેણે પ્રયાસ કર્યો છે. (૫૩:૩૯).**

તેનો અર્થ એ છે કે ફક્ત તે જ વ્યક્તિ સ્વર્ગમાં પ્રવેશ મેળવશે જે તેના માટે લાયક સાબિત થશે. સ્વર્ગ એક સંપૂર્ણ વિશ્વ છે, અને ફક્ત સંપૂર્ણ ચારિત્ર્યવાનને જ તેમાં પ્રવેશ મળશે.

# * મુશ્કેલ સમયઃ એક આશીર્વાદ *

મને ઈ-મેઈલ દ્વારા એક પ્રશ્ન મળ્યો. પ્રશ્નનું લખાણ આવું હતુંઃ 'હું વારંવાર ઈશ્વરને આ રીતે પ્રાર્થના કરું છુંઃ "કૃપા કરીને મારા કુટુંબ અને પ્રિયજનોને સુખી રાખજો. તેમની બધી જ મુશ્કેલીઓને મારા જીવનમાં સ્થાનાંતરિત કરી દેજો, અને તેઓને તેમના જીવનમાં કયારેય કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. પ્રભુ, હું દરેક મુશ્કેલીઓનો સામનો કરવા માટે તૈયાર છું, પરંતુ હું ઈચ્છું છું કે તેઓ હંમેશા સુખી અને સમૃદ્ધ રહે." શું આ પ્રાર્થના કુરાન અનુસાર છે?'

**પડકાર માણસને હીરો બનાવે છે. જ્યારે તમે કોઈ પડકારનો સામનો કરો છો, ત્યારે તમે તમારી બૌદ્ધિક વિકાસની પ્રક્રિયામાં વધારો કરો છો.**

આ પ્રશ્નનો ઉત્તર ખૂબ જ સ્પષ્ટ છે. આ પ્રકારની પ્રાર્થના કુરાનના સૂચના પ્રમાણે નથી કારણકે તે ઈશ્વરની રચના-યોજનાની વિરુદ્ધ છે. કોઈપણ પ્રાર્થના જે ઈશ્વરે બનાવેલ સૃષ્ટિની વિરુદ્ધ જાય છે તે કયારેય સ્વીકારી શકાતી નથી, પછી ભલે તે વ્યક્તિ ગમે તેટલી પ્રાર્થના કરે. અધ્યાય ફતિર (સર્જક) માં કુરાન સ્પષ્ટપણે જાહેર કરે છે;

**કોઈ બોજ–વાહક બીજાનો બોજ ઉઠાવશે નહીં. (૩૫:૧૮)**

ઉપરોક્ત પ્રકારની પ્રાર્થના પ્રતિબિંબિત કરે છે કે માતા-પિતાએ તેમના કુટુંબની દુન્યવી સમૃદ્ધિને જ માત્ર તેમનું લક્ષ્ય બનાવ્યું છે. જ્યારે કુરાન અનુસાર, માતા-પિતાએ તેમના પરિવારની પરલોકની દુનિયા (આખિરત) ને તેમનું લક્ષ્ય બનાવવું જોઈએ. કુરાન અનુસાર, આસ્તિકે પોતાના તેમજ પોતાના પરિવાર માટે આખિરત-લક્ષી (પરલોક-લક્ષી) જીવન અને વિચારો અપનાવવા જોઈએ. આની વિરુદ્ધ જવાથી દિવ્ય ક્રોધને જ આમંત્રણ મળશે. કુરાનના અધ્યાય અલ-આ'લા (સૌથી ઉચ્ચ) માં એક શ્લોક છે જે આ તરફ નિર્દેશ કરે છે;

**પરંતુ તમે આ દુનિયાના જીવનને પ્રાધાન્ય આપો છો,**
**જો કે પરલોક શ્રેષ્ઠ અને વધુ સ્થાયી છે. (૮૭:૧૬–૧૭)**

તદુપરાંત, આવી પ્રાર્થના ડહાપણની વિરુદ્ધ છે. કુદરતના નિયમ મુજબ મુશ્કેલી એ કોઈ સમસ્યા નથી, પરંતુ તે તો એક આશીર્વાદ છે. એક જાણીતી કહેવત છેઃ 'આસાની નહીં પરંતુ પ્રયત્નો, સહેલાઈ નહીં પરંતુ મુશ્કેલી માણસને સફળ બનાવે છે.' આ કહેવત પ્રકૃતિના નિયમ પર આધારિત છે. કુદરતના નિયમ મુજબ, સાચા વ્યક્તિત્વના નિર્માણ માટેનો એકમાત્ર માર્ગ મુશ્કેલી છે. મુશ્કેલી એ અભિશાપ નથી, બલ્કે તે સફળતા તરફનું પ્રથમ પગથિયું છે.

સમસ્યા એ છે કે લોકો મુશ્કેલીને મુશ્કેલી તરીકે ગણે છે, જ્યારે હકીકતમાં તે એક પડકાર છે. 'મુશ્કેલી' એ નકારાત્મક શબ્દ છે, જ્યારે 'પડકાર' એ સકારાત્મક શબ્દ છે. પડકાર તમને પ્રોત્સાહિત કરે છે, તમારી સંભવિતતાને પ્રગટ કરે છે અને તમારી સર્જનાત્મકતાને વધારે છે. ટૂંકમાં, પડકાર માણસને હીરો બનાવે છે. જ્યારે તમે કોઈ પડકારનો સામનો કરો છો, ત્યારે તમે તમારી બૌદ્ધિક વિકાસની પ્રક્રિયામાં વધારો કરો છો. આ બૌદ્ધિક વિકાસ જ તમને તમામ પ્રકારની મોટી સિદ્ધિઓ તરફ દોરી જાય છે.

જીવનની મુશ્કેલીઓને એક પડકાર તરીકે લો, અને ટૂંક સમયમાં જ તમે જાણી જશો કે તમે જેને અનિષ્ટ માનતા હતાં તે ખરેખર આશીર્વાદ હતું.

# * ઈશ્વર આપણી સાથે જ છે *

ઈસ્લામના પયગંબરે ઈ. સ. ૬૧૦ માં મક્કામાં પોતાનું અભિયાન શરૂ કર્યું હતું. ત્યારબાદ, તેર વર્ષ પછી તેમને મક્કાથી હિજરત કરીને મદીનામાં સ્થાયી થવાની ફરજ પડી હતી. તે લગભગ ૪૦૦ કિ.મીની અપ્રિય યાત્રા હતી. આ જોખમી પ્રવાસ દરમિયાન તેમને થાવ્રની ગુફામાં છુપાઈ જવાની ફરજ પડી હતી. તે સમયે પયગંબર સાહેબની સાથે માત્ર એક જ સાથી હતા. તે અબુબક્ર સિદ્દીક હતા. પયગંબર સાહેબના દુશ્મનો ગુફા સુધી પહોંચવામાં સફળ રહ્યા. આ જોઈને અબુબક્ર ભયભીત થઈને બોલ્યાઃ "આ લોકો તો અહિયાં પણ પહોંચી ગયા!!"

**જો તમે સંપૂર્ણ ઈમાનદારી અને સમર્પણ સાથે દૈવી અભિયાન અપનાવો છો, તો સર્વશક્તિમાન ઈશ્વર ચોક્કસપણે તમને મદદ કરશે. આવી સ્થિતિમાં ઈશ્વર તમને એકલા નહીં છોડે.**

કુરાનના અધ્યાય અલ-તૌબા (પસ્તાવો) માં પયગંબર સાહેબના જવાબનો ઉલ્લેખ આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**ઈલ્લા તન્સુરૂહુ ફકદ્ નસરહુલ્લાહુ ઈઝ્ અખ્રજહુલ્લઝીન કફરૂ**
**ષાનિયષ્નચ્નિ ઈઝ્ હુમા ફિલ્ ગારિ ઈઝ્ યકૂલુ લિ સાહિબીહિ,**
**લા તહ્ઝન્ ઈન્નલ્લાહ મઅના (૯:૪૦)**

**જો તમે તેમની [મુહમ્મદની] સહાય ના કરો, તો જાણો કે અલ્લાહે તેમને મદદ કરી જ્યારે સત્યની અવહેલના કરનારાઓએ તેમને મક્કામાંથી હાંકી કાઢયા હતા અને તે બેમાંના એક હતા. જ્યારે તેઓ બંને ગુફામાં હતા ત્યારે તેમણે તેના સાથીનેઆશ્વાસન આપ્યું હતું; ''ચિંતા કરશો નહીં; કારણકે અલ્લાહ આપણી સાથે છે.'' (૯:૪૦)**

આ ફક્ત પયગંબરીય વાર્તા નથી, પરંતુ તેના કરતા પણ વધુ છે. બધા આસ્થાવાન લોકો માટે આ એક ઉદાહરણ છે. તેનો અર્થ એ છે કે જો તમે સંપૂર્ણ ઈમાનદારી અને સમર્પણ સાથે દિવ્ય અભિયાન અપનાવો છો, તો સર્વશક્તિમાન ઈશ્વર ચોક્કસપણે તમને મદદ કરશે. આવી સ્થિતિમાં ઈશ્વર તમને એકલા નહીં છોડે.

જો તમે તમારી જાતને દિવ્ય અભિયાનમાં સામેલ કરવાનો પ્રયાસ કરી રહ્યાં હોવ, ત્યારે બાહ્ય પરિબળોથી ડરશો નહીં, પરંતુ તમારી પોતાની આંતરિક ભાવનાઓને તપાસો.

જો તમે આ અભિયાન પ્રત્યે નિષ્ઠાવાન હોવ, તો તમારે ઈશ્વરમાં સંપૂર્ણ ભરોસો રાખવો જોઈએ. તમારે વિશ્વાસપૂર્ણરીતે માનવું જોઈએ કે ઈશ્વર ચોક્કસપણે તમામ અવરોધો સામે તમને સહાય પૂરી પાડશે.

## * આ રહ્યું આશાનું કિરણ *

બ્રિટિશ ઈતિહાસકાર આર્નોલ્ડ જે. ટોયન્બી (૧૮૮૯-૧૯૭૫) તેમના ૧૨-ખંડોના પુસ્તક, અ સ્ટડી ઓફ હિસ્ટ્રી દ્વારા જાણીતા છે, જે ૧૯૩૪-૬૧ દરમિયાન પ્રકાશિત થયું હતું. આ પુસ્તકમાં તેમણે સંસ્કૃતિના વિકાસ અને વિઘટન અંગે એક સિદ્ધાંત વિકસાવ્યો છે. તેમણે ઈતિહાસના અભ્યાસક્રમ દ્વારા ૨૬ સંસ્કૃતિઓના ઉદય અને પતનની તપાસ કરી હતી.

તેમના વિશ્લેષણ મુજબ, ઈતિહાસ પ્રકૃતિના નિયમ મુજબ સંચાલિત થાય છે. આ કાયદો જેને તેઓ 'પડકાર-અને-પ્રતિભાવ' ની પદ્ધતિ કહે છે, તે શરતો પર આધારિત છે. આ સિદ્ધાંત અનુસાર, તમામ સંસ્કૃતિઓનું સર્જન લઘુમતી જૂથ દ્વારા જ થયું છે.

લઘુમતી હંમેશા ઐતિહાસિક પરિબળોના પ્રભાવ હેઠળ અસરગ્રસ્ત થાય છે, જે તેને ગંભીરપણે પ્રેરિત કરે છે. આ પ્રેરણા લઘુમતી સમુદાયની ક્ષમતામાં વધારો કરે છે અને અંતે તે સર્જનાત્મક લઘુમતી તરીકે ઉભરી આવે છે. બધી સંસ્કૃતિઓ અમુક સર્જનાત્મક લઘુમતીઓના પ્રયત્નો અને સંઘર્ષનું જ પરિણામ હતી.

કુદરતનો આ નિયમ લઘુમતીને સર્જનાત્મક લઘુમતી બનાવવા માટે પૂરતો નથી. તેના માટે સમજદાર નેતૃત્વની જરૂર હોય છે. એ હકીકત છે કે લઘુમતી હંમેશા બહુમતીના દબાણમાં રહે છે. આ કુદરતી નિયમ છે, જેમાં કોઈ અપવાદ નથી. આ એક ખૂબ જ જટિલ પરિસ્થિતિ છે. આવા સમયે, લઘુમતી સમુદાયના નેતૃત્વની કસોટી થાય છે. જો લઘુમતીનું નેતૃત્વ બહુમતીના દબાણને નકારાત્મક અનુભવ તરીકે લે, અને ફરિયાદ અને વિરોધના માર્ગને અનુસરે, તો લઘુમતી સમુદાય આપત્તિમાં જ ખતમ થાય. આવું નેતૃત્વ તેના લોકો માટે નકારાત્મક ભૂમિકા ભજવે છે. આ પ્રકારના નેતૃત્વનો ઉલ્લેખ અરબી કવિતામાં આ રીતે કરવામાં આવ્યો છેઃ "જો કાગડો રાષ્ટ્રનો નેતા બનશે, તો તે ચોક્કસપણે તેના લોકોને વિનાશક અંત તરફ દોરી જશે."

**કુદરતના આ નિયમનો અર્થ છે કે લઘુમતી હંમેશા લાભદાયી સ્થિતિમાં હોય છે. તે બહુમતી ઉપર કાબૂ મેળવી શકે છે. દરેક લઘુમતી સંભવતઃ વિશ્વને 'નવી સંસ્કૃતિ' ની ભેટ આપવાની સ્થિતિમાં હોય છે.**

આ પરિસ્થિતિથી વિપરીત વાત એ છે કે જ્યારે લઘુમતી બહુમતીના દબાણમાં હોય અને ઘણી સમસ્યાઓનો સામનો કરતી હોવા છતાં તેનું નેતૃત્વ સકારાત્મક ભૂમિકા ભજવતું હોય. લઘુમતી સમુદાયના નેતાઓ તેમના લોકોને કહેતા હોય કે તેઓ જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે તે કોઈ સમસ્યા નથી, બલ્કે એક પડકાર છે, અને તેઓએ તેમની તમામ ક્ષમતાઓ સાથે આ પડકારનો સામનો કરવાનો પ્રયાસ કરવાનો છે. આ પ્રકારનું સકારાત્મક નેતૃત્વ તેના લોકોને યોગ્ય દિશા આપે છેઃ તેઓ ફરિયાદો નોંધાવવાને બદલે પુરુષાર્થ અને સંઘર્ષનો માર્ગ અપનાવે છે. આ પ્રકારનું સકારાત્મક નેતૃત્વ તેના લોકોને સ્વસ્થ ભૂમિકા ભજવવા તરફ દોરી જાય છે, અને આ રીતે નવી સંસ્કૃતિનો ઉદય થાય છે.

કુદરતના આ નિયમનો અર્થ એ છે કે લઘુમતી હંમેશા લાભદાયી સ્થિતિમાં હોય છે. તે બહુમતી ઉપર કાબૂ મેળવી શકે છે. દરેક લઘુમતી સંભવતઃ વિશ્વને ‘નવી સંસ્કૃતિ’ ની ભેટ આપવાની સ્થિતિમાં હોય છે.

કુદરતના આ નિયમનો ઉલ્લેખ કુરાનના અધ્યાય અલ-બકરહ (વાછરી) માં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**કમ્ મિન્ ફિઅતિન્ કલિલતિન્ ગલબત્ ફિઅતન્ કષીરતમ્ બિ ઈઝ્નિલ્લાહ (૨ઃ૨૪૯)**

**અલ્લાહની આજ્ઞાથી નાનું જૂથ એ મોટા જૂથ સામે કેટલી વાર જીત્યું છે! (૨ઃ૨૪૯)**

કુરાનના આ શ્લોકમાં, ‘આજ્ઞા’ પ્રકૃતિના સાર્વત્રિક નિયમનો ઉલ્લેખ કરે છે. કુદરતનો આ નિયમ લઘુમતીને સર્જનાત્મક લઘુમતી બનવા માટે ઉત્તેજિત કરે છે, જો તેનું નેતૃત્વ સમજદાર અને સકારાત્મક ભૂમિકા ભજવે તો.

# * અંતિમ મુકામ તરફની યાત્રા *

જાણીતા અમેરિકન પ્રચારક બિલી ગ્રેહામ (જન્મ ૧૯૧૮) તેમના જીવનના એક અનુભવનું વર્ણન કરે છે. એક વખત તેમને એક અમેરિકન રાજકારણી તરફથી તત્કાલ સંદેશ મળ્યો કે તેઓ તેમને વહેલામાં વહેલી તકે મળવા માંગે છે. આ સંદેશ મળતાં જ, બિલી ગ્રેહામે તેમની બીજી મુલાકાતો રદ કરી અને તરત જ આ માણસને મળવા નીકળી પડ્યા. જ્યારે તેઓ આ રાજકારણીના મહેલમાં પહોંચ્યા, ત્યારે તેમને તરત જ એક રૂમમાં

લઈ જવામાં આવ્યા, જ્યાં બિલી ગ્રેહામ અને એ રાજનેતા બંને એકબીજાની સામે ખુરશીઓ પર ગોઠવાયા. પછી, ગંભીર સ્વરમાં, રાજનેતાએ બિલી ગ્રેહામને કહ્યું: "જુઓ, હું ઘરડો થઈ ગયો છું. જીવનનો તમામ અર્થ ખોવાઈ ગયો છે. હું અજાણ્યામાં ગંભીર છલાંગ લગાવવા તૈયાર છું. હે યુવાન, તમે મને કોઈ આશાનું કિરણ આપી શકશો?" (ધ સિક્રેટ ઓફ હેપ્પીનેસ, બિલી ગ્રેહામ, ૧૯૫૫, પૃષ્ઠ ૨)

આ એક સામાન્ય પ્રશ્ન છે. દરેક સ્ત્રી-પુરુષને, સભાનપણે કે અભાનપણે, મનમાં આ પ્રશ્ન હોય છે. દરેક મનુષ્યની આ પહેલી ફિકર છે. સાચો ઉત્તર શોધવા માટે આપણે ઈશ્વરની રચના-યોજનાને સમજવાનો પ્રયત્ન કરવો પડશે. ઈશ્વર આ સૃષ્ટિના સર્જક છે. અને, નિર્માતાના સર્જન-આયોજનની સમજ મેળવીને જ આપણે આ પ્રશ્નનો સાચો ઉત્તર જાણી શકીશું.

ઈશ્વરનો સંરક્ષિત ગ્રંથ, કુરાન, આ પ્રશ્નનો ઉત્તર આપે છે. કુરાન અનુસાર, માણસ શાશ્વત અસ્તિત્વ તરીકે જન્મે છે, પરંતુ તેનું જીવનકાળ બે ભાગોમાં વહેંચાયેલું છે: મૃત્યુ પહેલાંનો સમયગાળો અને મૃત્યુ પછીનો સમયગાળો. મૃત્યુ પહેલાંનો સમયગાળો ખૂબ જ ટૂંકો છે, અને મૃત્યુ પછીનો સમયગાળો શાશ્વત છે.

દરેક વ્યક્તિને થાય છે કે તેની ઈચ્છાઓ અપાર છે, પરંતુ તેઓ આ ઈચ્છાઓને પૂર્ણ કરી શકતા નથી. તેનું કારણ એ છે કે વર્તમાન વિશ્વ એક મર્યાદિત વિશ્વ છે જેમાં ઘણાં પ્રકારની પ્રતિકૂળતાઓ છે.

આનો અર્થ એ થાય છે કે માણસનો સ્વભાવ જે તેની ઈચ્છાઓની પરિપૂર્ણતા શોધે છે, અને વિશ્વ કે જે માણસની ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અસમર્થ છે, બંને વચ્ચે વિરોધાભાસ છે. સ્વાભાવિક રીતે, માણસ  એવી દુનિયા ઈચ્છે છે જ્યાં તેનું વ્યક્તિત્વ પરિપૂર્ણતા પામે પરંતુ વર્તમાન વિશ્વ આવી પરિપૂર્ણતા પ્રદાન કરવામાં નિષ્ફળ જાય છે. સર જેમ્સ જીન્સે તેમના પુસ્તક, ધ મિસ્ટ્રીયસ યુનિવર્સ, માં આ હકીકતને સરસ રીતે દર્શાવી છે: 'એવું લાગે છે કે માણસ એક એવી દુનિયામાં ભટકી ગયો છે જે દુનિયા તેના માટે બનાવવામાં આવી જ નથી.'

**દરેક વ્યક્તિને થાય છે કે તેની ઈચ્છાઓ અપાર છે, પરંતુ તેઓ આ ઈચ્છાઓને પૂર્ણ કરી શકતા નથી. તેનું કારણ એ છે કે વર્તમાન વિશ્વ એક મર્યાદિત વિશ્વ છે જેમાં ઘણાં પ્રકારની પ્રતિકૂળતાઓ છે.**

કુરાન અનુસાર, વર્તમાન પૃથ્વી માણસ માટે (કાયમી) રહેઠાણ નથી. માણસનું ખરેખરનું નિવાસસ્થાન તો પરલોકમાં છે. ઈશ્વરીય રચના અનુસાર, માણસે મૃત્યુ પહેલાંના

સમયગાળામાં પોતાના વ્યક્તિત્વને વિકસાવવાનું  હોય છે, જેથી તે મૃત્યુ પછીના સમયગાળામાં આ નિવાસસ્થાન કે સ્વર્ગ, માટે લાયક ઉમેદવાર તરીકે પસંદ થઈ શકે.

કુરાન આપણને કહે છે કે ઉપરોક્ત નિવાસસ્થાન એટલે કે સ્વર્ગ એ માણસની તમામ ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

માણસ સંપૂર્ણ સ્વતંત્રતા સાથે જન્મે છે. સ્વર્ગમાં પ્રવેશ મેળવવા માટે માણસ સાથે મુખ્ય એક જ શરત છે કે તેણે પોતાની સ્વતંત્રતાનો સદ્ઉપયોગ કરવો જોઈએ અને સ્વતંત્રતાનો દરેક પ્રકારનો દુરુપયોગ ટાળવો જોઈએ. એ તો ઈશ્વરીય માપદંડથી જ નક્કી થશે કે કોનો મામલો સ્વતંત્રતાના યોગ્ય ઉપયોગનો હતો અને કોનો આ આઝાદીનો દુરુપયોગ હતો.

અહીં, કુરાનનો અધ્યાય અત્-તિન (અંજીર) ટાંકવા જેવો છે;

**અમે ખરેખર માણસને શ્રેષ્ઠ ઘાટમાં બનાવ્યો છે, પછી અમે તેને સૌથી નીચામાં નીચો કરી દઈએ છીએ, સિવાય કે જેઓ શ્રદ્ધા રાખે છે અને સારા કાર્યો કરે છે તેમના માટે અનંત વળતર છે! આ પછી શું, તમે અંતિમ ચુકાદાને નકારી શકશો? શું અલ્લાહ ન્યાયાધીશોમાં સૌથી મહાન નથી? (૯૫:૪–૮)**

તેનો અર્થ એ છે કે માણસ સંપૂર્ણ વ્યક્તિત્વ તરીકે જન્મે છે, જ્યારે કે તેનું વર્તમાન નિવાસ - પૃથ્વી ગ્રહ - અપૂર્ણ છે. આ અસમાનતાને લીધે પૃથ્વી પર માણસની હાલત પાણીમાંથી બહાર નીકળેલી માછલી જેવી થઈ જાય છે. વર્તમાન વિશ્વ એક અત્યંત બુદ્ધિપૂર્ણ રચના છે. પરંતુ માણસનો સ્વભાવ અને તેની તમામ ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે વર્તમાન - જગતની મર્યાદાઓ વચ્ચેની અસમાનતા સૂચવે છે કે માણસને એક વાસ્તવિક વસવાટની જરૂર છે. આ નિવાસસ્થાન સ્વર્ગ છે. અને, આ સ્વર્ગમાં પ્રવેશ ફક્ત તે જ સ્ત્રી-પુરુષોને મળશે જેઓ પોતાને એ માટે લાયક બનાવશે. પૃથ્વી ગ્રહ આ હેતુ માટે પસંદગીનું મેદાન છે.

પ્રકરણ ફુસિલાત (સારી રીતે સમજાવાયેલ સાક્ષાત્કાર) માં કુરાન આપણને સ્વર્ગ વિશે આ શબ્દોમાં કહે છે;

**વલકુમ્ ફી–હા મા તશ્તહી અન્ફુસુકુમ્ વલકુમ્ ફી–હા મા તદ્દઊન (૪૧:૩૧)**

**અમે આ દુનિયાના જીવનમાં પણ તમારા મદદગાર છીએ અને આખિરતમાં પણ રહીશું, જે વસ્તુને તમારૂ દિલ ઈચ્છે અને જે કંઈ માંગો તે બધું જ તમારા માટે (જન્નતમાં હાજર) હશે. (૪૧:૩૧)**

કુરાન સ્વર્ગના તમામ પાસાઓનો વિગતવાર ઉલ્લેખ કરે છે અને પછી આ શબ્દોમાં માણસને માર્ગદર્શન આપે છે;

**લિમિષ્લિ હાઝા ફલ્ યઅેમલિલ્ આમિલુન ́ (૩૭:૬૧)**

**આવી જ સફળતા માટે કર્મ કરનારાઓએ કર્મ કરવા જોઈએ. (૩૭:૬૧)**

# * મૃત્યુ પછીનું જીવન *

ડિસેમ્બર ૬, ૨૦૧૩ના દિવસે, સવારના સમાચાર સાંભળવા માટે મેં મારો રેડિયો ચાલુ કર્યો. અચાનક બ્રેકિંગ ન્યૂઝ આવ્યા કે નેલ્સન મંડેલાનું અવસાન થયું છે. તેની થોડીક ક્ષણો પછી, મંડેલાજી એ ૧૦ મે, ૧૯૯૪ ના રોજ દક્ષિણ આફ્રિકાની સંસદમાં રાષ્ટ્રપતિ તરીકે જે ભાષણ આપ્યું હતું એ પ્રસારિત કરવામાં આવ્યું. વક્તા હવે શારીરિક રીતે હાજર ન હોવા છતાં પણ બધા તેમનો અવાજ હવે કોઈપણ ફેરફાર વગર સાંભળી શકે છે.

ગયા મહિને ૧૨ નવેમ્બર, ૨૦૧૩ના રોજ પણ આવો જ એક અનુભવ થયો હતો. મેં રેડિયો પર મહાત્મા ગાંધીનો અવાજ સાંભળ્યો, જ્યારે કે તેમનું મૃત્યુ તો ૬૫ વર્ષ પહેલાં ૧૯૪૮માં થઈ ગયું હતું. ગાંધીજી ૧૨ નવેમ્બર, ૧૯૪૭ના રોજ ઓલ ઈન્ડિયા રેડિયોના સ્ટુડિયોમાં, હરિયાણાના એક શિબિરમાં એકઠા થયેલા પાકિસ્તાનના બે લાખથી વધુ શરણાર્થીઓને જીવંત સંબોધન આપવા માટે ગયા હતા. આ ભાષણ દર વર્ષે ૧૨ નવેમ્બરે ઓલ ઈન્ડિયા રેડિયો પર પ્રસારિત થાય છે.

**મૃત્યુ એક એવો દરવાજો છે જેના દ્વારા આપણે વર્તમાન દુનિયામાંથી બીજી દુનિયામાં પ્રવેશ કરીએ છીએ.**

આ પ્રકારના અનુભવો ખૂબ જ સામાન્ય છે. તેઓ આપણને એ હકીકતની યાદ અપાવે છે કે કોઈ વ્યક્તિનું મૃત્યુ થઈ ગયું હોવા છતાં પણ તે તેમની વાણી થકી જીવે છે. વાણી એ માનવ વ્યક્તિત્વનો એક ભાગ છે. અને, જો આપણા વ્યક્તિત્વનો એક ભાગ મૃત્યુ પછી જીવી શકે, તો આખું વ્યક્તિત્વ મૃત્યુ પછી કેમ જીવંત ના હોઈ શકે?

શબ્દકોષ મુજબ મૃત્યુ એ જીવનનો કાયમી અંત છે. જ્યારે કે, કુરાન એવું જણાવે છે કે મનુષ્ય એક શાશ્વત જીવ છે, અને મૃત્યુ તેની શાશ્વત યાત્રાનો એક તબક્કો માત્ર છે. અન્ય તર્ક ઉપરાંત તે મૃત્યુ પછીના જીવન વિશે જણાવે છે, કુરાન અધ્-ધારીયત (વિખરતી હવા) પ્રકરણમાં આ શબ્દોમાં ઉપરોક્ત દલીલ પણ આપે છે;

**ફ વ રબ્બિસ્ સમાઈ વલ્ અર્દિ ઈન્નહુ,**
**લહક્કુમ્ મિષ્લ મા અન્નકુમ્ તન્તિકૂન (૫૧:૨૩)**

**અને આકાશો અને પૃથ્વીના માલિકની કસમ,**
**તે ચોક્કસ સત્ય છે, જેમ તમે વાણી ઉચ્ચારો છો. (૫૧:૨૩)**

વાણી એ વ્યક્તિનો એક ભાગ છે અને આધુનિક ટેકનોલોજીએ સાબિત કર્યું છે કે વ્યક્તિની વાણીનું પુનરાવર્તન કરી શકાય છે. જો વ્યક્તિની વાણીનું પુનરાવર્તન કરી શકાતું હોય, તો ચોક્કસપણે સંપૂર્ણ વ્યક્તિત્વનું પુનરાવર્તન પણ શક્ય છે. અગાઉની સદીઓમાં આ વાત દાવો માત્ર લાગતી હતી, પરંતુ હવે તો તે ચકાસાયેલ હકીકત છે.

આ ખ્યાલને સમર્થન આપતું એક જૈવિક સત્ય પણ છે. માનવ શરીરમાં લગભગ દસ ટ્રિલિયન નાના-નાના કોષો હોય છે જે ફક્ત માઈક્રોસ્કોપ દ્વારા જ જોઈ શકાય છે. આપણા શરીરમાં એક-એક કોષ દર સાતથી દસ વર્ષે બદલાય છે. એટલે કે સરેરાશ દસ વર્ષ પછી આપણું આખું શરીર બદલાઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જો કોઈ વ્યક્તિ નેવું વર્ષની છે, તો તેનો અર્થ એ છે કે તેનું ભૌતિક શરીર નવ વખત બદલાઈ ગયું છે. પરંતુ તેમનું વ્યક્તિત્વ કોઈપણ ફેરફાર વિના યથાવત રહે છે. જો આવા નવ મૃત્યુ થવા છતાં વ્યક્તિત્વ અકબંધ રહી શકે છે, તો પછી જ્યારે ભૌતિક શરીર દસમી વખત મૃત્યુ પામે છે ત્યારે તે શા માટે મૃત્યુ પામે છે? એક ફિલોસોફરે આ વાસ્તવિકતાને બહુ સરસ રીતે કહી છેઃ "વ્યક્તિત્વ એ પરિવર્તનમાં પરિવર્તનહીનતા છે." (ધ યુરેન્શિયા બુક)

મૃત્યુ એક એવો દરવાજો છે જેના દ્વારા આપણે વર્તમાન દુનિયામાંથી બીજી દુનિયામાં પ્રવેશ કરીએ છીએ. મૃત્યુ એ પરલોકની વાસ્તવિકતા યાદ અપાવે છે. માટે, આપણે આપણી જાતને પરલોકના જીવનમાં યોગ્ય સ્થાન મેળવવાને લાયક બનાવવાની તૈયારી કરવી જોઈએ.

## * સકારાત્મક પ્રતિભાવનો ચમત્કાર *

બ્રિટનથી સારા સમાચાર મળ્યા.

૨૨ મે, ૨૦૧૩ ના રોજ દક્ષિણપૂર્વ લંડનના વૂલવિચમાં બે મુસ્લિમો દ્વારા એક બ્રિટિશ સૈનિકનો શિરચ્છેદ કરવામાં આવ્યો. આ ઘટના પછી, ખ્રિસ્તી પક્ષ તરફથી ઘણા રોષપૂર્ણ દેખાવો થયા. દેખીતી રીતે આ એક દુઃખદ ઘટના હતી, પરંતુ બાદમાં તે એક સુખદ અનુભવમાં ફેરવાઈ ગઈ.

અહેવાલો અનુસાર ૨૬ મે, ૨૦૧૩ના રોજ યોર્કના બુલ લેન ખાતે એક મસ્જિદની બહાર ઘણાબધા  લોકો એકઠા થયા હતા. તેઓ આ ઠંડે કલેજે થયેલ હત્યા માટે પોતાનો રોષ ત્યાં વ્યક્ત કરવા માંગતા હતા. જ્યારે મસ્જિદના લોકોને આ સમાચાર મળ્યા તો તેઓએ એક સરસ યોજના ઘડી. આ આયોજન મુજબ, જ્યારે વિરોધીઓ મસ્જિદની સામે આવ્યા, ત્યારે મસ્જિદના સભ્યોએ બહાર જઈને તેમનું સ્વાગત કર્યું. તેઓએ વિરોધીઓને મસ્જિદની અંદર આમંત્રિત કર્યા અને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં તેમને ચા, બિસ્કિટ અને કસ્ટર્ડ ક્રીમ પીરસ્યું. આ પ્રકારનું વર્તન સકારાત્મક પરિણામ લાવવાનું જ હતું. અહેવાલો જણાવે છે કે તણાવ તરત જ ઓછો થયો હતો અને સંભવિત અથડામણ ટાળી શકાઈ હતી.

**જીવન કટોકટીઓથી ભરેલું છે. એકમાત્ર ઉપાય એ છે કે તમારે કટોકટી વ્યવસ્થાપનની કળા શીખવી જોઈએ. સમસ્યાને મુસીબત તરીકે લેવાની બદલે સામાન્ય ઘટના તરીકે લો. તેને દૂર કરવાનો પ્રયાસ કરો, અને કટોકટી ખૂબ જ સરળ રીતે સંચાલિત થઈ જશે.**

આ ઘટના કુરાનના શિક્ષણની યથાર્થતા પૂરવાર કરે છે. કુરાન અલ-ફુસિલાત (સારી રીતે સમજાવેલ સાક્ષાત્કાર) પ્રકરણમાં કહે છે;

**બુરાઈ અને ભલાઈ સમાન નથી. બુરાઈનો બદલો ભલાઈથી આપો; પછી તમે જોશો કે જે એક સમયે તમારો દુશ્મન હતો તે તમારો સૌથી પ્રિય મિત્ર બની ગયો છે. (૪૧:૩૪).**

કુરાન આપણને જણાવે છે કે દરેક મનુષ્યનું સર્જન **અલ–ફિતરહ્** એટલે કે **દિવ્ય પ્રકૃતિ (૩૦:૩૦)** પર થયું છે.

તેનો અર્થ એ છે કે માનવ સ્વભાવ સકારાત્મક પ્રતિભાવ પર આધારિત છે. નકારાત્મક પ્રતિક્રિયા એ માત્ર એક અસ્થાયી તબક્કો છે. જો કોઈ નકારાત્મક પ્રતિક્રિયા દર્શાવે છે, તો તમારે તેને ટાળવાની નીતિ અપનાવવી જોઈએ, અને બહુ ઓછા સમયમાં તમે જોશો કે આખી ઘટનાને સામાન્ય થઈ ગઈ છે.

જીવન કટોકટીઓથી ભરેલું છે. એકમાત્ર ઉપાય એ છે કે તમારે કટોકટી વ્યવસ્થાપનની કળા શીખવી જોઈએ. સમસ્યાને મુસીબત તરીકે લેવાને બદલે તેને સામાન્ય ઘટના તરીકે લો. તેને દૂર કરવાનો પ્રયાસ કરો, અને કટોકટી  ખૂબ જ સરળ

રીતે સંચાલિત થઈ જશે. ડહાપણનો ઉપયોગ કરીને, તમે નફરતને પ્રેમમાં અને નકારાત્મકતાને સકારાત્મકતામાં બદલી શકો છો, તો પછી જ્યારે સમાધાનનો સરળ માર્ગ ઉપલબ્ધ હોય ત્યારે શા માટે કડક પગલાં લેવા? ઈસ્લામિક શિક્ષણ અનુસાર, દરેક પરિસ્થિતિ પરીક્ષાનું પેપર છે. તમારા ડહાપણનો ઉપયોગ કરો અને તમે ચોક્કસપણે તમારી કસોટીમાં પાર પડશો.

## * ચમત્કારિક નવ દિવસ *

કેલિફોર્નિયાની યુનિવર્સિટી, બર્કલેના સંશોધકો મુજબ, ૨૨ જુલાઈ, ૨૦૧૨ના રોજ, મોટા જથ્થામાં થયેલા એક કોરોનલ ઈજેકશન - સૂર્ય પર થયેલાં ઘનિષ્ઠ વિસ્ફોટોમાંના એકે - અવકાશમાંથી ચુંબકીય પ્લાઝમાના સીધા તરંગો પૃથ્વીની ભ્રમણકક્ષામાં મોકલ્યા. પ્રચંડ ચુંબકીય વાવાઝોડાની ઝડપ ૩,૦૦૦ કિમી પ્રતિ સેકન્ડની હતી - જે એક જ મિનિટમાં પાંચ વખત પૃથ્વીની પરિક્રમા કરી શકે એટલી ઝડપી હતી. સૂર્ય પર આ વિસ્ફોટ ૨૨ જુલાઈ, ૨૦૧૨ ના રોજ થયો. જો આ વિસ્ફોટ નવ દિવસ પહેલાં થયો હોત, જ્યારે તેનું પ્રજ્વલન બિંદુ સૌર સપાટીથી સીધું પૃથ્વી તરફ તકાયું હતું, તો એ જરૂર આપણા ગ્રહ સાથે અથડાઈ ગયું હોત.

નેચર કોમ્યુનિકેશન્સના જર્નલમાં ૧૮ માર્ચ, ૨૦૧૪ ના રોજ પ્રકાશિત થયેલા એક પેપરમાં, સંશોધકો કહે છે કે સૌર વિસ્ફોટ પૃથ્વીની ભ્રમણકક્ષામાં આવીને જ ફાટયો હતો પરંતુ, સદનસીબે, પૃથ્વી અને અન્ય ગ્રહો તે સમયે સૂર્યની બીજી બાજુએ હતા. જો પૃથ્વી એ સમયે કેન્દ્રબિંદુ પર હોત, તો તે ગંભીર ચુંબકીય વાવાઝોડાનો ભોગ બની હોત કારણકે વિસ્ફોટનું ચુંબકીય ક્ષેત્ર પૃથ્વી-ગ્રહના પોતાના ચુંબકીય ક્ષેત્ર સાથે અથડાયું હોત. આનાથી વિદ્યુત ગ્રીડની મોટાપાયે પાયમાલી થઈ હોત, ઉપગ્રહો અને GPS નિષ્ક્રિય થઈ ગયા હોત અને આપણું વધતું જતું ઈલેકટ્રોનિક જીવન પણ ખોરવાઈ જાત.

આ અહેવાલ મુજબ, સૂર્યની સપાટી પર ફાટી નીકળેલું પ્રચંડ ચુંબકીય તોફાન પૃથ્વી ગ્રહ માટે વિનાશક સાબિત થયું હોત. પરંતુ, નસીબજોગે આપણે પાયમાલીમાંથી બચી ગયા. અને, આ નસીબ એ હતું કે તે સમયે પૃથ્વી સૂર્યની બીજી બાજુ હતી.

આ "નસીબ" શું હતું ? હકીકતમાં એ, બ્રહ્માંડમાં ઈશ્વર દ્વારા દરમિયાનગીરી હતી. વિશાળ અવકાશમાં, આવી વિનાશકારી ઘટનાઓ વારંવાર થતી હોય છે. જો કે, દર વખતે આપણો ગ્રહ ભયથી સુરક્ષિત રહે છે. આ ઘટના એ વાતનો પુરાવો છે કે બ્રહ્માંડમાં અંકુશ અને સંતુલનનું ઉચ્ચ નિયંત્રણ છે. આ નિયંત્રણ જ આપણને તે વિનાશકારી ઘટનાઓનો ભોગ બનવાથી બચાવે છે.

આ સાર્વત્રિક સંચાલનનો ઉલ્લેખ કુરાનના અધ્યાય અલ-અંબિયા (પયગંબરો) માં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**કુલ્ મય્ યક્લઉકુમ્ બિલ્લૈલિ વન્નહારિ મિનર્ રહમાનિ,**
**બલ્ હુમ્ અન્ ઝિક્રિ રબ્બિહિમ્ મુઅેરિદૂન (૨૧:૪૨)**

**તેમને પૂછો (હે પયગંબર), 'રાત અને દિવસે તમને પરમ કૃપાળુથી કોણ બચાવશે?' છતાં તેઓ તેમના પ્રભુના સ્મરણથી મોં ફેરવે છે. (૨૧:૪૨)**

## * દરેક ક્ષણે પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ *

સર્વશક્તિમાન ઈશ્વરે માણસનું સર્જન કર્યું અને જાહેર કર્યું કે તે તેને દરેક સ્થિતિમાં મદદ કરશે અને તેની સાથે રહેશે. કુરાનની ઘણી આયતો આ હકીકતનું વર્ણન કરે છે. જેમાંની એક આયાત નીચે મુજબ છે;

**યસ્અલુહુ, મન્ ફિસ્સમાવાતિ વલ્ અર્દિ, કુલ્લ યવ્મિન્ હુ વ ફિ શએન્**
**'ફ બિ અય્યિ આલાઈ રબ્બિકુમા તુકઝ્ઝિબાન' (૫૫:૨૯-૩૦)**

**જેઓ આકાશો અને પૃથ્વી પર છે તે બધા તેની પાસે માંગે છે;**
**તે કોઈને કોઈ કામમાં હોય છે. તો પછી તમે**
**તમારા પ્રભુની કઈ કઈ કૃપાને નકારશો? (૫૫:૨૯-૩૦)**

આ શ્લોક માણસને સંબોધે છે. ઈશ્વરને માણસની ફિકર છે અને સર્વશક્તિમાન ઈશ્વર માણસને દરેક સમયે પ્રતિક્રિયા આપવા તૈયાર છે. આ હદીષ કુરાનના ઉપરોક્ત શ્લોકનો અર્થ વધુ ઊંડાણપૂર્વક સમજાવે છે;

**ઈસ્લામના પયગંબરે જણાવ્યું, ''દરેક ક્ષણે અલ્લાહ તેને માફ કરવા માટે**
**તૈયાર છે જે તેની ક્ષમા-યાચના કરે છે, જે તેની પાસેથી મદદ માંગે છે**
**તેને મદદ કરવા તૈયાર છે અને જે તેને બોલાવે છે**
**તેનો પ્રતિસાદ આપવા માટે તૈયાર છે.'' (સહીહ અલ - બુખારી, ૧૧૪૫)**

હંમેશા ઉપલબ્ધ રહેતી ઈશ્વરની આ મદદ મેળવવા માટે આપણે પોતાની જાતને કેવી રીતે સક્ષમ બનાવી શકીએ? તો એનો જવાબ છે, આપણા જીવનની દરેક ઘટનાને

સંદર્ભના બિંદુ તરીકે ઉપયોગ કરીને. આપણું વિશ્વ સંદર્ભના મુદ્દાઓથી ભરેલું છે, જો આપણે તેમને ઓળખવા માટે પૂરતા જાગૃત થઈએ તો. દરેક અવલોકન અને શિક્ષણ ઈશ્વર સાથે તત્કાલ સંપર્ક સ્થાપિત કરવા અને તેમના આશીર્વાદ મેળવવા સંદર્ભના બિંદુ તરીકે સેવા આપે છે. આ પદ્ધતિને અનુસરીને, આપણે દરેક ક્ષણે દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે જીવનના દુ:ખદાયક અનુભવોમાંથી પસાર થઈએ, ત્યારે તેને સંદર્ભના મુદ્દા તરીકે લઈને આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તે આપણને મૃત્યુ-પછીની દુનિયામાં શાશ્વત જીવનના દુ:ખદાયક અનુભવોથી પણ બચાવે. તેવી જ રીતે, જ્યારે આપણે જીવનમાં સુખ-સગવડો મેળવીએ, ત્યારે તેને સંદર્ભનો મુદ્દો બનાવીને શાશ્વત જીવનમાં પણ આપણને કાયમની સુખ-સગવડ આપવા માટે ઈશ્વરને પ્રાર્થના કરી શકીએ.

આપણે એવી દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં દરેક ક્ષણે આપણે વિચલિત થઈ જઈએ છીએ અને ઈશ્વરને સતત યાદ રાખી શકતા નથી. આપણે આ નબળાઈને કેવી રીતે દૂર કરી શકીએ? આપણે ઈશ્વરના સ્મરણમાં કેવી રીતે જીવી શકીએ? બૌદ્ધિક પ્રયત્નોમાં સતતપણે વ્યસ્ત રહેવાથી જ આ સાતત્ય જાળવી શકાય છે.

**જ્યારે આપણે જીવનમાં સુખસગવડો મેળવીએ, ત્યારે તેને સંદર્ભનો મુદ્દો બનાવીને શાશ્વત જીવનમાં પણ આપણને કાયમની સુખ–સગવડ આપવા માટે ઈશ્વરને પ્રાર્થના કરી શકીએ.**

આપણું મન મોબાઈલ ફોન જેવું છે. જ્યારે મોબાઈલ ફોન તેની બેટરી ખતમ થઈ જાય ત્યારે નિષ્ક્રિય થઈ જાય છે અને તેથી આપણે તેને રિચાર્જ કરવાની જરૂર પડે છે. આપણા મનનું પણ એવું જ છે. આપણા મનને પણ વારંવાર રિચાર્જ કરવાની જરૂર હોય છે. દરરોજ દિવસ-રાત, દિવ્ય જાગૃતિને પ્રેરિત કરતાં રહેવાનો આ એકમાત્ર રસ્તો છે.

ઉદાહરણ તરીકે, જ્યારે તમે આ લેખ વાંચો છો, ત્યારે તમે તમારા મન, તમારી આંખો તેમજ બાહ્ય પ્રકાશ જેવા કે સૂર્યપ્રકાશ કે ઈલેક્ટ્રિક પ્રકાશનો ઉપયોગ કરી રહ્યાં છો. આ બધી વસ્તુઓ તમારા દ્વારા બનાવવામાં આવી નથી, પરંતુ ફક્ત ઈશ્વર સર્વશક્તિમાન દ્વારા પૂરી પાડવામાં આવી છે. આ દિવ્ય બક્ષિસને યાદ રાખો અને ઈશ્વરને તમારી કૃતજ્ઞતા રજૂ કરો. આ સ્વીકૃતિ છે અને સ્વીકૃતિ જ તમને વધુ બક્ષિસ મેળવવા માટે લાયક બનાવે છે. કુરાનના અધ્યાય ઈબ્રાહિમ (અબ્રાહમ) માં આ સંદેશનો નીચેના શબ્દોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

**વ ઈઝ્ તઅઝ્ઝન રબ્બુકુમ્ લઈન્ શકર્તુમ્ લઅઝીદન્નકુમ્,**
**વ લ ઈન્ કફર્તુમ્ ઈન્ન અઝાબી લ શદીદ (૧૪:૭)**

**તે સમયને યાદ કરો જ્યારે તમારા પ્રભુએ જાહેર કર્યું હતું કે,**
**''જો તમે કૃતજ્ઞ હશો, તો હું ચોક્કસ તમારા પર વધુ ઉપકાર કરીશ; પરંતુ જો તમે કૃતઘ્ન હશો તો જાણી લો કે મારી સજા ખરેખર સખત છે.''(૧૪:૭)**

માણસને ઈશ્વરનું આ વચન છે અને ઈશ્વર ક્યારેય તેમના વચનનો ભંગ કરતા નથી.

## * સાચી પ્રાર્થના *

કુરાન અનુસાર, ઈશ્વરની પૂજા વ્યક્તિના ચરિત્રને નિયંત્રિત કરે છે. અલ-અંકાબુત (કરોળિયો) પ્રકરણમાં કુરાન કહે છે;

**ઈન્નસ્ સલાત તન્હા અનિલ્ ફહ્શાઈ વલ્ મુન્કર (૨૯:૪૫)**

**ચોક્કસપણે નમાઝ વ્યક્તિને અશિષ્ટતા અને દુષ્ટતાથી રોકે છે (૨૯:૪૫)**

કુરાનનો આ શ્લોક આપણને પ્રાર્થનાનું એક ખૂબ જ મહત્વપૂર્ણ પાસું આપે છે. તે ઈશ્વરની ઉપાસનાનું સાચું ચિત્ર રજૂ કરે છે.

ઉપાસના એ આત્મા વિનાની વિધિ નથી. પૂજા એ જીવંત ક્રિયા છે. એક ઉપાસક તેની પ્રાર્થના દરમિયાન કુરાનની આયતોનું પઠન કરે છે. આ પંક્તિઓ તેને તેના રોજિંદા જીવનમાં શું કરવું અને શું ન કરવું તે વિશે જણાવે છે. તે તેને જણાવે છે કે સફળતાનું રહસ્ય શું છે અને કેવી રીતે કોઈ વ્યક્તિ પરલોકના જીવનમાં મુક્તિ પામી શકે છે. આનો અર્થ એ છે કે ઈબાદત (પૂજા) ઉપાસકને તેના રોજિંદા વર્તન અને તેના સામાજિક આચાર તથા તેના કુટુંબ અને જીવનના અન્ય ક્ષેત્રો વિશે ખૂબ જ સભાન બનાવે છે. પ્રાર્થના કર્યા પછી, જ્યારે ઉપાસક સમાજમાં પાછો આવે છે, ત્યારે તેનામાં ફરક હોય છે.

ઉદાહરણ તરીકે, તેની પૂજામાં, ઉપાસક વારંવાર અલ્લાહુ અકબર કહે છે, જેનો અર્થ થાય છે, 'ફક્ત ઈશ્વર જ મહાન છે, મહાનતા ફક્ત સર્વશક્તિમાન ઈશ્વર માટે છે.' આ કહેવત ઉપાસકમાં નમ્રતાની ભાવના કેળવે છે. આ ઉપાસનાના અંતે, તે સમગ્ર

માનવજાતને કહીને સંબોધે છે, અસલામુ અલયકુમ વરહમતુલ્લાહ (ઈશ્વરના શાંતિ અને આશીર્વાદ તમારા પર ઉતરે).

જે આસ્તિક દરરોજ પૂજા કરે છે અને તેની આરાધનાથી આ ભાવના પોતાનામાં આત્મસાત કરે છે તે વ્યક્તિ તેના વર્તનમાં ખૂબ જ સભાન  છે. તે વિનમ્ર  જીવન જીવશે. તે સમગ્ર માનવજાત માટે શાંતિની ભાવના સાથે જીવશે.

કુરાનનો આ શ્લોક આપણને દરેક વ્યક્તિની ઉપાસનાની સચ્ચાઈનો એક માપદંડ આપે છે. જો કોઈ વ્યક્તિની ઉપાસના આ માપદંડ પ્રમાણે હોય તો જ તે સાચી ઉપાસના છે. જેમની આરાધના આ માપદંડ પ્રમાણે નથી, તે માત્ર ભાવનાહીન કર્મકાંડ છે અને સાચી પૂજા નથી.

**જે આસ્તિક દરરોજ પૂજા કરે છે અને તેની આરાધનાથી આ ભાવના પોતાનામાં આત્મસાત કરે છે તે વ્યક્તિ તેના વર્તનમાં ખૂબ જ સભાન  છે.**

કુરાન અનુસાર (૭૨:૪૩), પૂજા (સલાત) એ સ્વર્ગની ટિકિટ સમાન છે. પરંતુ આ ટિકિટ સર્વશક્તિમાન ઈશ્વર દ્વારા ફક્ત તે વ્યક્તિઓને જ આપવામાં આવશે, જેઓ કુરાનના ઉપરોક્ત શ્લોક (૨૯:૪૫) માં આપવામાં આવેલ માપદંડ પ્રમાણે લાયક ઠરશે.

## * ઈશ્વરનું ખૂબ સ્મરણ કરવું *

કુરાનની આજ્ઞાઓમાંથી એક આજ્ઞા, અધ્યાય અલ-અહઝબ (સંધિ) માં આ શબ્દોમાં આપવામાં આવી છે;

**યા અય્યુહલ્લઝીન આમનૂઝ્કુરૂલ્લાહ ઝીક્રન્ કષીરા (૩૩:૪૧)**

**હે આસ્થાવાનો, અલ્લાહને ખૂબ જ યાદ કરો. (૩૩:૪૧)**

કુરાનના આ શ્લોક અનુસાર આસ્થાવાનોએ દરરોજ અને દરેક ક્ષણે ઈશ્વરનું ખૂબ જ સ્મરણ કરવું જોઈએ. આ કુરાનનું સૌથી મહત્વપૂર્ણ શિક્ષણ છે, અને તે ઉપાસનાનું સર્વોચ્ચ સ્વરૂપ પણ છે. જે આ કરે છે તેને સર્વશક્તિમાન ઈશ્વર તરફથી ઉચ્ચ વળતર મળશે.

ઈશ્વરનું ખૂબ સ્મરણ શું છે? તે ફક્ત અમુક  શબ્દોના રટણના અર્થમાં નથી, પરંતુ વિચારના  અર્થમાં છે. ખૂબ યાદ, અથવા ઝિક્ર-એ-કથીર, એ માત્ર હોઠનું કાર્ય નથી.

તે એક ઉચ્ચ પ્રકારની બૌદ્ધિક પ્રવૃત્તિ છે. ખૂબ જ સ્મરણ એ ઈશ્વરની ઊંડી ખોજની પ્રક્રિયા છે.

**ઝિક્રની આ કિયાશૃંખલા તમારી મારેફત એટલે કે ઈશ્વરની અનુભૂતિ અને ખોજને વધારશે. તે ઈશ્વર સાથેનો તમારો સંબંધ વધારશે.**

ઈશ્વરને ખૂબ યાદ કરવું એ વ્યક્તિની વૈચારિક ક્રિયાશૃંખલાનું પરિણામ છે, એટલે કે, વિચારોની શ્રેણી જેમાં એક વિચારના કારણે બીજો વિચાર ઉદ્દભવે છે. ઝિક્ર-એ-કથીર એટલે કે ખૂબ યાદ, સર્જનાત્મક વિચારસરણીનું પરિણામ છે. તે માનસિક તૈયાર મનની ઉપજ છે. જો તમે મનથી તૈયાર હશો, તો દરેક અનુભવ અથવા અવલોકન તમારા મનને જાગૃત કરશે. તમે દરેક વસ્તુ અને ઘટનામાંથી ઈશ્વરનો સાક્ષાત્કાર ખોજવાનું શરૂ કરી દેશો. આ રીતે તમારા મનમાં એક ક્રિયાશૃંખલા શરૂ થશે.

આ બૌદ્ધિક પ્રવૃત્તિને જ કુરાનમાં ઝિક્ર-એ-કથીર કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો વરસાદ પડી રહ્યો છે, તો આસ્તિક તરત જ તેનો આભાર વ્યક્ત કરશે. પછી તે તેનાથી આગળ પણ વિચારશેઃ વરસાદનું કારણ શું છે? તે એ કુદરતી પ્રક્રિયાઓની શોધ કરશે જેના પરિણામે વરસાદ થાય છે. તે વિચારશે કે જ્યારે પાણી સમુદ્રમાં હતું ત્યારે તે ખારું હતું, પરંતુ જ્યારે તેણે વરસાદનું સ્વરૂપ લીધું ત્યારે તે મીઠા પાણીમાં ફેરવાઈ ગયું. એક પછી એક તેને સમજાતું જશે કે કેવી રીતે ઈશ્વરે વિવિધ પ્રક્રિયાઓ દ્વારા તેને પીવા માટે પાણી પૂરું પાડયું. આ ઘટના વૈચારિક ક્રિયાશૃંખલાનું ઉદાહરણ છે, અને આ ક્રિયાશૃંખલા દ્વારા, તમે દરેક વસ્તુઓમાંથી ઈશ્વરની અનુભૂતિ ખોજવાનું શરૂ કરો છે. જો તમે મનથી તૈયાર હશો, તો આ પ્રક્રિયા અવિરત ચાલુ રહેશે.

ઝિક્રની આ કિયાશૃંખલા તમારી મારેફત એટલે કે ઈશ્વરની અનુભૂતિ અને ખોજને વધારશે. તે ઈશ્વર સાથેનો તમારો સંબંધ વિકસાવશે. તે તમારી વિવેકબુદ્ધિ, ડહાપણ અને વિશ્લેષણની શક્તિમાં વધારો કરશે. તે વસ્તુઓને ઉકેલવાની અને એવી બીજી બાબતોમાં તમારી ક્ષમતામાં વધારો કરશે.

કુરાન અનુસાર, આસ્થાવાનોને એક અનન્ય આશીર્વાદ આપવામાં આવે છે, એટલે કે, તેઓ તેમની **આસ્થામાં વધુ આસ્થા ઉમેરી શકે છે. (૪૮:૪)** આ કોઈ રહસ્યમય ઘટના નથી, તે ઉપરોક્ત પ્રકારની કિયાશૃંખલાનું સીધું પરિણામ છે. વ્યક્તિત્વ વિકાસ માટે ઝિક્રની આ કિયાશૃંખલા ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક આસ્તિક આ પ્રક્રિયા દ્વારા તેની દિવ્ય આધ્યાત્મિકતામાં વિકાસ કરે છે.

# * મનનું ટ્રિગર *

ટ્રિગર એક યાંત્રિક શબ્દ છે. તે એક એવું ઉપકરણ છે જે હથિયારના ફાયરિંગને કાર્યરત કરે છે. તેનો ઉપયોગ હથિયારના ફાયરિંગ ચેમ્બરમાં કારતૂસને પ્રજ્વલિત કરવા માટે થાય છે. ટ્રિગરિંગનો આ યાંત્રિક ખ્યાલ છે પરંતુ એક બૌદ્ધિક ટ્રિગરિંગ પણ છે. જેવી રીતે યાંત્રિક ટ્રિગર વિસ્ફોટક પરિણામ લાવી શકે છે, તેવી જ રીતે બૌદ્ધિક ટ્રિગરિંગનું સત્ય પણ આવું જ છે.

ઉદાહરણ તરીકે, જો તમે એક ગ્લાસ પાણી લો અને તેનાથી તમારી તરસ છીપાવો, તો આ ક્ષણ પણ તમારા મનને ટ્રિગર કરે શકે છે. જો તમારું મન જાગૃત હશે, તો તમે પાણી કેવી રીતે બન્યું હશે તેના પર ચિંતન કરવા માટે પ્રેરિત થશો. જો તમે વિચારશો કે બે વાયુઓ કેવી રીતે ભેગા થઈને ખૂબ જ ઉપયોગી પ્રવાહી (H2O) બનાવી શકે છે, તો તે ચોક્કસપણે તમારા મનને ટ્રિગર કરશે.

જો તમે તમારી વૈચારિક પ્રક્રિયા ચાલુ રાખશો, તો તે ઉચ્ચ સ્તરના આધ્યાત્મિક વિકાસ તરફ દોરી જશે. દરેક ક્ષણે તમે આવા અનુભવોનો સામનો કરશો જેમાં સવારે સૂર્યનો ઉદય, હવામાંથી સતત મળતો ઓકિસજનનો પુરવઠો, આકાશમાં પક્ષીઓનું ઉડવું, પૃથ્વીની સપાટી પર ઉભેલા લીલાં વૃક્ષો, વહેતાં ઝરણાંઓ વગેરે. પ્રકૃતિમાં આવી અસંખ્ય ઘટનાઓ છે જે તમારા મનને ટ્રિગર કરી શકે છે અને તમને ઉચ્ચ પ્રકારનો આધ્યાત્મિક ખોરાક આપી શકે છે.

**કોઈપણ વ્યક્તિ જે આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જીવવા માંગે છે તેણે પોતાની જાતને તવસ્સુમમાં વ્યસ્ત કરવી જોઈએ.**

શરત માત્ર એટલી છે કે તમે માનસિક રીતે તૈયાર હોવા જોઈએ. તૈયાર મન ભરેલી બંદૂક જેવું છે; જો બંદૂક ભરેલી હશે તો ટ્રિગર કામ કરશે, નહીં તો નહીં. જો તમારું મન તૈયાર હશે, અથવા જો તમે બૌદ્ધિક રીતે જાગૃત હશો, તો દરેક અનુભવ અને અવલોકન તમારા મનને ટ્રિગર કરશે અને તમને ગંભીર ચિંતન તરફ લઈ જશે. એ તમારા મનમાં વૈચારિક ક્રિયા શરૂ કરાવશે. જો તમારું મન જાગૃત નહીં હોય, તો તમે જીવનના અનુભવો તો મેળવશો પરંતુ આધ્યાત્મિક વિકાસની તક તરીકે તેના લાભો લેવામાં નિષ્ફળ જશો. તમે એક એવા વ્યક્તિ તરીકે જીવશો જે અંધ છે જેને તેના અંધત્વને કારણે સૂર્યના ઉગતા કિરણો દેખાતા નથી.

ઈસુ ખ્રિસ્ત આવી પ્રાર્થના કરતાં;

**હે પ્રભુ! આ દિવસે અમને અમારી દૈનિક રોટલી આપજો (મેથ્યુ ૬:૧૧)**

તેને કુરાનમાં **રિઝક-એ-રબ (૨૦:૧૩૧)** એટલે કે, **ઈશ્વરની જોગવાઈ** તરીકે ઓળખવામાં આવે છે.

રોજીરોટી અને દિવ્ય જોગવાઈ એ રહસ્યમય શબ્દો નથી. તેઓ એક જાણીતી પદ્ધતિ દ્વારા લેવામાં આવ્યા છે જેને કુરાનમાં **તવસ્સુમ (૧૫:૭૫)** તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે, ભૌતિક ઘટનાઓ અથવા અનુભવોમાંથી આધ્યાત્મિક બોધપાઠો સીંચવા. કોઈપણ વ્યક્તિ જે આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જીવવા માંગે છે તેણે પોતાની જાતને તવસ્સુમમાં વ્યસ્ત કરવી જોઈએ. તેણે પોતાની જાતને રોજિંદા જીવનના દેખીતી રીતે બિન-આધ્યાત્મિક અનુભવોમાંથી આધ્યાત્મિક બોધપાઠ મેળવવા માટે સજ્જ રાખવી જોઈએ.

# * સર્જનની ખૂટતી વસ્તુ *

કુરાન તેના પ્રકરણ ૧૦૩ માં, જાહેર કરે છે કે **સમય સાક્ષી છે કે માણસ નુકસાનમાં છે. (૧૦૩:૧-૨)**

અહીં 'સમય' એટલે ઈતિહાસ. આ ટિપ્પણી માનવજાતના સમગ્ર ઈતિહાસ પર વ્યાપક અર્થમાં છે. એટલે કે, દરેકનો કિસ્સો નિષ્ફળતાનો જ રહ્યો છે. ઈતિહાસમાં એવી ઘણી વ્યક્તિઓ છે જેમણે અઢળક સંપત્તિ, રાજનીતિક સત્તા, ખ્યાતિ અને જીવનની તમામ પ્રકારની સારી સુખ-સુવિધાઓ મેળવી હતી, પરંતુ કોઈપણ એવું કહેવાની સ્થિતિમાં ન હતું કે તેમને જે પ્રાપ્ત કરવું હતું એ પ્રાપ્ત થયું. ઈતિહાસમાં એવી કોઈ નોંધ નથી કે જે કુરાનની આ ટિપ્પણીને રદિયો આપે.

માણસ મહાન ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓ સાથે જન્મે છે. દરેક વ્યક્તિ પોતાની ઈચ્છાઓ પૂરી કરવા અને પોતાની મહત્વાકાંક્ષાઓને સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ એ જોવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિ નિષ્ફળ રહી છે. વ્યક્તિની સૌથી મોટી ઈચ્છા સંપૂર્ણ પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાની છે, પરંતુ તે તેની ઈચ્છાઓની અપૂર્ણતા સાથે જ મૃત્યુ પામે છે.

આ બાબત માનવ-માત્રની નહીં પણ આ તો સમગ્ર સર્જન પર પ્રશ્નાર્થ છે. કુરાન અધ્યાય અલ-મુલ્ક (રાજ્ય) માં નીચે દર્શાવેલ આયાતો દ્વારા દાવો કરે છે કે બ્રહ્માંડ સંપૂર્ણ છે;

**ઈશ્વરે એક પર બીજું એમ સાત સ્તરોમાં સ્વર્ગ બનાવ્યાં. પરમ કૃપાળુની રચનામાં તમને ક્યારેય કોઈ ખામી જોવા નહીં મળે. તો પછી ફરીથી જુઓ. શું તમને કોઈ ખામી નજર આવે છે? પછી ફરી ફરીને જુઓ, તમારી નજર મૂંઝવણભરી અને થાકેલી તમારી તરફ પાછી આવશે. (૬૭:૩-૪)**

લાંબા સમયથી ચાલતા વૈજ્ઞાનિક સંશોધનોએ આ નિવેદનની યથાર્થતાની પુષ્ટિ કરી છે. વિજ્ઞાન સ્વીકારે છે કે બ્રહ્માંડની રચના બુદ્ધિપૂર્વક કરવામાં આવી છે અને વિશાળ બ્રહ્માંડમાં કોઈ ખામી નથી.

પરંતુ દેખીતી રીતે, બ્રહ્માંડમાં એક 'ખામી' છે. અને તેનો ઉલ્લેખ પણ કુરાનમાં કરવામાં આવ્યો છે. અલ-ધારીયત (વિખેરતા પવન) પ્રકરણમાં એક શ્લોક કહે છે;

**અમે દરેક વસ્તુની જોડી બનાવી છે જેથી તમે તેના પર ચિંતન કરો. (૫૧:૪૯)**

અહીં, 'જોડી' નો અર્થ પૂરક ભાગ એવો છે. કુદરતનો અભ્યાસ આપણને કહે છે કે આ જગતમાં દરેક વસ્તુ માટે તેનો સમકક્ષ હોય છે, પછી તે ભૌતિક જગત હોય, વનસ્પતિ જગત હોય કે પ્રાણીજગત હોય. જેના લીધે જગતનો દરેક જીવ સંતોષથી જીવે છે.

**માણસની મોટી-મોટી આશાઓ શાશ્વત-વિશ્વ વગર પૂર્ણ ના થઈ શકે. ઈશ્વર સર્વશક્તિમાને જેવી રીતે વર્તમાન વિશ્વનું સર્જન અસ્થાયી નિવાસથાન તરીકે કર્યું છે, એ રીતે વિશાળ બ્રહ્માંડમાં કોઈ જગ્યાએ માણસ માટે આ શાશ્વત નિવાસસ્થાન તૈયાર કર્યું છે.**

જો કે, માણસ અસંતોષમાં જીવે છે. કારણકે, માણસ જ આ જગતની એક એવી વિશેષતા છે જેનું  પ્રતિરૂપ ખૂટે છે. દરેક પ્રાણી અને છોડને તેમનું પ્રાકૃતિક નિવાસસ્થાન પ્રદાન કરવામાં આવે છે, અને તેઓ તેમાં સંપૂર્ણ સંતોષથી રહે છે. પરંતુ તમામ જીવોમાં માણસ એક અપવાદ છેઃ તે તેના સાચા રહેઠાણથી વંચિત છે. આ વંચિતતાને કારણે જ માણસ હંમેશા અસંતોષ અને દુઃખમાં જીવે છે. આમ, દરેક માનવી પરિપૂર્ણતાના અભાવ સાથે મૃત્યુ પામે છે.

માનવ માટેનો આ અપવાદ એ તેની સાથે કોઈ પ્રકારનો ભેદભાવ નથી. બલ્કે, એ તો તેના માટે સારી બાબત છે. આ બાબત તો માણસના મનને સક્રિય કરવા માટે છે કે જેથી તે વિચાર કરે કે જે વિશ્વમાં દરેક પ્રાણીને તેના સમકક્ષ અથવા નિવાસસ્થાન

પ્રદાન કરવામાં આવ્યા છે, ત્યાં માણસ એકમાત્ર અપવાદ કેમ છે જે આ બાબતમાં વંચિત રાખવામાં આવ્યો? જો માણસ ઊંડું ચિંતન કરશે, તો તેને જ્ઞાત થશે કે આ એક મહાન દૈવી આયોજનનું પરિણામ છે.

હકીકત એ છે કે આ દુનિયા શાશ્વત નથી. વૈજ્ઞાનિક સંશોધન અહેવાલ આપે છે કે આપણું વિશ્વ અંત તરફ જઈ રહ્યું છે અને એક દિવસ એવો આવશે જ્યારે વિશ્વ માનવો માટે સંપૂર્ણપણે બિન-રહેણાંકપાત્ર બની જશે. તેનો અર્થ એ છે કે જો માણસને આ દુનિયામાં તેનું જરૂરી રહેઠાણ મળી પણ જાય તો પણ તે ચોક્કસપણે હંગામી હશે. છતાં પણ, માણસની મોટી-મોટી આશાઓ શાશ્વત-વિશ્વ વગર પૂર્ણ થવી શકય નથી. સર્વશક્તિમાન ઈશ્વરે વિશાળ બ્રહ્માંડમાં કોઈ જગ્યાએ માણસ માટે આ શાશ્વત નિવાસસ્થાન તૈયાર કર્યું જ છે, જેવી રીતે તેણે આ વર્તમાન દુનિયાનું સર્જન અસ્થાયી નિવાસથાન તરીકે કર્યું છે. આ હકીકતનો ઉલ્લેખ કુરાનના અધ્યાય અલ-સજદા (સજદા)માં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે;

**ફ લા તઅેલમુ નફ્સુમ્ મા ઉખ્ફિય લહુમ્ મિન્**
**કુર્રતિ અઅ્યૂનિન્ જઝાઅમ્ બિમા કાનૂ યઅેમલૂન (૩૨:૧૭)**

**કોઈ જીવ (મનુષ્ય) નથી જાણતો જે કંઈ તેમની**
**આંખોની ઠંડકનો સામાન અમે તેમના માટે છૂપાવી રાખ્યો છે,**
**જે કંઈ કર્મો કરતા હતા તેના બદલા રૂપે. (૩૨:૧૭)**

સ્વર્ગના શાશ્વત જગતમાં સન્માનીય સ્થાન પ્રાપ્ત કરવા માટેની એકમાત્ર શરત છે, અને તે એ છે કે, માણસે પોતાને આ પૂર્ણ વિશ્વ માટે લાયક ઉમેદવાર બનાવવો જોઈએ. એવો દિવસ જરૂર આવશે કે જ્યારે માણસને સૃષ્ટિમાં ખૂટતી આ વસ્તુ મળી જશે, પરંતુ તેને એ પરલોકની દુનિયામાં જ મળશે, વર્તમાન દુનિયામાં નહીં.

**કુરાન અનુસાર, વ્યક્તિના જીવનને બે તબક્કામાં વહેંચવામાં આવ્યું છે: મૃત્યુ પહેલાંનો સમયગાળો અને મૃત્યુ પછીનો સમયગાળો.**

**વર્તમાન જીવન માત્ર ક્ષણિક છે અને તેનો હેતુ એક કસોટી માટે છે. આ કસોટીમાં આપણા પ્રદર્શનના આધારે, મૃત્યુ પછીના શાશ્વત જીવનમાં આપણો નિર્ણય કરવામાં આવશે. કુરાનનો ઉદ્દેશ્ય વ્યક્તિને આ વાસ્તવિકતાથી માહિતગાર કરવાનો અને મનુષ્યને આ દુનિયામાં જીવનને એ રીતે જીવવામાં મદદ કરવાનો કે જેથી તેને પરલોકમાં સ્વર્ગનું ઈનામ આપવામાં આવે.**

‘કુરાન’ અરબી શબ્દ છે. તેનો શાબ્દિક અર્થ ‘વાંચવું’ એવો થાય છે. મતલબ કે કુરાન અભ્યાસનું પુસ્તક છે.

‘શિક્ષણ એ આપણી બધી આશાઓ અને આકાંક્ષાઓ માટેની મૂળભૂત જરૂરિયાત છેઃ જીવનમાં શિક્ષણ જેટલું વધારે તેટલી પ્રગતિ વધારે’

‘બધા સ્ત્રી-પુરુષ ઈશ્વરની નજરમાં સમાન છે. જો કોઈ તફાવત છે, તો તે ફક્ત સર્જક અને તેના સર્જન વચ્ચે છે.’

‘જો તમે કુરાન ધ્યાનથી વાંચશો, તો તમને જાણવા મળશે કે તેની લગભગ તમામ આયાતો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાન સકારાત્મક સંદેશ આપે છે.’

‘એક સારો માણસ તે છે જે એક સારા વૃક્ષ જેવો છે. એક વૃક્ષ બીજમાંથી શરૂ થાય છે, પછી તે છોડમાં ફેરવાય છે, પછી તેમાંથી એક મજબૂત થડ, પછી શાખાઓ અને પાંદડાઓ અને પછી ફૂલો અને ફળો બને છે.’

‘બિસ્મિલ્લાહ કહેવું, ઉચ્ચ સત્તાની સ્વીકૃતિ છે - કે ઈશ્વરના આશીર્વાદ વિના તમે આ વિશ્વમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી.’

‘ઈશ્વર એ અમુક સમુદાય અથવા જૂથના ઈશ્વર નથી, તે સમગ્ર માનવજાતના ઈશ્વર છે.’

મૌલાના વહિદુદ્દીન ખાન **સેન્ટર ફોર પીસ એન્ડ સ્પિરિચ્યુઆલિટી, નવી દિલ્હી**ના સ્થાપક છે, જે ઈસ્લામને વિશ્વ સમક્ષ શાંતિની સંપૂર્ણ વિચારધારા તરીકે રજૂ કરવા માટે સમર્પિત સંસ્થા છે. મૌલાના **ધ પ્રોફેટ ઓફ પીસ, ધ એજ ઓફ પીસ, ઈસ્લામ એન્ડ વર્લ્ડ પીસ** અને ઈસ્લામ પરના અસંખ્ય બેસ્ટ સેલિંગ પુસ્તકોના લેખક છે. વિશ્વ શાંતિમાં તેમના યોગદાન માટે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મળેલ છે.

## * અગત્યની નોંધ *

# * અગત્યની નોંધ *

# * અગત્યની નોંધ *

## * અગત્યની નોંધ *

# * અગત્યની નોંધ *


# * અગત્યની નોંધ *

## * અગત્યની નોંધ *

કુરાન મુજબ, વ્યક્તિના જીવનને બે તબક્કામાં વહેંચવામાં આવ્યુ છેઃ મૃત્યુ પહેલાનો સમયગાળો અને મૃત્યુ પછીનો સમયગાળો.

વર્તમાન જીવન ફક્ત ક્ષણિક છે અને એક કસોટી તરીકે છે. આ કસોટીમાં આપણા પ્રદર્શનના આધારે, મૃત્યુ પછીના શાશ્વત જીવનમાં આપણો ન્યાય કરવામાં આવશે. કુરાનનો ઉદ્દેશ્ય વ્યક્તિને આ વાસ્તવિકતાથી વાકેફ કરાવવાનો અને દુનિયામાં પોતાનું જીવન એવી રીતે જીવવામાં મદદ કરવાનો છે કે તેને પરલોકના જીવનમાં સ્વર્ગનો પુરસ્કાર મળે.

મૌલાના વહીદુદ્દીન ખાન (૧૯૨૫-૨૦૨૧) એક ઈસ્લામિક વિદ્વાન, અધ્યાત્મ અને શાંતિના કાર્યકર્તા હતા. વિશ્વશાંતિ ક્ષેત્રે તેમના અભૂતપૂર્વ યોગદાન બદલ તેઓ આંતર-રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યા હતા. મૌલાનાએ ઈસ્લામની આધ્યાત્મિક્તા, પયગંબર સાહેબના અહિંસક વલણ, તેમજ સમકાલીન અને આધુનિક પ્રશ્નોના ઈસ્લામ સાથેનો સંબંધ વગેરે અનેક વિષયો પર ૨૦૦ (બસ્સો) થી વધારે પુસ્તકો લખ્યા છે. તેમનુ કુરઆનનું અંગ્રેજી અનુવાદ સાદું, સ્પષ્ટ અને સહેલાયથી સમજાય જાય એવું હોવાથી વિપુલ પ્રમાણમાં સ્વીકાર્ય બન્યું છે. તેમણે ૨૦૦૧ માં, શાંતિની સંસ્કૃતિના વિકાસ તેમજ વિશ્વને ઈસ્લામનો આધ્યાત્મિક સંદેશો પાઠવવા માટે CPS ઈન્ટરનેશનલ (સેન્ટર ફોર પીસ એન્ડ સ્પિરિચ્યુઆલીટી) સંસ્થાની સ્થાપના કરી હતી.



**મૌલાના વહીદુદ્દીન ખાન (૧૯૨૫-૨૦૨૧) એક ઈસ્લામિક આધ્યાત્મિક વિદ્વાન હતા. જેમનું મિશન હંમેશા શાંતિ - પ્રચારનો રહ્યો હતો. તેમનું વ્યક્તિત્વ ગાંધીવાદી વિચારો પ્રમાણેનું હતું. તેમના માટે અહિંસા જ સફળતાનું શસ્ત્ર રહ્યુ હતું. તેમણે પોતાની વિચારધારાને અનુરૂપ ઈસ્લામ ધર્મ પર ૨૦૦ પુસ્તકો લખ્યા છે, તેમજ કુરઆનની સમજણ આપતું પુસ્તક તઝ્કિરૂલ કુરઆન પણ લખ્યું છે. વિશ્વ-શાંતિના વિકાસમાં અભૂતપૂર્વ યોગદાન બદલ તેઓ આંતર-રાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ વિખ્યાતિ પામ્યા હતા - અને તેઓ ડેમિયુર્ગસ પીસ ઈન્ટરનેશનલ એવોર્ડ, પદ્મભૂષણ, કોમ્યુનલ હાર્મોની એવોર્ડ, તેમજ રાજીવ ગાંધી નેશનલ સદ્દભાવના એવોર્ડ જેવા એવોર્ડસથી નવાજીત થયા હતા. તદુપરાંત, જાન્યુઆરી ૨૦૨૧ માં, તેઓ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના હસ્તક પણ પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા.**


## ૨૦૨૫ માં પ્રથમ ગુજરાતી આવૃત્તિ



આ પુસ્તક રોયલ્ટી અને કોપી-રાઈટથી સંપૂર્ણપણે મુક્ત છે. તેનો અનુવાદ, પ્રિન્ટ કે રિ-પ્રિન્ટ કરવા માટે, કોઈ ડીઝીટલ પ્લેટફોર્મ પર મૂકવા કે વાપરવા માટે લેખક કે પબ્લિશરની અગાઉથી પરવાનગી લેવાની જરૂર નથી. તમે નોન-પ્રોફિટ અને / અથવા કોર્મર્શિયલ હેતુસર પુસ્તકનો ઉપયોગ કરી શકો છો. મહેરબાની કરીને તમારા પ્રકાશન તથા પ્રિન્ટનો નમૂનો અથવા ડિજીટલ કોપી લિંક અમોને નીચેના એડ્રેસ પર મોકલી આપશોજી. E-mail : info@cpsglobal.org



**Centre for Peace and Spirituality International**
**1, Nizamuddin West Market, New Delhi-110013.**
**E-Mail : info@cpsglobal.org | www.cpsglobal.org**

**A-21, Sector 4, Noida-201301 Delhi NCR, India**
**E-Mail : info@goodwordbooks.com**
**www.goodwordbooks.com**

**Centre for Peace and Spirituality International**
**1, Nizamuddin West Market, New Delhi-110013.**
**E-Mail : info@cpsglobal.org | www.cpsglobal.org**

**Printed in India**

**Centre for Peace and Spirituality USA**
**2665 Byberry Road, Bensalem, PA 19020**
**E-mail : kkaleemuddin@gmail.com**

UNIVERSAL ART : 98254 08349